# બ્રહ્મસૂત્ર




## - શ્રી યોગેશ્વરજી

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

* * * * *



e-book
Title : Brahma Sutra
Language : Gujarati
Version : 1.0
Pages : 323
Created : April 09th, 2009

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

*

## પ્રસ્તાવના



બ્રહ્મસૂત્ર ગ્રંથ નહિ પરંતુ મહાગ્રંથ મનાય છે. મહર્ષિ વ્યાસે પોતાની અસાધારણ અનુભૂતિના આધાર પર માનવજાતિની પરમ મંગલની ભાવનાથી પ્રેરાઈને એની રચના કરી છે. ભારતીય ધર્મ તથા તત્વજ્ઞાનના અગત્યના ગ્રંથરત્નોમાં એનું સ્થાન અગ્રગણ્ય મનાય છે અને એનું અધ્યયન અત્યંત આવશ્યક ગણાય છે.

એ મહાગ્રંથનું અધ્યયન મોટામોટા વિદ્વાનોને માટે પણ અઘરું કહેવાય છે. મેં એને પ્રસ્તુત પુસ્તકમાં સુત્રવાર અન્વય અને અર્થ સાથે સળંગ રીતે બનતી સરળ ભાષાશૈલીમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. મારો એ પ્રયત્ન લાગતાવળગતા સૌ કોઈને પસંદ પડશે અને પ્રેરક બનશે એવી આશા છે.

**- યોગેશ્વર**



## અનુક્રમ

### અધ્યાયઃ ૧

**પાદ - ૧**

૧. બ્રહ્મજિજ્ઞાસા તથા બ્રહ્મ જ જગતનું અભિન્ન નિમિત્તોપાદન કારણ છે, પ્રકૃત્તિ નથી એનું પ્રતિપાદન.

૨. આનંદમય શબ્દ જીવાત્માનો કે પ્રકૃતિનો વાચક નથી, પરમાત્માનો જ વાચક છે એનું સમર્થન.

૩. વિજ્ઞાનમય તથા સુર્યમંડળનાર્વર્તી હિરણ્યમય પુરુષના બ્રહ્મરૂપત્વનો વિચાર.

૪. આકાશ, પ્રાણ, જ્યોતિ તથા ગાયત્રીના શબ્દપ્રયોગો પરમાત્મા માટે થયેલા હોવાનો નિર્ણય.

૫. પ્રાણના નામે કૌષિતકિ ઉપનિષદમાં પરમાત્માનો જ નિર્દેશ કરાયેલો છે એવો અભિપ્રાય.

**પાદ - ૨**

૬. પરમાત્મા જ ઉપાસ્ય છે એનું સમર્થન. પરમાત્મા સુખ દુઃખ નથી ભોગવતા

૭. પરમાત્માનું લોકતૃત્વ.

૮. હૃદયગુહામાં રહેનારા.

૯. નેત્રાન્તર્વર્તી પુરુષ.

૧૦. અંતર્યામીનું સ્પષ્ટીકરણ.

૧૧. અદૃશ્યત્વ જેવા ધર્મ.

૧૨. વિરાટરૂપ.

૧૩. વૈશ્વાનર શબ્દ પરમાત્માવાચક છે એવું પ્રતિપાદન.

**પાદ - 3**

૧૪. દ્યુલોક તથા પૃથ્વી આદિના આધાર પરમાત્મા છે એનું પ્રતિપાદન.

૧૫. બ્રહ્મ જ ભૂમા છે.

૧૬. પરમાત્મા જ અક્ષર.

૧૭. ૐના ધ્યેય પરમાત્મા જ છે.

૧૮, દહરાકાશ પરમાત્મા જ છે.

૧૯. અંગુષ્ઠમાત્ર પુરુષ વિષે.

૨૦. બ્રહ્મવિદ્યામાં દેવોનો અધિકાર.

૨૧. આચાર્ય જૈમિનીનો અભિપ્રાય.

૨૨. વેદવિદ્યામાં શુદ્રનો અનધિકાર.

૨૩. અંગુષ્ઠમાત્ર પુરુષ પરમાત્મા છે.

૨૪. જ્યોતિ અને આકાશ પરમાત્માવાચક છે.

### પાદ - ૪

૨૫. અવ્યક્ત શબ્દ પર વિચારણા.

૨૬. અજા શબ્દ પરમાત્માની શક્તિ વિષેનો બોધક.

૨૭. પરજ પરજનાનું રહસ્ય.

૨૮. પરમાત્મા જ આકાશાદિના કારણ છે.

૨૯. કૌષીતિક ઉપનિષદમાં પરમાત્માને જ કહ્યા છે તે વિષે.

૩૦. પરમાત્મા જ એકમાત્ર કારણ છે.

## અધ્યાયઃ ૨

### પાદ-૧

૩૧. પ્રધાનને જગતનું કારણ ન માનવાથી થતા દોષોનો ઉલ્લેખ અને ઉત્તર.

૩૨. બીજા મતોનું નિરાકરણ.

૩૩. બ્રહ્મકારણવાદ વિષે.

૩૪. સત્કાર્યવાદ અને પરમાત્માથી જગતની અનન્યતા.

૩૫. અનન્યતા વિષે વધારે.

૩૬. પરમાત્માના સંકલ્પથી સૃષ્ટિ.

૩૭. બ્રહ્મકારણવાદ વિષે વધારે.

૩૮. પોતાના સિદ્ધાંતનું સમર્થન.

૩૯. જગત લીલા છે.

૪૦. પરમાત્માની વિષમતા કે નિર્દયતા વિષે.

૪૧. જીવો તથા કર્મોનું અનાદિપણું.

### પાદ-૨

૪૨. પ્રધાન કારણવાદનું મંડન.

૪૩. પરમાણુ કારણવાદ વિષે.

૪૪. બૌદ્ધ મતની વિચારણા.

૪૫. જૈન મતની વિચારણા.

૪૬. પાશુપત મતની વિચારણા.

૪૭. પાંચરાત્ર આગમ વિષે.

### પાદ-૩

૪૮. પરમાત્મામાંથી સૌની ઉત્પત્તિ.
૪૯. ઈન્દ્રિયોની ઉત્પત્તિમાં વિશેષનો અભાવ.
૫૦. જીવાત્માની નિત્યતા.
૫૧. જીવાત્માનું વિભુત્વ.
૫૨. જીવનું એકદેશીત્વ અને કર્તાપણું.
૫૩. જીવ ઈશ્વરનો અંશ છે.
૫૪. જીવોના વિધિ નિષેધ.
૫૫. અંશાશિ ભાવ વિષે.

**પાદ-૪**

૫૬. ઈન્દ્રિયોની ઉત્પત્તિ પરમાત્માથી થાય છે.
૫૭. ઈન્દ્રિયો અગિયાર છે.
૫૮. મુખ્ય પ્રાણની ઉત્પત્તિ.
૫૯. તત્વોના અને શરીરના અધિષ્ઠાતા વિષે.
૬૦. ઈન્દ્રિયો ને મુખ્ય પ્રાણની ભિન્નતા અને પરમાત્માથી નામરૂપની રચના.
૬૧. તત્વોની અધિકતાને લીધે એમનાં અલગ કાર્યોનો ઉલ્લેખ.

## અધ્યાયઃ ૩

**પાદ-૧**

૬૨. જીવોનું બીજા શરીરમાં ગમન.
૬૩. સ્વર્ગમાં ગયેલા પુરુષને દેવોનું અન્ન કહેવું, અને ચરણ શબ્દનું રહસ્ય.
૬૪. સ્વર્ગલોકની પ્રાપ્તિની સ્પષ્ટતા.
૬૫. છાંદોગ્ય ઉપનિષદની ત્રીજી ગતિ તથા સ્વેદજ જીવોનો ઉદ્‌ભિજ્જમાં અંતર્ભાવ.
૬૬. સ્વર્ગથી પાછા ફરતા જીવો ગર્ભમાં કેવી રીતે પ્રવેશે છે તે વિષે.

**પાદ-૨**

૬૭. સ્વપ્નાની વિચારણા, જીવનો વિચાર.
૬૮. સુષુપ્તિ અવસ્થા વિષે.
૬૯. પરમાત્માના સવિશેષ તથા નિવિશેષ રૂપનું અને બીજું વર્ણન.
૭૦. ભેદ તથા અભેદનું રહસ્ય.
૭૧. શરીરને લીધે જીવોમાં પારસ્પરિક ભેદ તથા પરમાત્મામાં ભેદનો અભાવ.
૭૨. કર્મોનાં ફળને આપનારા પરમાત્મા જ છે.

## પાદ-૩

૭૩. બ્રહ્મવિદ્યાઓની એકતા.

૭૪. બ્રહ્મના આનંદ આદિ ધર્મોનો અન્યત્ર અધ્યાહાર.

૭૫. નેત્રાન્તર્વર્તી અને સુર્યમંડળસ્થ પુરુષ વિષે.

૭૬. બ્રહ્મવિદ્યાનું ફળ.

૭૭. બ્રહ્મલોકગમન અથવા અહીં જ પરમાત્મ પ્રાપ્તિ.

૭૮. જીવાત્માના અંતર્યામી આત્મા વિષે.

૭૯. બ્રહ્મવિદ્યાનું મુખ્ય ફળ.

૮૦. ઉપાસનાઓના સમુચ્ચય વિષે.

૮૧. યજ્ઞના અંગો સંબંધી ઉપાસનાઓના સમુચ્ચયની અનાવશ્યકતા

## પાદ-૪

૮૨. જ્ઞાનથી પરમ પુરુષાર્થની સિદ્ધિ.

૮૩. વિદ્યા અને કર્મ વિષે.

૮૪. વિદ્યા પરમાત્માની પ્રાપ્તિનું સ્વતંત્ર સાધન છે.

૮૫. સંન્યાસ આશ્રમની સિદ્ધિ.

૮૬. ઉદ્દગીથ જેવી ઉપાસનાઓનું વિધાન.

૮૭. ઉપનિષદની કથાઓ વિદ્યાના અંગરૂપ છે.

૮૮. બ્રહ્મવિદ્યારૂપી યજ્ઞ.

૮૯. આશ્રમોચિત કર્મોનું મહત્વ.

૯૦. આહારશુદ્ધિ

૯૧. જ્ઞાની અને આશ્રમકર્મ.

૯૨. ભક્તિની મહત્તા.

૯૩. ઉચ્ચ આશ્રમમાંથી પાછા આવવાનો નિષેધ.

૯૪. ઉપાસનાના ફળનો અધિકાર.

૯૫. સૌને બ્રહ્મવિદ્યાનો અધિકાર.

૯૬. મુક્તિરૂપી ફળ ક્યાં ને ક્યારે મળે છે તેનો નિર્ણય.

# અધ્યાયઃ ૪

## પાદ-૧

૯૭. બ્રહ્મવિદ્યાના અનવરત અભ્યાસની આવશ્યકતા.

૯૮. આત્મભાવથી પરમાત્માનું ચિંતન,

૯૯. પ્રતીકોપાસના.
૧૦૦. ઉદ્‌ગીય આદિમાં આદિત્ય ભાવના.
૧૦૧. આસન ઉપર બેસીને ઉપાસના.
૧૦૨. ઉપાસનાનું સ્થાન.
૧૦૩. આજીવન ઉપાસના.
૧૦૪. ભૂત તથા ભાવિ કર્મોનો અસંબંધ.
૧૦૫. પ્રારબ્ધ કર્મનો ભોગ.
૧૦૬. લોકસંગ્રહ માટે કર્મ.
૧૦૭. કર્મના અંગરૂપ ઉપાસનાનો કર્મ સાથે સમન્વય.
૧૦૮. પ્રારબ્ધનો નાશ ભોગથી.

## પાદ-૨

૧૦૯. ઉત્ક્રમણનું વર્ણન.
૧૧૦, જીવાત્માની સૂક્ષ્મ ભૂતોમાં સ્થિતિ.
૧૧૧. જ્ઞાની-અજ્ઞાનીની સમાન ગતિ.
૧૧૨. જીવાત્માની સુક્ષ્મ શરીરની સ્થિતિ.
૧૧૩. પરમાત્માની અહીં જ પ્રાપ્તિ.
૧૧૪. બ્રહ્મલોકનો માર્ગ.
૧૧૫. સુર્ય રશ્મિનો સનાતન સંબંધ.



## પાદ-૩

૧૧૬. બ્રહ્મલોકમાં જવાનો માર્ગ.
૧૧૭. વાયુલોકની સ્થિતિ.
૧૧૮. વરુણલોકની સ્થિતિ.
૧૧૯. અર્ચિઃ આદિ અચેતન નથી.
૧૨૦. અમાનવ પુરુષ સાથે જીવાત્માનું ગમન.
૧૨૧. બ્રહ્મલોકમાં શેની પ્રાપ્તિ થાય છે તેના વિષે.
૧૨૨. મહર્ષિ વ્યાસનો અભિપ્રાય.

## પાદ-૪

૧૨૩. પરમધામમાં મુક્તાત્માનું સ્વરૂપ.
૧૨૪. પરમધામમાં મુક્તાત્માની સ્થિતિ.

૧૨૫. બ્રહ્માના લોક વિષે.
૧૨૬. પરમધામમાં શરીર રહે છે કે નહીં.
૧૨૭. શરીરના ભાવમાં અને અભાવમાં ભોગપ્રાપ્તિ.
૧૨૮. નામરૂપનો અભાવ.
૧૨૯. મુક્તાત્મા અને જગતની રચનાદિ પ્રવૃત્તિ.
૧૩૦. બ્રહ્મલોકમાંથી પુનરાવૃત્તિ નથી થતી.



* * *

ૐ

* * *

# બ્રહ્મસૂત્ર



# અધ્યાય પહેલો

## અધ્યાય ૧ - પાદ ૧

| | |
|---|---|
| ૧ થી ૧૧ | બ્રહ્મજિજ્ઞાસા તથા બ્રહ્મ જ જગતનું અભિન્ન નિમિત્તોપાદન કારણ છે, પ્રકૃત્તિ નથી એનું પ્રતિપાદન. |
| ૧૨ થી ૧૯ | આનંદમય શબ્દ જીવાત્માનો કે પ્રકૃતિનો વાચક નથી, પરમાત્માનો જ વાચક છે એનું સમર્થન. |
| ૨૦ થી ૨૧ | વિજ્ઞાનમય તથા સુર્યમંડળનાર્વર્તી હિરણ્યમય પુરુષના બ્રહ્મરૂપત્વનો વિચાર. |
| ૨૨ થી ૨૭ | આકાશ, પ્રાણ, જ્યોતિ તથા ગાયત્રીના શબ્દપ્રયોગો પરમાત્મા માટે થયેલા હોવાનો નિર્ણય. |
| ૨૮ થી ૩૧ | પ્રાણના નામે કૌષિતકિ ઉપનિષદમાં પરમાત્માનો જ નિર્દેશ કરાયેલો છે એવો અભિપ્રાય. |

## પાદ - ૧

**१. अथातो ब्रह्मजिज्ञासा ।**

<u>અર્થ</u>

અથ = હવે. એટલા માટે.

અતઃ = અહીંથી.

બ્રહ્મજિજ્ઞાસા = બ્રહ્મવિષયક જિજ્ઞાસા અથવા વિચારણાનો આરંભ થાય છે.

<u>ભાવાર્થ</u>

પ્રથમ પાદના આ પ્રથમ સૂત્રમાં બ્રહ્મવિષયક વિચારણા અથવા જિજ્ઞાસાના આરંભની વાત કહેવામાં આવી છે તે સહેલાઈથી સમજી શકાય તેવી છે. બ્રહ્મવિષયક વિચારણા એટલે બ્રહ્મ, પરબ્રહ્મ અથવા પરમાત્મતત્વ સાથે સંબંધ ધરાવનારી સાધારણ અથવા અસાધારણ, નાની મોટી, સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર કે સૂક્ષ્મતમ - સર્વ પ્રકારની, સર્વગ્રાહી, બની શકે તેટલી વિસ્તૃત વિચારણા. જે વિચારણા બ્રહ્મને પૂરતો ન્યાય કરે અને જેની પરિસમાપ્તિ પછી બીજી કોઈ વિચારણા શેષ ના રહે. જે જિજ્ઞાસા સર્વ પ્રકારની પરમાત્મા સંબંધી જિજ્ઞાસાનો સમ્યક્ સંતોષકારક પ્રત્યુત્તર પુરો પાડે અને એને સંપૂર્ણપણે સફળ તથા શાંત કરે તેવી જિજ્ઞાસા.

એનો એક સૂચિતાર્થ એવો છે કે આ ગ્રંથના રચયિતા મહર્ષિ વ્યાસ એની અંદર પરબ્રહ્મ પરમાત્મા વિશેની સઘળી શાસ્ત્રવિષયક અને સ્વાનુભવપૂર્ણ માહિતીને સમાવી લઈને તે સંબંધી જિજ્ઞાસાને સંતોષવા માગે છે. પરંતુ એની સાથે સાથે એ સૂત્રનો એક બીજો સૂચિતાર્થ પણ સમજવા જેવો છે. એના આરંભમાં અથ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એ શું દર્શાવે છે ? એનો પ્રયોગ પરંપરાગત રીતે કેવળ કરવાને ખાતર જ કરવામાં આવ્યો છે કે એમાં કશુંક નોંધપાત્ર રહસ્ય રહેલું છે ? હવે અથવા એટલા માટે બ્રહ્મની જિજ્ઞાસા થાય છે એટલે શું માણસે પોતાના જીવનમાં દુન્યવી પદાર્થોની પ્રાપ્તિનો પુરુષાર્થ અલ્પ અથવા અધિક પ્રમાણમાં કરી લીધો છે. એના પરિણામે થોડી ઘણી સંપત્તિ પણ મેળવી છે. સંસારના ભોગોને ભોગવ્યા છે. તો પણ એના અંતરાત્માને શાંતિ નથી. યજ્ઞ, તપ, દાન જેવાં શાસ્ત્રોક્ત કર્મો પણ એને સંપૂર્ણપણે નથી સંતોષી શક્યાં. યોગની આરંભની ક્રિયાઓ અને પરંપરાગત ઉપરઉપરની સ્થૂલ ઉપાસના કે ભક્તિ પણ એને કૃતાર્થ નથી કરી શકી. એ સઘળાનું અનુષ્ઠાન એને અધુરું લાગ્યું છે. પરમાત્માને પરોક્ષ અને અપરોક્ષ રીતે જાણ્યા વિના જીવનની સાચી ને સંપૂર્ણ ધન્યતા કે સાર્થકતા નહિ થઈ શકે એ હકીકત એને સારી પેઠે સમજાઈ ગઈ છે. એટલા માટે જ એની અંદર બ્રહ્મની અથવા પરમાત્માની જિજ્ઞાસાનો ઉદય થયો છે. પ્રકૃતિનો અનુભવ પોતાના ગજા પ્રમાણે કર્યા પછી પરમાત્માને પામવાનો કે જાણવાનો વિચાર પ્રબળ બન્યો છે.

એ દૃષ્ટિએ જોઈએ તો અથ શબ્દમાં બ્રહ્મજિજ્ઞાસા અથવા આત્મજ્ઞાનના અધિકારનો સૂક્ષ્મ સંકેત કરવામાં આવ્યો છે. વ્યક્તિએ પોતાના જીવનના આત્મિક અભ્યુદય અને પરિત્રાણને માટે પરમાત્માને જાણવાની કે પામવાની ઈચ્છાને જગાવીને પરમાત્મપરાયણ તથા પરમાત્મદર્શી બનવું જ પડશે. એ સિવાય

જીવનની મૂળભૂત સનાતન સમસ્યાઓને ઉકેલવાનો ને શાશ્વત શાંતિની પ્રાપ્તિનો બીજો કોઈ માર્ગ નથી. બ્રહ્મસૂત્ર એ મંગલ માર્ગ તરફ પોતાની આગવી રીતે અંગુલિનિર્દેશ કરી બતાવે છે. એ અંગુલિનિર્દેશ એ જમાનાની જેમ આજના અને ભવિષ્યના બધા જ જમાનાઓને માટે ઉપયોગી થઈ પડે તેવો છે. કારણ કે આજે પણ માનવનું અતૃપ્ત, આર્ત, અશાંત અંતર સુખ, શાંતિ અને સંતૃપ્તિની આકાંક્ષા રાખી રહ્યું છે.

**२. जन्माद्यस्य यतः ।**

અર્થ

અસ્ય = આ જગતનાં

જન્માદિ = જન્મ એટલે ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય.

યતઃ = જેને લીધે. (થાય છે તે બ્રહ્મ છે.)

ભાવાર્થ

આ સૂત્રમાં બ્રહ્મની સંક્ષિપ્ત સારગર્ભિત સુંદર વ્યાખ્યા આપવામાં આવી છે. બ્રહ્મની જિજ્ઞાસાથી પ્રેરાઈને બ્રહ્મની સમ્યક્ વિચારણાનો આરંભ કરવા તૈયાર તો થયા; એ વિચારણાના મહત્વને પણ સમજી લીધું; પરંતુ એ બ્રહ્મ શું છે, એની દ્વારા શું અભિપ્રેત છે, એ પણ જાણવું તો જોઈએ જ. એના વિના એ વિશેની વિચારણા આગળ કેવી રીતે વધી શકે અને સફળ પણ કેવી રીતે બને ? માટે જ આ સારવાહી સૂત્રની રચના કરવામાં આવી છે. એમાં બ્રહ્મ વિષયક મહત્વનો વિચાર રજૂ કરાયો છે. એ વિચારને અનુલક્ષીને કહેવું હોય તો કહી શકાય કે બ્રહ્મ કોઈ વ્યક્તિ નથી પરંતુ શક્તિ છે, ચેતના છે, પરમતત્વ કે સત્ય અથવા ચેતના છે. એની અંદરથી આ સમસ્ત જડ ચેતનાત્મક દૃશ્યમાન અથવા વિવિધ ઈન્દ્રિયો દ્વારા અનુભવગમ્ય જગત પ્રાદુર્ભાવ પામે છે, એની અસાધારણ શક્તિથી ચોક્કસ નિયમો કે સિદ્ધાંતોની મર્યાદામાં રહીને, એમનું પરિપાલન કરતાં ટકે છે, અને અંતે એની અંદર વિલય પામે છે. મોટા મોટા વિદ્વાનોને, વિચારકોને ને વૈજ્ઞાનિકોને પોતાની અલૌકિકતા, અસાધારણતા અને અનેકવિધતાથી આશ્ચર્યચકિત કરી નાખનારા આ સંસારના સર્જન, સંરક્ષણ અને વિસર્જનની પાછળ પરમાત્માની અદ્ભુત અચિંત્ય લીલામયી સનાતન સર્વોપરી શક્તિ જ કાર્ય કરી રહી છે. સંસારનું શ્રેય એને જ ઘટે છે.

આવા સુવિશાળ સુદીર્ઘ સમયથી આવેલા જગતનો જન્મ કાંઈ એની મેળે અથવા આકસ્મિક રીતે તો નહિ જ થયો હોય. આ સૂર્ય, ચંદ્ર, તારાવાળું વ્યોમમંડળ, સરિતા તથા સાગર, પર્વતો ને વૃક્ષો, મનુષ્યાદિ યોનિઓ કે લોકલોકાંતરો તેમ જ ઋતુઓનાં ચક્ર પરિવર્તનો ને જન્મ મરણની રહસ્યમય ઘટનાઓ કાંઈ આપોઆપ નહિ બની હોય. એમના સર્જન અને સંચાલન પાછળ કોઈ શાશ્વત, સર્વશક્તિમાન સર્વશ્રેષ્ઠ સત્તા અવશ્ય અસ્તિત્વ ધરાવતી હશે. એ સત્તા કે ચેતના જ પરમાત્મા છે. એની અંદરથી આ બધું જગત પ્રાદુર્ભાવ પામે છે પરંતુ એ પોતે પરમ સનાતન સત્ય સ્વરૂપ હોવાથી એના આવિર્ભાવનું કારણ કશું જ નથી બનતું. એ તો અનંતકાળથી છે જ અને અજન્મા છે. એની સ્થિતિ માટે પણ એને કોઈની ઉપર આધાર નથી રાખવો પડતો. એ પરિપૂર્ણ આત્મતૃપ્ત અને આત્મનિર્ભર છે. એ સૌના મૂળરૂપ હોવાથી એની અંદર સઘળું વિલય

પામે છે પરંતુ એનો વિલય કશામાં નથી થતો. એ સ્વતંત્ર તેમજ સનાતન છે. માટે જ પરમ અથવા શાશ્વત સત્ય કહેવાય છે.

પરમાત્મા પ્રેમમય, દયામય, ન્યાય કરનારા, કર્મફળના પ્રદાતા, જ્ઞાનસ્વરૂપ અને રસના નિધાન અથવા રસમય છે એવાં એવાં વિધાનો કેટલાક ધર્મગ્રંથોમાં જોવા મળે છે. એવા વિધાનોની ચર્ચાવિચારણામાં પડવાને બદલે મહર્ષિ વ્યાસે આ સૂત્રમાં પરમાત્માના એક જ મૂળભૂત સર્વસ્વીકાર્ય લક્ષણ તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. એ લક્ષણ ખૂબ જ મહત્વનું છે. હવે તો આધુનિક વૈજ્ઞાનિકો પણ ભાતભાતના ને જાતજાતના પ્રયોગોને પરિણામે માનવા માંડ્યા છે કે આ વિશાળ વિશ્વ જડ પદાર્થોનો સંઘાત નથી, પોતાની મેળે નથી બન્યું કે નથી ટકતું, પરંતુ એની પાછળ કોઈક અપાર્થિવ વિરાટ શાશ્વત ચેતના કાર્ય કરી રહી છે. ભારતના સ્વધામધન્ય પ્રાતઃસ્મરણીય ૠષિઓએ સંસ્કૃતિના ઉષઃકાળથી જ એ પરમચેતનાનો વિચાર તથા સાક્ષાત્કાર કરેલો ને કહેલું કે સૌના મૂળમાં અને સૌની અંદર એ ચેતના રહેલી છે. એ જ ચેતનાનો અપરોક્ષ અનુભવ કરવા જેવો છે. તૈત્તરિય ઉપનિષદમાં કહ્યું છે : ‘આ બધા જીવો કે પદાર્થો જેમાંથી પ્રાદુર્ભાવ પામે છે, પ્રાદુર્ભાવ પામીને જેના આધારે, જેની શક્તિથી ટકે છે, તથા જેના પ્રતિ પ્રયાણ કરીને જેની અંદર પ્રવેશે છે, તેને જ જાણવાની પ્રવૃત્તિ કર. તે જ બ્રહ્મ છે.’

**यतो वा ईमानि भूतानि जायन्ते, जातानि जीवन्ति, यत्प्रयन्त्स्यभिसंविशन्ति ।**
**तद्विजिज्ञासस्व । तद्ब्रह्मेति ।**

માંડૂક્ય ઉપનિષદ પણ કહે છે કે ‘પરમાત્મા સંપૂર્ણ જગતના પ્રાદુર્ભાવસ્થાન કે કારણ છે.’ **एषः योनिः सर्वस्य ।** ગીતાના સાતમા અધ્યાયના છઠ્ઠા શ્લોકના ઉત્તરાર્ધમાં પણ કહ્યું છે કે ‘આ સંપૂર્ણ સંસારના પ્રાદુર્ભાવ તથા પ્રલયનું કારણ હું જ છું.’ **अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तया ।**

પરમાત્માના નામો તો અનેક છે પરંતુ એ બધાં નામોમાંથી વધારે વિખ્યાત નામ સચ્ચિદાનંદ છે. એ નામમા ઊંડું રહસ્ય રહેલું છે. પરમાત્મા પરમ સત્યસ્વરૂપ છે એટલે અવિકારી, અપરિવર્તનશીલ, અજ, અજર અને અમર છે. એમનો કદી હ્રાસ કે નાશ નથી થતો. એ પરમજ્ઞાનસ્વરૂપ છે એટલે અવિદ્યારુપી અંધકારથી અને એની અસરોથી સર્વથા મુક્ત છે. બંધનરહિત, પરિપૂર્ણ અને પરમ આનંદરૂપ છે. આત્મા પોતે એમનો અંશ અને એમનાથી મૂળભૂત રીતે અવિભક્ત હોવાથી એવા જ ગુણધર્મોથી સંપન્ન છે અને એનો એવો અખંડ અનુભવ હોય કે ના હોય તો પણ એ અનુભવની ઉચ્ચત્તમ અવસ્થા માટે જ્ઞાત અથવા અજ્ઞાત રીતે ઝંખે છે. એને લીધે એના મૂળભૂત સ્વરૂપનું અનુમાન સહેલાઈથી થઈ શકે છે. એ અધિકાધિક સુખશાંતિની, આનંદની અને દીર્ઘ જીવનની ઈચ્છા કરે છે. કારણ કે પોતે સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્માનો મૂળભૂત અંશ છે અને એ પરમાત્માની પાસે પહોંચવા માગે છે.

**૩. शास्त्रयोनित्वात् ।**

<u>અર્થ</u>

શાસ્ત્ર (વેદાદિ શાસ્ત્રગ્રંથમાં) એ બ્રહ્મને જગતના કારણ કહ્યા છે એટલા માટે.

<u>ભાવાર્થ</u>

પરમાત્માને આ અખિલ વિશાળ વિશ્વના મૂળાધાર અથવા જગતના જન્માદિના કારણરૂપ કેમ માની લેવાય, એવો સવાલ અત્યાર સુધીની ચર્ચા વિચારણા પરથી સામાન્ય રીતે જ સમુદ્ભવે. ઉપનિષદાદિ ગ્રંથોમાં તો પરમાત્માને અકર્તા, અવ્યક્ત, અચિંત્ય, નિર્ગુણ, નિરાકાર કહેલા છે ! એવા સંભવિત પ્રશ્નના રુપે આ સૂત્રની રચના થઈ છે. એ દ્વારા કહેવામાં આવે છે કે એમાં શાસ્ત્રવચન પ્રમાણ છે. વેદાદિ ધર્મ ગ્રંથોમાં એવું વર્ણવેલું છે. જો કે ઉપનિષદાદિ શાસ્ત્રોમાં કેટલેક ઠેકાણે બ્રહ્મનું વર્ણન કરતી વખતે અકર્તા, અવ્યક્ત જેવા શબ્દોનો પ્રયોગ કરાયો છે તો પણ એ જ શાસ્ત્રોએ એમને માટે અન્યત્ર વિશ્વના ધાતા તથા પતિ જેવા શબ્દપ્રયોગો પણ કરેલા છે. એટલે પરબ્રહ્મ પરમાત્માનું વિશ્વકર્તૃત્વ સામાન્ય પદાર્થના કે વ્યક્તિના કર્તૃત્વ કરતાં છેક જ વિલક્ષણ છે. પરમાત્મા કર્તા છતાં અકર્તા છે. વ્યક્ત જેવા દેખાતા હોવા છતાં અવ્યક્ત છે.

આટલા મોટા જગતનું મૂળ, આદિ અથવા કારણ તો કશુંક હોવું જોઈએ ને ? પદાર્થનો પ્રાદુર્ભાવ પોતાની મેળે નથી થતો, એના પ્રાદુર્ભાવની પાછળ કશુંક નક્કર ચોક્કસ કારણ હોય છે. કોઈ ચેતના, સત્તા, રહસ્ય અથવા જીવનપ્રદાયિની શક્તિ કામ કરે છે. તો પછી આટલા મોટા જગતની પાછળ કોઈ જીવનપ્રદાયિકા શક્તિનું અસાધારણ અસ્તિત્વ કેમ ના હોય ? એવી એક સર્વોપરી સત્તા કે ચેતનાના અસ્તિત્વનું પ્રતીતિકારક અનુમાન અથવા વર્ણન કરવાને બદલે મહર્ષિ પાસે આ સૂત્રમાં શાસ્ત્ર પ્રમાણને મહત્વનું માન્યું છે અને પ્રમાણભૂત કહી બતાવ્યું છે એનું મુખ્ય કારણ એ કે એ જમાનામાં વેદાદિ શાસ્ત્રો પ્રત્યે અસાધારણ આદરભાવથી જોવામાં આવતું. એ શાસ્ત્રોના વચનો સૌની શંકાઓનું સમાધાન કરી દેતાં એમનો આધાર લઈને ભિન્નભિન્ન રૂચિ, પ્રકૃતિ તથા વિચારસરણીવાળા પુરૂષો પ્રેરણા મેળવતા.

મહર્ષિ વ્યાસનો સાધનાત્મક સ્વાનુભવ ખૂબ જ વિશાળ અને વાસ્તવિક હતો અને એમના યુગમાં પ્રભાવ પણ એવો જ અસાધારણ અને પ્રખર. એ જો એવું કહેત કે પરમાત્મા વિશેની આ વાત મારા અનુભવના આધાર પર કહી રહ્યો છું તો વિદ્વાનો કે વિચારકો એમની વાતને મોટે ભાગે માની લેત. પરંતુ પોતાની જાતને વચ્ચે લાવવાને બદલે એમણે શાસ્ત્રપ્રમાણનો નિર્દેશ કરી બતાવ્યો એ એમની નમ્રતા દર્શાવે છે. એ ઉપરાંત એમની વેદાદિ ધર્મગ્રંથો પ્રત્યેની પ્રબળ શ્રદ્ધાભક્તિ પણ પુરવાર થાય છે.

સામાન્ય અથવા અસામાન્ય માનવે પ્રેરણા, પ્રકાશ તથા પથપ્રદર્શનને માટે ક્યાંક તો પોતાની શ્રદ્ધાભક્તિને ધારવી કે સ્થાપવી જ રહી. કોઈક સ્વાનુભવસંપન્ન સંત અથવા સદ્ગુરૂમાં, દેવમાં, પરમેશ્વરમાં, પોતામાં કે શાસ્ત્રમાં. શાસ્ત્ર પરમાત્માના પરમકૃપાપાત્ર સ્વાનુભવસંપન્ન સર્વોત્તમ સંતપુરૂષોના સુવિચારો કે સદુપદેશોનો અલૌકિક અમર અક્ષરદેહ છે. એ દૃષ્ટિએ એનું મહત્વ ધાર્યા કરતાં ઘણું મોટું છે. એમાં પણ વેદ અને ઉપનિષદ જેવા મહા મૂલ્યવાન ધર્મગ્રંથો પોતાનું આગવું સ્થાન ધરાવે છે. એમની અંદર સમાયલા ચિંતન, મનન અને અનુભવના ઉદ્ગારોનો મહિમા ઘણો મોટો છે. માટે જ મહર્ષિ વ્યાસ એમના પ્રત્યે અદભૂત આદરભાવ બતાવે છે. એ આદરભાવ અભિનંદનીય છે. એનો વિરોધ અથવા અનાદર કરવાનું કશું જ કારણ નથી. શંકાસમાધાન માટે શાસ્ત્રો તરફ વળવામાં આવે અથવા એમનો આશ્રય લઈને એમની મદદ મેળવવામાં આવે એમાં કશું ખોટું નથી. એથી માનવની સ્વતંત્ર બુદ્ધિનું અપમાન નથી થતું. એ સ્વતંત્ર બુદ્ધિનો ઉપયોગ કરીને વિચારવાનું તો છે જ, પરંતુ એવી બુદ્ધિ જ્યાં આગળ ના વધે અને સંશયાત્મિકા

મટીને નિશ્ચયાત્મિકા ના બને ત્યાં શાસ્ત્રોની મદદ મેળવીને એને પુષ્ટ તથા પરિપકવ બનાવવાની પ્રવૃત્તિ કરવાની છે. એમાં કશું ખોટું નથી.

જે પોતાની મેળે જ નિર્ણય કરી શકે છે તેને માટે શાસ્ત્રપ્રમાણની આવશ્યક્તા નથી રહેતી. તેનું જીવન, લેખન તથા સંભાષણ શાસ્ત્રરૂપ બની જાય છે. તે તો શાસ્ત્રને રચે છે પણ ખરો. પરંતુ એવું વિધાન તો એકાદ મહામાનવને જ લાગુ પડી શકે. બીજાએ તો એનો અથવા શાસ્ત્રોનો આધાર લઈને જ ચાલવું પડે. શાસ્ત્રવચનથી પોતાની બુદ્ધિ જુદું કહેતી હોય ત્યારે પણ એનો અનાદર ના કરે પણ અધિકાધિક અનુભવ મેળવે. ગીતાએ સોળમા અધ્યાયના અંતિમ શ્લોકમાં એ સંદર્ભમાં જ જણાવ્યું છે કે ‘કાર્ય અને અકાર્યનો નિર્ણય કરતી વખતે શાસ્ત્રને પ્રમાણ માનીને શાસ્ત્રના વિધાનને જાણી અથવા અનુસરીને આ જગતમાં કર્મો કરવાં જોઈએ.’

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥

**४. त्कतु समन्वयात् ।**

<u>અર્થ</u>

તુ=તથા.

તત્= તે બ્રહ્મ.

સમન્વયાત્= સમસ્ત જગતમાં સંપૂર્ણરૂપે વ્યાપક હોવાને લીધે (ઉપાદાન પણ છે.)

<u>ભાવાર્થ</u>

પરબ્રહ્મ પરમાત્મા જગતના એકમાત્ર નિમિત્ત કારણ છે એ વાત તો સારી પેઠે સમજી શકાય તેવી છે, પરંતુ એમને જગતના ઉપાદાન કારણ કેવી રીતે માની શકાય ? ઘડાનું ઉપાદાન કારણ મૃતિકા અને નિમિત્ત કારણ કુંભાર છે તેવી રીતે જગતના નિમિત્ત કારણ હોઈ શકે. પરંતુ ઉપાદાન કારણ પણ છે ? એવી જિજ્ઞાસા થાય તો તેના જવાબમાં આ સૂત્રમાં જણાવવામાં આવે છે કે પરમાત્મા સમસ્ત જગતના ઉપાદાન કારણ છે. એ હકીકતની પુષ્ટિ અનુમાન તથા શાસ્ત્રપ્રમાણ દ્વારા સહેલાઈથી થઈ શકે છે. મૃત્તિકા જેવી રીતે ઘડામાં વ્યાપક હોય છે તેવી રીતે પરમાત્મા સમસ્ત જગતમાં વ્યાપક છે એટલું જ નહિ. એમના વિના બીજું કશું છે જ નહિ. જગતના રૂપમાં, એના અણુ પરમાણુમાં પરમાત્મા જ રહેલા છે. આરંભમાં એવું દર્શન નથી થતું પરંતુ જેમ જેમ જ્ઞાનની અનુભૂતિના પ્રદેશમાં આગળ વધતું જાય છે તેમ તેમ એવું અલૌકિક અનુભવ દર્શન સહજ બને છે. પછી તો ‘જલે વિષ્ણુ સ્થલે વિષ્ણુ:, વિષ્ણુઃ પર્વત મસ્તકે’ એટલે કે જળમાં વિષ્ણુ, સ્થળમાં વિષ્ણુ પર્વતના શિખર પર વિષ્ણુ’ અને ‘સર્વ વિષ્ણુમય જગત્’ આ સકળ વિશ્વ વિષ્ણુમય છે એવું અનુભવાય છે. અજ્ઞાનની અવસાદપૂર્ણ અવસ્થામાંથી પ્રજ્ઞાના પવિત્રતમ પાવન પ્રદેશમાં જાગ્યા પછી વૃત્તિ તથા દૃષ્ટિ બંને બદલાઈ જાય છે. પછી જગત પરમાત્માના પ્રતીક જેવું લાગે છે. નરસી ભકત જેવા સ્વાનુભવ સંપન્ન સંતપુરૂષના શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે—

જાગીને જોઉં તો જગત દીસે નહિ,

ઉંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રુપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

પંચ મહાભૂત પરબ્રહ્મ વિશે ઉપજ્યાં,
અણુ અણુમાંહીં રહ્યાં રે વળગી;
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં,
થડ થકી ડાળ તે નહિ રે અળગી.

વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે
કનક કુંડલ વિશે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયાં પછી નામરૂપ જૂજવાં
અંતે તો હેમનું હેમ હોયે.

જીવ ને શિવ તો આપ ઇચ્છાએ થયા
રચી પ્રપંચ ચૌદ લોક કીધા;
ભણે નરસૈંયો એ 'તે જ તું', 'તે જ તું'
એને સમર્યાંથી કૈં સંત સીધ્યા.

વેદ કહે છેઃ ‘આ બધું, જે કાંઈ દેખાય છે અથવા અનેક રીતે અનુભવાય છે તે, બ્રહ્મ જ છે.’

**सर्व खल्विदं ब्रह्म ।**

‘અવિનાશી બ્રહ્મ જ આગળ, પાછળ, દક્ષિણમાં, ઉત્તરમાં, નીચે અને ઉપર, ચારે તરફ છે, એ જ વિશ્વ છે, સૌથી શ્રેષ્ઠ છે’

**वह्मैवेदममृतं पुरस्ताद ब्रह्म पश्चाद् ब्रह्म दक्षिणतश्चोत्तेरण ।**
**अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्म एवेदं विश्वं ईदं वरिष्ठम् ॥** (મુંડક ઉપનિષદ)

ઉપનિષદના પેલા સુપ્રસિદ્ધ શાંતિપાઠમાં પણ કહ્યું છે કે ‘આ પરબ્રહ્મ પૂર્ણ છે, જગત પૂર્ણ છે પૂર્ણમાંથી પૂર્ણ પ્રાદુભાવ પામે છે, પૂર્ણમાંથી પૂર્ણ લેવામાં આવે છે તો પણ પૂર્ણ જ શેષ રહે છે.’

**ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।**
**पूर्णस्व पूर्णमादाय पूर्णमेवावशिष्येत ॥**

જે કોઈક પદાર્થનું નિમિત્ત કારણ હોય છે તે તેનું સ્વતંત્ર ઉપાદાનકારણ પણ હોઈ શકે છે. એ વિશે ઉપનિષદમાં થોડીક વિચારણા કરવામાં આવી છે. કરોળિયો બહારના કોઈપણ પદાર્થની મદદ વિના પોતાની લાળની મદદથી જાળ રચે છે અને પછી એને ઈચ્છાનુસાર ગળી જાય છે પણ ખરો. એવી રીતે જગતને

પોતાની અંદરથી પ્રકટ કરીને પરમાત્મા પોતાની અંદર વિલીન કરી શકે છે. ઉપનિષદ કહે છે : **यथोर्णनामिः सृजते गृह्यते च ।**

બીજું ઉદાહરણ એ સંદર્ભમાં પ્રદીપ્ત અગ્નિજવાળાનું આપવામાં આવ્યું છે. **यथा प्रदीप्तात्पावकात् विस्फुलिंगाः सहस्त्रशः प्रभवन्ते सरूपाः ।**

પ્રદીપ્ત, અતિપ્રદીપ્ત અગ્નિજ્વાળામાંથી જેવી રીતે હજારો તણખાઓ પેદા થાય છે અને એ પણ એક સરખા હોય છે તેવી રીતે પરબ્રહ્મ પરમાત્માની અંદરથી આ સમસ્ત સંસાર પ્રાદુર્ભાવ પામે છે અને એમની અંદર, એમના આધારે લીલા કરીને એમની અંદર સમાઈ જાય છે.

ગીતામાં ભગવાને કહ્યું છે કે ‘હું સમસ્ત જગતનું ઉદ્ભવ સ્થાન ને જગતનો પ્રલય કરનાર છું.’

**अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ।** (અધ્યાય ૭ શ્લોક ૬ ઉત્તરાર્ધ)

‘હું સૌના જન્મનું કારણ છું ને મારે લીધે આ બધાનું અસ્તિત્વ છે’

**अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।** (અધ્યાય ૧૦ શ્લોક ૮ પૂર્વાર્ધ)

‘સમસ્ત સૃષ્ટિના સઘળા પદાર્થોના બીજરૂપે હે અર્જુન, હું જ રહેલો છું, મારા વિના કશાનું અસ્તિત્વ નથી હોઈ શકતું, હું જડચેતનમાં બધે જ વ્યાપક છું,’

**यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ।**
**न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥** (અધ્યાય ૧૦ શ્લોક ૩૯)

**૫. ईक्षतेर्नाशब्दम् ।**

<u>અર્થ</u>

ઈક્ષતે = શ્રુતિમાં ઈક્ષ ધાતુનો ઉપયોગ કરવામાં આવ્યો છે એટલા માટે.

અશબ્દમ્ = શબ્દપ્રમાણરહિત પ્રધાન એટલે કે જડ પ્રકૃતિ.

ન = જગતનું કારણ ના હોઈ શકે અને નથી.

<u>ભાવાર્થ</u>

પરબ્રહ્મ પરમાત્મા સમસ્ત જગતમાં વ્યાપક છે એટલા માટે જગતના ઉપાદાનકારણ છે એવું માનવામાં આવે તો એની સામે એક શંકા થાય છે કે સાંખ્ય મતમાં કહ્યા પ્રમાણે પ્રકૃતિ પણ સમસ્ત જગતમાં ફેલાયેલી છે તો એને જગતનું ઉપાદાનકારણ શા માટે ના માનવામાં આવે ? એવી શંકાના સમાધાન માટે આ સૂત્ર દ્વારા સૂચવવામાં આવે છે કે ઉપનિષદમાં સૃષ્ટિની રચનાવિષયક વર્ણન વખતે ઈક્ષ ધાતુનો પ્રયોગ કરાયો છે. સોથી પહેલાં એક અદ્વિતીય સત્ હતું, એવું કહીને ત્યાં જણાવ્યું છે કે **तदैक्षत बहु स्यां प्रजोयेय ।** એટલે કે એ સત્યે સંકલ્પ કર્યો કે હું અનેક પ્રકારે પ્રકટ થઉં. એ ઉલ્લેખ છાંદોગ્ય ઉપનિષદનો છે.

એવી જ રીતે ઐતરેય ઉપનિષદમાં પણ આવે છે કે આરંભમાં એકમાત્ર આત્મા હતો. **स ईक्षत लोकान्नु सृजै ।** ‘એણે વિચાર્યું કે હું સૃષ્ટિની રચના કરૂ.’ ઉપનિષદના એ વર્ણનના અનુસંધાનમાં વિચારીએ તો સહેલાઈથી સમજી શકાય છે કે જડ પદાર્થમાં કદી સંકલ્પવિકલ્પની ક્રિયા ના સંભવી શકે. પ્રકૃતિ જડ હોવાથી જગતને ઉત્પન્ન કરવાનો સંકલ્પ ના કરી શકે. એવો સંકલ્પ તો પરમાત્મા જ કરી શકે. એ

પરમસત્યરૂપી પરમાત્મા સૌના આરંભમાં હતા એવું સ્પષ્ટતાપૂર્વક કહીને જણાવવામાં આવ્યું છે કે એમણે અનેકરૂપ બનવાનો સંકલ્પ કર્યો, स: શબ્દનો પ્રયોગ પરમાત્માનો જ નિર્દેશ કરે છે. એટલે જગતના રચયિતા અથવા નિમિત્ત કારણ એ જ છે. જગતનું નિમિત્ત કારણ પ્રકૃતિ નથી. આરંભમાં એક અનન્ય પરમાત્મા જ હતા, એમના સિવાય બીજું કશું જ નહોતું તો પછી જે કાંઈ થયું તે એમની અંદરથી જ પ્રકટ થયું. એ રીતે વિચારતાં પરમાત્મા જ જગતના ઉપાદાનકારણ ઠરે છે. સંકલ્પ કરવાનો ધર્મ જડ વસ્તુનો નથી હોતો, ચેતનનો હોય છે. સર્જન તથા વિસર્જનની પ્રવૃત્તિ ચેતન જ કરી શકે છે એવો મહર્ષિ વ્યાસનો સુનિશ્ચિત અનુભવસિદ્ધ અભિપ્રાય છે.

**૬. गौणश्चेन्नात्मशब्दात्  ।**

**અર્થ**

ચેત= જો  કહેતા હો કે;

ગૌણઃ= દક્ષિણ શબ્દનો પ્રયોગ ગૌણ રીતે પ્રકૃતિને માટે કરાયો છે;

ન= તો તે બરાબર નથી.

આત્મશબ્દાત્= કારણ કે ત્યાં આત્મશબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

ભાવાર્થ

‘પાણી વહેવાની તૈયારીમાં છે’, ‘ઘર પડવાનો વિચાર કરી રહ્યું છે’ એવા પ્રયોગો લોકોમાં પ્રચલિત છે. એવા પ્રયોગો જડ પદાર્થોને માટે પણ કરવામાં આવે છે તો ‘એણે સંકલ્પ કર્યો કે હું બહુવિધ બનું’ એ ઉપનિષદનો ઉલ્લેખ પ્રકૃતિને માટે કરવામાં આવ્યો છે એવું માનીએ તો કશી હરકત છે ? ઘણી મોટી હરકત છે. ત્યાં કરાયેલો આત્મશબ્દનો પ્રયોગ સ્પષ્ટ રીતે સૂચવે છે કે એ પ્રયોગ અથવા એ વર્ણન પ્રકૃતિને માટે નથી જ. એને પ્રકૃતિનું વર્ણન માનીએ તો પ્રકૃતિને પરમસત્ય અને પરમાત્મા કરતાં પણ શ્રેષ્ઠ માનવી પડે. સૌથી પહેલાં આરંભમાં પરમાત્મા નહોતા પરંતુ પ્રકૃતિ હતી એવું શાસ્ત્રવિરૂદ્ધ, તર્કવિરૂદ્ધ મિથ્યા વિધાન કરવું પડે. એથી તાત્વિક વિચારણાની ભૂમિકા જ તૂટી જાય અને અવ્યવસ્થા સરજાય. સૃષ્ટિની શરૂઆતમાં પ્રકૃતિ નહોતી પરંતુ પરમાત્મા હતા. એટલે જે કાંઈ થયું એ એમની દ્વારા અને એમનામાંથી જ કરાયું એવું સમજવું જોઈએ.

**૭. तन्निष्टस्य  मोक्षोपेदशात् ।**

અર્થ

તન્નિષ્ઠસ્ય = એ પરપુરૂષ પરમાત્મામાં નિષ્ઠા ધરાવનારાની

મોક્ષોપેદશાત્= મુક્તિ બતાવવામાં આવી છે તેથી.

ભાવાર્થ

પરમાત્માભિમુખ બનવાનો પ્રયાસ કરી, પરમાત્મદર્શી બનીને, જે પરમાત્મનિષ્ઠ થાય છે તે મુક્તિનો આનંદ અનુભવે છે એવું શાસ્ત્રોમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે. ગીતાના બીજા અધ્યાયના છેલ્લા ૭૨

મા શ્લોકમાં કહ્યું છે કે હે અર્જુન, આ બ્રાહ્મી સ્થિતિ કહેવાય છે. એની પ્રાપ્તિ કરનારને મોહ નથી થતો. એ સ્થિતિ અંતકાળે પણ અખંડ રહે તો બ્રહ્મનિર્વાણની પ્રાપ્તિ થાય છે.

एषाः वाह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वास्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥

ગીતાના આઠમા અધ્યાયના પંદરમા શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે મને મેળવનારા પરમસિદ્ધિ પ્રાપ્ત મહાત્માપુરૂષો દુઃખમય પરિવર્તનશીલ પુનર્જન્મને નથી પામતા.

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवंति महात्मानः संस्त्रिद्धिं परमां गताः ॥

ઉપનિષદ કહે છે :

स यो ह वै तत्वरमं ब्रह्मविद् ब्रह्मैव भवति ।
नास्याब्रह्मवित कुले भवति ।
तरति शोकं तरति पाप्मानं, गुहाग्रंथिभ्यो विमुक्तो अमृतो भवति ।

‘બ્રહ્મપરાયણ બનનાર, બ્રહ્મને જાણનાર, બ્રહ્મસ્વરૂપ થાય છે. એના કુળમાં બ્રહ્મને ના જાણનાર નથી પેદા થતો. એ શોક તથા અપવિત્રતામાંથી છુટી જાય છે અને હૃદયની અવિદ્યાગ્રંથિથી મુક્તિ મેળવીને અમૃતમય બને છે.

એ બધા ઉદ્‌ગારો પરથી સમજી શકાય છે કે મુક્તિની પ્રાપ્તિ પરમાત્માના સાક્ષાત્કારથી જ કહેલી છે, પ્રકૃતિની ઉપાસનાથી નથી કહી. પ્રકૃતિ બંધનનું કારણ બને છે ને પરમાત્મા મોક્ષનું. એટલે જગતનુ મુળ એકમાત્ર કારણ પ્રકૃતિ નથી. પરંતુ પરમાત્મા જ છે એવું સાબિત થાય છે. જડ પ્રકૃતિ મોક્ષ ના આપી શકે. પ્રકૃતિની આસક્તિ તો કલેશ, પરિતાપ, અશાંતિ અને બંધન પેદા કરે.

૮. **हेयत्वावचनाश्च ।**

<u>અર્થ</u>

હેયત્વા વચનાત્ = ત્યાગવા યોગ્ય નહીં બતાવવાથી

ચ = પક્ષ (એમાં આત્મા શબ્દ પ્રકૃતિનો વાચક ના માની શકાય.)

<u>ભાવાર્થ</u>

ઉપનિષદમાં આત્મદર્શન કરવાનો, આત્મનિષ્ઠ બનવાનો કે આત્મામાં સ્થિતિ કરવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે, અને આત્મા એટલે કે પરમાત્માએ સૃષ્ટિરચનાનો સંકલ્પ કર્યો એવું કહેવામાં આવ્યું છે. ત્યાં આત્મા શબ્દ પ્રકૃતિને માટે વપરાયો હોત તો આગળ પર એનો એટલે કે પ્રકૃતિનો પરિત્યાગ કરીને પરમાત્માં પ્રતિષ્ઠિત થવાનો ઉપદેશ આપવામાં આવ્યો હોત. પરંતુ એવો ઉલ્લેખ - પ્રકૃતિનો પરિત્યાગ કરવાનો ઉલ્લેખ આત્માશબ્દનો આધાર લઈને કોઈપણ ઠેકાણે નથી કરવામાં આવ્યો. જેને જગતના કારણરૂપ કહેલા છે તેમાં જ નિષ્ઠા કરવાનો સંદેશ મળે છે. એટલે આત્મા શબ્દનો અર્થ ત્યાં પ્રકૃતિ નથી કરવાનો પરંતુ પરબ્રહ્મ પરમાત્મા લેવાનો છે. એ જ, પરબ્રહ્મ પરમાત્મા જ, જગતના નિમિત્ત તથા ઉપાદાન કારણ છે.

**९. स्वाप्ययात् ।**

અર્થ

સ્વાપ્યયાત્ = પોતાન અંદર વિલીન થવાનું કહી બતાવ્યું છે એટલા માટે.

ભાવાર્થ

ઉપનિષદમાં સૃષ્ટિની શરૂઆતમાં સતનું અસ્તિત્વ હતું એવું જણાવીને એમાં છેવટે સૃષ્ટિ વિલીન થાય છે એવું કહેવામાં આવ્યું છે. એ વર્ણન દરમ્યાન સત્ ને જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા એના લયનું કારણ કહ્યું છે. સત્ નામથી કહેલું જગતનું એ કારણ જડ ના હોઈ શકે પરંતુ ચેતન હોય એ દેખીતું છે, ઉપનિષદમાં એવું જ એક બીજું વર્ણન આવે છે. એ વર્ણન છાંદોગ્ય ઉપનિષદમાં અને જીવાત્માને અનુલક્ષીને કરવામાં આવ્યું છે એમાં કહેવામાં આવ્યું છે કે **'यत्रैतपित् पुरूषः स्वपिति नाम सता सोम्य तदा संपन्नो भवति स्वमपीतो भवति तस्मोदनं स्वपित्याचक्षते'** એટલે કે 'હે સોમ્ય, જ્યારે આ પુરૂષ અથવા જીવાત્મા સુઈ જાય છે ત્યારે તે પોતાના મૂળભૂત કારણ અથવા સ્વરૂપ સત્થી સંપન્ન થાય છે અથવા તો એને મેળવીને, અનુભવીને, એમાં મળી જાય છે કે વિલીન થાય છે. એટલા માટે એને સ્વપિતિ કહે છે. સ્વ એટલે પોતાની અંદર અને અપીત એટલે વિલીન થાય છે. એ વર્ણન પરથી એવી શંકા થવાનો સંભવ રહે છે કે જીવાત્મા પોતાની અંદર લીન થાય છે એટલે જીવાત્મા જીવાત્મામાં લીન થાય છે એવું જણાવવામાં આવ્યું છે. પરંતુ એવી શંકા સેવવાનું કશું કારણ નથી. કારણ કે પહેલાં જ કહેવામાં આવ્યું છે કે જીવાત્મા જગતના કારણ સત્ થી સયુક્ત બને છે. એ સત્ને 'સ્વ' નામથી ઓળખાવીને એમાં જીવાત્માના વિલીનીકરણની વાત કહેવામાં આવી છે. વિલીન થનારી વસ્તુથી જેની અંદર વિલીન થવાનું હોય છે, તે વસ્તુ ભિન્ન હોય છે. એ પરમ વસ્તુ પરમાત્મા છે. એટલે સત્ શબ્દનો પ્રયોગ પરમાત્માને માટે જ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીનાં અને હવે પછીનાં કેટલાંક બીજાં સૂત્રો વિરોધી વિચારસરણીમાં વિશ્વાસ રાખનારા વિદ્વાનો કે વિચારકોને લક્ષમાં રાખીને લખવામાં આવ્યા હોય એવું લાગે છે. પોતાના મત, મંતવ્ય અથવા અભિપ્રાયની પુષ્ટિ માટે અને બીજાના અભિપ્રાયના ખંડન કે સંશયની નિવૃત્તિ માટે એ તૈયાર થયાં હોય એવી છાપ પડે છે. વિરોધી વિચારસરણીવાળા વિદ્વાનોની સામે બેસીને પોતાના સુનિશ્ચિત વિચાર કે સિદ્ધાંતની સ્થાપના કરવાની હોય તેમ, ચર્ચાત્મક શૈલીમાં એમની રચના થઈ છે. એ વખતે સમાજમાં એવા વિરોધી વિદ્વાનો હશે જેમને વેદાદિ શાસ્ત્રોના શબ્દ પ્રયોગોમાં, વર્ણનમાં અથવા અર્થઘટનમાં શંકા હશે. એમની અંદર એકવાક્યતાનો અભાવ હશે. એને લીધે શાસ્ત્રોનાં અનેકવિધ અર્થઘટનો થયા કરતાં હશે. એમની અંદર એકવાક્યતા આણવા અને એમની વચ્ચેના પરંપરાગત વિરોધને શમાવવા મહર્ષિ વ્યાસને આ મહાન ગ્રંથ રચવાની આવશ્યકતા જણાઈ હશે એવું લાગે છે. કોઈ સુનિશ્ચિત સર્વમાન્ય શબ્દકોશ ના હોય ત્યાં સુધી સૌ કોઈ પોતાને મનગમતી જોડણી કર્યા કરે એવો સત્તાવાર શબ્દકોશ તૈયાર થતાં તેને જ વફાદાર રહીને જોડણીના જુદા જુદા નિયમોનું પરિપાલન કરવાનું રહે તેમ વેદાદિ ધર્મગ્રંથોના જુદા જુદા અર્થો તારવવામાં આવતા હશે ત્યારે એમને અનુલક્ષીને એમની સંગતિ બેસાડવા અને હાર્દ બતાવવા મહર્ષિ વ્યાસે આ સ્વાનુભૂતિ ભરેલા સત્તાવાર સદ્ગ્રંથની રચના કરી હશે ને એ સદ્ગ્રંથનું સૌએ સ્વાગત કર્યું હશે. એ સર્વત્ર

સમાદરણીય થઈ પડ્યો હશે. જો કે એનો આધાર લઈને પણ અલગ અલગ અર્થઘટનો તો કરવામાં આવ્યા જ હશે તો પણ એણે એની આગવી રીતે સંસ્કૃતિસેવાનું કલ્યાણ કાર્ય કર્યું જ હશે. આજે આટલાં બધાં વરસો પછી પણ એનું એ કાર્ય ચાલી રહ્યું છે. એને લોકભોગ્ય બનાવવા માટે આચાર્યો અને વિદ્વાનોએ એના પર લેખો રચ્યાં છે. અભ્યાસીઓ એનો ચિરકાળથી લાભ ઉઠાવે છે.

**१०. गति सामान्यात् ।**

અર્થ

સઘળાં ઉપનિષદ-વાક્યોનો પ્રવાહ સમાનરૂપે પરમ સત્યને, પરમાત્માને કે ચેતનને જ જગતનું કારણ કહી બતાવે છે તેથી.

ભાવાર્થ

કોઈ નિશ્ચિત અભિપ્રાય પર પહોંચવામાં મુશ્કેલી લાગતી હોય ત્યારે વધારેમાં વધારે વ્યક્તિઓના નિર્ણયને લક્ષમાં લઈને સર્વ સંમત વસ્તુને સ્વીકારવામાં આવે છે. આ સૂત્રમાં એ પ્રકૃતિનો નિર્દેશ કરતાં કહેવામાં આવે છે કે જગતના કારણની ચર્ચા વિચારણા કરનારાં ઉપનિષદના વિવિધ વચનોની ગતિ એ સંબંધમાં કયી દિશા તરફ થઈ રહી છે તેનો વિચાર પણ કરવા જેવો છે. એ સઘળાં વચનોની ગતિ એક જ દિશા તરફ થઈ રહી છે, એ સઘળા ચિંતન મનનના પુણ્ય પ્રવાહો પૃથક્ પૃથક્ રીતે પ્રાદુર્ભાવ પામીને એક જ સંગીતના સ્વર રેલાવતા પ્રવાહિત થઈ રહ્યા છે, કે જગતનું કારણ જડ પ્રવૃત્તિ નથી પરંતુ સચ્ચિદાનંદ પરમાત્મા છે. ઉપનિષદ કે વેદનું એક પણ વચન એવું નથી કહેતું કે સૃષ્ટિની શરૂઆતમાં જડતા હતી. જડ પ્રકૃતિ હતી અને એમાંથી આ બધાનો આવિર્ભાવ થયો, એના આધારે બધું ટકી રહ્યું છે, પોષણ પામે છે. અને આખરે એના અંદર વિલીન બને છે. એ જડ પદાર્થ કે પ્રકૃતિ જ સર્વોપરી છે એવું કોઈ નથી જણાવતું એટલે પ્રકૃતિને જગતનું કારણ ના માની શકાય.

છાંદોગ્ય ઉપનિષદ કહે છે :

**आत्मत एवेदं सर्वम् ।**

‘પરમાત્મામાંથી જ આ બધું પ્રાદુર્ભાવ પામ્યું છે.’

મુંડક ઉપનિષદ કહે છે :

**एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च ।**
**खं वायुर्ज्योतिशपः पृथिवी विश्वस्य धार्रिणी ॥**

‘આ પરમાત્મામાંથી પ્રાણ પેદા થાય છે, મન, ઈન્દ્રિયો, આકાશ, વાયુ, તેજ, પાણી અને વિશ્વને ધારણ કરનારી પૃથ્વીનું પ્રાકટ્ય સહજ બને છે’

વેદ કહે છે :

**पुरूष एवेदं सर्व यद् भूतं यच्च भाव्यम् ।**

‘જે કાંઈ ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે ને ભવિષ્યકાળમાં હશે તે બધું પરમપુરૂષ પરમાત્મા જ છે, બીજું કશું નથી’

हिरण्यगर्भः  समवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।
स दाधार पृथिवी द्यावुतेमां कस्मै देवाय हविषा विद्येम ॥

'સૌથી પહેલાં આરંભમાં ભૂતમાત્રના એકમાત્ર અધિષ્ઠાતા સ્વર્ણમય અવિદ્યારહિત પરમાત્મા હતા, એમણે પૃથ્વી તથા અંતરીક્ષ કે સ્વર્ગની સૃષ્ટિ કરી, એમને છોડીને અમે બીજા કયા દેવની પૂજાની સામગ્રીથી ઉપાસના કરીએ' ?

સામાન્ય રીતે સંસારનું નિરીક્ષણ કરતાં પણ સમજાય છે કે જડ પદાર્થમાંથી ચેતનની રચના નથી થતી, ચેતનમાંથી જડની રચના થતી લગભગ સર્વત્ર દેખાય છે. સંસારના સર્જન સંબંધમાં પણ એ જ સર્વસામાન્ય સનાતન ક્રમ અથવા નિયમ લાગુ પડે છે. મહર્ષિ વ્યાસ આ સૂત્ર દ્વારા એ સ્પષ્ટ કરે છે.

**११. श्रुतत्वाच्च ।**

અર્થ

શ્રુતત્વાત્ = શ્રુતિમાં ઠેકઠેકાણે એ જ હકીકતનું પ્રતિપાદન અથવા સમર્થન કરવામાં આવ્યું છે એથી

ચ= પણ.

ભાવાર્થ

જુદાં જુદાં મંતવ્યો ધરાવતા લગભગ બધા જ લોકોત્તર વિદ્વાનો કે વિચારકો વેદ તથા ઉપનિષદ પ્રત્યે એક સરખો આદરભાવ ધરાવે છે અને એમને પ્રમાણભૂત માને છે. એને લીધે પણ પરબ્રહ્મ પરમાત્મા જગતના અભિન્ન નિમિત્તોપાદાન કારણ છે, પ્રકૃતિ નહિ, એવું પુરવાર થાય છે. વેદ તથા ઉપનિષદો એ સિદ્ધાંતનું સમર્થન કરે છે. એમનાં વાક્યોને બ્રહ્મવાક્ય બરાબર માનવામાં આવે છે. અને તત્વજ્ઞાન સંબંધી શંકાના સમાધાન માટે એમનો આધાર લેવામાં આવે છે, એમાં કશું ખોટું નથી. માણસે ક્યાંક તો પોતાની શ્રદ્ધાને ધારણ કરવી જ જોઈએ. કોઈક પ્રાતઃસ્મરણીય સ્વાનુભવસંપન્ન સત્પુરૂષમાં અથવા સદ્ ગ્રંથમાં. પોતાની જાતમાં પણ શ્રદ્ધા રાખી શકાય પરંતુ અપૂર્ણતાની અવસ્થામાં એ શ્રદ્ધા જોઈતું પરિણામ ના પેદા કરી શકે. પરમાત્મામાં પરમશ્રદ્ધા રાખીને પણ પ્રજ્ઞાના પાવન પ્રકાશની પ્રાપ્તિ થઈ શકે પરંતુ એવી શ્રદ્ધાપ્રાપ્તિ પણ કાંઈ સહજ નથી હોતી. સત્પુરૂષો સદાને માટે પ્રાપ્ય નથી હોતા ત્યારે એમના અક્ષરદેહ જેવા સદ્ગ્રંથો સર્વકાળે ને સ્થળે સર્વસુલભ હોય છે. એમનાં વચનોમાં વિશ્વાસ રાખીને કોઈપણ માનવ શંકામુક્ત બનીને આગળ વધી શકે છે. વેદ અને ઉપનિષદ એવા શાશ્વત સુપ્રકાશ રેલતા સદ્ગ્રંથો તરીકે સર્વસ્વીકૃત બનેલા છે. એમના અભિપ્રાયની અવજ્ઞા ના કરી શકાય. એ જગતના એકમાત્ર કારણ તરીકે કેવળ પરમાત્માનું જ પ્રતિપાદન કરે છે એ દેખીતું છે. અત્યાર સુધીની ચર્ચાવિચારણા પરથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે. એટલે એ સંબધી હવે કોઈ સંશય ના રહેવો જોઈએ.

શ્વેતાશ્વતર ઉપનિષદ અસંદિગ્ધ સ્પષ્ટ સ્વરમાં જણાવે છે કે 'પરમાત્મા સૌના કારણ તથા સમસ્ત કારણોના અધિપતિઓના અધીશ્વર છે. એમના કોઈ પિતા નથી ને કોઈ સ્વામી નથી.'

स कारणं करणाधिपाधिपो न चास्य कश्चिज्जनिता न चाधिपः ।

કઠ ઉપનિષદ જણાવે છે કે 'પરમાત્મા એક, સૌના નિયંતા, સર્વ ભૂતોના અંતરાત્મા બનીને રહેલા છે. એ એક હોવા છતાં પોતાના સ્વરૂપને સંસારના રૂપે અનેક પ્રકારે પ્રકટ કરે છે. જે જ્ઞાની પુરૂષો એમનું પોતાની અંદર દર્શન કરે છે તેમને જ શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે, બીજાને નથી થતી.'

एको वशी सर्वभूतान्तरात्मा एकं रूपं बहुधा यः करोति ।
तमात्मस्थं येऽनुपश्यंति धीरा स्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥

'જે એક હોવા છતાં અનેકની ઈચ્છા પૂરી કરે છે'

एको बहूनां चो बिदधाति कामान् ।

શાસ્ત્રોએ પરમાત્માને એક, અદ્વિતીય અને અનંત કહ્યા છે એટલે અને એ સૌના આદિ તથા પુરાણ પુરૂષ હોવાથી સૌના મૂળ કારણ એ જ છે અને એમનામાંથી જ સૌનો આવિર્ભાવ થયો છે એ સ્પષ્ટ છે.

સૃષ્ટિના રહસ્ય સંબંધમાં એવી રીતે ભારતના સુપ્રસિદ્ધ, શાસ્ત્રગ્રંથો એક અત્યંત અગત્યની હકીકતનું આજથી હજારો વરસો પહેલાં પ્રતિપાદન કરે છે કે સૃષ્ટિના મૂળમાં એક પરમતત્વ રહેલું છે અને એ પરમતત્વ જડ નથી પરંતુ ચેતન છે. બીજી અગત્યની હકીકત એ જણાવે છે કે એ ચેતન પરમતત્વ સૃષ્ટિના રૂપમાં વિભિન્ન નામ તથા રૂપમાં સર્વત્ર વિલસી રહ્યું છે. ભારતીય ૠષિમુનિઓનાં મનનશીલ મસ્તક સત્યની શોધ કરતાં વિકાસના કેવા સર્વોચ્ચ શિખર પર પહોંચ્યાં હતાં અને એ ૠષિમુનિઓ આત્મવિચાર અને આત્માનુભૂતિની દિશામાં કેટલા બધા આગળ વધેલા એનો ખ્યાલ એના પરથી સહેલાઈથી આવી શકે છે. એમને માટે આપણને ગૌરવ અને આદરભાવ થાય છે અને એમને પછાત અથવા અસંસ્કૃત કહેનારાઓને માટે કરૂણા.

વિજ્ઞાન પ્રયોગશીલ છે. એ પ્રયોગ કરીને વિશ્વની પાછળની ને વિશ્વમાં વ્યાપેલી એક સનાતન ચેતન સત્તાનું જ્ઞાન મેળવશે ત્યારે ૠષિમુનિઓનું એ રહસ્યજ્ઞાન વધારે વાસ્તવિક બનશે ને મૂલ્યવાન થઈ પડશે. વિજ્ઞાન એ સૃષ્ટિવિષક રહસ્યજ્ઞાનની ઉપલબ્ધિ કરે એવું આપણે અવશ્ય ઈચ્છીએ.

**१२. आनंदमयोऽभ्यासात् ।**

<u>અર્થ</u>

અસ્યાસાત્ = આનંદ શબ્દનો ઉપનિષદમાં અવારનવાર પરમાત્માને માટે પ્રયોગ કરાયો છે એટલે

આનંદમયા = આનંદમય શબ્દ (પરબ્રહ્મ પરમાત્માનો જ વાચક છે.)

<u>ભાવાર્થ</u>

જડ પ્રકૃતિ તો જગતનું કારણ નથી જ પરંતુ પ્રત્યેક ચેતન એટલે કે જીવાત્મા પણ જગતનું મૂળ કારણ કદાપિ નથી. એ દર્શાવવા માટે આ સૂત્રની રચના કરવામાં આવી છે.

તૈત્તરીય ઉપનિષદમાં, બૃહદારણ્યક ઉપનિષદમાં, અને બીજે કેટલેક ઠેકાણે આનંદ અને આનંદમય શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકેઃ-

रसो वै सः । रसं होवायं लब्ध्वाऽऽनंदि भवति ।

कोहोवान्यात् कः प्राण्वाद् यदेष आकाश आनंदो न स्यात् । होय होष होवानंदयति ।

'પરમાત્મા રસસ્વરૂપ છે. એમને મેળવીને જીવાત્મા આનંદયુક્ત બની જાય છે, આકાશની પેઠે પરિપૂર્ણ પરમાત્મા સૃષ્ટિમાં ના હોત તો કોણ જીવી શકત ને કોણ શ્વાસ લઈ શકત ? એ પરમાત્મા જ આનંદસ્વરૂપ હોવાથી સૌને આનંદ આપે છે.' (તૈત્તરીય ઉપનિષદ.)

आनंदो ब्रह्मेति व्यआनात् । 'આનંદને બ્રહ્મ જ જાણો,' (તૈત્તરીય ઉપનિષદ)

विज्ञानमानंदं ब्रह्म । 'બ્રહ્મ વિજ્ઞાન તથા આનંદ છે.' (બૃહદારણ્યક ઉપનિષદ)

यतो वाचो निवर्तन्ते अपाप्य मनसा सह ।
आनंद ब्रह्मणो विद्वान् त बिमेति कुतश्चन ॥

'મન તથા વાણી જ્યાં ના પહોંચવાથી પાછી ફરે છે તે બ્રહ્મના અલૌકિક આનંદને અનુભવે છે તે કદી કશાથી ભયભીત નથી બનતો.' (તૈત્તરીય ઉપનિષદ)

एतमानंदमयमात्मानमुपसंक्राति ।

'આ આનંદમય પરમાત્માની પાસે પહોંચી જાય છે.' (તૈત્તરીય ઉપનિષદ)

ઉપનિષદમાં એવી રીતે આનંદ અને આનંદમય શબ્દનો પ્રયોગ પરમાત્માના સંબંધમાં જ કરવામાં આવ્યો છે. એટલે આનંદમય શબ્દ દ્વારા જગતના એકમાત્ર કારણ સર્વશક્તિમાન, સર્વાન્તર્યામી, સર્વવ્યાપક પરબ્રહ્મ પરમાત્માનુ જ વર્ણન કરવામાં આવ્યું છે. બીજા કોઈનું નથી કરવામાં આવ્યું. એ પરબ્રહ્મ પરમાત્મા જ સચ્ચિદાનંદ કહેવાય છે.

**१३. विकार शब्दोन्नेति चेन्न पाचुर्यात् ।**

<u>અર્થ</u>

ચેત્ = જો કહેતા હો.

વિકારશબ્દાત્ = મયટ્ પ્રત્યય વિકારવાચક હોવાને લીધે.

ન= આનંદમય શબ્દ પરમાત્માનો વાચક ના બની શકે.

ઈતિ= તો એ વાત

ન= બરાબર નથી

પ્રાચુર્યાત્ = કારણ કે મયટ પ્રત્યય ત્યાં પ્રચુરતાનો વાચક છે, વિકારનો વાચક નથી.

<u>ભાવાર્થ</u>

ઉપનિષદોમાં પરમાત્માને માટે આનંદમય શબ્દનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે એનો અર્થ એટલો જ છે કે પરમાત્મા પરમ અવર્ણનીય, અનિર્વચનીય, અવિનાશી, અલૌકિક, આનંદસ્વરૂપ અથવા આનંદમૂર્તિ છે. એમની અંદર શોકની છાયા પણ નથી. એ પરિપૂર્ણ છે. એમને પોતાના સુખ, આનંદ અને પોતાની શાંતિને માટે અન્ય પર આધાર નથી રાખવો પડતો. એ પરિપૂર્ણ પરમાનંદના પ્રતીક હોવાથી સંસાર એમને લીધે જ આનંદમય બને છે અથવા આનંદ મેળવે છે. સંસારમાં આનંદનાં જે અલ્પ કે અધિક બિંદુ દેખાય છે એ એમના આનંદના સુવિશાળ સિંધુમાથી જ નીકળેલા છે. આનંદની અનુભૂતિની અભિલાષા એમની પાસે

પહોંચવાથી જ પૂરી થઈ શકે છે. જીવનને શોક, સંતાપ કે કલેશમાંથી મુક્ત કરવા માગનારે એમની પાસે પહોંચવું જોઈએ. એના જેવો અકસીર અમોઘ માર્ગ બીજો કોઈ જ નથી.

પાણિનિસૂત્રને અનુસરીને વિચારીએ તો મયટ પ્રત્યય પ્રચુરતાના અર્થમાં પણ લગાડવામાં આવે છે. પાણિનિસૂત્રમાં કહ્યું છે કે तत्प्रकृतवचने मयट् । એ સંદર્ભમાં પરમાત્માને આનંદમય કહેવામાં આવે છે. પરમાત્મા આનંદમય છે એટલે આનંદઘન છે એવું સમજવાનું છે. આનંદમય શબ્દ એવી રીતે પરમાત્માનો વાચક છે. પરમાત્માને માટે જ વપરાયો છે અને પરમાત્માનો કોઈ વિકાર નથી દર્શાવતો એ શબ્દ જીવાત્માને માટે નથી પ્રયોજાયો.

**१४. तद्धेतुव्यपदेशाच्च ।**

<u>અર્થ</u>

તદ્ધેતુવ્યપદેશાત્ = ઉપનિષદમાં પરમાત્માને એ આનંદના હેતુ કહી બતાવ્યો છે એથી

ચ= પણ.

<u>ભાવાર્થ</u>

આનંદમય શબ્દમાં જે પ્રગટ્ પ્રત્યય છે તે વિકારવાચક નથી. કારણ કે પરમાત્મા આનંદમયને પણ આનંદ આપનારા છે. એ પોતે પરમાનંદ હોવાથી જ સૌને આનંદ આપે છે. એ આનંદના મૂળભૂત ભંડાર અખંડ આનંદ છે. આનંદમય શબ્દ એમના જ સંબંધમાં વાપરવામાં આવ્યો છે.

**१५. मांत्रवर्णिकमेव च गीयते ।**

<u>અર્થ</u>

ચ= અને

માંત્રવર્ણિકમ્ = મંત્રાક્ષરમાં વર્ણવાયલા પરમાત્માનું

એવ= જ.

ગીયતે = અહીં પ્રતિપાદન કરવામાં આવે છે. (એટલા માટે પણ આનંદમય શબ્દ બીજા કોઈનો નહિ પણ પરમાત્માનો જ વાચક છે.)

<u>ભાવાર્થ</u>

તૈત્તિરીય ઉપનિષદની બ્રહ્માનંદવલ્લીની શરૂઆતમાં सत्यं ज्ञानमनंतं ब्रह्म । यो वेद निहितं गुहायां परमे व्योमन् । सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता ।' આવે છે. એટલે કે પરમાત્મા સત્ય, જ્ઞાનસ્વરૂપ અને અનંત છે. આકાશ સ્વરૂપ પરધામમાં વિરાજમાન હોવા છતાં સૌની હૃદયગુફામાં રહેલાં છે. જે એમને જાણી લે છે તે સૌને સંપૂર્ણપણે જાણવાવાળા એ પરમાત્માની સાથે એક બનીને સર્વે ભોગોનો ઉપયોગ કરે છે. અથવા કૃતાર્થ થાય છે. એ ઉપનિષદમાં મંત્ર દ્વારા વર્ણવાયેલા પરમાત્માને માંત્રવર્ણિક કહે છે. એ મંત્રમાં બતાવ્યા પ્રમાણે બ્રાહ્મણગ્રંથમાં આનંદમયને સૌના અંતરાત્મા કહી બતાવ્યા છે. એટલે માંત્રવર્ણિક જ આનંદમય છે. એ જ સત્ય, જ્ઞાન અને અનંત છે. એ બંને વર્ણનનો વિચાર કરતાં અને એમની

સંગતિ બેસાડતાં લાગે છે કે આનંદમય શબ્દનો પ્રયોગ પરમાત્માને માટે જ કરાયેલો છે. ઉપર્યુક્ત બંને ઠેકાણે એક જ પરમાત્માનો ઉલ્લેખ છે.

**१६. नेतरोऽनुपपत्तेः ।**

<u>અર્થ</u>

ઈતરઃ = પરમાત્મા જુદો જીવાત્મા.

ન= આનંદમય ના હોઈ શકે.

અનુપપત્તેઃ= કારણ કે પૂર્વા પરના વર્ણનથી એ વાત પુરવાર નથી થતી.

<u>ભાવાર્થ</u>

આનંદમય શબ્દ જીવાત્માને માટે વપરાયો છે એવું માની લેવામાં શું હરકત છે એવો પ્રશ્ન પૂછવામાં આવે તો એના ઉત્તરમાં કહી શકાય કે જીવાત્માને માટે આનંદમય શબ્દ નથી વપરાયો, એ હકીકત તૈત્તિરીય ઉપનિષદની બ્રહ્માનંદ વલ્લી પરથી સાબિત થાય છે. એમાં આનંદમયનું વર્ણન કર્યા પછી કહેવામાં આવ્યું છે કે 'એ આનંદમય પરમાત્માએ કામના કરી કે હું અનેક રૂપે પ્રકટ બનું કે જન્મ ગ્રહણ કરૂં. પછી એમણે તપ કર્યું. તપ કરીને એમણે આ બધા જગતની રચના કરી.'

**सोऽकामयत । बहु स्यां प्रजोयेयति । स तपोऽतप्यन सतीरितस्वा इदं सर्वतसुजत् ।**

એ કથન જીવાત્માને જરા પણ લાગુ નથી પાડી શકાય તેમ. કારણ કે જીવાત્મા તો અલ્પજ્ઞ અને અલ્પ શક્તિમાન છે. એની અંદર જગતની રચના કરવાની શક્તિ નથી. એણે અનેકરૂપે પ્રકટવાની કામના કરી અને તપ કરીને સમસ્ત જગતની રચના કરી એવું ના માની શકાય. એવી લોકોત્તર શક્તિ અને સુયોગ્યતા તો એક પરમાત્મામાં જ હોઈ શકે. એટલે આનંદમય શબ્દ જીવાત્માને માટે નથી વપરાયો પરંતુ પરમાત્માને માટે વપરાયો છે એવું માનવું બધી રીતે બરાબર છે.

**१७. भेदव्यपदे शाङ्च ।**

<u>અર્થ</u>

ભેદવ્યપદેશાત્ = જીવાત્મા તથા પરમાત્મા એકમેકથી જુદા છે એવું બતાવવામાં આવ્યું છે એથી.

ચ = પણ.

<u>ભાવાર્થ</u>

આનંદમય શબ્દ જીવાત્માને માટે નથી વપરાયો પરંતુ પરમાત્માને માટે જ વપરાયો છે એવું માનવા-મનાવવાનું એક બીજું પણ કારણ છે. તે એ કે જીવાત્મા તથા પરમાત્મા એકમેકથી અલગ અલગ છે. જીવાત્મા પરમાત્માનો અંશ છે પરમાત્મા પરિપૂર્ણ છે અને જીવાત્મા અપૂર્ણ, પરમાત્મા કલેશમુક્ત ને જીવાત્મા કલેશયુક્ત, પરમાત્મા પ્રશાંત ને જીવાત્મા અશાંત, પરમાત્મા પરમયુક્ત ને જીવાત્મા બદ્ધ, પરમાત્મા પરમાનંદનાં પ્રતીક ને જીવાત્મા પરમાનંદનો પ્રવાસી કે પ્યાસી. તૈત્તિરીય ઉપનિષદની બ્રહ્માનંદ વલ્લીમાં સાતમા અનુવાદમાં જણાવ્યું છે કે જીવાત્મા રસસ્વરૂપ પરમાત્માને પામીને આનંદનો અનુભવ કરે છે. ત્યાં પરમાત્માને પરમાનંદમય, આનંદદાતા કહેવામાં આવ્યા છે અને જીવાત્માને આનંદ મેળવનારો કહ્યો છે. એને

લીધે સ્પષ્ટ રીતે સમજાય છે કે જીવાત્મા નહિ પણ પરમાત્મા જ આનંદમય છે અને આનંદમય શબ્દનો પ્રયોગ પરમાત્માને માટે જ કરવામાં આવ્યો છે.

**१८. कामाच्च नानुमानोपक्षा ।**

<u>અર્થ</u>

ચ = અને

કામાત્ = આનંદમયમાં કામનાનો ઉલ્લેખ હોવાથી.

અનુમાનોપક્ષા = અનુમાન-કલ્પિત જડ પ્રકૃતિને આનંદમય શબ્દ દ્વારા ગ્રહણ કરવાની આવશ્યકતા.

ન = નથી.

<u>ભાવાર્થ</u>

જે વિચારધારા જીવાત્માના સંબંધમાં તે જ પરમાત્માના સંબંધમાં પણ લાગુ પાડી શકાય છે. ઉપનિષદમાં પરમાત્માએ હું અનેકવિધ બનું એવી કામના કરી અને તપ કરીને રચના કરી એવું કહેવામાં આવ્યું છે. તે કથન પ્રમાણે પ્રકૃતિ જડ હોવાથી એવી કામના ના કરી શકે તથા જગતની રચના અને તપ પણ ના કરી શકે. એટલે આનંદમય શબ્દનો પ્રયોગ પ્રકૃતિને માટે પણ નથી કરવામાં આવ્યો.

**१९. अस्मिन्नस्य च तद्योगं शास्ति ।**

<u>અર્થ</u>

ચ = એ ઉપરાંત

અસ્મિન્ = આ પ્રકરણમાં.

અસ્ય = આ જીવાત્માનું

તદ્યોગમ્ = એ આનંદમય સાથેનું સંમિલન.

શાસ્તિ = શ્રુતિ બતાવે છે.

<u>ભાવાર્થ</u>

ઉપનિષદ કહે છે કે બ્રહ્મને જાણનાર બ્રહ્મ જ બની જાય છે. ब्रह्मविद् ब्रह्मैव भवति । બૃહદારણ્યક કહે છે કે 'પરાત્મદર્શી પુરૂષ પરમાત્મમય થઈને પરમાત્મામાં વિલીન થાય છે. તૈત્તિરીય ઉપનિષદ કહે છે કે 'આનંદમય પરમાત્માના રહસ્યને આવી રીતે જાણનાર પુરૂષ આનંદમય પરમાત્માને પ્રાપ્ત કરી લે છે.'

ब्रह्मैव सन् ब्रह्मोप्येति । (બૃહદરણ્યક ઉપનિષદ)

स य एवंविद अतमानंदमयमात्मानमुपसंक्रामति । (તૈત્તિરીય ઉપનિષદ)

એ વર્ણન પરથી સ્પષ્ટ અનુમાન કરી શકાય છે કે જીવાત્મા જડ પ્રકૃતિમાં કે પોતાના જેવા બીજા જીવાત્મામાં વિલીન ના થઈ શકે. પુરૂષ પરમાત્મદર્શી બનીને પરમાત્મમય થઈને બીજા કશામાં નહિ પરંતુ પરમાત્મામાં વિલીન થાય છે કે મળી જાય છે એવું સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે. પદાર્થ જ્યાંથી પ્રાદુર્ભાવ

પામે છે તેમાં જ મળી જાય છે. એટલે આનંદમય શબ્દ દ્વારા પરમાત્માનું જ વર્ણન કરવામાં આવ્યું છે; પ્રકૃતિનું અથવા જીવાત્માનું નથી કરવામાં આવ્યું.

**२०. अन्तस्तद् धर्मोमदेशात् ।**

અર્થ

અન્તઃ = હૃદયમાં શયન કરનાર વિજ્ઞાનમય તથા સૂર્યમંડળમાં સ્થિત હિરણ્મય પુરૂષ બ્રહ્મ છે.

તદ્ધર્મોપદેશાત્ = કારણ કે એમાં એ બ્રહ્મના ધર્મોનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

ભાવાર્થ

તૈત્તિરીય ઉપનિષદમાં આનંદમયનું પ્રકરણ આવે છે. ત્યાં વિજ્ઞાનમય શબ્દ જીવાત્માના સંબંધમાં વાપરવામાં આવ્યો છે પરંતુ બૃહદારણ્યકમાં વિજ્ઞાનમયને હૃદયાકાશમાં શયન કરનારો અંતરાત્મા કહ્યા છે. તો ત્યાં વિજ્ઞાનમય શબ્દ જીવાત્માનો વાચક છે કે પરમાત્માનો? એ જ પ્રમાણે છાંદોગ્ય ઉપનિષદમાં સૂર્યમંડળાન્તર્વર્તી હિરણ્યમય પુરૂષનું વર્ણન કરવામાં આવ્યું છે, તો ત્યાં સૂર્યાધિષ્ઠાતા દેવતાનું વર્ણન છે કે પરમાત્માનું એવી શંકા થાય છે. એ શંકાના સમાધાનમાં અહીં કહેવામાં આવે છે કે એ વર્ણન પરમાત્માનું જ છે, બીજા કોઈનું નથી, કારણ કે ત્યાં જે કાંઈ જણાવાયું છે તે બધું પરમાત્માને માટે જ જણાવાયું છે. બૃહદારણ્યકમાં વિજ્ઞાનમય પુરૂષને માટે સૌના નિયંતા, સ્વામી, સર્વસત્તાધીશ, સૌના અધિષ્ઠાતા તથા પાલન કર્તા જેવા શબ્દપ્રયોગો કરવામાં આવ્યા છે.

**सर्वस्य वशी सर्वस्येशानः सर्वस्याधिपतिः एष सर्वेश्वर एष भूतपालः ।**

છાંદોગ્ય ઉપનિષદમાં સૂર્યમંડળમાં વિરાજમાન પુરૂષને માટે સર્વે પાપોથી મુક્ત **सर्वेभ्यः पाप्मभ्य उदितः** શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. હવે વિચારો કે એ વર્ણન જીવાત્માને લાગુ પડે છે ખરૂં ? એ ગુણધર્મો કોઈક નાનામોટા દેવના પણ ના હોઈ શકે. ઉપર ઉપરથી જોતા પણ લાગે છે કે એ બધાં વિશેષણો પરમાત્માનાં જ છે. પરમાત્મા સિવાય બીજા કોઈની અંદર એવી અસાધારણ યોગ્યતા નથી કલ્પી શકાતી. જીવાત્મા પોતે જ પરાધીન છે તો પછી સંસારનો સ્વામી અથવા સર્વેશ્વર કેવી રીતે હોઈ શકે ? એ અલ્પ, અલ્પજ્ઞ અને અલ્પશક્તિમાન છે. એને પરિપૂર્ણ શી રીતે કહી શકાય ? એટલે પરમાત્માને જ વિજ્ઞાનમય તથા હિરણ્યમય પુરૂષ કહેવામાં આવ્યા છે, એમાં કોઈ પ્રકારની શંકા નથી રહેતી. વેદમાં **प्रज्ञानं ब्रह्म** કહીને પરમાત્માને પરમજ્ઞાનના પ્રતીક કહેવામાં આવ્યા છે એ સર્વવિદિત છે.

**२१. भेदव्यपदेशाच्चान्यः ।**

અર્થ

ચ= અને

ભેદવ્યપદેશાત્ = ભેદનો ઉલ્લેખ કરાયેલો હોવાથી.

અન્યઃ = સૂર્યમંડળાન્તર્વર્તી હિરણ્ય પુરૂષ સૂર્યના અધિષ્ઠાતા દેવતાથી જુદા છે.

ભાવાર્થ

ઉપનિષદમાં સૂર્યના અધિષ્ઠાતા દેવતા અને હિરણ્મય પુરૂષનો ભેદ કહી બતાવવામાં આવ્યો છે. એટલે હિરણ્મય પુરૂષ અને સૂર્યના અધિષ્ઠાતા દેવતા બંને જુદા છે એવું પુરવાર થાય છે. બૃહદારણ્યક કહે છે કે 'જે સૂર્યમાં રહેનાર સૂર્યના અંતર્વર્તી છે, જેને સૂર્ય નથી જાણતો; સૂર્ય જેનું શરીર છે, અને જે સૂર્યમાં રહીને સૂર્યનું નિયમન કરે છે તે આત્મા અંતર્યામી અવિનાશી અમૃતમય છે.'

य आदित्ये तिष्ठन्नादित्यादंतरो यमादित्यो न वेद

यस्यादित्यः शरीरं य आदित्यमंतरो यमयत्येष त आत्मान्तर्याम्यमृतः ।

એટલે સૂર્યના અધિષ્ઠાતા કરતાં હિરણ્મય પુરૂષ જુદા છે, ને જે હિરણ્મય પુરૂષ છે તે પરમાત્મા જ એવું પુરવાર થાય છે.

**૨૨. आकाशस्तल्लिंगात् ।**

<u>અર્થ</u>

આકાશઃ = આકાશ શબ્દ પરમાત્માનો જ વાચક છે.

તલ્લિંગાત્ = કારણ કે ત્યાં પરમાત્માનાં જ લક્ષણો બતાવવામાં આવ્યાં છે.

<u>ભાવાર્થ</u>

અત્યાર સુધીનાં સૂત્રો પરથી સિદ્ધ થયું કે જગતનું નિમિત્ત તથા ઉપાદાનકારણ પરબ્રહ્મ પરમાત્મા છે, જીવાત્મા કે પ્રકૃતિ નથી. એ વિષય તો પ્રકારાન્તરે પૂરો થયો, પરંતુ ઉપનિષદમાં જગતના પ્રાદુર્ભાવ, ધારણ તથા પ્રલયનું કારણ આકાશ છે એવું પણ જણાવવામાં આવ્યું છે તો પછી પરમાત્મામાં અને આકાશમાં કોઈ ભેદ છે ખરો, કે પછી પરમાત્મા નહિ પરંતુ આકાશ જ જગતનું એકમાત્ર કારણ છે ? એવી જિજ્ઞાસાના જવાબમાં આ સૂત્ર લખવામાં આવ્યું છે.

છાંદોગ્ય ઉપનિષદ આકાશનો ઉલ્લેખ કરતાં કહે છે કે 'આ સઘળાં ભૂત આકાશમાંથી જ આવિર્ભાવ પામે છે અને આકાશમાં જ વિલીન બને છે. આકાશ આ બધાથી શ્રેષ્ઠ અને મોટું છે. એ જ આ બધાના આધારરૂપ છે. **सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्त आकाशम्प्रत्यस्तं यन्त्याकाशो ह्येवैभ्यो ज्यायानाकाशः परायणम् ।** ઉપનિષદના એ વાક્યમાં આકાશનું વર્ણન કરવામાં આવ્યું છે એ સાચું પરંતુ એ આકાશ સ્થૂળ ભૂતાકાશ નથી. સ્થૂળ આકાશ પ્રકૃતિનું એક અગત્યનું અંગ હોઈને સંસારનું સર્જન, સંરક્ષણ કે વિસર્જન ન કરી શકે. તે પોતે ગમે તેટલું શક્તિશાળી હોવા છતાં જડ અને પરાધીન છે એ દેખીતું છે. સંસારના સર્જનાદિનો આટલો મોટો વિશાળ વ્યાપાર એનાથી થઈ જ ના શકે. એનું પોતાનું જ સર્જન બીજા પર નિર્ભર હોય. એટલે ઉપનિષદના એ વચનમાં આકાશ શબ્દનો પ્રયોગ એનાં લક્ષણોનો વિચાર કરતાં પરમાત્માને માટે જ કરવામાં આવ્યો છે એ સ્પષ્ટ થાય છે. એકમાત્ર પરબ્રહ્મ પરમાત્મામાં જ એ લક્ષણો ઘટાવી શકાય છે. જગતના પ્રાદુર્ભાવ, પાલન અને પ્રલયની અસાધારણ શક્તિ કેવળ એમની અંદર રહેલી છે. આકાશાદિ મહાભૂતની ને બધાની ઉત્પત્તિ એમની અંદરથી જ થાય છે. એ સમસ્ત સૃષ્ટિના મૂળાધાર છે અને એમનાથી વધારે શક્તિશાળી, સુયોગ્ય કે શ્રેષ્ઠ બીજું કોઈ જ નથી.

**૨૩. अत एव प्राणः ।**

અર્થ

અત એવ = એટલા માટે એટલે કે ઉપનિષદમાં કહેલાં લક્ષણો પરમાત્માને જ લાગુ પડી શકે છે તે માટે.

પ્રાણઃ= પ્રાણ.

ભાવાર્થ

ઉપનિષદમાં આકાશની પેઠે પ્રાણના સંબંધમાં પણ વર્ણન કરવામાં આવ્યું છે કે 'આ બધાં પ્રાણમાંથી પેદા થાય છે ને પ્રાણમાં લય પામે છે.'

**सर्वाणि ह वा इमानि भूतानि प्राणमेवाभिसंविशंति प्राणमभ्युज्जिहते ।** (છાંદોગ્ય ઉપનિષદ)

હવે જો પ્રાણ શબ્દનો અર્થ સાધારણ સ્થૂળ પ્રાણવાયુ કરીએ તો એમાંથી સમસ્ત સંસારની ઉત્પત્તિ શક્ય ના બની શકે. કારણ કે પ્રાણવાયુની સત્તા સર્વોપરી અને સ્વતંત્ર નથી. એ અન્યને આશ્રિત છે. એટલે તો કેનોપનિષદમાં જણાવ્યું છે કે પ્રાણવાન જેમને પ્રાણવાન નથી કરી શકતો પરંતુ જેમને લીધે પ્રાણવાન બને છે તે જ પરબ્રહ્મ પરમાત્મા છે; બીજા સ્થૂળ રીતે જેમની ઉપાસના કરે છે તે પરમાત્મા નથી. કેનોપનિષદમાં એવી રીતે પરમાત્માને પ્રાણના પ્રાણ અથવા પ્રાણ કરતાં ઉત્તમ કહેવામાં આવ્યા છે. સંસારની ઉત્પત્તિ સ્થૂળ પ્રાણમાંથી નથી થતી પરંતુ પ્રાણના પ્રાણ, સૌના પ્રાણ જેવા પરમાત્મામાંથી જ થાય છે. એટલે એ સંદર્ભમાં પ્રાણ શબ્દ પરમાત્માનો જ વાચક છે એવું નિસંસ્શય રીતે સમજી લેવાનું છે.

**૨૪. ज्योतिश्चरणाभिधानात् ।**

અર્થ

ચરણાભિધાનાત્ = એ જ્યોતિના ચાર પાદ કહી બતાવ્યા છે માટે.

જ્યોતિ: = જ્યોતિ: શબ્દ પરમાત્માનો વાચક છે.

ભાવાર્થ

હવે છાંદોગ્ય ઉપનિષદમાં આવતા જ્યોતિ શબ્દ વિશે પણ એવી જ શંકા થાય છે કે ત્યાં જ્યોતિ શબ્દ પણ પરમાત્માનો જ વાચક છે ? એ ઉપનિષદ જ્યોતિના સંબંધમાં જણાવે છે કે 'આ મૃત્યુલોકથી અને સ્વર્ગલોકથી ઉપર જે દિવ્ય જ્યોતિ પ્રકાશે છે તે સમસ્ત વિશ્વના પૃષ્ઠ પર એટલે સૌની ઉપર, સર્વોત્તમ પરમધામમાં પ્રકાશી રહી છે. એ જ્યોતિ આ પુરૂષની અંદર જે આંતરિક જ્યોતિ છે તે જ છે.'

આ રહ્યું એ જ્યોતિ વર્ણન -

अथ यदतः पशे दिवो ज्योतिर्दीप्यते विश्वतः पृष्ठेषु सर्वतः पृष्ठेष्वनुत्तमेषूत्तमेंषु लोकेष्वीदं वाव तद्यदिदमस्मिन्नन्तः पुरूषे ज्योतिः ।

એમાં જે જ્યોતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે જ્યોતિ કોઈ સ્થૂળ સાધારણ જ્યોતિ નથી સમજવાની. જ્યોતિ શબ્દ ત્યાં પરમાત્માને માટે વપરાયલો છે. ગીતા જેને જ્યોતિઓની જ્યોતિ તથા અવિદ્યારૂપી અંધકારથી પર કહે છે તે જ એ પરમાત્મજ્યોતિ છે.

ज्योतिषामेपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।

ઉપનિષદમાં એ પરમ પ્રકાશમય પરમાત્માના ચાર પાદનું વર્ણન આવે છે. એ વર્ણન પ્રમાણે સમસ્ત ભૂતસૃષ્ટિને એમના એક પાદ તરીકે બતાવીને બીજા ત્રણ અને પરમધામમાં રહેલા કહી બતાવ્યા છે. વેદના પુરૂષસૂક્તમાં પણ એવી જ રીતે પરમપુરૂષ પરમાત્માના ચાર પાદનું વર્ણન છે. એટલે જે જ્યોતિ છે તે પરમજ્યોતિ પરમાત્મા જ છે. ત્યાં સામાન્ય જ્યોતિનું વર્ણન નથી કરવામાં આવ્યું. સામાન્ય લૌકિક જ્યોતિમાં એવી લોકોત્તર શક્તિની કલ્પના પણ ના કરી શકાય.

ભારતમાં ને ભારતની બહારના કેટલાક દેશોમાં જ્યોતિની પૂજા થાય છે તે પરબ્રહ્મ પરમાત્માના પ્રતીક તરીકે થાય છે. મંદિરોમાં, ધર્મસ્થાનોમાં, મંગલ પવિત્ર પ્રસંગો પર, જ્યોતિ અથવા અખંડ જ્યોતિ જગાવવામાં આવે છે. એ શું સૂચવે છે ? એ પરમાત્માની સ્મૃતિ કરાવે છે. અને પરમાત્માને પામવાની ને એને માટેના પુરૂષાર્થની પ્રેરણા પાડે છે. જીવન શાને માટે છે તેને સંકેતમાં સમજાવે છે. અવિદ્યારૂપી અંધકારનો અંત આણીને એવા જ પવિત્ર પ્રજ્ઞાના પ્રકાશમાં પ્રવેશવાનો સંદેશ આપે છે. જે શાસ્ત્રો, સંતો ને સદ્ઉપદેશકો ના સમજાવી શકે તે જીવનસંદેશને સહેલાઈથી સમજાવી દે છે.

જીવન જ્યોર્તિમય બનવું જોઈએ. બીજાને માટે પ્રકાશદાયક થવું જોઈએ. એમાં સત્ય, દયા, ક્ષમા, પ્રેમ, અભય, સેવાભાવ, શુદ્ધિ જેવા સદ્ગુણોની, સદ્વિચારોની, સદ્ભાવોની ને સત્કર્મોની સુંદર અખંડ જ્યોતિ જાગી જવી જોઈએ. એવી જ્યોતિ વ્યક્તિ તથા સમષ્ટિનું કલ્યાણ કરી શકે. જ્યોતિમાં એવી જીવનપ્રેરક શક્તિ છે. એ જ્યોતિ બીજા કશાનું નહિ પરંતુ પરમાત્માનું જ પ્રતિનિધિત્વ કરે છે.

**૨૫. छांदोऽभिधान्नोति चेन्न तथा चेतोऽर्पणनिगदात् तथा हि दर्शनम् ।**

<u>અર્થ</u>

ચેત્ = જો.

છંદોડભિધાનાત્ = ગાયત્રી છંદના ઉલ્લેખને લીધે.

ન = પરમાત્માના ચાર પાદનું વર્ણન નથી એવું માનીએ.

ઈતિ ન = તો તે બરાબર નથી.

તથા = એવા વર્ણન દ્વારા.

ચેતોડર્પણનિંગદાત્ = પરમાત્મામાં ચિત્તનું સમર્પણ બતાવવામાં આવ્યું છે

તથા હિ દર્શનમ્ = એવું વર્ણન બીજે પણ જોવા મળે છે.

<u>ભાવાર્થ</u>

છાંદોગ્ય ઉપનિષદના ત્રીજા અધ્યાયના બારમા ખંડમાં ગાયત્રીના નામથી પ્રકરણનો પ્રારંભ થયો છે. ગાયત્રી છંદનું નામ છે. તો ત્યાં છંદનું વર્ણન છે કે પરબ્રહ્મ પરમાત્માનું, એવી જિજ્ઞાસાના જવાબમાં આ સૂત્ર જણાવે છે કે ત્યાં ગાયત્રી શબ્દ પરમાત્માને માટે વપરાયેલો છે. ગાયત્રીને જો છંદ માનવામાં આવે તો એવા જડ છંદમાંથી જગતની ઉત્પત્તિ ના થઈ શકે. ચિત્તનું સમર્પણ એવા કોઈ છંદમાં નથી કરવાનું પરંતુ પરમાત્મામાં જ કરવાનું છે ઉદ્ગીથ પ્રણવ જેવા શબ્દો પણ પરમાત્માને માટે જ વપરાયા છે. ગાયત્રીની ઉપાસના એ પરમાત્માની જ ઉપાસના છે.

**२६. भूतादिपादव्यपदेशोपपत्तेश्चैवम् ।**

<u>અર્થ</u>

ભૂતાદિપાદવ્યપદેશોપપત્તેઃ = (એવું માનીએ તો જ) ભૂતાદિને પાદ માની શકાય છે.

ચ= અને.

एवम् = એવું જ છે પણ.

<u>ભાવાર્થ</u>

છાંદોગ્ય ઉપનિષદમાં ગાયત્રીને ભૂત, પૃથ્વી, શરીર તથા હ્રદયરૂપ - ચાર પાદવાળી કહી બતાવી છે. વળી એના મહિમાને વર્ણવતાં પુરૂષ નામવાચક પરમાત્મા સાથે એની એકતા બતાવતાં કહ્યું છે કે એનો એક પાદ ભૂતસમુદાય કે સંસારમાં છે અને અમૃતમય ત્રણ પાદ પરમધામમાં છે. એ વર્ણન ગાયત્રીને છંદ તરીકે માનવાને બદલે પરમાત્મા તરીકે માનીએ તો જ બંધબેસતું થઈ શકે છે. એટલે ગાયત્રી શબ્દનો પ્રયોગ પરમાત્માને માટે જ કરવામાં આવ્યો છે.

**२७. उपदेशभेदान्नेतिचेन्नोभयस्मिन्नप्यविरोधात् ।**

<u>અર્થ</u>

ચેત્ = જો.

ઉપદેશભેદાત્ = ઉપદેશમાં ભિન્નતાને લીધે.

ન = ગાયત્રી શબ્દ પરમાત્માનો વાચક ના હોય.

ઈતિ ન = તો એ કથન બરાબર નથી.

ઉભયસ્મિન્ અપિ અવિરોધાત્ = કારણ કે વર્ણન બે જાતનું હોવા છતાં પણ એમાં કોઈ વિરોધ નથી.

<u>ભાવાર્થ</u>

જો એવી દલીલ કરવામાં આવે કે ઉપનિષદમાં ત્રણ પાદ દિવ્ય લોકમાં છે એવું જણાવીને દિવ્યલોકને પરમાત્માના ત્રણ પાદના આધાર તરીકે બતાવવામાં આવ્યો છે અને એ પછીના વર્ણનમાં જ્યોતિવાચક પરમાત્માને એ દિવ્યલોકથી પર કહ્યા છે; એવી રીતે આગળ પાછળના વર્ણનમાં ભેદ હોવાને લીધે ગાયત્રીને પરમાત્માનો વાચક ન માની શકાય; તો એવી દલીલના જવાબમાં જણાવે છે કે એવી રીતે ઉપલક વર્ણનમાં થોડોક ભેદ હોવા છતાં પણ ગાયત્રી તથા જ્યોતિ શબ્દ પરમાત્માને પરમધામમાં રહેલા કહ્યા છે એટલે એ વર્ણનમાં વસ્તુતઃ એકવાક્યતા છે, એમાં સંદેહ નથી.

**२८. प्राणस्तथानुगमात् ।**

<u>અર્થ</u>

પ્રાણઃ= પ્રાણ શબ્દ.

તથાનુગમાત્ = કારણ કે પૂર્વા પરના પ્રસંગને વિચારવાથી એવું જ જણાય છે.

<u>ભાવાર્થ</u>

પ્રાણ શબ્દ પરમાત્માને માટે વપરાયો છે એ આગળ પર જોઈ લીધું. પરંતુ કૌષીતકિ ઉપનિષદમાં ઈન્દ્રે પ્રતર્દનને કહ્યું છે કે હું જ્ઞાન-સ્વરૂપ પ્રાણ છું. તમે આયુ અને અમૃતરૂપથી મારી ઉપાસના કરો. તો પછી ત્યાં પ્રાણને ઈન્દ્રનો વાચક માનવો, પ્રાણવાયુનો, જીવાત્માનો કે પરમાત્માનો, એની સ્પષ્ટતા માટે આ સૂત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે ત્યાં પ્રાણ શબ્દ પરમાત્માને માટે જ વપરાયો છે. ત્યાં પ્રાણને પ્રજ્ઞાન સ્વરૂપ બતાવ્યો છે. પ્રાણને અજર, અમર, આનંદસ્વરૂપ, સૌનો પાલક, સર્વેશ્વર અને સર્વાધિપતિ કહ્યો છે. એના પરથી પ્રતીત થાય છે કે એ વર્ણન પરમાત્માનું છે, પ્રાણનું નથી. પ્રાણ શબ્દના પ્રયોગ દ્વારા પરમાત્માનું જ વર્ણન કરવામાં આવ્યું છે, બીજા કોઈનું નહિ.

**२९. न वक्तुरात्मोपदेशादिति चेदध्यात्म संबंधभूमा ह्यस्मिन् ।**

<u>અર્થ</u>

ચેત્ = જો કહેતા હો કે.

વકતુ = વક્તા અથવા ઈન્દ્રનો હેતુ.

આત્મોપદેશાત્ = પોતાને જ પ્રાણ તરીકે કહી બતાવવાનો છે એથી; ન પ્રાણ શબ્દ પરમાત્માનો વાચક નથી.

ઈતિ = તો એ વાત.

ન = ઠીક નથી.

હિ = કારણ કે

અસ્મિન્ = આ પ્રકરણમાં.

અધ્યાત્મ સંબંધભૂમા = અધ્યાત્મ સંબંધી ઉપદેશની જ અધિકતા છે.

<u>ભાવાર્થ</u>

ઈન્દ્રે પોતાનો પરિચય પ્રદાન કરતાં ત્યાં પોતાને પ્રાણ કહ્યો છે તો પછી પ્રાણ શબ્દને ઈન્દ્રનો વાચક માનવાને બદલે પરમાત્માનો વાચક શા માટે માનવો એવી શંકાના સમાધાન માટે જણાવે છે કે કારણ કે અહીં અધ્યાત્મની ચર્ચા ચાલતી હોવાથી આરાધ્ય દેવ તરીકે ઈન્દ્રને બતાવવાનું અનુચિત છે. પરમારાધ્ય પરમાત્માનું જ ઇન્દ્ર શબ્દ દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે.

**३०. शास्त्रद्दष्ट्या तूपदेशो वामदेववत् ।**

<u>અર્થ</u>

ઉપદેશઃ= ઈન્દ્ર પોતાને પ્રાણ કહે છે તે,

તુ = તો.

વામદેવવત્ = વામદેવની જેમ.

શાસ્ત્રદ્દષ્ટયા = શાસ્ત્રદૃષ્ટિથી જ છે.

<u>ભાવાર્થ</u>

પ્રાણ શબ્દ જો ઈન્દ્રનો વાચક ના હોય તો ઈન્દ્રે કહ્યું છે કે હું જ પ્રજ્ઞાન સ્વરૂપ પ્રાણ છું. મારી ઉપાસના કરો. એ વચનોનો અર્થ કેવી રીતે કરી શકશે, એવા વિચારના અનુસંધાનમાં આ સૂત્ર રચાયું છે.

આત્મદર્શી પુરૂષ સમસ્ત વિશ્વના સાથે એકતાનતા અનુભવે છે, સર્વત્ર પરમાત્માનું દર્શન કરે છે, ને પરમાત્મા સ્વરૂપ બને છે વામદેવ એવા જ આત્મદર્શી મહાપુરૂષ હોવાથી સમસ્ત વિશ્વની અને પરમાત્માની સાથે અભિન્ન અંતરંગ એકતાને અનુભવતા હોવાથી જાણી શક્યા કે 'હું જ મનુ થયો ને સૂર્ય બન્યો.' ભગવાન કૃષ્ણે પણ ગીતામાં પરબ્રહ્મ પરમાત્મા સાથેની આત્મિક એકતાનો અનુભવ કરતાં એવા એવા અનેકવિધ વચનો કહ્યા છે. દસમા અધ્યાયમાં પોતાની નાનીમોટી વિવિધ વિભૂતિઓનું વર્ણન કરી બતાવ્યું છે અને અન્યત્ર કહ્યું છે કે મારામાં મનને રાખ, મારો ભક્ત બન, મારી પૂજા કર અને મને પ્રણામ કર. તો એવી રીતે આત્માને મારી સાથે જોડી, મારે પરાયણ બનીને મને પામી લઈશ. ઈન્દ્રે પણ આત્માનુભૂતિની અલૌકિક અવસ્થામાં એવું કહ્યું કે હું પ્રાણ છું, પરમ જ્ઞાનમય છું, તો એમાં કશું ખોટું નથી. હું પ્રાણ છું એટલે સૌને જીવન પ્રદાન કરૂં છું. પરમજ્ઞાનમય છું. એટલે મારામાં અવિદ્યારૂપી અંધકારનો અંશ પણ નથી. એ પોતાને પરમાત્મામય માનીને પોતાના રૂપમાં રહેલા પરમાત્માની ઉપાસના કરવાનું જણાવે એમાં પણ ખોટું નથી. પણ શબ્દનો પ્રયોગ એવી રીતે પરમાત્માને માટે જ થયેલો છે એ સ્પષ્ટ થાય છે.

**३१. जीवमुरव्यप्राणलिंगोन्नति चेन्नोपासात्रैविध्यादाश्रितत्वादिह तद्योगात् ।**

<u>અર્થ</u>

ચેત્ = જો કહેતા હો કે.

જીવમુખ્ય પ્રાણલિંગાત = (આ પ્રસંગમાં) જીવાત્મા તથા પ્રસિદ્ધ પ્રાણનાં લક્ષણ જોવા મળે છે માટે.

ન = પ્રાણ શબ્દ પરમાત્માનો વાચક નથી.

ઇતિ ન = તો કહેવું યોગ્ય નથી.

ઉપાસત્રૈવિધ્યાત્ = કેમ કે એવું માનવાથી ત્રિવિધ ઉપાસનાનો પ્રસંગ ઊભો થશે.

આશ્રિતત્વાત્ = (એ સિવાય) સર્વે લક્ષણો પરમાત્માનાં છે.

દેહ તદ્‌યોગાત્ = આ પ્રસંગમાં પરમાત્માનાં લક્ષણો કહેવામાં આવ્યા છે એટલે (પ્રાણ શબ્દ પરમાત્માનો જ વાચક છે.)

<u>ભાવાર્થ</u>

પ્રાણ શબ્દનો પ્રયોગ પરબ્રહ્મ પરમાત્માને માટે જ થયેલો છે. એમાં તલમાત્ર પણ સંદેહ નથી, એ વિચારધારાને અથવા નિશ્ચિત અભિપ્રાયને આગળ વધારતાં આ સૂત્રમાં સમજાવવામાં આવે છે કે કૌષીતકિ ઉપનિષદના ઉપર્યુક્ત પ્રસંગમાં જીવ તથા પ્રાણના લક્ષણો બતાવવામાં આવ્યા છે એ સાચું છે. પરંતુ એટલા માટે જ પ્રાણ શબ્દ પરમાત્માને માટે નથી વપરાયો એવું માનવાનું બરાબર નથી, કારણ કે એ પ્રકારની પરિસ્થિતિમાં પરમાત્મા ઉપરાંત જીવ તથા પ્રાણને પણ ઉપાસ્ય માનવા પડે અને ત્રિવિધ ઉપાસનાનો દોષ ઊભો થાય. જીવ તથા પ્રાણના ધર્મો પરમાત્માના પરિપૂર્ણ વિશાળ ધર્મોમાં સમાઈ જતા હોવાથી પરમાત્માના વર્ણનમાં એ ધર્મો આવી શકે છે. ત્યાં લોકાધિપતિ તથા લોકપાલ કહીને પરમાત્માનું જ વર્ણન

કરેલું છે. એટલે પ્રાણ શબ્દ પરમાત્માનો જ પ્રતીક છે, બીજા કશાનો નથી. એ વાત સહજ રીતે જ સિદ્ધ થાય છે.

## ॥ અધ્યાય ૧ - પાદ ૧ સંપૂર્ણ ॥

## પાદ ૨ (સૂત્ર)

| | |
|---|---|
| ૧ થી ૭ | પરમાત્મા જ ઉપાસ્ય છે એનું સમર્થન. |
| ૮ | પરમાત્મા સુખ દુઃખ નથી ભોગવતા |
| ૯ થી ૧૦ | પરમાત્માનું લોકતૃત્વ. |
| ૧૧ થી ૧૨ | હૃદયગુહામાં રહેનારા. |
| ૧૩ થી ૧૭ | નેત્રાન્તર્વર્તી પુરુષ. |
| ૧૮ થી ૨૦ | અંતર્યામીનું સ્પષ્ટીકરણ. |
| ૨૧ થી ૨૨ | અદૃશ્યત્વ જેવા ધર્મ. |
| ૨૩ | વિરાટરૂપ. |
| ૨૪ થી ૩૨ | વૈશ્વાનર શબ્દ પરમાત્માવાચક છે એવું પ્રતિપાદન. |

## અધ્યાય ૧ - પાદ ૨

**१. सर्वत्र प्रसिद्धोपदेशात् ।**

અર્થ

સર્વત્ર = વેદ, ઉપનિષદાદિ જ્ઞાનગ્રંથોમાં બધે જ.

પ્રસિદ્ધોપદેશાત્ = પ્રસિદ્ધ પરબ્રહ્મ પરમાત્માનો જ ઉપાસ્યદેવ તરીકે ઉપદેશ આપવામાં આવ્યો છે.

ભાવાર્થ

પરબ્રહ્મ પરમાત્મા જ આ અખિલ જગતના એકમાત્ર કારણ છે, સર્વજ્ઞ, સર્વગત, સર્વેશ્વર અને સર્વશક્તિમાન છે. એમના વિના બીજા કોની ઉપાસના કરવાનું ઉચિત લેખાય ? એમની જ ઉપાસનાનો આધાર લઈને એમના સાક્ષાત્કાર માટે સાધના કરવી જોઈએ. શાસ્ત્રોમાં એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી છે. પ્રકૃતિની ઉપાસના, મમતા અને આસક્તિ માનવને અશાંત અને દુઃખી કરે છે અને પરમપુરૂષ પરમાત્માની પ્રીતિ, આરાધના અથવા આસક્તિ શાંત, સંતૃપ્ત, સુખી ને મુક્ત બનાવે છે. પરમાત્મદર્શી, પરમાત્મકૃપા પાત્ર સંતોનો પણ એ જ સદ્દુપદેશ છે. આ સૂત્રથી એ મહત્વના વિષયની વિચારણાનો આરંભ કરવામાં આવ્યો છે એટલું જ નહિ, એ સુંદર સર્વોપયોગી વિષયનું પ્રતિપાદન અથવા સમર્થન કરવામાં આવ્યું છે.

છાંદોગ્ય ઉપનિષદમાં જગતને પરમાત્મામય માનીને એમની આરાધના કરવા માટે કહેલું છે. એ પછી એ આરાધ્યદેવને માટે સત્ય સંકલ્પ, સર્વકર્મા, આકાશાત્મા જેવા શબ્દપ્રયોગો કરેલા છે. વળી એમને અણુથી અણુ અને મહાનથી મહાન તરીકે વર્ણવીને હૃદયમાં વિરાજમાન આત્મા કે બ્રહ્મના નામથી પણ ઓળખાવ્યા છે. તો એ આરાધ્યદેવ કોણ છે, જીવાત્મા, પરમાત્મા કે કોઈ બીજા ? એના ઉત્તરરૂપે અહીં જણાવવામાં આવે છે કે છાંદોગ્ય ઉપનિષદના ત્રીજા અધ્યાયના ચૌદમાં ખંડના આરંભમાં કહ્યું છે કે 'આ જડચેતનાત્મક સમસ્ત જગત બ્રહ્મ જ છે. સાધકે રાગદ્વેષરહિત શાંત તથા શુદ્ધ બનીને એવી રીતે સમજીને પરમાત્માની આરાધના કરવી જોઈએ. મનુષ્ય સંકલ્પમય છે. આ સંસારમાં એ જેવા સંકલ્પથી સંપન્ન થાય છે તેવો જ અહીંથી વિદાય થયા પછી પરલોકમાં બની જાય છે. માટે એણે પરમાત્માની જ આરાધનાનો સંકલ્પ કરવો જોઈએ.'

सर्वे खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत ।

अय खलु क्रतुमयः पुरूषो यथाक्रतुरस्मिल्लोके पुरूषो भवति तथेतः प्रेत्य भवति स क्रर्तु कुर्वीत ।

ઉપનિષદના એ વચનાનુસાર ઉપાસના એક પરમાત્માની જ કરવી જોઈએ એ સ્પષ્ટ થાય છે. એ વચનમાં અને અન્યત્ર પરબ્રહ્મ પરમાત્માને જ ઉપાસ્યદેવ અથવા પરામારાધ્ય તરીકે માનવામાં આવ્યા છે, બીજા કોઈને પણ નહિ, એમાં સંશય નથી.

**२. विवक्षितगुणोपपत्तेश्च ।**

અર્થ

ચ = અને.

વિવક્ષિત ગુણોપપત્તેઃ = ઉપિષદમાં વર્ણવાયલા સદ્‌ગુણો કે ગુણધર્મો એ પરમાત્માને જ લાગુ પડે છે એટલા માટે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં ઉપાસ્યદેવનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે ‘એ ઉપાસ્યદેવ મનોમય, પ્રાણરૂપ શરીરવાળો, પ્રકાશમય, સત્યસંકલ્પ, આકાશની પેઠે વ્યાપક, જગતનો કર્તા, પુર્ણકામ, સર્વગંધ, સર્વરસ, આ સમસ્ત સંસારને સર્વ તરફથી વ્યાપી વળનાર, વાણીરહિત તથા સંભ્રમરહિત છે.’

**मनोमयः प्राणशरीरो भारूपः सत्यसंकल्प आकाशात्मा सर्वकर्मा सर्वकामः सर्वगंधः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यनादरः ।**

એ વર્ણનમાં બતાવેલાં લક્ષણો જીવાત્માને કે પ્રકૃતિને અથવા બીજા કોઈને લાગુ નથી પડતાં પરંતુ પરમાત્માને જ લાગુ પડે છે. માટે એમાં ઉપાસ્ય દેવ તરીકે પરમાત્માનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરમાત્માને મનોમય તથા પ્રાણમય શરીરવાળા કહ્યા છે તેથી કશી શંકા કરવાનું કારણ નથી, કારણ કે સમસ્ત બ્રહ્માંડ એમનું શરીર છે અને એ છતાં એ સૌથી બહાર રહેલા છે. એ વાતની પુષ્ટિ ઉપનિષદનાં અન્ય વચનો પરથી થઈ રહે છે.

**૩. अनुपपत्तेस्तु न शरीरः ।**

અર્થ

તુ = પરંતુ.

અનુપપત્તઃ = જીવાત્મામાં એવા ગુણોની સંગતિ ના હોવાથી

શરીરઃ = જીવાત્મા.

ન = નથી.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદના વર્ણનને અનુલક્ષીને પરમાત્મા ઉપાસ્યદેવ છે એવું સિદ્ધ કર્યું. હવે એની સાથે સાથે સહજ રીતે જ ફલિત થનારી એક બીજી વાત કહી બતાવે છે કે એ વર્ણન પ્રમાણેના ગુણધર્મો જીવાત્મામાં નથી દેખાતા. જીવાત્મા જગતકર્તા, સર્વ વ્યાપક, સર્વરસ કે પૂર્ણકામ છે એવું નહિ કહી શકાય. માટે એને પરમાત્માનું આસન ના આપી શકાય અને સૌના એક માત્ર આરાધ્ય તરીકે પણ ના માની શકાય.

**૪. कर्मकर्तृव्यपदेशाच्च ।**

અર્થ

કર્મ કર્તૃવ્યપદેશાત્ = એ વર્ણનમાં ઉપાસ્ય દેવને પ્રાપ્ત કરવા યોગ્ય કહ્યા છે ને જીવાત્માને પ્રાપ્ત કરનાર કહ્યો છે તેથી.

ચ = પણ.

ભાવાર્થ

પરમાત્મા પરમ ઉપાસ્યદેવ હોવાથી જીવાત્મા એમને જાણવાની, પામવાની અથવા આરાધવાની અભિલાષા રાખે છે. એ વિના એને શાંતિ નથી વળતી અને એનો અસંતોષ કાયમ જ રહે છે. પરમાત્મા એના પ્રાપ્તવ્ય છે. માટે તો એ એમની ઈચ્છા રાખે છે. છાંદોગ્ય ઉપનિષદમાં પણ એ ભાવનાનો પ્રતિઘોષ પાડતાં કહેવામાં આવ્યું છે કે 'પરમાત્મા મારા હૃદયમાં રહેનારા મારા આત્મા છે. મૃત્યુ પછી અહીંથી પ્રયાણ કરીને પરલોકમાં હું એમને પ્રાપ્ત કરીશ.'

**एष म आत्मान्तर्हृदय एतद् ब्रह्मैकमितः प्रेत्याभिसंभवितास्मि ।**

ઉપનિષદે એવી રીતે જીવાત્મા તથા પરમાત્મા વચ્ચે સુંદર સ્વાનુભવપૂર્ણ લક્ષ્મણરેખા દોરી આપી છે. તે પ્રમાણે જીવાત્મા ઉપાસક છે અને પરમાત્મા ઉપાસ્ય. જીવાત્મા સાધક છે ને પરમાત્મા સાધ્ય છે, એ પુરવાર થાય છે. ઉપાસના જીવાત્માની નથી કરવાની, પરમાત્માની જ કરવાની છે.

**૫. शब्दविशेषात् ।**

અર્થ

શબ્દ વિશેષાત્ = શબ્દનો પ્રયોગ ભેદ હોવાને લીધે પણ.

ભાવાર્થ

ઉપાસ્યદેવ જીવાત્મા નથી પરંતુ પરમાત્મા છે એ બતાવવા માટે આ સૂત્રમાં એક બીજી મહત્વની દલીલ રજૂ કરવામાં આવે છે કે છાંદોગ્ય ઉપનિષદમાં જીવાત્મા તથા પરમાત્માને માટે જુદા જુદા શબ્દપ્રયોગો કરવામાં આવ્યા છે. એમાં જણાવ્યું છે કે 'આ મારા હૃદયમાં રહેનારા અંતર્યામી આત્મા છે. આ બ્રહ્મ છે.' એનો અર્થ એ થયો કે અંતર્યામી આત્મા, બ્રહ્મ અથવા પરમાત્મા એ જેના હૃદયમાં રહેલા છે અને જેનું હૃદય છે તે જીવાત્મા કરતાં જુદા છે. જીવાત્મા એમને હૃદયમાં રહેલા અનુભવે છે, એ શબ્દભેદ સ્પષ્ટ રીતે બતાવે છે કે પરમાત્મા ઉપાસ્યદેવ છે, જીવાત્માથી જુદા છે, અને જીવાત્માને ઉપાસ્યદેવ ના માની શકાય.

**૬. स्मृतेश्च ।**

અર્થ

સ્મૃતો = સ્મૃતિપ્રમાણથી

ચ = પણ.

ભાવાર્થ

વેદ અને ઉપનિષદ પછીના ભારતીય સ્મૃતિગ્રંથોનું તટસ્થ રીતે અધ્યયન કરવામાં આવે તો એના પરથી પણ પ્રતીતિ થાય છે કે જીવાત્માને માટે સર્વશક્તિમાન સર્વાધાર પરમાત્મા જ પરમ ઉપાસ્ય છે. માનવ, દેવ સૌ કોઈ પરમાત્માને ભજીને ને પામીને જ કૃતાર્થ બની શકે છે. એ હકીકતનું પુનરાવર્તન વિવિધ પ્રકારે અનેક સ્થળે કરવામાં આવ્યું છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે 'સર્વભાવે એ ઈશ્વરને જ શરણે જા. એમના અનુગ્રહથી પરમ શાંતિને ને સનાતન અવિચળ સ્થાનને પ્રાપ્ત કરીશ.'

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।

तत्प्रसादात्परां शांतिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥

'આ અનિત્ય અને સનાતન સુખરહિત સંસારમાં આવીને મને જ ભજ.'

अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम ।

રામાયણમાં સંતશિરોમણિ તુલસી દાસે લખ્યું છે :

કલિયુગમાં યુગ આન નહીં, જો નર કર વિશ્વાસ ।
ગાઈ રામગુનગન વિમલ, ભર તર બિનહિ પ્રયાસ ॥

લોકકવિ પોતાના સુપ્રસિદ્ધ પદમાં એ જ સનાતન સંદેશને જરા જુદી રીતે સંભળાવે છે :

મળ્યો મનુજ જનમ અવતાર માંડ કરીને
તમે ભજ્યા નહીં ભગવાન ભાવ કરીને
તેથી ખાશો જમના માર પેટ ભરીને ... માટે રામનામ સંભાર.

**૭. अर्भकौकस्त्वात्तद्व्यपदेशाच्च नेति चेन्न निचाय्यत्वादेवं व्योमवच्च ।**

અર્થ

ચેત્ = જો.

અર્ભકૌકસ્ત્વાત્ = ઉપાસ્યદેવ હૃદયરૂપી નાનકડા સ્થાનવાળા છે માટે.

ચ = તથા.

તદ્વ્યપદેશાત્ = અત્યંત નાના બતાવ્યા છે માટે.

ન = પરમાત્મા ના હોઈ શકે.

ઈતિ ન = તો એ બરાબર નથી.

નિચ્ચાચ્યત્વાત્ = કારણ કે હૃદયપ્રદેશમાં દ્રષ્ટવ્ય છે માટે.

એવમ્ = એવું કહેવામાં આવ્યું છે.

ચ = અને.

વ્યોમવત્ = આકાશની પેઠે સર્વત્ર છે વ્યાપક હોવાથી પણ એવું કહેવું ઉચિત છે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં અન્યત્ર અને ગીતા જેવા મહા ગ્રંથોમાં પરમાત્માને હૃદયમાં વિરાજેલા કહ્યા છે. हृदि होय आत्मा । 'આ આત્મા હૃદયમાં છે.'

ईश्वरः सर्वभूतानां हृद्देशेङर्जुन तिष्ठति । (ભગવદ્ ગીતા)

'હે અર્જુન, ઈશ્વર સૌ પ્રાણીઓના હૃદયપ્રદેશમાં વિરાજે છે.'

એવા વર્ણનને લીધે કોઈને એવું લાગે કે પરમાત્મા તો એકાદશીય અથવા અમુક ચોક્કસ સીમિત સ્થાનમાં રહેતા હોવાથી સર્વવ્યાપક તથા સર્વ શક્તિમાન નથી ને ઉપાસ્ય દેવ ના હોઈ શકે તો તે તર્ક બરાબર નથી. કારણ કે એ ગ્રંથો એમને વિરાટથી વિરાટ અને સર્વ વ્યાપક પણ કહી બતાવે છે. એ હૃદયમાં પણ છે અને બહાર પણ છે. સ્થૂળ પણ છે અને સૂક્ષ્માતિ સૂક્ષ્મ પણ છે. એમનું દર્શન કરવા માગનાર સાધક

સાધન દ્વારા એમને હૃદયમાં જોઈ શકે છે. એટલા માટે એ ત્યાં પણ વિરાજે છે એવું કહી બતાવ્યું છે. એથી એમની સર્વદેશીયતાને હરકત નથી આવતી અને એ ઉપાસ્યદેવ નથી એવું પણ નથી સાબિત થતું.

**૮. संभोगप्राप्तिरिति चेन्न वैशेश्यात् ।**

અર્થ

ચેત્ = જો.

સંભોગપ્રાપ્તિ = સુખદુઃખનો ભોગ પણ કરવો પડતો હશે.

ઈતિ ન = તો એવું કહેવું બરાબર નથી.

વૈશેષ્યાત્ = જીવાત્મા કરતાં પરમાત્મામાં વિશેષતા છે માટે.

ભાવાર્થ

પરમાત્મા સૌના હૃદયપ્રદેશમાં રહે છે તો સૌનાં સુખદુઃખોનો અનુભવ પણ કરે છે ખરા? એ સુખદુઃખોના અનુભવની અનુકૂળ અથવા પ્રતિકૂળ અસર એમની ઉપર પડે છે ખરી ? એ આકાશની પેઠે સર્વવ્યાપક હોવા છતાં જડ નથી પરંતુ ચેતન છે અને ચેતનને માટે સુખદુઃખની અનુભૂતિ સ્વાભાવિક હોય છે. એવા પ્રશ્નો અથવા વિચારોના અનુસંધાનમાં આ સૂત્ર લખીને સ્પષ્ટ કરવામાં આવે છે કે પરમાત્મા ચેતન અને સૌના હૃદયપ્રદેશમાં નિવાસ કરે છે તે છતાં પણ સુખદુઃખોનો અનુભવ નથી કરતા. એ સૌની અંદર વિરાજમાન હોવા છતાં પણ સૌના ગુણદોષોથી અલિપ્ત અને સુખદુઃખોથી અતીત છે. એમની અંદર કર્તાપણાનું અભિમાન અથવા ભોક્તત્વ નથી. એમની અંદર જીવાત્માના કર્તા તથા ભોક્તા અને સુખી તેમજ દુઃખી જેવા ગુણધર્મો નથી રહેતા. એવા ગુણધર્મોની કલ્પના પણ એમની અંદર નથી કરી શકાતી. એ જીવાત્માની જેમ અજ્ઞાનયુક્ત નથી. એ રીતે વિચારતાં એમની અંદર જીવાત્મા કરતાં ઘણી વિશેષતા રહેલી છે. એમને જીવાત્માને માટેનાં પરંપરાગત પ્રસ્થાપિત ધોરણો પ્રમાણે ના મૂલવી શકાય.

**૯. अत्ता चराचरग्रहणात् ।**

અર્થ

ચરાચરગ્રહણાત્ = ચર અને અચર સૌને ગ્રહણ કરવાને લીધે.

અત્તા = ભોજન કરનારા.

ભાવાર્થ

પરમાત્મા સુખદુઃખના ઉપભોક્તા નથી તો પણ એમને ભોજન કરનારા કહ્યા છે એનો અર્થ જરાક જુદો છે. એ જડચેતનાત્મક સમસ્ત જગતને ધારણ કરે છે અને સૌને પોતાની અંદર વિલીન કરી દે છે. એ કાળના પણ કાળ, મહાકાળ હોવાથી સૌને પોતાના વિશાળ ઉદરમાં સમાવી લે છે. સ્થૂળ શબ્દોમાં કહીએ તો એ સર્વભક્ષી બનીને સૌનું ભક્ષણ કરી જાય છે માટે અત્તા છે. પ્રત્યેક પળ એમના મુખમાં પ્રવેશી રહી છે. કેટલાંય સામ્રાજ્યો, ભૂતો અને સંસ્કૃતિ પ્રવાહોને એમણે પોતાની અંદર સમાવી લીધા. પ્રાણીઓના શરીરમાં વૈશ્વાનરરૂપે પણ એ જ રહેલા છે. કઠ ઉપનિષદમાં એવા વિશાળ સંદર્ભમાં કહેવામાં આવ્યું છે કે ‘બ્રાહ્મણ અને

ક્ષત્રિય અથવા સમસ્ત જગત જે પરમાત્માનું ભોજન બની જાય છે તથા સર્વસંહારક મૃત્યુ શોક થાય છે તે પરમાત્મા ક્યાં ને કેવા છે એને, અથવા એમના વાસ્તવિક સ્વરૂપને કોણ જાણી શકે તેમ છે ?'

**यस्य ब्रह्म च क्षत्रं चोमे भवत ओदनः ।**

**मृत्युर्यस्योषसेचनं क ईत्था वेद यत्र सः ॥**

એટલે ઉપનિષદના એ શ્લોકમાં જે અત્તા અથવા ભોક્તાનું વર્ણન છે તે કોઈ સામાન્ય અત્તા કે ભોક્તાનું વર્ણન નથી સમજવાનું. પરમાત્માને જ, અને એ પણ સૌના સંહારકમા રૂપમાં, અત્તા કે ભોક્તા કહેલા છે. એને લીધે એમની અંદર સ્થૂળ કર્તૃત્વ કે સુખદુઃખોના ઉપભોગનું આરોપણ નથી કરવાનું. એમને માટે તો પેલા સ્વાનુભવ સંપન્ન ભક્તિયુક્ત કવિએ કહ્યાં છે એ જ વચનો યથાર્થ ઠરે છે કે.

'તું તો ન્યારો રહીને ખેલે છે નારાયણા રે !'

**१०. प्रकरणाच ।**

<u>અર્થ</u>

પ્રકરણાત = પ્રકરણથી.

ચ = પણ.

<u>ભાવાર્થ</u>

કઠ ઉપનિષદમાં આવેલા પ્રકરણ પરથી પણ એ જ વસ્તુની સિદ્ધિ થાય છે. ત્યાં ઉપર્યુક્ત મંત્ર કે શ્લોકની પહેલાંના શ્લોકો પરમાત્માના સંબંધમાં જ લખાયેલા છે. એ શ્લોકો એમના સ્વરૂપને, એમના સાક્ષાત્કારના મહત્વને ને એમના અનુગ્રહની અમોઘતાને કહી બતાવે છે. ઉપર્યુક્ત શ્લોકમાં એ જ પરમાત્માને વાસ્તવિક રીતે જાણવાનું કઠિન છે એવું જણાવવામાં આવ્યું છે. એટલે અત્તા શબ્દ એમને માટે જ વાપરવામાં આવ્યો છે એ નક્કી થાય છે.

**११. गुहां प्रबिष्टावात्मानौ हि तदर्शनात् ।**

<u>અર્થ</u>

ગુહામ્ - હૃદયરૂપી ગુફામાં

પ્રવિષ્ટૌ -પ્રવેશેલા બંને

આત્માનૌ - જીવાત્મા ને પરમાત્મા.

હિં - જ છે.

તદ્દર્શનાત્ - બીજે ઠેકાણે પણ એવું જ જોવા મળે છે તેથી.

<u>ભાવાર્થ</u>

કઠ ઉપનિષદના એની પછીના વર્ણનમાં કર્મફળરૂપી ઋતુને પીનારા ધૂપ તથા છાયા જેવા બે ભોક્તાઓનો ઉલ્લેખ છે. તો પછી પરમાત્મા જો કર્મફળના ભોક્તા ના હોય તો એ બે ભોક્તાઓ કયા છે એ વિચારધારાના અનુસંધાનમાં સ્પષ્ટ રીતે કહે છે કે એ બંન્ને ભોક્તાઓ જીવાત્મા તથા પરમાત્મા છે. કઠ ઉપનિષદ એમની ઓળખાણ આપતાં જણાવે છે.

**ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्धे ।**

**छायातपौ ब्रह्मविदो वदंति पंचाग्नेया ये च त्रिणाचिकेताः ॥**

એટલે કે શુભકર્મોના ફળરૂપે મળેલા માનવ શરીરમાં પરમાત્માના શ્રેષ્ઠ નિવાસ હૃદયમાં સત્યનું પાન કરનારા બે છે. તે છાયા તથા પ્રકાશ જેવા છે. બ્રહ્મજ્ઞાની પુરૂષો એવું જણાવે છે. ત્રણવાર નાચિકેત અગ્નિને એકત્ર કરનારા પંચાગ્નિસંપન્ન પુરૂષો પણ એવું કહી બતાવે છે.

એમાં જણાવેલા ભોક્તાઓ પરમાત્મા અને જીવાત્મા છે. છાયા પ્રકાશની હોય છે તેમ જીવાત્મા પરમાત્માના અંશરૂપ હોવાથી પરમાત્મા વિના રહી નથી શકતો.

છાંદોગ્ય ઉપનિષદમાં પણ આવે છે કે પરમાત્માએ સંકલ્પ કર્યો કે હું જીવાત્મા સાથે પ્રકાશાદિ ત્રણે દેવોમાં અથવા એમના કાર્યરૂપ શરીરમાં પ્રવેશીને નામ તથા રૂપને પ્રગટ કરૂં.

પરમાત્માને ઉપનિષદમાં ભોક્તા કહેવાનું કારણ એ છે કે સઘળાં કર્મો એમની પાસે પહોંચી જાય છે. અને જુદા જુદા દેવોનાં રૂપમાં, એમની અંદર રહીને એ કર્મોને ગ્રહણ કરે છે ને ફળ આપે છે. તો પણ એ સર્વથા અલિપ્ત રહે છે. એમનું એ ભોકતૃત્વ લૌકિક નથી સમજવાનું.

**१२. विशेषणाच्च ।**

<u>અર્થ</u>

વિશેષણાત્ = બંનેનાં જુદાં જુદાં વિશેષણો કે લક્ષણો બતાવવામાં આવ્યા છે. એથી.

ચ = પણ.

<u>ભાવાર્થ</u>

જીવાત્મા તથા પરમાત્માને માટે બીજા શ્લોકોમાં જુદાં જુદાં વિશેષણો વાપરવામાં આવ્યાં છે. જીવાત્માને રથી અને પરમાત્માને પરમપ્રાપ્તવ્ય વિષ્ણુના પરમધામ કહ્યા છે, તથા બીજે ઠેકાણે સંસારને પાર કરવાની ઈચ્છાવાળાને માટે અભયપદ તરીકે વર્ણવ્યા છે. એથી સ્પષ્ટ થાય છે કે હૃદયરુપી ગુફામાં રહેનારા જીવાત્મા ને પરમાત્મા છે. મુંડક ઉપનિષદમાં પણ 'દ્વા સુપર્ણા સયુજા સખાયા, સમાનં વૃક્ષં પરીષષ્વ જાતે' કહીને એ બંનેને શરીરરૂપી વૃક્ષમાં વસનારા સમાન રૂપરંગવાળા સખા તરીકે વર્ણવ્યા છે.

**१३. अन्तर उपपतेः ।**

<u>અર્થ</u>

અન્તરે = નેત્રમાં દેખાનાર કહ્યા છે તે પરમાત્મા જ છે

ઉપપત્તેઃ = પૂર્વાપર પ્રસંગનો મેળ એવું માનવાથી જ બેસી શકે છે માટે.

<u>ભાવાર્થ</u>

ઉપનિષદમાં પરમાત્માવિષયક જે વિવિધ વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં પરમાત્માને આંખમાં દેખાનારા પણ કહ્યા છે. એ વર્ણનને અનુલક્ષીને આ સૂત્રમાં જણાવવામાં આવે છે કે આંખમાં પરબ્રહ્મ પરમાત્માનો જ પ્રકાશ પ્રકટ થાય છે, જીવાત્માનો કે બીજી કોઈ સામાન્ય વસ્તુનો નહિ. પરમાત્માને ઉપનિષદમાં આત્મા, અમૃત, અભય અને બ્રહ્મ કહેલા છે. એ વર્ણન પ્રમાણે આંખમાં દેખાય છે તે પરમાત્મા

જ દેખાય છે એમ સમજીને સર્વત્ર પરમાત્માનું દર્શન કરી શકાય છે. પરમાત્મદર્શનની એ પદ્ધતિ ખૂબ જ સુંદર ને સહેલી છે. સૌની આંખમાં જો પરમાત્મદર્શન કરવાની ટેવ પડે તો મોહ તથા વિકારનું વિષચક્ર આપોઆપ દૂર થાય ને જીવન નિર્મળ તેમજ જ્યોતિર્મય બની જાય.

છાંદોગ્ય ઉપનિષદમાં પ્રસંગ આવે છે કે ઉપકોસલ નામે બ્રહ્મચારી સત્યકામ ઋષિના આશ્રમમાં રહીને બ્રહ્મચર્યનું પાલન કરતાં ગુરૂ તથા અગ્નિની સેવામાં રત હતો. બાર વરસ વીતવા છતાં પણ ગુરૂએ એને સદ્‌પદેશ ના આપ્યો ત્યારે ઋષિપત્નીએ ઋષિને જણાવ્યું કે ઉપકોસલે અગ્નિની સુચારુરૂપે સેવા તથા તપશ્ચર્યા કરી હોવાથી એને ઉપદેશ આપો. પરંતુ ઋષિ પત્નીની વાતને માનવાને બદલે બહાર ચાલી નીકળ્યા. એથી દુઃખી થઈને ઉપકોસલે ઉપવાસ કરવાનો સંકલ્પ કર્યો. એ જોઈને અગ્નિયોએ એની સેવાથી પ્રસન્ન બનીને એને જણાવ્યું કે પ્રાણ બ્રહ્મ છે, ક બ્રહ્મ છે, ખ બ્રહ્મ છે. ઉપકોસલે કહ્યું કે પ્રાણ બ્રહ્મ છે તે તો જાણું છું પરંતુ ક તથા ખ શું છે તે નથી જાણતો. અગ્નિયોએ જણાવ્યું કે જે ક છે તે ખ છે, ખ છે તે ક છે, તથા પ્રાણ પણ તે જ છે. એવી રીતે એમણે બ્રહ્મને ક એટલે સુખસ્વરૂપ, ખ એટલે વ્યોમની પેઠે સૂક્ષ્મ તથા સર્વવ્યાપક, અને પ્રાણરુપે સૌને ચેતન પ્રદાન કરનારા કે જીવન દેનારા કહ્યા. એ પછી ગાર્હપત્ય અગ્નિએ પ્રકટ બનીને જણાવ્યું કે સૂર્યમાં આ જે પુરૂષ દેખાય છે તે હું છું. એવી રીતે જાણીને ઉપાસના કરનારો ઉપાસક પાપમુક્ત બનીને ઉત્તમ લોકોને ને પૂર્ણ આયુને અથવા ઉજ્જવળ જીવનને મેળવે છે. એના વંશનો કદી નાશ નથી થતો.

એ પછી અન્વાહાર્યપચન નામના અગ્નિએ પ્રકટીને જણાવ્યું કે ચંદ્રમાં આ જે પુરૂષ દેખાય છે તે હું છું. એ રહસ્યને જાણીને ઉપાસના કરનારને ઉત્તમ લોકોની પ્રાપ્તિ થાય છે.

એ પછી આહવનીય અગ્નિએ કહ્યું કે વીજળીમાં જે આ પુરૂષ છે તે હું છું.

પછી બધા અગ્નિયો એકસાથે બોલ્યા કે અમે તને અગ્નિવિદ્યા અને આત્મવિદ્યા બંનેનો ઉપદેશ આપ્યો. ગુરૂ તને એનું રહસ્ય બતાવશે.

એટલામાં ગુરૂ સત્યકામ આવી પહોંચ્યા ને બોલ્યા કે ઉપકોસલ, તારૂં મુખમંડળ બ્રહ્મજ્ઞાનીની પેઠે ચમકે છે. તને કોઈએ ઉપદેશ આપ્યો લાગે છે.

ઉપકોસલે સઘળી કથા કહી બતાવી એટલે ગુરૂએ જણાવ્યું કે એમણે તને ઉત્તમ પ્રકારના લોકોની પ્રાપ્તિનો જ ઉપદેશ આપ્યો છે. હું તને જે ઉપદેશ આપું છું એને લીધે પદ્મના પત્રને પાણીનો સંસ્પર્શ નથી થતો તેમ પાપ નહિ સ્પર્શી શકે. આંખમાં આ પુરૂષ દેખાય છે એ આત્મા છે, અમૃત છે, અલય છે, બ્રહ્મ છે.'

**य एषोऽक्षिणि पुरूषो दृश्यन्त एव आत्मेति होवाचैतदमृतमभयमेतद् ब्रह्मेति ।**

જ્ઞાન અને ધ્યાનમાર્ગની અભિરુચિવાળા સાધકો ઉપનિષદના આ વર્ણનમાંથી એક અનોખી પ્રેરણાની પ્રાપ્તિ કરી શકે છે. એ પ્રેરણા આંખની અંદર પરબ્રહ્મ પરમાત્માનો પરમ પ્રકાશ પ્રકટેલો છે એવું સમજીને આંખમાં મનને કેન્દ્રિત કરીને ધ્યાનમાં લગાડવાની કે જોડવાની છે. મનને આંખમાં એકાગ્ર કરીને એવી રીતે ધ્યાન કરવાથી સંકલ્પ વિકલ્પો સહેલાઈથી શમી જશે ને સમાધિની અલૌકિક અનિર્વચનીય અવસ્થા સહજ બનશે. આપણે ત્યાં ભ્રૂમધ્યમાં અથવા આજ્ઞાચક્રમાં વૃત્તિને સ્થાપીને ધ્યાન કરવાની પરિપાટી પ્રચલિત છે. એની ભલામણ કરવામાં આવી છે. એવી રીતે આંખને બંધ કરીને એમા પ્રકાશયુક્ત સૂક્ષ્મ તથા પાવન

પ્રદેશમાં ધ્યાન કરવાની પદ્ધતિનો આધાર લેવામાં આવે તો એ આશીર્વાદરૂપ બની શકે એમ છે. સાધકો એનો આધાર લઈ શકે છે. એથી ધ્યાનની પરંપરાગત પદ્ધતિઓમાં એક અદ્ભુત પદ્ધતિનો ઉમેરો થશે.

**૧૪. स्थानादिव्यपदेशाच्च ।**

અર્થ

સ્થાનાદિવ્યપદેશાત્ = ઉપનિષદમાં અનેક ઠેકાણે બ્રહ્મને માટે સ્થાનાદિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે માટે.

ચ = પણ.

ભાવાર્થ

બૃહદારણ્યક ઉપનિષદમાં અને બીજે પરમાત્માને પૃથ્વી તથા હૃદય જેવાં સ્થળોમાં રહેલા કહ્યા છે. એવી રીતે એમને આંખમાં રહેલા કહેવામાં આવે તો કશું ખોટું નથી થતું. પરમાત્માની પેઠે આંખમાં દેખાનાર પુરૂષ પણ આંખના દોષોથી અલિપ્ત છે. આંખમાં જે વસ્તુ નાખવામાં આવે છે એ આંખમાં જ રહે છે ને દૃષ્ટા પુરૂષનો સ્પર્શ નથી કરતી તેમ પરમાત્મા સંસારથી અલિપ્ત રહે છે.

**૧૫. सुखविशिष्टाभिधानोदेव चा ।**

અર્થ

ચ = વળી.

સુખ વિશિષ્ટાભિધાનાત્ = નેતાન્તર્વર્તી પુરૂષને સુખસ્વરૂપ અથવા આનંદયુક્ત બતાવવામાં આવ્યા છે એથી.

એવ = પણ.

ભાવાર્થ

ઉપર્યુક્ત કથાનકમાં આંખમાં દેખનારા પુરૂષને અમૃત, અભય અને પરમાત્મા કહેવામાં આવ્યા છે. એમાં અભય અને અમૃતત્વ પરમસુખ, શાંતિ અથવા આનંદનાં સૂચક છે. વળી અગ્નિયાએ આપેલા ઉપદેશાનુકાર ક તેજ ખ અથવા સુખ એ જય આકાશ છે. એટલે કે પરમાત્મા આકાશની પેઠે અતિશય સૂક્ષ્મ, વ્યાપક અને આનંદમય છે. પરમાત્મા પરમસુખ સ્વરૂપ હોવાથી એમને ઓળખવામાં ના આવે ત્યાં સુધી કોઈને સંપૂર્ણ સુખ નથી મળી શકતું. માનવ જાણ્યે કે અજાણ્યે, સુખની પાછળ પડીને એમને મેળવવાની જ પ્રવૃત્તિ કરે છે. પરમાત્મા સુખ સ્વરૂપ હોવાથી આંખમાં રહેનાર ઉપનિષદમાં વર્ણવેલ પુરૂષ પરમાત્મા જ છે.

**૧૬. श्रुतौषनिषत्कगत्यभिधानाच्च ।**

અર્થ

શ્રુતૌષનિષત્કત્યભિધાનાત્ = ઉપનિષદના ગૂહ્યતિગૂઢ જ્ઞાનને સાંભળનારા બ્રહ્મજ્ઞાનીની જે ગતિ કહેવામાં આવી છે તેથી.

ચ = પણ.

<u>ભાવાર્થ</u>

નેત્રાન્તર્વર્તી પુરૂષને જાણી લેનાર પુનરાવૃત્તિ રહિત ગતિની પ્રાપ્તિ કરે છે અથવા બ્રહ્મલોકમાં બ્રહ્મને મેળવી લે છે. એવું જ વિધાન ઉપનિષદના ગુહ્યાતિગુહ્ય જ્ઞાનને મેળવીને પરમાત્માનો સાક્ષાત્કાર કરનારને માટે કરવામાં આવ્યું છે. એટલે એ સમાન ફળશ્રુતિના સંદર્ભમાં વિચારીએ તો પણ સહેલાઈથી સમજી શકાય છે કે નેત્રાન્તર્વર્તી પુરૂષ અને સર્વ વ્યાપક પરબ્રહ્મ પરમાત્મા બંને વાસ્તવિક રીતે એક જ છે. માટે જ એમના દર્શનથી એક સરખી પ્રાપ્તિ થાય છે.

**૧૭. अनवस्थितेरसंभवाच्च नेतरः ।**

<u>અર્થ</u>

અનવસ્થિતેઃ = બીજા કોઈની નેત્રમાં નિરંતર સ્થિતિ ના હોવાથી.

ચ= અને.

અસંભવાત્ = ઉપનિષદમાં વર્ણવેલા અમૃતત્વ જેવા ગુણધર્મોનો બીજા કોઈની અંદર સંભવ નહિ હોવાથી.

ઈતરઃ = પરમાત્માથી અતિરિક્ત બીજું કોઈ પણ

ન = નેત્રાન્તર્વર્તી પુરૂષ નથી.

<u>ભાવાર્થ</u>

આંખમાં તો કોઈક પદાર્થનું પ્રતિબિંબ પણ દેખાય છે, આંખના અધિષ્ઠાતા દેવતા પણ હોય છે, અને જીવાત્માનો પ્રકાશ પણ જણાય છે; તો ત્રણેમાંથી કોઈ એકને, બેને કે ત્રણેને આંખમાં રહેનાર પુરૂષ માનીએ તો કશી હરકત છે ? એવી શંકાના સમાધાન સારુ આ સૂત્ર દ્વારા જણાવવામાં આવે છે કે આંખમાં રહેનાર પુરૂષ પરમાત્મા જ છે અને ઉપર્યુક્ત ત્રણમાંથી બીજું કોઈ જ નથી. થોડોક વિચાર કરવાથી એ સ્પષ્ટ થાય છે. કોઈ પદાર્થનું પ્રતિબિંબ આંખમાં પડે છે ખરું, પરંતુ કામચલાઉ સમયને માટે પડે છે ને કાયમને માટે નથી રહેતું. આંખના દેવતાની સ્થિતિ પણ કાયમ માટે આંખમાં નથી રહેતી. આંખ કોઈક વિષયને ગ્રહણ કરે છે એટલો વખત એની ઉપસ્થિતિ આંખમાં માનવામાં આવે છે તે પછી નથી માનવામાં આવતી.

જીવાત્માના સંબંધમાં પણ એવું જ સમજી લેવાનું છે. એ મનની મદદથી એકવાર ઈન્દ્રિયના કોઈ એક વિષયને ગ્રહણ કરે છે તો બીજીવાર વળી બીજા જ વિષયને. એવી રીતે એની ઉપસ્થિતિ પણ આંખમાં અખંડ નથી રહેતી. એ ઉપરાંત અભય અને અમૃતત્વ જેવા શબ્દપ્રયોગો એ ત્રણેમાંથી કોઈને માટે નથી કરવામાં આવ્યા, કેવળ પરમાત્માને માટે જ કરવામાં આવ્યા છે. એમને માટે જ વેદમાં પુરૂષસૂક્તની રચના થઈ છે. તેમાં હજારો શીશવાળા તથા હજારો આંખ અને પગવાળા પુરૂષ તરીકે એમને જ વર્ણવવામાં આવ્યા છે. ભગવદ્ ગીતામાં પંદરમા અધ્યાયમાં પણ उत्तमः पुरूषः ઉત્તમ પુરૂષ અથવા પુરૂષોત્તમ કહીને એમના જ મહિમાનું જયગાન ગાવામાં આવ્યું છે. એ પુરૂષ અથવા પરમપુરૂષ શબ્દ પરમાત્માનો જ પર્યાય છે.

**૧૮. अंतर्याम्यधिदैवादिषु तद्धर्मव्यपदेशात् ।**

અર્થ

અધિદૈવાદિષુ = આધિદૈવિક અને આધ્યાત્મિક જેવા સઘળા પદાર્થોમાં.

અંતર્યામી = કહ્યા છે તે બ્રહ્મ જ છે.

તદ્ધર્મવ્યપદેશાત્ = ત્યાં એ બ્રહ્મના જ ગુણધર્મોનું વર્ણન કરેલું છે તેથી.

ભાવાર્થ

પરબ્રહ્મ પરમાત્માને ઉપનિષદમાં અંતર્યામી તરીકે વર્ણવ્યા છે. ત્યાં અંતર્યામી શબ્દપ્રયોગ પરમાત્મા સિવાય બીજા કોઈને માટે નથી કરવામાં આવ્યો. કારણ કે એ શબ્દની સાથે સંકળાયલા ભાવો અથવા વિશિષ્ટ ગુણધર્મો પરમાત્માને જ લાગુ પડે છે.

પરમાત્માને માટે કરવામાં આવેલો અંતર્યામી શબ્દપ્રયોગ બૃહદારણ્યક ઉપનિષદમાં ઉદ્દાલક ઋષિને મહામુનિ યાજ્ઞવલ્કયે જણાવ્યું છે કે સૂત્રાત્મા વાયુ છે અને અંતર્યામી જડચેતનાત્મક સમસ્ત ભૂતો, સઘળી ઈન્દ્રિયો અને સઘળા જીવોના નિયંતા છે. અંતર્યામી સબંધી અધિક સ્પષ્ટતા કરતાં એમણે કહ્યું છે કે ‘આ તમારો અંતર્યામી અમૃતમય આત્મા જોવામાં નથી આવતો તો પણ સૌને જોનારો છે, સાંભળવામાં ના આવનારો હોવા છતાં સઘળુ સાંભળનારો અને મનન કરવામાં ના આવતો હોવા છતાં સૌનું મનન કરનારો છે. એ વિશેષરૂપે કોઈના જાણવામાં નથી આવતો તો પણ સૌને સુચારૂરૂપે જાણે છે. એ તમારો આત્મા અંતર્યામી અમૃત છે. એના સિવાયનું બીજું બધું જ વિનાશશીલ છે ’

एष त आत्मान्तर्याम्यमृतोङद्दष्टो द्दष्टाङश्रुतः श्रोतामतो मन्ताविज्ञातो विज्ञाता नान्योङतोङस्ति द्दष्टा नान्योङतोङस्ति श्रोता नान्योङतोङस्ति मन्ता नान्योङतोङस्तिविज्ञातैष त आत्मान्तर्याम्यमृतोङतोङन्यर्दार्तम् ।

એ વર્ણન પરમાત્મા સિવાય બીજા કોઈને નથી લાગુ પડતું. જીવાત્માના ને જડચેતનાત્મક જગતના અંતર્યામી અવિનાશી આત્મારૂપે જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે બ્રહ્મ જ છે.

**१९. न च स्मार्तमतद् धर्माभिलापात् ।**

અર્થ

સ્માર્તમ્ = સાંખ્ય દ્વારા પ્રતિપાદિત પ્રધાન અથવા જડ પ્રકૃતિ.

ચ = પણ.

ન = અંતર્યામી નથી.

અતદ્ધર્માભિલાપાત્ = આ પ્રકરણમાં દર્શાવેલા દૃષ્ટાપણાના ને બીજા ધર્મ પ્રકૃતિના નથી માટે.

ભાવાર્થ

કોઈને એવું કહેવાનું મન થાય કે અંતર્યામી શબ્દનો પ્રયોગ પ્રકૃતિને માટે કરવામાં આવ્યો છે એવું માનીએ તો શી હરકત છે, તો એના સ્પષ્ટીકરણ માટે આ સૂત્ર દ્વારા જણાવવામાં આવે છે કે અંતર્યામી શબ્દ જડ પ્રકૃતિને માટે નથી વપરાયો. જો જડ પ્રકૃતિને માટે વપરાયો હોત તો એના લક્ષણો જુદાં જ હોત. અહીં

જે લક્ષણો જોવા મળે છે તે લક્ષણો પ્રકૃતિ સાથે સંબંધ નથી ધરાવતા પરંતુ પરમાત્મા સાથે જ સંબંધ ધરાવે છે. માટે અંતર્યામી શબ્દ પ્રયોગ પરમાત્માને માટે જ કરવામાં આવ્યો છે એવું માનવું બરાબર છે.

**૨૦. शारीरचश्चोभयेऽपि हि भेदेनैनमधीयते ।**

અર્થ

શરીર = શરીરમાં રહેનારો જીવાત્મા.

ચ = પણ.

ન = અંતર્યામી નથી.

હિ = કારણ કે.

ઉભયેડપિ = માધ્યંદિની તથા કાણ્વ, બંને શાખવાળા.

એનમ્ = આ જીવાત્માને.

ભેદેન = અંતર્યામીથી ભિન્ન માનીને.

અધીયતે = અભ્યાસ કરે છે.

ભાવાર્થ

જડ પ્રકૃતિ જો અંતર્યામી ના હોય તો જીવાત્મા તો ચેતન છે, એને અંતર્યામી ના કહી શકાય ? ના. કારણ કે વેદની માધ્યંદિની અને કાણ્વ બંને શાખાવાળા વિદ્વાનો અંતર્યામીને જીવાત્માની પણ અંદર રહીને એનું નિયમન કરનાર માને છે એ સંબંધી એમનામાં કોઈપણ પ્રકારનો મતભેદ નથી દેખાતો. જીવાત્મા જ જો અંતર્યામી હોત તો એને માટે 'જીવાત્માની અંદર રહીને એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં ના આવ્યો હોત. બૃહદારાણ્યક ઉપનિષદ જણાવે છે કે 'જે જીવાત્માની અંદર રહેનાર, જીવાત્મા છે, જેને જીવાત્મા નથી જાણતો, જીવાત્મા જેનું શરીર છે, અને જીવાત્માની અંદર રહીને જે જીવાત્માનું નિયમન કરે છે, તે તમારો આત્મા અંતર્યામી અમૃત છે.' એ વર્ણન પરથી જીવાત્મા અંતર્યામી નથી એની ખાતરી થાય છે.

**૨૧. अद्रश्यत्वादिगुणको धर्मोक्तेः ।**

અર્થ

અદ્રશ્યત્વાદિગુણક = અદ્દશ્યતાદિ ગુણવાળા પરમાત્મા જ છે.

ધર્મોકતેઃ = એ સ્થળે સર્વજ્ઞતા જેવા એમના જ ધર્મોનું વર્ણન છે તેથી.

ભાવાર્થ

ઉપનિષદમાં પરમાત્માને ઈન્દ્રિયોની સીમામાં કેદ નહિ થનારા વર્ણ તથા ગોત્રાદિથી રહિત, હાથપગ અને આંખકાન વગરના, નિત્ય, વ્યાપક, સર્વગત સૂક્ષ્મ તથા અવિનાશી કહેલા છે. એમને માટે સર્વજ્ઞ, જ્ઞાનરૂપી તપવાળા તથા નામરૂપથી ભરપુર સમસ્ત જગતના કારણ અથવા કર્તા જેવા શબ્દો પણ વાપરવામાં આવ્યા છે. મુંડક ઉપનિષદમાં એમને જાણી લેવાથી બીજું બધું જ જાણી શકાય છે એવું કહેવામાં આવ્યું છે. મુંડક ઉપનિષદના એ કથન પરથી સ્પષ્ટ થાય છે કે ઈન્દ્રિયોથી અગોચર અદ્દશ્યતાદિ ગુણધર્મ

પરમાત્માને જ લાગુ પડે છે. ત્યાં સર્વજ્ઞતા જેવા ગુણધર્મો પણ પરમાત્મા સાથે જ સંબંધ ધરાવે છે. બીજી ભાષામાં કહેવું હોય તો કહી શકાય કે જે સર્વજ્ઞ છે એ જ પરમાત્મા ઈન્દ્રિયોથી અસ્પર્શ્ય અથવા અગોચર છે.

**२२. विशेषणभेदव्यपदेशाभ्यां च नेतरौ ।**

અર્થ

વિશેષણભેદવ્યપદેશાભ્યામ્ = પરમાત્મા સંબંધી વિશેષણો વપરાયાં હોવાથી તથા જીવાત્મા તેમ જ પ્રકૃતિથી એમને અનોખા કહી બતાવ્યા છે. માટે.

ચ = પણ.

ઈતરો = બીજાં બંને, જીવાત્મા અને પ્રકૃતિ, અદૃશ્યતાદિ લક્ષણથી યુક્ત જગતના કારણરૂપ ના કહી શકાય.

ભાવાર્થ

જીવાત્મા તથા પ્રકૃતિ બંનેને સર્વજ્ઞ ના કહી શકાય અને અદૃશ્યતાદિ લક્ષણોથી યુક્ત પણ ના માની શકાય કારણ કે પ્રકૃતિ જડ છે ને જીવાત્મા અલ્પજ્ઞ. પરમાત્માને માટે વપરાયલા શબ્દો જીવાત્મા તથા પ્રકૃતિને લેશ પણ લાગુ ના પાડી શકાય. અલ્પ શક્તિવાળા જીવાત્માને તથા જડ પ્રકૃતિને જગતનું કારણ પણ ના માની શકાય. મુંડક ઉપનિષદમાં રજૂ કરવામાં આવેલા એક જ વૃક્ષની ડાળી પર બેઠેલાં બે પક્ષીઓના રસમય રૂપકમાં જીવાત્માના ને પરમાત્માના ભેદને સુસ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યો છે. એ રૂપક પ્રમાણે પરમાત્મા જીવાત્માથી તથા શરીરરૂપી વૃક્ષથી જુદા છે. એ જ ઉપનિષદોક્ત ગુણધર્મોથી યુક્ત જગતના એક માત્ર કારણ છે.

**२३. रूपोपन्यासाच्च ।**

અર્થ

રૂપોપન્યાસાત્ = ઉપનિષદમાં એમના જ વિરાટ વિશ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે એથી.

ચ = પણ.

ભાવાર્થ

પરમાત્માને સમસ્ત સંસારના મૂળભૂત એકમાત્ર કારણ કહેવા માટે અહીં એક બીજી વિચારધારા રજૂ કરવામાં આવે છે. ઉપનિષદ અને વેદાદિ ગ્રંથોમાં એમના વિરાટ વિશ્વરૂપનું વર્ણન કરીને એમને સૌના અંતર્યામી અને સારરૂપ અથવા સર્વાધાર કહી બતાવ્યા છે. ગીતાના અગિયારમા અધ્યાયમાં પણ એમના અદ્‌ભુત વિશ્વરૂપ દર્શનનો રસમય ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મુંડક ઉપનિષદમાં જણાવ્યું છે કે ‘અગ્નિ પરમાત્માનું મસ્તક છે, સૂર્ય તથા ચંદ્ર બંને નેત્ર છે, દિશાઓ કાન છે, વેદ પરમાત્માની વાણી છે, વાયુ એમનો પ્રાણ અને સમસ્ત વિશ્વ હૃદય છે. એમના પગમાંથી પૃથ્વી પેદા થઈ છે. સમસ્ત સૃષ્ટિના, જીવમાત્રના અંતરાત્મા એ જ છે.’

अग्निर्भूर्धा चक्षुषी च्चन्द्रसूर्यो दिशः श्रोत्रे वाग् विवृताश्च वेदाः ।<br>
वायुः प्राणो हृदयं विश्वमस्य पदभ्यां पृथिवी होष सर्वभूतान्तशत्मा ॥

એટલે ભૂતયોની શબ્દ પરમાત્માને માટે જ વાપરવામાં આવ્યો છે. પરમાત્મા જ સમસ્ત ભૂતોના એકમાત્ર કારણ છે.

**૨૪. वैश्वानरःसाधाररीशब्दविशेषात् ।**

અર્થ

વૈશ્વાનરઃ= વૈશ્વાનર નામથી પરમાત્માનું જ વર્ણન કરાયલું છે.

સાધારણ શબ્દ વિશેષાત્ = એ વર્ણનમાં વૈશ્વાનર અને આત્મા જેવા સાધારણ શબ્દો કરતાં વિશેષ શબ્દોનો ઉપયોગ કરાયો છે તેથી.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં વૈશ્વાનરના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે ત્યાં ધુલોકને એનું મસ્તક કહ્યું છે. વૈશ્વાનર શબ્દ આમ તો જઠરાગ્નિનો વાચક છે. તો એ વર્ણન જઠરાગ્નિના સંબંધમાં છે કે બીજા કોઈના સંબંધમાં એવી શક્ય શંકાના સમાધાન સારુ અહીં કહેવામાં આવે છે કે વૈશ્વાનર શબ્દ ત્યાં સામાન્ય જઠરાગ્નિના અર્થમાં નથી પ્રયોજાયો. પરંતુ પરમાત્માના અર્થમાં જ વપરાયો છે. જઠરાગ્નિ શબ્દ સ્થૂળ, સીમિત અથવા સાધારણ અર્થમાં વપરાયો હોત તો ધુલોકને એનું મસ્તક ના કહેવામાં આવત. ધુલોકને તો સર્વશક્તિમાન સર્વવ્યાપક પરમાત્માનું જ મસ્તક કહી શકાય.

છાંદોગ્ય ઉપનિષદમાં કથા આવે છે કે પ્રાચીનશાલ, સત્યયજ્ઞ, જન, બુડિલ તથા ઈન્દ્રધુમ્ન એ પાંચ ઋષિ ઉત્તમ ગૃહસ્થ તથા વેદજ્ઞ હતા. એ આત્મા તથા બ્રહ્મના સ્વરૂપસંબંધી માહિતી મેળવવા વૈશ્વાનર આત્માના જ્ઞાતા મહર્ષિ ઉદ્દાલક પાસે પહોંચ્યા. ઉદ્દાલક મુનિએ એમને જોઈને એમનો અભિપ્રાય જાણી લઈને વિચાર્યું કે મારાથી આમને સાચો ને સંપૂર્ણ ઉપદેશ નહિ આપી શકાય તેથી બીજા કોઈક ઉપદેશકનું નામ આપું. એમણે જણાવ્યું કે અત્યારે વૈશ્વાનર આત્માનું સમ્યક જ્ઞાન કેવળ રાજા અશ્વપતિ ધરાવે છે. આપણે એમની પાસે જઈએ એ વધારે ઉચિત મનાશે.

ઉદ્દાલક મુનિ એ સૌની સાથે રાજા અશ્વપતિ પાસે જઈ પહોંચ્યા.

રાજાએ સૌની ભાવનાને સમજી લઈને બીજે દિવસે સૌને વારાફરતી પ્રશ્નો પૂછ્યા. એમના પ્રશ્નના ઉત્તરમાં પ્રાચીનશાલે જણાવ્યુ કે હું સૂર્યને ઉપાસુ છું. ઈન્દ્રધુમ્ને કહ્યું કે હું વાયુની ઉપાસના કરું છું. જને તથા બુડિલે પોતે અનુક્રમે આકાશ અને જલને ઉપાસે છે એવું જણાવ્યું.

રાજાએ કહ્યું કે તમે વિશ્વાત્મા વૈશ્વાનરની ઉપાસના કરો છો તો ખરા પરંતુ એ ઉપાસના એના એકેક વિશિષ્ટ અંગની હોવાથી સર્વાંગીણ નથી. એ વિશ્વના આત્મા વૈશ્વાનરનું મસ્તક ધુલોક છે, સૂર્ય નેત્ર છે, વાયુ પ્રાણ છે, આકાશ શરીરનો મધ્યભાગ છે. જળ બસ્તિસ્થાન છે, પૃથ્વી ચરણ, વેદી વક્ષસ્થળ, દર્ભ લોમ, ગાર્હપત્ય અગ્નિ હૃદય, અન્વાહાર્યપચન અગ્નિ મન અને આહવનીય અગ્નિ મુખ છે.

પાંચે જિજ્ઞાસુઓને ને મુનિ ઉદ્દાલકને એ સ્પષ્ટીકરણથી સંતોષ થયો.

એ પ્રસંગ પરથી સ્પષ્ટ થાય છે કે રાજા અશ્વપતિએ સાધારણ વૈશ્વાનરની વાત નહોતી કરી પરંતુ સમસ્ત વિશ્વના આત્મા વૈશ્વાનરની ઉપાસનાની વાત કરેલી. અને વિશ્વના આત્મા તો પરમાત્મા વિના બીજા

કોણ હોઈ શકે ? વૈશ્વાનર કહો કે વિશ્વના આત્મા અથવા પરમાત્મા કહો, સર્વકાંઈ એક જ છે. શબ્દો જ જુદા છે, તત્વ કે સત્તા એક જ છે. નરસી ભગત કહે છે તેમ.

'ઘાટ ઘડ્યા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.'

**૨૫. स्मयमाणमनुमानं स्यादिति ।**

અર્થ

સ્મયમાણમ્ = સ્મૃતિનું વિરાટ સ્વરૂપનું વર્ણન.

અનુમાનમ્ = શ્રુતિવચનનું અનુમાન કરાવનારૂં ને વૈશ્વાનર પરમાત્મા છે એવી પ્રતીતિ કરાવનારૂં છે.

ઈતિ સ્યાત્ = એટલા માટે વૈશ્વાનર પરમાત્મા જ છે.

ભાવાર્થ

વૈશ્વાનર શબ્દપ્રયોગ સ્મૃતિગ્રંથમાં પણ જોવા મળે છે. એ શબ્દપ્રયોગ અને એને લગતા વર્ણન પરથી પરિપૂર્ણ પ્રતીતિ થાય છે કે એ વર્ણન ઉપનિષદને અનુસરીને ઉપનિષદના આધાર પર અને પરમાત્માને માટે જ કરવામાં આવ્યું છે. એટલે વૈશ્વાનર શબ્દ જઠરાગ્નિ કે જીવાત્માનો નહિ પરંતુ પરમાત્માનો જ વાચક છે.

મહાભારતના શાંતિપર્વમાં કહેવામાં આવ્યું છેઃ

**यस्याग्निरास्यं धौर्मूर्धा खं नामिश्चरणौ क्षिति ।**

**सूर्यश्चुः दिशः श्रोत्रं तस्मै लोकात्मने नमः ॥**

'જેમનું મુખ અગ્નિ, ધુલોક મસ્તક, આકાશ નાભિ, પૃથ્વી બંને ચરણ, સૂર્ય નેત્ર ને દિશાઓ કાન છે તે સમસ્ત બ્રહ્માંડના અંતરાત્મા પરબ્રહ્મ પરમાત્માને પ્રેમપૂર્વક પ્રણામ કરૂં છું.'

મહાભારતનું એ વર્ણન ઉપનિષદને અનુસરીને ના કરાયું હોય એવું પણ બની શકે. કેટલીકવાર એક જ વિષયનાં મળતાં વર્ણનો આકસ્મિક રીતે પણ થઈ જતાં હોય છે. તો પણ એ વર્ણનમાં અને ઉપનિષદના વિશ્વરૂપ વર્ણનમાં એકરૂપતા તો છે જ. બંનેનાં વર્ણનો પરમાત્માને જ ઉદ્દેશીને કરવામાં આવેલાં છે એ નોંધપાત્ર છે.

**૨૬. शब्दादिभ्योङन्तः प्रतिष्ठानाच्च नेति चेन्न तथा दृष्टयुपदेशाद संभवात्पुरूषमपि चैनमधीयते ।**

અર્થ

ચેત્ = જો.

શબ્દાદિભ્યઃ = શબ્દાદિ કારણથી અથવા બીજે ક્યાંય શબ્દ અગ્નિના અર્થમાં વિશેષ રૂપે વપરાયો છે અને આ મંત્રમાં ગાર્હપત્ય જેવા અગ્નિને વૈશ્વાનરનો અંગરૂપે કહેવામાં આવ્યા છે એથી.

ચ = અને.

અંતઃપ્રતિષ્ઠાનાત્ = ઉપનિષદમાં વૈશ્વાનરને શરીરની અંદર રહેલો કહ્યો છે એટલા માટે પણ.

ન = વૈશ્વાનર શબ્દ પરમાત્માને માટે નથી વપરાયો.

ઈતિ ન = તો એવી દલીલ બરાબર નથી.

તથા દ્રષ્ટયુપદેશાત્ = કારણ કે વૈશ્વાનરમાં બ્રહ્મદૃષ્ટિ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

અસંભવાત્ = જઠરાગ્નિનું વિરાટ સ્વરૂપનું વર્ણન શક્ય નથી એથી.

ચ = અને.

એનમ્ = આ વૈશ્વાનરને.

પુરૂષમ્ = પુરૂષ નામ આપીને.

અપિ = પણ

અધીયેત = અધ્યન કરાય છે.

ભાવાર્થ

શતપથ બ્રાહ્મણમાં વૈશ્વાનર અગ્નિને પુરૂષના આકારનો ને પુરૂષની અંદર રહેલો જાણવા માટે કહેવામાં આવ્યું છે. ત્યાં વૈશ્વાનર શબ્દ અગ્નિના ઉપનામ તરીકે વપરાયો છે, તથા ઉપનિષદમાં ગાર્હપત્ય જેવા ત્રણે અગ્નિને વૈશ્વાનરના અંગ તરીકે વર્ણવવામાં આવ્યા છે. ગીતાના પંદરમાં અધ્યાયમાં પણ 'અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ' કહીને વૈશ્વાનરને પ્રાણીઓના શરીરમાં રહેલો જઠરાગ્નિ કહ્યો છે. એના પરથી વૈશ્વાનર શબ્દ પરમાત્માવાચક નથી પરંતુ અગ્નિવાચક છે એવી દલીલ કરવામાં આવે તો તે બરાબર નથી. ગીતાના પંદરમા અધ્યાયમાં હું વૈશ્વાનર બનીને પ્રાણીઓના શરીરમાં રહેલો છું એવું જણાવીને વૈશ્વાનરને ભગવાન કૃષ્ણે સામાન્ય જઠરાગ્નિ કહેવાને બદલે પોતાના જ પ્રતીકરૂપે, પરમાત્મારૂપે, કહી બતાવ્યો છે. વૈશ્વાનરને પોતાનો પ્રતિનિધિ કહ્યો છે. શતપથ બ્રાહ્મણમાં પણ વૈશ્વાનરને પુરૂષના આકારનો ને પુરૂષની અંદર પ્રતિષ્ઠિત કહીને સૌની અંદર રહેલા પરમાત્મા પ્રત્યે જ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે. અહીં જેનો વિચાર ચાલે છે, તે ઉપનિષદ વચનમાં સમસ્ત બ્રહ્માંડને વૈશ્વાનરના શરીરરૂપે વર્ણવવામાં આવ્યું છે. વૈશ્વાનર જો સીમિત જઠરાગ્નિ જ હોત એનું એવું વિરાટ વર્ણન કદાપિ શક્ય ના બનત. એટલે વૈશ્વાનર શબ્દ પરમાત્માને માટે જ વપરાયો છે એવું માનવું વધારે ઉચિત લાગે છે.

**૨૭. अत एव न देवता भूं च ।**

અર્થ

અતઃ = એટલા માટે.

એવ = જ.

દેવતા = આકાશ, સૂર્ય જેવા લોકોના અધિષ્ઠાતા દેવગણ.

ચ = તેમજ.

ભૂતમ્ = આકાશાર્દિ ભુતસમુદાય પણ

ન = વૈશ્વાનર નથી.

ભાવાર્થ

એવી રીતે એ પ્રકરણમાં સૌ, સૂર્ય જેવા લોકોના અધિષ્ઠાતા દેવોની તથા આકાશ, વાયુ જેવા ભુતસમુદાયની પોતાના આત્માના રૂપમાં ઉપાસના કરવાનો પ્રસંગ આવ્યો છે. એ ભુતસમુદાય અથવા સૂર્ય જેવા લોકોના અધિષ્ઠાતા દેવતાને પણ વૈશ્વાનર ના કહી શકાય કારણ કે સમસ્ત બ્રહ્માંડ એમનું શરીર નથી જ. વૈશ્વાનર તો કેવળ પરમાત્મા છે.

**૨૮. साक्षादप्यविरोधं जैमिनिः ।**

<u>અર્થ</u>

સાક્ષાત્ = વૈશ્વાનર શબ્દને સાક્ષાત પરબ્રહ્મનો વાચક માનવામાં.

અપિ = પણ.

અવિરોધમ્ = કોઈ વિરોધ નથી.

જૈમિનિઃ = આચાર્ય જૈમિનિ એવો અભિપ્રાય આપે છે.

<u>ભાવાર્થ</u>

વૈશ્વાનર નામના જઠરાગ્નિમાં પરમાત્માની પ્રતીકોપાસનાનો સંદેહ આપવા માટે વૈશ્વાનર નામથી પરમાત્માનું વર્ણન કરાયું હશે એવી શક્ય વિચારધારાના સ્પષ્ટીકરણ માટે મહર્ષિ વ્યાસ આચાર્યપ્રવર જૈમિનિનો અભિપ્રાય ટાંકી બતાવે છે. એ એમની ગુણગ્રાહકતા, વિશાળતા અને મહાનતા બતાવે છે. એ કહે છે કે આચાર્યશ્રેષ્ઠ જૈમિનિ પણ વૈશ્વાનર શબ્દને પરમાત્માનો વાચક માનતા હોવાથી, વૈશ્વાનર શબ્દનું એ જ અર્થઘટન બરાબર છે.

**૨૯. अभिव्यक्तेरित्याश्मरथ्यः ।**

<u>અર્થ</u>

અભિવ્યકતેઃ = પરમાત્માનું પ્રાકટ્ય થાય છે માટે.

(અવરોધઃ) = વિરોધ નથી.

ઈતિ = એવું,

આશ્મરથ્યઃ = આચાર્ય આશ્મરથ્ય માને છે.

<u>ભાવાર્થ</u>

વૈશ્વાનરને પરમાત્માનો વાચક માનીએ એમાં કશું ખોટું તો નથી, પરંતુ એથી એક પ્રશ્ન પેદા થાય છે. તે એ કે પરમાત્મા તો નિરાકાર અથવા અવ્યક્ત છે. એમને સાકાર, વ્યક્ત કે કોઈ દેશવિશેષના સંબંધવાળા બતાવવાનું બરાબર છે ? આ સૂત્ર દ્વારા એ શંકાનું સમાધાન કરતાં આચાર્ય આશ્મરથ્યને યાદ કરીને કહેવામાં આવે છે કે પરમાત્મા નિર્ગુણ, નિરાકાર અથવા અવ્યક્ત હોવા છતાં આવશ્યકતાનુસાર, ભક્તો અથવા આરાધકો પર અનુગ્રહ કરવા માટે સગુણ, સાકાર થઈ શકે છે એવું એ અનુભવી આચાર્યનું માનવું છે. પરમાત્માના અવતારોની કથા પ્રસિદ્ધ જ છે, ગીતામાં પણ ભગવાન એવી રીતે સમય સમય પર પોતાની શક્તિથી પ્રકટ થાય છે એવું માને છે. એથી એમના મુળ સ્વરૂપને કશો વાંધો નથી આવતો.

**३०. अनुस्मृतेर्बादरिः ।**

અર્થ

અનુસ્મૃતે = પરમાત્માનું વિશાળ રીતે સ્મરણ કરવા એમનો દેશવિશેષ સાથે સંબંધ દર્શાવવામાં.

(અવરોધ) = કોઈ વિરોધ નથી દેખાતો.

ઈતિ= એવું.

બાદરિઃ = આચાર્ય બાદરિ માને છે.

ભાવાર્થ

પરમાત્મા દેશ કાલાતીત હોવા છતાં ભક્તો એમનું સરળતાથી સ્મરણ, મનન ને નિદિધ્યાસન કરવા અને એમના પૂજન અને સંકીર્તનનો આધાર લેવા એમને કોઈક દેશ વિશેષ, નામ વિશેષ કે રૂપ વિશેષ સાથે સંકળાયલા માને છે. એથી એ ભક્તોને મદદ મળે છે. ભક્તોની ભાવનાને અનુલક્ષીને એ એમની ઉપર અનુગ્રહ કરવા પ્રકટે છે. આચાર્ય બાદરિનો એવો આવકારદાયક અભિપ્રાય છે.

**३१. संपत्तेरिति जैमिनिस्तथा हि दर्शयिति ।**

અર્થ

સંપત્તેઃ = પરમાત્મા અનંત ઐશ્વર્ય શક્તિથી સંપન્ન હોવાથી.

ઈતિ = એવું.

જૈમિનિ = જૈમિનિ માને છે.

હિ = કારણ કે.

તથા = એવો જ અભિપ્રાય.

દર્શયતિ = બીજી શ્રુતિ પણ પ્રકટ કરે છે.

ભાવાર્થ

પરમાત્માની શક્તિ, યોગ્યતા અને એમનું ઐશ્વર્ય તથા સંકલ્પબળ અસીમ છે. એ સગુણ બને ને દેશ કાલાતીત હોવા છતાં દેશ કાળની મર્યાદાવાળા દેખાય તો કશી હાનિ નથી. એમની અંદર એવું સંભવી શકે છે. આચાર્ય જૈમિનિનું મંતવ્ય છે. **रूपं रूपं प्रतिरूपो वभूव** । 'એક હોવા છતાં પરમાત્મા અનેક રૂપવાળા થયા.' એવું જણાવીને મુંડક ઉપનિષદ પણ ભાવની પુષ્ટિ કરે છે.

**३२. आमनन्ति चैनमस्मित् ।**

અર્થ

અસ્મિન્ = આ વિષયમાં, આ સદ્ગ્રંથમાં.

એનમ્ = આ પરમાત્માને.

(એવમ્) = એવા.

ચ= જ.

આમન્તિ = પ્રતિપાદન કરાય છે.

<u>ભાવાર્થ</u>

જુદા જુદા આદરણીય આચાર્યોના અને ઉપનિષદના અભિપ્રાયો તો અપાયા, પરંતુ આપનો અભિપ્રાય કેવો છે એવું પૂછવામાં આવે તો મહર્ષિ વ્યાસ એ સંબંધમાં જણાવે છે કે તમે સમજી શક્યા નહિ ? મારો અભિપ્રાય શાસ્ત્રને અનુકૂળ જ છે. જ્ઞાની પુરૂષો શાસ્ત્રના અને અનુભૂતિના આધાર પર પરમાત્માનું એવું જ પ્રતિપાદન કરે છે અને મને તે માન્ય છે. મુખ્ય વસ્તુ પરમાત્માનું શરણ લેવાની, પરમાત્મામય જીવન કરવાની ને પરમાત્માને ઓળખવાની છે. જીવનનું સાચું શ્રેય એમાં જ સમાયલું છે.

**॥ અધ્યાય ૧ - પાદ ૨ સંપૂર્ણ ॥**

## અધ્યાય ૧ - પાદ ૩

| | |
|---|---|
| ૧ થી ૭ | દ્યુલોક તથા પૃથ્વી આદિના આધાર પરમાત્મા છે એનું પ્રતિપાદન. |
| ૮ થી ૯ | બ્રહ્મ જ ભૂમા છે. |
| ૧૦ થી ૧૨ | પરમાત્મા જ અક્ષર. |
| ૧૩ | ૐના ધ્યેય પરમાત્મા જ છે. |
| ૧૪ થી ૨૩ | દહરાકાશ પરમાત્મા જ છે. |
| ૨૪ થી ૨૫ | અંગુષ્ઠમાત્ર પુરુષ વિષે. |
| ૨૬ થી ૩૦ | બ્રહ્મવિદ્યામાં દેવોનો અધિકાર. |
| ૩૧ થી ૩૩ | આચાર્ય જૈમિનીનો અભિપ્રાય. |
| ૩૪ થી ૩૮ | વેદવિદ્યામાં શુદ્રનો અનધિકાર. |
| ૩૯ | અંગુષ્ઠમાત્ર પુરુષ પરમાત્મા છે. |
| ૪૦ થી ૪૩ | જ્યોતિ અને આકાશ પરમાત્માવાચક છે. |

## અધ્યાય ૧ - પાદ ૩

**१. द्युभ्वाद्यायतनं स्वशब्दात् ।**

<u>અર્થ</u>

દ્યૂભ્વાદ્યાયતનમ્ = જેમને સ્વર્ગ તથા પૃથ્વીના અને બીજા બધાના આધાર કહ્યા છે તે પરમાત્મા જ છે.

સ્વશબ્દાત્ = કારણ કે ત્યાં પરમાત્માના પ્રતિનિધિ જેવા આત્મા શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

<u>ભાવાર્થ</u>

સ્વર્ગ, પૃથ્વી આદિ સમસ્ત બ્રહ્માંડના એકમાત્ર આધાર પરબ્રહ્મ પરમાત્મા જ છે, બીજું કોઈ જ નથી, એનું સમર્થન કરવા માટે આ સૂત્રની રચના કરવામાં આવી છે. પરમાત્મા સર્વશક્તિમાન અથવા સર્વેશ્વર હોવાથી બ્રહ્માંડના એકમાત્ર આધાર એ જ હોઈ શકે. એમના સિવાય બીજા કોઈ આધારની કલ્પના પણ ના કરી શકાય. એમની અંદરથી જ ચરાચરનો આવિર્ભાવ થાય છે અને એમને લીધે જ સઘળું ટકે છે તથા પોષણ પામે છે. એ સૌના જીવન અને જીવનાધાર હોવાથી એમની દ્વારા જ સૌને જીવન મળે છે. મુંડક ઉપનિષદમાં કહ્યું છે કે 'જેની અંદર સ્વર્ગ, પૃથ્વી, એમની વચ્ચેનું આકાશ અને પ્રાણની સાથે મન ઓતપ્રોત બનેલું છે એ જ એક સૌના આત્મા જેવા પરમાત્માને જાણી લો, બીજી બધી વાતોને છોડી દો. એ જ અમૃતના સેતુ છે. એમનો આશ્રય લેવાથી જ અમૃતમય બની શકાય છે.'

यस्मिन्द्यौः मनः पृथिवी चान्तरिक्ष मोतं मनः सह प्राणैश्च सर्वेः ।
तमेवैकं जानथ आत्मानुमन्या वाचो विंमुचथामृतस्यैष सेतुः ॥

એ મંત્ર સૌના આધાર અથવા આત્મા તરીકે જેમનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે પરબ્રહ્મ પરમાત્મા જ છે. જીવાત્મા, પ્રકૃતિ અથવા અન્ય બીજું કશું પણ નથી. મંત્રના અર્થને સમજ્યા પછી એ સંબંધી કશી શંકા ના રહેવી જોઈએ.

**२. मुक्तोषसृप्यव्यपदेशात् ।**

<u>અર્થ</u>

મુક્તોપસૃપ્યવ્યપ્રદેશાત્ = એ પરમાત્મા મુક્ત પુરૂષોના પરમપ્રાપ્તવ્ય છે એવું કહેવામાં આવ્યું છે માટે.

<u>ભાવાર્થ</u>

ઉપનિષદમાં પરમાત્માને સમસ્ત જગતના અથવા ચરાચરના આધાર કહેવામાં આવ્યા છે એ તો સાચું પરંતુ સાથે સાથે મુક્ત પુરૂષોના ને સૌના પરમપ્રાપ્તવ્ય તરીકે પણ દર્શાવવામાં આવ્યા છે. તપ, વ્રત તથા સાધના દ્વારા જીવનમાં જીવાત્માની કે પ્રકૃતિની પ્રાપ્તિ કરવાની કામના કોઈ જ ના રાખી શકે. એવી કામના કલ્યાણકારક ના કહેવાય. સઘળા સાધકો સ્વાભાવિક રીતે જ જીવાત્માની કે પ્રકૃતિની નહિ પરંતુ પરમાત્માની પ્રાપ્તિ કરવાની ઈચ્છા રાખે છે અને એ ઉચ્ચતમ આદર્શની પરિપૂર્તિ અથવા સંસિદ્ધિ સારું જ સાધના કરે છે. ઉપનિષદમાં એ જ સંદર્ભમાં જણાવ્યું છે કે.

सयोहवैतत्परं, ब्रह्मेव  भवति ।

'જે પરમાત્મપરાયણ બને છે, તે પરમાત્માને જાણી લે છે, ને પરમાત્મા જ બની જાય છે, અથવા એમની સાથે અભેદ અનુભવે છે'

तपश्रद्धे हो ह्युपवसन्त्धरण्ये शान्ता विद्वांसो मैक्षच्चर्धां चरन्तः।

सूर्यद्वारेण ते विरजाः प्रयान्ति यत्रामृतः स पुरूषो ह्यव्यधात्मा ॥

'જે શાંત વિદ્વાન ભિક્ષાવૃત્તિનું સેવન કરતાં અરણ્યમાં અપરિગ્રહપૂર્વક તપ તથા શ્રદ્ધાપૂર્વક વાસ કરે છે તે પરમ અમૃતમય પાપરહિત બનીને, સૂર્યદ્વારથી જ્યાં એ અમૃતમય અવિનાશી પરમાત્મા છે ત્યાં પહોંચી જાય છે.'

तरमै स विद्वान् उपसन्नाम सम्यक् प्रशांतचित्ताम शमान्विताय ।

येनाक्षरं पुरूषं वेद सत्यं प्रोवाच तां तत्वतो ब्रह्मविद्याम् ॥

'એ પ્રમાણે વિધિપૂર્વક આવેલા એ શાંતચિત્ત, શમદમાદિ સદ્‌ગુણોથી સંપન્ન શિષ્યને એ વિદ્વાન સદ્ ગુરૂ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપે જે દ્વારા અવિનાશી પરમ સત્યસ્વરૂપ પરમાત્માના સાક્ષાત્કારમાં મદદ મળે.'

મુંડક ઉપનિષદના એ શ્લોકોનો સૂચિતાર્થ સ્પષ્ટ છે. એમાં પરમાત્માને જ પરમ પ્રાપ્તવ્ય માનવામાં આવ્યા છે.

**३. नानुमानमतच्छब्दात् ।**

<u>અર્થ</u>

અનુમાનમ્ = અનુમાન દ્વારા કલ્પિત પ્રધાન.

ન = દ્યુલોક અને પૃથ્વી વિગેરેનો આધાર ના હોઈ શકે.

અતચ્છબ્દાત્ = એનું પ્રતિપ્રાદન કરનારો કોઈ શબ્દ નથી એટલા માટે.

<u>ભાવાર્થ</u>

પૃથ્વી જેવા સઘળા પદાર્થો પ્રધાન અથવા જડ પ્રકૃતિના કાર્યરૂપ છે. તો પછી જડ પ્રકૃતિ અથવા પ્રધાનને જ આ બ્રહ્માંડના આધાર તરીકે માની લઈએ તો કશી હરકત છે ? એના પ્રત્યુત્તરરૂપે કહેવામાં આવે છે કે મુંડક ઉપનિષદના ઉપર્યુક્ત પ્રકરણમાં કોઈ પણ શબ્દ એવો નથી જેને લીધે સ્વર્ગ તથા પૃથ્વી વિગેરે પ્રકૃતિના આધારે ટકી રહ્યું છે એવું કહી શકાય. એટલે એવી નિરર્થક દલીલ કરવાનો કશો અર્થ નથી. ઉપનિષદના વર્ણન પરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે પ્રકૃતિ નહિ પરંતુ પરમાત્મા જ સમસ્ત જગતના આધારરૂપ છે.

**४. प्राणभृश्च ।**

<u>અર્થ</u>

પ્રાણભૂત = પ્રાણધારી જીવાત્મા,

ચ = પણ.

<u>ભાવાર્થ</u>

પ્રકૃતિના સંબંધમાં જેવી રીતે દલીલ કરવામાં આવી એવી રીતે કોઈ જીવાત્માના સંબંધમાં પણ દલીલ કરે, તો તેવી દલીલના જવાબરૂપે અહીં સ્પષ્ટતા કરવામાં આવે છે કે પ્રકૃતિ જગતના આધારરૂપ નથી તેવી રીતે જીવાત્માને પણ જગતના આધાર તરીકે ના માની શકાય. કારણ કે એ પ્રકરણમાં જીવાત્માને માટે કોઈ શબ્દનો પ્રયોગ પણ નથી થયો. ત્યાં વપરાયલો આત્મા શબ્દ જીવાત્માને માટે નથી વપરાયો પરંતુ પરમાત્માને માટે જ વપરાયો છે. આનંદરૂપ અને અમૃત સરખા શબ્દપ્રયોગો જીવાત્માને માટે નથી કરવામાં આવ્યા પરંતુ વિશ્વાધાર પરમાત્માને માટે જ કરવામાં આવ્યો છે.

**૫. भेदव्मपदेशात् ।**

<u>અર્થ</u>

ભેદવ્યપદેશાત્ = આત્માને પરમાત્માથી જુદો કહી બતાવ્યો છે તેથી.

<u>ભાવાર્થ</u>

મુંડક ઉપનિષદમાં જણાવ્યું છે કે એ આત્માને જાણો. એની ઉપરથી સહેજે અનુમાન થાય છે કે આત્મા કરતાં એનો જાણનાર જુદો હોવો જોઈએ. આત્માને જીવોની હૃદય ગુફામાં રહેલો જણાવ્યો છે એથી પણ એ અલગ છે એવું સાબિત થાય છે. એ પરમાત્મા જ સૌના આધાર છે.

**૬. प्रकरणात् ।**

<u>અર્થ</u>

અહીં જે પ્રકરણ છે તે પરમાત્માનું જ છે એટલા માટે.

<u>ભાવાર્થ</u>

મુંડક ઉપનિષદનાં જે પ્રકરણ છે તે પરમાત્માનું જ છે. તેમાં સર્વાધાર સર્વશક્તિમાન વિગેરે વિશિષ્ટ શબ્દો દ્વારા પરમાત્માનો જ મહિમા ગાવામાં આવ્યો છે. જીવાત્માના અથવા પ્રકૃતિના મહિમાનો ત્યાં કોઈ અવકાશ જ નથી. એ આખાય પ્રકરણમાં પરમાત્માને જ સર્વશ્રેષ્ઠ કહીને શબ્દોની સમુચિત અંજલિ આપવામાં આવી છે. એટલે જગતના એકમાત્ર આધાર તરીકે પણ એમનો જ ઉલ્લેખ કરાયો છે; બીજા કોઈનો નથી કરાયો.

**૭. स्थित्यदनाभ्यां च ।**

<u>અર્થ</u>

સ્થિત્યદનાભ્યામ્ = શરીરમાં એકની સાક્ષી રૂપે સ્થિતિ કહી છે ને બીજા દ્વારા સુખદુઃખ રૂપી ફળોનો ઉપભોગ કહી બતાવવામાં આવ્યો છે એથી.

ચ = પણ.

<u>ભાવાર્થ</u>

મુંડક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'એક સાથે રહેનારાં, પરસ્પર પ્રેમભાવવાળા, જોડા જેવાં જીવાત્મા તથા પરમાત્મારૂપી બે પક્ષી એક જ શરીરરૂપી વૃક્ષનો આશ્રય લઈને વાસ કરે છે. એમનામાંથી એક જીવાત્મા

રૂપી પક્ષી એ વૃક્ષના કર્મફળનો અથવા સુખદુઃખનો ઉપભોગ કરે છે, અને બીજું પરમાત્મા રૂપી પક્ષી અનશનવ્રત ધાર્યું હોય એમ કેવળ જોયા કરે છે.

'એક જ વૃક્ષ પર વિરાજેલો જીવાત્મા વિષય રસમાં ડૂબીને સંમોહિત બનીને શોક કરે છે, એ જ્યારે સર્વશ્રેષ્ઠ પરમાત્માનું દર્શન કરે છે અને એમના મહિમાને જાણી લે છે ત્યારે શોકરહિત બની જાય છે.'

द्वा सुपर्णा सयुजा सरवाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्मननश्नन्नन्यो अभिचाकशीति ॥
सगाने वृक्षे पुरूषो निमग्नो अनीशया शोचति मुह्यमानः ।
जुष्ट यदा पश्यत्यनन्यमीशमस्य महिमानमिति वीतशोकः ॥

એ શ્લોકમાં જીવાત્માનો ને પરમાત્માનો ભેદ સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યો છે. જીવાત્મા કર્મફળનો ભોક્તા, વિષયાસક્ત, સંમોહિત તથા શોકમગ્ન છે ને પરમાત્મા સાક્ષી. એવી રીતે પરમાત્મા જીવાત્માથી શ્રેષ્ઠ છે અને જગતનો આધાર પણ એ જ છે.

**૮. भूमा सम्प्रसादादध्युपदेशात् ।**

અર્થ

ભૂમા = ભૂમા બ્રહ્મ જ છે.

સમ્પ્રસાદાત્ = કેમ કે એને પ્રાણ શબ્દ વાચ્ય જીવાત્માથી પણ.

અધિ = ઉપર.

ઉપદેશાત્ = બતાવેલ છે માટે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદના સાતમા અધ્યાયમાં દેવર્ષિ નારદે સનત્કુમારને આત્માના સ્વરૂપ વિશે જે પૂછ્યું છે એના ઉત્તરમાં સનત્કુમારે નામ, વાણી, મન, સંકલ્પ, ચિત્ત, ધ્યાન, વિજ્ઞાન, બળ, અન્ન, જળ, તેજ, આકાશ, સ્મરણ અને આશાને ઉત્તરોત્તર ઉત્તમ બનાવીને એ સૌ કરતાં પ્રાણને શ્રેષ્ઠ કહ્યો ને એની જ ઉપાસના કરવા જણાવ્યું છે. એ માહિતી પ્રમાણે પ્રાણ સૌથી શ્રેષ્ઠ હોય અને ભૂમા અથવા આત્મા નામથી એનો જ ઉપદેશ આપવામાં આવતો હોય તો એ પ્રકરણમાં પ્રાણ શબ્દ વાચ્ય જીવાત્માને જ સૌનો આધાર માનવો જોઈએ એવી દલીલના ઉત્તર રૂપે આ સૂત્ર રચાયું છે. છાંદોગ્ય ઉપનિષદમાં પ્રાણને સૌથી શ્રેષ્ઠ બતાવતાં કહેવામાં આવ્યું છે કે 'આરા રથના પૈડાં નાભિના આધારે રહે છે તેમ સમસ્ત જગત પ્રાણના આધારે રહેલું છે. પ્રાણ જ પ્રાણ દ્વારા ગમન કરે છે. પ્રાણ જ પ્રાણને આપે છે, પ્રાણને માટે આપે છે. પ્રાણ પિતા, માતા, ભ્રાતા, ભગિની, આચાર્ય અને પ્રાણ જ બ્રાહ્મણ છે."

એના પરથી સમજાય છે કે ત્યાં પ્રાણ શબ્દ દ્વારા જીવાત્માનું જ વર્ણન કરાયલું છે. એ પ્રાણ શબ્દવાચ્ય જીવાત્માના સંબંધમાં આગળ પર એવું પણ કહેવામાં આવ્યું છે કે 'આ સર્વ કાંઈ પ્રાણ જ છે, એ પ્રકારે ચિંતન કરનાર, જોનાર અને જાણનાર અતિવાદી થાય છે. એ કથન પરથી જીવાત્માને સૌથી શ્રેષ્ઠ કહ્યો છે એવું લાગે છે પરંતુ ભગવાન સનત્કુમારે દેવર્ષિ નારદને એ પ્રકરણમાં એથી પણ આગળનો ઉપદેશ

આપીને જણાવ્યું છે કે વિજ્ઞાન, મનન, શ્રદ્ધા, નિષ્ઠા તથા ક્રિયા સત્યના સાક્ષાત્કારનાં સાધન છે અને ભૂમા અથવા સૌથી શ્રેષ્ઠ પરમાત્મા જ પરમ સુખરૂપ છે. એવી રીતે પ્રાણ શબ્દ વાચ્ય જીવાત્મા કરતાં ભૂમાની શ્રેષ્ઠતા બતાવવામાં આવી છે. ભૂમા શબ્દ ત્યાં જીવાત્માનો કે પ્રકૃતિનો વાચક નથી પરંતુ સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્માનો જ વાચક છે.

**૯. धर्मोपपत्तेश्च ।**

અર્થ

ધર્મોપપત્તેઃ = એ પ્રકરણમાં ભૂમાના જે ધર્મો બતાવવામાં આવ્યા છે તે ધર્મો પરમાત્માને જ લાગુ પડી શકે છે માટે.

ચ = પણ.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદના એ પ્રકરણમાં ભૂમાના સંબંધમાં કરવામાં આવેલું વર્ણન પરમાત્માને જ લાગુ પડે છે. ત્યાં ભૂમાની ઓળખાણ આપતાં કહ્યું છે કે 'જેને પામીને અન્ય કોઈને પામવાનું, જોવાનું નથી રહેતું, બીજાને સાંભળવાનું કે જાણવાનું નથી રહેતું તે ભૂમા છે. જેને મેળવીને બીજાને જોવાનું, સુણવાનું, જાણવાનું શેષ રહે છે તે અલ્પ છે. જે ભૂમા છે તે અમૃત છે અને નાશવંત છે તે અલ્પ છે. '

यत्र नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद् विजानाति स भूमाय यत्रान्यत्
पश्यत्यन्यच्छृणोत्यन्यद् विजानाति तदल्पं, यो वै भूमा तदमृतमथ यदल्पं तन्मर्त्यम् ।

નારદજીએ પૂછ્યું, ભગવન્, એ ભૂમા શેની અંદર પ્રતિષ્ઠિત છે ?

સનત્કુમારે જણાવ્યું કે પોતાના મહિમામાં. મહિમાના નામથી સુપ્રસિદ્ધ ધન, સંપત્તિ, સુખોપભોગની સામગ્રીમાં એ ભૂમા પ્રતિષ્ઠિત નથી. એ જ ઉપર, નીચે, આગળપાછળ, જમણી તરફ તથા ડાબી બાજુએ છે, અને એ જ સર્વકાંઈ છે

એ પછી એ ભૂમાને જ આત્મા તરીકે ઓળખાવીને કહ્યું છે કે 'એ આત્મા જ નીચે, ઉપર, આગળ, પાછળ, જમણી તથા ડાબી બાજુએ છે, અને એ જ સર્વકાંઈ છે. જે એવી રીતે જોનારો, માનનારો તથા જાણનારો છે તે આત્મામાં જ ક્રીડા કરનારો, આત્મામાં જ રતિવાળો આત્મનિષ્ઠ અને આત્મામાં જ આનંદ માણનારો છે.'

ભૂમાના એ બધાં લક્ષણો પરબ્રહ્મ પરમાત્માને જ લાગુ પડતાં હોવાથી ભૂમા શબ્દ પરમાત્માને જ માટે વપરાયો છે.'

'બૃહદારણ્યક ઉપનિષદમાં પણ, यद्वैभूमा तत्सुखं, नाल्पे सुखमस्ति । 'જે ભૂમા છે તે જ સુખસ્વરૂપ છે, અલ્પમાં સુખ નથી.' એવું કહીને પરમાત્મા જ સુખસ્વરૂપ છે, અલ્પમાં સુખ નથી.' એવું કહીને પરમાત્મા જ સુખસ્વરૂપ છે એવો સંકેત કરવામાં અથવા સંદેશ આપવામાં આવ્યો છે.

છાંદોગ્ય ઉપનિષદના ભગવાન સનત્કુમારે કરેલા આત્માના વર્ણન સાથે મુંડક ઉપનિષદના પરમાત્માના વર્ણનને સરખાવવાથી ભૂમા, આત્મા અને પરમાત્મા એક જ છે, એ ત્રણેમાં કશો જ તફાવત નથી, એવી પ્રતીતિ થાય છેઃ

**ब्रह्मैवेदममृतं पुरस्ताद् ब्रह्म पश्चाद् ब्रह्म दक्षिणतश्चोत्तरेण ।**

**अधश्चोर्ध्वं प्रसृतं ब्रह्मैवेदं विश्वमिद्दं वरिष्ठम् ॥**

'આ અમૃતમય અવિનાશી બ્રહ્મ જ આગળ, પાછળ, દક્ષિણ તથા ઉત્તરમાં, ઉપર અને નીચે, આજુબાજુ સર્વત્ર વ્યાપક છે, એ બ્રહ્મ જ આ વિશ્વ છે અને સૌથી શ્રેષ્ઠ છે,'

એ બંને પ્રકારના વર્ણનમાં કેટલી બધી આશ્ચર્યકારક એકવાક્યતા રહેલી છે !

**१०. अक्षरमम्बरान्तधृतेः ।**

અર્થ

અક્ષરમ્ = અક્ષર શબ્દ પરમાત્માનો જ વાચક છે.

અમ્બરાન્તધૃતેઃ = એને આકાશપર્યંત સમસ્ત જગતને ધારણ કરનારો કહ્યો છે માટે.

ભાવાર્થ

બૃહદારણ્યક ઉપનિષદમાં જે 'અક્ષર'નાં લક્ષણો કહેવામાં આવ્યા છે તે વિચારવા જેવાં છે. એ ઉપનિષદમાં ગાર્ગીએ યાજ્ઞવલ્કયને પૂછ્યું છે કે 'જે ધુલોકથી પણ ઉપર, પૃથ્વીથી પણ નીચે અને બંનેની વચ્ચે છે, તથા આ પૃથ્વી તથા ધુલોક છે તે બધું, તથા જે ભૂત, ભાવિ ને વર્તમાન કહેવાય છે તે કાળ કોનામાં પ્રતિષ્ઠિત છે ?'

મહર્ષિ યાજ્ઞવલ્કયે ઉત્તર આપ્યો છે કે 'એ બધું આકાશમાં ઓતપ્રોત છે. '

'આકાશ શેની અંદર ઓતપ્રોત છે ?' ગાર્ગી પૂછે છે.

યાજ્ઞવલ્કય કહે છે, 'ગાર્ગી ! બ્રહ્મવેત્તાઓ એ તત્વને અક્ષરના નામથી ઓળખે છે. તે સ્થૂળ નથી, સૂક્ષ્મ નથી, મોટું નથી, લાલ નથી કે પીળું નથી,'

ત્યાં 'અક્ષર' સમસ્ત જગતને ધારણ કરે છે એવું કહેવામાં આવ્યું છે. સમસ્ત જગતને ધારણ કરનાર પરમાત્મા વિના બીજું કોઈપણ ના હોઈ શકે. માટે જે અક્ષર છે એ જ પરમાત્મા છે એવું સાબિત થાય છે 'અક્ષર'નાં સઘળાં લક્ષણો પરમાત્માને જ લાગુ પડતાં હોવાથી ત્યાં 'અક્ષર' શબ્દ બીજા કોઈનો નહિ પરંતુ પરમાત્માનો જ વાચક છે.

**११. सा च प्रशासनात् ।**

અર્થ

ચ = અને.

સા = આકાશપર્યંત સમસ્ત જડ ચેતનાત્મક જગતને ધારણ કરવાની ક્રિયા (પરમાત્માની જ છે.)

પ્રશાસનાત્ = એ અક્ષર સૌની ઉપર શાસન કરે છે એવું કહ્યું છે માટે.

ભાવાર્થ

'અક્ષર'નું ઉપનિષદમાં વર્ણન કરવામાં આવ્યું છે ત્યાં એ સૌના પર શાસન કરે છે એવું પણ જણાવ્યું છે. એવી રીતે સૌને ધારણ કરીને સૌની ઉપર શાસન કરવાનું કાર્ય કેવળ સર્વશક્તિમાન પરમાત્મા જ કરી શકે, જડ પ્રકૃતિ કદાપિ ના કરી શકે. એટલે સૌને ધારણ કરનાર પ્રકૃતિ નથી પરંતુ પરમાત્મા જ છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં મહર્ષિ યાજ્ઞવલ્કયે ગાર્ગીને જણાવ્યું છે કે ગાર્ગી ! આ અક્ષરના પ્રશાસનમાં સૂર્ય તથા ચંદ્ર નિયંત્રણમાં રહીને સ્થિતિ કરે છે, ધુલોક તથા પૃથ્વી, નિમેષ તથા મુહૂર્ત અને દિવસ રાતના નામથી ઓળખવામાં આવતો કાળ નિયંત્રણમાં રહીને સ્થિતિ કરે છે. એના જ પ્રશાસનમાં પૂર્વ તથા પશ્ચિમ તરફ વહેનારી સઘળી સરિતાઓ પોતપોતાના પ્રાદુર્ભાવ સ્થાન પર્વતોમાંથી પ્રકટીને વહે છે.' એ વર્ણન પરથી સ્પષ્ટ થાય છે કે સૌની ઉપર નિયંત્રણ કરનાર 'અક્ષર' પરમાત્મા જ છે.

**१२. अन्यभावव्यावृत्तेश्च ।**

અર્થ

અન્યભાવવ્યાવૃત્તિઃ = અહીં અક્ષરમાં પ્રધાનાદિ અન્યનાં લક્ષણોનું નિરાકરણ કરવામાં આવ્યું છે માટે.

ચ= પણ.

ભાવાર્થ

અક્ષર શબ્દ જડ પ્રકૃતિને માટે નથી વપરાયો પરંતુ પરમાત્માને માટે જ વપરાયો છે એ નિર્ણયના અનુસંધાનમાં એક બીજો મુદ્દો પણ લક્ષમાં લેવા જેવો છે. બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે 'અક્ષર' જોઈ ના શકાય તેવો છતા સૌનૌ જોનારો છે. સાંભળવામાં ના આવનારો છતાં સાંભળનારો છે. મનન ના કરી શકાય તેવો તો પણ મનન કરનારો અને જાણવામાં ના આવનારો તો પણ સૌને સમ્યક્ રીતે જાણનારો છે.' ઉપનિષદના એ વચનમાં એવી રીતે અક્ષરમાં પ્રધાનાદિતા જોવામાં, સાંભળવામાં ને જાણવામાં આવનારા ધર્મોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અક્ષર એવી રીતે સર્વોત્તમ અને પ્રધાન અથવા પ્રકૃતિનો પણ પ્રેરક તથા શાસક છે. બીજા શબ્દોમાં કહીએ તો એ પરમાત્મા જ છે.

**१३. ईक्षतिकर्मव्यपदेशात् सः ।**

અર્થ

ઈક્ષાતકર્મવ્યપદેશાત્ = પરમ પુરૂષને 'ઈક્ષને' ક્રિયાનું કર્મ બતાવ્યું છે તેથી.

સઃ = એ પરમાત્મા જ.

ભાવાર્થ

બૃહદારણ્યક ઉપનિષદના આધાર પર અક્ષર શબ્દને પરમાત્માનો વાચક કહી બતાવ્યો એ તો બરાબર, પરંતુ પ્રશ્નોપનિષદમાં ઓમરૂપી અક્ષરને પરબ્રહ્મ અને અપરબ્રહ્મ બંનેનો પ્રતીક કહ્યો છે. તો ત્યાં અક્ષરને અપરબ્રહ્મના અર્થમાં ના લઈ શકાય ? આ સૂત્રમાં એનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

પ્રશ્નોપનિષદમાં જણાવ્યું છે કે 'જે ત્રણ માત્રાવાળા ઓમરૂપી અક્ષર દ્વારા જ આ પરમપુરૂષનું અહર્નિશ ધ્યાન ધરે છે તે તેજોમય સૂર્યલોકમાં જાય છે. અને સાપ કાંચળીનો ત્યાગ કરે છે તેવી રીતે પાપમાંથી મુક્તિ મેળવે છે. એ પછી એને સામવેદની ઋચાઓ દ્વારા ઉપર બ્રહ્મલોકમાં લઈ જવામાં આવે છે. એ આ જીવસમુદાયરૂપી પરતત્વથી અત્યંત શ્રેષ્ઠ અંતર્યામી પરમપુરૂષનો સાક્ષાત્કાર કરી લે છે. ' એ મંત્રનો વિચાર કરવાથી જણાય છે કે એમાં પરબ્રહ્મ પરમાત્માને જ ઓમકારની આરાધનાના આદર્શરૂપ કહેવામાં આવ્યા છે, એ આદર્શને જીવસમુદાયરૂપ હિરણ્યગર્ભરૂપી અપરબ્રહ્મ કરતાં શ્રેષ્ઠ પણ જણાવ્યો છે.

એ મંત્રમાં છેલ્લે 'स एतस्माज्जीवधनात् परात्परं पुरिशयं पुरूषमीक्षते' । એવો શબ્દપ્રયોગ આવે છે તે પરમાત્માને માટે જ કરવામાં આવ્યો છે.

**१४. दहर उत्तरेभ्यः ।**

<u>અર્થ</u>

દાહરઃ = દહર શબ્દ દ્વારા જે જ્ઞેય વસ્તુનું વર્ણન કરાયું છે તે પણ પરમાત્મા જ છે.

ઉત્તરેભ્ય = કેમ કે એની પછીના શબ્દોથી એ સિદ્ધ થાય છે.

<u>ભાવાર્થ</u>

છાંદોગ્ય ઉપનિષદમાં બ્રહ્મપુરાન્તર્ગત દહર આકાશનું વર્ણન કરીને એમાં રહેલી વસ્તુને જાણવાની પ્રેરણા પૂરી પાડી છે. એના પરથી એ દહર શું છે એવો સવાલ થાય એ સ્વાભાવિક છે. એ ઉપનિષદમાં કહ્યું છે કે 'આ બ્રહ્મના પુરરૂપી મનુષ્ય શરીરમાં કમળના આકારવાળું ઘર અને એની અંદર સૂક્ષ્મ આકાશ છે. એમાં જે સૂક્ષ્મ વસ્તુ છે તેને જાણવાની ઈચ્છા કરવી જોઈએ. '

મૂળ મંત્ર આ રહ્યો.

अथ यदिदमस्मिन् ब्रह्म, पुरे दहरं पुण्डरीकं वेश्म दहशेङस्मिन्नन्तराकाशत्मस्मिन्
यदन्तस्तदन्वेष्टव्यं तद् वाव विजिज्ञासितच्यम्

ત્યાં જે જ્ઞેય વસ્તુનું વર્ણન કરવામાં આવ્યું છે તે વસ્તુ પરમાત્મા જ છે અને દહર શબ્દના લક્ષ્ય પણ એ જ છે. કારણ કે આગળના વર્ણનમાં એની અંદર બ્રહ્માંડ રહેલું છે એવું કહીને જણાવ્યું છે કે આત્મા પાપરહિત, વૃદ્ધાવસ્થા તથા મૃત્યુથી મુક્ત, શોક વગરનો, ક્ષુધાતૃષાથી પર, સત્યકામ તેમ જ સત્યસંકલ્પ, અમૃત, અભય અને બ્રહ્મ છે. એનું નામ સત્ય છે. એ બધા વર્ણન પરથી એ સ્પષ્ટીકરણને સમર્થન મળે છે.

**१५. गतिशब्दाभ्यां तथा दष्टं लिंग च ।**

<u>અર્થ</u>

ગતિશબ્દાભ્યામ્ = બ્રહ્મમાં ગતિનું વર્ણન અને બ્રહ્મવાચક શબ્દ હોવાથી

તથા દષ્ટમ્= બીજે સ્થળે એવું વર્ણન દેખાયું છે માટે

ચ = અને.

લિંગમ્ = આ વર્ણનમાં આવેલાં લક્ષણ પણ બ્રહ્મનાં છે માટે. (દહર નામથી બ્રહ્મનું જ વર્ણન છે.)

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે 'જીવસમૂહ રોજ સુષુપ્તિદશામાં આ બ્રહ્મલોકમાં જાય છે પરંતુ અસત્ય અથવા અવિદ્યાથી આવૃત હોવાથી એને નથી જાણતા.' એ વાક્યમાં બ્રહ્મલોકમાં જવાનું કહીને ગતિનું વર્ણન કરેલું છે, અને દહરને બ્રહ્મલોક કહી બતાવ્યું છે. એટલે દહર શબ્દ પરમાત્માનો જ બોધક છે.

બીજે સ્થળે 'એ સુષુપ્તદશામાં જીવ સત્ નામથી ઓળખાતા પરમાત્મા સાથે જોડાય જાય છે.' એવું કહ્યું છે. એટલે પણ દહર શબ્દ પરમાત્માને માટે જ વપરાયો છે એવું પુરવાર થાય છે.

**૧૬. धृतेश्च महिम्नोऽस्यास्मिन्नुपलब्धेः ।**

અર્થ

ધૃતે = દહરમાં સમસ્ત બ્રહ્માંડને ધારણ કરવાની શક્તિ બતાવી હોવાથી.

ચ = પણ.

અસ્ય = એના

મહિમ્નઃ = એવા મહિમાનું.

અસ્મિન્ = આ પરમાત્મામાં (દર્શન).

ઉપલબ્ધેઃ = બીજે પણ પ્રાપ્ત થાય છે એટલા માટે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં દહર શબ્દ વાચ્ય પરમાત્મામાં સમસ્ત બ્રહ્માંડને ધારણ કરવાની શક્તિનો ઉલ્લેખ કરેલો છે. अथ य आत्मा स सेतुर्विधुतिरेषां लोकानाम् ।

'આ આત્મા છે તે જ સર્વે લોકોને ધારણ કરનારો સેતુ છે.' એ ઉપરાંત, બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે 'એ સર્વેશ્વર છે, એ ભૂતાધિપતિ તથા ભૂતોનું પાલનપોષણ કરનાર છે, અને લોકલોકાંતરોને સર્વનાશથી બચાવવા માટે એમને ધારણ કરનાર સેતુ છે.'

**एष सर्वेश्वर एष भूताधिपतिरेष भूपाल एष सेतुर्विधरण एषां लोकानामसम्भेदाय ।**

પરમાત્મા સિવાય લોકલોકાંતરને ધારણ કરવાની એવી લોકતર શક્તિ બીજા કોનામાં છે ? કોઈનામાં નહિ. એટલે દહર શબ્દ દ્વારા સર્વશક્તિમાન પરમાત્માનો જ ઉલ્લેખ કરાયલો છે.

**૧૭. प्रसिद्धेश्च ।**

અર્થ

પ્રસિધ્ધેઃ = આકાશ શબ્દ પરમાત્માના અર્થમાં પ્રસિદ્ધ હોવાથી.

ચ = પણ.

ભાવાર્થ

દહર શબ્દ પરમાત્માના સંબંધમાં જ વપરાયો છે એવું પુરવાર કરવા માટે આ સૂત્રમાં જણાવવામાં આવે છે કે ઉપનિષદમાં આકાશ શબ્દ પરમાત્માને માટે વપરાયેલો છે એ સુપ્રસિદ્ધ છે. તૈત્તિરીય ઉપનિષદમાં

જણાવ્યું છે કે 'આ આનંદસ્વરૂપ આકાશ અથવા સૌને અવકાશ આપનારા પરમાત્મા ના હોત તો કોણ જીવિત રહી શકત ને શ્વાસ લેવાની ક્રિયા પણ કરત ?' को होवान्यात् कः प्राण्याद्द यदेष आकाश आनंदो न स्यात् ।

ઉપનિષદમાં દહરાકાશ શબ્દ પણ જોવા મળે છે. એટલે દહર શબ્દ પરમાત્માવાચક છે એવું માનવું બરાબર છે.

**१८. इतरपरामर्शात् स इति चेन्नासंभवात् ।**

અર્થ

ચેત્ = જો.

ઇતરપરામર્શાત્ = બીજાનો અથવા જીવાત્માનો સંકેત હોવાને લીધે.

સઃ = એનો જ દહર નામથી ઉલ્લેખ કરાયલો છે.

ઇતિ ન= તો એમ કહેવું ઠીક નથી.

અસંભવાત્ = ત્યાં કહેલા લક્ષણો જીવાત્મામાં નથી ઘટતાં માટે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'આ શરીર જીર્ણ થાય છે તો પણ એ જીર્ણ નથી થતો. આ શરીરના નાશથી એનો નાશ નથી થતો. આ બ્રહ્મપુર સત્ય છે. એમાં સઘળા ભોગો રહેલા છે. આ આત્મા પુણ્ય તથા પાપથી રહિત, જરામૃત્યુથી મુક્ત, શોકરહિત, ક્ષુધાતૃષાથી પર, સત્યકામ અને સત્યસંકલ્પ છે.'

એ વચન પ્રમાણે જીવાત્મા જીર્ણ કે નષ્ટ નથી થતો માટે દહર એટલે જીવાત્મા છે એવો અભિપ્રાય એટલા માટે નથી આપી શકાતો કે ઉપનિષદના એ વર્ણનમાં સત્યકામ અને સત્યસંકલ્પ જેવા બીજા શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે તે સારગર્ભિત શબ્દો જીવાત્માને નહિ પરંતુ પરમાત્માને જ લાગુ પડે છે.

**१९. उत्तराश्चेदाविर्भूतस्वरूपस्तु ।**

અર્થ

ચેત્ = જો,

ઉત્તરાત્ = એની પછીના વર્ણનથી પણ દહર શબ્દ જીવાત્મા માટે વપરાયો છે એવું સાબિત થાય છે.

તુ = તો તે કથન ઠીક નથી. (કેમકે)

આવિર્ભૂતસ્વરૂપઃ = એ સ્થળે જેનું વર્ણન કરાયું છે તે પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત આત્મા છે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદ આગળ પર વર્ણવે છે કે 'આ સમ્પ્રસાદ શરીરમાંથી નીકળીને પરમ જ્યોતિને પામીને પોતાના શુદ્ધ સ્વરૂપથી સંપન્ન થાય છે. આ આત્મા છે, અમૃત અને અભય છે અને આ જ પરમાત્મા છે એવું આચાર્યે જણાવ્યું. એ બ્રહ્મ કે પરમાત્માનું નામ સત્ય છે.' એમાં સમ્પ્રસાદ શબ્દ દ્વારા જીવાત્માનું વર્ણન કરેલું છે એટલા માટે દહર શબ્દને જીવાત્માનો વાચક માનવો જોઈએ એવું કહેવામાં આવે તો તે બરાબર નથી કારણ કે એ વર્ણન પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ કરનારા જીવાત્મા પરમજ્યોતિને પામે છે

એવું પણ કહેવાયું છે. એ પરમજ્યોતિ અથવા શુદ્ધ સ્વરૂપ પરમાત્મા હોવાથી, દહર શબ્દને જીવાત્માનો નહિ પરંતુ પરમાત્માનો વાચક જ માનવો જોઈએ.

**૨૦. अन्यार्थश्च परामर्शः ।**

<u>અર્થ</u>

પરામર્શઃ = જીવાત્માને લક્ષ્ય કરીને કરાયલો સંકેત.

ચ = પણ.

અન્યાર્થઃ = બીજા જ કારણથી કરાયલો છે.

<u>ભાવાર્થ</u>

ઉપનિષદના એ વર્ણનમાં જીવાત્મા વિશેનો સંકેત મળે છે એનો અર્થ એવો નથી કે દહર શબ્દ જીવાત્માનો સૂચક છે. એ વર્ણનમાં પરમાત્માના વાસ્તવિક સ્વરૂપનો સાક્ષાત્કાર થવાથી જીવાત્મા પણ એવા લક્ષણવાળો બની જાય છે તેવું દર્શાવવા માટે જ જીવાત્માનું એવું રૂપ બતાવેલું છે. બાકી દહર શબ્દ ત્યાં પરમાત્માનો જ સૂચક છે.

**૨૧. अल्पश्रुतेरिति चेतदुक्तम् ।**

<u>અર્થ</u>

ચેત્ = જો.

અલ્પશ્રુતેઃ = ઉપનિષદ દહરને નાનો બતાવવામાં આવ્યો છે માટે.

ઈતિ = એવું માનવું યોગ્ય છે.

તદુક્તમ્ = તો એનો ઉત્તર અપાઈ ગયો છે.

<u>ભાવાર્થ</u>

દહરને અલ્પ બતાવ્યો હોવાથી તે જીવાત્મા જ છે એવી દલીલ કરવામાં આવે તો તેનો ઉત્તર બીજા પાદના સાતમા સૂત્રમાં અપાઈ ગયો છે. તે અલ્પ હોવા છતાં મહાનથી પણ મહાન છે એવું કહેલું જ છે. **अणोरणीयान् महतो महीयान् ।** વચન એ સંબંધમાં સુપ્રસિદ્ધ જ છે.

**૨૨. अनुकृतेस्तस्य च ।**

<u>અર્થ</u>

તસ્ય = એ જીવાત્માનું.

અનુકૃતેઃ = અનુકરણ કરવાને લીધે.

ચ = પણ.

<u>ભાવાર્થ</u>

પરમાત્માનું એવું અલ્પથી પણ અલ્પ, અણુ કરતાં પણ અણુરૂપે, વર્ણન કરવાનું કારણ શું ? એક કારણ તો એ છે કે એથી એમના મહિમાનું ભાન થાય છે. એ મહિમા અનેકવિધ છે. પરમાત્મા વિરાટ તો છે જ

પરંતુ અણુથી અણુ પણ બની શકે છે, બનીને રહેલા છે, એ એમની વિશેષતા છે. એમને માટે કશું જ કરવાનું કે બનવાનું અશક્ય નથી. કઠિન પણ નથી. એ સંદેશ એવા વિશિષ્ટ વર્ણનમાંથી સાંપડી શકે છે. બીજું કારણ આ સૂત્રમાં આપવામાં આવ્યું છે તે છે. તે કારણ જીવાત્માનું અનુકરણ છે. માનવના હૃદયને અંગુષ્ઠ બરાબર માનેલું છે. તેમાં જીવાત્માની સાથે પરમાત્માના પ્રવેશની વાત ઉપનિષદમાં કહેલી છે. **अंगुष्ठ मात्रः पुरूषोमध्य आत्मनि तिष्ठति ।** 'અંગુઠાના પરિમાણવાળા પરમાત્મા હૃદય પ્રદેશમાં વાસ કરે છે' એવી રીતે એમનું વર્ણન કરેલું છે.

**तत्सृष्ट्वा तदेवानुप्राविशत् ।** 'જડ ચેતનાત્મક જગતની રચના કરીને પરમાત્માએ એમાં પ્રવેશ કર્યો.

**ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्धे ।** (કઠ ઉપનિષદ)

સત્કર્મોના સુપરિણામ રૂપ માનવ શરીરમાં પરમાત્માના નિવાસ સ્થાન હૃદયાકાશની અંદર બુદ્ધિરૂપી ગુફામાં છૂપાયલા સત્યનું પાન કરનારા જીવાત્મા ને પરમાત્મા બે છે.'

પરમાત્માને એવી રીતે જીવાત્માનું અનુકરણ કરનારા એની પેઠે અલ્પ પરિમાણવાળા બતાવ્યા છે એ યોગ્ય જ છે.

**૨૩. अपि च स्मर्यते ।**

<u>અર્થ</u>

ચ = એ ઉપરાંત

સ્મર્યતે અપિ = એ વાત સ્મૃતિમાં પણ જણાવેલી છે.

<u>ભાવાર્થ</u>

પરમાત્માને ઉપનિષદની પેઠે સ્મૃતિએ પણ એવા અલ્પ પરિમાણવાળા કહેલા છે. મહાભારત જણાવે છે કે ધર્મના સારતત્વ સમાન પરમાત્મા હૃદય રૂપી ગુફામાં વિરાજમાન છે.' **धर्मस्य तत्वं निहितं गुहायाम् ।**

ગીતા કહે છે કે 'ઈશ્વર સૌ પ્રાણીઓના હૃદય પ્રદેશમાં રહેલા છે. '

**ईश्वरः सर्व भूतानां हृद्देशेङर्जुन तिष्ठति ।**

પરમાત્માને એવી રીતે સ્થાનનો વિચાર કરીને અલ્પ આકારવાળા કહી બતાવ્યા છે તેમાં કશુ સમજાય તેવું કે ખોટુ નથી.

**૨૪. शब्दोदोव प्रमिताः ।**

<u>અર્થ</u>

શબ્દાત્ = (એ પ્રકરણમાં આવેલા) શબ્દથી.

એવ = જ.

પ્રમિતઃ = અંગુષ્ઠ માત્ર પરિમાણવાળો પુરૂષ (પરમાત્મા જ છે એવું પુરવાર થાય છે.)

<u>ભાવાર્થ</u>

કઠ ઉપનિષદમાં કહ્યું છે કે 'અંગુઠાના પરિમાણવાળા પરમ પુરૂષ શરીરના મધ્ય ભાગમાં અથવા હૃદયમાં વિરાજે છે.' વળી એવું પણ કહ્યું છે કે 'અંગુષ્ઠાના પરિમાણવાળા પરમ પુરૂષ ધુમાડા વિનાના જ્યોતિ જેવા છે. તે ભૂત, ભવિષ્ય ને વર્તમાન પર શાસન કરે છે. તે નિત્ય સનાતન અથવા શાશ્વત હોવાથી આજે છે અને કાલે પણ એવા જ રહેશે.'

अंगुषाठा मात्रः पुरूषो ज्योतिरिवा धूमक ।
ईशानो  भूत भव्यस्य स एताय स उ स्वः ॥

એ કથન પરથી કોઈને પ્રશ્ન થવાનો સંભવ છે કે અંગુઠાના પરિણામવાળા પુરૂષ તરીકે જીવાત્માનું વર્ણન કરવામાં આવ્યું છે કે પરમાત્માનું; તો તેનો પ્રત્યુત્તર આ સૂત્ર દ્વારા આપીને સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કઠ ઉપનિષદનો એ ઉલ્લેખ જીવાત્માનો નથી પરંતુ પરમાત્માનો જ છે. કારણ કે એમાં એ પુરૂષને ભૂત, ભવિષ્ય તથા વર્તમાન પર શાસન કરનારા, નિત્ય, સનાતન, શાશ્વત, અને એકરસ અથવા સર્વ કાળે અને સ્થળે એકસરખા રહેનારા બતાવ્યા છે. એવી ગુણવત્તા જીવાત્મામાં નથી પણ પરમાત્મામાં જ હોવાથી અંગુઠાના પરિમાણવાળો પુરૂષ જીવાત્મા નથી. પરંતુ પરમાત્મા છે એમાં કોઈ પણ પ્રકારની શંકા ન હતી.

**૨૫. हृद्यपेक्षया तु मनुष्याधिकारत्वात् ।**

અર્થ

તુ = એ પરમપુરૂષ પરમાત્માને અંગુષ્ઠના પરિમાણવાળા કહ્યા છે તે તો.

હૃદિ = હૃદયમાં સ્થિતિ કહી હોવાથી તેની.

અપેક્ષયા = અપેક્ષાથી છે.

મનુષ્યાધિકારત્વાત્ = બ્રહ્મજ્ઞાનમાં મનુષ્યનો જ અધિકાર હોવાથી.

ભાવાર્થ

ઉપનિષદમાં પરમપુરૂષ પરમાત્માને અંગુઠાના પરિમાણવાળા કહ્યા છે તેનું કારણ એ જ છે કે તેમની સ્થિતિ હૃદયમાં કહી છે, ને મનુષ્ય હૃદયનું માપ અંગુઠા બરાબર કહેલું હોવાથી એમને પણ અંગુઠાના માપવાળા કહી બતાવ્યા છે. બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ અથવા સિદ્ધિ પશુપક્ષી કે વનસ્પતિની યોનિમાં નથી થઈ શકતી પરંતુ કેવળ મનુષ્યોનિમાં જ થઈ શકે છે. એટલા માટે પરમાત્માને મનુષ્ય હૃદયના માપવાળા વર્ણવેલા છે.

**૨૬. तदुपर्यपि बाद्दरायणः सम्भवात् ।**

અર્થ

બાદરાયણઃ = આચાર્યશ્રેષ્ઠ મહર્ષિ બાદરાયણનો અભિપ્રાય એવો છે કે

તદુપરિ = મનુષ્યની ઉપરના દેવાદિનો.

અપિ = પણ અધિકાર છે.

સમ્ભવાત્ = એમને વેદજ્ઞાનની મદદથી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિની સંભાવના છે માટે.

<u>ભાવાર્થ</u>

આગલા સૂત્રમાં કહેવાઈ ગયું, અને આપણે ત્યાં એવું મનાય છે પણ ખરૂં, કે બ્રહ્મજ્ઞાનમાં મનુષ્ય સિવાય બીજા કોઈનો અધિકાર નથી એટલે કે પશુપક્ષી તથા વનસ્પતિ જેવી યોનિઓનો અધિકાર નથી. તો પછી મનુષ્ય કરતાં વધારે સારી, સુખમય અને આગળની મનાતી યોનિમાં અથવા દેવોને એનો અધિકાર છે કે નહિ એ સંબંધી પોતાનો અનુભવાત્મક અભિપ્રાય આપતાં મહર્ષિ બાદરાયણ જણાવે છે કે દેવોને એવો અધિકાર છે જ. દેવયોનિ પ્રાંત ધર્મ, તપ તથા જ્ઞાનયુક્ત આત્માઓ પૂર્વજન્મના સર્વોત્તમ સંસ્કારોના અનુસંધાનમાં આત્મવિકાસના મુનિપ્રણીત મંગલ માર્ગે વધીને બ્રહ્મજ્ઞાન મેળવી શકે છે. મનુષ્યોનિથી ઉપરની અથવા ઉત્તમ મનાતી બધી જ યોનિઓમાં જીવનની ધન્યતા, મુક્તિ કે પૂર્ણતા પ્રાપ્તિનો એ અબાધિત અધિકાર છે જ.

**૨૭. विरोधः कर्मणिति चेन्नानेकप्रतिप्रतिप्रत्तेर्दर्शनात् ।**

<u>અર્થ</u>

ચેત = જો.

કર્મણિ = યજ્ઞ જેવાં કર્મોમાં.

વિરોધ = વિરોધ પેદા થાય છે.

ઈતિ ન = તો એવું નથી સમજવાનું.

અનેક પ્રતિપત્તેઃ = એમની દ્વારા એક સાથે અનેક સ્વરૂપો ધારવાનું શક્ય હોવાથી.

દર્શાનાત્ = શાસ્ત્રોમાં એવું દેખાય છે.

<u>ભાવાર્થ</u>

દેવોને મનુષ્યની પેઠે વિશિષ્ટ શરીર ધારી માનવામાં આવે તો એનો અર્થ એવો થાય કે મનુષ્યોની પેઠે એ પણ એક વખતે એક જ સ્થળે રહી શકે. એવી પરિસ્થિતિમાં યજ્ઞ જેવાં કર્મોમાં દોષ પેદા થવાનો સંભવ છે. યજ્ઞોની આહુતિને દેવતાઓ ગ્રહણ કરે છે એવું કહેવાય છે, પરંતુ એક જ સ્થળે રહેનારા દેવતા જુદા જુદા સ્થળે થતા યજ્ઞોની આહુતિને એક જ સમયે કેવી રીતે સ્વીકારી શકે ? આ સૂત્રમાં એના સ્પષ્ટીકરણ માટે જણાવવામાં આવે છે કે દેવો સિદ્ધ મહાયોગીઓની પેઠે ઈચ્છાનુસાર અનેક શરીરોને ધારણ કરવાની અસાધારણ શક્તિથી સંપન્ન હોય છે. એ શક્તિની મદદથી એ એકસાથે અનેક શરીરોને ધારીને આવશ્યક્તાનુસાર યજ્ઞોમાં અપાતી આહુતિને ગ્રહણ કરે છે. એમને માટે એ કાર્ય જરા પણ કઠિન નથી. શાસ્ત્રોમાં એમની એવી શક્તિ વિશે વર્ણન કરાયેલું છે. એમાં એમની ઈચ્છાનુસાર પ્રકટવાની અને અદૃશ્ય થવાની વિશિષ્ટ શક્તિને સમર્થન મળે છે. બૃહદારણ્યક ઉપનિષદમાં મહર્ષિ યાજ્ઞવલ્કયે શાકલ્યને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે દેવતાઓ તેત્રીસ છે અને એકના અનેક થઈ શકે છે. એમની શક્તિ એવી અદ્વૌગિક છે. એવી રીતે વિચારીએ તો યજ્ઞ જેવાં કર્મોમાં કોઈ પણ પ્રકારનો દોષ પેદા થવાનો સંભવ નથી રહેતો. દેવતાઓ જુદા જુદા સ્થળે, જુદાંજુદાં સ્વરૂપને ધારણ કરીને એમનો લાભ લઈ શકે છે.

**२८. शध्व इति चेन्नातः प्रभवात् प्रत्यक्षानुमाकात्याम् ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે

શ દે = વેદવચનમાં વિરોધ પેદા થાય છે.

ઈતિ ન = તો એવું કહેવું ઉચિત નથી લાગતું.

અતઃ પ્રભવાત્ = કારણ કે એ વેદવચનથી જ દેવાદિ જગતની ઉત્પત્તિ થાય છે.

પ્રત્યક્ષાનુમાનાભ્યામ્ = પ્રત્યક્ષ અને અનુમાન બંને પ્રમાણોથી અથવા શ્રુતિ તથા સ્મૃતિ બંને દ્વારા એની સિદ્ધિ થાય છે.

ભાવાર્થ

આગલા સૂત્રમાં જણાવવામાં આવ્યું કે દેવો ઇચ્છાનુસાર અનેક શરીરોને ધારણ કરે છે અને યજ્ઞોની આહુતિ ગ્રહણ કરે છે; પરંતુ એવું માનવાથી વેદવચનમાં વિરોધ પેદા થશે, કારણ કે દેવો દેહધારી હોવાથી જન્મમરણના શિકાર બનશે, નિત્ય અથવા સનાતન નહિ રહી શકે, ને વેદના શબ્દોની સાથે એમના નામ તથા રૂપનો નિત્યસંબંધ નહિ સચવાય. એ વિચારસરણીને અનુચિત સમજીને અહીં કહેવામાં આવે છે કે દેવોના દેહો દિવ્ય અને સૂક્ષ્મ હોવાથી જન્મમરણના પરંપરાગત સર્વસામાન્ય નિયમોમાંથી મુક્ત હોય છે. શાસ્ત્રોમાં કલ્પના આરંભમાં દેવોની ઉત્પત્તિનું વર્ણન આવે છે. એમાં એમના નામ, રૂપ અને ઐશ્વર્યની માહિતી આપવામાં આવી છે. પૂર્વકલ્પમાં જે જે નામ, રૂપ અને ઐશ્વર્યવાળા દેવો હતા તે જ નામ, રૂપ અને ઐશ્વર્યવાળા દેવો વર્તમાન કલ્પમાં પણ પેદા કરવામાં આવે છે. એમના જીવાત્માઓ બદલાતા હોવા છતાં એમના નામ, રૂપ અને ઐશ્વર્યમાં કશો ફેર નથી પડતો. શ્રુતિ તથા સ્મૃતિમાં એ હકીકતની સ્પષ્ટતા કરવામાં આવી છે. મનુસ્મૃતિ કહે છે કે 'પરમાત્માએ સૃષ્ટિના આરંભમાં સૌનાં નામ અને વિભિન્ન કર્મની વ્યવસ્થા વેદવચનને અનુસરીને તૈયાર કરી.'

सर्वेषां त स नामानि कर्माणि च पृथक् पृथक्<br>
वेदशब्देभ्य एवादौ पृथक् संस्थाश्च निर्ममे ॥

**२९. एतएव च नित्यत्वम् ।**

અર્થ

અતએવ = એથી જ.

નિત્યત્વમ્ = વેદની નિત્યતા.

ચ = પણ.

ભાવાર્થ

પરબ્રહ્મ પરમાત્મા વેદવચનને અનુસરીને સમસ્ત સૃષ્ટિનું સર્જન કરે છે. એથી વેદોની નિત્યતા સહેલાઈથી સિદ્ધ થાય છે. વેદો તો પરમાત્માના પરમપવિત્ર જ્ઞાનરૂપ હોવાથી સનાતન છે. પ્રત્યેક કલ્પમાં

સૃષ્ટિના સર્જનની જેમ વેદોનું સર્જન પણ કરવામાં આવે છે એવું વિધાન વેદાદિ શાસ્ત્રોમાં ક્યાંય નથી કરવામાં આવ્યું.

**३०. समाननामरूपत्वाश्चावृत्तावप्यविरोधो दर्शानात् स्मृतेश्च ।**

અર્થ

ચ = અને.

સમાનનામરૂપત્વાત્ = નામ તથા રૂપ પહેલાંની પેઠે જ એક સરખાં હોવાથી.

આવૃત્તિ = ફરી આવૃત્તિ થતાં

અપિ = પણ.

અવિરોધઃ = કોઈ પ્રકારનો વિરોધ નથી.

દર્શનાત્ = કારણ કે શ્રુતિમાં એવું જ વર્ણન જોવા મળે છે.

ચ = અને.

સ્મૃતેઃ = સ્મૃતિનો અભિપ્રાય પણ એવો જ છે.

ભાવાર્થ

ઋગ્વેદમાં જણાવ્યું છે કે 'જગતના રચયિતા પરમાત્માએ સૂર્ય તથા ચંદ્રાદિની રચના પહેલાંની પેઠે જ કરી.' **सूर्याचंद्रमसौ धाता यथापूर्वमकल्पयत् ।**

મહાભારતમાં પણ જણાવ્યું છે કે 'પહેલાંની સૃષ્ટિમાં જેમનાં જે કર્મો હતાં તે જ કર્મોને તે પછીની સૃષ્ટિમાં સરજાયલાં પ્રાણીઓ ફરીવાર પ્રાપ્ત કરે છે.'

**तेषां ये यानि कर्माणि प्राक्सृष्टयां प्रतिपेदिरे ।**

**तान्येव ते प्रपद्यन्ते सृज्यमानाः पुनः पुनः ॥**

એના પરથી સાબિત થાય છે કે દેવોનાં નામરૂપ પ્રત્યેક કલ્પમાં એક સરખાં જ રહે છે. એમની અવારનવાર આવૃત્તિ થાય છે તો પણ, વેદને અનુસરીને એમનાં નિશ્ચિત કરેલાં નામ તથા રૂપ નથી બદલાતાં. એટલે વેદના વર્ણનમાં કશો વિરોધ નથી પેદા થતો.

**३१. मध्वादिष्वसम्मवादनधिकारं जैमिनिः ।**

અર્થ

જૈમિનીઃ = આચાર્ય જૈમિની.

મધ્વાદિષુ = મધુવિદ્યા વિગેરેમાં.

અનધિકારમ્ = દેવોનો અધિકાર નથી માનતા.

અસંભવાત્ = એનો સંભવ નહિ હોવાથી.

ભાવાર્થ

આ સૂત્રમાં આચાર્ય જૈમિનીનો દેવતાવિષયક અભિપ્રાય ટાંકી બતાવવામાં આવે છે, એ અભિપ્રાય પ્રમાણે દેવોનો મધુવિદ્યાદિમાં અધિકાર નથી. એમના એવા કથનનું કારણ જરાક જુદું છે. દેવોને કેટલીક વિશેષતાઓ જન્મથી જ સાંપડી હોય છે. એને માટે એમને કશી સાધના નથી કરવી પડતી. સૂર્યને દેવોના મધુ તરીકે માનવામાં આવે છે. એમને એ મધુવિદ્યા સહજ રીતે જ પ્રાપ્ત થઈ હોવાથી એમનો એમાં અધિકાર માનવાનો કોઈ પ્રશ્ન જ નથી પેદા થતો. યજ્ઞાદિ દ્વારા સ્વર્ગના સુખોપભોગની પ્રાપ્તિ થાય છે. એ શાસ્ત્રસંમત અને સાચું છે, પરંતુ દેવો તો સ્વર્ગમાં જ રહેતા હોવાથી એમને માટે એ સાધનોની આવશ્યક્તા નથી રહેતી. એટલે આચાર્ય જૈમિની જણાવે છે કે દેવોનો યજ્ઞ તથા મધુવિદ્યાદિમાં અધિકાર નથી તેમ બ્રહ્મવિદ્યામાં પણ અધિકાર ના હોવો જોઈએ.

**૩૨. ज्योतिषि भावाश्च ।**

<u>અર્થ</u>

જ્યોતિષિ = જ્યોતિર્મય લોકોમાં.

ભાવાત્ = દેવોની સ્થિતિ હોવાથી.

ચ = પણ.

<u>ભાવાર્થ</u>

દેવો પ્રથમથી જ દિવ્ય જ્યોતિર્મય લોકોમાં નિવાસ કરતા હોવાથી અનેક પ્રકારના ઐશ્વર્યથી અલંકૃત છે. નવાં કર્મો દ્વારા એમને કોઈ નવું ઐશ્વર્ય નથી મેળવવાનું. એ લોકોની પ્રાપ્તિ માટે એમને કોઈ સ્વતંત્ર પુરૂષાર્થ પણ નથી કરવાનો. એટલે આચાર્ય જૈમિની એ માટેનાં વેદોક્ત કર્મોની પેઠે બ્રહ્મવિદ્યામાં પણ એમનો અધિકાર નથી માનતા.

**૩૩. भावं तु बादरायणोऽस्ति हि ।**

<u>અર્થ</u>

તુ = પરંતુ.

બાદરાયણ આચાર્ય. ભાવમ્ = દેવાદિના અધિકારનું અસ્તિત્વ સ્વીકારે છે.

હિ = કેમ કે.

અસ્તિ = શ્રુતિમાં એમના અધિકારનું વર્ણન છે માટે.

<u>ભાવાર્થ</u>

બ્રહ્મસૂત્રના રચયિતા મહર્ષિ બાદરાયણ શ્રુતિના અભિપ્રાયને સર્વોત્તમ, આદર્શ અને અનુકરણીય માને છે ને જણાવે છે કે આ વિષયનો નિર્ણય કરતી વખતે શ્રુતિના અભિપ્રાયને લક્ષમાં લેવો જોઈએ. કોઈપણ નિર્ણય વેદ અથવા ઉપનિષદનો વિરોધી ના હોવો જોઈએ. યજ્ઞાદિમાં દેવોનો અધિકાર છે એવું પ્રતિપાદન કરતાં વચનો શ્રુતિમાં મળે છે. 'દેવોએ યજ્ઞ દ્વારા યજ્ઞપુરૂષની આરાધના કરી, પહેલાં એ ધર્મપરંપરા પ્રવર્તમાન હતી.' **यज्ञेन यज्ञमजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन्न ।**

તૈત્તિરીય સંહિતામાં કહ્યું છે કે 'દેવોએ યજ્ઞનું અનુષ્ઠાન કર્યું.' देवा वै सत्रमासत् ।

દેવોનો બ્રહ્મવિદ્યામાં પણ અધિકાર છે એના સમર્થન માટે બૃહદારણ્યક ઉપનિષદ જણાવે છે તે વિચારણીય છે : तद् य़ो देवानां प्रत्यबुध्यत स एव तदभवत् । 'દેવોમાંથી જેણે એ બ્રહ્મને જાણી લીધા તે બ્રહ્મ બની ગયા '

છાંદોગ્ય ઉપનિષદમાં ઈન્દ્ર ને વિરોચન બ્રહ્માની સેવામાં વરસો સુધી રહીને બ્રહ્મચર્ય પાલન દ્વારા બ્રહ્મવિદ્યા મેળવે છે એવો ઉલ્લેખ આવે છે.

એ બધા પરથી પુરવાર થાય છે કે દેવો યજ્ઞકર્મના તથા બ્રહ્મવિદ્યા દ્વારા બ્રહ્મપ્રાપ્તિના અધિકારી છે.

**૩૪. शुगस्य तदनादरश्रवणात्दाद्रवणात् सूच्यते हि ।**

અર્થ

તદનાદરશ્રવણાત્ = એ હંસોના મુખથી પોતાનો અનાદર સાંભળીને.

અસ્ય = રાજા જાનશ્રુતિના મનમાં.

શુદ્ર = શોક થયો.

તત્ = તે પછી.

આક્રવણાત્ = રૈકવ મુનિ પાસે બ્રહ્મવિદ્યા માટે દોડી ગયો. એથી રૈકવે એને શૂદ્ર કહીને સંબોધ્યા.

હિ = કારણ કે

સૂચ્યતે = એથી રૈકવ મુનિની સર્વજ્ઞતા સૂચિત થાય છે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં રાજા જાનશ્રુતિ તથા રૈકવ મુનિની કથા આવે છે. એ કથામાં કહ્યા પ્રમાણે રૈકવનો મહિમા હંસ દ્વારા સાંભળીને રાજા જાનશ્રુતિએ રૈકવની માહિતી મેળવીને એમની મુલાકાત લીધી ત્યારે એમણે રાજાને માટે શૂદ્ર શબ્દનો પ્રયોગ કર્યો. એ શબ્દપ્રયોગ એટલા માટે નહોતો કરવામાં આવ્યો કે રાજા સાચેસાચ શૂદ્ર હતો. એ શૂદ્ર ના હોવા છતાં મુનિની પાસે શોકાતુર બનીને દોડી આવેલો એટલા માટે એનાં લક્ષણો પરથી એને શૂદ્ર કહેવામાં આવ્યો. જે શોક કરે છે અથવા શોકની પાછળ પડે છે તે શૂદ્ર છે, शुचम् आद्रवति इति शूकः એ વ્યુત્પત્તિ પ્રમાણે રાજાને શૂદ્ર કહેવામાં આવેલો. એથી એ સાચેસાચ શૂદ્ર હતો એવું સાબિત નથી થતું, અને એવું પણ સાબિત નથી થતું, કે શૂદ્ર રાજા જાનશ્રુતિને રૈકવ મુનિ દ્વારા બ્રહ્મવિદ્યાનો ઉપદેશ અપાયો હોવાથી શૂદ્રને બ્રહ્મવિદ્યાનો અધિકાર છે. વેદવિદ્યામાં શૂદ્રનો અધિકાર નથી જ.

**૩૫. क्षत्रियत्वावगतेश्चोत्तरत्र चैचरथेन लिंगात् ।**

અર્થ

ક્ષત્રિયત્વાવગતેઃ = જાનશ્રુતિ ક્ષત્રિય હતો. એવું ઉપનિષદમાં આવેલાં લક્ષણો પરથી જણાય છે તેથી

ચ = અને

ઉત્તરત્ર = પાછળથી બતાવેલા

ચૈત્રરથેન = ચૈત્રરથના સંબંધથી.

લિંગાત્ = ક્ષત્રિયત્વસૂચક ચિન્હ કે પ્રમાણ પ્રાપ્ત થાય છે એથી પણ.

ભાવાર્થ

રાજા જાનશ્રુતિ શુદ્ર નહતો પરંતુ ક્ષત્રિય હતો. એવું છાંદોગ્ય ઉપનિષદના એ પ્રસંગ દ્વારા જ પુરવાર થાય છે. એ પ્રસંગમાં એને શ્રદ્ધાપૂર્વક દાન દેનારો અને ભોજનાદિ દ્વારા અતિથિનો સત્કાર કરનારો કહ્યો છે. એના વૈભવનું વર્ણન પણ તેમાં કરવામાં આવ્યું છે. રાજાની કન્યાનો રૈકવે પત્નિ તરીકે સ્વીકાર કર્યો એવો નિર્દેશ પણ ત્યાં જોવા મળે છે. એ ઉપરાંત, રૈકવ મુનિએ આગળ પર જે આખ્યાયિકા કહી છે તેમાં રાજા જાનશ્રુતિને ત્યાં બ્રાહ્મણ શૌનક અને ક્ષત્રિય ચૈત્રરથને જમાડવાની વાત કહી બતાવી છે. જાનશ્રુતિ શૂદ્ર હોત તો એ બંને એને ત્યાં જમી ના શકત. એ વખતની સામાજિક પરંપરા એવી હતી એટલે રાજા જાનશ્રુતિ ક્ષત્રિય હતો એમાં કોઈ પ્રકારની શંકા કરવાનું કારણ નથી રહેતું.

**૩૬. संस्कारपरामर्शात्तदभामिलापाच्छ ।**

અર્થ

સંસ્કારપરામર્શાત્ = ઉપનયનાદિ સંસ્કારોને આવશ્યક માનવામાં આવ્યા છે માટે.

ચ = અને.

તદ્દભાવાભિલાપાત્ = શૂદ્રના જીવનમાં એ સંસ્કારોનો અભાવ હોય છે માટે.

ભાવાર્થ

વેદાધ્યયનમાં કે વેદ વિદ્યાની પ્રાપ્તિમાં ઉપનયનાદિ સંસ્કારોને અત્યંત આવશ્યક માનવામાં આવ્યા છે. ઉપનયન સંસ્કારથી સંપન્ન થયા પછી સદ્ગુરૂ પુરૂષો પહોંચીને વેદ વિદ્યાની સંપ્રાપ્તિ કરવાનો સંદેશ આપવામાં આવ્યો છે. શૂદ્ર એ સંસ્કારથી વંચિત હોવાથી સ્વાભાવિક રીતે જ વેદાધ્યયન કે વેદ વિદ્યા પ્રાપ્તિના અધિકારથી વંચિત રહી જાય છે.

**૩૭. तदभावनिर्धारणे च प्रवृत्तेः ।**

અર્થ

તદ્દભાવ નિર્ધારણે = શિષ્યમાં શૂદ્રત્વનો અભાવ નક્કી કરવા માટે

પ્રવૃત્તેઃ = આચાર્યની પ્રવૃત્તિ દેખાય છે માટે.

ચ = પણ.

ભાવાર્થ

શૂદ્રનો વેદવિદ્યામાં અધિકાર નથી એ દર્શાવવા માટે વધારામાં કહેવામાં આવે છે કે ઉપનિષદમાં સત્યકામ જણાવે છે કે મને મારા ગોત્રની માહિતી નથી. મેં મારી માતાને પૂછતા તેણે જણાવેલું કે મને ગોત્રની ખબર નથી. મારૂં નામ જબાલા છે ને તારૂં નામ સત્યકામ. એટલે હું જબાલાનો પુત્ર સત્યકામ છું. ગુરૂ ગૌતમે કહ્યું કે આવું સત્ય ભાષણ બ્રાહ્મણ વિના બીજું કોઈ જ ના કરી શકે. આચાર્યે સત્યકામ શૂદ્ર નથી,

બ્રાહ્મણ છે એવો નિર્ણય કરીને એને સમિધા લાવવાનો આદેશ આપ્યો અને એને ઉપનયન સંસ્કારથી સંપન્ન કર્યો. એથી સિદ્ધ થાય છે કે વેદ વિદ્યામાં શૂદ્રનો અધિકાર નહોતો મનાતો ને નથી.

**૩૮. श्रवणाध्यनार्थप्रतिषेधात् स्मृतेश्च ।**

<u>અર્થ</u>

શ્રવણાધ્યનનાથ પ્રતિષેધાત્ = શૂદ્રને માટે વેદના શ્રવણ અધ્યયન અને અર્થ કે રહસ્યજ્ઞાનનો નિષેધ કરેલો છે.

ચ= તથા.

સ્મૃતેઃ = સ્મૃતિના વચનથી પણ.

<u>ભાવાર્થ</u>

મનુ મહારાજે મનુસ્મૃતિમાં જણાવ્યું છે કે 'શૂદ્રને વેદનું જ્ઞાન ના આપવું જોઈએ.' **न शूद्राय मतिं दद्यात् ।**

પરાશર સ્મૃતિમાં કહ્યું છે કે 'વેદના શબ્દનો ને અર્થનો વિચાર કરવાથી શૂદ્ર પતન પામે છે.' **वेदाक्षरविचारेण शूद्रः पतति तत्क्षणात् ।**

શ્રુતિ પણ સુસ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે 'શૂદ્ર સ્મશાન સમાન છે એટલા માટે એની આગળ વેદાધ્યનન ના કરવું જોઈએ.' **एतज्छ्द्रस्तस्माच्छ्द्रस्य समीपे नाध्येतव्यम् ।**

ઇતિહાસ તથા પુરાણના શ્રવણ-મનન અને અધ્યયનનો અધિકાર શૂદ્રને ને બીજા બધાને અપાયેલો છે. એ દ્વારા પરમાત્માનું જ્ઞાન તથા પરમાત્માની ભક્તિ મેળવીને શૂદ્ર પણ બીજા બધાની પેઠે પોતાનું કલ્યાણ કરી શકે છે અથવા પરમાત્માની પરમ કૃપાથી પરમ ગતિને મેળવી લે છે. ગીતામાં કહ્યું છે તેમ સ્ત્રી, વૈશ્ય ને શૂદ્ર પણ પરમગતિને પામી શકે છે. **स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेपि मांति परां गतिम् ।** છતાં પણ શૂદ્રોને વેદ જ્ઞાનનો અધિકાર નથી આપવામાં આવ્યો.

**૩૯. कम्पनात् ।**

<u>અર્થ</u>

કંપનાત્ = એમની અંદર જગત રમી રહ્યું છે અને એમના ભયથી સૌ કંપે છે માટે.

<u>ભાવાર્થ</u>

અધિકાર વિષયક પ્રકરણને પૂરું કરીને પહેલાંના વિષયની વિશેષ વિચારણા કરતાં સૂત્રકાર જણાવે છે કે અંગુષ્ઠ માત્ર પુરૂષ પરબ્રહ્મ પરમાત્મા જ છે. કઠ ઉપનિષદમાં એમનો ઉલ્લેખ કરીને કહેવામાં આવ્યું છે કે એમના ભયથી અગ્નિ તપે છે, એમના ભયથી સૂર્ય પ્રકાશે છે, તથા એમના જ ભયથી ઈન્દ્ર, વાયુ અને પાંચમાં મૃત્યુ દેવ પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત થાય છે.'

**भमादस्माग्निस्तपति भमात्तपति सूर्यः ।**

**भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पंचमः ॥**

ઉપનિષદના એ વર્ણન પરથી સ્પષ્ટ રીતે સમજાય છે કે સમસ્ત જગત પરમાત્મા સિવાય બીજા કશાની અંદર રમી ના શકે અને પરમાત્મા સિવાય બીજા કોઈની પણ શક્તિથી કંપીને અથવા અનુપાણિત બનીને પોતાની પ્રવૃત્તિમાં રત ના બને. એટલે ત્યાં વર્ણવેલા અંગુષ્ઠ માત્ર પુરૂષ પરમાત્મા સિવાય બીજા કોઈ જ નથી.

**૪૦. ज्योतिर्दर्शनात् ।**

અર્થ

જ્યોતિ = જ્યોતિ શબ્દ પરમાત્માનો જ વાચક છે.

દર્શનાત્ = શ્રુતિમાં પરમાત્માને માટે એનો પ્રયોગ જોઈ શકાય છે માટે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં દહરાકાશ વિષયક વિવરણમાં વપરાયલો જ્યોતિ શબ્દ પરમાત્માનો જ વાચક છે. એ ઉપનિષદમાં જ્યોતિ શબ્દનો પ્રયોગ અન્યત્ર કરતાં કહેવામાં આવ્યું છે કે 'આ દ્યુલોકની ઉપર જે પરમ જ્યોતિ પ્રકાશિત થઈ રહી છે.' अद यदतः परो ज्योतिद्दिप्यते । ત્યાં જણાવેલી જ્યોતિ કોઈ સામાન્ય જ્યોતિ નથી પરંતુ પરમાત્માની પરાત્પર જ્યોતિ - પરમાત્મા પોતે છે એ સહેલાઈથી સમજી શકાય છે. સામાન્ય જ્યોતિ દ્યુલોકની ઉપર ના હોઈ શકે.

**૪૧. आकाशोर्थान्कशत्वादिव्यपदेशात् ।**

અર્થ

આકાશઃ = આકાશ શબ્દ પરમાત્માનો જ વાચક છે,

અર્થાન્તરત્વાદિવ્યપદેશાત્ = એને નામરૂપાત્મક જગતથી ભિન્ન કહ્યું છે તેથી.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'આકાશ નામથી પ્રસિદ્ધ તત્વ નામ રૂપનો નિર્વાહ કરે છે અથવા એમને ટકાવે છે. એ બંને જેમની અંદર, જેમના આશ્રયે રહે છે, તે બ્રહ્મ છે, અમૃત છે, આત્મા છે.'

आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता ते यदन्तश तद् ब्रह्म तदमृतं स आत्मा ।

ત્યા આકાશ નામરૂપાત્મક જગતને ધારણ કરે છે અને જગત એના આશ્રયે રહે છે એવું કહીને એ બ્રહ્મ, અમૃત અથવા આત્મા છે. એવી સ્પષ્ટતા કરી છે. એટલે ત્યાં વપરાયલો શબ્દ આકાશ પરમાત્માનું જ પ્રતિનિધિત્વ કરે છે, બીજા કોઈનું નથી કરતો, એ સ્પષ્ટ છે.

**૪૨. सुषुस्युत्क्रान्त्योर्भेदेन ।**

અર્થ

સુષુપ્ત્યુત્ક્રાન્ત્યોઃ = સુષુપ્તિમાં અને મૃત્યુદશામાં પણ.

ભૈદેન = જીવાત્મા અને પરમાત્માનું ભેદવાળું વર્ણન હોવાથી.

ભાવાર્થ

આકાશ શબ્દ પરમાત્માનો જ વાચક છે એવું પુનઃ પ્રતિપાદન કરતાં અહીં કહેવામાં આવે છે કે છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે આ પુરૂષ સુતો હોય છે ત્યારે પોતાના મૂળ વાસ્તવિક સ્વરૂપ સતથી સંપન્ન થાય છે. સુષુપ્તિકાળના એ વર્ણનમાં જીવાત્મા પરમાત્મારૂપી પરમ સત્ થી સંપન્ન બને છે એવું જણાવીને જીવાત્મા તથા પરમાત્માને જુદા જુદા કહી બતાવ્યા છે. વળી ઉત્ક્રાંતિને વર્ણવતાં પણ કહ્યું છે કે જીવાત્મા શરીરમાંથી નીકળીને પરમ પ્રકાશમય પરમાત્માને પામીને પોતાના શુદ્ધ સ્વરૂપને મેળવી લે છે. એમાં પણ જીવાત્મા તથા પરમાત્માનો ભેદ બતાવ્યો છે. એટલે આકાશ શબ્દ જીવાત્મા કે મુક્તાત્માને માટે નથી વપરાયો પરંતુ પરમાત્માને માટે જ પ્રયોજાયો છે. જીવાત્મા કે મુક્તાત્મા જગતનું ધારણપોષણ નથી કરી શકતા.

**૪૩. पत्यादिशब्देभ्यः ।**

અર્થ

પત્યાદિશબ્દેભ્યઃ = પતિ, પરમપતિ, પરમ મહેશ્વર જેવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો હોવાથી.

ભાવાર્થ

વેદ અથવા ઉપનિષદમાં પરમાત્માને માટે એમની અસાધારણતાને દર્શાવવા માટે પતિ, પરમપતિ તથા પરમ મહેશ્વર જેવા વિશિષ્ટ સારગર્ભિત શબ્દોનો પ્રયોગ કરેલો છે એના પરથી એમના અલૌકિક મહિમાનો ખ્યાલ આવે છે ને સમજાય છે કે એ મહિમા જીવાત્મા કરતાં મહાન છે.

हिरण्यगर्भः समवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।

'સૌથી પહેલાં, સૃષ્ટિની શરૂઆતમાં હિરણ્ય ગર્ભ કે પરમાત્મા હતા  તે સર્વે ભૂતોના એકમાત્ર સ્વામી હતા.

શ્વેતાશ્વતર ઉપનિષદ કહે છેઃ

मीश्वरणां परमं महेश्वरं तं देवतानांपरमं च दैवतम् ।

पतिं पतीनां परमं परस्ताद् विदाम देवं भुवनेशभीड्यम् ॥

'એ ઈશ્વરોના પરમ મહેશ્વર, દેવોના પરમ દેવ, પતિના પરમ પતિ, વિશ્વના અધીશ્વર, સ્તવવા યોગ્ય પ્રકાશ સ્વરૂપ પરમાત્માને અમે સૌથી અતીત સમજીએ છીએ .'

જીવાત્માને માટે એવા વિશિષ્ટ શબ્દોનો પ્રયોગ કદાપિ ના થઈ શકે. એવા શબ્દો તો પરમાત્માને માટે જ વાપરી શકાય. એટલે જીવાત્મા તથા પરમાત્મામાં ભેદ છે અને આકાશ શબ્દ એ પરમાત્માનો જ વાચક છે, જીવાત્માનો ને બીજા કોઈનો વાચક નથી.

**અધ્યાય ૧ - પાદ ૩ સંપૂર્ણ**

## અધ્યાય ૧ - પાદ ૪

| | |
|---|---|
| ૧ થી ૭ | અવ્યક્ત શબ્દ પર વિચારણા. |
| ૮ થી ૧૦ | અજા શબ્દ પરમાત્માની શક્તિ વિષેનો બોધક. |
| ૧૧ થી ૧૩ | પંચ્જ પંચ્જનાનું રહસ્ય. |
| ૧૪ થી ૧૫ | પરમાત્મા જ આકાશાદિના કારણ છે. |
| ૧૬ થી ૨૨ | કૌષીતિક ઉપનિષદમાં પરમાત્માને જ કહ્યા છે તે વિષે. |
| ૨૩ થી ૨૯ | પરમાત્મા જ એકમાત્ર કારણ છે. |

### અધ્યાય ૧ - પાદ ૪

**१. आनुमानिकमप्येकेषामिति चेन्न शरीररूपकविन्यस्तगृहीतेर्दर्शयति च ।**

<u>અર્થ</u>

ચેત્ = જો કહેતા હો કે.

આનુમાનિકમ્ = અનુમાન કલ્પિત પ્રકૃતિ.

અપિ = પણ.

એકેષામ્ = એક શાખાવાળાના અભિપ્રાયાનુસાર વેદપ્રતિપાદિત છે.

ઇતિ ન = તો એ બરાબર નથી.

શરીરરૂપકવિન્યસ્તગૃહીતેઃ = કારણ કે શરીર જ અહીં રથના રૂપકમાં આવીને અવ્યક્ત શબ્દથી ગ્રહણ કરાય છે.

દર્શયતિ ચ = શ્રુતિમાં એ વાત જોઈ શકાય છે.

<u>ભાવાર્થ</u>

કઠોપનિષદમાં આવેલો અવ્યક્ત શબ્દ શાનો વાચક છે, પ્રકૃતિનો વાચક છે કે બીજા કશાનો, એના સ્પષ્ટીકરણ માટે આ સૂત્રની રચના કરવામાં આવી છે. કઠોપનિષદમાં એક સુંદર રૂપક આપવામાં આવ્યું છે. તેમાં આત્મા, શરીર, બુદ્ધિ, મન, ઇન્દ્રિય તથા વિષયાદિની રથ, રથી, સારથિના રૂપમાં કલ્પના કરવામાં આવી છે. એમાં શરીરને રથ સાથે સરખાવવામાં આવ્યું છે. આત્માને રથી, શરીરને રથ, બુદ્ધિને સારથિ, મનને લગામ, ઈન્દ્રિયોને ઘોડા અને વિવિધ વિષયોને એમની ખાદ્ય સામગ્રી તરીકે વર્ણવવામાં આવ્યા છે. એ સઘળાં સાધનોથી પરમાત્માને કે એમના પરમપદને પામવાનો સંદેશ આપવામાં આવ્યો છે. મનથી શ્રેષ્ઠ બુદ્ધિ, બુદ્ધિથી શ્રેષ્ઠ આત્મા છે એવું જણાવ્યું છે. ત્યાં બુદ્ધિથી શ્રેષ્ઠ આત્મા એટલે જીવાત્મા સમજવાનું છે. આત્મા અથવા રથી શબ્દનો પ્રયોગ ત્યાં મહત્તત્વ, પ્રધાન કે પ્રકૃતિને માટે નથી કરવામાં આવ્યો. આત્મા કે જીવાત્માથી પર જે અવ્યક્ત છે તે ભગવાનની શક્તિરૂપ પ્રકૃતિ છે. કારણ શરીર એના જ અંશરૂપ છે. એને જ ઉપનિષદમાં રથ કહેવામાં આવ્યું છે. કારણ શરીર પરમાત્માની પ્રકૃતિનો અંશ હોવાથી અવ્યક્ત નામથી ઓળખવામાં આવ્યું છે.

**२. सूक्ष्मं तु तदर्हत्वात् ।**

<u>અર્થ</u>

તુ = પરંતુ

સૂક્ષ્મમ્ = સૂક્ષ્મ શરીર ગ્રહણ કરાય છે.

તદર્હત્વાત્ = પરમધામના પ્રવાસમાં એને જ રથ તરીકે માનવાનું ઉચિત છે એટલે.

<u>ભાવાર્થ</u>

શરીર શબ્દનો અર્થ સૂક્ષ્મ શરીર સમજવાનો છે. સ્થૂલ શરીર વ્યક્ત હોવાથી સૂક્ષ્મ શરીરને જ અવ્યક્ત કહી શકાય. પરમાત્માની પરમશક્તિરૂપ પ્રકૃતિ અત્યંત સૂક્ષ્મ હોવાથી જોવામાં નથી આવતી. કારણ શરીર તો એના જ અંશરૂપ હોવાથી એને અવ્યક્ત કહેવાનું ઉચિત છે. સ્થૂળ શરીર તો વિનાશશીલ હોવાથી પરમધામના પુણ્યપ્રવાસમાં સાથે નથી જઈ શકતું. એ તો અહીં જ રહી જાય છે. સાથે તો કેવળ સૂક્ષ્મ શરીર જ જઈ શકે છે. એટલે એને જ રથની ઉપમા આપવાનું વધારે યુક્તિસંગત લાગે છે.

**३. तदधीनत्वादर्थवत् ।**

અર્થ

તદધીનત્વાત્ = એ પરમાત્માને અધીન હોવાથી.

અર્થવત્ = એ (પરમ શક્તિરૂપા પ્રકૃતિ) સાર્થક છે.

ભાવાર્થ

પ્રકૃતિના અંશને અવ્યક્ત નામથી સ્વીકારીએ તો પછી સાંખ્યશાસ્ત્રમાં કહેવામાં આવેલ પ્રધાનને સ્વીકારવામાં શી હરકત છે ? સાંખ્યશાસ્ત્ર ભૂતોના કારણરૂપ સૂક્ષ્મ તત્વને જ પ્રધાન અથવા પ્રકૃતિ કહે છે. એવી જિજ્ઞાસાના જવાબરૂપે આ સૂત્ર લખવામાં આવ્યું છે. સાંખ્યશાસ્ત્ર પ્રકૃતિને સ્વતંત્ર માને છે ને જગતનું કારણ કહી બતાવે છે પરંતુ વેદમાં એને પરમાત્માના નિયંત્રણમાં રહેનારી, પરમાત્માને આધીન, એમની શક્તિ કહી છે. શક્તિ શક્તિમાનના આશ્રય વિના નથી રહી શકતી અને શક્તિમાનથી અલગ સ્વતંત્ર અસ્તિત્વ નથી ધરાવતી. પરમાત્માને આધીન હોવાથી જ એ શક્તિની સાર્થકતા છે. પરમાત્માને શક્તિ વગરના સમજવામાં આવે તો એમની દ્વારા જગતની ઉત્પત્તિ જેવાં કાર્યો કેવી રીતે થઈ શકે ? પછી તો એમને સર્વશક્તિમાન પણ કેવી રીતે કહી શકાય ?

શ્વેતાશ્વતર ઉપનિષદમાં જણાવ્યું છે કે 'ધ્યાનયોગમાં સ્થિતિ કરીને તપસ્વી મહાપુરૂષોએ પરમાત્માની સ્વરૂપભૂતા, પોતાના ગુણોવાળી, અચિંત્ય શક્તિનો સાક્ષાત્કાર કર્યો.'

**ते ध्यानयोगानुगता अषश्यन् देवात्मशक्ति स्वगुणैर्निगूढाम् ॥**

એટલે પ્રકૃતિ પરમાત્માની આશ્રિતા શક્તિ છે. પરમાત્મા સિવાય એનું અલગ અસ્તિત્વ નથી સંભવી શકતું.

**४. ज्ञेयत्वावचनाश्च ।**

અર્થ

જ્ઞેયત્વાવચનાત્ = વેદમાં પ્રકૃતિને જ્ઞેય નથી કહી એથી.

ચ = પણ.

ભાવાર્થ

વેદમાં કહેલી પ્રકૃતિમાં અને સાંખ્યશાસ્ત્રના પ્રધાનમાં તફાવત છે. સાંખ્યશાસ્ત્ર પ્રકૃતિને જ્ઞેય માને છે. એ જણાવે છે કે 'ગુણમયી પ્રકૃતિ અને પુરૂષની પૃથકતા જાણી લેવાથી મોક્ષ મળે છે.' **गुणपुरूषान्तरज्ञानात्**

कैवल्यम् । પ્રકૃતિના સ્વરૂપને સુચારુરૂપે કે સંપૂર્ણપણે જાણવાનુ એમાં આવશ્યક મનાય છે. પરંતુ વેદમાં પ્રકૃતિને નહિ પરંતુ પરમાત્માને જ જાણવા, ભજવા તથા મેળવવા યોગ્ય માનેલા છે.

**૫. वदतीति चेन्न प्राज्ञो हि प्रकरणात् ।**

અર્થ

ચેત્ = જો.

વદતિ = વેદ પ્રકૃતિને જ્ઞેય કહી બતાવે છે.

ઇતિ ન = તો તેમ કહેવું બરાબર નથી.

હિ = કારણ કે

પ્રાજ્ઞઃ = પરમાત્મા જ છે.

પ્રકરણાત્ = પ્રકરણ પરથી એ સમજી શકાય છે.

ભાવાર્થ

કોઈ એવું કહેતું હોય કે વેદ અથવા ઉપનિષદમાં પ્રકૃતિને પણ જ્ઞેય કહી છે તો તે કથન બરાબર નથી. તેમાં સર્વત્ર પરબ્રહ્મ પરમાત્માને જ જ્ઞેય, ધ્યેય અથવા પ્રાપ્તવ્ય માનેલા છે. અહીં જે વિશેષ પ્રકરણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પ્રકરણ કઠ ઉપનિષદનું છે. ત્યાં કહ્યું છે કે 'શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધથી રહિત, અવિનાશી, નિત્ય, અનાદિ, અનંત, મહત્ થી પર તથા ધ્રુવ તત્વને જાણીને માનવ મૃત્યુના મુખમાંથી મુક્તિ મેળવે છે.

अशब्दमस्पर्शमरूपमव्ययं तथारसं नित्यमगंधवश्च यत् ।
अनाद्यनन्तं महतः परं ध्रुवं निचाय्य तन्मृत्युमुखात्प्रमुच्यते ॥

ઉપનિષદનો એ શ્લોક પરમાત્માના મહિમાને આલેખવા માટે લખાયલો છે. પરમાત્માને જ જાણવા યોગ્ય કહી બતાવીને એમાં અને એની આગળપાછળ પરમાત્માના જ મહિમાનું જયગાન ગાવામાં આવ્યું છે. એ શ્લોકમાં દર્શાવાયલાં લક્ષણો પરમાત્માને જ પૂર્ણપણે લાગુ પડે છે. એ શ્લોકમાં પ્રકૃતિનું નથી પરંતુ પરમાત્માના પરમજ્ઞાનથી જ મૃત્યુના મુખમાંથી છૂટીને અમૃતમય થઈ શકાય છે એવું સૂચવવામાં આવ્યું છે. એટલે એકમાત્ર પરમાત્મા જ પરમજ્ઞેય છે એવું સાબિત થાય છે.

**૬. त्रयाणामेव चैवमुपन्यासः प्रश्नश्च ।**

અર્થ

ત્રયાણામ્ = ત્રણેનો.

એવ = જ.

એવમ્ = એવી રીતે જ્ઞેયરૂપે.

ઉપન્યાસઃ = ઉલ્લેખ કરાયો છે.

ચ = તથા.

પ્રશ્ન = પ્રશ્ન.

ચ = પણ.

<u>ભાવાર્થ</u>

કઠ ઉપનિષદમાં યમ અને નચિકેતાના સંવાદ પ્રકરણમાં અગ્નિ, જીવાત્મા તથા પરમાત્મા ત્રણેને જાણવા માટે પ્રશ્નો પૂછાયા છે. અગ્નિ વિશે પૂછવામાં આવ્યું છે કે ' હે યમદેવ, તમે સ્વર્ગ પ્રાપ્તિના સાધનરૂપ અગ્નિને જાણતા હોવાથી મને શ્રદ્ધાળુને તે સંબંધી સુચારુરૂપે કહી બતાવો.'

જીવ વિશે કહેવામાં આવ્યું છે કે 'મૃત મનુષ્યના સંબંધમાં કોઈ તો કહે છે કે રહે છે ને કોઈ કહે છે કે નથી રહેતો, તો તે વિશેનો નિર્ણય જાણવાની મને ઇચ્છા છે.'

પરમાત્માને માટે કહેવામાં આવ્યું છે કે 'જે ધર્મ અને અધર્મથી, કાર્ય કારણરૂપ જગતથી, ભૂત, ભાવિ તથા વર્તમાનના ત્રણ ભેદવાળા કાળથી અને તત્વસંબંધી સર્વે પદાર્થોથી પૃથક્ છે, તે તત્વને તમે જાણો છો. મને તે પરમતત્વનો ઉપદેશ આપો.'

એમાં પ્રકૃતિ અથવા પ્રધાન વિશે કોઈ જ પ્રશ્ન નથી પૂછવામાં આવ્યો. એથી નક્કી થાય છે કે અગ્નિ, જીવાત્મા ને પરમાત્મા સિવાય ચોથી કોઈ વસ્તુની વાત ત્યાં નથી કહેવામાં આવી.

**૭. महद्वच्च ।**

<u>અર્થ</u>

મહદ્વત્ = મહત્ શબ્દની જેમ.

ચ = એને પણ બીજા અર્થમાં લેવાનું અયોગ્ય નથી.

<u>ભાવાર્થ</u>

કઠોપનિષદના એ પ્રકરણમાં પ્રધાન વાચક અવ્યક્ત શબ્દનો પ્રયોગ કરવામાં આવેલો હોવા છતાં બીજા અર્થમાં લેવાનું યોગ્ય છે ? એવા સંભવિત પ્રશ્નના પ્રત્યુત્તર રૂપે અહીં કહેવામાં આવે છે કે એમાં કશુ અનુચિત જેવું નથી થતું. મહત્ શબ્દ સાંખ્ય શાસ્ત્રમાં મહતત્વને માટે વપરાયો હોવા છતાં કઠોપનિષદમાં એનો પ્રયોગ આત્માના અર્થમાં કરવામાં આવ્યો છે, એવી રીતે અવ્યક્ત શબ્દ પણ બીજા અર્થમાં વપરાયો છે એવું કહેવામાં કશું ખોટું નથી. કઠોપનિષદમાં કહ્યું છે કે 'બુદ્ધિથી મહાન આત્મા પર છે.' **बुद्धेरात्मा महान् परः।** ત્યાં મહત્ શબ્દ જીવાત્માને માટે વપરાયો છે અને એને બુદ્ધિથી પર કહ્યો છે; પરંતુ સાંખ્યશાસ્ત્ર પ્રમાણે મહત્તત્વનો અર્થ બુદ્ધિ થાય છે. મહત્ શબ્દ એવી રીતે સાંખ્ય શાસ્ત્ર કરતાં જુદી રીતે વપરાયો છે તેમ અવ્યક્ત શબ્દ પણ વપરાય તો તેમાં કશી હરકત નથી.

**૮. चमसवदविशेषात् ।**

<u>અર્થ</u>

(અજા શબ્દ ત્યાં સાંખ્ય શાસ્ત્રોક્ત પ્રકૃતિનો જ વાચક છે એવું સિદ્ધ નથી થતું કારણ કે )

અવિશેષાત્ = કોઈ જાતની વિશેષતાનો ઉલ્લેખ નહિ હોવાથી.

ચમસવત્ = 'ચમસ'ની જેમ (એને બીજા અર્થમાં પણ લઈ શકાય છે)

ભાવાર્થ

આ સૂત્ર શ્વેતાશ્વતર ઉપનિષદમાં આવેલા અજા શબ્દને અનુલક્ષીને એના અર્થની સ્પષ્ટતા માટે લખવામાં આવ્યું છે. તે ઉપનિષદ જણાવે છે કે 'જગતના મૂળ કારણનો વિચાર કરનારા મહાપુરૂષોએ ધ્યાન યોગ દ્વારા પરમાત્માની પોતાના ગુણોથી ઘેરાયેલી અનંત શક્તિને જોઈ, અને નિર્ણય કર્યો કે જે દેવોના દેવ પરમદેવ એકલા જ કાળ, સ્વભાવથી માંડીને આત્મા સુધીનાં સઘળાં તત્વોના અધિષ્ઠાન છે, અને જેમના આશ્રયથી એ સૌ પોતપોતાના સ્થાનમાં કારણ બને છે, તે પરમાત્મા જ જગતના એક માત્ર કારણ બને છે.' એના પરથી સિદ્ધ થાય છે કે પરમાત્માની એ પરમશક્તિ પરમાત્માથી ભિન્ન નથી. 'અજા' નામથી જેનું વર્ણન કરવામાં આવ્યું છે તે પ્રકૃતિ પરમાત્માના આશ્રયે રહેનારી એમની જ અભિન્ન અંતરંગ શક્તિ છે. એ સાંખ્ય શાસ્ત્રમાં કહેલી કોઈ સ્વતંત્ર શક્તિ કે પ્રકૃતિ નથી. આ સૂત્રમાં એના સ્પષ્ટીકરણ માટે પ્રકારાન્તરે કહેવામાં આવ્યું છે કે ચમસ શબ્દ પરંપરાગત રીતે સોમપાન માટે વપરાતા પાત્ર વિશેષનો વાચક હોવા છતાં પણ બૃહદારણ્યક ઉપનિષદમાં **अर्वाम्बिलश्चमस ऊर्ध्वबुध्नः** જેવા મંત્રોમાં મસ્તકને માટે વપરાયો છે. એના સાંખ્ય શાસ્ત્રમાં કહેલી સ્વતંત્ર પ્રકૃતિના અર્થમાં પ્રયોગ થયો છે એવું માનવાનું કોઈ ખાસ કારણ નથી દેખાતું.

**९. ज्योतिरूपक्रमा तु तथा हाधीयत एक ।**

અર્થ

તુ = નિસ્સંશય

જ્યોતિરૂપકમાં = અજા શબ્દ અહીં તેજાદિ ત્રિવિધ તત્વોની કારણભૂતા પરમાત્માની પરમશક્તિનો વાચક છે.

હિ = કારણ કે

એકે = એક શાખવાળા

તથા = એવી રીતે

અધીયતે = અધ્યન કરે છે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે પરમાત્માએ વિચાર કર્યો કે હું બહુવિધ બનું. પછી એમણે તેજની રચના કરી, અને તેજમાંથી જળ તથા જળમાંથી અન્નની ઉત્પત્તિ કરી. એ પછી કહ્યું કે અગ્નિમાં જે લાલ રંગ છે તે તેજનો, સફેદ રંગ જળનો ને કાળો રંગ અન્નનો અથવા પૃથ્વીનો છે. એ પ્રમાણે પ્રત્યેક પદાર્થમાં એ ત્રણેની વ્યાપકતા વર્ણવી બતાવી છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં 'અજા'ના ત્રણ રંગ બતાવ્યા છે તે તેજ વિગેરેમાં દેખાય છે. એટલે અજા શબ્દ પ્રયોગથી ત્યાં પ્રધાન અથવા પ્રકૃતિનું વર્ણન કરાયું છે એવું કહીએ તો પણ એ પ્રકૃતિ પરમાત્માથી તદ્દન સ્વતંત્ર એવી કોઈ શક્તિ તો નથી જ એ ચોક્કસ છે. કારણ કે શ્વેતાશ્વતર ઉપનિષદમાં ક્ષર એટલે પરમાત્માની શક્તિરૂપ અપરા પ્રકૃતિ, અક્ષર એટલે જીવાત્મા અથવા પરમાત્માની

પર પ્રકૃતિ, પરમાત્માથી પૃથક્ નથી અને પરમાત્મા એના શાસક છે એવુ જણાવવામાં આવ્યું છે. એટલે એ પરમાત્માના આશ્રયે રહેનારી પરમાત્માની જ એક શક્તિ છે.

**१०. कल्पेनापदेशाच्च मध्वदविरोधः ।**

અર્થઃ

કલ્પનોપદેશાત્ = અહીં અજાને રૂપક માનીને એના ત્રિવિધ રૂપની કલ્પનાથી ઉપદેશ કરવામાં આવ્યો છે તેથી.

ચ = પણ

મધ્વાદિવત્ = મધુ વિગેરેની જે.

અવિરોધઃ = વિરોધ નથી થતો.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં રૂપકની કલ્પના દ્વારા સૂર્યને મધુ ના હોવા છતાં મધુ કહ્યો છે. બૃહદારણ્યક ઉપનિષદમાં વાણીને ધેનુ ના હોવા છતાં પણ ધેનુ કહી છે, તથા દ્યુલોકાદિને અગ્નિ કહ્યા છે. એવી રીતે અહીં પણ પરમાત્માની પરમશક્તિને અજા કહીને એના ત્રણ રંગ વર્ણવ્યા છે તેમાં કશું ખોટું નથી થતું. વર્ણનને રોચક કરવા રૂપકનો આધાર લઈ શકાય છે.

**११. न संख्योपसंग्रहादपि नानाभावादतिरेकाच्च ।**

અર્થ

સંખ્યોપસંગ્રાહત્ = સંખ્યા બતાવી હોવાથી.

અપિ = પણ

ન = તે સાંખ્ય શાસ્ત્રોક્ત તત્વોની ગણના નથી.

નાનાભાવાત્ = એ સંખ્યા બીજા અનેક ભાવોને દર્શાવનારી હોવાથી.

ચ = અને

અતિરેકાત્ = ત્યાં એનાથી વધારેનું પણ વર્ણન હોવાથી.

ભાવાર્થ

બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે 'જેની અંદર પાંચ પંચજન અને આકાશ પણ પ્રતિષ્ઠિત છે એ આત્માને મૃત્યુરહિત હું વિદ્વાન અમૃત સ્વરૂપ બ્રહ્મ માનું છું.'

यस्मिन् पञ्च पञ्चजना आकाशसश्च प्रतिष्ठितः ।
तमेव मन्य आत्मनं विद्वान् ब्रह्मामृतोऽमृतम् ॥

એ શ્લોકમાં 'पञ्च पञ्च' એવા સંખ્યા સૂચવતા શબ્દો આવ્યા છે એમના પરથી પચીસ તત્વોની કલ્પના કરવામાં આવે તો તે યોગ્ય નથી. કારણ કે એ સંખ્યાવાચક શબ્દ જુદા જુદા બીજા ભાવોને બતાવે છે. એ શબ્દો દ્વારા પચીસ સંખ્યા માનવામાં આવે તો પણ એ શ્લોકમાં એ ઉપરાંત આકાશ અને આત્માનું

પણ વર્ણન હોવાથી એમની સાથે સત્તાવીસ તત્વો થાય છે. એવી રીતે એ તત્વસંખ્યા સાંખ્યશાસ્ત્રની તત્વસંખ્યાથી વધી જાય છે. એટલે વેદ અથવા ઉપનિષદમાં સાંખ્યશાસ્ત્રોક્ત સ્વતંત્ર પ્રધાનનું કે પચીસ તત્વોનું વર્ણન નથી કરવામાં આવ્યું એવું માનવાનું બરાબર છે. બૃહદારણ્યક ઉપનિષદના **पञ्च पञ्चजनाः** શબ્દો દ્વારા પરબ્રહ્મ પરમાત્માની વિચિત્ર કાર્યશક્તિઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

**१२. प्राणादयो वाक्यशेषात् ।**

અર્થ

વાક્યશેષાત્ = પાછળના વાક્યથી.

પ્રાણાદયઃ = પ્રાણ તથા ઈન્દ્રિયો જ ગ્રહણ કરવા યોગ્ય છે.

ભાવાર્થ

ઉપર કહેલા બૃહદારણ્યક ઉપનિષદના શ્લોક પછીનો શ્લોક આ પ્રમાણે છેઃ -

**प्राणस्य प्राणमुत चक्षुषश्चक्षुरूत श्रोत्रस्य श्रोत्रं मनसो ये मनो विदुः ।**

**ते निचिक्युर्ब्रह्म पुराणमग्र्यम् ॥**

'જે વિદ્વાન પુરૂષ પ્રાણના પ્રાણ, ચક્ષુના ચક્ષુ, શ્રોત્રના શ્રોત્ર અને મનના મનને જાણે છે તે એ સૌના મૂળાધાર જેવા આદિ પરમાત્માને જાણી લે છે.'

એ શ્લોકમાં પ્રાણના પ્રાણ, ચક્ષુના ચક્ષુ, શ્રોત્રના શ્રોત્ર અને મનના મનરૂપે બીજા કોઈનો નહિ પરંતુ પરમાત્માનો જ નિર્દેશ કરેલો છે. એટલે પહેલાંના શ્લોકમાં '**पञ्च पञ्चजनाः**' શબ્દો દ્વારા પાંચ પ્રાણ, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, મન અને બુદ્ધિ જેવી પરમાત્માની શક્તિઓનું જ વર્ણન કરેલું છે. એ શબ્દો દ્વારા બીજા કશાનું ગ્રહણ નથી કરવા જેવું.

**१३. ज्योतिषैकेषामसत्यन्ने ।**

અર્થ

એકેષામ્ = એક શાખાવાળાના પાઠમાં.

અન્ને = અન્નનું વર્ણન.

અસતિ = ના હોવાથી.

જ્યોતિષા = જ્યોતિષ દ્વારા (સંખ્યાની પૂર્તિ થઈ શકે છે.)

ભાવાર્થ

માધ્યંદિની શાખાવાળાના પાઠ પ્રમાણે 'પ્રાણસ્ય પ્રાણમ્' શ્લોકમાં અન્નનું પણ વર્ણન હોવાથી પ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન અને અન્ન મળીને પાંચની સંખ્યા પૂરી થાય છે, પરંતુ કાણ્વ શાખાવાળાના પાઠમાં 'અન્નસ્ય અન્નમ્' એ અંશનો સમાવેશ કરવામાં નથી આવ્યો. એટલે ચારનું જ વર્ણન હોવાથી પાંચની સંખ્યા પૂરી નથી થતી. એવી શંકાના સુખદ સમાધાનરૂપે આ સૂત્રમાં જણાવવામાં આવે છે કે કાણ્વ શાખાવાળાના પાઠ પ્રમાણે એક શબ્દ ઓછો થાય છે એ સાચું છે, પરંતુ એની પૂર્તિ આગળ પર આવેલા 'જ્યોતિ' શબ્દ દ્વારા સહેલાઈથી

થઈ શકે છે. આગળના એ વર્ણનમાં પરમાત્માને જ્યોતિના પણ જ્યોતિ કહેવામાં આવ્યો છે. સંખ્યાની પૂર્તિનો આગ્રહ અનાવશ્યક હોવા છતાં એવો આગ્રહ સેવવો જ હોય તો, એ આગ્રહ એવી રીતે સુચારુરૂપે સંતોષી શકાય છે.

**१४. कारणत्वेन चाकाशादिषु यथाव्यपदिष्टोक्तेः ।**

અર્થ

આકાશાદિષુ = આકાશાદિ કોઈપણ ક્રમથી રચાતા કે પ્રાદુર્ભાવ પામતા પદાર્થોમાં.

કારણત્વેન = કારણરૂપે

ચ = તો

યથાવ્યપદિષ્ટોકતેઃ = સર્વત્ર એક જ વેદાંતવર્ણિત પરમાત્માનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે એથી.

ભાવાર્થ

આ સૂત્ર એક બીજા વિષયનો આરંભ કરે છે. જો કે એ વિષય સર્વથા નૂતન નથી તો પણ લાક્ષણિક રીતે રજૂ કરવામાં આવ્યો છે. વેદ તથા ઉપનિષદમાં જગતના કારણ વિશે વિવિધ ઉલ્લેખો મળી આવે છે. ક્યાંય સત્‌માંથી એની ઉત્પત્તિ બતાવી છે તો ક્યાંક અસત્‌માંથી, ક્યાંક આરંભમાં આકાશની ઉત્પત્તિ બતાવી છે, ક્યાંક તેજની કે પ્રાણની, તો ક્યાંક વળી બીજી વસ્તુની. એવી રીતે વર્ણન ભેદ હોવાથી ચોક્કસપણે એવું ના કહી શકાય કે જગતનું કારણ અમુક છે અને એની ઉત્પત્તિનો ક્રમ પણ અમુક જાતનો છે. એવી વિચારસરણીના ઉત્તરમાં એની સ્પષ્ટતા માટે અહીં જણાવવામાં આવે છે કે વેદ અથવા ઉપનિષદમાં ઉપલક રીતે જોતાં ગમે તેવાં વિરોધાભાષી વિચિત્ર લાગતા વર્ણનો આવતાં હોય તો પણ, અંદરખાને તો સર્વત્ર એક જ વર્ણન જોવા મળે છે કે આકાશાદિ સઘળા પદાર્થોનું ને સમસ્ત જગતનું એકમાત્ર કારણ પરબ્રહ્મ પરમાત્મા જ છે ને બીજું કશું જ નથી. સૃષ્ટિ રચનામાં જુદે જુદે પ્રસંગે જે જુદાં જુદાં વર્ણન આવે છે તે પણ વિરોધી નથી.

'પરમાત્મામાંથી આકાશ થયું' (તૈત્તિરીય ઉપનિષદ,) 'તેણે તેજની રચના કરી' (છાંદોગ્ય ઉપનિષદ,) 'એણે પ્રાણની સૃષ્ટિ કરી' (પ્રશ્ન ઉપનિષદ), એવા વર્ણન પરથી ભેદભાવને તારવવાને બદલે, એને સાથે લઈને એક જ પરમાત્માએ આકાશ, તે જ પ્રાણાદિની ને સમસ્ત જગતની રચના કરી એવું સમજવાની જરૂર છે. એવું સમજવામાં આવે તો કશો ભ્રમ નથી પેદા થતો એમ એમનો સૂચિતાર્થ સ્પષ્ટ થાય છે.

**१५. समाकर्षात् ।**

અર્થ

સમાકર્ષાત = આગળપાછળનાં વચનોને સારી રીતે એકઠાં કરીને અથવા એમના પૂર્વાપર સંબંધને સમજવાથી.

ભાવાર્થ

ઉપનિષદોમાં 'પહેલાં એકમાત્ર સત્ હતું' અને 'આરંભમાં એકમાત્ર અસત્ હતું ' એવાં વિરોધી વર્ણન કરવામાં આવ્યાં છે તો પણ, સત્ અને અસત્ શબ્દો પરમાત્માના સંબંધમાં જ વપરાયા છે એ સ્પષ્ટ થાય છે.

તૈત્તિરીય ઉપનિષદમાં કહ્યું છે કે 'પહેલાં આ અસત્ હતું. એમાંથી સત્ પેદા થયું.' **असद्वा इदमग्र आसीत् ततो वै सदजायत ।** એ ઉપનિષદમાં પરમાત્માને સત્ય, જ્ઞાન અને અનંત કહ્યા છે. સત્ નો અર્થ પરમ અથવા શાશ્વત સત્ય એવો છે. અને અસત્ નો અર્થ સત્ય નહિ એવો અથવા અભાવસૂચક કે મિથ્યા નથી કરવાનો, પરંતુ જેની અંદર જગતરૂપી પ્રવૃત્તિ ન હતી અથવા જગતનો આવિર્ભાવ જેમાંથી નહોતો થયો એ અભિવ્યક્તિ રહિત પરમાત્મા એવો લેવાનો છે.

એટલે જે સત્ છે તે જ અસત્ છે. બંને શબ્દો પરમાત્માના જ વાચક છે. એમના પ્રયોગ દ્વારા પરમાત્માનું જ વર્ણન કરવામાં આવ્યું છે, અને એ પરમાત્મા જ જગતના એકમાત્ર કારણ છે એમાં શંકા નથી.

**१६. जगद्वाचित्वात् ।**

અર્થ

જગદ્‌વાચિત્વાત્ = સૃષ્ટિરૂપી કર્મ જડચેતનાત્મક સમસ્ત જગતનું વાચક છે તેથી. (એના કર્તા પરમાત્મા જ છે)

ભાવાર્થ

કૌષીતકિ બ્રાહ્મણ ઉપનિષદમાં આવેલા અજાતશત્રુ અને બાલાકિના સંવાદને અનુલક્ષીને આ સૂત્ર લખાયું છે. એ સંવાદમાં બાલાકિએ કહ્યું છે કે 'જે આ સૂર્યમાં પુરૂષ છે તેની હું ઉપાસના કરૂં છું.' 'આ જમણી આંખમાં જે પુરૂષ છે તેની ઉપાસના કરૂં છું.' એવી રીતે પોતાને સોળ પુરૂષોની ઉપાસના કરવાવાળો કહી બતાવ્યો. ત્યારે અજાતશત્રુએ જણાવ્યું કે 'તું બ્રહ્મને નથી જાણતો. હું તને તેનો ઉપદેશ આપું છું. તારા કહેલા સોળ પુરૂષોના જે કર્તા છે, અને જેમનાં આ બધાં કર્મ છે, તે જ જાણવા યોગ્ય છે .' એ પ્રમાણે ત્યાં પુરૂષવાચક જીવાત્માને અને એના અધિષ્ઠાન જેવા જડ શરીરને પરમાત્માનું કર્મ કહ્યું છે. કર્મ અથવા કાર્ય શબ્દ સમસ્ત જગતનો વાચક છે. એટલે પ્રકૃતિ નહિ પરંતુ પરમાત્મા જ જગતના એકમાત્ર કારણ છે.

**१७. जीवमुरव्मप्राणलिङ्गान्नेति चेतद् व्यारव्यातम् ।**

અર્થ

ચેત્ ઈતિ = જો એવું કહેતા હો કે.

જીવમુખ્યપ્રાણલિંગાત્ = જીવ તથા મુખ્ય પ્રાણનાં બોધક લક્ષણ મળે છે તેથી (પ્રાણસહિત જીવ જ જ્ઞેય હોવો જોઈએ.)

ન = પરમાત્મા જ્ઞેય નથી. (તો)

તદ્ વ્યાખ્યાતમ્ = એની સ્પષ્ટતા થઈ ચૂકી છે.

ભાવાર્થ

જો એવું કહેવામાં આવે કે એ વર્ણનના ઉત્તરાર્ધમાં જીવાત્મા તથા મુખ્ય પ્રાણનાં બોધક લક્ષણોનો સમાવેશ થયેલો હોવાથી પ્રાણ સહિત એનો અધિષ્ઠાતા જીવ જ જગતનો કર્તા તથા જ્ઞેય છે તો એવું કથન યોગ્ય નથી. પરમાત્મા સમસ્ત ધર્મોના આશ્રય હોવાથી એમની અંદર જીવ તથા પ્રાણના ધર્મોનો સમાવેશ થઈ શકે છે. જ્ઞેય તથા ધ્યેય તો એક પરમાત્મા જ છે. એમના વિના બીજું કોઈ જ નથી એ નક્કી છે.

**१८. अन्यार्थं तु जैमिनिः प्रश्नव्यारव्यानाभ्यामपि चैवमेके ।**

અર્થ

જૈમિનીઃ = આચાર્ય જૈમિની.

તુ = તો (જણાવે છે કે)

અન્યાર્થમ્ = જીવાત્મા તથા મુખ્ય પ્રાણનું વર્ણન બીજા જ પ્રયોજનથી કરાયલું છે.

પ્રશ્નવ્યાખ્યાનાભ્યામ્ = પ્રશ્ન અને ઉત્તરથી એ જ સિદ્ધ થાય છે તેથી.

ચ = અને.

એક = કાણ્વ શાખાવાળા.

એવમ્ અપિ = કહે છે પણ

ભાવાર્થ

આ સૂત્રમાં આચાર્ય જૈમિનીનો અભિપ્રાય જણાવવામાં આવે છે. એ અભિપ્રાય પ્રમાણે એ પ્રકરણમાં જીવાત્મા તથા મુખ્ય પ્રાણનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે વર્ણન એમને જગતના કારણ બનાવવા માટે નથી આવ્યું. એ વર્ણનની પાછળનું પ્રયોજન તો જુદું જ છે. એમને પરમાત્મામાં વિલીન બનનારા કહી બતાવીને પરમાત્માને જ જગતના એકમાત્ર કારણ કહેવામાં આવ્યા છે. જીવાત્મા સુષુપ્તિદશામાં પરમાત્મામાં લય પામે છે. એ દૃષ્ટાંત દ્વારા પરમાત્મા જ સૌના મૂળ કારણ છે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે. એ ઉપરાંત કાણ્વ શાખાવાળાએ એ વિષયને પોતાના ગ્રંથમાં સ્પષ્ટ કર્યો છે. તેમાં અજાતશત્રુએ જણાવ્યું છે કે 'વિજ્ઞાનમય પુરૂષ અથવા જીવાત્મા સુષુપ્તિદશામાં સ્થિત હતો ત્યારે બુદ્ધિ સાથે સઘળા પ્રાણોનો અથવા મુખ્ય પ્રાણને અને ઈન્દ્રિયોની વૃત્તિને લઈને હૃદયની અંદરના આકાશમાં સુઈ રહેલો. એ વખતે એનું નામ સ્વપતિ કહેવાય છે.' એ વર્ણનમાં આવેલો આકાશ શબ્દ પરમાત્માનો વાચક છે. એ વર્ણન દ્વારા સૂચવવામાં આવ્યું છે કે સુષુપ્તિમાં જીવાત્મા જેવી રીતે સઘળા પ્રાણોની સાથે પરમાત્મામાં વિલિન થાય તેવી રીતે પ્રલયકાળમાં સમસ્ત જગત પરમાત્મામાં વિલિન બને છે અને સૃષ્ટિ કામમાં ફરી પ્રાદુર્ભાવ પામે છે.

**१९. वाक्यान्वयात् ।**

અર્થ

વાક્યાન્વયાત્ = પૂર્વા પર વાક્યોના સમન્વયથી

ભાવાર્થ

કૌષિતકિ બ્રાહ્મણ ઉપનિષદના વાક્યોના પૂર્વા પર સંબંધથી પણ એ જ વાતની પુષ્ટિ થાય છે એવું આચાર્ય જૈમિનિનું કહેવું છે. ત્યાં પ્રકરણના પ્રારંભમાં પરમાત્માને જ જાણવા યોગ્ય કહી બતાવ્યા છે અને પ્રકરણની પરિસમાપ્તિ વખતે પરમાત્માને જાણનારનો મહિમા જણાવ્યો છે. એવી રીતે વિચારવાથી સિદ્ધ થાય છે કે એમા પરમાત્માને જ પ્રાપ્તવ્ય અને જગતના એક માત્ર કારણ કહી બતાવ્યા છે. એમાં પરમાત્માના જ મહિમાનું જયગાન ગાવામાં આવ્યું છે.

**૨૦. प्रतिज्ञानसिद्धेर्लिङ्गमित्याश्मरस्यथ्य ।**

<u>અર્થ</u>

લિંગમ્ = એ પ્રકરણમાં જીવાત્મા તથા મુખ્ય પ્રાણના લક્ષણોનું વર્ણન પરમાત્માને જ જગતના કારણ બતાવવા કરાયું છે.

પ્રતિજ્ઞા સિદ્ધેઃ = એવું માનવાથી જ પહેલાંની પ્રતિજ્ઞાની સિદ્ધિ થાય છે તેથી

ઈતિ = એવું.

આશ્મરથ્ય = આચાર્ય આશ્મરથ્યનું મંતવ્ય છે.

<u>ભાવાર્થ</u>

એ ઉપનિષદમાં આરંભમાં અજાત શત્રુએ પ્રતિજ્ઞા કરેલી કે બ્રહ્મ વિશે કહીશ.' **ब्रह्म ते ब्रह्माणि** । એ પ્રતિજ્ઞાની સિદ્ધિ પરમાત્માને જગતના કારણ તથા સર્વ શ્રેષ્ઠ કહી બતાવવાથી જ થઈ શકે છે. જીવ તથા પ્રાણનું વર્ણન તો પરમાત્માની સર્વશ્રેષ્ઠતાને બતાવવા માટે જ કરાવેલું છે. આચાર્ય આશ્મરથ્યનો એવો સુનિશ્ચિત અભિપ્રાય આ સૂત્ર દ્વારા જણાવવામાં આવ્યો છે.

**૨૧. उत्क्रमिष्यत एवं भावादित्यौडुलोमिः ।**

<u>અર્થ</u>

ઉત્ક્રમિષ્યતઃ = શરીરને છોડીને પરલોકમાં જનારા જ્ઞાનીનું.

એવં ભાવાત્ = એવી રીતે પરમાત્મામાં વિલીન થવાનું બીજે ઠેકાણે પણ કહ્યું છે તેથી.

ઈતિ = એવું.

ઔડુલોમિઃ = આચાર્ય ઔડુલોમિ માને છે.

<u>ભાવાર્થ</u>

આ સૂત્રમાં આચાર્ય ઔડુલોમિનો અભિપ્રાય દર્શાવવામાં આવે છે. એ અભિપ્રાય પ્રમાણે ઉપનિષદમાં બીજે સ્થળે બ્રહ્મજ્ઞાની પુરૂષ પરમાત્મામાં મળે છે એવું કહેવામાં આવ્યું છે. મુંડક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'સમુદ્ર તરફ વહેનારી સરિતાઓ જેવી રીતે પોતાના નામ રૂપને છોડીને સમુદ્રમાં મળી જાય છે તેવી રીતે જ્ઞાની મહાપુરૂષ નામ રૂપથી મુક્તિ મેળવીને સર્વોત્તમ દિવ્ય પરમ પુરૂષ કે પરમાત્માને પ્રીત કરે છે.'

यथा नद्यः स्यन्दमानाः समुद्रेङस्तं गच्छंति नामरूपे विहाय ।

तथा विद्वान् नामरूपाद् विमुक्तः परात्परं पुरूषमुपैति दिव्यम् ॥

એટલે જીવાત્મા તથા મુખ્ય પ્રાણનું વર્ણન જગતના સર્જન તથા વિસર્જનના કારણ પરમાત્માને બતાવવા માટે જ કરાયલું છે એવું એ આચાર્યનું પણ કહેવું છે.

**२२. अवस्थितेरिति काशकृत्स्नः ।**

અર્થ

અવસ્થિતેઃ = પ્રલય સમયે સંપૂર્ણ જગતની સ્થિતિ પરમાત્મામાં જ થાય છે માટે.

ઈતિ = એવું.

કાશકૃત્સ્નઃ = આચાર્ય કાશકૃત્સ્ન માને છે.

ભાવાર્થ

આ સૂત્રમાં આચાર્ય કાશકૃત્સ્નના મંતવ્યને રજૂ કરતાં કહેવામાં આવે છે કે એ આચાર્યનું માનવું છે કે પ્રલયકાળમાં જગતની સ્થિતિ પરમાત્મામાં થાય છે. એવું સ્પષ્ટ કહેવામાં આવ્યું હોવાથી પરમાત્મા જ સમસ્ત જગતના એક માત્ર કારણ છે. ઉપર્યુક્ત પ્રસંગમાં પ્રાણ તથા જીવાત્મા પરમાત્મા મળી જાય છે એવું વર્ણવ્યું છે તે પણ પરમાત્માને જગતના કારણ કહી બતાવવા માટે જ.

**२३. प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात् ।**

અર્થ

પ્રકૃતિઃ = ઉપાદાન કારણ.

ચ = પણ. (પરમાત્મા જ છે)

પ્રતિજ્ઞા દૃષ્ટાન્તાનુપરોધાત્ = એવું માનવાથી જ શ્રુતિના પ્રતિજ્ઞાવાક્યા તથા દૃષ્ટાંતવાક્યોની સંગતિ સધાય છે તેથી.

ભાવાર્થ

જગતનું નિમિત કારણ અથવા એના અધિષ્ઠાતા, સૂત્રધાર, સંચાલક તથા રચયિતા તો ઈશ્વર છે પરંતુ ઉપાદાન કારણ પ્રકૃતિ, માયા અથવા પ્રધાન છે, એવું માનીએ તો સૂત્રકાર સ્પષ્ટ રીતે જણાવે છે કે શ્રુતિના પ્રતિજ્ઞા વાક્યો તથા દ્દષ્ટાંતવાક્યોની સંગતિ નહિ સાધી શકાય. ઉપનિષદમાં અનેક ઠેકાણે પ્રતિજ્ઞા અથવા સિદ્ધાંતવાક્યો ને દ્દષ્ટાંતવાક્યોની સંગતિનું દર્શન થાય છે.

છાંદોગ્ય ઉપનિષદમાં શ્વેતકેતુને એના પિતાએ પુછ્યું છે કે 'તારા ગુરૂ પાસેથી તને એ તત્વોપદેશ પ્રાપ્ત થયો છે ખરો કે જેને જાણવાથી ના સાંભળેલું, સાંભળેલું થાય છે, મનન ના કરેલું મનન કરેલું બની જાય છે, અને ના જાણેલું, જાણેલું બને છે ? '

શ્વેતકેતુએ એ સાંભળીને પોતાના પિતાને એ સદ્દપદેશ વિશે પુછ્યું તો પિતાએ એને દૃષ્ટાંત સાથે સમજાવ્યું કે 'જેવી રીતે એક મૃતિકાપિંડને જાણી લેવાથી માટીની બનેલી સઘળી વસ્તુઓને જાણી શકાય છે. એવી રીતે પિતા આરૂણિએ ત્યાં સોના તથા લોઢાનાં દૃષ્ટાંતો પણ આપ્યા છે. હવે પરમાત્માથી પૃથક્ પ્રધાનને જગતનું ઉપાદાન કારણ માની લઈએ તો એના એક અંશનું જ્ઞાન થવાથી પ્રધાનનું જ જ્ઞાન થઈ

શકશે, પરમાત્માનું જ્ઞાન નહિ થાય. ઉપનિષદના એ પ્રસંગમાં પરમાત્માના જ્ઞાનનું પ્રયોજન હોવાથી, પરમાત્માને જગતનું ઉપાદાન કારણ માનીએ તો જ એ પ્રતિજ્ઞા કે સિદ્ધાંત ને દૃષ્ટાંતવાક્યોનો સુમેળ સાધી શકાય છે.

શ્વેતાશ્વતર જેવાં ઉપનિષદોમાં અજા, માયા, શક્તિ પ્રધાન જેવાં નામથી જેનું વર્ણન કરાયું છે તે તો પરમાત્માની પોતાની અભિન્ન અંતરંગ શક્તિ છે. તે કોઈ સ્વતંત્ર તત્વ નથી. સૂર્ય અને પ્રકાશ જેમ એક અથવા અવિભાજ્ય છે તેમ તે પણ પરમાત્માથી અવિભાજ્ય છે. જડ પ્રકૃતિ જડ અને ચેતનનું ઉપાદાન કારણ કદાપિ ના હોઈ શકે. જડમાંથી ચેતનનો અવિર્ભાવ ના થઈ શકે. ગીતાના સાતમા અધ્યાયમાં પરા તથા અપરા બંને પ્રકારની પ્રકૃતિનું વર્ણન કરીને ભગવાને પોતાને સમસ્ત જગતના પ્રભવ અને પ્રલય તરીકે દર્શાવીને સૌના મૂળ મહા કારણ કહ્યા છે. એટલે પરમાત્મા જ જગતના નિમિત્ત તથા ઉપાદાન કારણ છે એવું પુરવાર થાય છે.

**૨૪. अभिध्योपदेशाच्च ।**

<u>અર્થ</u>

અભિધ્યોપદેશાત્ = અભિધ્યા એટલે ચિંતન અથવા સંકલ્પપૂર્વક સૃષ્ટિની રચનાનું વર્ણન હોવાથી.

ચ = પણ.

<u>ભાવાર્થ</u>

જગતના નિમિત્ત અને ઉપાદાન કારણ એક માત્ર પરમાત્મા જ છે એટલે તો ઉપનિષદ એમણે સૃષ્ટિ રચનાનો સંકલ્પ કર્યો અને પોતે સર્વશક્તિમાન હોવાથી કોઈની પણ મદદ વિના સૃષ્ટિની રચના કરી એવું જણાવે છે. જો સૃષ્ટિના આરંભમાં એક માત્ર પરમાત્મા જ હતા તો પછી જે કાંઈ સર્જન થયું એ એમની દ્વારા અને એમનામાં જ થયું એવું આપોઆપ ફલિત થાય છે. જો એમના સિવાય બીજું કશું હતું જ નહિ તો જગતની ઉત્પત્તિમાં બીજું શું કારણરૂપ બને ? કશું જ ના બની શકે.

**૨૫. साक्षाच्चोभयाम्नानात् ।**

<u>અર્થ</u>

સાક્ષાત્ = ઉપનિષદ સ્વયં પોતાના શબ્દો દ્વારા.

ચ = પણ.

ઉભયામ્નાનાત = ઉપાદાન ને નિમિત્ત બંને કારણ હોવાની પુનરાવૃત્તિ કરે છે તેથી પણ.

<u>ભાવાર્થ</u>

જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ કેવળ પરમાત્મા જ છે એવું ઉપનિષદનાં વાક્યો દ્વારા પણ વારંવાર સિદ્ધ થતું જાય છે. શ્વેતાશ્વતર ઉપનિષદનો આરંભ જગતના કારણને સમજવાની મહર્ષિઓની જિજ્ઞાસાથી થાય છે. તેમાં જણાવ્યું છે કે જગતના કારણને જાણવા માટે મહર્ષિઓએ ધ્યાનયોગનો આધાર

લીધો અને પરમાત્માની પરાત્પરા શક્તિનો સાક્ષાત્કાર કર્યો. એથી એમની પ્રતીતિ થઈ કે પરમાત્મા જ સૌના કારણ બનીને સૌના પર શાસન કરે છે. બીજાં ઉપનિષદોમાં પણ પરમાત્માને સર્વરૂપ કહેલા છે.

**२६. आत्मकृतेः ।**

અર્થ

આત્મકૃતેઃ = પોતે જગતના રૂપે પ્રકટે છે એવું વર્ણન હોવાથી.

ભાવાર્થ

તૈત્તિરીય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'જગત પહેલાં અવ્યક્ત દશામાં હતું, અવ્યક્તમાંથી એ પ્રકટ થયું. પરમાત્માએ પોતાને જગતરૂપમાં પ્રકટ કર્યા.' એથી સ્પષ્ટ થાય છે કે પહેલાં પણ પરમાત્મા હતા. અને જગતના રૂપમાં પણ એ જ પ્રકટ થયા. જગતના એકમાત્ર કારણ એ જ છે.

**२७. परिणामात् ।**

અર્થ

પરિણામાત્ = ઉપનિષદમાં એ જગતરૂપે પરીણમ્યા છે એવો ઉલ્લેખ હોવાથી.

ભાવાર્થ

પરમાત્મા જ જગતના કર્તા છે અને જગતરૂપ છે કારણકે ઉપનિષદ એમાં સૂર પુરાવે છે. તૈત્તિરીય ઉપનિષદ કહે છે કે ' જગતની રચના કરીને પરમાત્માએ એમાં પ્રવેશ કર્યો. એમાં પ્રવેશીને એ પોતે જ મૂર્ત અને અમૂર્ત- સત્ અને અસત્ બન્યા. બતાવવામાં આવનારાં ને ના આવનારાં, આશ્રય આપનારાં ને ના આપનારાં, જડ ને ચેતન, સત્ય અને અસત્ય, સૌના રૂપે એ જ પ્રકટ થયા. જે કાંઈ દેખાય કે અનુભવાય છે તે એ સત્ય જ એવું જ્ઞાનીપુરૂષો જણાવે છે.'

तत्सृष्टवा तदेवानुप्राविशत् । तदनुप्रविश्य सच्च त्यश्चाभषत् । निरूक्तं चानिरूक्तं च । निलयनं चानिलयनं च । विज्ञानं चाविज्ञानं च । सत्यं चानृतं च । सत्यमभवत् । यदिदं किच । तप्सत्यमित्याचक्षते ।

પરિણામનો અર્થ અહીં વિકાર નથી લેવાનો. ફુલમાંથી ફોરમ અને સૂર્યમાંથી કિરણો પ્રસરે તેમ, એમની શક્તિનો પ્રસાર થાય છે ને તે જગતરૂપે પ્રકટે છે ને જગતના કારણ બને છે.

**२८. योनिश्च हि गीयते ।**

અર્થ

હિ = કારણ કે.

યોનિઃ = યોનિ

ચ = પણ.

ગીયતે = કહેવામાં આવે છે.

ભાવાર્થ

ઉપનિષદમાં પરમાત્માને યોનિ કહેવામાં આવ્યા છે. યોનિનો અર્થ ઉપાદાન કારણ કરવામાં આવે છે. મુંડક ઉપનિષદ પરમાત્માને **ब्रह्मयोनिम्** એટલે કે બ્રહ્માની યોનિ અથવા બ્રહ્માના ને સમસ્ત સંસારના કારણ કહે છે એ જ ઉપનિષદમાં બીજે ઠેકાણે **भूतयोनि पस्पिश्यंति धीराः** કહીને સમસ્ત પ્રાણીઓના યોનિ જેવા પરમાત્માને જ્ઞાનીપુરૂષો સર્વત્ર અનુભવે છે. એવી સ્પષ્ટતા કરવામાં આવી છે. એ બધા વર્ણન પરથી પ્રતીતિ થાય છે કે સમસ્ત સૃષ્ટિના એકમાત્ર કારણ પરમાત્મા જ છે. પરમાત્મા જ સંસારના રૂપમાં દૃષ્ટિગોચર થાય છે. સોનાના ઘરેણાને જોનાર કહે કે હું કંઠી, માળા, વીંટી અથવા કડાને જોઉં છું પણ સોનાને નથી જોતો. તેવી રીતે માનવ જુદા જુદા નામરૂપવાળા જગતને જુએ છે પરંતુ એના રૂપમાં રહેનારા કે રમનારા પરમાત્માને નથી નિહાળતો એ એનું અજ્ઞાન જ છે. એ અજ્ઞાન દૂર થાય તો પરમાત્મા વિના બીજું કશું જ ના દેખાય.

**२९. एतेन सर्वे व्यारव्याता व्यारव्याताः ।**

<u>અર્થ</u>

એતેન = આ સ્પષ્ટીકરણ દ્વારા.

સર્વે વ્યાખ્યાતાઃ = સઘળા પૂર્વપક્ષના પ્રશ્નોના પ્રત્યુત્તર આપી દેવાયા.

વ્યાખ્યાતાઃ = ઉત્તર આપી દેવાયા.

<u>ભાવાર્થ</u>

આ સૂત્ર દ્વારા વિષયની અને અધ્યાયની પરિસમાપ્તિ કરતાં કહેવામાં આવે છે કે પરમાત્મા જ જગતના એકમાત્ર કારણ છે એવો નિર્ણય કરીને બીજા બધા જ પ્રતિપક્ષીઓનું સમ્યક્ સમાધાન કરી દેવાયું. પ્રધાનકારણવાદી સાંખ્યનું અને પરમાણુકારણવાદી નૈયાયિકનું તથા અન્ય મતાવલંબીનું નિરાકરણ કરવામાં આવ્યું. હવે આ સંબંધમાં કશી શંકા ના રહી. આ ગ્રંથના અભ્યાસીઓને પણ કશી શંકા નહિ રહે એવું માનીએ તો તે વધારે પડતું નહિ ગણાય.

**અધ્યાય ૧ પાદ ૪ સંપૂર્ણ**

# બ્રહ્મસૂત્ર



# અધ્યાય બીજો

## અધ્યાય ૨ - પાદ ૧

| | |
|---|---|
| ૧ થી ૧૧ | પ્રધાનને જગતનું કારણ ન માનવાથી થતા દોષોનો ઉલ્લેખ અને ઉત્તર. |
| ૧૨ | બીજા મતોનું નિરાકરણ. |
| ૧૩ થી ૧૪ | બ્રહ્મકારણવાદ વિષે. |
| ૧૫ થી ૨૦ | સત્કાર્યવાદ અને પરમાત્માથી જગતની અનન્યતા. |
| ૨૧ થી ૨૩ | અનન્યતા વિષે વધારે. |
| ૨૪ થી ૨૫ | પરમાત્માના સંકલ્પથી સૃષ્ટિ. |
| ૨૬ થી ૨૮ | બ્રહ્મકારણવાદ વિષે વધારે. |
| ૨૯ થી ૩૦ | પોતાના સિદ્ધાંતનું સમર્થન. |
| ૩૧ થી ૩૩ | જગત લીલા છે. |
| ૩૪ થી ૩૫ | પરમાત્માની વિષમતા કે નિર્દયતા વિષે. |
| ૩૬ થી ૩૭ | જીવો તથા કર્મોનું અનાદિપણું. |



## અધ્યાય ૨ - પાદ ૧

**१. स्मृत्यनवकाशदोषप्रसङ्ग इति चेन्नान्यस्मृत्यनवकाशदोषप्रसङ्गात् ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે.

સ્મૃત્યનવકાશદોષપ્રસંગઃ = પ્રધાનને જગતનું કારણ ના માનવાથી સાંખ્યસ્મૃતિને માન્યતા ના આપવાનો દોષ પેદા થશે.

ઇતિ ન = તો એવું માનવાનું બરાબર નથી.

અન્ય સ્મૃત્યનવકાશ દોષપ્રસંગાત્ = એને માન્યતા આપવાથી બીજી સ્મૃતિઓને માન્યતા ના આપવાનો દોષ પેદા થાય છે માટે.

ભાવાર્થ

જો કોઈ વિચારક તરફથી દલીલ કરવામાં આવે કે પ્રધાનને જગતનું કારણ ના માનવાથી, પ્રધાનને જ જગતનું કારણ માનનારી સાંખ્યસ્મૃતિની અવજ્ઞા થશે અને એને માન્યતા ના આપવાનો કે પ્રમાણ ના માનવાનો દોષ પેદા થશે, એટલા માટે જગતના કારણ તરીકે પરમાત્માને માનવાને બદલે પ્રધાનને માનવાનું જ બરાબર છે, તો એવી દલીલ યોગ્ય નથી. સાંખ્યસ્મૃતિને અનુસરીને પ્રધાનને જ જગતનું કારણ માની લઈએ તો બીજી સ્મૃતિઓની અવજ્ઞા થશે અને એમને પ્રમાણભૂત ના માનવાનો દોષ પેદા થશે; કારણ કે સાંખ્યસ્મૃતિ જેમ પ્રધાનને જગતનું કારણ માને છે તેમ બીજી કેટલીક સ્મૃતિઓ પરમાત્માને જ જગતના એકમાત્ર કારણ કહી બતાવે છે. તો પછી એમનો અનાદર કરીને અથવા એમના અભિપ્રાયને અગત્ય ના આપીને, કેવળ સાંખ્યસ્મૃતિના જ સિદ્ધાંતને મહત્વ શા માટે આપવું જોઈએ ? સ્મૃતિ કરતાં શ્રુતિનું મહત્વ લેશ પણ ઓછું નથી, એટલા માટે જે સ્મૃતિના ભાવો, વિચારો કે સિદ્ધાંતો શ્રુતિના ભાવો, વિચારો કે સિદ્ધાંતોથી વિરોધી હોય તે સ્મૃતિને પ્રમાણભૂત ના માની શકાય અને એની બધી વાતોને વેદવાક્ય જેવી પણ ના ગણી શકાય. શ્રુતિના અને સ્મૃતિના વિચારો વચ્ચે ક્યાંક વિરોધ હોય તો ત્યાં તેટલા પૂરતું શ્રુતિને જ વધારે ને પ્રથમ મહત્વ આપવું જોઈએ અને એના અભિપ્રાયને જ આદર્શ, અનુકરણીય, આદરણીય અને પ્રમાણભૂત માનવો જોઈએ. શ્રીમદ્ ભગવદ્ગીતા, મનુસ્મૃતિ, વિષ્ણુપુરાણ જેવા સ્મૃતિગ્રંથોમાં પરમાત્માને જ જગતના કારણ કહ્યા છે. એ કથન શ્રુતિને અનુરૂપ હોવાથી બરાબર છેઃ

ગીતા કહે છે,

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।
इति मत्वा भजंते मां बुधा भावसमन्विताः ॥

'હું સૌના જન્મનું એક માત્ર કારણ છું, મારે લીધે જ સર્વનું અસ્તિત્વ છે, એવું માનીને ભક્તિભાવથી ભરપુર હૃદયવાળા જ્ઞાનીજનો મને જ ભજે છે .'

મનુસ્મૃતિ જણાવે છે,

सोऽभिध्याय शरीरात् स्वात् सिसृक्षुर्विविधाः प्रजाः ।

अप एव ससर्जादौ तासु वीर्यमवासृजत् ॥

'વિવિધ પ્રકારની પ્રજાને પોતાના શરીરમાંથી પેદા કરવાનો સંકલ્પ કરીને એમણે સૌથી પહેલાં પ્રાણીની સૃષ્ટિ કરી; પછી એમાં પોતાની શક્તિ કે ચેતનાનું આરોપણ કર્યું .'

વિષ્ણુપુરાણ વર્ણવે છે,

विष्णोः सकाशादुद्भूतं जगत्तत्रैव च स्थितम् ।

स्थितिसंयमकर्तासौ जगतोऽस्य जगश्च सः ॥

'આ સમસ્ત જડચેતનાત્મક જગત ભગવાન વિષ્ણુમાંથી પ્રકટયું છે, અને એમનામાં જ સ્થિતિ કરે છે. એ જગતના પાલક તથા વિનાશક છે, આ જગત એમનું જ સ્વરૂપ છે અથવા એ જગતરૂપ છે '

વિષ્ણુસહસ્ત્રનામ, દુર્ગાસપ્તશતી તથા શિવમહિમ્નસ્તોત્રમાંથી પણ એવા અનેક અંશો ઉદ્દધૃત કરી શકાય તેમ છે. એ સૌનો મધ્યવર્તી વિચાર એ જ છે કે જગત પરમાત્માંથી થયું છે ને પરમાત્મામય છે.

**२. इतरेषां चानुषलब्धेः ।**

<u>અર્થ</u>

ચ= અને.

ઈતરેષામ્ = બીજા સ્મૃતિકારોના અભિપ્રાયમાં.

અનુપલબ્ધે = પ્રધાન કારણવાદ ઉપલબ્ધ નથી થતો માટે.

<u>ભાવાર્થ</u>

મનુ મહારાજ જેવા બીજા સ્મૃતિકારોના વેદાનુકૂળ વિચારોની ઉપેક્ષા કેવી રીતે કરી શકાય ? એ સ્મૃતિકારોના અભિપ્રાય પ્રમાણે પ્રધાન અથવા પ્રકૃતિ નહિ પરંતુ પરમાત્મા જ જગતના એકમાત્ર કારણ છે. સૃષ્ટિની ઉત્પત્તિ પરમાત્માંથી જ થાય છે. એટલે એ અગત્યના વિષયમાં સાંખ્યશાસ્ત્રને પ્રમાણ ના માનવામાં આવે એ જ બરાબર છે.

**३. एतेन योगः प्रत्युक्तः ।**

<u>અર્થ</u>

એતેન = આ વિચારધારા દ્વારા.

યોગ = યોગશાસ્ત્ર કે યોગદર્શનનો પણ.

પ્રત્યુક્ત = પ્રત્યુત્તર અપાઈ ગયો.

<u>ભાવાર્થ</u>

સૂત્રકાર આ સૂત્ર દ્વારા જણાવે છે કે સાંખ્યદર્શનને જે વાત લાગુ પડે છે તે જ વાત મહર્ષિ પતંજલિના યોગદર્શનને લાગુ પડે છે. યોગદર્શન જગતના કારણ સંબંધમાં સાંખ્યદર્શનને મળતું આવે છે. કારણ કે એ પણ દૃશ્યને અથવા જડ પ્રકૃતિને જગતનું કારણ માને છે. એ વિષયમાં એનો અભિપ્રાય પણ આદર્શ નથી લાગતો. અત્યાર સુધીની ચર્ચા વિચારણા દ્વારા એ અભિપ્રાયનો ઉત્તર પણ આપોઆપ અપાઈ ગયો એવી આ સૂત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી.

આ સૂત્ર યોગસાધના, યોગદર્શન અને એમના રચયિતા મહર્ષિ પતંજલિની પ્રાચીનતા પર પ્રકાશ ફેંકે છે. એ એનો દસ્તાવેજી પુરાવો છે. બ્રહ્મસૂત્રમાં એમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ સૂચવે છે કે બ્રહ્મસૂત્રના રચયિતા મહર્ષિ વ્યાસના જીવનકાળ દરમિયાન અથવા એની પહેલાં એમની હયાતિ હતી. સાંખ્યદર્શનની જેમ યોગદર્શન પણ ખૂબ જ પુરાતન અને બ્રહ્મસૂત્રની પહેલાંનો ગ્રંથ છે એની પ્રતીતિ આ સૂત્ર પરથી સહેલાઈથી થઈ રહે છે. ધાર્મિક ઇતિહાસના અન્વેષકો અથવા અભ્યાસીઓને માટે આ સામગ્રી ખુબ જ ઉપયોગી અથવા કીંમતી થઈ પડે તેમ છે.

**૪. न विलक्षणत्वादस्व तथात्वं च शब्दात् ।**

અર્થ

ન = ચેતન બ્રહ્મ જગતનું કારણ નથી.

અસ્ય વિલક્ષણત્વાત્ = આ કાર્યરૂપ જગત એનાથી વિલક્ષણ કે જડ છે માટે.

ચ = અને

તથાત્વમ્ = એનું જડ હોવું.

શબ્દાત્ = શબ્દ કે વેદપ્રમાણથી પુરવાર થાય છે.

ભાવાર્થ

તૈત્તિરીય ઉપનિષદમાં પરમાત્માને सत्यं ज्ञानमनंतं ब्रह्म કહીને પરમ સત્ય, જ્ઞાનસ્વરૂપ અને અનંત કહ્યા છે ને જગતને જ્ઞાનરહિત તથા પરિવર્તનશીલ ને જડ કહ્યું છે. એવી રીતે જગત પરમાત્માથી વિલક્ષણ છે. કારણથી કાર્ય એવી રીતે જુદું નથી હોતું; એટલે ચેતન પરમાત્માને જડ જગતના ઉપાદાનકારણ ના માની શકાય, અને માનવા જ હોય તો પરમાત્માને જડ કહેવા પડે અથવા જગતને ચેતન સમજવું રહે.

આ સૂત્રમાં અને આની પછીના બીજા સૂત્રમાં પૂર્વપક્ષની સ્થાપના કરવામાં આવી છે.

**૫. अभिमानीव्यपदेशस्तु विशेषानुगतिम्याम् ।**

અર્થ

તુ = પરંતુ.

અભિમાનિવ્યપ્રદેશ = તે તે તત્વોના અભિમાની દેવતાઓનું વર્ણન છે (એ વાત)

વિશેષાનુગતિભ્યામ્ = વિશેષ શબ્દોના પ્રયોગને લીધે તથા એ તત્વોમાં દેવતાઓના પ્રવેશનું વર્ણન હોવાને લીધે (સિદ્ધ થાય છે.)

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે 'तत्तेज एक्षत' 'એ તે જે વિચાર કર્યો' અને 'ता आप एक्षन्त' એ પ્રાણીએ વિચાર કર્યો.' એ ઉપરાંત પુરાણગ્રંથોમાં સરિતા, સમુદ્ર, પર્વતાદિનું ચેતન જેવું વર્ણન કરેલું. એટલે જગત ચેતન હોવાથી ચેતન પરમાત્માથી વિલક્ષણ નથી, તેથી ચેતન પરમાત્માને એનું કારણ માનવામાં કશી હરકત નથી.

એવી વિચારધારાના વિરોધમાં આ સૂત્ર દ્વારા જણાવવામાં આવે છે કે ઉપનિષદાદિમાં જડ તત્વોમાં ચેતન જેવા વ્યવહારનું જે વર્ણન આવે છે તે વર્ણન તો તે તે તત્વોના અભિમાની દેવતાઓને લક્ષ્ય કરીને કરવામાં આવ્યું છે. તે તત્વો તો જડ જ છે અથવા પરમાત્માથી તદ્દન વિલક્ષણ છે. તે તે પ્રસંગે પ્રયોજાયલા વિશિષ્ટ શબ્દોના પ્રયોગોથી એ વસ્તુ પુરવાર થાય છે. તૈત્તિરીય ઉપનિષદમાં આવે છે કે અગ્નિએ વાણી બનીને મુખમાં અને વાયુએ પ્રાણ બનીને નાકમાં પ્રવેશ કર્યો. ત્યાં અગ્નિ તથા વાયુના અભિમાની દેવતાઓનું જ વર્ણન કરવામાં આવ્યું છે. એટલે આ જગતમાં જડ તથા ચેતન ઉભયનું અસ્તિત્વ હોવાથી પરમાત્માને જગતના ઉપાદાન કારણ તરીકે કદાપિ ના સ્વીકારી શકાય.

આગળના સૂત્રમાં એ શંકાનો ઉત્તર આપવામાં આવે છે.

**૬. દ્વશ્યતે તુ ।**

<u>અર્થ</u>

તુ = પરંતુ.

દૃશ્યતે = ઉપનિષદાદિમાં ઉપાદાનથી વિલક્ષણ વસ્તુનું વર્ણન પણ જોવા મળે છે.

<u>ભાવાર્થ</u>

પરમાત્માને જગતના ઉપાદાન કારણ તરીકે માનવાનું બરાબર છે એ બતાવવા માટે અહીં કહેવામાં આવે છે કે ઉપાદાનથી વિલક્ષણ વસ્તુની ઉત્પત્તિ પણ જોવા મળે છે ખરી. ચેતન મનુષ્યથી નખ, લોમ, જેવી જડ વસ્તુઓ થાય છે એ સ્પષ્ટ છે. મુંડક ઉપનિષદ કહે છે કે 'ચેતન પુરૂષથી કેશ તથા રોમ થાય છે તેમ એ અવિનાશી પરમાત્માથી આ વિશ્વ પેદા થાય છે.' **યથા સતઃ પુરૂષાત્ કેશલોમાનિ તયાક્ષરાત્ સમ્ભવતીહ વિશ્વમ્ ।**

ઉપનિષદ કરોળિયાનું ઉદાહરણ પણ આપે છે. કરોળિયાના મુખમાંથી જેવી રીતે પરમાત્માની અંદરથી સૃષ્ટિનું સર્જન થાય છે. ચેતન કરોળિયો જડ જાળાને બનાવી શકે છે તો પરમાત્મા જગતનું સર્જન શા માટે ના કરી શકે? સર્વ શક્તિમાન પરમાત્માને માટે એ કાર્ય જરા પણ મુશ્કેલ નથી. એટલે પરમાત્મા જગતના ઉપાદાન કારણ પણ છે જ.

**૭. असदिति चेन्न प्रतिषेधमात्रत्वात् ।**

<u>અર્થ</u>

ચેત = જો કહેતા હો કે,

અસત્ = એવું માનવાથી અસત્કાર્યવાદ અથવા જેની સત્તા નથી એવી વસ્તુની ઉત્પત્તિનો સંજોગ પેદા થશે.

ઈતિ ન = તો એવું નથી માનવાનું.

પ્રતિષેધમાત્ર ત્વાત્ = કારણ કે અસત્ શબ્દ ત્યાં પ્રતિષેધમાત્રનો અથવા પૂર્ણ અભાવનો બોધક છે.

<u>ભાવાર્થ</u>

'વેદાદિમાં અસત્‌માંથી સત્‌ની ઉત્પત્તિ અશક્ય કહેલી હોવાથી, પરમાત્મામાંથી જડ જગતની ઉત્પત્તિ ના માની શકાય. કેમ કે એવી ઉત્પત્તિને માનવાથી પહેલાં જે વસ્તુ હતી જ નહિ તેની ઉત્પત્તિને માનવાનો દોષ પેદા થશે.' એવી શક્ય દલીલના ઉત્તરમાં જણાવવામાં આવે છે કે વેદાદિમાં કારણથી વિલક્ષણ કાર્યની ઉત્પત્તિ નથી થતી એવું ક્યાંય નથી જણાવ્યું. અભાવમાંથી ભાવની અને અસત્‌માથી સત્‌ની ઉત્પત્તિ ના થઈ શકે એ સાચું છે, પરંતુ પરમાત્મા સત્ સ્વરૂપ તથા ભાવરૂપ છે અને જગત મૂળ અવ્યક્ત અથવા અપ્રકટપણે એમની અંદર રહે છે. એનો આવિર્ભાવ કરે છે એટલું જ. એવી રીતે વિચારીએ તો પરમાત્મામાંથી જગતની ઉત્પત્તિ અસત્‌માથી સત્‌ની ઉત્પત્તિ ના કહી શકાય.

**૮. अपीतौ तद्वत्प्रसङ्गादसमञ्चसम् ।**

<u>અર્થ</u>

અપીતૌ= (એવું માનવાથી) પ્રલયકાળમાં.

તદ્‌ત્પ્રસંગાત્ = પરમાત્માને એ જગતના જડત્વ તથા સુખદુઃખાદિ ધર્મોથી સંપન્ન માનવાનો પ્રસંગ ઉપસ્થિત થશે. તેથી.

અસમંજસમ્ = એ માન્યતા બરાબર નથી લાગતી.

<u>ભાવાર્થ</u>

સૂત્રમાં પૂર્વપક્ષીની શંકાનો સમાવેશ કરવામાં આવ્યો છે કે પ્રલયકાળમાં પણ જગત પરમાત્મામાં રહે છે એવું માનવાથી પરમાત્મા જગતની જડતાથી અને જગતના સુખદુઃખાદિ ધર્મોથી યુક્ત છે એવું પણ માનવુ પડશે અને તેનું માનવાનું કોઈપણ રીતે ઉચિત નહિ થાય, કારણ કે એવી માન્યતા શ્રુતિના વચનોથી વિરૂદ્ધ કહેવાશે. શ્રુતિ તો એ પરમાત્માને જડતા જેવા ધર્મોથી રહિત, પરમ શુદ્ધ, નિરંજન કે નિર્વિકાર કહી બતાવે છે. એવી રીતે તમારી માન્યતા શ્રુતિના સિદ્ધાંત સાથે સુસંગત નહિ થાય.

**૯. न तु दृष्टांतभावात् ।**

<u>અર્થ</u>

(ઉપર્યુક્ત શ્રુતિના સિદ્ધાંતમાં ) તુ = નિઃસંદેહ.

ન = એ સૂત્રની શંકામાં દર્શાવેલા દોષો નથી.

દૃષ્ટાંત ભાવાત્ = કારણકે એવાં પણ દૃષ્ટાંતો મળે છે.

<u>ભાવાર્થ</u>

આઠમા સૂત્રમાં પ્રતિપક્ષીએ પ્રદર્શિત કરેલી શંકાના સમાધાનમાં અહીં સ્પષ્ટ રીતે જણાવવામાં આવે છે કે જગતના જડતા તથા સુખદુઃખાદિ ધર્મો પરમાત્મામાં પણ વિદ્યમાન રહેશે એવું માનવાનું કશું કારણ નથી. એ સંબંધમાં પરમાત્માને નિત્ય શુદ્ધ, નિત્ય નિરંજન, ચેતન તથા નિર્વિકાર કહેનારી શ્રુતિની સાથે પણ કોઈ પ્રકારનો વિરોધ નહિ થાય. કારણ કે કાર્ય પોતાના કારણમાં મળી જાય છે તે પછી એના ધર્મો પણ કારણમાં મળી જાય છે એવો નિયમ નથી દેખાતો. એનાથી જુદો ક્રમ કેટલેય ઠેકાણે જોવા મળે છે, એટલે કે

કાર્ય પોતાના કારણમાં મળી જાય છે ત્યારે એના ધર્મો પણ એની સાથે કારણમાં વિલીન થાય છે. માટીમાંથી તૈયાર થયેલાં વાસણો માટીમાં મળી જાય છે અને સુવર્ણમાંથી બનાવેલા અલંકારો સુવર્ણમાં ભળી જાય છે ત્યારે એમના ધર્મો માટી તથા સુવર્ણમાં નથી દેખાતા. એટલે પ્રલયકાળ, સર્જનકાળ કે બીજા કોઈયે કાળમાં કારણ પોતાના કાર્યના ગુણધર્મોથી મુક્ત રહે છે.

**१०. स्वपक्षदोषाच्च ।**

અર્થ

સ્વપક્ષદોષાત્ = એમના પોતાના જ પક્ષમાં ઉપર્યુક્ત બધા દોષો પેદા થાય છે એટલા માટે.

ચ= પણ.

ભાવાર્થ

પ્રતિપક્ષીની પોતાની જ માન્યતામાં ઉપર્યુક્ત બધા જ દોષો રહેલા હોવાથી એમની પોતાની જ માન્યતા ભૂલભરેલી છે અને એથી પ્રધાનને જગતનું કારણ કોઈપણ રીતે નથી માની શકાય તેમ. સાંખ્ય મતવાળા જગતના કારણરૂપ પ્રધાનને અવયવરહિત, અવ્યક્ત અને અગ્રાહ્ય માને છે. એમાંથી સાકાર, વ્યક્ત અને ઈન્દ્રિયોના અનુભવમાં આવનારા જગતની ઉત્પત્તિ માનવાથી કારણ કરતાં તદ્દન વિલક્ષણ કે વિપરીત કાર્યની ઉત્પત્તિ થવાનો દોષ પેદા થાય છે. જગતની ઉત્પત્તિ પહેલાં એના ગુણધર્મો પ્રધાનમાં નથી રહેતા અને જગતની ઉત્પત્તિ પછી જગતમાં આવી જાય છે એવું માનવાનો અર્થ અભાવમાંથી ભાવની કે અસત્માંથી સત્ની ઉત્પત્તિ માનવા બરાબર થાય છે. એ દોષ પણ એમની જ માન્યતામાંથી ઉભો થાય છે. વળી પ્રલયકાળમાં જગત પ્રધાનમાં મળી જાય છે ત્યારે જગતના ગુણધર્મો પ્રધાનમાં નથી રહેતા એવી માન્યતા હોવાને લીધે એમના મતમાં પણ કારણમાં કાર્યના ધર્મ, અથવા પ્રધાનમાં જગતના ધર્મ, આવવાની શંકા ઊભી રહે છે. એમની દ્વારા દર્શાવવામાં આવેલા એ ત્રણે દોષો એમના પોતાના જ મતમાં દેખાતા હોવાથી એ મતને અથવા પ્રધાન કારણવાદને આદર્શ માનવાનું ઉચિત નથી લાગતું. એટલે એનો સ્વીકાર ના કરી શકાય,

**११. तर्काप्रतिष्टानादप्यन्यथानुमेयमिति चेदेवमप्यनिर्मोक्ष  प्रसंग ।**

અર્થ

ચેત્ ઈતિ = જો કહેતા હો કે,

તર્કાપ્રતિષ્ઠાનાત્ = તર્કની પ્રતિષ્ઠા ના થાય તો

અપિ = પણ.

અન્યથાનુમેયમ્= બીજી રીતે અનુમાન દ્વારા કારણનો નિર્ણય કરવો જોઈએ.

એવમ્ અપિ = તો એ અવસ્થામાં પણ

અનિર્મોક્ષ પ્રસંગ = મોક્ષની પ્રાપ્તિ ના થવાનો પ્રસંગ ઉભો થશે.

ભાવાર્થ

એક દલીલ કે વિચારસરણીવાળાની વાતને બીજી વિચારસરણીવાળા ના માને અને એમની વિચારસરણીને એ વિચારસરણીવાળા તથા બીજા પણ ના સ્વીકારે એવું તો બનતું જ રહેવાનું. એ પરિસ્થિતિમાં કોઈ એક ચોક્કસ વિચારસરણીની સિદ્ધિ નહિ થવાની. એ સંજોગોમાં અનુમાનનો આધાર લઈને નિર્ણય પર પહોંચવું જોઈએ એવું કહેવાનું પણ બરાબર નથી. કારણ કે વેદપ્રમાણરહિત કોઈપણ અનુમાનને આદર્શ નહિ કહી શકાય, અને એવા અનુમાનની મદદથી તત્વજ્ઞાનની તથા તે દ્વારા મોક્ષની પ્રાપ્તિ નહિ થઈ શકે. સાંખ્યમત મોક્ષમાં માનતો હોવાથી એની પોતાની અંદર જ એવી રીતે મોક્ષપ્રાપ્તિ ના થવાનો દોષ પેદા થશે.

**१२. एतेन शिष्टापरिग्रहा अपि व्याख्याताः ।**

<u>અર્થ</u>

એતેન = આ વિવેચન અથવા સિદ્ધાંત દ્વારા

શિષ્ટાપરિગ્રહા = શિષ્ટ પુરૂષો દ્વારા અસ્વીકૃત બીજા બધા જ સિદ્ધાંતો કે મતોનો.

અપિ = પણ.

વ્યાખ્યાત = પ્રતિવાદ કરવામાં આવ્યો.

<u>ભાવાર્થ</u>

આ સૂત્ર દ્વારા વર્તમાન વિષયની પૂર્ણાહુતિ કરતાં કહેવામાં આવ્યું કે પ્રધાનકારણવાદીની પેઠે બીજા મતમતાંતરોમાં કે શિષ્ટ પુરૂષો દ્વારા અસ્વીકૃત સિદ્ધાંતોમાં માનનારા બીજા બધાને પણ ઉચિત ઉત્તર આપી દેવામાં આવ્યો. એમને માટે કોઈ અલગ ચર્ચાવિચારણાની આવશ્યક્તા ના રહી.

**१३. भोक्त्रापत्तेरविभागश्चेत्  स्याल्लोकषत् ।**

<u>અર્થ</u>

ચેત્ = જો

ભોકત્રાપત્તે = (પરમાત્માને જગતના કારણ માનવાથી એમનામાં) ભોક્તાપણાનો પ્રસંગ પેદા થશે એટલા માટે.

અવિભાગ = જીવ અને ઈશ્વરનો ભેદ સિદ્ધ નહિ થાય અને જીવ તથા જડ વર્ગનો ભેદ પણ સિદ્ધ નહિ થાય

(ઈતિ ન-) તો એવું કહેવું બરાબર નથી.

લોકવત્ = કારણ કે લોકમાં જેવો ભેદ દેખાય છે તેવો.

સ્યાત્ = હોઈ શકે છે.

<u>ભાવાર્થ</u>

આ સૂત્રમાં બ્રહ્મ કારણવાદની ચર્ચા કરવામાં આવે છે. પરમાત્માને જગતના કારણ માનવાથી પરમાત્મા જીવના રૂપમાં કર્મફળનો ઉપભોગ કરે છે એવું સિદ્ધ થશે. તેથી અને પ્રકૃતિમાં પણ ભોક્તાપણું પેદા

થવાથી જીવ અને ઈશ્વરનો તથા જીવાત્મા તથા જડ વર્ગનો ભેદ નહિ પાડી શકાય.' એવી કોઈ શંકા કરે તો તે શંકા નિરાધાર છે. પરમાત્માને જગતના કારણ માનવાથી જીવ અને પરમાત્મા તથા જીવ અને જડ વર્ગની વચ્ચે કોઈ પણ પ્રકારનો ભેદ નહિ રહી શકે એવું માનવું નકામું છે. પુત્ર પિતાનો અંશ હોવા છતાં માતાના ઉદરમાં રહે છે ત્યારે પીડા ભોગવે છે, એ પીડા પિતાને નથી ભોગવવી પડતી. પિતા તથા પુત્રનો ભેદ પ્રત્યક્ષ રીતે જોઈ શકાય છે. એવી રીતે પરમાત્માની અંદર ભોક્તાપણું નહિ પેદા થાય ને પરમાત્મા તથા જીવાત્માના વિભાગમાં પણ કશો વાંધો નહિ આવે. એક જ પિતાના જુદા જુદા પુત્રો પોતપોતાના સુખદુઃખને અલગ રીતે ભોગવે છે તેમ પ્રત્યેક જીવ પોતાના શુભાશુભ કર્મ ફળનો ઉપભોગ પોતાની મેળે જ ને પૃથક્ રીતે કરે છે. એ ઉપરાંત એક જ બીજમાંથી વૃક્ષની સૃષ્ટિ થાય છે અને થડ, શાખા, પત્ર, પુષ્પ તથા ફળ બને છે. એ સૌનાં જુદાં જુદાં રૂપ, નામ અને ગુણધર્મ હોય છે. એમના જુદા જુદા વિભાગો જોઈ શકાય છે. એવી રીતે પરમાત્માના સંબંધમાં પણ સમજી લેવાનું છે. એમની અંદરથી અનેકવિધ રચનાઓ થતી હોવા છતાં એ સૌના વિભાગોમાં કે ભેદમાં કશી હરકત નથી આવતી.

**૧૪. तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः ।**

<u>અર્થ</u>

આરંભણ શબ્દાદિભ્ય = આરંભણ શબ્દાદિને લીધે.

તદ્દનન્યત્વમ્ = કાર્યની કારણથી અનન્યતા સિદ્ધ થાય છે.

<u>ભાવાર્થ</u>

ઉપર્યુક્ત વિચારસરણીના અનુસંધાનમાં કોઈ એવું કહેતું હોય કે તે પછી કારણ તથા કાર્યમાં અન્યતાની સિદ્ધિ નહિ થાય તો તે બરાબર નથી. ઉપનિષદમાં કારણ રૂપ પરમાત્માની સાથેની કાર્ય રૂપ જગતની અનન્યતાનું વર્ણન સુચારૂ રૂપે ને સ્પષ્ટ રીતે કરવામાં આવ્યું છે. એમાં કરવામાં આવેલા આરંભણ જેવા શબ્દ પ્રયોગોથી એ હકીકતને સમજવામાં શંકા નથી રહેતી.

છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે **यथा सोम्यैकेन मृत् पिंडने सर्वं मृन्मयं विज्ञातं स्यात् वाचारम्मणं विकोश नामधेयं मृत्तिकेत्येव सत्यम् ।**

'હે સોમ્ય ? માટીના એક ઢેફાનું રહસ્ય જાણી લેવાથી માટીમાંથી પેદા થયેલા સઘળા પદાર્થો જાણી શકાય છે; એમના આકાર અને નામના ભેદ તો વ્યવહાર પૂરતા પાડવામાં આવે છે, વાણીથી એમનું વર્ણન કરવામાં આવે છે એટલું જ; બાકી વસ્તુતઃ તો પદાર્થોના રૂપમાં ને મૂળમાં માટી જ હોય છે.' તેવી રીતે પરમાત્મામાંથી પ્રાદુર્ભાવ પામેલું જગત કાર્યરૂપમાં પણ વસ્તુતઃ પરમાત્માથી ભિન્ન નથી. પરમાત્માની ને જગતની અનન્યતા અથવા એકરૂપતા ઉપનિષદમાં ઠેકઠેકાણે સૂચવવામાં ને પુરવાર કરવામાં આવી છે. જગત પોતાના પ્રાદુર્ભાવ પહેલાં સૂક્ષ્મ અથવા અવ્યક્તરૂપે પરમાત્માની શક્તિ બનીને પરમાત્મામાં રહેતું હોય છે. તે પ્રાદુર્ભાવ પામે છે તે પછી પણ પરમાત્માથી નિતાંત પૃથક્ નથી થઈ શકતું. પોતાની પરમાત્મા સાથેની અનન્યતાને ટકાવી રાખે છે. સુતર વિવિધ પ્રકારના વસ્ત્રોનું રૂપ ધારણ કરવા છતાં વસ્ત્રોમાં રહે છે ને વસ્ત્રો એની સાથેની અનન્યતાને અખંડ રાખે છે તેવું જ પરમાત્મા તથા જગતના સંબંધમાં સમજવાનું છે.

**१५. भावे चोपलब्धेः ।**

અર્થ

ભાવે = (કારણમાં શક્તિરૂપે) કાર્યની સત્તા હોવાથી.

ચ= જ.

ઉપલબ્ધેઃ = એની ઉપલિબ્ધ થાય છે તેથી. (સિદ્ધ થાય છે કે જગત પોતાના કારણ પરમાત્મામાં શક્તિરૂપે સદા રહેલું છે.)

ભાવાર્થ

કોઈપણ કાર્ય એવું છે જે પોતાના મૂળ કારણમાં પ્રથમથી જ સૂક્ષ્મ રીતે અસ્તિત્વ ના ધરાવતું હોય ? સુવર્ણના અલંકારો સુવર્ણમાં છે અને માટીના વાસણો માટીમાં અવ્યક્ત રીતે વાસ કરે છે. વૃક્ષ એના બીજમાં અપ્રકટ બનીને પ્રથમથી જ પડ્યું હોય છે. જે વસ્તુ હોતી જ નથી, સૂક્ષ્માતિસૂક્ષ્મરૂપે પણ. એ કેવી રીતે પ્રકટી શકે ? પિતાના શુક્રમાં સંતાનનો વાસ હોય છે તેમ, આ સમસ્ત જગત એના મૂળતત્વ સાથે પરમાત્મામાં રહેતું હોય છે. એ પણ એના કારણથી અભિન્ન હોય છે.

**१६. सत्त्वाच्चावरत्य ।**

અર્થ

અવરસ્ય = કાર્યનું.

સત્વાત્ = સત્ હોવાનું શ્રુતિમાં કહેલું છે એથી.

ચ= પણ.

ભાવાર્થ

આ જગત પોતાના સ્થૂળ સ્વરૂપમાં પ્રકટ થતાં પહેલાં પોતાના કારણમાં શક્તિરૂપે રહે છે. ઉપનિષદમાં એવું સ્પષ્ટીકરણ કરાયલું છે. છાંદોગ્ય ઉપનિષદ કહે છે કે 'હે સોમ્ય, આ જગત પ્રકટ થયા પહેલાં પણ સત્ય હતું. सदेव सोम्येदमग्र आसीत् ।

બૃહદારણ્યક ઉપનિષદ જણાવે છે કે 'એ વખતે આ અપ્રકટ હતું.' तद् धेदं तर्ह्यव्याकृतमासीत् ।

ભગવદ્ ગીતા પણ કહી બતાવે છે કે 'આ બધા જીવો આરંભમાં अव्यक्तादीनी भूतानि ।

**१७. असद् व्यपदेशान्नेतिचेन्न धर्मान्तरेण वाक्यशेषात् ।**

અર્થ

ચેત = જો.

અસદ્વ્યપદેશાત્ = (બીજ શ્રુતિમાં) જગતે ઉત્પત્તિ પહેલા અસત્ બતાવ્યું હોવાથી

ન= કાર્ય કારણમાં રહેલું હોવાનું સિદ્ધ નથી થતું,

ઈતિ ન = તો એવું નથી.

ધર્માન્તરેણ = કારણ કે એવું કથન તો ધર્માન્તરની અપેક્ષાથી છે.

વાક્યશેષાત્ = એ વાત અંતિમ વાક્ય દ્વારા થાય છે.

ભાવાર્થ

તૈત્તિરીય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'આ બધું પહેલાં અસત્ જ હતું, એમાંથી સત્ પેદા થયું. એણે પોતે જ પોતાને આ રૂપમાં બનાવ્યું, એટલા માટે એને સુકૃત કહે છે.'

असद् वा इदमग्र आसीत् । ततो वै सदजायत । तदात्मानं स्वययकुरूत । तस्मात्तत्सुकृतमुच्यते ।

ઉપનિષદની એ વાત પરથી એવું નથી સમજવાનું કે જગત પ્રકટ થયા પહેલાં હતું જ નહિ. જો જગત કદાપિ, કોઈ કાળમાં, કોઈયે સ્વરૂપમાં હોત જ નહિ તો એ જ વાકયમાં હતુ અથવા આસીત્ શબ્દનો પ્રયોગ કરત નહિ. વળી એમાંથી સત્ ની ઉત્પત્તિ બતાવી છે. જગત પોતાના પ્રકટીકરણ પ્રત્યક્ષ ધર્મમાં પરીણમ્યું એની પહેલાં સૂક્ષ્મરૂપે અથવા મૂળભૂત રીતે હતું. એ ધર્માન્તર અથવા સ્વરૂપાન્તરને લીધે જ, એને દર્શાવવા માટે જ, અસત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. પ્રકટ થયાં પહેલાંની અપ્રકટ અવસ્થાને જ ધર્માન્તર કહે છે. એનો અર્થ એવો થયો કે જગત પોતાની અપ્રકટ અવસ્થાને બદલે પ્રકટ કે પ્રત્યક્ષ અવસ્થાને પ્રાપ્ત થયું. એ જ પ્રક્રિયાને ઉપનિષદમાં અસત્માંથી સત્ની અભિવ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે.

છાંદોગ્ય ઉપનિષદમાં એ વસ્તુની સુસ્પષ્ટતા કરતાં કહેવામાં આવ્યું છે કે 'કોઈ કહે છે કે આ જગત આરંભમાં અસત્ જ હતું, એકલું એ જ હતું, બીજું કોઈ નહિ; એ અસત્માંથી સત્ પેદા થયું. પરંતુ હે સોમ્ય ! અસત્માંથી સત્ ની ઉત્પત્તિ કેવી રીતે સંભવી શકે ? એવું કેવી રીતે બની શકે ? આ સઘળું શરૂઆતમાં સત્ જ હતું.' એમાં સર્વ પ્રકારે વિચાર કર્યા પછી જે વાક્યશેષ કે છેલ્લું વાક્ય લખવામાં આવ્યું છે એના પરથી ઉપરની વાતને અથવા સત્કાર્યવાદને પુષ્ટિ મળે છે.

**૧૮. युक्तेः शब्दान्तराच्च ।**

અર્થ

યુક્તે = યુક્તિથી.

ચ= અને.

શબ્દાન્તરાત્ = બીજા શબ્દોથી પણ. (એ વાતને સમર્થન સાંપડે છે.)

ભાવાર્થ

વસ્તુ એક અથવા બીજા રૂપે એના કારણમાં ના હોય તો એને પ્રકટવાનો સંભવ જ નથી રહેતો. આકાશમાં ફૂલ છે જ નહિ એટલે કેવી રીતે પેદા થાય ? પરંતુ સમુદ્રમાં મીઠું પરોક્ષ રીતે રહેલું છે તેથી જ પ્રત્યક્ષ રીતે બહાર આવે છે. એવી યુક્તિ કે વિચારશક્તિથી અને વેદ તેમ જ ઉપનિષદનાં બીજા વર્ણનો પરથી જગત પેદા થયા પહેલાં સત્ સ્વરૂપે હતું એ હકીકતને પુષ્ટિ મળે છે.

**૧૯. पटवच्च ।**

અર્થ

પટવત્ = સુતરમાં વસ્ત્રની જેમ

ચ= પણ

ભાવાર્થ

આગળના સૂત્રની વાતને બીજી રીતે સમજાવતાં આ સૂત્રમાં વસ્ત્રનું ઉદાહરણ આપતાં કહેવામાં આવે છે કે વસ્ત્ર સુતરમાં કારણ રૂપ પ્રથમથી જ વિદ્યમાન હોય છે અને એની રચના પછી પણ સુતરથી અભિન્ન હોય છે, એવી રીતે જગત પોતાના પ્રાદુર્ભાવ પહેલાં પરબ્રહ્મ પરમાત્મામાં સૂક્ષ્મ રૂપે વાસ કરે છે અને પ્રાદુર્ભાવ પછી પણ પરમાત્માથી પરિપૂર્ણપણે પૃથક્ નથી થઈ શકતું.

**૨૦. यथा च प्राणादि ।**

અર્થ

ચ = અને.

યથા = જેવી રીતે.

પ્રાણાદિ = પ્રાણ તથા ઈન્દ્રિયો.

ભાવાર્થ

વસ્ત્રનું ઉદાહરણ આવ્યા પછી હવે પ્રાણ તથા ઈન્દ્રિયોનું ઉદાહરણ આપીને જણાવવામાં આવે છે કે મૃત્યુ વખતે પ્રાણ તથા ઈન્દ્રિયો સ્થૂળ શરીરને પરિત્યાગીને જીવાત્મા સાથે બહાર નીકળી જાય છે અને અન્યત્ર વિદાય થાય છે ત્યારે એમનું અવલોકન નથી કરી શકાતું તો પણ એમનું અસ્તિત્વ તો હોય છે જ, એવી રીતે પ્રલય કાળમાં અપ્રકટ રૂપે રહેનારૂં જગત દેખાય નહિ તો પણ પોતાના કારણ રૂપે રહે છે જ. સૂક્ષ્મ પ્રાણનું અને ઈન્દ્રિયો સાથેના અન્યત્ર પ્રયાણ કરતાં જીવાત્માનું દર્શન જેવી રીતે સહેલાઈથી કરી શકાતું તેવી રીતે પરમાત્માનું પણ સમજી લેવાનું છે પરમાત્મા જગતમાં ઓતપ્રોત હોવા છતાં સુસૂક્ષ્મ સહેલાઈથી દૃષ્ટિગોચર નથી થઈ શકતા.

**૨૧. इतरव्यपदेशाद् धिताकरणादिदोषप्रसक्तिः ।**

અર્થ

ઈતરવ્યપદેશાત્ = પરમાત્મા જ જીવ બનીને પ્રકટે છે એવું કહેવાથી

હિંતાકરણાદિ દોષ પ્રસક્તિઃ = પરમાત્મામાં પોતાનું હિત કરવાનો અને અહિત કરવાનો દોષ આવી શકે છે.

ભાવાર્થ

પરમાત્માને સમસ્ત જગતના એક માત્ર કારણ માનવામાં આવે અને જીવ બનીને પણ એ જ પ્રાદુર્ભાવ પામે છે એવું વેદ તથા ઉપનિષદના આધાર પર કહેવામાં આવે તો પરમાત્મા દોષપાત્ર દેખાવાનો સંભવ રહે છે. જીવ જગતમાં સુખી તથા દુઃખી થાય છે ને પોતાના કલ્યાણનો વિચાર કરીને તેમ જ

સ્વકલ્યાણની યોજના ઘડીને કલ્યાણકાર્યમાં પ્રવૃત્ત થાય છે એવું નથી દેખાતું. પરમાત્મા જ જીવાત્મા બનતા હોય તો પોતાનું અકલ્યાણ શા માટે કરે છે અને સર્વજ્ઞ અથવા સર્વશક્તિમાન હોવા છતાં અકલ્યાણમાંથી મુક્તિ મેળવીને કલ્યાણની સંસિદ્ધિ શા માટે નથી કરતા ? એમને કલ્યાણની સંસિદ્ધિ પણ શા માટે કરવાની હોય ? એ તો કલ્યાણસ્વરૂપ જ છે. બદ્ધ નથી પણ મુક્ત છે. એમને વળી બંધનમાંથી છૂટવાનું કેવું ? એ તો પરમજ્ઞાન સ્વરૂપ પૂર્ણ અને પ્રશાંત છે. એમને અજ્ઞાનનો, અશાંતિનો અથવા અપૂર્ણતાનો અનુભવ થાય જ શા માટે ? એ સામાન્ય અલ્પ અલ્પજ્ઞ જીવની જેમ વિષયોમાં આસક્ત બનીને બેસી રહે ? એ પોતાને જન્મમરણના ચક્રમાં શા માટે નાખે ?

સૂત્રકાર પોતે જ એવી સહજ શંકા પેદા કરીને એના સુખદ સમાધાન માટે હવે પછીના સૂત્રોમાં પોતાના સ્વતંત્ર વિચારોની રજુઆત કરે છે.

**૨૨. अधिकं तु भेदनिर्देशात् ।**

અર્થ

તુ = પરંતુ.

અધિકમ્ = પરમાત્મા જીવ કરતાં અધિક છે.

ભેદનિર્દેશાત્ = પરમાત્મા તથા જીવાત્માનો ભેદ બતાવવામાં આવ્યો છે તેથી

ભાવાર્થ

બૃહદારણ્યક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'આ જીવ સુષુપ્તિ દશામાં બાહ્યાભ્યંતર જ્ઞાનથી શૂન્ય બનીને પરમાત્મા સાથે એક બને છે.' એ પછી મૃત્યુ સમયની સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું છે કે ' પરમાત્માની સાથે જોડાયેલો આ જીવાત્મા એક શરીરમાંથી બીજા શરીરમાં પ્રયાણ કરે છે.' મુંડક તથા શ્વેતાશ્વતર ઉપનિષદમાં પણ જીવાત્મા તથા પરમાત્માના ભેદને સ્પષ્ટ રીતે સૂચવતાં એ બંનેને એક જ વૃક્ષની શાખા પર વિરાજેલાં બે વિહંગોની ઉપમા આપવામાં આવી છે. પરમાત્માને સર્વજ્ઞ, સ્વાત્મારામ અને જીવાત્માને અલ્પજ્ઞ અને અહંકારાદિથી પ્રેરાઈને પ્રકૃતિના વિવિધ વિષયોમાં આસક્તિ કરીને કર્મફળોનો ઉપભોગ કરનારો કહ્યો છે. ઉપનિષદમાં પરમાત્માને જાણવા, મનન કરવા અને ધ્યાન ધરવા યોગ્ય પણ કહી બતાવ્યા છે. જો પરમાત્મા પોતે જ જીવાત્મા હોત, અને એમની વચ્ચે તલમાત્ર પણ તફાવત ના હોત, તો એવું વિભિન્ન પ્રકારનું ભેદભાવયુક્ત વર્ણન શા માટે કરવામાં આવત ? એ વર્ણન પરથી સુચારુ રૂપે, સ્પષ્ટતયા પ્રતીત થાય છે કે પરમાત્મા તથા જીવાત્મામાં ભેદ છે. જગતના સર્જક, પાલક અને સંહારક પરમાત્મા જીવાત્મા નથી પરંતુ જીવાત્મા કરતાં અધિક છે. એ જીવાત્માના અને સમસ્ત જગતના સૂત્રધાર, સર્વેશ્વર તથા સ્વામી છે. પરમાત્મા કારણ છે અને જીવાત્મા તથા જગત કારણ કારણથી કાર્ય અભિન્ન હોય છે. તેથી પરમાત્માને ને જીવાત્માને અભિન્ન કહ્યા છે. એનો અર્થ એવો નથી કે એ બંનેમાં મૌલિક રીતે કશો ભેદ જ નથી. પરમાત્મા જીવાત્મા કરતાં અનેક રીતે મહાન છે. જગત જેવી રીતે પરમાત્માનું કાર્ય હોવા છતાં પરમાત્મા કરતાં જુદું છે તેવી રીતે જીવાત્મા પણ પરમાત્માથી ભિન્ન છે. પરમાત્મા પૂર્ણ ને નિત્યમુક્ત છે ને જીવાત્મા અપૂર્ણ અને

બધ્ધ વસ્તુતઃ પરિસ્થિતિ એવી હોવાથી પરમાત્માને માટે પોતાનું હિતકાર્ય ના કરવાનો, જન્મમરણના ચક્રમાં ના ફરવાનો ને વિષયોમાં આસક્ત બનવાનો કોઈ પ્રશ્ન જ પેદા નથી થતો.

**२३. अश्मादिवञ्च तदनुपपत्तिः ।**

અર્થ

ચ= તથા

અશ્માદિવત્ = જડ પથ્થરાદી પેઠે (જીવાત્મા પણ પરમાત્મા કરતાં જુદા છે માટે.)

તદનુપપત્તીઃ = જીવાત્મા તથા પરમાત્માનો એકદમ એ ભેદ સિદ્ધ નથી થતો.

ભાવાર્થ

પરમાત્માની પ્રકૃતિને બે પ્રકારની કહી છેઃ અપરા અને પરા. અપરા પ્રકૃતિમાં પંચ મહાભૂત, મન તથા બુદ્ધિ અને અહંકારનો સમાવેશ થાય છે. પથ્થરાદિ પૃથ્વીતત્વના વિકારો અને અપરા પ્રકૃતિનાં પરિણામો છે અને પરમાત્મા સાથે મૂળભૂત રીતે સંકળાયેલા હોવા છતાં પરમાત્મા નથી પરંતુ બાહ્ય રીતે પરમાત્માથી પૃથક્ છે, તેવી જ રીતે પરમાત્માની પરા પ્રકૃતિ જીવના સંબંધમાં પણ સમજી લેવાનું છે. પથ્થર, પૃથ્વી, સમસ્ત પ્રકૃતિ ને જગત મૂળભૂત રીતે પરમાત્મામાંથી પ્રકટેલ, પરમાત્મા સાથે સંબંધ રાખનાર અને પરમાત્મામય હોવા છતાં પૂર્ણપણે પરમાત્મા નથી. પરમાત્મામાં અને એમનામાં વ્યવહારિક ભેદ છે. પથ્થરને પરમાત્મામય કહી શકાય પરંતુ પરમાત્મા ના કહેવાય. તેમાં પરમાત્માના વિલક્ષણ ગુણધર્મો નથી દેખાતા. જીવ પણ તેવી રીતે પરમાત્માના ગુણધર્મોથી રહિત હોવાથી પરમાત્મા છે એવું ના કહી શકાય. પરમાત્મા એના કરતાં અતિશય વિલક્ષણ છે.

**२४. उपसंहारदर्शनान्नेति चेन्न क्षीरवद्धि ।**

અર્થ

ચેત્ = જો.

ઉપસંહારદર્શાનાત્ = (સંસારમાં પદાર્થો બનાવવા માટે) સાધનસામગ્રી દેખાય છે (પરંતુ પરમાત્મા પાસે કોઈ સાધન નથી) માટે.

ન = પરમાત્મા જગતના કર્તા નથી.

ઈતિ ન = તો એવું કહેવું બરાબર નથી.

હિ = કારણ કે.

ક્ષીરવત્ = દૂધની જેમ (પરમાત્માને અન્ય સાધનોની અપેક્ષા નથી રહેતી.)

ભાવાર્થ

કેટલાક લોકો કહે છે કે કોઈ પણ પદાર્થની રચના માટે જે રચનાર હોય તેની પાસે રચના માટેની સાધન સામગ્રી હોવી જોઈએ. કોઈ પણ પ્રકારની સાધન સામગ્રી વિના બાહ્ય પદાર્થની રચના નથી થઈ શકતી. એક મકાન તૈયાર કરવું હોય છે તોપણ કેટલાં બધાં જુદાં જુદાં ઉપકરણોની આવશ્યકતા પડે છે ?

પરમાત્માને તો શાસ્ત્રોએ એક, અદ્વિતીય, નિરાકાર અને નિષ્ક્રિય કહ્યા છે. તે જો એકાંકી હોય અને એમની પાસે એમના સિવાયની બીજી કોઈ સામગ્રી ના હોય તો તે આટલા બધા વિશાળ અને વૈવિધ્યપૂર્ણ જગતની રચના કેવી રીતે કરી શકે ? એમને જગતકર્તા કેવી રીતે માની શકાય ? એવા લોકોનું કથન બરાબર, પ્રમાણભૂત અને આદર્શ નથી લાગતું.

એવા કથનથી દોરવાઈ જવાની કે શંકાશીલ બનવાની જરૂર નથી. દૂધ પોતાની સહજ શક્તિથી, સહજ પ્રક્રિયાના પરિણામ રૂપે, કોઈપણ પ્રકારના બાહ્ય સાધન વિના, દહીંમાં પરિવર્તન પામતું દેખાય છે. અને કરોળિયો કોઈ પણ જાતની બાહ્ય મદદ વિના, પોતાના મુખમાંથી જાળુ બનાવે છે. તો પછી પરમાત્મા તો સર્વતંત્ર સ્વતંત્ર ને સર્વશક્તિમાન છે. શાસ્ત્રો એમને **कर्तुं, अकर्तुं, अन्यथा कर्तुं समर्थः** કરવામાં, ના કરવામાં, અને અન્યથા કરવામાં સમર્થ કહીને ઓળખાવે છે. તો એમને માટે પોતાની અચિંત્ય અસાધારણ શક્તિમાંથી આ જગતની રચના, કોઈ પણ બાહ્ય સાધનની મદદ વિના, કરવાનું કાર્ય જરા પણ મુશ્કેલ નથી અને મુશ્કેલ ના હોઈ શકે. જગતની રચના માટે એમને બીજાં કોઈ પણ બાહ્ય સાધનોની આવશ્યકતા નથી પડતી.

**૨૫. देवादिवदपि लोके ।**



અર્થ

લોક = દુનિયામાં.

દેવાદિવત્ = દેવાદિની જેમ.

અપિ = પણ.

ભાવાર્થ

જો એવી દલીલ કરવામાં આવે કે દૂધ તો જડ હોવાથી એમાં સ્વાભાવિક પરિણામ-પરિવર્તન અથવા વિકૃતિ વિગેરે પેદા થઈ શકે છે, પરંતુ પરમાત્મા તો જડ નથી. એ સંકલ્પ કે વિચારપૂર્વક જગતની રચના કરે છે તો પછી એમને તો બાહ્ય સાધન સામગ્રીની આવશ્યકતા પડતી જ હશે, તો એવી શક્ય દલીલના અનુસંધાનમાં કહેવામાં આવે છે કે એમને કોઈયે સાધન સામગ્રીની આવશ્યકતા નથી પડતી. દુનિયામાં યોગી અથવા દેવો પોતાની વિશિષ્ટ શક્તિથી બીજી કશી સામગ્રી વિના અવનવા પદાર્થોની સૃષ્ટિ કરે છે અને પાછા એ પદાર્થોને અદૃશ્ય કરી દે છે. એ સિદ્ધિ પ્રદર્શન પાછળ કેવળ એમનો સંકલ્પ જ કામ કરતો હોય છે. તો પછી દેવોના દેવ, યોગીઓના યોગી અને સિદ્ધોના સિદ્ધિદાતા પરમ સિદ્ધેશ્વર પરમાત્મા આ સમસ્ત સૃષ્ટિની રચના પોતાની સંકલ્પ શક્તિથી કરે છે એમાં શું અશક્ય છે ? મંત્ર તંત્રમાં વિશારદ માનવો તથા તપસ્વીઓ પણ સ્વેચ્છાથી હવામાંથી અવનવા પદાર્થોને પ્રકટ કરે છે. એમની અંદર જ્યારે એવી અસીમ શક્તિ હોય છે ત્યારે એમનાં એ સંસારના સ્વામી પરમાત્મામાં તો કેટલી બધી અલૌકિક શક્તિ હોય ? એ શક્તિની કલ્પના પણ ના થઈ શકે.

**૨૬. कृत्स्नप्रसक्तिर्निरवयवत्वशब्दकोषो वा ।**

અર્થ

કૃત્સ્નપ્રસક્તિ = એ જગતના રૂપમાં પૂર્ણપણે પરીણતિ પામ્યા એવી માન્યતાનો દોષ પેદા થશે.

વા= અથવા.

નિરવયવત્વશબ્દકોપઃ = એમને અવયવરહિત દર્શાવનારાં શ્રુતિનાં વચનોનો વિરોધ થશે.

ભાવાર્થ

પરમાત્માને જગતનું કારણ માનવાથી જે દોષ પેદા થવાનો સંભવ છે એ દોષ પ્રત્યે આ સૂત્રમાં અંગુલિનિર્દેશ કરતાં કહેવામાં આવે છે કે પરમાત્મા અવયવ વિનાના હોવાથી એમની અંદરથી જગતનો આવિર્ભાવ થયો એવું માનવાથી પરમાત્મા જગતના રૂપમાં પૂરેપૂરી પરીણતિ પામ્યા અને જગતથી ભિન્ન રહ્યા જ નહિ એવું માનવું પડશે. એ એક દોષ પેદા થશે, અને બીજો દોષ એ પેદા થશે કે એ સંજોગોમાં પરમાત્માને વિશિષ્ટ અંગપ્રત્યંગ અથવા અવયવવાળા માનવા માટે પ્રવૃત્ત થવું પડશે અને પરમાત્માને વર્ણવનારાં વેદાદિ મહાગ્રંથોનાં વચનોથી વિરોધી વિચારસરણીને માનવી રહેશે. એ ગ્રંથરત્નો પરમાત્માને નિષ્ક્રિય, નિષ્કલ, નિરંજન તથા નિરાકાર કહી બતાવે છે. એમના અભિપ્રાય પ્રમાણે એ અવયવરહિત અને અજન્મા છે. એમને અવયવવાળા માનવાથી એ નિત્ય અથવા સનાતન નહિ રહી શકે.

**૨૭. श्रुतेस्तु शब्दमूलत्वात् ।**

અર્થ

તુ = પરંતુ

શ્રુતેઃ = શ્રુતિ દ્વારા (સિદ્ધ થયેલું છે કે પરમાત્મા જગતના કારણ હોવા છતાં પણ નિર્વિકાર છે.)

શબ્દમૂલત્વાત્ = પરમાત્માના સ્વરૂપનિર્ણયમાં વેદવચન જ પ્રમાણ છે તેથી.

ભાવાર્થ

આ સૂત્રમાં આની આગળના સૂત્રમાં દર્શાવેલા દોષોનો ઉત્તર આપવામાં આવ્યો છે. વેદ અથવા ઉપનિષદમાં પરમાત્માને જગતના એક માત્ર કારણ કહેવાની સાથે સાથે નિર્વિકાર રૂપે સ્થિતિ કરનારા પણ કહેલા છે. એ અવયવરહિત અને અજન્મા હોવા છતાં જગતના કારણ છે એવું વેદાદિમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે. સર્વશક્તિમાન પરમાત્માને માટે કશું જ અશક્ય નથી. જગત પરમાત્માના એક જ પાદમાં રહેલું છે અને એમના બીજા અમૃતસ્વરૂપ ત્રણ પાદ પરમધામમાં સ્થિતિ છે એવું વેદે વર્ણવેલું હોવાથી, પરમાત્મા સંપૂર્ણપણે જગતના રૂપમાં પરીણતિ પામે છે એવું માનવાનો કોઈ પ્રશ્ન જ નથી પેદા થતો. એવી રીતે માનવાનું શાસ્ત્રસંમત તથા યુક્તિસંગત નથી લાગતું. સુવિશાળ સમુદ્રના એક ભાગમાં મીઠું થાય છે એનો અર્થ એવો નથી કે સમસ્ત સમુદ્ર મીઠામાં પરીણતિ પામે છે. એવી રીતે પરમાત્મા જગતના કારણ હોવા છતાં જગતના રૂપે પૂરેપૂરા પરીણતિ નથી પામતા.

**૨૮. आत्मनि चैवं विचित्राश्च हि ।**

અર્થ

ચ = એ ઉપરાંત (યુક્ત પણ એનું સમર્થન કરે છે.)

હિ = કેમ કે.

આત્મનિ = (અવયવરહિત) જીવાત્મામાં.

ચ = પણ.

એવમ્ = એવી.

વિચિત્રઃ = વિચિત્ર સૃષ્ટિ (દેખાય છે.)

<u>ભાવાર્થ</u>

સ્વતંત્ર રીતે વિચારવાથી પણ સમજી શકાય છે કે અવયવરહિત પરમાત્મામાંથી આ જગતનો પ્રાદુર્ભાવ થાય છે તેમાં ના માનવા જેવું કશું જ નથી. પરમાત્માની વાતને બાજુએ રાખીએ અને સિદ્ધિસંપન્ન મહાત્મા પુરૂષોની વાત કરીએ તો પણ જણાય છે કે એ મહાત્મા પુરૂષો પોતાની અસાધારણ અમોઘ સંકલ્પ શક્તિથી તેમ જ વિભૂતિની મદદથી અવનવા પદાર્થોની રચના કરે છે. મહર્ષિ વિશ્વામિત્રે સંકલ્પ માત્રથી સ્વર્ગની સૃષ્ટિ કરી હતી એ કથા સુપ્રસિદ્ધ છે. એ મહાત્મા પુરૂષોની શક્તિ એવી અસીમ અથવા અનંત હોય છે તો પછી પરમાત્મા તો એમના કરતાં અનેકગણા મહાન છે. એમની શક્તિ વિશે તો કહેવું જ શું ? વળી જીવાત્મા પોતે અવયવરહિત હોવા છતાં સ્વપ્નદશા દરમિયાન કોઈપણ પ્રકારના બાહ્ય સ્થૂળ સાધન સિવાય કેવી ચિત્રવિચિત્ર સૃષ્ટિની રચના કરે છે ? તો પછી પરમાત્મા અવયવરહિત હોવા છતાં આ સુવિશાળ સૃષ્ટિની રચના કરતા હોય તો એમાં આશ્ચર્ય જેવું અથવા ના સમજી શકાય તેવું કશું જ નથી.

**૨૯. स्वपक्षदोषाच्च ।**

<u>અર્થ</u>

સ્વપક્ષદોષાત = એમના જ પક્ષમાં એવો દોષ પેદા થાય છે માટે.

ચ = પણ.

<u>ભાવાર્થ</u>

જે લોકો એવું કહે છે કે અવયવ વગરના પરમાત્મામાંથી અવયવવાળા વિચિત્ર જગતની રચના ના થઈ શકે અને સાંખ્યમત પ્રમાણે પ્રધાન જ જગતનું કારણ છે, તેમની પોતાની જ માન્યતા તથા વિચારધારા ભૂલભરેલી છે એનું એક કારણ એ પણ છે કે જગતના કારણ તરીકે તે જેને માને છે તે પ્રધાન પણ અંગ પ્રત્યંગ અથવા અવયવથી રહિત છે. એવા અવયવ વિનાના પ્રધાનમાંથી જગતની ઉત્પત્તિ માનીને તે અવયવ વિનાના પરમાત્મામાંથી અવયવવાળા સજીવ જગતની ઉત્પત્તિ ના થઈ શકે એવી એમની પોતાની જ દલીલને વ્યર્થ બનાવે છે. એ દલીલ પ્રમાણે તો પ્રધાનમાંથી પણ જગતની ઉત્પત્તિ ના થઈ શકે. એટલે પરમાત્મા જ જગતના એકમાત્ર કારણ છે, એ માન્યતા જ યોગ્ય છે.

**૩૦. सर्वोपेता च तद्दर्शनात् ।**

<u>અર્થ</u>

ચ = એ ઉપરાંત.

સર્વોપેતા = પરમાત્મા સર્વે શક્તિઓથી સંપન્ન છે.

તદ્દર્શનાત્ = શ્રુતિના વર્ણન પરથી એવું જ જોઈ શકાય છે માટે.

ભાવાર્થ

વેદ ઉપનિષદાદિમાં પરમાત્માને સર્વશક્તિ સંપન્ન કીધા છે. એ સર્વજ્ઞ પરમાત્મા આ અખિલ જગતના ધાતા તથા વિધાતા છે એમની શક્તિનું પૂરેપૂરૂં વર્ણન કોઈ જ નથી કરી શકતું, અને એમનો પાર પણ કોઈ નથી પામી શકતું. એમને અવયવ વિનાના કહ્યા છે એ તો એમની એકરસતા અને અખંડતા બતાવવા માટે. પ્રધાન એવું સર્વજ્ઞ. સર્વવ્યાપક સર્વશક્તિમાન તત્વ ના હોવાથી એમાંથી નહિ પરંતુ પરમાત્મામાંથી જ જગતની ઉત્પત્તિ થયેલી છે એવું સમજવું જ શાસ્ત્રસંગત છે.

**૩૧. विकरणत्वान्नेति चेत्तदुक्तम् ।**

અર્થ

વિકરણત્વાત્ = પરમાત્માને શ્રુતિએ મન તથા ઈન્દ્રિયોના કારણોથી રહિત કહ્યા છે માટે.

ન = તે જગતના કારણ નથી.

ચેત્ = જો.

ઈતિ = એવું કહેતા હો.

તદુક્તમ્ = તો એનો ઉત્તર અપાઈ ગયો છે.

ભાવાર્થ

વેદ તથા ઉપનિષદના આધાર પર જો કોઈ પરમાત્માને મન તથા ઈન્દ્રિયોથી રહિત માનીને. જગતના કારણ ના કહેતા હોય તો તેમનું તે કથન બરાબર નથી ને વેદ વિરૂદ્ધ છે. કારણ કે વેદ તથા ઉપનિષદો જ પરમાત્માને જગતના એકમાત્ર કારણ કહી બતાવે છે. શ્રુતિની એક વાતને પ્રમાણભૂત માનવી ને બીજી ના ગમતી વાતને લેશ પણ ના માનવી એ પદ્ધતિ બરાબર ના કહી શકાય. પરમાત્મા હાથપગ જેવી ઈન્દ્રિયોથી રહિત હોવા છતાં સર્વસમર્થ છે અને ઈન્દ્રિયોના કાર્ય કરતાં પણ વધારે સંગીન કાર્ય કરી શકે છે એ સૂચવવા માટે જ વેદના પુરૂષસૂક્તમાં એમનું હજારો મસ્તકવાળા, હજારો આંખ અને હજારો પગવાળા કહીને વર્ણન કરેલું છે. सहस्त्रशीर्षा पुरूषः सहस्त्राक्षःसहस्त्रपात् । એ બધી ચર્ચાવિચારણા પ્રકાશન્તરે આ પહેલાં થઈ ચૂકી છે.

**૩૨. न प्रयोअनबत्त्वात् ।**

અર્થ

ન= પરમાત્મા જગતના કારણ ના થઈ શકે.

પ્રયોજનવત્વાત્ = પ્રત્યેક કાર્ય પ્રયોજનથી પ્રેરાઈને થાય છે માટે.

ભાવાર્થ

પરમાત્મા તો પરિપૂર્ણ તથા પુર્ણકામ છે. એ જગતની રચના શા માટે, પ્રયોજનથી પ્રેરાઈને કરે ? પ્રયોજન વિના તો સદ્‌બુદ્ધિ સંપન્ન સામાન્ય માનવ પણ કશું નથી કરતો. જીવોને માટે જગતની રચના કરાતી હોય તો તે પ્રયોજન પણ નિરર્થક લાગે છે, કારણ કે આ દુઃખમય દુનિયામાં કોઈ પણ જીવ સંપૂર્ણપણે સુખી નથી. એટલે પરમાત્માએ જગતની રચના કરી હશે એવું નથી માની શકાતું.

**३३. लोककतु लीलाकैवल्कम् ।**

અર્થ

તુ = પરંતુ.

લોકવત્ = લોકમાં આત્મારામ કૃતકામ પુરૂષોની પેઠે

લીલાકૈવલ્યમ્ = કેવળ લીલામાત્ર છે.

ભાવાર્થ

ઉપરના સૂત્રમાં સ્વયં શંકા ઉપસ્થિત કરીને આ સૂત્રમાં એનું સમાધાન કરવામાં આવે છે. સંસારમાં જેમને કાંઈ જ મેળવવાનું નથી, જે પુર્ણ, પ્રશાંત તથા કૃતકામ છે, એવા અવતારી પુરૂષો કે મહાપુરૂષો પણ પોતાના સ્વભાવને અનુસરીને લીલા ખાતર - જીવનલીલાની ઉદાત્તતા, ઉપયોગિતા તથા સાર્થક્તા માટે, અહંકાર અને આસક્તિથી અલિપ્ત રહીને કર્મો કરતા દેખાય છે. તેમનું પોતાનું કોઈ પ્રયોજન નથી હોતું તો પણ બીજાને માટે તેમનાં કર્મો કલ્યાણકારક ઠરે છે. પરમાત્મા પણ એવી રીતે સ્વાભાવિક રીતે જ, એક લીલાની જેમ, સંસારના સર્જન તથા વિસર્જનનું કાર્ય કરે છે. તેમનું પોતાનું કોઈ વિશેષ પ્રયોજન ના હોવા છતાં બીજા જીવો તેમના દેવદુર્લભ અસાધારણ મહિમાનો વિચાર કરીને પરમાત્માભિમુખ બને છે ને પોતાના જીવનને કૃતાર્થ કરે છે. પરમાત્માનું પ્રયોજન ના હોય તો પણ જગત રચનાને લીધે જીવોના મહત્વના પ્રયોજનની પૂર્તિ થાય છે. જગત ગમે તેટલું દુઃખમય અથવા અશાંત લાગતું હોય તો પણ એનો લાભ લઈને સનાતન સુખ શાંતિથી, મુક્તિની ને પૂર્ણતાની પ્રાપ્તિ કરી શકાય છે. જીવ પોતાના એ જીવન પ્રયોજનની પૂર્તિ માટે સાધના પરાયણ બને તો ઘણું છે. બાકી પરમાત્માની દિવ્ય, ગહન, અકળ લીલાને કોણ સમજી શકે ?

**३४. वैषम्यनैर्धृण्ये न सापेक्षत्वात्तथा हि दर्शयति ।**

અર્થ

વૌષમ્યનૈર્ધૂણ્યે = વિષમતા તથા નિર્દયતાનો દોષ.

ન= નથી પેદા થતો.

સાપેક્ષત્વાત્ = જીવોનાં શુભાશુભ કર્મોની અપેક્ષા રાખીને એ સૃષ્ટિને સર્જે છે માટે. તથા

હિ= એવું જ.

દર્શયતિ = શ્રુતિ જણાવે છે.

ભાવાર્થ

પરમાત્માને જગતના કારણ માનવાથી એમની અંદર વિષ અથવા નિર્દયતા હોવાનો દોષ પેદા નહિ થાય ? કારણ કે એ કેટલાકને સુખી કરે છે ને કેટલાકને દુઃખી. કેટલાકને ઉત્તમ કુળમાં જન્માવે છે તો કેટલાકને અધમ કુળમાં. એના સ્પષ્ટીકરણ રૂપે આ સૂત્રમાં કહેવામાં આવે છે કે પરમાત્માને તેવો દોષ નથી લાગુ પડતો. પરમાત્મા સૃષ્ટિને રચીને જીવોને જુદી શુભાશુભ, સુખ તથા દુઃખથી ભરેલી યોનિમાં જન્માવે છે તેની પાછળ જીવોના શુભાશુભ કર્મો રહેલાં છે. એ કર્મોને અનુલક્ષીને એમના પરિણામ રૂપે જ જીવ સુખદુઃખની પ્રાપ્તિ કરે છે. ન્યાયાધીશના સારા-નરસા ચુકાદાની પાછળ એનો પક્ષપાત કે એની નિર્દયતા નથી હોતી પણ કાયદો જ કામ કરે છે તેવી રીતે પરમાત્મા કોઈ પ્રત્યે પક્ષપાત નથી કરતા કે નિર્દયતા પણ નથી બતાવતા. તે તો જીવોનાં કર્મોને જ ધ્યાનમાં રાખે છે. જીવ પોતાનાં કર્મો ને જે સુખદુઃખ ભોગવે છે તેમને માટે પરમાત્માને જવાબદાર ના ગણી શકાય કે દોષપાત્ર ના ઠરાવી શકાય.

બૃહદારણ્યક ઉપનિષદ જણાવે છે કે 'પુણ્યકર્મથી પુણ્યયોનિની અને પાપકર્મથી પાપયોનિની પ્રાપ્તિ થાય છે.' **पुण्यो वैपुण्मेन कर्मणा भवति पापः पापेन ।**

'શુભ કર્મ કરનાર સારો થાય છે, સુખી સદાચારી ઘરમાં જન્મીને સુખી થાય છે, અને અશુભ કર્મવાળો પાપાત્મા, અશાંત અથવા દુઃખી બને છે .'

**साधुकारी साधुर्भवति पापकारी पापो भवति ।**

**૩૫. न कर्माविभागादिति चेन्नानादित्वात् ।**

<u>અર્થ</u>

ચેત્ = જો.

કર્મવિભાગાત્ = જીવ અને એનાં કર્મોનો જગતની ઉત્પત્તિ પહેલાં પરમાત્મામાંથી વિભાગ કરવામાં નહોતો આવ્યો તેથી

ન = પરમાત્મા કર્મોની અપેક્ષાએ સૃષ્ટિ કરે છે એવું ના કહી શકાય.

ઈતિ ન = તો એવું નથી.

અનાદિત્વાત્ = જીવ અને એનાં કર્મો અનાદિ હોવાથી.

<u>ભાવાર્થ</u>

પરમાત્મા જીવનાં કર્મો પ્રમાણે ઉત્તમ અથવા અધમ ગતિ અને સુખ કે દુઃખ પ્રદાન કરતા હોય તો પણ એક પ્રશ્ન તો પેદા થાય જ છે કે સૌથી પહેલાં તો એકમાત્ર પરમાત્મા જ હતા. તે વખતે જીવ કે કર્મ જેવું કશું જ નહોતું. તો પછી જીવે સારાં ને નરસાં કર્મો કેવી રીતે કર્યાં અને આ શુભાશુભ સંસ્કૃતિચક્ર કેવી રીતે ચાલવા લાગ્યું ? જો જીવ તથા કર્મોના વિભાગ સૌથી પહેલાં પરમાત્માએ કર્યાં એવું માની લઈએ તો પણ એમણે કેટલાકને સત્કર્મપરાયણ અને કેટલાકને દુષ્કર્મપરાયણ, કેટલાકને સુખી તો કેટલાકને દુઃખી કર્યાં એટલા પુરતા એ દોષપાત્ર જ ઠરે છે. એ સૌને શરૂઆતથી જ સત્કર્મપરાયણ તથા સુખી કરત તો શી હરકત હતી ? એના ઉત્તરમાં અહીં કહેવામાં આવે છે કે જીવ અને એનાં કર્મોનો પરમાત્મામાં કદી સર્વથા અભાવ નહોતો. એ અનાદિ હોવાથી પરમાત્માની અંદર અનાદિકાળથી વિદ્યમાન છે અથવા રહે છે. એ પ્રલયકાળમાં

પરમાત્મામાં મળી જાય છે તો પણ એમની સત્તાનો અને એમના સૂક્ષ્મ વિભાગનો આત્યંતિક અભાવ નથી થતો.

**૩૬. उपपद्यते चाप्युपलभ्यते च ।**

અર્થ

ચ= તદ્ઉપરાંત

ઉપપદ્યતે = યુક્તિથી સિદ્ધ થાય છે.

ચ = અને.

ઉપલભ્યતે અપિ = એવું વર્ણન પણ મળે છે.

ભાવાર્થ

જીવ અને એનાં કર્મો અનાદિ છે એવું માનવા પાછળ કોઈ ચોક્કસ પ્રમાણ છે ખરું ? એવી જીજ્ઞાસાના જવાબમાં જણાવવામાં આવે છે કે હા. પ્રમાણ છે. શાસ્ત્રોમાં એવું વર્ણન જોવા મળે છે. ઉપનિષદ તથા ગીતામાં જીવાત્માને અજન્મા, નિત્ય, શાશ્વત, પુરાતન તથા શરીરના નાશ છતાં પણ નાશ ના પામનારો કહ્યો છે. ' જીવ અંશ ઈશ્વર અવિનાશી' કહીને રામાયણ પણ એને અવિનાશી જણાવે છે. યુક્તિ દ્વારા પણ એ હકીકતને પુષ્ટિ મળે છે. કારણ કે જીવ અને એનાં કર્મોને અનાદિ ના માનીએ તો પ્રલયકાળમાં સૌ કોઈ પોતાની મેળે જ મુક્તિ મેળવે છે એવું માનવું પડશે વળી પ્રલયકાળમાં પરમાત્માને પામેલા જીવોના પુનરાગમનનો દોષ પેદા થશે. પરમાત્મા પક્ષપાતી હોવાનો દોષ તો રહેશે જ. ગીતામાં તેરમા અધ્યાયમાં સ્પષ્ટ કહ્યું છે કે 'પુરૂષ તથા પ્રકૃતિ બંનેને અનાદિ જાણો.'

**૩૭. सर्वधर्मोपिपत्तेश्च ।**

અર્થ

સર્વ ધર્મોપપત્તેઃ= પરમાત્મામાં સર્વે ધર્મોની સંગતિ હોવાથી.

ચ= પણ.

ભાવાર્થ

પરમાત્મામાં સઘળા અસાધારણ ધર્મોનો સમાવેશ થયેલો છે. એ સર્વ સમર્થ, સર્વજ્ઞ, સર્વ વ્યાપક, સૌના અધીશ્વર છે. એ કર્તા હોવા છતાં અકર્તા, વ્યક્ત તથા અવ્યક્ત, અણુથી સુક્ષ્મ અને વિરાટથી વિરાટ, સગુણ તથા નિર્ગુણ, અને સર્વાતીત હોવા છતાં સુરૂપ અને સર્વગત છે. એવા અલૌકિક ગુણધર્મો એમના સિવાય બીજા કોઈની અંદર નથી દેખાતા. એમના અસ્તિત્વની બીજા કોઈની અંદર કલ્પના પણ નથી કરી શકાતી માટે એક એમના સિવાય બીજું કોણ જગતની ઉત્પત્તિ કરી શકે એમ છે ? બીજા કોઈનામાં જગતને રચવાની, રક્ષવાની, પોષવાની અને પોતાના અનંત ઉદરમાં સમાવવાની સર્વશ્રેષ્ઠ શક્તિ જ ક્યાં છે ? એમની બરાબરી બીજું કોઈ જ નથી કરી શકે તેમ.

**અધ્યાય ૨ - પાદ ૧ સંપૂર્ણ.**

## અધ્યાય ૨ - પાદ ૨

| | |
|---|---|
| ૧ થી ૧૦ | પ્રધાન કારણવાદનું મંડન. |
| ૧૧ થી ૧૭ | પરમાણુ કારણવાદ વિષે. |
| ૧૮ થી ૩૨ | બૌદ્ધ મતની વિચારણા. |
| ૩૩ થી ૩૬ | જૈન મતની વિચારણા. |
| ૩૭ થી ૪૧ | પાશુપત મતની વિચારણા. |
| ૪૨ થી ૪૫ | પાંચરાત્ર આગમ વિષે. |

## અધ્યાય ૨ - પાદ ૨

**१. रचनानुपपत्तेश्च नानुमानम् ।**

<u>અર્થ</u>

ચ = વળી.

અનુમાનમ્ = કેવળ અનુમાન છે તે પ્રધાન.

ન = જગતનું કારણ નથી.

રચનાનુપત્તેઃ = એની દ્વારા જુદી જુદી રચનાનો સંભવ નથી. માટે.

<u>ભાવાર્થ</u>

પ્રધાન અથવા પ્રકૃતિ જડ છે અને પરબ્રહ્મ પરમાત્માથી અલગ અસ્તિત્વ નથી ધરાવતી. તે જગતનું કારણ કેવી રીતે હોઈ શકે ? વિદ્વાનો તેનો જગતના કારણ તરીકે કદી પણ સ્વીકાર ના કરી શકે. જડ પ્રકૃતિ કે પ્રધાન જગતની રચનામાં પોતાની મેળે પ્રવૃત્ત કેવી રીતે થઈ શકે ? ચેતનની મદદ વિના જડ વસ્તુ પોતાની મેળે જ કાર્યરત નથી બની શકતી એવું જગતમાં પણ જોઈ શકાય છે. તો પછી આટલા બધા વિશાળ વિશ્વની અને એના વિવિધ પદાર્થોની રચના જડ પ્રકૃતિ કે પ્રધાન ના જ કરી શકે એ દેખીતું છે. સૂર્યચંદ્રાદિ ગ્રહનક્ષેત્રોનું અને આટલા બધા આકર્ષક, સુંદર અને આશ્ચર્યકારક મનુષ્ય શરીરનું નિર્માણ કરનારી ચેતના કોઈ સાધારણ ચેતના તો નહિ જ હોય. એ તો સામાન્ય માનવ પણ સહેલાઈથી સમજી શકે છે. આ જગત રચના પરમાત્મારૂપી કુશળ કળાત્મક કારીગરની જ કલ્પનાશક્તિનું સુ-પરિણામ છે એમાં સંદેહ નથી.

**२. प्रवृत्तेश्चच ।**

<u>અર્થ</u>

પ્રવૃત્તિઃ = જગતની રચના માટે પ્રકૃતિ પ્રવૃત્ત થાય છે એવું.

ચ= પણ. (સિદ્ધ નથી થતું).

<u>ભાવાર્થ</u>

સાંખ્યમતમાં માન્યા મુજબ સત્વ, રજ તથા તમ એ ત્રણે ગુણોની સામ્યાવસ્થાનું નામ પ્રધાન અથવા પ્રકૃતિ છે. **सत्वरजस्तमसां साम्मावस्था प्रकृतिः ।** (સાંખ્યદર્શન) પ્રધાન અથવા પ્રકૃતિ એવી રીતે જડ હોવાથી ચેતનની મદદ વિના પોતાની મેળે જગતના રચના કાર્યમાં પ્રવૃત્ત ના થઈ શકે. કોઈ પણ જડ પદાર્થ એવી રીતે ચેતનની મદદ વિના કોઈ પણ કાર્ય કરતો નથી દેખાતો.

**३. पयोऽम्बुवश्चेत्तत्रापि ।**

<u>અર્થ</u>

ચેત્ = જો.

પયોડમ્બુવત્ = દુધ તથા પાણીની પેઠે (પ્રધાનની જગત રચનાની પ્રવૃત્તિ શક્ય છે.)

તત્રાપિ = તો એમાં પણ ચેતનનો સહયોગ છે.

ભાવાર્થ

સાંખ્યદર્શનમાં જણાવ્યું છે કે અચેતન હોવા છતાં પણ પ્રધાન પયની પેઠે પ્રવૃત્તિ કરે છે. **अचेतनत्वेऽपि क्षीरवच्चेष्टितं प्रधानस्य ।** એના આધાર પર કોઈ એવું કહેતું હોય કે દુધ જડ હોવા છતાં વાછરડાની તૃપ્તિ માટે ગાયના પેટમાં પેદા થઈને આંચળમાં પોતાની મેળે જ ઉતરી આવે છે, તથા પાણી પણ નદી તથા નિર્ઝરના રૂપમાં પોતાની મેળે જ પ્રવાહિત થાય છે, તેવી રીતે પ્રધાન જડ અથવા અચેતન હોવા છતાં જગતની રચનામાં પોતાની મેળે જ પ્રવૃત્ત થાય છે, તો એ કથન બરાબર નથી. ગાયના ઉદરમાં જે દૂધ પેદા થાય છે અને આંચળમાં ઉતરી આવે છે તે પ્રક્રિયા બહારથી જડ જેવી દેખાતી હોવા છતાં અંદરથી ચેતનની પ્રેરણાના પરિણામરૂપે જ થતી હોય છે. એની પાછળ ગાયની જન્મજાત મીઠી મમતા અને વાછરડાનું વાત્સલ્ય કામ કરે છે. એટલે કે ગાય અને વાછરડો કારણભૂત છે. નદી તથા નિર્ઝરના પાણીપ્રવાહને પણ ચેતન પુરૂષ પોતાની ઇચ્છા પ્રમાણે લઈ જાય છે. એની ઉપર પણ પરમાત્માનું નિયંત્રણ છે. એવું બૃહદારણ્યક ઉપનિષદમાં સ્પષ્ટ પણે જણાવ્યું છે. **योऽप्सु तिष्ठन् अपोऽन्तशे यमयति ।** જે પાણીમાં વસે છે અને એની અંદર રહીને એનું નિયમન કરે છે.'

**एतस्य वा अंक्षरस्य प्रशासने गार्गि प्राच्योऽन्या नद्यः स्यन्दन्ते ।**

'ગાર્ગી, આ અવિનાશી પરમાત્માના પ્રશાસનમાં અથવા નિયંત્રણમાં રહીને પુર્વવાહિની તથા બીજી બધી નદીઓ વહે છે.'

એટલે જગત રચનાની વિશિષ્ટ પ્રવૃત્તિ ચેતન પરમાત્મા વિના કેવળ જડ પ્રકૃતિથી થાય છે એવું માનવું ભૂલભરેલું છે.

**૪. व्यतिरेकानवस्थितेश्च अनपेक्षत्वात् ।**

અર્થ

ચ = એ ઉપરાંત.

વ્યતિરેકાનવસ્થિતેઃ = પ્રધાન સિવાય બીજા કોઈને એની પ્રવૃત્તિ કે નિવૃત્તિનો નિયામક નથી માનવામાં આવ્યો એથી.

અનપેક્ષત્વાત્ = (અને) પ્રધાનને કોઈની અપેક્ષા નથી એટલા માટે પણ. (પ્રધાન કદીક જગતના રૂપમાં પરીણિત થાય છે ને કદીક નથી થતું એ હકીકત શક્ય અથવા માનવા જેવી નથી લાગતી.)

ભાવાર્થ

સાંખ્યમતમાં કહ્યા પ્રમાણે પ્રધાનને જ પ્રેરક કે પ્રવર્તક માનવામાં આવે છે. એ પ્રધાન બીજા કોઈની પણ અપેક્ષા વિના પોતાના કાર્યમાં પ્રવૃત્ત થાય છે એવું જણાવાય છે. પુરૂષ અસંગ અને ઉદાસીન છે. એ પરિસ્થિતિમાં પ્રધાન જડ હોવા છતાં કદીક જગત રચનામાં પરીણિત થાય છે ને કદીક નથી થતું એવું કેવી રીતે માની શકાય ? જગતની રચના કરવાનો પ્રધાનનો ધર્મ કે સ્વભાવ માનીએ તો પ્રલય કોણ કરશે ? અને જો રચના કરવાનો એનો સ્વભાવ નથી એવું માનીએ તો રચનાના કાર્યમાં એની પ્રવૃત્તિ જ નહિ થાય.

એટલે પ્રધાનને જગતનું કારણ માનવાવાળાના મતમાં દોષો રહેલા હોવાથી એનો સ્વીકાર કરવાનું શક્ય નથી લાગતું.

**૫. अन्यत्राभावाच्च न तृणादिवत् ।**

અર્થ

અન્યત્ર = બીજે ઠેકાણે.

અભાવાત્ = એવા પરિણામનો અભાવ હોવાથી.

ચ = પણ.

તૃષાદિવત્ = તૃણાદિની પેઠે (પ્રધાનનું જગતના રૂપે પરીણત થવાનું )

ન = સિદ્ધ નથી થતું.

ભાવાર્થ

ઘાસ દૂધમાં પરીણત થાય છે ખરું, પરંતુ બધે જ ઠેકાણે નથી થતું. વસુકી ગયેલી ગાયના ઉદરમાં ઘાસનું દૂધ નથી થતું. તેવી રીતે તે જ ઘાસ જો બળદને કે ઘોડાને ખવડાવવામાં આવે તો પણ તેનું દૂધ નથી બનતું. એટલે ચેતન પરમાત્માના સહયોગ વિના જડ પ્રકૃતિ અથવા પ્રધાન જગતના રૂપમાં પરીણત થાય છે એવું નથી માની શકાતું.

**૬. अभ्युपगमेऽप्यर्थाभावात् ।**

અર્થ

અભ્યુપગમે = (અનુમાન દ્વારા પ્રધાનમાં સૃષ્ટિરચનાની સ્વાભાવિક પ્રવૃત્તિનો) સ્વીકાર કરી લેવાથી.

અપિ = પણ.

અર્થાભાવાત્ = કોઈ પણ પ્રયોજન ના હોવાને લીધે (એ માન્યતા નકામી ઠરશે.)

ભાવાર્થ

ચેતન પરમાત્માની પ્રેરણા વિના જડ પ્રકૃતિ કે પ્રધાન સૃષ્ટિની રચના કદાપિ ના કરી શકે તોપણ માનવા ખાતર માની લઈએ કે પ્રધાન જગતની રચનામાં પ્રવૃત્ત થાય છે તો તરત જ પ્રશ્ન ઉદ્ભવે છે કે, એની રચનામાં એ શા માટે પ્રવૃત્ત થાય છે ? એની એ પ્રવૃત્તિની પાછળ કોઈ પણ પ્રયોજન નથી દેખાતું. સાંખ્યમતમાં પ્રધાનની પ્રવૃત્તિ પુરુષના ભોગ તથા મોક્ષને માટે છે એવું માનવામાં આવ્યું છે. પરંતુ એમાં એવું પણ માનવામાં આવ્યું છે કે પુરૂષ  અસંગ, નિષ્ક્રિય, નિર્વિકાર, નિર્મળ, નિત્યશુદ્ધ, નિત્યબુદ્ધ ને નિત્યમુક્ત છે. તો પછી એને માટે ભોગ અથવા મોક્ષની આવશ્યકતા જ ક્યાં રહે છે ? એટલે એ પ્રયોજન મિથ્યા ઠરે છે. અને પ્રધાન પોતાની મેળે જ જગતની રચનાના કાર્યમાં પ્રવૃત્ત થાય છે એવું પણ નથી માની શકાતું.

**૭. पुरूषाश्मवदिति  चेतथापि ।**

અર્થ

ચેત્ ઈતિ = જો એવું કહેતા હો કે.

પુરૂષાશ્મવત્ = આંધળા અને પાંગળા પુરૂષોના તથા લોઢા અને ચુંબકના સંયોગની જેમ (પ્રકૃતિ અને પુરૂષની સંનિધિ જ પ્રકૃતિને સૃષ્ટિ રચનામાં પ્રવૃત્તિ કરે છે.)

તથાપિ = તો એવું માનવાથી પણ (સાંખ્ય સિદ્ધાંતની સિદ્ધિ નથી થતી.)

ભાવાર્થ

આંધળા અને પાંગળા બે પુરૂષો પરસ્પર ભેગા થાય અને પાંગળો આંધળાની પીઠ પર ચઢીને રસ્તો બતાવે તે પ્રમાણે આંધળો પુરૂષ આગળ વધે અને બંને પોતાના નક્કી કરેલા સ્થાને પહોંચી જાય, અથવા લોઢાનો ને ચુંબકનો સંયોગ સધાય છે કે તરત જ લોઢામાં ક્રિયાશક્તિ પેદા થાય છે, તેવી રીતે પુરૂષ અને પ્રકૃતિનો સંયોગ જ સૃષ્ટિના સર્જનમાં કારણભૂત છે, અને પ્રકૃતિ જડ હોવા છતાં પણ પુરૂષની સંનિધિને લીધે સૃષ્ટિની ઉત્પત્તિ જેવા કર્મમાં પ્રવૃત્ત થાય છે, એવી દલીલ કરવામાં આવે તો તે દલીલ પોતે જ દોષયુક્ત ઠરે છે. કારણકે પાંગળો અને આંધળો બંને પુરૂષ જડ નથી પરંતુ ચેતન છે. એટલે એક પથપ્રદર્શન કરે છે અને બીજો એનું અનુસરણ. એમનો સહયોગ જડનો નહિ પરંતુ ચેતનનો સહયોગ છે. એવી રીતે લોઢું ચુંબકની સંનિધિમાં આકર્ષણનો અનુભવ કરે છે ખરૂં પરંતુ કોઈક ચેતનપુરૂષ એમને એકમેકની પાસે ના રાખે ત્યાં સુધી એ આકર્ષણનો અનુભવ નથી થઈ શકતો. ચેતનના સહયોગથી લોઢું ચુંબક પાસે ના પહોંચે ત્યાં સુધી એની અંદર ક્રિયાશક્તિ નથી પેદા થતી. એના પરથી સાબિત થાય છે કે ચેતનની પ્રેરણાથી જ જડ પ્રધાન જગત રચનાના કાર્યમાં પ્રવૃત્તિ કરી શકે. ચેતનની પ્રેરણા વિના એ પોતાની મેળે જ જગત રચના ના કરી શકે. સાંખ્યમતમાં તો પુરૂષને અસંગ અને ઉદાસીન કહ્યો હોવાથી તે પ્રકૃતિ કે પ્રધાનને પ્રેરણા ના આપી શકે. માટે જડ પ્રકૃતિ કે પ્રધાનને જગતનું કારણ ના કહી શકાય.

**૮. अङ्गत्वानुपपत्तेश्च ।**

અર્થ

અઙિગત્વાનુપપત્તેઃ = અંગાંગિ ભાવ (એટલે કે સત્વાદિ ગુણોના ઉત્કર્ષ અને અપકર્ષ)ની સિદ્ધિ ના હોવાથી.

ચ = પણ.

ભાવાર્થ

સાંખ્ય મતમાં આગળ જણાવ્યા પ્રમાણે ત્રણે ગુણોની સામ્યાવસ્થાને પ્રધાન કહેવામાં આવે છે. ગુણોની એ સામ્યાવસ્થા જો સ્વાભાવિક હોય તો તો તેનો ભંગ કદી પણ નહિ થાય, એ અખંડ રહેશે, અને ગુણોમાં વિષમતા પેદા ના થવાથી અંગાંગિ ભાવની સિદ્ધિ નહિ થાય. ગુણોમાં જ્યારે વધઘટ થાય છે ત્યારે વધેલા ગુણને અંગી અને ઘટેલા ગુણને અંગ કહેવામાં આવે છે. ગુણોની વધઘટને જો સ્વાભાવિક માનવામાં આવે તો પ્રલયને માટે અવકાશ જ નહિ રહે ને સૃષ્ટિનો ક્રમ અબાધિત રીતે ચાલુ જ રહેશે. હવે જો એમ માનવામાં આવે કે પ્રકૃતિમાં પેદા થનારો ગુણોનો ક્ષોભ પુરૂષની પ્રેરણાથી થાય છે તો પુરૂષને અસંગ અને નિષ્ક્રિય નહિ માની શકાય, એવી માન્યતામાં દોષ પેદા થશે. પરમાત્મા પ્રકૃતિનો પ્રેરક છે એવું માનવાથી

પરમાત્મા જગતના કારણ છે એમ કહેવું પડશે. ગુણોનો અંગાંગિ ભાવ અથવા ગુણોની વધઘટ સિદ્ધ ના થવાથી પ્રધાનને જગતનું કારણ નથી માની શકાતું.

**९. अनयथानुमितौ च ज्ञशक्रिवियोगात् ।**

અર્થ

અન્યથા = બીજી રીતે.

અનુમતિ = ગુણોની સામ્યાવસ્થાના ભંગનું અનુમાન કરવાથી.

ચ = પણ.

જ્ઞશક્તિવિયોગાત્ = પ્રધાન જ્ઞાનશક્તિથી વંચિત હોવાથી.

ભાવાર્થ

માનવાને માટે માની લઈએ કે પ્રકૃતિના ગુણોની સામ્યાવસ્થાનો ભંગ કાળ જેવાં બીજા કોઈક કારણોથી થાય છે તો પણ પ્રધાન જ્ઞાનશક્તિથી રહિત હોવાથી બુદ્ધિપુર્વક જગતની રચનાદિ પ્રવૃત્તિ ના કરી શકે. જગતના પાર વિનાના પદાર્થોનું નિરીક્ષણ કરવાથી ને આ વિશાળ વિશ્વનો વિચાર કરવાથી એટલું તો સહેજે સમજાય છે કે એની રચના કરનારી શક્તિ સાધારણ નહિ હોય. એ ચેતનશક્તિ અનંત જ્ઞાન તથા સામર્થ્ય અને ઐશ્વર્યાદિથી સંપન્ન હશે. પ્રકૃતિ અથવા પ્રધાનમાં એવી વિશિષ્ટતા કે યોગ્યતાનો અભાવ હોવાથી-કારણકે એ જડ છે-એને જગતના કારણ તરીકે ના કહી શકાય. જગતના કારણ તો અનંત જ્ઞાન, અસીમ સામર્થ્ય અને અલૌકિક ઐશ્વર્યાદિથી અલંકૃત એકમાત્ર પરમાત્મા જ છે એમાં કશી શંકા નથી રહેતી.

**१०. विप्रतिषेधाच्चासमञ्जसम् ।**

અર્થ

વિપ્રતિષેધાત્ = પરસ્પર વિરોધી વાતોનું વર્ણન કરવાને લીધે.

ચ = પણ.

અસમંજસમ્ = સાંખ્યદર્શન દોષરહિત નથી. દેખાતું.

ભાવાર્થ

સાંખ્યદર્શનમાં પરસ્પર વિરોધી વિચારો જોવા મળે છે. એમાં પુરૂષને અસંગ અને નિષ્ક્રિય માન્યો છે, એને જ પ્રકૃતિનો દૃષ્ટા તથા ભોક્તા કહી બતાવ્યો છે, પ્રકૃતિ સાથે એનો સંયોગ થાય છે એવું જણાવ્યું છે, પ્રકૃતિ પુરૂષને ભોગ તથા મોક્ષ આપે છે એવું વર્ણવ્યું છે, તથા પ્રકૃતિ તથા પુરૂષના ભેદના જ્ઞાનને લીધે થતી દુઃખની નિવૃત્તિને જ મોક્ષ માનવામાં આવે છે. એ બધાં વિધાનો પરસ્પર વિરોધી છે અને આદર્શ નથી લાગતાં. એમનો સ્વીકાર કોઈ પણ રીતે નથી કરી શકાય તેમ. એટલે સાંખ્યદર્શનના સિદ્ધાંતો દોષયુક્ત લાગે છે.

**११. महद्दीर्घवद्वा ह्रस्वपरिमण्डलाभ्याम् ।**

અર્થ

હ્રસ્વ પરિમંડલાભ્યામ્ = હ્રસ્વ (હ્યબ્રુક) અને પરિમંડલ (પરમાણુ) માંથી.

મહદ્દીર્ઘવત્ = મહત્ અને દીર્ઘ (ત્ર્યણુક)ની ઉત્પત્તિ બતાવવાની જેમ.

વા = જ. (વૈશેષિકોની સઘળી વાતો અસંગત છે.)

ભાવાર્થ

આ સૂત્રમાં પરમાણુવાદમાં વિશ્વાસ રાખનારા વૈશેષિકોની વિચારસરણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ વિચારસરણી પ્રમાણે એક પદાર્થ બીજા સજાતીય પદાર્થને અને એક ગુણ બીજા સજાતીય પદાર્થને અને એક ગુણ બીજા સજાતીય ગુણને ઉત્પન્ન કરે છે કાર્યની ઉત્પત્તિ સમવાયી, અસમવાયી, તથા નિમિત્ત ત્રણ કરવાથી થતી હોય છે. વસ્ત્રની ઉત્પત્તિમાં સૂતર સમવાયી કારણ છે, સૂતરનો પારસ્પરિક સંયોગ અસમવાયી કારણ છે, અને વસ્ત્રને તૈયાર કરનાર કારીગરાદિ નિમિત્ત કારણ છે. પરમાણુ ચાર પ્રકારના છેઃ પાર્થિવ પરમાણુ, જલીય પરમાણુ, તૈજસ પરમાણુ, અને વાયવીય પરમાણુ. એ પરમાણુ નિત્ય, નિરવયવ તેમ જ રૂપાદિથી સંપન્ન છે. એમના પરિમાણ કરેલ માપને પારિમાંડલ્ય કહેવામાં આવે છે. પ્રલયકાળમાં પરમાણુઓ નિષ્ક્રિય રહે છે. સૃષ્ટિની રચના વખતે કાર્ય સિદ્ધિને માટે પરમાણુ સમવાયી કારણ થાય છે, એમનો એકમેક સાથેનો સંયોગ અસમવાયી કારણ બને છે, અને અદ્દષ્ટ, ઈશ્વરની ઈચ્છા વિગેરે નિમિત્ત કારણ. પ્રથમ કાર્ય વાયવીય પરમાણુઓમાં પ્રકટે છે, પછી એમનો સંયોગ થાય છે. બે પરમાણુ ભેગાં થઈને હ્યણુક રૂપ કાર્યને પેદા કરે. ત્રણ હ્યણુક ત્ર્યણુકની ને ચાર ત્ર્યણુક ચતુરણુકની સૃષ્ટિ કરે છે.

એવી રીતે તૈજસ પરમાણુમાંથી અગ્નિ પેદા થાય છે ને પ્રજ્વલિત બને છે. જલીય પરમાણુમાંથી જળનો મહાસાગર પ્રકટે છે ને પાર્થિવ પરમાણુમાંથી પૃથ્વી પેદા થઈને સ્થિર બને છે. કાર્યના ગુણો કારણના ગુણોથી જ પેદા થાય છે. એવી રીતે પ્રલયકાળમાં પણ પરમાત્માની પ્રેરણાથી પરમાણુઓમાં કર્મનો આરંભ થાય છે, એને લીધે એમનો સંયોગ તૂટી જાય છે. અને ક્ષણુકાદિનો નાશ થવાથી પૃથ્વી આદિ પણ નાશ પામે છે. એ બધી વિચારસરણીનું વિહંગાવલોકન કરતાં સૂત્રકાર જણાવે છે કે જો કારણના ગુણો કાર્યમાં પ્રકટ થતા હોય તો અતિશય સૂક્ષ્મતા અથવા પારિમાંડલ્યરૂપી પરમાણુનો ગુણક્ષ્યણુકમાં પણ પ્રકટ થવો જોઈએ. પરંતુ ખરેખર એવું નથી દેખાતુ. કારણ કે એ સિદ્ધાંતમાં માનનારાના કહ્યા પ્રમાણે બે પરમાણુઓમાંથી હ્રસ્વગુણ વિશિષ્ટ ક્ષ્યણુકની ઉત્પત્તિ થાય છે અને હ્રસ્વ ક્ષ્યણુકોમાંથી મહત્ દીર્ઘ પરિમાણવાળાં ત્ર્યણુકની ઉત્પત્તિ થાય છે વૈશેષિકાનો એ સિદ્ધાંત એવી રીતે અસંગત છે. એવી જ રીતે એમની અન્ય વાતોનું કે માન્યતાનું પણ સમજી લેવાનું છે.

**૧૨. उभयथापि न कर्मातस्तदभावः ।**

અર્થ

ઉભયથા = બંને પ્રકારે.

અપિ = પણ

કર્મ = પરમાણુઓમાં કર્મ.

ન = સિદ્ધ નથી થતું.

અતઃ = એટલા માટે.

તદ્દભાવઃ = પરમાણુઓના સંયોગથી દ્ચણુક આદિની ઉત્પત્તિના ક્રમથી જગતની રચનાદિનો સંભવ નથી દેખાતો.

ભાવાર્થ

પરમાણુવાદમાં વિશ્વાસ રાખનારા વિચારકો જણાવે છે કે જગતની રચના પહેલાં પરમાણુ અચળ હોય છે, પછી એમની અંદર પ્રવૃત્તિ પેદા થઈને એમનો સંયોગ થવાથી જગતની રચના થાય છે. એ પરમાણુઓ જગતની રચના પહેલાં જો અચળ હોય છે એવું માની લઈએ તો એમની અંદર પ્રવૃત્તિ કેવી રીતે પેદા થાય છે એ પ્રશ્ન તો રહે છે જ. એમની અંદર કોઈ પણ પ્રકારના નિમિત્ત વિના પ્રવૃત્તિ આપોઆપ પેદા થાય છે એવું માનવાનું એકદમ અશક્ય લાગે છે. જો એ વિચારકોની માન્યતા એવી હોય કે જીવોના અદૃષ્ટ કર્મ સંસ્કારોને લીધે પરમાણુઓમાં પ્રવૃત્તિ પેદા થાય છે તો એ માન્યતા પણ ભૂલભરેલી લાગે છે કારણ કે જીવોના કર્મસંસ્કારો તો જીવોમાં રહેતા હોવાથી એમની ઓછીવત્તી જે પણ અસર પેદા થાય તે જીવો પર થવી જોઈએ, પરમાણુઓ પર કદાપિ ના થઈ શકે. એટલે પરમાણુવાદની માન્યતા ભૂલભરેલી લાગે છે.

**१३. समवावाभ्युषगमाञ्च साम्यादनवस्थितोः ।**

અર્થ

સમવાયાભ્યુપગામાત્ = પરમાણુવાદમાં સમવાય સંબંધનો સ્વીકાર કરાયો હોવાથી.

ચ સામ્યાત્ = કારણ તથા કાર્યની જેમ સમવાય અને સમવાયીમાં પણ ભિન્નતાની સમાનતા છે એટલા માટે.

અનવસ્થિતેઃ = એમની અંદર અનવસ્થાદોષ પેદા થવાથી પરમાણુઓના સંયોગથી જગતની ઉત્પત્તિ નહીં થઈ શકે.

ભાવાર્થ

વૈશેષિકો યુતસિદ્ધ અને અયુતસિદ્ધ વસ્તુઓમાં માને છે. યુતસિદ્ધ એટલે અલગ રીતે રહી શકનારી વસ્તુઓ અને અયુતસિદ્ધ એટલે અલગ ના રહેનારી વસ્તુઓ. પ્રથમ પ્રકારની યુતસિદ્ધ વસ્તુઓમાં સંયોગ સંબંધ હોય છે અને બીજા પ્રકારની અલગ ના રહેનારી અયુતસિદ્ધ વસ્તુઓમાં સમવાયસંબંધ. સુતર ને વસ્ત્ર અથવા સુવર્ણ અને આભૂષણ અયુતસિદ્ધ વસ્તુઓ છે અને પાણી ને પાત્ર અથવા ખુરસી ને ઘર યુતસિદ્ધ વસ્તુઓ. એ વસ્તુઓની વચ્ચે સંયોગનો સંબંધ રહેતો હોય છે. કારણ કરતાં કાર્ય એકદમ ભિન્ન હોવા છતાં પણ એમના મત પ્રમાણે કારણ તથા કાર્યના પારસ્પરિક સંબંધને સમવાય કહેવામાં આવે છે. એને અનુસરીને બે અણુમાંથી થનારું દ્ચણુક નામનું કાર્ય એ અણુઓથી ભિન્ન હોવા છતાં પણ સમવાય સંબંધ દ્વારા એમની સાથે સંકળાયલું રહે છે એવું માનવાથી દ્ચણુક જેવી રીતે એ અણુઓથી ભિન્ન હોય છે તેવી રીતે સમવાય પણ સમવાયીથી ભિન્ન છે. એ બંનેમાં ભેદની સમાનતા છે. એટલે દ્ચણુક સમવાય સંબંધને લીધે જેવી રીતે બે અણુઓ સાથે સંકળાયેલ છે તેવી રીતે સમવાય પણ સમવાયી સાથે સંકળાયેલ માની લેવાશે.

એવી રીતે વારાફરતી પેદા થનારા સમવાય સંબંધની સિદ્ધિ નહિ થાય અને બે અણુમાંથી હ્યણુકની અને એ પછીની ઉત્પત્તિ પણ નહિ માની શકાય.

**१४. नित्यमेव च भावात् ।**

અર્થ

ચ = એ ઉપરાંત.

નિત્યમ્ = સદા.

ઐવ = જ.

ભાવાત્ = જગતની કે પ્રલયની સત્તા કાયમ રહેશે એથી.

ભાવાર્થ

પરમાણુઓમાં થનારી પ્રવૃત્તિને સ્વભાવિક માની લેવામાં આવે તો શી હરકત છે એના સ્પષ્ટીકરણ માટે આ સૂત્ર રચવામાં આવ્યું છે. પરમાણુવાદીની માન્યતા મુજબ પરમાણુઓ નિત્ય છે. તો પછી એમનો સ્વભાવ પણ નિત્ય જ માનવો પડશે. એમનો સ્વભાવ પ્રવૃત્તિ પરાયણ છે એવું માનીએ તો એ પ્રવૃત્તિ સ્વાભાવિક હોવાથી એમની દ્વારા થતા જગત રચના રૂપી કર્મનો કદી અંત જ નહિ આવે, અને જો એમનો સ્વભાવ નિવૃત્તિ પરાયણ છે એવું સ્વીકારીએ તો એ નિવૃત્તિ પણ સ્વાભાવિક હોવાથી જગતનો આધાર થયા કરશે અથવા જગત થશે જ નહિ. એક જ પદાર્થમાં પરસ્પર વિરોધી ગુણધર્મોનું કે સ્વભાવનું અસ્તિત્વ હોવાનો સંભવ નહિ હોવાથી, પરમાણુઓનો સ્વભાવ બંને પ્રકારનો કે વિવિધ છે એવું તો નથી માની શકાતું. એમનો કોઈ વિશિષ્ટ પ્રકારનો સ્વભાવ નથી એવું માનીએ તો તો કોઈક નિમિત્તને લીધે જ એમનામાં પ્રવૃત્તિ કે નિવૃત્તિની પ્રક્રિયા પેદા થાય છે એવું પણ માનવું પડશે. પરંતુ એવી માન્યતા પણ નિરર્થક નીવડશે, કારણ કે એ જે નિમિત્તમાં માને છે તે નિમિત્તની માન્યતા ભૂલ ભરેલી છે એવું પહેલાં જ પુરવાર કરી દેવાયું છે. એવી રીતે પરમાણુવાદ ક્ષતિ ભરેલો છે અને આદર્શ નથી લાગતો.

**१५. रूपादिखेत्त्वाच्च विपर्ययो  दर्शनात् ।**

અર્થ

ચ = વળી.

રૂપાદિમત્તવાત્ = પરમાણુઓને રૂપ, રસાદિ ગુણોવાળાં માનવામાં આવ્યાં છે એથી.

વિપર્યય = એમની અંદર નિત્યતાને બદલે અનિત્યતાનો દોષ પેદા થાય છે.

દર્શનાત્ = દેખાય છે પણ એવું જ એટલા માટે.

ભાવાર્થ

પરમાણુવાદની એક બીજી ત્રુટિ પણ સમજવા જેવી છે. એમાં વિશ્વાસ રાખનારા વિચારકો પરમાણુઓને નિત્ય માને છે અને રસ જેવા ગુણોવાળા ગણે છે. એને લીધે એમની પોતાની જ માન્યતામાં દોષ અથવા વિરોધાભાસ પેદા થાય છે. જો પરમાણુઓને રૂપ તથા રસ જેવા ગુણોવાળા ગણી લઈએ તો

નિત્ય છે એવું નહિ કહી શકાય, કારણ કે રૂપરસાદિ ગુણોવાળો જગતનો કોઈપણ પદાર્થ કાયમને માટે એક સરખાં સ્વરૂપમાં રહેનારો, શાશ્વત, અપરિવર્તનશીલ અથવા અવિકારી માનવાં પડશે. એથી ઊલટું જો એમને રૂપરસાદિ ગુણોથી રહિત માનીએ તો પણ મોટો દોષ થશે. કારણ કે જગત જો એમનું કાર્ય હોય તો એની અંદર રૂપ તથા રસાદિ દેખાય છે. અને કાર્યમાં કારણની જ અસર આવતી હોવાથી, પરમાણુઓને જગતના કારણ તરીકે માની મનાવી નહિ શકાય. એવી બધી રીતે વિચારવાથી સમજાય છે કે પરમાણુઓથી જગતની ઉત્પત્તિ થાય છે એ માન્યતા નિર્દોષ નહિ હોવાથી અસ્વીકાર્ય ઠરે છે.

**૧૬. उभयथा च दोषात् ।**

અર્થ

ઉભયથા = બંને પ્રકારે.

ચ = જ.

દોષાત્ = દોષ દેખાય છે તેથી.

ભાવાર્થ

પરમાણુવાદની ચર્ચા વિચારણા કરતાં આ સૂત્રમાં એની એક બીજી ત્રુટિ તરફ અંગુલિ નિર્દેશ કરવામાં આવે છે. સંસારનું નિરીક્ષણ કરતાં દેખાય છે કે પૃથ્વી જેવાં મહાભૂતોમાંથી કોઈની અંદર વધારે તો કોઈની અંદર ઓછા ગુણો રહેલા છે. પરમાણુઓને જો જગતના કારણરૂપે માનીએ તો એમને પણ કાર્યમાં કારણના ગુણધર્મો રહેતા હોવાથી, ઓછા અથવા વધારે ગુણધર્મોથી સંપન્ન માનવા પડે. બધા જ પદાર્થોમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધનો સરખી રીતે સમાવેશ થવો જોઈએ. પાણી તથા પ્રકાશમાં રસ તથા ગંધનું દર્શન થવું જોઈએ. પૃથ્વીમાં વધારે ગુણો હોવાની સાથે સાથે સ્થૂળતાનો ગુણ પણ જોવા મળતો હોવાથી, તે ગુણ પરમાણુઓમાં છે એવું માનીને પરમાણુઓ સ્થૂળ છે એવું માનવું પડશે. જો પરમાણુઓને ઓછા અથવા એકેક ગુણવાળાં માનીએ તો પણ તે માન્યતા ભૂલ ભરેલી જ સાબિત થશે, કારણ કે એ અવસ્થામાં, એમનામાંથી પેદા થતા જગતના જુદા જુદા પદાર્થોમાં પણ એક ગુણ જ પ્રકટ થશે. અત્યારે દેખાય છે તેમ જગતના જુદા જુદા પદાર્થોમાં એક કરતાં વધારે ગુણો નહિ દેખાય. પરમાણુઓમાં ગુણો જ ના માનીએ તો એમને ગુણોથી ભરેલા જગતના કારણ તરીકે નહિ માની શકાય. જગતના જુદા જુદા ગુણધર્મો રહે છે એવું માની લઈએ તો પણ પરમાણુઓમાં અવ્યવસ્થા પેદા થશે અને એમના સ્વરૂપને એક સરખું માનવાને બદલે પરિવર્તનશીલ અથવા વિકારી માનવું પડશે. જે પરિવર્તનશીલ અથવા વિકારી હોય છે તેને સત્ય કે નિત્ય નથી કહી શકાતું. એવી રીતે પરમાણુવાદની ઈમારત અકબંધ અથવા સ્થિર નથી રહી શકતી. ટકી પણ નથી શકતી.

**૧૭. अपरिग्रहाच्चात्यन्तमनपेक्षा ।**

અર્થ

અપરિગ્રહાત્ = સ્વાનુભવસિદ્ધ શ્રેષ્ઠ સત્પુરૂષોએ એનો સ્વીકાર નથી કર્યો એથી.

ચ = પણ.

અત્યન્તમ્ અનપેક્ષા = એની એકદમ ઉપેક્ષા કરવી જોઈએ.

ભાવાર્થ

પરમાણુકારણ વાદમાં કોઈપણ પ્રકારનું તત્વ કે તથ્ય હોત તો સદ્‌બુદ્ધિ તથા સ્વાનુભૂતિથી સમૃદ્ધ શ્રેષ્ઠ પુરૂષો એનો સ્વીકાર ના કરત ? સત્પુરૂષો એનાં ગુણગાન કર્યા સિવાય ભાગ્યે જ રહી શકત. એમણે એને પ્રમાણભૂત અને આદર્શ નથી માન્યો એ જ એની નિરર્થકતા બતાવે છે.

**१८. समुदाय उभयहेतुकेऽपि तदप्राप्तिः ।**

અર્થ

ઉભયહેતુ કે - પરમાણુહેતુક બાહ્ય સમુદાય અને સ્કંધહેતુક આભ્યંતર સમુદાય એવા બંને પ્રકારના

સમુદાયે - સમુદાયનો સ્વીકાર કરવાથી

અપિ - પણ.

તદપ્રાપ્તિઃ- એ સમુદાયની સિદ્ધિ નથી થઈ શકતી.

ભાવાર્થ

બૌદ્ધ મતમાં માનનારાને મોટે ભાગે ચાર વિભાગોમાં વહેંચી શકાય છે :

વૈભાષિક, સૌત્રાન્તિક, યોગાચાર તથા માધ્યમિક એમાં વૈભાષિક, તથા સૌત્રાન્તિક બંને બાહ્ય પદાર્થોની સત્તાને સ્વીકારે છે. એ બંનેમાં ભેદ એટલો જ છે કે વૈભાષિક પ્રત્યક્ષ રીતે દેખાનારા બહારના સ્થૂળ પદાર્થોના અસ્તિત્વને માને છે અને સૌત્રાન્તિક વિજ્ઞાન દ્વારા અનુમતિ બહારના પદાર્થોની સત્તાનો સ્વીકાર કરે છે. વૈભાષિકના મત પ્રમાણે ઘટ જેવા બાહ્ય પદાર્થો પ્રત્યક્ષ પ્રમાણના વિષય છે. સૌત્રાન્તિક ઘટ જેવા પદાર્થોના રૂપમાં પ્રકટ થયેલા વિજ્ઞાનને જ પ્રત્યક્ષ માને છે અને એની દ્વારા ઘટ જેવા પદાર્થોની સત્તાનું અનુમાન કરે છે. યોગાચાર વર્ગવાળા 'નિરાલંબ વિજ્ઞાન'ની સત્તાને સ્વીકારે છે અને બહારના પદાર્થોને સ્વપ્નમાં દેખાતા પદાર્થોની પેઠે મિથ્યા માને છે. માધ્યમિક મત મુજબ સઘળું શૂન્ય છે. ક્ષણિક વિજ્ઞાનની ધારા જ સંસ્કારવશ દીપશિખાની પેઠે બહારના પદાર્થોના રૂપમાં દેખાય છે. દીપકની શિખાનો પ્રત્યેક પળે હ્રાસ થાય છે તો પણ વચગાળાના વખતમાં કામચલાઉ રીતે દેખાય છે, એવી રીતે બહારના પદાર્થો પણ પ્રત્યેક પળે નાશ પામતા જાય છે. એમના રૂપમાં એમની વિજ્ઞાનધારા જ દેખાય છે. દીપકની શાખા છેવટે તદ્દન શાંત થઈ જાય છે તે પ્રમાણે સંસ્કારોની સમાપ્તિ થતાં વિજ્ઞાનધારા પણ શાંત થાય છે. મુક્તિ એટલે અભાવની અથવા શૂન્યાવસ્થાની પ્રાપ્તિ એવી એમની માન્યતા હોય છે.

વૈભાષિક અને સૌત્રાન્તિકની માન્યતા પ્રમાણે રૂપ, વિજ્ઞાન, વેદના, સંજ્ઞા તથા સંસ્કાર પાંચ સ્કંધ છે. પંચમહાભૂત તથા ભૌતિક પદાર્થો, શરીર, ઈન્દ્રિયો તથા વિષયને રૂપસ્કંધ કહે છે. રૂપ, રસ, ગંધ તથા સ્પર્શથી યુક્ત પાર્થિવ પરમાણુ સમુદાયમાં એકઠાં થઈને પૃથ્વીનો આકાર ધારણ કરે છે. રૂપ, રસ, સ્પર્શ ત્રણથી યુક્ત અને સ્નિગ્ધ સ્વભાવનાં જલીય પરમાણુ જલના આકારમાં સંગઠિત થાય છે. રૂપ તથા સ્પર્શ ગુણવાળાં, ઉષ્ણ સ્વભાવ ધરાવતાં તેજનાં પરમાણુ અગ્નિનો આકાર ધારણ કરે છે. સ્પર્શની યોગ્યતાવાળાં

ગતિશીલ વાયુનાં પરમાણુ વાયુના રૂપમાં સંગઠિત બને છે. પછી પૃથ્વી તથા બીજાં ચાર મહાભૂતો શરીર, ઈન્દ્રિય તથા વિષય રૂપમાં સંગઠિત થાય છે. એવી રીતે ચાર પ્રકારનાં ક્ષણિક પરમાણુ ભૌતિક સંઘાતની ઉત્પત્તિમાં કારણ બને છે.

એ પરમાણુહેતુક ભૂ-ભૌતિક વર્ગને જ રૂપસ્કંધ અથવા બાહ્ય સમુદાય કહેવામાં આવે છે. વિજ્ઞાનસ્કંધ અહંકારની પ્રતીતિ કરાવનારા આંતરિક વિજ્ઞાનના પ્રવાહને કહેવામાં આવે છે. એ જ જુદી જુદી વસ્તુઓના જ્ઞાનના રૂપમાં સ્થિત છે. કર્તા, ભોક્તા અથવા આત્મા એ જ છે. લૌકિક વ્યવહારનું ચક્ર એને લીધે જ ચાલ્યા કરે છે. સુખ અને દુઃખાદિના અનુભવનું નામ વેદનાસ્કંધ છે. બહારના કોઈક લક્ષણ પરથી વસ્તુનો નિર્ણય કરાવનાર સ્કંધ સંજ્ઞાસ્કંધ કહેવાય છે. રાગ, દ્વેષાદિ જુદા જુદા ચિત્તના ધર્મોને સંસ્કારસ્કંધના નામથી ઓળખવામાં આવે છે.

એ ચાર સ્કંધોના સમુદાયને આભ્યંતર સમુદાય કહે છે. એ બંને સમુદાયોથી અલગ બીજી કોઈ વસ્તુની સત્તા નથી માનવામાં આવતી. આત્મા અથવા આકાશની પણ નહિ. એ બંને સમુદાયોને લીધે સંસારનો વ્યવહાર ચાલ્યા કરે છે. એટલા માટે આત્માને માનવાની આવશ્યક્તા નથી લાગતી એવો એમનો અભિપ્રાય છે.

એ અભિપ્રાયના અનુસંધાનમાં અહીં જણાવવામાં આવે છે કે એને અનુસરીને નક્કી કરાયલા બંને સમુદાયને માની લેવામાં આવે તો પણ એમની સિદ્ધિ નથી થઈ શકતી કારણ કે અંદરની વસ્તુઓ અચેતન હોવાથી પોતાની મેળે જ એકઠી થાય અથવા ક્રિયા કરે એ કોઈ રીતે માની શકાય તેમ નથી. વળી એ અભિપ્રાય અથવા મત પ્રમાણે પરમાણુઓને ક્ષણિક માનવામાં આવ્યાં છે. એ પરમાણુ અને પૃથ્વી જેવાં બીજાં ભૂતોનો સ્વૈચ્છિક સંઘાત કેવી રીતે બની શકે અને એવા જડ સંઘાતના પરિણામે વિરાટ વિશ્વની ઉત્પત્તિ પણ કેવી રીતે થાય ? એટલે એ અભિપ્રાય કે મતનો સ્વીકાર કોઈ પણ રીતે નથી કરી શકાય તેમ.

**१९. इतरेतरप्रत्ययत्वादिति चेन्नोत्पत्तिमात्रनिमित्तत्वात् ।**

<u>અર્થ</u>

ચેત્ = જો કહેતા હો કે.

ઈતરેતરપ્રત્યયત્વાત્ = અવિદ્યા, સંસ્કાર વિજ્ઞાન વિગેરેમાંથી એકેક બીજાને લીધે થાય છે એટલા માટે એમાંથી સમુદાયની સિદ્ધિ થાય છે.

ઈતિ ન = તો એ બરાબર નથી.

ઉત્પત્તિ માત્ર નિમિત્તત્વાત્ = કારણ કે અવિદ્યા આદિ તો ઉત્તરોત્તરની ઉત્પત્તિમાં જ નિમિત્ત માનેલાં છે. (સમુદાય અથવા સંઘાતમાં નથી માન્યાં).

<u>ભાવાર્થ</u>

બૌદ્ધ મત પ્રમાણે ક્ષણિક પદાર્થોમાં નિત્યતા કે સ્થિરતાની ભ્રાંતિને અવિદ્યા કહેવામાં આવે છે. એ અવિદ્યાને લીધે વિષયોમાં રાગદ્વેષાદિ સંસ્કાર પેદા થાય છે. એ સંસ્કારો માતાના ઉદરમાં રહેલા શિશુમાં વિજ્ઞાન પેદા કરે છે. એ આલય- વિજ્ઞાનથી પૃથ્વી આદિ ચાર ભૂત થાય છે ને સમુદાય અથવા શરીરનું

કારણ બને છે. એને નામના આશ્રયને લીધે નામ પણ કહેવાય છે. ગર્ભસ્થ શરીરની જુદી જુદી અવસ્થાઓને નામ તથા રૂપ સાથે જોડવામાં આવે છે. પૃથ્વી આદિ ચાર ભૂત, નામ, રૂપ, શરીર, વિજ્ઞાન અને ધાતુના આશ્રય જેવા ઈન્દ્રિયોના સમૂહને ષડાયતન કહે છે. નામ, રૂપ તથા ઈન્દ્રિયોના પારસ્પરિક સંબંધનું નામ સ્પર્શ છે. એને લીધે સુખાદિની વેદના અથવા અનુભૂતિ થાય છે. એમાંથી તૃષ્ણા, ઉપાદાન, ભવ, જાતિ, જરાવસ્થા, મૃત્યુ, શોક, પરિદેવના તથા દુર્મનસ્તા અથવા મનની ઉદ્વિગ્નતા પેદા થાય છે. વળી પાછી એ બધી વસ્તુઓ અવિદ્યા આદિના ક્રમથી પ્રકટે છે. એવી રીતે ચક્ર ચાલ્યા કરે છે. એ માન્યતા પ્રમાણે સમુદાયની સિદ્ધિ થાય છે એવું નથી માની શકાતું. કારણ કે આગળ પર અવિદ્યા આદિનો જે ક્રમ બતાવવામાં આવ્યો છે એમાં આગળ બતાવેલી વસ્તુ એની પાછળની બીજી વસ્તુમાં ઉત્પત્તિમાં કારણ રૂપ બને છે એ સાચું હોવા છતાં એને લીધે સંઘાતની ઉત્પત્તિ નથી થતી. એટલે એ પદ્ધતિ પ્રમાણે પણ સમુદાય કે સંઘાતની સિદ્ધિ અશક્ય છે.

**૨૦. उत्तरोत्पादे च पूर्वनिरोधात् ।**

અર્થ

ચ = અને.

ઉત્તરોત્પાદે = પાછળથી પેદા થનારા ભાવની ઉત્પત્તિ વખતે પૂર્વ

નિરોધાત = પહેલે વખતે જે કારણ હોય છે તેનો નાશ થઈ જાય છે. માટે. (પૂર્વોક્ત અવિદ્યા આદિ હેતુ સંસ્કાર જેવા પાછળથી પેદા થનારા ભાવોની ઉત્પત્તિમાં કારણ ના બની શકે.)

ભાવાર્થ

કારણ પોતાના કાર્યમાં સદા વિદ્યમાન રહે છે એ દૃષ્ટિએ વિચારીએ તો ઉપર્યુક્ત મતમાં સઘળાં પદાર્થોનો પ્રત્યેક ક્ષણે નાશ માનવામાં આવ્યો છે. એટલે કાર્યની ઉત્પત્તિ થશે તે જ ક્ષણે કારણનો નાશ થઈ જશે. એવી રીતે કાર્યકારણભાવની સિદ્ધિ નહિ થાય, અને અવિદ્યા જેવા હેતુમાંથી સંસ્કાર જેવા બીજા ભાવોની ઉત્પત્તિમાં દોષ પેદા થશે.

**૨१. असति प्रतिज्ञोपरोधो यौगपद्यमन्त्रथा ।**

અર્થ

અસતિ = કારણ ના રહેવા છતાં પણ (કાર્યની ઉત્પત્તિ માનવાથી)

પ્રતિજ્ઞોપરોધઃ = પ્રતિજ્ઞાનો નાશ થશે

અન્યથા = નહિ તો.

યોગપદ્યમ = કારણ અને કાર્યની એક સમયે સત્તા સ્વીકારવી પડશે.

ભાવાર્થ

બૌદ્ધ મત મુજબ વિજ્ઞાનની ઉત્પત્તિ માટે ચાર કારણો માનવામાં આવ્યાં છે - અધિપતિપ્રત્યય, સહકારિપ્રત્યય, સમનન્તરપ્રત્યય અને આલંબનપ્રત્યય. એમને અનુક્રમે ઈન્દ્રિયો, પ્રકાશ, મનોયોગ તથા

વિષયના નામથી પણ ઓળખવામાં આવે છે. એમની એવી પ્રતિજ્ઞા છે કે એ ચાર કારણોને લીધે જ વિજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. જો કારણ વિના જ કાર્યની ઉત્પત્તિ થાય છે એવું માની લઈએ તો એમની એ પ્રતિજ્ઞા ખોટી ઠરે છે, અને કારણ સિવાય કાર્યની ઉત્પત્તિ નથી થતી એવું માનીએ તો કારણ તથા કાર્યની સત્તા એક જ સમયમાં સ્વીકારવી પડે છે. બંનેમાંથી કોઈક એક માન્યતાને તો ગ્રહણ કરવી જ પડશે. એટલે એ મત કોઈ રીતે સ્વીકારવા લાયક નથી લાગતો.

**૨૨. प्रतिसंख्याप्रतिसंख्यानिरोधाप्राप्तिरविच्छेदात् ।**

અર્થ

પ્રતિસંખ્યા = પ્રતિસંખ્યા

નિરોધાપ્રાપ્તિઃ = પ્રતિસંખ્યાનિરોધ અને અપ્રતિસંખ્યાનિરોધ એ બે પ્રકારના નિરોધોની સિદ્ધિ નથી થઈ શકતી.

અવિચ્છેદાત્ = પ્રવાહનો વિચ્છેદ નથી થતો એટલા માટે.

ભાવાર્થ

બૌદ્ધ મતમાં પ્રતિસંખ્યા નિરોધ અને અપ્રતિસંખ્યા નિરોધ એવા નિરોધના પ્રકારો માનવામાં આવ્યા છે. પ્રતિસંખ્યા નિરોધ એટલે બુદ્ધિપૂર્વક થતો સહેતુક વિનાશ. એને પૂર્ણ જ્ઞાનથી થનારો આત્યંતિક પ્રલય પણ કહી શકાય. અપ્રતિસંખ્યા નિરોધ એટલે કોઈ પણ નિમિત્ત વિના સ્વભાવથી જ અબુદ્ધિપૂર્વક થનારો વિનાશ. એ મતમાં સઘળાં પદાર્થોને પ્રતિપળ વિનાશશીલ માનવામાં આવે છે અને અસત્ કારણમાંથી સત્ કાર્યની ઉત્પત્તિનો સ્વીકાર પણ ક્ષણે ક્ષણે કરવામાં આવે છે. એ માન્યતા મુજબ એક પદાર્થના નાશનો ને બીજાની ઉત્પત્તિનો ક્રમ ચાલુ રહેવાથી બંનેની પરંપરાનો પ્રવાહ ચાલ્યા કરશે. એનો ભંગ થવાનું કોઈ પણ કારણ એ માન્યતા પ્રમાણે નથી મળતું. એટલા માટે એ નિરોધોની માન્યતા સ્વીકારવા જેવી નથી લાગતી.

**૨૩. उभयथा च दोषात् ।**

અર્થ

ઉભયથા = બંને પ્રકારે.

ચ = પણ

દોષાત્ = દોષ હોવાથી.

ભાવાર્થ

ઉપર્યુક્ત મતમાં માનવામાં આવે છે કે સંસારના સઘળા પદાર્થો ક્ષણિક અને અસત્ય હોવા છતાં પણ ભ્રાંતિરૂપી અવિદ્યાને લીધે સત્ય ને સ્થિર લાગે છે. જ્ઞાનની પ્રાપ્તિથી અવિદ્યાનો અભાવ થતાં સૌનો અભાવ થાય છે. એવી રીતે બુદ્ધિપૂર્વકનો નિરોધ શક્ય બને છે એના સ્પષ્ટીકરણ માટે અહીં કહેવામાં આવે છે કે ભ્રાંતિરૂપી અવિદ્યાથી જણાતું જગત જ્ઞાનની પ્રાપ્તિથી અવિદ્યાનો અંત આવતા નષ્ટ થાય છે એવું માનવામાં આવે તો તો પછી કોઈ પણ જાતના કારણ વિના પદાર્થોનો સ્વાભાવિક નાશ થાય છે એવું જણાવનારી

અપ્રતિસંખ્યા નિરોધની માન્યતામાં દોષ પેદા થશે, અને ભ્રાંતિથી ભાસતું જગત પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ વિના પોતાની મેળે જ નાશ પામે છે, એવું માનીએ તો જ્ઞાનની પ્રાપ્તિની અને ઉપદેશની ઉપયોગિતા નહીં રહે. એવી રીતે એ માન્યતા બરાબર નથી લાગતી.

**૨૪. आकाशे चाविशेषात् ।**

અર્થ

આકાશે = આકાશના સંબંધમાં.

ચ = પણ.(એમની માન્યતા બરાબર નથી.)

અવિશેષાત્ = બીજા ભાવપદાર્થો કરતાં એમાં કોઈ વિશેષતા નથી એટલા માટે.

ભાવાર્થ

એ મતમાં આકાશને પણ અભાવસૂચક માનવામાં આવે છે. એ માન્યતા પણ બરાબર નથી લાગતી, કારણ કે પૃથ્વી, પાણી જેવા ભાવપદાર્થોની પેઠે આકાશ પણ ભાવરૂપ છે. આકાશના અસ્તિત્વનો પણ અનુભવ થાય છે. આકાશ શબ્દના આશ્ચર્યરૂપ છે. એના સિવાય શબ્દનું શ્રવણ ના થઈ શકે. એ બીજાં ચાર ભૂતોનો આધાર છે અને જગતને અવકાશ આપે છે. પરમાત્મામાંથી એનો આવિર્ભાવ થયો છે એવું ઉપનિષદમાં વર્ણવ્યું છે. એટલે આકાશ પણ બીજા બધા પદાર્થોની પેઠે ભાવરૂપ છે. એને અભાવરૂપ ના માની શકાય.

**૨૫. अनुस्मृतेश्च ।**

અર્થ

અનુસ્મૃતેઃ = પહેલાં થયેલા અનુભવોની અવારનવાર સ્મૃતિ થાય છે તેથી. (અનુભવ કરનારો આત્મા ક્ષણિક નથી)

ચ = પણ.

ભાવાર્થ

આત્મા ક્ષણિક નથી પરંતુ નિત્ય છે કારણ કે માનવ પોતાના પહેલાંના અનુભવોને યાદ કરે છે ને કહી બતાવે છે. જો આત્માનો ક્ષણે ક્ષણે નાશ થતો હોત તો પોતાના પૂર્વ અનુભવોનું એવું સ્મરણ ના થઈ શકત. એક જ જન્મના ને જન્માંતરના અનુભવોની સ્મૃતિ થઈ શકે છે. એના પરથી પુરવાર થાય છે કે એ અનુભવોનો સાક્ષી અથવા જ્ઞાતા આત્મા એક જ છે, નિત્ય છે, ને સનાતન છે. આ પરિવર્તનશીલ જગતમાં એ અપરિવર્તનશીલ પદાર્થ તરીકે પ્રવાસ કરે છે.

**૨૬. नासतोऽदृष्टत्वात् ।**

અર્થ

અસતઃ = અસત્ માંથી.

ન = (કાર્યની ઉત્પત્તિ) ના થઈ શકે.

અદૃષ્ટત્વાત્ = એવું જોવા નથી મળ્યું એટલા માટે.

<u>ભાવાર્થ</u>

જે વસ્તુનું પોતાનું અસ્તિત્વ ના હોય તેમાંથી બીજી વસ્તુની ઉત્પત્તિ નથી થઈ શકતી. વસ્તુનું અસ્તિત્વ હોય તો જ તેમાંથી બીજી વસ્તુનો ઉદ્ભવ થઈ શકે અથવા બીજી વસ્તુના ઉદ્ભવનો સંભવ હોઈ શકે. બીજ હોય છે તો એની અંદરથી અંકુરના આવિર્ભાવની શક્યતા હોય છે. દૂધ હોય છે તો એમાંથી દહીં થઈ શકે છે; તલ હોય છે તો તેલ થાય છે; ને પાણી હોય છે તો બરફ અને બરફ હોય છે તો તેનું પાણી બને છે. એક વસ્તુનું બીજી વસ્તુમાં રૂપાંતર થાય છે. પરંતુ સ્થૂળ અથવા સૂક્ષ્મરૂપે કોઈ વસ્તુનું અસ્તિત્વ જ ના હોય તો બીજી વસ્તુ નથી બની શકતી. બૌદ્ધ મતમાં એવું માનવામાં આવે છે કે બીજ પોતે નાશ પામે છે ત્યારે જ એમાંથી અંકુર પેદા થાય છે તથા દૂધ મટી જાય છે ને દહીં બને છે, એવી રીતે કારણ પોતે નષ્ટ થઈને કાર્યને પેદા કરે છે. એ પ્રમાણે અભાવમાંથી ભાવની ઉત્પત્તિ થાય છે. એ માન્યતા એટલા માટે જ ઉત્તમ અથવા આદર્શ નથી લાગતી.

**૨૭. उदासीनानामपि चौवं सिद्धि ।**

<u>અર્થ</u>

ચ = એ ઉપરાંત.

એવમ્ = એવી રીતે માનવાથી.

ઉદાસીના નામ = ઉદાસીન પુરૂષોના.

અપિ = પણ

સિદ્ધિ = કાર્યની સિદ્ધિ થઈ રહેશે.

<u>ભાવાર્થ</u>

કાર્યની સિદ્ધિને માટે કોઈ સનાતન નિત્ય ચેતન કર્તાની કશી આવશ્યકતા છે જ નહિ, અને ક્ષણિક પદાર્થોના સમુદાય, સંમલિન અથવા તદ્દન ઉદાસીન બનીને બે હાથ જોડીને બેસી રહે છે. એમના કાર્યની સિદ્ધિ પણ કોઈ પણ પ્રકારના કારણ વિના આપોઆપ જ થઈ રહે છે. અથવા એવું માનવું પડશે કે ઘરને બનાવવાનાં સાધનો એકઠાં થતાં, કોઈયે કારીગરની કે કડિયાની મદદ વિના એ એમની મેળે જ ઘરનું નિર્માણ કરી લે છે. અથવા રસોઈની સામગ્રી તૈયાર થતાં એ રસોઈયાની મદદ વિના જ રસોઈ બનાવી દે છે. એવી મિથ્યા માન્યતામાં કોણ ને કેવી રીતે માની શકે ?

**૨૮. नाभाव उपलब्धेः ।**

<u>અર્થ</u>

અભાવઃ = પદાર્થોનો અભાવ.

ન = નથી.

ઉપલબ્ધેઃ = એમની ઉપલબ્ધિ, પ્રાપ્તિ કે અનુભૂતિ થાય છે તેથી.

ભાવાર્થ

જે લોકો એવું કહે છે કે બાહ્ય પદાર્થો પ્રતીત થતા હોય તો પણ વાસ્તવમાં નથી ને સ્વપ્નની પેઠે મિથ્યા છે અથવા બુદ્ધિની કેવળ કલ્પના છે તેમનું કથન બરાબર નથી. બાહ્ય પદાર્થો બુદ્ધિની કેવળ કલ્પના કે મિથ્યા નથી પરંતુ વાસ્તવિક છે. તેમની પાછળ ચોક્કસ કાર્યકારણ સંબંધ રહેલો છે. તે કારણરૂપમાં તથા કાર્યરૂપે સત્ય છે. એટલા માટે તો એમનો એક અથવા બીજી રીતે અનુભવ થાય છે; એમને જોઈ શકાય છે, સાંભળી શકાય છે, સ્પર્શી શકાય છે, અને એમનો આસ્વાદ પામી તથા એમને જાણી શકાય છે.

**૨૯. वैधर्म्याच्च न स्वप्नादिवत् ।**

અર્થ

વૈધર્મ્યાત્ = જાગ્રત દશામાં ઉપલબ્ધ થતા પદાર્થોથી સ્વપ્નાદિમાં પ્રતીત થતા પદાર્થોના ધર્મમાં ભેદ હોવાને લીધે.

ચ = પણ (જાગ્રત દશામાં ઉપલબ્ધ થતા પદાર્થો.) સ્વપ્નાદિમાં પ્રાપ્ત પદાર્થોની પેઠે.

ન = મિથ્યા નથી.

ભાવાર્થ

જો એવું કહેવામાં આવે કે સ્વપ્નદશામાં પણ જુદા જુદા પદાર્થો પ્રતીત થાય છે ને જાદુગર જુદા જુદા પદાર્થોની સૃષ્ટિ કરે છે તો પણ તે પદાર્થો મિથ્યા હોય છે, તેવી જ રીતે જાગ્રત દશામાં પ્રતીત થતા પદાર્થોને પણ મિથ્યા કેમ ના માનવા, તો તેના ઉત્તરમાં કહેવાનું કે સ્વપ્ન તથા જાગ્રત દશામાં પ્રતીત થતા પદાર્થોના ધર્મમાં ભેદ હોય છે. સ્વપ્નાવસ્થાના પદાર્થો જેને સ્વપ્ન આવે છે તેને જ દેખાય છે. તે જાગ્યા પછી તેવી રીતે નથી દેખાતા. જાદુગરના પેદા કરેલા પદાર્થો પણ કાયમને માટે નથી દેખાતા. પરંતુ જાગ્રત દશાના પદાર્થોના સંબંધમાં એવું નથી સમજવાનું. તે પદાર્થોની પ્રતીતિ એક સાથે અનેક માણસોને, એમની કલ્પના કરવામાં આવે કે ના આવે તો પણ થતી હોય છે. કેટલાક પદાર્થોનો પરિચય તો એમના સંપર્કમાં આવ્યા પછી જ કરી શકાતો હોય છે. એ પદાર્થો કાયમ માટે રહેતા હોય છે. એમની અંદર પરિવર્તન કે રૂપાંતર થતું હોવા છતાં એમનો આત્યંતિક નાશ નથી થતો. પદાર્થોને ને જગતને સ્વપ્ન સમાન મિથ્યા માનનારાની વિદાય પછી પણ જગત અને એના પદાર્થો તો એવા જ રહ્યા છે. સ્વપ્નમાં થતા અનુભવોની સારી માઠી અસર જાગૃતિ પર પણ પડતી હોય છે. એટલે જાગૃતિમાં પદાર્થોની પ્રતીતિ થાય છે એટલા પરથી જ પદાર્થોની સત્તાની સિદ્ધિ નથી થતી એવી માન્યતા બરાબર નથી લાગતી.

**૩૦. न भावोऽनुपलब्धेः ।**

અર્થ

ભાવઃ = વિજ્ઞાનવાદીઓએ કલ્પેલી વાસનાની સત્તા.

ન = સિદ્ધ નથી થતી.

અનુપલબ્ધેઃ = એમના મત મુજબ બાહ્ય પદાર્થોની ઉપલબ્ધિ જ ના થઈ શકે માટે.

ભાવાર્થ

વિજ્ઞાનવાદીઓ કહે છે કે બહારના પદાર્થો ના હોવા છતાં એમની પૂર્વવાસનાને લીધે બુદ્ધિ દ્વારા એમની પ્રતીતિ તથા પ્રાપ્તિ શક્ય બને છે, પરંતુ એમનું એ કથન સ્વીકારવા લાયક નથી લાગતું. કારણ કે જે પદાર્થોના સંસર્ગમાં આવવાનું બન્યું હોય તે જ પદાર્થોના શુભાશુભ સંસ્કારોની છાપ મન પર પડતી હોય છે અને એ જ છાપ વાસનારૂપે પ્રકટ થાય છે. પરંતુ વિજ્ઞાનવાદીઓ તો પદાર્થોનું અસ્તિત્વ જ નથી માનતા. એમને કાલ્પનિક માને છે. તો પછી એમનો સંસર્ગ કેવી રીતે થાય અને સંસર્ગ વિના સંસર્ગજન્ય પ્રતિક્રિયાને પરિણામે પેદા થનારી વાસનાનો અવકાશ પણ કેવી રીતે રહી શકે ? એટલે એમની વિચારસરણીમાં વજુદ નથી. બહારના પદાર્થો ખરેખર અસ્તિત્વ ધરાવે છે, એમની સત્તા છે, માટે જ એમની પ્રતીતિ ને પ્રાપ્તિ થાય છે એવું માનવું પડે છે.

**૩૧. क्षणिकत्वाच्च ।**

અર્થ

ક્ષણિકત્વાત્ = વાસના જેના આધારે રહે છે તે બુદ્ધિ પણ ક્ષણિક છે માટે.

ચ = પણ.

ભાવાર્થ

વાસનાની સત્તા ઉપર જણાવ્યું તેમ સિદ્ધ નથી થઈ શકતી એ તો સાચું છે, પરંતુ એ ઉપરાંત એક બીજી હકીકતને પણ લક્ષમાં લેવાની છે કે વાસના જેવા આશ્રયે રહે છે તે બુદ્ધિ પણ વિજ્ઞાનવાદીના મત મુજબ ક્ષણિક છે. જો બુદ્ધિ પોતે જ ક્ષણિક હોય તો એનો આધાર લઈને વાસના રહી શકે જ કેવી રીતે ? બુદ્ધિનું પોતાનું જ અસ્તિત્વ એક સરખું ના હોય તો વાસનાનું અસ્તિત્વ તો એના આધારે હોય જ ક્યાંથી ?

**૩૨. सर्वथानुपपत्तेश्च ।**

અર્થ

સર્વથા = સર્વ પ્રકારે.

અનુપપત્તેઃ = અસંગતિ દેખાતી હોવાથી.

ચ = પણ.

ભાવાર્થ

બૌદ્ધ મતના સિદ્ધાંતોનો એવી રીતે જેમ જેમ વધારે ને વધારે વિચાર કરીએ છીએ તેમ તેમ તેની ત્રુટિઓ કે અસંગતિઓ વધારે ને પ્રમાણમાં જણાતી જાય છે, એની વિચારસરણી નિર્દોષ, આદર્શ અને અનુકરણીય નથી લાગતી. એટલા માટે એને કોઈયે નથી સ્વીકારી શકાય તેમ.

**૩૩. नैकस्मिन्नम्भवात् ।**

અર્થ

એકસ્મિન્ = એક સત્ય પદારથની અંદર.

ન = પરસ્પર વિરૂદ્ધ અનેક ધર્મો ના રહી શકે.

અસંભવાત્ = એ અસંભવ હોવાથી.

ભાવાર્થ

જૈન મતમાં સાત પદાર્થ અને પંચ અસ્તિ કાયને માનવામાં આવે છે, જીવ, અજીવ, આસ્ત્રવ, સંવર, નુર્જન, બધ અને મોક્ષ એ સાત પદાર્થ છે અને જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય એ પાંચ અસ્તિકાય. એ ઉપરાંત, એની અંદર સપ્તભંગી ન્યાયનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તે સંક્ષેપમાં આ પ્રમાણે છેઃ-

(૧) સાદસ્તિ એટલે કે પદાર્થની સત્તા છે.

(૨) સ્યાન્નાસ્તિ એટલે કે પ્રકારાંતરે પદાર્થની સત્તા નથી.

(૩) સ્યાદસ્તિ ચ નાસ્તિ ચ એટલે કે બની શકે કે પદાર્થની સત્તા હોય અથવા ના પણ હોય.

(૪) સ્યાદવક્તવ્ય એટલે કે સંભવ છે કે વસ્તુ કહેવા કે વર્ણવવા યોગ્ય ના હો.

(૫) સ્યાદસ્તિ ચાવક્તવ્યશ્ચ એટલે કે સંભવ છે કે વસ્તુની સત્તા હોય પરંતુ વર્ણવવા યોગ્ય ન હો.

(૬) સ્યાન્નાસ્તિ ચાવક્તવ્ય એટલે કે સંભવ છે કે વસ્તુની સત્તા ના હોય અને એ વર્ણવવા યોગ્ય પણ ના હો.

(૭) સ્યાદસ્તિ ચ નાસ્તિ ચાવક્તવ્યશ્ચ એટલે કે સંભવ છે કે વસ્તુની સત્તા હોય, ના પણ હોય, અને એ વર્ણવવા યોગ્ય પણ ના હો.

એવી રીતે એમાં અનેક પ્રકારના વિકલ્પ રાખવામાં આવ્યા છે. એ વિકલ્પ જરા વિચિત્ર છે.

એમને ધ્યાનમાં રાખીને અહીં કહેવામાં આવે છે કે જે સત્ય પદાર્થ હોય તેમાં જાતજાતના વિરોધી ધર્મો ના હોઈ શકે. જે વસ્તુ હોય એનો અભાવ ના હોય, જેનો અભાવ હોય એનું અસ્તિત્વ ના હોય. જે પદાર્થ નિત્ય હોય, તે નિત્ય જ હોય, અનિત્ય ના હોય. એવી રીતે અનિત્ય પદાર્થ પણ નિત્ય ના હોય. એ રીતે વિચારતાં અનેક પ્રકારની શક્યતા અને અશક્યતાવાળી એ વિચારસરણી દોષપાત્ર લાગે છે.

**૩૪. एवं चात्माकात्स्न्र्यम् ।**

અર્થ

એવં ચ = એવી જ રીતે.

આત્માકાત્સ્ન્ર્યમ્ = આત્માને અર્પણ, એકદેશીય અથવા શરીરના જેવા માપવાળ માનવો તે પણ બુદ્ધિ તથા યુક્તિસંગત નથી લાગતું.

ભાવાર્થ

જે લોકો એવું માને છે કે આત્મા શરીરના માપ જેવા માપવાળો છે એ લોકોની માન્યતાને ભૂલભરેલી બતાવવા માટે આ સૂત્રની રચના કરવામાં આવી છે. આત્માને જો શરીર પ્રમાણે વધનારો ને ઘટનારો માનીએ તો માણસના શરીરમાં એ એક પ્રકારનો, કીડીના શરીરમાં બીજા પ્રકારનો, હાથીના શરીરમાં ત્રીજા પ્રકારનો એટલે કે હાથી જેવડો થશે. એને જુદે જુદે વખતે જુદા જુદા માપ અથવા આકારવાળો કરવો પડશે.

એક જ શરીર બાલ્યાવસ્થામાં નાનું હોય છે, યુવાવસ્થામાં એથી મોટું થાય છે, ને પ્રૌઢાવસ્થામાં એથી પણ મોટું બને છે. તો એમાં રહેનારો આત્મા એ શરીરના પ્રમાણમાં શું મોટો થતો જશે ? એ શરીરના એકાદ અંગનો નાશ થતાં આત્માનો પણ એટલો ભાગ નાશ પામશે એવું માનવું પડશે. એ બધી દૃષ્ટિએ વિચારતાં આત્મા શરીરના માપ જેવા માપવાળો છે એવી માન્યતા બરાબર નથી લાગતી.

**૩૫. न च पर्यायादप्यविरोधो विकारादिभ्यः ।**

અર્થ

ચ = એ ઉપરાંત.

પર્યાવાત્ = આત્માને વધનારો તથા ઘટનારો માની લેવાથી.

અપિ = પણ.

અવિરોધઃ = વિરોધનું નિવારણ

ન = નથી થઈ શકતું.

વિકારાદિભ્યઃ = એવું માનવાથી આત્માને વિકારાદિ દોષવાળો માનવો પડશે એટલા માટે.

ભાવાર્થ

જુદાં જુદાં શરીરોના માપ પ્રમાણે આત્મા પણ નાનામોટા માપવાળો બને છે એવું માની લેવાથી આત્મા નિર્દોષ નહિ રહી શકે પરંતુ દોષયુક્ત સાબિત થશે, અવિકારીને બદલે વિકારી માનવો પડશે, અને અનિત્ય સમજવો રહેશે. એને અવયવરહિત, અવિકારી અથવા નિત્ય નહિ કહી શકાય. એની અંદર અને પ્રકૃતિના પરિવર્તનશીલ બીજા પદાર્થોની અંદર કોઈ જાતનો ભેદ નહિ રહે. એટલે એ આખીયે માન્યતા બધી રીતે દોષપાત્ર છે અને અસ્વીકાર્ય છે.

**૩૬. अन्त्यावस्थितेश्चोभयनित्यत्वादविशेषः ।**

અર્થ

ચ = અને.

અન્ત્યાવસ્થિતેઃ = અંતિમ અથવા મોક્ષાવસ્થામાં જીવના માપની નિત્ય સ્થિતિ સ્વીકારવામાં આવી છે એટલા માટે.

ઉભયનિત્યત્વાત્ = આદિ અને મધ્ય અવસ્થાના એના માપને પણ નિત્ય માનવું પડે છે. એથી.

અવિશેષઃ = કોઈ વિશેષતા નથી રહેતી. (બધાં શરીરોમાં એનું એકસરખું માપ સિદ્ધ થાય છે.)

ભાવાર્થ

આત્માના માપને વધનારું ને ઘટનારું માનનારા મોક્ષાવસ્થામાં જીવના માપની નિત્ય સ્થિતિ સ્વીકારે છે અથવા એ માપને સદાને માટે એકસરખું માને છે એ ખાસ યાદ રાખવા જેવું છે. તો પછી એ માન્યતાના આધાર પર આરંભમાં ને મધ્યમાં પણ એનું માપ એકસરખું રહે છે એવું માનવું પડશે. જો એનું માપ ઓછુંવત્તું થનારૂં હોય તો કાયમને માટે તેવું જ રહેવું જોઈએ. મોક્ષાવસ્થામાં પણ. એક પદાર્થ એક સાથે વિકારી અને અવિકારી એવા બે પ્રકારના વિરોધી ગુણધર્મોથી સંપન્ન ના હોઈ શકે. કાં તો એ વિકારી હોય કે

પછી અવિકારી. જે નિત્ય છે તે સદા એકસરખી અવસ્થામાં જ રહે છે. તેમાં કશો ફેર નથી પડતો. તે તો બધી જ અવસ્થા દરમિયાન અખંડ અથવા અપરિવર્તન શીલ રહે છે. એટલે આત્મા શરીરના માપ અથવા અવસ્થાને અનુસરીને નાનો મોટો બને છે એવી માન્યતાનો સ્વીકાર નથી કરી શકાતો.

**૩૭. पत्यरसामञ्जस्यात् ।**

અર્થ

પત્યુઃ = પશુપતિનો મત પણ આદરણીય નથી.

અસામંજસ્યાત્ = એ યુક્તિ વિરૂદ્ધ અથવા અસંગત હોવાથી.

ભાવાર્થ

આ સૂત્રમાં પશુપતિ મતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ મતમાં મહેશ્વરને જગતના નિમિત્ત કારણ અને પ્રધાનને ઉપાદાન કારણ તરીકે સ્વીકારવામાં આવે છે. એમાં તત્વોની કલ્પનાને અને મુક્તિનાં સાધનોને વેદવિરૂદ્ધ માનવામાં આવે છે. એ છ મુદ્રાઓમાં એટલે કે કંઠી, રુચિકા, કુંડલ, જટા, ભસ્મ અને યજ્ઞોપવીતમાં વિશ્વાસ રાખે છે, ને કહે છે કે એમનાથી મુદ્રિત થનાર કે એમને ધારણ કરનાર ફરી જન્મ નથી ધારણ કરતો. એ મતવાળા હાથમાં રુદ્રાક્ષની માળા પહેરવાથી, જટા ધારણ કરવાથી, ખપ્પર ગ્રહણ કરવાથી ને ભસ્મ લગાવીને પશુપતિ મહાદેવનું નામ લેવાથી મુક્તિ મળે છે એમ માને છે. મુક્તિને માટેની વેદાનુકૂળ સાધનામાં કે જ્ઞાનપરંપરામાં નિષ્ઠા ના રાખનારા એ મત સર્વપ્રકારની શાસ્ત્રીય મર્યાદાઓ અને મુક્તિઓની વિરુદ્ધ હોઈને આદર્શ, આવકારદાયક અથવા અનુકરણીય નથી લાગતો.

**૩૮. सम्बन्धानुपपत्तेश्च ।**

અર્થ

સંબંધાનુપપત્તેઃ = સંબંધની સિદ્ધિ ના હોવાથી.

ચ = પણ.

ભાવાર્થ

એ મતમાં ઈશ્વરને જગતના નિમિત્ત કારણ અને પ્રધાનને ઉપાદાન કારણ તરીકે સ્વીકારવામાં આવે છે, પરંતુ એમની વચ્ચેના સંબંધનું સ્પષ્ટીકરણ કરવામાં નથી આવ્યું. પ્રધાન કેવી રીતે પેદા થાય છે અને એની સાથે ઈશ્વરનો સંબંધ શી રીતે સધાય છે તે નથી જણાવવામાં આવ્યું. ઈશ્વર તો નિરાધાર છે. તે પ્રધાનના સંપર્કમાં આવીને સૃષ્ટિરચના કેવી રીતે કરે છે ? વેદને પ્રમાણ માનનારા તો પરમાત્માને સર્વસમર્થ માને છે એટલે એમને માટે એ સૃષ્ટિ રચના કેવી રીતે કરે છે એવો પ્રશ્ન જ નથી પેદા થતો. એ તો એ વાતમાં પણ વેદને જ પ્રમાણ માને છે. પરંતુ તર્કનો આધાર લઈને આગળ વધનારા પાશુપાત મતમાં માનનારા એ સંબંધમાં સંતોષકારક સ્પષ્ટીકરણ નથી કરી શકતા.

**૩૯. अधिष्ठानानुपपत्तेश्च ।**

અર્થ

અધિષ્ઠાનાનુપપત્તેઃ = અધિષ્ઠાનની ઉપપત્તિ ના હોવાને લીધે.

ચ = પણ.

ભાવાર્થ

સુવર્ણકાર સોના જેવી સાધન સામગ્રીનો આધાર લઈને જુદી જુદી જાતનાં ઘરેણાં બનાવે છે, તેવી રીતે જગતની રચના કરનાર પરમાત્મા પણ પ્રધાનાદિ સાધનોનો આધાર લઈને જ જગતની રચના કરી શકે. પરંતુ પરમાત્મા સુવર્ણકારની પેઠે શરીરવાળા નથી ને પ્રધાન પણ સુવર્ણાદિની પેઠે સાકાર નથી. પ્રધાનને કોઈ રૂપાદિ નથી તો તે નિરાકાર પરમાત્માના સંસર્ગથી એમના સૂત્રધારપણા નીચે સૃષ્ટિ કેવી રીતે કરે છે ? એ રીતે વિચારતાં પાશુપત મત પ્રમાણભૂત નથી લાગતો.

**૪૦. करणवच्चेन्न भोगादिभ्यः ।**

અર્થ

ચેત્ = જો.

કરણવત્ = પરમાત્માને શરીર, ઈન્દ્રિયો જેવાં કરણોથી સંપન્ન માનીએ તો.

ન = બરાબર નથી.

ભોગાદિભ્યઃ = કારણ કે એમનો સંબંધ ભોગાદિથી સિદ્ધ થઈ જશે.

ભાવાર્થ

જો પરમાત્મા પોતાના સંકલ્પથી જ મન, બુદ્ધિ, ઈન્દ્રિયો તથા શરીરથી સંપન્ન બનીને જગતને રચે છે એવું માનવામાં આવે તો તે પણ બરાબર નથી, કારણ કે એવું માનવાથી બીજા જીવોની જેમ કર્મ કરવાને લીધે એમને કર્મફળનો ઉપભોગ પણ કરવો પડશે. એ અવસ્થામાં એમની સ્થિતિ સાધારણ બની જશે અને એ પરમાત્મા નહિ રહી શકે.

**૪૧. अन्तवत्त्वमसर्वज्ञता वा ।**

અર્થ

અન્તવત્વમ્ = પરમાત્મા અંતવાળા હોવાનો

વા = અથવા.

અસર્વજ્ઞતા = સર્વજ્ઞ ના હોવાનો દોષ પેદા થાય છે.

ભાવાર્થ

પાશુપત મતમાં ઈશ્વરને અનંત અને સર્વજ્ઞ માનવામાં આવે છે. વળી પ્રકૃતિને ને જીવોને પણ અનંત કહેવામાં આવે છે. તો પછી એમના મત પ્રમાણે એ ઈશ્વર જાણે છે કે જીવ કેટલા ને કેવા છે, પ્રકૃતિનું સ્વરૂપ કેવું છે, તથા એ પોતે પણ કેવા છે ? જો જાણતા હોય તો પ્રકૃતિને ને જીવોને અનંત નહિ કહી શકાય કારણ કે જેને જાણી શકાય છે. એને અનંત નહિ પરંતુ સાંત કહેવાય છે. જો ઈશ્વર એમના વિશે ના જાણતા

હોય તો પણ એમની અંદર દોષ પેદા થશે, કારણ કે એમને સર્વજ્ઞને બદલે અલ્પજ્ઞ કહેવા પડશે. એટલા માટે એ મત માનવા જેવો નથી લાગતો.

**४२. उत्पत्त्यसम्भवात् ।**

<u>અર્થ</u>

ઉત્પત્ત્યસમ્ભવાત્ = જીવની ઉત્પત્તિનો સંભવ નથી એટલા માટે. (વાસુદેવથી સંકર્ષણની ઉત્પત્તિ માનવાનું વેદવિરૂદ્ધ છે.)

<u>ભાવાર્થ</u>

ભાગવત તથા પાંચરાત્રમાં જણાવ્યું છે કે પરમ કારણ પરબ્રહ્મ સ્વરૂપ વાસુદેવમાંથી સંકર્ષણ નામે જીવની ઉત્પત્તિ થાય છે, સંકર્ષણમાંથી પ્રદ્યુમ્નસંજ્ઞક મન થાય છે, ને પ્રદ્યુમ્નમાંથી અહંકાર-અનિરૂદ્ધ નામધારી અહંકારની ઉત્પત્તિ થાય છે. એ માન્યતા દોષયુક્ત છે એ બતાવતાં આ સૂત્રમાં કહેવામાં આવે છે કે ભગવાન વાસુદેવમાંથી જગતની ઉત્પત્તિ થાય છે એ તો બરાબર છે, પરંતુ એમનામાંથી સંકર્ષણ નામે જીવની ઉત્પત્તિ થાય છે એ વાત વેદવિરૂદ્ધ છે અને માનવા લાયક નથી લાગતી, કારણ કે વેદાદિમાં જીવને જન્મમરણથી રહિત, અવિનાશી ને નિત્ય કહ્યો છે. જે વસ્તુ પેદા થતી હોય તે કદી નિત્ય ના હોઈ શકે. જીવને ઉત્પત્તિવાળો ને વિનાશશીલ માનીએ તો એની બદ્ધ અને મુક્ત અવસ્થાના વર્ણનનો અને એ અવસ્થાને માટેના સાધનોના અનુષ્ઠાનનો કશો અર્થ નહિ રહે. માટે જીવને ઉત્પત્તિવાળો માનવાનું  યોગ્ય નથી.

**४३. न च कर्तुः करणम् ।**

<u>અર્થ</u>

ચ = અને.

કર્તુઃ = કર્તાથી (જીવાત્માથી).

કરણમ્ = (મન અને એમાંથી અહંકાર) ની ઉત્પત્તિ પણ.

ન = ના થઈ શકે.

<u>ભાવાર્થ</u>

ભગવાન વાસુદેવમાંથી જેવી રીતે જીવની ઉત્પત્તિ એકદમ અશક્ય છે તેવી રીતે જીવાત્મા - સંકર્ષણ નામક જીવાત્મામાંથી પ્રદ્યુમ્ન નામક અહંકારની ઉત્પત્તિ પણ અશક્ય હોવાથી નથી માની શકાય તેમ. જીવાત્મા કર્તા તથા ચેતન અને મન કરણ છે એટલે કર્તામાંથી કરણની ઉત્પત્તિ ના થઈ શકે. પૂર્વપક્ષવાળા એવી શંકા કરે છે.

**४४. विज्ञानादिभावें वा तद् प्रतिपेधः ।**

<u>અર્થ</u>

વા = નિસ્સંદેહ.

વિજ્ઞાનાદિભાવે = (પાંચરાત્ર શાસ્ત્ર દ્વારા) ભગવાનના વિજ્ઞાનાદિ છ ગુણોનો સંકર્ષણ આદિમાં સમાવેશ હોવાનું સૂચવાયું છે. એ માન્યતા મુજબ એ ભગવત્સ્વરૂપ છે એવું પુરવાર થાય છે, એટલા માટે.

તદ્પ્રતિષેધઃ = એમની ઉત્પત્તિનો વેદમાં નિષેધ નથી.

ભાવાર્થ

ઉપરના સૂત્રમાં જે શંકા ઉપસ્થિત કરવામાં આવી છે કે વેદમાં જીવાત્માની ઉત્પત્તિનો તથા કર્તામાંથી કરણની ઉત્પત્તિનો વિરોધ કરવામાં આવ્યો છે એના સમાધાન સારું અહીં કહેવામાં આવે છે કે પાંચ રાત્ર શાસ્ત્રમાં જીવની ઉત્પત્તિ તથા કર્તામાંથી કરણની ઉત્પત્તિ થાય છે એવું નથી જણાવવામાં આવ્યું. તેમાં તો જીવના, મનના અને અહંકારના સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ એવા અધિષ્ઠાતા બતાવવામાં આવ્યા છે. એ ભગવાન વાસુદેવના અંગભૂત છે. કારણ કે સંકર્ષણને ભગવાનના પ્રાણ, પ્રદ્યુમ્નને મન, અને અનિરૂદ્ધને અહંકાર તરીકે વર્ણવવામાં આવ્યા છે. ત્યાં કરાયલું ઉત્પત્તિનું વર્ણન ભગવાનના જ અંશોનું તે તે સ્વરૂપોમાં થનારૂં પ્રાકટ્ય છે. ભગવાન અજન્મા હોવા છતાં જુદા જુદા સ્વરૂપે પ્રકટે છે એવું વેદ અને ઉપનિષદાદિમાં કહેલું છે. એટલે ભગવાનનું એવું પ્રાકટય વેદવિરૂદ્ધ નથી. ભક્તો અથવા આરાધકો પર અનુગ્રહ કરવા અને એમની સદ્ભાવનાને સંતોષવા ભગવાન એવી રીતે પ્રકટી શકે છે. એ સ્વરૂપોની સેવા, પૂજા અથવા ઉપાસના દ્વારા પરમાત્માની પ્રાપ્તિ કરી શકાય છે. એ સ્વરૂપોને જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બલ, વીર્ય, તેજ જેવા સમસ્ત ભગવદ્ભાવોથી ભરપુર માનવામાં આવ્યાં છે.

**૪૫. विप्रतिषेधाञ्च ।**

અર્થ

વિપ્રતિધેષાત્ = એમાં જીવની ઉત્પત્તિનો વિશેષરૂપે નિષેધ કરવામાં આવ્યો છે એટલે.

ચ = પણ.

ભાવાર્થ

એ ભક્તિપ્રધાન પાંચરાત્ર શાસ્ત્ર બધી રીતે વેદાનુકૂળ છે, વેદવિરોધી નથી, એ હકીકતની આ સૂત્રમાં ફરીવાર સ્પષ્ટતા કરવામાં આવે છે, જેથી એ સંબંધી કોઈ પ્રકારના સંદેહને સ્થાન જ ના રહે. વેદની જેમ એ શાસ્ત્રગ્રંથમાં પણ જીવને ચેતન, નિત્ય અનાદિ, અવિનાશી તથા જન્મમરણથી મુક્ત માનવામાં આવ્યો છે. વેદ ભક્તિવિરોધી નથી એટલે એ શાસ્ત્રમાં જે ભક્તિતત્વનું ને ભક્તિ પરંપરાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે એ વેદાનુકૂળ જ છે.

**અધ્યાય ૨ - પાદ ૨ સંપૂર્ણ.**

## અધ્યાય ૨ - પાદ ૩

| | |
|---|---|
| ૧ થી ૧૩ | પરમાત્મામાંથી સૌની ઉત્પત્તિ. |
| ૧૪ થી ૧૫ | ઈન્દ્રિયોની ઉત્પત્તિમાં વિશેષનો અભાવ. |
| ૧૬ થી ૨૦ | જીવાત્માની નિત્યતા. |
| ૨૧ થી ૨૯ | જીવાત્માનું વિભુત્વ. |
| ૩૦ થી ૪૨ | જીવનું એકદેશીત્વ અને કર્તાપણું. |
| ૪૩ થી ૪૭ | જીવ ઈશ્વરનો અંશ છે. |
| ૪૮ થી ૫૦ | જીવોના વિધિ નિષેધ. |
| ૫૧ થી ૫૩ | અંશાશિ ભાવ વિષે. |

## અધ્યાય ૨ - પાદ ૩

**१. न वियदश्रुतेः ।**

<u>અર્થ</u>

વિયત્ = આકાશ.

ન = ઉત્પન્ન નથી થતું.

અશ્રુતેઃ = કારણ કે (છાંદોગ્ય ઉપનિષદના સૃષ્ટિ પ્રકરણમાં) એની ઉત્પત્તિ નથી સાંભળવામાં આવી.

<u>ભાવાર્થ</u>

આ સૂત્રમાં પૂરવપક્ષની પ્રસ્થાપના કરતાં કહેવામાં આવે છે કે આકાશ અજન્મા અથવા નિત્ય છે, કારણ કે એની ઉત્પત્તિનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો. છાંદોગ્ય ઉપનિષદના સૃષ્ટિ પ્રકરણમાં સૃષ્ટિ વિષયક વર્ણન કરવામાં આવ્યું છે. ત્યાં પણ જણાવ્યું છે કે <u>तत्तेजोऽसृजत</u> । એટલે કે એ પરમાત્માએ સૌથી પહેલાં તેજની રચના કરી. પછી તેજ, પાણી અને અન્ન ત્રણેના સંયોગથી જગતની વૈવિધ્યપૂર્ણ રચનાનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્યાં પણ આકાશની ઉત્પત્તિ વિશે કશું પણ નથી કહેવામાં આવ્યું. એટલા માટે એ સિદ્ધ થાય છે કે એ ઉત્પન્ન નથી થતું.

**२. अस्ति तु ।**

<u>અર્થ</u>

તુ = પરંતુ

અસ્તિ = આકાશની ઉત્પત્તિનું વર્ણન પણ બીજે સ્થળે દેખાય છે.

<u>ભાવાર્થ</u>

પૂરવ પક્ષની ઉપર્યુક્ત દલીલનો ઉત્તર આપતાં અહીં કહેવામાં આવે છે કે તૈત્તિરીયોપનિષદમાં પરમાત્માને સત્ય, જ્ઞાનસ્વરૂપ અનંત કહીને એમની અંદરથી આકાશની ઉત્પત્તિ થઈ છે એવું સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવ્યું છે. ત્યાં જણાવ્યું છે કે तस्माद् वा एतस्मादात्मन आकाशः सम्भूतः

'એ પરમાત્મામાંથી આકાશ થયું.'

એટલે વેદ અથવા ઉપનિષદમાં આકાશની ઉત્પત્તિ વિશે કશું કહેવામાં આવ્યું એવું માનવાનું બરાબર નથી. એ ઉપરાંત છાંદોગ્ય ઉપનિષદના સૃષ્ટિ પ્રકરણમાં પરમાત્માએ તેજની રચના કરી એવું કહેવામાં આવ્યું છે તે છતાં પણ, સૌથી પહેલાં તેજની રચના કરી, એ સિવાય બીજા કશાની રચના ના કરી, અને આકાશની તો કરી જ નહિ, એવું ક્યાંય નથી કહેવામાં આવ્યું. એટલે એ ઉપનિષદમાં અથવા બીજા કોઈ ઉપનિષદમાં આકાશની ઉત્પત્તિનો નિષેધ અથવા વિરોધ કરવામાં આવ્યો છે અને આકાશને નિત્ય માનીને અજન્મા બતાવવામાં આવ્યું છે એવું માનવા કોઈપણ પ્રકારનું કારણ નથી મળતું.

**३. गौण्यसम्भवात् ।**

<u>અર્થ</u>

અસમ્ભવાત્ = આકાશની ઉત્પત્તિ અસંભવ હોવાને લીધે.

ગૌણી = એ શ્રુતિ ગૌણી છે.

ભાવાર્થ

તૈત્તિરીય ઉપનિષદના આધાર પર આકાશની ઉત્પત્તિનો ઉલ્લેખ કરી બતાવ્યો તો પણ પૂર્વપક્ષીને એવી પરિતૃપ્તિ નથી થતી. એ આગળ દલીલ કરતાં જણાવે છે કે આકાશ અવયવ રહિત અને વિભુ હોવાથી એની ઉત્પત્તિનો સંભવ નથી. એની ઉત્પત્તિમાં ના માની શકાય. તૈત્તિરીય ઉપનિષદમાં એની ઉત્પત્તિનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે વર્ણનને ગૌણ ગણવું જોઈએ. તે વર્ણન કોઈક બીજા હેતુથી પ્રેરાઈને કરવામાં આવ્યું છે એવું સમજવું જોઈએ. એને ગંભીરતાપૂર્વક ના લેવું જોઈએ.

**૪. शब्दाच्च ।**

અર્થ

શબ્દાત્ = શબ્દ પ્રમાણથી.

ચ=પણ.

ભાવાર્થ

એ ઉપરાંત, પૂર્વ પક્ષી જણાવે છે કે ઉપનિષદના જ બીજા શબ્દોથી પ્રમાણભૂત રીતે સમજાય છે કે આકાશની ઉત્પત્તિ થતી નથી. બૃહદારણ્યક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'વાયુ અને અંતરીક્ષ અમૃત છે.' **वायुश्चान्तरिक्षंचैतदमृतम्** । વળી એવું પણ કહ્યું છે કે જેવી રીતે આ આકાશ અનંત છે તેવી રીતે આત્માને પણ અનંત સમજવો જોઈએ. જે અમૃત હોય તેનો નાશ ના હોય, અનંતનો પણ નાશ ના હોય, અને ઉત્પત્તિ પણ ના થઈ શકે.

**૫. स्याच्चैकस्य ब्रह्मशब्दवत् ।**

અર્થ

ચ= અને.

બ્રહ્મ શબ્દવત્ = બ્રહ્મ શબ્દની જેમ.

એકસ્ય = કોઈ એક શાખાના વર્ણનમાં.

સ્યાત્ = આકાશની ઉત્પત્તિ ગૌણ રૂપે પણ બતાવી શકાય છે.

ભાવાર્થ

પૂર્વપક્ષીને પૂછવામાં આવે કે તૈત્તિરીય ઉપનિષદમાં આકાશની પેઠે વાયુ અને અગ્નિ આદિની ઉત્પત્તિનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. તો પછી કેવળ આકાશની ઉત્પત્તિના વર્ણનને જ ગૌણ ગણવાનું શું કારણ છે ? બીજા બધાની ઉત્પત્તિના વર્ણનને પણ એવી જ રીતે ગૌણ શા માટે ના ગણવું જોઈએ ? તો પૂર્વપક્ષી આ સૂત્ર દ્વારા એનું સ્પષ્ટીકરણ કરતાં જણાવે છે કે ઉપનિષદમાં બ્રહ્મ શબ્દનો પ્રયોગ પણ મુખ્ય અને ગૌણ બંને પ્રકારે કરવામાં આવ્યો છે. મુંડક ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે ' બ્રહ્મ તપ દ્વારા વૃદ્ધિ

પામે છે. એમાંથી અન્ન ઉત્પન્ન થાય છે .' तपसा चीयते ब्रह्म ततोऽन्नमभिजायते । અને એ પછી કહેવામાં આવ્યું છે કે 'જે સર્વજ્ઞ, સૌને જાણવાવાળા છે, જેમનું જ્ઞાનમય તપ છે, એમની અંદરથી આ બ્રહ્મ અને નામ, રૂપ તથા અન્ન ઉત્પન્ન થાય છે.'

यः सर्वज्ञः सर्वविद् यस्य ज्ञानमयं तपः ।
यस्मादेतत् ब्रह्म नाम रूपमन्नं च जायते ॥

એ જ પ્રમાણે પહેલાં જણાવ્યું તેમ આકાશને કોઈક ઠેકાણે ગૌણ રીતે ઉત્પન્ન થનારૂં કહી બતાવ્યું હોય તો તે સમજી શકાય છે. એનો અર્થ એવો નથી કે આકાશની ઉત્પત્તિ થાય છે એવું સાચેસાચ સ્વીકારી લેવું જોઈએ.

**૬. प्रतिज्ञाहानिरव्यतिरेकाच्छब्देभ्यः ।**

અર્થ

અવ્યતિરેકાત્ = પરમાત્માના કાર્યથી આકાશને અલગ ના માનવાથી જ.

પ્રતિજ્ઞાહાનિઃ = એકના જ્ઞાનથી સર્વના જ્ઞાન સંબંધી પ્રતિજ્ઞાની રક્ષા કરી શકાય છે.

શબ્દેભ્યઃ = ઉપનિષદના શબ્દોથી એ જ સિદ્ધ થાય છે.

ભાવાર્થ

ઉપનિષદમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે એક પરબ્રહ્મ પરમાત્માના જ્ઞાનથી સમસ્ત જગતનું જ્ઞાન થઈ જાય છે. એ કથનની સિદ્ધિ ત્યારે જ થઈ શકે કે જ્યારે આકાશને પણ એ પરમાત્માનું જ કાર્ય માનવામાં આવે. આકાશ બીજા બધા પદાર્થો તથા સમસ્ત જગતની જેમ પરમાત્માનું કાર્ય હોય ને પરમાત્મા એના એકમાત્ર કારણ હોય તો જ પરમાત્માના જ્ઞાનથી એનું જ્ઞાન થઈ શકે છે એવું જણાવી શકાય. એટલે ઉપનિષદના એ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે આકાશ પરમાત્મામાંથી ઉત્પન્ન થયેલું છે.

ઉપનિષદમાં એવું પણ જણાવ્યું છે કે આ બધું બ્રહ્મ જ છે. વેદ પણ એવું જ કહી બતાવે છે. सर्व खल्विदं ब्रह्म । એ સર્વની અંદર આકાશનો સમાવેશ પણ થઈ જાય છે એ દેખીતું છે. બ્રહ્મ અને આકાશ બે જુદાં જુદાં સર્વોપરી તત્વો નથી. બ્રહ્મ બીજા બધા પદાર્થોની પેઠે આકાશનું પણ કારણ છે.

**૭. यावद्विकारं तु विभागो लोकवत् ।**

અર્થ

તુ = તથા.

લોકવત્ = સામાન્ય લૌકિક વ્યવહારની જેમ.

યાવદ્વિકારમ્ = વિકારમાત્ર સર્વ કાંઈ.

વિભાગઃ = બ્રહ્મના જ વિભાગ કે કાર્યરૂપ છે.

ભાવાર્થ

ઉપનિષદમાં નામરૂપાત્મક સમસ્ત વિકારો કે જગતના પદાર્થોને પરમાત્માના કાર્યરૂપ કહેવામાં આવ્યા છે તો પછી આકાશ એ પદાર્થોથી અલગ ના રહી શકે અને એ પરમાત્માનું કાર્ય હોય એ દેખીતું છે. સમસ્ત વિકારો, પદાર્થો કે જગતમાં આકાશનો સમાવેશ પણ સહેજે થઈ જાય છે. તેજ તથા બીજા પદાર્થોની ઉત્પત્તિના કોઈક વર્ણન દરમિયાન આકાશનું નામ ના આવ્યું હોય તો પણ એનો અર્થ એવો નથી કરવાનો કે પરમાત્મામાંથી આકાશની ઉત્પત્તિ નથી થઈ અને એનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ છે. આકાશનો ઉલ્લેખ બીજે ઠેકાણે સ્પષ્ટ રીતે કરેલો હોવાથી ત્યાં પણ આકાશનો ઉલ્લેખ સમજી લેવાનો છે. વાયુ તથા આકાશને અમૃત કહેવાનું કારણ એમને બીજા પદાર્થો કરતાં દીર્ઘજીવી કે ચિરસ્થાયી બતાવવાનું અથવા પરમાત્મા સ્વરૂપ જણાવવાનું છે.

સંસારમાં સામાન્ય રીતે જોઈએ છીએ કે કોઈક પુરૂષના પુત્રોનો પરિચય આપતી વખતે કહેવામાં આવે છે કે આ બધા પુત્રો એ પુરૂષના છે. બીજીવાર એ બધામાંથી એક બેનો પરિચય કરાવતાં એ પેલા પુરૂષના પુત્રો છે એવું કહેવામાં આવે તો એનો અર્થ એવો તો ના જ થાય કે એ સિવાયના બીજા પુત્રો કોઈ બીજા પુરૂષના છે. બધા એ જ પુરૂષના પુત્રો છે એવું સમજી લેવાય છે. કોઈ ખેડૂત પોતાની વિશાળ જમીન બતાવીને કહે કે આ બધી જમીન મારી છે, અને પછી એમાંથી થોડીક જમીન પોતાની છે એવું પુનઃ કહી બતાવે તેથી શેષ જમીન તેની નથી ને બીજાની છે એવું નથી સાબિત થતું. અથવા કોઈ એમ કહે કે આ હાથ મારો છે, એથી બીજા અવયવો અને આખું અંગ એનું નથી એવું નથી મનાતું. એવી રીતે સમસ્ત જગત પરમાત્મામાંથી પેદા થાય છે એવું જણાવીને એ જગતમાં જે છે તે બધું જ પરમાત્માનું કાર્ય છે એવું જણાવી દીધું છે. આકાશ એ કાર્યથી અલગ અથવા એમાં અપવાદરૂપ નથી એ સહેજે સમજી શકાય તેવું છે.

**૮. एतेन मातरिश्वा व्याख्यातः ।**

<u>અર્થ</u>

એતેન = આની દ્વારા, અથવા આકાશની ઉત્પત્તિ સિદ્ધ કરનારા વર્ણનથી.

માતરિશ્વા = વાયુની ઉત્પત્તિ.

વ્યાખ્યાનઃ = કહી બતાવી.

<u>ભાવાર્થ</u>

અત્યાર સુધીની ચર્ચાવિચારણાના પરિણામે પુરવાર થયું કે આકાશની ઉત્પત્તિ પરમાત્મામાંથી જ થાય છે. એ જ ચર્ચાવિચારણાના આધાર પર એના અનુસંધાનમાં કહી શકાય કે આકાશની જેમ વાયુની ઉત્પત્તિ પણ પરમાત્મામાંથી જ થયેલી છે. વાયુનું અસ્તિત્વ પણ પરમાત્માથી અલગ નથી.

**૯. असम्भवस्तु सतोऽनुपपत्तेः ।**

<u>અર્થ</u>

સતઃ = સત્ શબ્દ પરમાત્મા વિના (બીજા કોઈનું ઉત્પન્ન ના થવાનું)

તુ = તો અસંભવ છે.

અનુપપત્તેઃ = કારણ કે એવી અનુત્પત્તિ તર્કવિતર્ક કે પ્રમાણ દ્વારા પુરવાર નથી થઈ શકતી.

ભાવાર્થ

ઉપનિષદમાં પરમાત્માને માટે સત્ શબ્દનો પ્રયોગ કરેલો છે. એ સત્ શબ્દ દ્વારા વર્ણવાયલા પરમાત્મા અજન્મા અને અવિનાશી છે. એ પરમાત્માની ઉત્પત્તિ નથી થઈ શકતી. પરંતુ એમના સિવાયનું જગતના રૂપમાં જે કાંઈ દેખાય છે કે અનુભવાય છે તે બધું જ ઉત્પત્તિશીલ છે. એની ઉત્પત્તિ નથી થતી એવું ક્યાંય નથી કહેવામાં આવ્યું. બુદ્ધિ, અહંકાર, કાળ, અણુ કે પરમાણુ સઘળું ઉત્પન્ન થાય છે. પ્રલય સમયે એક માત્ર પરમાત્મા જ શેષ રહે છે, બીજું કશું જ નથી રહેતું, એવું શાસ્ત્રોએ સ્પષ્ટ રીતે કહી બતાવ્યું છે.

**૧૦. तेजोऽतस्तथा ह्याह ।**

અર્થ

તેજઃ = તેજ.

અતઃ = આ (વાયુ) માંથી. (ઉત્પન્ન થયું.)

તથા હિ = એવું જ.

આહ = બીજે કહેલું છે.

ભાવાર્થ

તેજ શેમાંથી પેદા થયું એ જણાવવા માટે આ સૂત્ર લખવામાં આવ્યું છે. છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે પરમાત્માએ તેજની રચના કરી, અને તૈત્તિરીય ઉપનિષદમાં કહ્યું છે કે પરમાત્મામાંથી આકાશનો, આકાશમાંથી વાયુનો ને વાયુમાંથી તેજનો પ્રાદુર્ભાવ થયો. તો પછી તેજની ઉત્પત્તિ વાયુમાંથી થઈ કે પરમાત્મામાંથી એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે જ પેદા થઈ શકે છે. એના ઉત્તરમાં અહીં જણાવવામાં આવે છે કે તેજની ઉત્પત્તિ વાયુમાંથી થઈ શકે છે એવું ઉપનિષદમાં અન્યત્ર પણ કહેવામાં આવ્યું છે કે પરમાત્માએ આકાશની ઉત્પત્તિ કરીને આકાશમાંથી વાયુની ને વાયુમાંથી તેજની સૃષ્ટિ કરી એવું કહીએ કે પરમાત્માએ આકાશની, વાયુની કે તેજની રચના કરી એવું કહીએ એમાં વસ્તુતઃ કશો ફેર નથી પડતો. એવી રીતે એ બંને પ્રકારના કથનમાં એકવાક્યતા રહેલી છે. મહત્વનો મૂળ મુદ્દો એ છે કે એક પદાર્થનું પેટા કારણ ગમે તે હોય તો પણ સૌનું મૂળ કારણ પરમાત્મા સિવાય બીજું કશું ય નથી. પરમાત્મામાંથી જ સૌનો પ્રાદુર્ભાવ થાય છે.

**૧૧. आपः ।**

અર્થ

આપઃ- જલ (તેજમાંથી પેદા થયું.)

ભાવાર્થ

એવી રીતે ઉપનિષદના આધાર પર સંશયરહિત રીતે સમજી લેવું જોઈએ કે તેજમાંથી જલની સૃષ્ટિ થઈ અથવા તેજમાંથી પાણી પેદા થયું.

**૧૨. पृथिव्यधिकाररूपशब्दान्तेरभ्यः ।**

અર્થ

પૃથ્વી = (એ પ્રકરણમાં અન્નના નામથી) પૃથ્વીનો જ નિર્દેશ કરવામાં આવ્યો છે.

અધિકાર રૂપ શબ્દાન્તરેભ્યઃ = કારણ કે પાંચ તત્વોની ઉત્પત્તિનું છે, એમાં જણાવેલું કાળું રૂપ પૃથ્વીનું જ માનવામાં આવે છે, અને બીજો ઠેકાણે પણ પાણીમાંથી પૃથ્વીની ઉત્પત્તિ કહી બતાવી છે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે પાણીએ અન્નની રચના કરી, ત્યાં અન્ન શબ્દ પૃથ્વીના વિશાળ અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે એવું સમજવાનુ છે કારણ કે ત્યાં પાંચ તત્વોની કે મહાભૂતોની ઉત્પત્તિનો પ્રસંગ ચાલી રહ્યો છે, સ્થૂળ અન્નનો નથી ચાલતો. ત્યાં જે કાળું રૂપ બતાવ્યું છે તે પણ અન્નનું નથી પરંતુ પૃથ્વીનું જ છે. તૈત્તિરીય ઉપનિષદમાં સૃષ્ટિ રચનાનું જે ક્રમ વર્ણન આવે છે તેમાં પણ પૃથ્વીની ઉત્પત્તિ પાણીમાંથી થાય છે એવું જણાવ્યું છે. એની સાથે પૃથ્વીમાંથી ઔષધિ અને ઔષધિમાંથી અન્ન થાય છે એવું કહ્યું છે. એટલે પાણીમાંથી સીધી અન્નની ઉત્પત્તિ થાય છે એવું માનવાનું શાસ્ત્રસંગત, પ્રત્યક્ષ અનુભવને અનુરૂપ તથા બરાબર નથી લાગતું. જલ તત્વમાંથી પૃથ્વી તત્વની અને પૃથ્વીમાંથી અન્નની ઉત્પત્તિ થાય છે એવું માનવું જ બરાબર છે.

**૧૩. तदभिध्यानादेव तु तल्लिङ्गात्सः ।**

અર્થ

તદભિધ્યાનાત્ = એ તત્વોનું સુચારૂરૂપે ચિંતન કરવાનું કથન હોવાથી.

એવ = જ.

તુ = તો (પુરવાર થાય છે કે)

સઃ = તે પરમાત્મા જ એમની રચના કરે છે.

તલ્લિંગાત્ = એ લક્ષણો એમને જ બંધ બેસે છે એટલા માટે.

ભાવાર્થ

આકાશ પરમાત્મામાંથી પેદા થાય છે એવું ઉપનિષદમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે, પરંતુ એની પછીના બીજા તત્વોની ઉત્પત્તિ ક્રમશઃ થતી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તો એના પરથી પ્રશ્ન થાય છે કે આકાશ સિવાયના બીજાં બધાં તત્વો પોતાની મેળે જ એકમેકમાંથી પેદા થાય છે કે બધાં જ તત્વો પરમાત્મામાંથી પ્રાદુર્ભાવ પામે છે ? એનો ઉત્તર એ જ છે કે જડ તત્વો પરમાત્માની મદદ વિના મેળે જ પોતાની ઉત્પત્તિ નથી કરી શકતાં. પરમાત્મા જ એમને સૃષ્ટિ રચનાના કર્મમાં પ્રવૃત્ત કરે છે.

ઉપનિષદમાં ચિંતન કે સંકલ્પ કરવાનો જે નિર્દેશ મળે છે તે નિર્દેશ પ્રમાણે વિચારીએ તો પણ સહેલાઈથી સમજાય છે કે એવી ચિંતનની કે સંકલ્પની શક્તિ જડ તત્વોમાં કદાપિ ના હોઈ શકે. એવી શક્તિ તો પરમાત્મામાં જ સંભવી શકે એટલે પરમાત્મા પોતે જ એક તત્વમાંથી બીજા તત્વની અને એવી રીતે સમસ્ત સૃષ્ટિની રચના કરે છે. જે થાય છે તે બધું પરમાત્મામાંથી જ પેદા થાય છે. સૌના મૂળભૂત મુખ્ય કારણ પરમાત્મા જ છે.

**१४. विपर्ययेण तु क्रमोङत उपपद्यते च ।**

અર્થ

તુ = પરંતુ.

અતઃ = આ ઉત્પત્તિ ક્રમથી.

ક્રમઃ = પ્રલયનો ક્રમ.

વિપર્યયેણ = વિપરીત હોય છે.

ઉપપદ્યતે = એવું હોવાનું યુક્તિપુરઃસર છે.

ચ = અને (સ્મૃતિમાં પણ એવું જોવા મળે છે.)

ભાવાર્થ

સૃષ્ટિની ઉત્પત્તિનો જે ક્રમ ઉપનિષદમાં બતાવવામાં આવ્યો છે તે ક્રમ વરસોના એકધારા ચિંતન, મનન અને અનુભવના પરિણામે નક્કી થયેલો છે ને યથાર્થ છે. પરમાત્મા રૂપી કારણમાંથી જગતરૂપી કાર્ય પેદા થાય છે એ ભારતના પ્રાતઃસ્મરણીય સ્વનામધન્ય મહાન ઋષિવરોએ નક્કી કર્યું છે. એમાં એમને કોઈ પણ પ્રકારની શંકા નથી રહી. એવી જ રીતે એ શંકારહિત બનીને પોતાના અનુભવના આધાર પર કહી બતાવે છે કે જગતની ઉત્પત્તિના ક્રમ કરતાં એના પ્રલયનો ક્રમ તદ્દન ઊલટો હોય છે. એ કાર્ય પોતાના કારણમાં ને છેવટે મહાકારણમાં મળી જાય છે.

ઉત્પત્તિ વખતે પરમાત્મામાંથી આકાશ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી તેજ, તેજમાંથી જલ અને જલમાંથી પૃથ્વીના ક્રમ પ્રમાણે જગત પ્રાદુર્ભાવ પામે છે, પરંતુ પ્રલય વખતે એનાથી ઊલટી રીતે કાર્ય કારણમાં લય પામે છે. એટલે કે પૃથ્વી જલમાં, જલ અગ્નિમાં, અગ્નિ વાયુમાં, વાયુ આકાશમાં અને આકાશ પરમાત્મામાં મળી જાય છે. સંસારનું નિરીક્ષણ કરવાથી પણ કાર્ય છેવટે પોતાના કારણમાં વિલીન થાય છે એવું જોઈ શકાય છે. પાણીમાંથી વરાળ બને છે અને એ પછી પાણીમાં જ પરિવર્તન પામે છે. ગીતા જેવા સ્મૃતિગ્રંથોમાં પણ એનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, ને જણાવ્યું છે કે જગત પ્રલય પછી પરમાત્મામાં મળી જાય છે.

**१५. अन्तरा विज्ञानमनसी क्रमेण तल्लिङ्गादिति चेन्नाविशेषात् ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે.

વિજ્ઞાન મનસી = મન તથા ઈન્દ્રિયો.

ક્રમેણ = ઉત્પત્તિ ક્રમને અનુસરીને.

અન્તરા (સ્યાતામ્) = પરમાત્મા અને આકાશ જેવાં ભૂતોની વચ્ચે હોવી જાઈએ.

તલ્લિંગાત્ = કારણ કે શ્રુતિમાં એવા નિર્ણયને માટેના લક્ષણ કે પ્રમાણ મળે છે.

ઈતિ ન = તો એવું કથન બરાબર નથી.

અવિશેષાત્ = કારણ કે શ્રુતિમાં કોઈ ક્રમ વિશેષનું વર્ણન નથી મળતું.

ભાવાર્થ

અત્યાર સુધીનાં સૂત્રોમાં પંચ મહાભૂતોની ઉત્પત્તિ વિશેની વિચારણા તો કરી લીધી. પરંતુ મન, બુદ્ધિ તથા ઈન્દ્રિયોની ઉત્પત્તિની વાત નથી આવી. તો એમની ઉત્પત્તિ કેવી રીતે થાય છે. પંચ મહાભૂતોમાંથી કે પરમાત્મામાંથી, અને જો પરમાત્મામાંથી થતી હોય તો પંચ મહાભૂતોની પછી થાય છે કે પહેલાં ? એ પ્રશ્ન તો રહે જ છે. એવા પ્રત્યુત્તર માટે આ સૂત્રની રચના થઈ છે.

મુંડક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'આ પરમાત્મામાંથી પ્રાણ પ્રકટે છે, તથા મન, બધીયે ઈન્દ્રિયો, આકાશ, વાયુ, જલ અને સૌને ધારણ કરનારી પૃથ્વી પેદા થાય છે.

**एतस्मात्रजायते प्राणो मनः सर्वेन्द्रियाणि च ।**

**खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी ॥**

એ વર્ણન એવું માનવા માટે પ્રેરે છે કે પરમાત્મામાંથી સૌથી પહેલાં પ્રાણ, મન તથા ઈન્દ્રિયોની ને તે પછી પંચ મહાભૂતોની રચના થઈ હશે. પરંતુ ખરેખર એવું નથી સમજવાનું. મુંડક ઉપનિષદનું એ વર્ણન પરમાત્માના પરમ મહિમાને દર્શાવવા માટે જ કરવામાં આવ્યું છે. એનો મુખ્ય હેતુ સર્વ કાંઈ પરમાત્મામાંથી જ થયું છે ને પરમાત્મા સૌના મૂળ ઉદ્ભવ સ્થાન છે એવું બતાવવાનો છે. એ વર્ણનમાં પ્રાણ, મન, ઈન્દ્રિયો તથા પંચ મહાભૂતોની ઉત્પત્તિનો ક્રમ નથી બતાવ્યો પરંતુ એમનો ઉપલક ઉલ્લેખ જ કરેલો છે. એટલે એને આદર્શ અથવા પ્રમાણભૂત માનીને એમની ઉત્પત્તિ વિશેના કોઈ નિશ્ચિત નિર્ણય પર ના પહોંચી શકાય.

**१६. चराचरव्यपाश्रयस्तु स्यात्तद्व्यपदेशो भाक्तस्तद्भाव- भावित्वात् ।**

અર્થ

તુ = પરંતુ.

ચરાચર વ્યપાશ્રયઃ = ચરાચર શરીરોને લીધે કરાયલું.

તદ્વ્યપદેશઃ = એ જન્મ મરણાદિનું કથન.

ભાક્તઃ સ્યાત્ = જીવાત્માને માટે ગૌણ હોઈ શકે.

તદ્ભાવ ભાવિત્વાત્ = એ તે તે શરીરોના ભાવથી ભાવિત રહેતો હોવાથી.

ભાવાર્થ

હવે પ્રશ્ન એ થાય છે કે પંચ મહાભૂતાદિની પેઠે પરમાત્મામાંથી જીવોની ઉત્પત્તિ પણ થાય છે કે કેમ ? એના ઉત્તરમાં જણાવવાનું કે જીવ પરમાત્માનો અંશ, અવિનાશી અને જન્મ મરણથી રહિત છે એ તો સર્વવિદિત છે. તો પણ અવિદ્યા, મોહ અથવા કર્મ સંસ્કારોને લીધે સ્થાવર તથા જંગમ શરીરોને ધારીને એમની અંદર આસક્તિ કરીને પોતાના અસલ સ્વરૂપને ભૂલી જાય છે. એટલા માટે જુદાં જુદાં શરીરોના જન્મ અને મરણને એના જન્મ તથા મરણ બરાબર માનવામાં આવે છે. વાસ્તવિક રીતે તો એ જન્મ તથા મરણથી મુક્ત જ છે. એના જન્મની જે વાત કહેવામાં આવી છે તે તો ગૌણ રીતે, કહેવાને ખાતર જ કહેવામાં આવી

છે. જીવાત્મા પરમાત્મામાંથી પ્રકટ થાય છે અને કલ્પાંતે એમની અંદર વિલય પામે છે. એ શાશ્વત અથવા અવિનાશી હોવાથી એની ઉત્પત્તિનો પ્રશ્ન જ નથી પેદા થતો.

**૧૭. नात्माश्रुतेर्नित्यत्वाच्च ताभ्यः ।**

અર્થ

આત્મા = જીવાત્મા.

ન= ઉત્પન્ન નથી થતો.

અશ્રુતેઃ = શ્રુતિમાં ક્યાંય એની ઉત્પત્તિ નથી બતાવી માટે.

ચ = એ ઉપરાંત.

તાભ્યઃ = એ શ્રુતિયોથી જ.

નિત્યવાત્ = એની નિત્યતા સાબિત કરવામાં આવી છે એટલા માટે પણ.

ભાવાર્થ

ઉપનિષદના સ્વાનુભવસંપન્ન સુવિશાળ સાહિત્યનું તટસ્થતાપૂર્વક અધ્યયન કરવાથી એ વાતની સ્પષ્ટતા થાય છે કે એમાં કોઈ ઠેકાણે એવું નથી કહ્યું કે જીવાત્માની ઉત્પત્તિ થાય છે. જીવાત્મા અજન્મા, અવિનાશી, શાશ્વત અને નિત્ય છે એવો ઉલ્લેખ ઠેકઠેકાણે, જ્યાં પણ જીવાત્માનું વર્ણન કરવામાં આવ્યું છે, ત્યાં જોવા મળે છે. એટલે એ પેદા થાય છે એવું માનવાનું કશું કારણ નથી રહેતું.

છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'આ જીવથી રહિત શરીર જ મરે છે, જીવાત્મા નથી મરતો એ તો અમૃતમય છે.' जीवाषेतं वाव किलेदं म्रियते न जीवो म्रियते ।

કઠ ઉપનિષદમાં પણ એવું જ જણાવ્યું છે કે જીવાત્મા જન્મતો કે મરતો નથી. એ અજન્મા, નિત્ય સનાતન તથા પૂરાતન છે. શરીરનો નાશ થાય છે તો પણ એનો નાશ નથી થતો. એ કદી ક્યાંયથી પેદા નથી થયો ને પેદા નથી થવાનો.

**૧૮. ज्ञोङत एव ।**

અર્થ

અતઃ = (એ નિત્ય ને જન્મ મરણથી રહિત છે) એથી.

એવ = જ

જ્ઞઃ = જ્ઞાતા છે.

ભાવાર્થ

જીવાત્મા અવિનાશી, નિત્ય અને જન્મ મરણથી રહિત છે એટલા માટે તો આ પૃથ્વીના પુણ્ય પ્રવાસમાં જુદે જુદે વખતે થયેલા અનુભવોને યાદ કરી શકે છે અથવા એ અનુભવોનું જ્ઞાન ધરાવે છે. જો એ જન્મતો ને મરતો હોત તો એક જન્મના અનુભવોની સ્મૃતિ બીજા જન્મમાં ના કરી શકત. પરંતુ શરીરો બદલાય છે તો પણ એ નથી બદલાતો અને એક સરખો રહે છે એટલે તો એક જન્મના અનુભવોને યાદ કરી

શકે છે. યોગીઓને માટે એવું સ્મરણ સ્વાભાવિક હોય છે. કેટલાક બીજા બાળકો ને મોટા માણસો પણ પૂર્વ જન્મની સ્મૃતિથી સંપન્ન દેખાય છે. એ ઉપરાંત, એક જ જન્મની બાળપણની ને યુવાવસ્થાની સ્મૃતિઓ મોટી ઉંમરે કાયમ રહે છે. જેથી પણ સમજી શકાય છે કે એ સ્મૃતિઓથી સંપન્ન જીવાત્મા એક જ છે. જો એક ના હોત તો અલગ અલગ વખતે ને સ્થળે થયેલા સ્વાનુભવોની સ્મૃતિ કેવી રીતે કરી શકત ?

**१९. उत्क्रान्तिगत्यागतीनाम् ।**

અર્થ

ઉત્ક્રાન્તિગત્યાગતીનામ્ = (એક જ જીવાત્માનું) શરીરથી ઉત્ક્રમણ કરનાર, પરલોકમાં જનાર અને ત્યાંથી પાછા આવનાર તરીકે વર્ણન છે.

ભાવાર્થ

જીવાત્મા જન્મ મરણથી મુક્ત ને નિત્ય છે એનું સમર્થન કરતાં ઉપનિષદોએ એને શરીરને છોડનારો, પરલોકમાં જનારો તથા ત્યાંથી પાછો આવનારો કહી બતાવ્યો છે. જો તે નિત્ય, એક સરખો અને અજન્મા ના હોત તો એવું કહેવાને બદલે સ્પષ્ટ રીતે વર્ણવાત કે શરીરમાંથી બહાર નથી જતો, અથવા બહાર જાય છે તો પણ જીવતો નથી રહેતો, પરલોકમાં નથી જતો, ને ફરીવાર જન્મતો પણ નથી. જે જન્મે છે તે તો જુદો જ જીવાત્મા હોય છે, ને તેનો પહેલાંના જીવાત્મા સાથે કશો જ સંબંધ નથી હોતો. પરંતુ ઉપનિષદોનું વર્ણન જીવાત્માના જન્મ મરણનું નહિ પરંતુ એની અખંડતા અથવા અમરતાનું પ્રતિપાદન કરનારૂં છે.

કઠોપનિષદમાં કહ્યું છે કે 'મૃત્યુ પછી આ જીવાત્માઓમાંથી પોતપોતાનાં કર્મોને અનુસરીને કોઈ વૃક્ષાદિ સ્થાવર શરીરને ધારણ કરે છે તો કોઈ દેવ, મનુષ્ય, પશુપક્ષી જેવાં જંગમ શરીરોમાં પ્રવેશે છે.'

**योनिमन्ये प्रपद्यंते शरीरत्वाय देहिनः ।**
**स्थाणुमन्येऽनुसंयन्ति यथाकर्म यथाश्रुतम् ॥**

ગીતામાં યોગભ્રષ્ટ પુરૂષની ગતિના વર્ણન વખતે જીવાત્મા પુણ્યવાન લોકોને પામે છે ને તેમાં નિવાસ કરીને પવિત્ર ઘરમાં અથવા યોગીના કુળમાં જન્મે છે કે પ્રકટે છે એવું કહેવામાં આવ્યું છે, અને શરીર છોડતી વખતે જેવી કામના કરવામાં આવે છે તેવી તેવી કામનાના ઉપભોગ માટે નવું શરીર પ્રાપ્ત થાય છે એવું જણાવ્યું છે. શરીરનો નાશ થવા છતાં પણ જીવાત્માનો નાશ નથી એવો નિર્દેશ તો ગીતાના બીજા અધ્યાયમાં ઠેર ઠેર કરવામાં આવ્યો છે.

**२०. स्वात्मना चोत्तरयोः ।**

અર્થ

ઉત્તરયોઃ = પરલોકમાં જવાની ને ત્યાંથી પાછા આવવાની એ પાછળથી કહેલી બંને ક્રિયાઓની સિદ્ધિ.

સ્વાત્મના = સ્વરૂપ રૂપથી જ.

ચ= થાય છે. (એટલે પણ આત્મા નિત્ય છે.)

ભાવાર્થ

શાસ્ત્રોમાં પરલોકમાં જવાની ને ત્યાંથી પાછા ફરવાની જે વાત વર્ણવવામાં આવી છે તેથી સ્પષ્ટ થાય છે કે આત્મા પરલોકમાં પ્રવેશે છે તે જ ત્યાંથી સુનિશ્ચિત સમય પછી પાછો ફરે છે ને પુનર્જન્મ ધારણ કરે છે. પરલોકમાં પ્રવેશનાર ને પુનર્જન્મ પામનાર આત્મા જુદા જુદા નથી હોતા. એથી ફલિત થાય છે કે એ આત્મા અવિનાશી અને એક છે.

**૨૧. नाणुरतच्छ्रुतेरिति चेन्नेतराधिकारात् ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે.

અણુઃ = જીવાત્મા અણુ.

ન = નથી.

અતચ્છ્રુતેઃ = શ્રુતિમાં એને અણુને બદલે મહાન ને વિભુ કહ્યો છે તેથી,

ઈતિઞ્ન = તો એ બરાબર નથી.

ઈતિરાધિકારાત્ = (શ્રુતિમાં એને મહાન ને વિભુ કહ્યો છે) ત્યાં બીજાનો અથવા પરમાત્માનો પ્રસંગ છે તેથી.

ભાવાર્થ

આ અને હવે પછીના થોડાંક સૂત્રોમાં પૂર્વપક્ષીની દલીલોને રજૂ કરવામાં આવી છે. એ દલીલો આત્માને લગતી જ છે.

પૂર્વપક્ષી પોતાની વિચારણાને રજૂ કરતાં જણાવે છે કે આત્મા નિત્ય છે એ તો જણાવ્યું પરંતુ એ આવાગમનશીલ છે એવું માનીએ તો એને એકદેશીય માનવો પડશે; વિભુ નહિ માની શકાય. અને તો તો એનું નિત્યત્વ પણ ગૌણ ગણાશે. બૃહદારણ્યક ઉપનીષદમાં કહ્યું છે કે 'પ્રાણોમાં જે વિજ્ઞાનમય આત્મા છે એ જ એ મહાન અજન્મા આત્મા છે. स वा एष महानज आत्मा योङयं विज्ञानमयः प्राणेषु । એ અને એવા બીજા કથનને અનુલક્ષીને એમ કહેવામાં આવે કે આત્માને અણુ નથી કહ્યો કિન્તુ મહાન કે વિરાટ કહ્યો છે, તો તેવું કથન બરાબર નથી. કારણ કે ત્યાં આત્માના નામથી જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે તત્વ જીવાત્મા નથી પરંતુ પરમાત્મા છે. આત્મા શબ્દ ત્યાં પરમાત્માને લાગુ પડે છે એટલે ત્યાં જીવાત્મા મહાન છે એવું નથી કહેવામાં આવ્યુ; પરમાત્માને મહાન કહેવામાં આવ્યા છે. આત્મા તો અણુ જ છે.

**૨૨. स्वशब्दानु माना भ्यां च ।**

અર્થ

સ્વશબ્દાનુમાનાભ્યામ્= ઉપનિષદમાં અણુવાચક શબ્દ છે એથી અને અનુમાનવાચક બીજા શબ્દોથી.

ચ = પણ.

ભાવાર્થ

જીવાત્મા અણુ છે એ સંબંધી આગળ દલીલ કરતાં કહેવામાં આવે છે કે ઉપનિષદમાં એ વિશે સ્પષ્ટ ઉલ્લેખ કરાયેલો છે. શ્વેતાશ્વતર ઉપનિષદ જણાવે છે કે વાળના અગ્ર ભાગના સો ટુકડા કરવામાં આવે અને એમાંના એક ટુકડાના વળી પાછા સો ટુકડા કરવામાં આવે તો એવી રીતે કરાયેલો એક ટુકડો જેટલો સૂક્ષ્મ કે સૂક્ષ્માતિસૂક્ષ્મ થાય તેટલો સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવાત્મા છે. જીવાત્માનું માપ એવું જ સમજી લેવું.

મુંડક ઉપનિષદમાં આત્મા અણુ જેવો છે અને ચિત્તથી જાણવા લાયક છે એવું કહેલું છે.

**एषोऽणुरात्मा चेतसा वेदितव्यः ।**

એવી રીતે જીવાત્માને અણુ જેવો કહ્યો છે અને અનુમાન અથવા ઉપમા દ્વારા વાળના ટુકડાના અગ્ર ભાગ સાથે સરખાવ્યો છે. એ અણુ જેવો છે તેથી તો પ્રાણની અંદર પણ રહી શકે છે. જો ઉપનિષદના શબ્દોને પ્રમાણભૂત માનવામાં આવે, અને ના માનવાનું કશું કારણ નથી, તો એમના આધાર પર આત્માને અણુ જ માનવો જોઈએ. એ સિવાયની બીજી માન્યતા શ્રુતિ વિરોધી લેખાશે.

**२३. अविरोधश्चन्दनवत् ।**

<u>અર્થ</u>

ચંદનવત્ = ચંદનની જેમ.

અવિરોધઃ = કોઈ જાતનો વિરોધ નથી.

<u>ભાવાર્થ</u>

આત્મા અણુરૂપ છે એવું માનવામાં આવે તો પછી એની સ્થિતિ શરીરના કોઈ એક ચોક્કસ પ્રદેશ વિશેષમાં જ રહી શકે એવું પણ માનવું પડે. એ સમસ્ત શરીરમાં સર્વસ્થળે ના રહી શકે. એ અવસ્થામાં એને શરીરના જુદા જુદા ભાગોમાં અથવા અંગપ્રત્યંગમાં થતા સુખદુઃખનો અનુભવ જ એને થઈ શક્શે. એવી શંકાના સમાધાન માટે આ સૂત્રમાં કહેવામાં આવે છે કે ખરેખર તેવું નથી સમજવાનું. ચંદન કોઈ એક જગ્યાએ રાખવામાં આવ્યું હોય તો પણ પોતાની સુગંધ દ્વારા ઘરમાં અને આજુબાજુ બધે જ ફેલાઈ જાય છે તેવી રીતે હૃદયપ્રદેશમાં અણુ જેવા સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપે રહેતો જીવાત્મા એક સ્થળે રહીને પણ સમસ્ત શરીરમાં ફેલાઈ જાય છે અને શરીરના કોઈ પણ અંગપ્રત્યંગમાં થતા સુખદુઃખને જાણી અથવા અનુભવી શકે છે. એવા જ્ઞાન અથવા અનુભવમાં એનું અણુપણું કોઈ પણ પ્રકારે બાધારૂપ નથી બનતું. એટલે આત્મા અણુ સ્વરૂપ છે એવું માનવામાં કશી હરકત નથી. એ માન્યતા બુદ્ધિસંગત છે.

**२४. अवस्थितिवैशेष्यादिति चेन्नाध्युपगमाद्धृदि हि ।**

<u>અર્થ</u>

ચેત્ = જો કહેતા હો કે.

અવસ્થિતિવૈશેષ્યાત્ = ચંદન અને આત્માની સ્થિતિમાં તફાવત હોવાથી (ચંદનનું ઉદાહરણ ઉચિત નથી. ઈતિ)

ન = તો તેવું નથી.

હિ = કારણકે.

હૃદિ = હૃદય પ્રદેશમાં.

અધ્યુપગમાત્ = એની સ્થિતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

ભાવાર્થ

પૂર્વપક્ષી પોતાની દલીલના અનુસંધાનમાં આગળ કહે છે કે જો એવું કહેવામાં આવે કે આત્મા વિશે વિચારતી વખતે ચંદનનું ઉદાહરણ આપવાનું બરાબર નથી તો તે કથનને ન્યાય યુક્ત ના કહી શકાય. કારણ કે ચંદનની જેમ આત્માની સ્થિતિ વિશે પણ શ્રુતિએ સ્પષ્ટ કર્યું છે કે આત્મા હૃદય પ્રદેશમાં રહેલો છે. **हृद्येष आत्मा ।** 'આત્મા હૃદયમાં રહેલો છે.' એ પ્રશ્નોપનિષદના શબ્દો સુપ્રસિદ્ધ છે. ચંદનની પેઠે આત્મા પણ એકદેશીય છે તો પણ શરીરના જુદા જુદા ભાગોના સુખદુઃખોને અનુભવી શકે છે.

**૨૫. गुणाद्वा लोकवत् ।**

અર્થ

વા = અથવા એવું માનો કે અણુપરિમાણવાળા જીવાત્માનું.

ગુણાત્ = ચેતના રૂપી ગુણથી શરીરને ચેતનાથી યુક્ત કરી દેવાનું શક્ય છે.

લોકવત્ = લોકમાં એવું દેખાય છે તેવી રીતે.

ભાવાર્થ

સંસારમાં દેખાય છે કે ફૂલને એક સ્થળ પર રાખવામાં આવે છે અને અગરબત્તીને એક ઓરડામાં સળગાવવામાં આવે છે તો પણ એની સુવાસ ઘરમાં બધે જ ફરી વળે છે. સૂર્ય આકાશના એક ભાગમાં પ્રકટીને સર્વત્ર પ્રકાશ પાથરે છે, ને તેવું જ ઘરના ખૂણામાં કરેલા દીપકના સંબંધમાં છે. તે પોતાના પ્રકાશથી સર્વત્ર ફરી વળે છે. તેવી જ રીતે શરીરમાં એક સ્થળે રહેતો જીવાત્મા પોતાની ચેતનાથી સમસ્ત શરીરને ભરી દે છે, એ વાત સમજી શકાય તેવી છે. એ ચેતના દ્વારા શરીરના સુખદુઃખોનો અનુભવ એને માટે શક્ય બને છે.

**૨૬. व्यतिरेको गंधवत् ।**

અર્થ

ગંધવત્ = ગંધની જેમ.

વ્યતિરેકઃ = ગુણનું ગુણીથી અલગ થવાનું શક્ય છે.

ભાવાર્થ

કોઈને એવો સંદેહ થાય કે ગુણ ગુણીથી અલગ રહીને કાર્ય કરી શકે તો એના સમાધાન માટે અહીં જણાવવામાં આવે છે કે ગુણને માટે ગુણીથી અલગ બનીને કાર્ય કરવાનું અશક્ય નથી. કેવી રીતે તે સમજાવવા માટે ગંધનું ઉદાહરણ આપીને કહેવામાં આવે છે કે ગંધ પોતાના ગુણી પુષ્પથી છૂટી પડીને અથવા અગરબત્તીમાંથી બહાર નીકળીને બધે ફેલાઈ જાય છે તેવી રીતે. આત્માની ચેતના પણ આત્માથી

અલગ થઈને એવી રીતે સમસ્ત શરીરમાં, ઉપરથી નીચે સુધી, બધે જ ફેલાઈ જાય છે. એમાં ના માનવા જેવું કશું જ નથી.

**૨૭. तथा च दर्शयति ।**

અર્થ

તથા ચ = એવું જ

દર્શયતિ - શ્રુતિ પણ કહી બતાવે છે.

ભાવાર્થ

એ વાતની સિદ્ધિ કેવળ યુક્તિ પ્રયુક્તિથી જ થાય છે એવું નથી સમજવાનું. યુક્તિપ્રયુક્તિ તો એ વાતને પુરવાર કરે જ છે પરંતુ એને શ્રુતિનું પણ સમર્થન સાંપડે છે. શ્રુતિએ પણ જણાવ્યું છે કે આત્મા શરીરની મધ્ય ભાગમાં અથવા હૃદય પ્રદેશમાં રહે છે. તો પણ નખના અગ્ર ભાગથી માંડીને મસ્તક પર્યંત અથવા રોમ સુધી બધે જ ફેલાયલો છે. જો તમે વેદ અથવા ઉપનિષદના અભિપ્રાય પ્રત્યે આદરબુદ્ધિ ધરાવતા હો અને એને પ્રમાણભૂત માનતા હો તો એને માન્યા સિવાય છૂટકો જ નથી.

**૨૮. पृथगुपदेशात् ।**

અર્થ

પૃથક્ = (જીવાત્માના સંબંધમાં) અણુપરિમાણથી અલગ.

ઉપદેશાત્ = ઉપદેશ ઉપનિષદોમાં મળે છે તેથી. (જીવાત્મા અણુ નથી પરંતુ વિભુ છે.)

ભાવાર્થ

પૂર્વપક્ષીએ અત્યાર સુધીનાં સૂત્રોમાં (સૂત્ર ૨૧ થી ૨૭ સુધી) જીવાત્મા વિભુ નથી પરંતુ અણુ છે એવું પ્રતિપાદન કરવાનો યુક્તિપ્રયુક્તિ તથા ઉપનિષદના ઉપદેશોના આધાર પર પ્રયત્ન કર્યો, પરંતુ એ પ્રયત્ન ભૂલ ભરેલો છે એ બતાવવા માટે હવે સૂત્રકાર પોતાના વિચારોને રજૂ કરે છે. એ વિચારો પણ યુક્તિપ્રયુક્તિ તથા ઉપનિષદના આધાર લઈને જ આગળ વધે છે અથવા પુષ્ટિ પામે છે એમની વિશેષતા છે. ભિન્નભિન્ન વિચારસરણીના પ્રતિપાદનને માટે ઉપનિષદમાંથી પ્રેરણા મેળવવામા આવે છે એ આશ્ચર્યકારક લાગે તેમ હોવા છતાં એક ચોક્કસ વસ્તુ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે કે ઉપનિષદનો વિચારવૈભવ અતિશય અસાધારણ અને વિપુલ છે. ભાવોના એ વિશાળ સરોવરમાંથી વિચારકો પોતપોતાના પાત્ર પ્રમાણેનું પાણી ભરી લે છે. સૌ કોઈને ત્યાં સંતોષ મળે છે એ એની વિશેષતા છે.

એ જ ઉપનિષદના આધાર પર અહીં કહેવામાં આવે છે કે જીવાત્માને વાળનો અગ્ર ભાગનું ઉદાહરણ આપીને અણુ કહેવામાં આવ્યો છે એ બરાબર છે પરંતુ એ જ ઉપનિષદમાં स चानन्त्याय कल्पते । એવું જણાવીને એને અનંત અથવા વિભુ બનવામાં સમર્થ કહ્યો છે. એટલે જો ઉપનિષદને પ્રમાણ માનવામાં આવે તો એને સમગ્ર રીતે વિચારીને એના પૂરા ભાગને પ્રમાણરૂપ માનવો જોઈએ. એ ઉપરાંત, કઠ ઉપનિષદમાં આત્માને મહાન કહેવામાં આવ્યો છે, અને ગીતામાં એ શરીરની અંદર સર્વત્ર રહેલો છે અને એનાથી આ

સમસ્ત સંસાર વ્યાપ્ત છે એવું સુસ્પષ્ટ જણાવ્યું છે. એ બધું પરમાત્માને માટે નહિ પરંતુ જીવાત્માને માટે જ કહેવામાં આવ્યું છે એ સંબંધી શંકાને સ્થાન જ નથી.

**२९. तद्‌गुणसारत्वात्तु तद्‌व्यपदेशः प्राज्ञवत् ।**

અર્થ

તદ્વ્યપદેશઃ = એ કથન.

તુ = તો.

તદ્ગુણસારત્વાત્ = એ બુદ્ધિ આદિના ગુણોની પ્રધાનતાને અનુલક્ષીને છે.

પ્રાજ્ઞવત્ = પરમાત્માને અણુ અને હૃદયમાં રહેલા અંગુષ્ઠ માત્ર કહ્યા છે તેવું જીવાત્માને માટે પણ સમજવું જોઈએ.

ભાવાર્થ

જીવાત્મા વસ્તુતઃ અણુ નથી પરંતુ વિભુ છે એ બતાવવા માટેની વિચારણા આ સૂત્ર દ્વારા આગળ વધારવામાં આવે છે. પરમાત્માને અગુંષ્ઠ માત્ર કહેતા શ્વેતાશ્વતર ઉપનિષદ જણાવે છે :

अंगुष्टमात्रो रवितुल्यरूपः संकलपाहंकार समन्वितो यः ।

बुद्धेगुणेनात्मगुणेन चैव आराग्रमात्रो ह्यपरोऽपि दृष्टः ॥

અગુંષ્ઠ માત્ર પરિમાણવાળો સૂર્યસમાન પ્રકાશયુક્ત, સંકલ્પ તથા અહંકારથી સંપન્ન, બુદ્ધિના તથા શરીરના ગુણોથી આરાના અગ્રભાગ જેવા સૂક્ષ્મ આકારવાળો, પરમાત્માથી ભિન્ન જીવાત્મા સ્વાનુભવ સિદ્ધ જ્ઞાનીઓએ જોયો છે.'

એ અને એવા બીજા વર્ણન પરથી સ્પષ્ટ થાય છે કે જીવાત્માને અગુંષ્ઠ માત્ર, અણુ અને એકદેશીય કહ્યો છે તે તો બુદ્ધિના તથા શરીરના ગુણધર્મોને લક્ષમાં લઈને જ કહ્યો છે. એવું કથન તો ઉપનિષદમાં પરમાત્માને ઉદ્દેશીને પણ કરાયલું છે. એના પરથી એવું કદાપિ ના કહી શકાય કે પરમાત્મા અગુંષ્ઠ માત્ર, અણુ જેવા અને કેવળ હૃદયમાં જ રહેલા અથવા એકદેશીય છે. એવું કથન શરીરની મર્યાદાનો વિચાર કરીને કરવામાં આવ્યું છે. એ જ હકીકત જીવાત્માના સંબંધમાં પણ લાગુ પડે છે. એટલે જીવાત્મા અણુ નથી પરંતુ વિભુ જ છે.

'આત્મા હૃદયમાં રહેવા છતાં નખથી માંડીને રોમ સુધી ફેલાયલો છે'એ કથન પણ ઉપનિષદના પ્રકરણના વિરૂદ્ધ છે. એ પ્રકરણમાં આત્માના ગુણની વ્યાપકતાની કોઈ વાત જ નથી કરવામાં આવી. ગંધ તથા દીપકનું ઉદાહરણ આપીને આત્માની ચેતના શરીરમાં સર્વત્ર ફેલાય છે એવું જણાવવામાં આવ્યું છે તે પણ બરાબર નથી, કારણ કે ઉપનિષદમાં આત્માને ચેતનરૂપી ગુણવાળો નથી માન્યો. પરમાત્માને સચ્ચિદાનંદ કહ્યા છે. એટલે કે સત્, ચેતન અને આનંદ એમના સ્વરૂપભૂત લક્ષણો છે. એવું જ જીવાત્માના સંબંધમાં પણ સમજી લેવાનું છે.

**३०. यावदात्मभावित्वाच्च न दोषस्तद्दर्शनात् ।**

અર્થ

યાવદાત્મભાવિત્વત્ = સ્થૂળ, સૂક્ષ્મ, કારણ ત્રણમાંથી કોઈ પણ શરીર સાથે જીવાત્માનો સંબંધ રહે છે ત્યાં સુધી એ શરીરને અનુરૂપ એકદેશીય જેવો રહે છે એટલા માટે.

ચ = પણ.

દોષઃ = એ દોષ

ન = નથી પેદા થતો.

તદ્દર્શનાત્ = ઉપનિષદમાં પણ એવું જોવા મળે છે.

ભાવાર્થ

બુદ્ધિ તથા શરીરના ગુણોને લીધે અગુંષ્ઠ માત્ર અને એકદેશીય માનવામાં આવે તો તે પ્રલયકાળમાં આત્માની સાથે બુદ્ધિ આદિનો સંબંધ નહિ રહેવાથી બધા જીવોની મુક્તિ થઈ જશે અને પ્રલય પછી સૃષ્ટિની શક્યતા નહિ રહે. મુક્ત જીવો ફરીથી જન્મે છે એવું માનવાથી મુક્તિ જેવી કોઈ વસ્તુ જ નહિ રહે. એવી જિજ્ઞાસાના જવાબમાં દણાવવામાં આવે છે કે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ત્રણમાંથી કોઈ પણ શરીર સાથે જીવાત્માનો સંબંધ રહેતો હોય છે એવું ઉપનિષદમાં જણાવેલું છે. સ્થૂળ શરીરને છોડીને જતી વખતે એ સૂક્ષ્મ શરીરથી સંપન્ન હોય છે. એ શરીરનો સંબંધ પરલોકમાં પણ ચાલુ રહે છે. પ્રલયકાળમાં આત્મા ઈન્દ્રિયોની સાથે પરમાત્મામાં સ્થિતિ કરે છે. એ વખતે એનો સંબંધ કર્મસંસ્કારોથી સંપન્ન કારણ શરીર સાથે રહેતો હોય છે. એટલે પ્રલયકાળમાં સઘળા જીવોની મુક્તિનો અને મુક્તાત્માઓના પુનર્જન્મનો દોષ નથી પેદા થતો. ઉપનિષદના આધાર પર જ એ દોષનું નિવારણ થઈ જાય છે.

**૩૧. पुंस्त्वादिवत्त्वस्य सतोऽभिव्यत्तित्र्योगात् ।**

અર્થ

પુંસ્ત્વાદિવત્ = પુરૂષત્વ આદિની પેઠે.

સતઃ = પ્રથમથી વિદ્યમાન

અસ્ય = આ (કારણ શરીરાદિના) સંબંધનો.

તુ = જ

અભિવ્યક્તિયોગાત્ = સૃષ્ટિ કાળમાં પ્રકટ થવાનો યોગ હોવાથી (કોઈ દોષ નથી.)

ભાવાર્થ

પ્રલયકાળમાં તો સંપૂર્ણ જગત પરમાત્મામાં મળી જાય છે. એ વખતે બુદ્ધિ જેવા પદાર્થોનું પરમાત્માથી અલગ અસ્તિત્વ નથી રહેતું. એ દશામાં બુદ્ધિ આદિના સમૂહ સરખા સૂક્ષ્મ કે કારણ શરીર સાથે જીવાત્માનો સંબંધ કેવી રીતે રહે છે ? અને જો ના રહેતો હોય તો એ સંબંધ સૃષ્ટિ સમયે કેવી રીતે સ્થપાય છે ? એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહેવામાં આવે છે કે પ્રલયકાળમાં બુદ્ધિ જેવા પદાર્થો સ્થૂળરૂપે રહેવાને બદલે પરમાત્મામાં મળી જાય છે તો પણ પરમાત્માની પરમશક્તિના રૂપમાં અવ્યક્ત રીતે તો રહે છે જ. એમનો સમુળગો નાશ નથી થતો. જીવાત્મા પણ પોતાના કર્મ સંસ્કારરૂપ કારણ શરીરો સાથે પરમાત્મામાં મળી જવા છતાં પણ અવ્યક્ત રીતે રહેતા હોય છે. એમનો આત્યંતિક નાશ નથી થતો. એને લીધે સૃષ્ટિકાળમાં એ

પરમાત્માના સંકલ્પથી સૂક્ષ્મ તથા સ્થૂળ સ્વરૂપે પ્રકટે છે. એ હકીકતને સમજાવવા માટે અહીં એક સુંદર ઉદાહરણ પૂરૂ પાડવામાં આવે છે. એ ઉદાહરણ પુરૂષત્વનું છે. પુરૂષના જન્મ સાથે જ બીજરૂપે પ્રાપ્ત થતું હોવા છતાં બાલ્યાવસ્થામાં સુષુપ્ત દશામાં હોય છે અને યૌવનાવસ્થામાં પ્રકટે છે ને પ્રબળ બને છે. તેવી રીતે સૃષ્ટિ કાળે જીવો સક્રિય થાય છે.

**૩૨. नित्योपलब्ध्यनुपलब्धिसंगोऽन्यतरनियमो वान्यथा ।**

અર્થ

અન્યથા = જીવાત્માને અંતઃકરણના સંબંધથી વિષયોનું જ્ઞાન થાય છે એવું ના માનવાથી.

નિત્યોપલબ્ધ્યનુપલબ્ધિપ્રસંગઃ = એને સદાને માટે વિષયોનો અનુભવ થવાનો અથવા કદી પણ ના થવાનો પ્રસંગ પેદા થશે.

વા = અથવા.

અન્યતર નિયમઃ = આત્માની ગ્રાહક શક્તિ અથવા વિષયની ગ્રાહ્ય શક્તિના નિયમની કલ્પના કરવી પડશે.

ભાવાર્થ

જીવાત્મા સ્વયં પ્રકાશ સ્વરૂપ છે. એને મન અથવા બુદ્ધિના સંબંધથી જ વિષયોનું જ્ઞાન થાય છે એવું શા માટે માનવું જોઈએ ? એવી શંકાના સમાધાન માટે અહીં જણાવવામાં આવે છે કે જીવાત્માને મન, બુદ્ધિ અથવા અંતઃકરણના સંબંધથી વિષયોનું જ્ઞાન થાય છે એવું ના માનીએ તો એને કોઈ વાર કોઈ વસ્તુનો અનુભવ થાય છે ને કોઈ વાર થતો નથી એ હકીકતનું સ્પષ્ટિકરણ નથી થઈ શકતું. એ પ્રકાશ સ્વરૂપ હોવાથી પદાર્થોનો અનુભવ પોતાની મેળે જ કરે છે એવું માનીએ તો તો એને એક સાથે ને હમેશાં સઘળા પદાર્થોનું જ્ઞાન થાય છે એવું પણ માનવું પડશે. એની અંદર પદાર્થોના જ્ઞાનથી શક્તિ  સ્વાભાવિક નથી એવું માનીએ તો એને કોઈ પણ વખતે કશાનું જ્ઞાન નથી થતું એવું માનવું પડશે. એવી રીતે આત્માની ગ્રાહક શક્તિ અથવા વિષયોની ગ્રાહ્ય શક્તિ સીમિત કે અલ્પ છે એવું સ્વીકારવું પડશે. કોઈક કારણને લીધે જીવાત્માની ગ્રાહક શક્તિ પર પ્રતિબંધ મૂકાય છે અથવા વિષયોની ગ્રાહ્ય શક્તિ સીમિત બને છે, અને પ્રતિબંધ દૂર થવાથી વિષયોનો અનુભવ થાય છે અને પ્રતિબંધ રહેવાથી વિષયોનો અનુભવ નથી થતો એવું માનવું પડશે. એને બદલે અંતઃકરણના સંબંધથી જીવાત્માને વિષયોનો અથવા પદાર્થોનો અનુભવ થાય છે એવું માનવું વધારે ઉચિત, યુક્તિસંગત અને અનુભવગમ્ય લાગે છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં પણ કહ્યું છે કે 'મનથી જ તે જુએ છે ને મન દ્વારા જ સાંભળે છે.' **मनसा ह्येव  पश्यति मनसा श्रृणोति ।** જીવાત્માનો અંતઃકરણ સાથેનો એ સંબંધ જ વિવિધ વિષયોના અનુભવમાં કારણરૂપ બને છે ને કદી કાર્ય રૂપે પ્રકટ તો કદી અપ્રકટ રહે છે. એને લીધે જ કોઈવાર વિષયોનો અનુભવ થાય છે તો કોઈ વાર નથી થતો.

**૩૩. कर्ता शास्त्रार्थवत्वात् ।**

અર્થ

કર્તા = કર્તા જીવાત્મા છે.

શાસ્ત્રાર્થત્વાત્ = વિધિનિષેધવાચક શાસ્ત્રવચનોની એમાં જ સાર્થકતા હોવાથી.

ભાવાર્થ

જીવાત્મા અણુ નથી પરંતુ વિભુ છે ને દેશકાળની સીમાથી બંધાયલો નથી પરંતુ અસીમ અને અનંત છે. એનો વિચાર કરી લીધા પછી હવે કર્તા કોણ છે એની વિચારણાનો આરંભ કરતાં કહે છે કે જડ પ્રકૃતિ કર્તા કદાપિ ના હોઈ શકે. જડ પ્રકૃતિ પોતાની મેળે કોઈ પણ કાર્ય કેવી રીતે કરી શકે ? એની પાછળ ચેતનની પ્રેરણા, શક્તિ ને ચેતનનું પીઠબળ હોય તો જ એ સક્રિય બની શકે. એ ઉપરાંત શાસ્ત્રોમાં અમુક કાર્ય કરવું જોઈએ અને અમુક રીતે ના વર્તવું જોઈએ એવાં વિવિધ વિધિનિષેધવાચક વચનો મળે છે તેમના પરથી પણ સમજી શકાય છે કે એ વચનો કોઈ જડ પદાર્થને લક્ષ્ય કરીને નથી લખાયેલા પરંતુ ચેતનને માટે જ કહેવાયેલાં છે. એ ચેતન જીવાત્મા જ છે. એટલે જીવાત્મા જ કર્તા છે. પ્રશ્નોપનિષદમાં સાફ શબ્દોમાં કહ્યું છે કે 'એ પુરૂષ અથવા જીવાત્મા જ જોનાર, સ્પર્શનાર, સાંભળનાર, સુંઘનાર, રસ લેનાર, માનનાર, જાણનાર અને કરનાર છે. એ જ વિજ્ઞાનાત્મા પુરૂષ.'

एष हि द्रष्टा स्प्रष्ठा श्रोता ध्राता रसयिता मन्ता बोद्धा कर्ता विज्ञानात्मा पुरूषः ।

જીવાત્માનો કારણ શરીર સાથે અનાદિકાળનો સંબંધ હોવાથી જ એને કર્તા કહેવામાં આવે છે, એ સ્વરૂપથી કર્તા નથી, એ ખાસ યાદ રાખવાનું છે.

**૩૪. विहारोषदेशात् ।**

અર્થ

વિહારોપદેશાત્ = સ્વપ્નમાં સ્વેચ્છાપૂર્વક વિહાર કરવાનું વર્ણન હોવાથી પણ.

ભાવાર્થ

શાસ્ત્રોમાં એવું પણ વર્ણન કરવામાં આવ્યું છે કે સ્વપ્નામાં એ સ્વેચ્છાપૂર્વક વિચરે છે, વિહરે છે, અને જુદા જુદા અનુભવો કરે છે. એ વર્ણન જડ પ્રકૃતિને માટે નથી કરાયું પરંતુ જીવાત્માને માટે જ કરાયલું છે. કારણ કે પ્રકૃતિ જડ હોવાથી સ્વેચ્છાપૂર્વક વિહારાદિ કર્મ કદાપિ ના કરી શકે. એ વર્ણન પરથી પૂરવાર થાય છે કે જીવાત્મા જ કર્તા છે.

**૩૫. उपादानात् ।**

અર્થ

ઉપાદાનાત્ = ઈન્દ્રિયોને ગ્રહણ કરીને વિચરવાનું વર્ણન હોવાથી.

ભાવાર્થ

બૃહદારણ્યક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'જેવી રીતે કોઈ મહારાજા પ્રજાજનોને સાથે લઈને પોતાના પ્રદેશમાં ઈચ્છા પ્રમાણે પરિભ્રમણ કરે છે તેવી રીતે આ જીવાત્મા સ્વપ્નાવસ્થામાં પ્રાણ અને ઈન્દ્રિયોને ગ્રહણ કરીને આ શરીરમાં સ્વેચ્છાનુસાર વિહાર કરે છે.'

**स यथा महाराजो जानपदान् गृहित्वा स्वे जनपदे यथाकामं परिवर्तेतैवमेवैप एतत्प्राणान् गृहित्वा स्वे शरीरे यथानामं परिवर्तते ।**

એના પરથી સ્પષ્ટ થાય છે કે ઈન્દ્રિયો, પ્રાણ કે પ્રકૃતિ સ્વતંત્ર કર્તા નથી. એમને ગ્રહણ કરનારો કે એમનાથી સંપન્ન થનારો જીવાત્મા જ કર્તા છે.

**૩૬. व्यपदेशाच क्रियार्यां न चेन्निर्देशविपर्ययः ।**

<u>અર્થ</u>

ક્રિયાયામ્ = ક્રિયા કરવામાં.

વ્યપદેશાત્ = જીવાત્માના કર્તાપણાનું ઉપનિષદમાં કથન હોવાથી.

ચ = પણ. (જીવાત્મા કર્તા છે.)

ચેત્ = જો.

ન = જીવાત્માને કર્તા કહી બતાવવાનું ઉચિત ના હોત તો.

નિર્દેશવિપર્યયઃ = ઉપનિષદનો સંકેત એથી ઊલટો હોત.

<u>ભાવાર્થ</u>

ઉપનિષદમાં જીવાત્મા કર્તા છે એવું સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે. તૈત્તિરીય ઉપનિષદ જણાવે છે કે 'જીવાત્મા યજ્ઞનો વિસ્તાર કરે છે અને એને માટે કર્મોનો વિસ્તાર કરે છે' **विज्ञानं यज्ञं तनुते कर्माणि तनुतेङपि च ।** ત્યાં વિજ્ઞાન શબ્દ બુદ્ધિનો નહિ પરંતુ જીવાત્માનો જ વાચક છે કારણ કે એ પ્રકરણ વિજ્ઞાનમય નામથી જીવાત્માનું જ છે, બુદ્ધિનું નથી. શ્રુતિ અથવા ઉપનિષદમાં જો જીવાત્માને કર્તા ના માનવામાં આવ્યો હોત તો એ માન્યતાનો પડઘો સ્પષ્ટ રીતે પાડવામાં આવ્યો હોત. પરંતુ એવો નિર્દેશ કોઈ ઠેકાણે નથી મળતો. એથી જીવાત્મા જ કર્તા છે એવું સાબિત થાય છે.

**૩૭. उपलब्धिवदनियमः ।**

<u>અર્થ</u>

ઉપલબ્ધિત્ = સુખદુઃખાદિ ભોગોની પ્રાપ્તિ પેઠે.

અનિયમઃ = કર્મ કરવામાં પણ નિયમ નથી.

<u>ભાવાર્થ</u>

હવે પ્રશ્ન એ થાય છે કે જીવાત્મા ખરેખર કર્તા છે તો પછી સત્કર્મો કેમ નથી કરતો અને કુકર્મપરાયણ પણ કેમ બને છે ? એણે તો સદાને માટે પોતાના કલ્યાણનાં જ કર્મો કરવા જોઈએ, અને ભૂલેચૂકે પણ કુકર્મપરાયણ ના બનવું જોઈએ. એનો ઉત્તર એ છે કે કર્મ કરવામાં પણ કોઈ નિશ્ચિત નિયમ

નથી બાંધી શકાતો. એને સુખદુઃખ જેવા જે ભોગો મળે છે એમાં એવો નિયમ નથી પ્રવર્તતો. એકલું સુખ જ મળે ને દુઃખ ના મળે તેવી રીતે કર્મ કરવા સંબંધમાં પણ સમજી લેવાનું છે.

જો એવું કહીએ કે કરેલાં કર્મોના ફળોપભોગમાં જીવ સ્વતંત્ર નથી, એને પ્રારબ્ધ પ્રમાણે ફળ મળે છે, પરંતુ નવાં કર્મોના અનુષ્ઠાનમાં સ્વતંત્ર હોવાથી ઈચ્છાનુસાર કર્મો કરી શકે છે, તો તે પણ બરાબર નથી. કેમ કે પુર્વ કર્મોના સંસ્કારોને અનુસરીને એની જેવી રૂચિ અને પ્રકૃતિ બની હોય છે તે જ પ્રમાણે એ કર્મ કરવા પ્રેરાય છે. એટલે એવું કર્માનુષ્ઠાન સારૂં અથવા નઠારૂં બંને પ્રકારનું હોઈ શકે. આત્મચિંતન અથવા ઈશ્વરની શરણાગતિ દ્વારા વિચારો, ભાવો, સંસ્કારો ને સ્વભાવનો સમુચિત સુધાર કરીને છેવટે એ સત્કર્મપરાયણ બનીને સુખશાંતિ મેળવી શકે છે.

**૩૮. शक्तिविपर्ययात् ।**

<u>અર્થ</u>

શક્તિવિપર્યયાત્ = શક્તિનો વિપર્યય હોવાને લીધે પણ. (વિવેકના આશ્રય વિના એની દ્વારા સદા હિતકર્મ કરવાનો નિયમ નથી કરી શકતો.)

<u>ભાવાર્થ</u>

જીવાત્માનું કર્તાપણું સ્વરૂપથી નથી પરંતુ કર્મોના સંસ્કારોના તેમ જ શરીર અને ઈન્દ્રિયોના સંબંધને લીધે છે. એમની પ્રાપ્તિમાં એ તદ્દન પરાધીન હોવાથી, અને એમના સંસર્ગ તથા સહયોગ સિવાય કોઈ પણ કર્માનુષ્ઠાનની શક્યતા ના હોવાથી, પોતાના કલ્યાણનું કાર્ય કરવાનું એને માટે કઠિન થઈ પડે છે. કોઈવાર શરીર તથા ઈન્દ્રિયો એને અનુકૂળ હોય છે તો કોઈવાર પ્રતિકૂળ. એને લીધે એની શક્તિમાં પણ ફેર પડે છે. એ અવસ્થામાં સદ્‌બુદ્ધિનો કે વિવેક શક્તિનો આધાર લઈને એ પોતાનું કલ્યાણ કરી શકે છે.

**૩૯. समाध्यभावाच्च ।**

<u>અર્થ</u>

સમાધ્યભાવાત્ = સમાધિદશાના અભાવની પ્રાપ્તિને લીધે.

ચ = પણ.

<u>ભાવાર્થ</u>

જીવાત્માના કર્તાપણાને સ્વરૂપથી કે સ્વભાવથી જ માની લઈએ તો કશી હરકત છે કે કેમ, એવી જિજ્ઞાસાના જવાબમાં અહીં જણાવવામાં આવે છે કે એના કર્તાપણાને સ્વરૂપગત કે સ્વભાવગત માનવાનું બરાબર નથી. જો કર્મ કરવાનું એને માટે સ્વરૂપગત કે સ્વભાવગત હોત તો એનું કર્મ બધી જ દશામાં ચાલુ રહેત. પરંતુ સમાધિ દશામાં એ કર્મ બંધ થાય છે અથવા અટકી પડે છે. એ દૃષ્ટિએ કાં તો જીવાત્મા સતત અને સ્વાભાવિક રીતે કર્મ કરે છે એવું માનવું પડે અથવા સમાધિ દશાનો નિષેધ કરવો પડે, જીવાત્મા સ્વરૂપથી જ જો કર્તા હોય તો કદી પણ અકર્તા કે કર્મ રહિત ના રહી શકે. પરંતુ શ્રુતિએ એના સ્વરૂપને કર્મ રહિત કહ્યું છે.

**૪૦. यथा च तक्षोभयथा ।**

<u>અર્થ</u>

ચ = એ ઉપરાંત.

યથા = જેવી રીતે.

તક્ષા = કારીગર.

ઉભયથા = કોઈવાર કર્મ કરે છે તો કોઈવાર નથી કરતો, એવી બંને પ્રકારની દશામાં દેખાય છે (એવી રીતે જીવાત્મા પણ બંને પ્રકારની દશામાં રહેતો હોવાથી એનું કર્તાપણું સ્વરૂપગત નથી.)

<u>ભાવાર્થ</u>

ઉપર્યુક્ત વાતને બીજી રીતે સમજાવતાં કારીગરનું ઉદાહરણ આપવામાં આવે છે. કારીગર જુદી જુદી સાધનસામગ્રીની મદદથી કોઈવાર કર્મ કરતો દેખાય છે તો કોઈવાર સાધનસામગ્રીને મૂકી દઈને શાંત બનીને બેસી રહે છે. જ્યારે કર્મ કરે છે ત્યારે એ કર્તા કહેવાય છે ને કર્મ નથી કરતો ત્યારે અકર્તા. એવી રીતે મન, ઈન્દ્રિયો અથવા અંતઃકરણનો આધાર લઈને જ્યારે જીવાત્મા કર્મ કરે છે ત્યારે એમની દ્વારા થનારાં કર્મોનો એ કર્તા કહેવાય છે અને એમનો સંબંધ છોડી દે છે ત્યારે અકર્તા કહેવાય છે. એનો અર્થ એ થયો કે જીવાત્મા સ્વરૂપથી અથવા સ્વભાવથી કર્તા નથી.

ભગવદ્ ગીતા પણ એ સિદ્ધાંતમાં સૂર પૂરાવે છે ને કહે છે કે 'ખરી રીતે તો સઘળા કર્મો પ્રકૃતિના ગુણો દ્વારા કરવામાં આવે છે, તો પણ અહંકારથી વિમૂઢ માનવ હું કર્તા છું એવું માની લે છે.'

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।

अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥ (અધ્યાય ૩. શ્લોક ૨૭)

**૪૧. परात्तु तच्छ्रुतेः ।**

<u>અર્થ</u>

તત્ = જીવાત્માનું એ કર્તાપણું.

પરાત્ = પરમાત્માને લીધે.

તુ = જ છે.

શ્રુતેઃ = શ્રુતિના કથનથી એવું પુરવાર થાય છે તેથી.

<u>ભાવાર્થ</u>

જીવાત્માનું કર્તાપણુ આવે છે ક્યાંથી ? એની અંદર કર્તાપણું કેવી રીતે પેદા થાય છે ? કર્તા તરીકે એ સ્વતંત્ર છે કે પરતંત્ર ? એવા વિચારો વિચારશીલ પુરૂષોના મનમાં ઉદ્ભવે એ સ્વાભાવિક છે. એ વિચારોના અનુસંધાનમાં આ સૂત્ર દ્વારા જણાવવામાં આવે છે કે જીવાત્મા કર્તા બને છે અથવા કર્તાપણાથી સંપન્ન બને છે તે પરમાત્મા અથવા પરમાત્માની પરમશક્તિને લીધે જ. પરમાત્મા સિવાય તેનાથી કશું જ ના થઈ શકે. તેના નિયંતા, પ્રેરક કે પ્રકાશક કેવળ પરમાત્મા જ છે. પરમાત્માને લીધે જ એનું અસ્તિત્વ છે અને એનું કર્તૃત્વ પણ એમને જ આભારી છે. પરમાત્મા જ એના પરમ મૂલાધાર છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે 'જીવાત્મામાં રહીને જે એનું નિયમન કરે છે એ અંતર્યામી તારો આત્મા છે.' એ પરમાત્મા એકલા જીવાત્માનું જ નહિ પરંતુ સમસ્ત સંસારનું નિયમન કરે છે. સંસારના સૂત્રધાર હોવા ઉપરાંત સંસારની ગતિવિધિ કે પ્રવૃત્તિના મૂળ કારણ એ જ છે. એ જ જીવાત્મામાં ચેતન ભરે છે અને એને જીવન તથા બળ બક્ષે છે. એ જ સૂર્યાદિને પ્રકાશ પહોંચાડે છે, પૃથ્વીને સ્થિરતા પ્રદાન કરે છે, પુષ્પોમાં પરિમલ બનીને પ્રકટે છે, સરિતાઓમાં અભિસરણ અને સમુદ્રમાં ગર્જન કરે છે, અનંત આકાશમાંથી અવલોકે છે, અને જીવાત્માની અંદર પણ એમને લીધે જ શક્તિસંચાર શક્ય બને છે.

કેનોપનિષદમાં જે યક્ષની કથા કહેવામાં આવી છે એ કથાની અંદર પણ એ જ સંદેશ સમાયેલો છે કે અગ્નિ અને વાયુ જેવા દેવો પણ પરમાત્માની પ્રેરણા તથા શક્તિ વિના અસક્ત બની જાય છે ને કોઈપણ પ્રકારનું નાનું કે મહત્વનું કાર્ય નથી કરી શકતા. તો પછી સામાન્ય જીવોના સંબંધમાં તો કહેવું જ શું ? એટલે જીવાત્માનું કર્તાપણું પરમાત્માને આધીન છે.

**૪૨. कृतप्रयत्नोपक्षस्तु विहितप्रतिषिद्धावैयर्थ्मादिभ्यः ।**

અર્થ

તુ = પરંતુ.

કૃતપ્રયત્નાપેક્ષઃ = ઈશ્વર જીવના પૂર્વકૃત કર્મસંસ્કારોની અપેક્ષા રાખીને જ એને નવીન કર્મ કરવાની શક્તિ તથા સામગ્રી આપે છે એથી અને.

વિહિતપ્રતિદ્ધાવૈર્થ્યાદિભ્યઃ = વિધિ-નિષેધ શાસ્ત્રની પ્રાર્થકતા જેવા હેતુઓને લીધે પણ ઈશ્વર તદ્દન નિર્દોષ છે.

ભાવાર્થ

જીવોના કર્તાપણાને ઈશ્વરાધીન માન્યું એ તો સાચું પરંતુ એવી માન્યતાને લીધે ઈશ્વરમાં વિષમતા કે નિર્દયતાનો દોષ આવશે એનું શું ? ઈશ્વર સૌથી પહેલાં તો જુદા જુદા જીવોની પાસે શુભાશુભ કર્મો કરાવે છે અને પછી એ કર્મોના સારા નરસા ફળોનો ઉપભોગ કરવા બાધ્ય બનાવે છે, એ શું સારું લાગે છે ? એવી જિજ્ઞાસાના જવાબમાં અહીં જણાવવામાં આવે છે કે ઈશ્વરમાં એવો કોઈ દોષ નહિ પેદા થાય. એમની દ્વારા જીવોને કર્મ કરવાની શક્તિ સાંપડે છે એ સાચુ છે, પરંતુ એ શક્તિ અથવા સામગ્રી એ જીવોના જન્મજન્માંતરના કર્મસંસ્કારોને અનુસરીને જ આપવામાં આવે છે. એની પાછળ કશી અવ્યવસ્થા નથી તથા ઈશ્વરનું મનસ્વીપણું પણ કાર્ય નથી કરતું.

એ ઉપરાંત, જીવોને જે સદ્સદ્ વિવેકનું દાન કરવામાં આવ્યું છે તેનો અને પોતાની શક્તિ સામગ્રીનો સમુચિત ઉપયોગ કરીને તે પોતાનો સુધાર કરી શકે છે ને શાસ્ત્રોક્ત કર્મો પણ કરી શકે છે. એ પ્રકારની સ્વતંત્રતા તો તેમને સાંપડેલી છે. એવી સ્વતંત્રતાનો ઉપયોગ એ કોઈ કારણે ના કરે તો તેમાં દોષ પરમાત્માનો નથી પરંતુ એનો છે. અશુભ કર્મો કરીને એમના પરિણામે જે દુઃખ, મુસીબત કે દુર્ગતિ ભોગવે તેનો દોષ પણ પરમાત્માને ના દઈ શકાય. તેની જવાબદારી જીવની પોતાની જ છે.

**૪૩. अंशो नानाव्यपदेशादन्यथा चापि दाशकितवादित्वमधीयत एक ।**

અર્થ

નાનાવ્યપદેશાત્ = શ્રુતિમાં જીવોને અનેક અને અલગ અલગ કહી બતાવ્યા છે એટલા માટે.

ચ = અને.

અન્યથા = બીજી રીતે

અપિ = પણ (એ જ સાબિત થાય છે કે.)

અંશ = જીવ ઈશ્વરનો અંશ છે.

એકે = કેમ કે એક શાખાવાળા.

દ્દાશક્તિવાદિત્વમ્ = પરમાત્માને દ્દાશક્તિવ વિગેરે કહીને

અધીયતે = અધ્યયન કરે છે.

ભાવાર્થ

હવે બીજા વિષયની વિચારણા કરવામાં આવે છે. અત્યાર સુધીની વિચારણા પરથી સમજી શકાયું કે જીવાત્મા તથા પરમાત્મામાં ભેદ છે. ઉપનિષદોમાં એવા ભેદનું વર્ણન જોવા મળે છે એ સાચું પરંતુ ક્યાંક ક્યાંક એ બંનેના અભેદનો નિર્દેશ પણ કરવામાં આવ્યો છે. એના સંબંધી સુનિશ્ચિત અભિપ્રાય આપતાં અહીં જણાવવામાં આવે છે કે જીવાત્મા પરમાત્માનો અંશ છે એવું માનવાનું બરાબર છે. કારણ કે ઉપનિષદમાં પરમાત્માને એક, સૌના શાસક, સર્વે ભૂતોના અંતરાત્મા અને એક હોવા છતાં અનેક રૂપ ધારણ કરનારા કહ્યા છે, અને એ હૃદય પ્રદેશમાં રહેનારા પરમાત્માને જે ધીર પુરૂષો પેખે છે. તે પુરૂષો શાશ્વત સુખ શાંતિની પ્રાપ્તિ કરી શકે છે એવું પણ જણાવવામાં આવ્યું છે. જીવોને નિત્ય અને ચેતન તથા ઈશ્વરને જગતના કારણ કહેલા છે. તેથી જીવો પરમાત્માના અંશ છે એવું સાબિત થાય છે.

અર્થવેદની શાખાવાળાના બ્રહ્મસૂક્તમાં પાઠ છે કે **ब्रह्म दाशा ब्रह्म दासा ब्रह्मैवेमे कितवाः ।** એટલે કે આ કેવળ બ્રહ્મ છે, દાસ બ્રહ્મ છે, તથા આ જુગારી પણ બ્રહ્મ જ છે. એ પાઠમાં જીવોની બહુવિધતાનું અને બ્રહ્મ રૂપતાનું જે વર્ણન છે તેથી જીવ ઈશ્વરના અંશ છે એવું સાબિત થાય છે. જીવોને પરમાત્માના અંશ માનવાને બદલે અલગ તત્વ રૂપે માનવામાં આવે તો પરમાત્મા સમસ્ત જગતના એક માત્ર કારણ છે એવું કહેનારા શાસ્ત્ર વચનોમાં દોષ પેદા થશે. એટલે એ બધી રીતે વિચારતાં જીવાત્મા પરમાત્માનો અંશ છે એવું જ માનવું જોઈએ.

ગીતાના પંદરમાં અધ્યાયમાં એ વિષયનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું છે કે 'આ સંસારમાં જીવરૂપે મારો જ સનાતન અંશ રહેલો છે.' **ममैवांशो जीवलोके जीवभूः सनातनः ।**

**૪૪. मन्त्रवर्णाञ्च ।**

અર્થ

મન્ત્ર વર્ણાત્ = મંત્રના શબ્દોથી.

ચ = પણ.

ભાવાર્થ

વેદમાં તથા છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે સમસ્ત જીવ સમુદાય પરમાત્માના એક પાદ અથવા અંશ બરાબર છે અને એમના ત્રણ પાદ અથવા અંશ અમૃત સ્વરૂપ દિવ્ય છે અથવા દિવ્ય લોકમાં છે. એ વર્ણનવાળા મંત્રમાં જીવાત્માને પરમાત્માનો અંશ કહેવામાં આવ્યો છે. એથી પણ પુરવાર થાય છે કે જીવાત્મા પરમાત્માનો અંશ છે.

**૪૫. अपि च स्मर्यते ।**

અર્થ

અપિ = એ ઉપરાંત.

સ્મર્યતે ચ = એવું જ સ્મરણ કરવામાં આવ્યું છે.

ભાવાર્થ

શ્રુતિમાં તો એવું વર્ણન જોવા મળે જ છે. પરંતુ સ્મૃતિમાં પણ એનો અભાવ નથી. ગીતામાં કહ્યું છે કે 'હે ગુડાકેશ ! સર્વ ભૂતોના હૃદયમાં રહેલો આત્મા હું છું.' अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः । 'સૌના હૃદયમાં હું વિરાજમાન છું .' सर्वस्य चाहं हृदि संनिविष्टः । 'અથવા અર્જુન ! એ બધું જાણીને શું કરવું છે ? તું એટલું જ જાણી લે કે મારા એક અંશથી હું આ સમસ્ત જગતને ધારણ કરી રહ્યો છું.

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहभिदं कृत्स्नमे कांशने स्थतो जगत् ॥

**૪૬. प्रकाशादिवन्नैवं परः ।**

અર્થ

પરઃ = પરમેશ્વર.

એવમ્ = એવી રીતે જીવાત્માના દોષોથી સંપન્ન

ન = નથી થતા.

પ્રકાશાદિવત્ = પ્રકાશાદિ પોતાના અંશના દોષોથી લિપ્ત નથી થતાં તેવી રીતે.

ભાવાર્થ

જીવાત્મા પરમાત્માનો અંશ છે તો પણ પરમાત્મા પર જીવાત્માના દોષોનો કશો પ્રભાવ નથી પડતો. પરમાત્મા એ દોષોથી મુક્ત રહે છે. જેવી રીતે સૂર્ય, વાયુ તથા પ્રકાશ વિગેરે પોતાના અંશરૂપી ઈન્દ્રિયોના દોષોથી લિપ્ત નથી બનતા તેવી રીતે પરમાત્મા પણ જીવોના કર્મોથી ને એ કર્મોનાં ફળ સુખદુઃખના દોષોથી લિપ્ત નથી થતા. કઠ ઉપનિષદમાં કહ્યું છે કે સમસ્ત જગતના નેત્રરૂપ સૂર્ય નેત્રોના દોષોથી લિપ્ત નથી થતો તેવી રીતે સમસ્ત પ્રાણીના અંતરાત્મા પરમાત્મા જીવોનાં બાહ્ય દુઃખોથી અલિપ્ત રહે છે.

सूर्यो यथा सर्वलोकस्य चक्षुर्न लिप्यते चाक्षुषैर्बाह्यदौषैः ।
एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदुःखेन बाह्यः ॥

**૪૭. स्मरन्ति च ।**

અર્થ

સ્મરન્તિ = સ્મૃતિ એવું જ કહે છે.

ચ = અને શ્રુતિ પણ.

ભાવાર્થ

પરમાત્મા જીવોના જુદાં જુદાં કર્મોથી ને કર્મનાં વિવિધ ફળોથી એકદમ અલિપ્ત રહે છે એ વાતનું પ્રતિપાદન જેવી રીતે શ્રુતિ કરે છે તેવી રીતે સ્મૃતિએ પણ કરેલું છે. એ રીતે એમની અંદર એક વાક્યતા છે. સ્મૃતિનો જે અંશ શ્રુતિને અનુરૂપ ના હોય તેને પ્રમાણભૂત નથી માનવામાં આવતો ને છોડી દેવામાં આવે છે, પરંતુ આ બાબત એ બંનેની વચ્ચે એકતા હોવાથી એવો કોઈ પ્રશ્ન જ નથી પેદા થતો. મુંડક ઉપનિષદમાં એક જ વૃક્ષની શાખા પર બેઠેલાં જીવાત્મા ને પરમાત્મારૂપી બે વિહંગોનું વર્ણન કરીને જીવાત્મા કર્મ ફળોનો ઉપભોગ કરે છે ને પરમાત્મા ઉપભોગ નથી કરતા પરંતુ જોયા કરે છે એવું કહેવામાં આવ્યું છે; તે જ પ્રમાણે ગીતાના તેરમા અધ્યાયમાં પરમાત્માની અલિપ્તતાનું વર્ણન કરતાં કહ્યું છે કે 'અનાદિ અને ગુણાતીત હોવાને લીધે આ અવિનાશી પરમાત્મા શરીરમાં રહેવા છતાં પણ કશું નથી કરતા અને કોઈ પ્રકારે કશાથી લેવાતા નથી.’

अनादित्वान्निर्गुणत्वात्परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपि कौन्तेय न करोति न लिप्यते ॥

**૪૮. अनज्ञापरिहारौ देहसम्बन्धाज्जयोतिरादिवत् ।**

અર્થ

અનુજ્ઞાનપરિહારૌ = વિધિ અને નિષેધ.

જ્યોતિરાદિવત્ = જ્યોતિ આદિની પેઠે.

દેહસંબંધાત્ = શરીરોના સંબંધને લીધે છે.

ભાવાર્થ

સઘળા જીવો પરમાત્માના અંશ બરાબર છે એ વસ્તુની સ્પષ્ટતા તો થઈ ગઈ પરંતુ પરમાત્માના અંશ જેવા જીવોના સંબંધમાં જુદા જુદા વિધિનિષેધ શા માટે દેખાય છે ? એક જીવને માટે અમુક કર્મના અનુષ્ઠાનનો આદેશ આપવામાં આવ્યો છે ત્યારે બીજાને માટે એનો નિષેધ કરાયો છે તેનું કારણ ? તેનું કારણ સમજાવતાં આ સૂત્રમાં જણાવવામાં આવે છે કે જીવોનો જુદાં જુદાં શરીરો સાથે સંબંધ હોવાથી એમને માટે આ શરીરો અને એમની આવશ્યકતાઓને અનુલક્ષીને જુદી જુદી જાતના વિધિનિષેધ બતાવવામાં આવ્યા છે. કેવી રીતે ? તેને સમજાવવા જ્યોતિ કે પ્રકાશનું ઉદાહરણ આપે છે. સ્મશાનમાં પણ અગ્નિ હોય છે અને યજ્ઞકુંડનો પણ અગ્નિ હોય છે પરંતુ એ બંને જાતના અગ્નિ એકસરખા નથી કહેવાતા. એમના આશ્રય સ્થાનમાં ભેદ હોવાથી સ્મશાનના મૃત શરીરોને બાળનારા અગ્નિને અશુભ અને યજ્ઞકુંડના અગ્નિને શુભ માનવામાં આવે છે ને શુભ કાર્યને માટે અનુક્રમે ત્યાજ્ય તથા ગ્રાહ્ય માનવામાં આવે છે. પાણી પણ

પરમાત્માના અંશરૂપ હોવા છતાં સરિતાનું પાણી પીવાના ઉપયોગમાં આવે છે પરંતુ ગટરનું નથી આવતું. એ ઉપરાંત સઘળી વનસ્પતિ પૃથ્વીમાંથી પેદા થાય છે તો પણ એમાંની કેટલીકનું સેવન થાય છે ને કેટલીકનું નથી થતું; કેટલીક સ્વાસ્થ્યને માટે લાભકારક કહેવાય છે તો કેટલીક હાનિકારક. જીવાત્માઓને માટે પણ એ જ પ્રમાણે જુદા જુદા વિધિનિષેધ વર્ણવવામાં આવ્યા છે, એમાં કશું ખોટું નથી.

**૪૯. असंततेश्चाव्यतिकरः ।**

અર્થ

ચ= એ ઉપરાંત.

અસંતતેઃ = (શરીરોના આવરણને લીધે) વ્યાપકતાનો નિરોધ હોવાને લીધે.

અવ્યતિકરઃ = એનું અને એનાં કર્મોનું મિશ્રણ નહિ થાય.

ભાવાર્થ

જીવોને વિભુ માનીએ તો પણ એમના અને એમનાં કર્મોના અલગ અલગ વિભાગો થઈ શકે છે. એવા વિભાગોમાં કશો દોષ નથી પેદા થતો. જીવાત્માઓ વિભુ હોવા છતાં કારણ શરીરના આવરણને લીધે પ્રલયકાળમાં એક નથી થઈ જતા. એમના વિભાગો જેવા હોય છે તેવા જ કાયમ રહે છે. તેવી રીતે જગતના સર્જન સમયે પણ શરીરોના સંબંધને લીધે જીવાત્માઓ અલગ રહે છે એને એમનાં કર્મોની વ્યવસ્થા પણ અખંડ રહે છે. એ કર્મો એક બીજા સાથે ભળી નથી જતાં. શબ્દ વ્યાપક છે, અને આકાશમાં ફેલાય છે તો પણ પોતાના અલગ અસ્તિત્વને ટકાવી રાખે છે. એ શબ્દો એકમેક સાથે ભળી નથી જતા. જુદાં જુદાં સ્થળોએ એક જ સમયે જુદા જુદા શબ્દો બોલાય છે તેમને જુદે જુદે સ્થળે અલગ રીતે સાંભળી શકાય છે. રેડિયા દ્વારા એ શક્ય બને છે. એવી રીતે જીવાત્માઓ વિભુ હોવા છતાં પરસ્પર અલગ રહે છે ને કાર્ય કરે છે. એમને માટે એવું અશક્ય નથી.

**૫૦. आभासा एव च ।**

અર્થ

ચ = અને (બીજી માન્યતાના સમર્થનમાં કરાતી યુક્તિઓ અને આપવામાં આવતાં પ્રમાણો.)

આભાસાઃ = આભાસ માત્ર.

એવ = જ છે.

ભાવાર્થ

ઉપરનાં સૂત્રોમાં જીવાત્માનું જે કાંઈ વર્ણન કરવામાં આવ્યું તે વર્ણનની સાથે સર્વ પ્રકારના વિચારકો સંમત થાય છે એવું નથી. સંસારમાં એક વિષય પર જુદી જુદી રીતે વિચારનારા, લખનારા ને બોલનારા વિચારકો તો રહેવાના જ. કેટલાક વિચારકો બીજી રીતે વિચારીને જીવાત્માને પરમાત્માનો અંશ નથી માનતા, વિભુ નથી સમજતા, તો કેટલાક બધા જીવોને સર્વ પ્રકારે સ્વતંત્ર માને છે. પોતાની માન્યતાના સમર્થનમાં એ દલીલો કરે છે ને પ્રમાણ પણ આપે છે. પરંતુ એમને ખાસ મહત્ત્વ નથી આપવા જેવું,

જીવાત્માના સંબંધમાં ઉપરનાં દ્વારા જે વિવેચન કરવામાં આવ્યું છે એ જ શાસ્ત્રસંગત, બુદ્ધિયુક્ત, બરાબર અને આદર્શ છે.

**૫૧. अदृष्टान्यमात् ।**

અર્થ

અદૃષ્ટા નિયમાત્ = અદૃષ્ટ જન્માંતરમાં કરાયલાં કર્મોના ફળોપભોગની કોઈ ચોક્કસ વ્યવસ્થા નહિ થઈ શકે એટલા માટે. (ઉપાધિના નિમિત્તથી જીવોને પરમાત્માના અંશ માનવાનું બરાબર નથી.)

ભાવાર્થ

પરમાત્મા અખંડ અને અવયવ રહિત હોવાથી એમના અંશ ના હોઈ શકે. તો પછી જીવોને એમના અંશ કહેવામાં આવે છે એ અંશાંશિભાવ વાસ્તવિક નથી પરંતુ ઘટાકાશની પેઠે ઉપાધિના નિમિત્તથી પ્રતીત થાય છે. એવું માનવામાં કશી હરકત છે ? એવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહેવામાં આવે છે કે હા. જીવોને પરમાત્માના અંશ માનવાને બદલે તદ્દન સ્વતંત્ર માનવામાં આવે અને ઘટાકાશની પેઠે ઉપાધિના નિમિત્તથી પરમાત્માના અંશ સમજવામાં આવે તો પણ જીવોનાં કર્મોના ફળોપભોગની વ્યવસ્થા નહિ થઈ શકે. એમના કર્મની ને કર્મફળના ઉપભોગની ચોક્કસ વ્યવસ્થા કોણ કરશે ? કર્મ તો જડ છે, એથી એમની અંદર એવી શક્તિ ના હોઈ શકે. જીવાત્માની શક્તિ પણ છેક જ સીમિત હોવાથી પોતે કરેલાં કર્મોનાં ફળોને નિશ્ચિત સમયે ને નિશ્ચિત પ્રમાણમાં ભોગવવાનું એને સારૂ કદાપિ શક્ય ના હોઈ શકે.

એક જ પરમાત્મા ઘટાકાશની પેઠે જુદાં જુદાં શરીરોની ઉપાધિને લીધે જુદા જુદા જીવોના રૂપમાં પ્રતીત થાય છે એવું માનીએ તો પણ એ જીવોના કર્મોની અને એ કર્મોના ફળોપભોગની વ્યવસ્થા નહિ થઈ શકે. કારણ કે એવી રીતે માનવાથી જીવાત્માનો ને પરમાત્માનો ભેદ વાસ્તવિક નહિ હોય, અને એને લીધે જુદા જુદા જીવોના કર્મોનો અને એમને ભોગવનારા જીવોના વિભાગ કરવાનું, અને એમનાથી અલગ રહીને એમની વ્યવસ્થા કરવાવાળા સર્વ સમર્થ પરમાત્માને માનવાનું અશક્ય બની જશે. એટલે પરમાત્મા જ જીવોની ને જીવોના કર્મફળના ઉપભોગની સુનિશ્ચિત વ્યવસ્થા કરે છે ને જીવ એમના અંશ છે એવું માનવાનું જ બધી રીતે યોગ્ય છે.

**૫૨. अभिसन्ध्यादिष्वपि चैवम् ।**

અર્થ

ચ = વળી.

એવમ્ = એવી રીતે.

અભિસન્ધ્યાદિષુ = સંકલ્પ વિગેરેમાં.

અપિ = પણ. (અવ્યવસ્થા થશે)

ભાવાર્થ

જીવાત્માને પરમાત્માના અંશ ના માનવાથી કર્મફળની વ્યવસ્થાનો દોષ પેદા થશે તેમ એ જીવાત્માઓના સંકલ્પ, વિચાર, સંસ્કાર આદિના વિભાગની નિયમિત વ્યવસ્થા પણ નહિ થઈ શકે. જીવાત્મા પરમાત્માંથી અલગ નહિ રહેવાથી પરમાત્માના સંકલ્પથી એમના સંકલ્પ અલગ નહિ રહી શકે અને જુદા જુદા જીવોના સંકલ્પ પણ એકબીજાની સાથે ભળી જશે. ઉપનિષદ તથા વેદોમાં પરમાત્માએ સૃષ્ટિ રચનાનો સંકલ્પ કર્યો એવું જે વર્ણન કરેલું છે તેની સંગતિ પણ નહિ બેસી શકે. કારણ કે તે વર્ણન સ્પષ્ટ રીતે સૂચવે છે કે પરમાત્મા સર્વોપરી છે અને જીવ, જગત બધું જ એમની ઈચ્છાના પરિણામે એમનામાંથી પ્રાદુર્ભાવ પામ્યું હોઈને એમના અંશ બરાબર છે.

**૫૩. प्रदेशादिति चेन्नान्तर्भावात् ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે.

પ્રદેશાત = ઉપાધિઓમાં દેશ ભેદ હોવાથી (બધી વ્યવસ્થા થઈ જશે.)

ઈતિ ન = તો એવું નથી.

અંતર્ભાવાત્ = કારણ કે સઘળા દેશોનો ઉપાધિમાં અને ઉપાધિઓનો સઘળા દેશોમાં અંતર્ભાવ છે.

ભાવાર્થ

જુદી જુદી ઉપાધિઓમાં દેશભેદ હોવાને લીધે બધા જીવોના અલગ અલગ વિભાગો આપોઆપ શક્ય બનશે અને સંકલ્પ તથા કર્મફળના ઉપભોગની વ્યવસ્થા પણ સહેલાઈથી થઈ રહેશે, એવી દલીલ કરવામાં આવે તો એના સ્પષ્ટીકરણ રૂપે અહીં કહેવામાં આવે છે કે એવી દલીલ બરાબર નથી. કારણ કે ઉપાધિઓમાં દેશભેદ હોય તો પણ પરમાત્મા એ બધી જ ઉપાધિઓમાં રહેલા છે.

ઉપાધિઓ જુદી જુદી હોય તો પણ પરમાત્મા જુદા જુદા નથી બનતા. ઘટ જુદા જુદા બદલાય તો પણ આકાશ તો એક જ રહે છે. એટલે ઘટાદિ બધી જ ઉપાધિઓમાં આકાશનો અંતર્ભાવ થાય છે. એના વિભાગો નથી પડી શકતા. એવી રીતે પરમાત્માના વિભાગો નથી પડી શકતા. એમના અને જીવોના અંશાશિભાવને ઘટાકાશની પેઠે ઉપાધિના નિમિત્તથી દૃષ્ટિગોચર થનારો ના માની શકાય. એમનો અંશાંશિભાવ વાસ્તવિક છે, એવું જ માનવું બરાબર છે.

**અધ્યાય ૨ - પાદ ૩ સંપૂર્ણ**

## અધ્યાય ૨ - પાદ ૪

| | |
|---|---|
| ૧ થી ૪ | ઈન્દ્રિયોની ઉત્પત્તિ પરમાત્માથી થાય છે. |
| ૫ થી ૭ | ઈન્દ્રિયો અગિયાર છે. |
| ૮ થી ૧૩ | મુખ્ય પ્રાણની ઉત્પત્તિ. |
| ૧૪ થી ૧૬ | તત્વોના અને શરીરના અધિષ્ઠાતા વિષે. |
| ૧૭ થી ૨૦ | ઈન્દ્રિયો ને મુખ્ય પ્રાણની ભિન્નતા અને પરમાત્માથી નામરૂપની રચના. |
| ૨૧ થી ૨૨ | તત્વોની અધિકતાને લીધે એમનાં અલગ કાર્યોનો ઉલ્લેખ. |

## અધ્યાય ૨ - પાદ ૪

**૧. तथा प्राणा ।**

<u>અર્થ</u>

તથા = એવી રીતે.

પ્રાણઃ = પ્રાણશબ્દવાચ્ય ઈન્દ્રિયો પણ (પરમાત્માથી જ પેદા થાય છે.)

<u>ભાવાર્થ</u>

આકાશાદિ પંચ મહાભૂતો અને આ સંપૂર્ણ જગત પરમાત્મામાંથી પ્રાદુર્ભાવ પામે છે અથવા પેદા થાય છે તેવા ઉપનિષદમાં સ્પષ્ટ ઉલ્લેખો જોવા મળે છે. જે છે તે બધું જ એક માત્ર પરમાત્મામાંથી જ પેદા થાય છે. એનો અર્થ એવો થયો કે પ્રાણ અથવા ઈન્દ્રિયોની ઉત્પત્તિ પણ પરમાત્મામાંથી જ થાય છે. પરમાત્મા એક, અનન્ય, અદ્‌ભુત અને સર્વોપરી છે. એમની સત્તા સંસારમાં સર્વોત્તમ છે. એટલે જે પણ પેદા થાય છે એ એમના વિના બીજા કશામાંથી પેદા નથી થતું. સંસારના આરંભમાં એમના સિવાયનું બીજું કશું હોતું જ નથી તો પછી બીજાની અંદરથી કશું પેદા થવાનો પ્રશ્ન જ ક્યાં રહે છે ?

મુંડક ઉપનિષદમાં સ્પષ્ટતાપૂર્વક જણાવ્યું છે કે 'આ પરબ્રહ્મ પરમાત્મામાંથી જ પ્રાણ, મન, સઘળી ઈન્દ્રિયો, આકાશ, વાયુ, અગ્નિ, પ્રાણી અને સૌને ધારણ કરનારી પૃથ્વી પેદા થાય છે.' એમાં બીજી બધી વસ્તુઓની પેઠે ઈન્દ્રિયો પણ પરમાત્મામાંથી પ્રકટે છે એવું કહી બતાવ્યું છે. એમના ઉત્પત્તિ સ્થાન તરીકે બીજા કશાને માનવા-મનાવવાની આવશ્યકતા નથી લાગતી.

**૨. गौण्यसम्भवात् ।**

<u>અર્થ</u>

અસમ્ભવાત્ = સંભવ ના હોવાથી એ શ્રુતિ.

ગૌણી = ગૌણી છે અથવા એનું કથન ગૌણરૂપે છે.

<u>ભાવાર્થ</u>

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે 'વાણી તેજોમયી છે, એટલે કે વાક્ ઈન્દ્રિય તેજમાંથી પેદા થઈ છે તેથી તેજથી ઓતપ્રોત છે.' એની પહેલાં અગ્નિ, પાણી તથા પૃથ્વીની ઉત્પત્તિ બતાવી છે ને જગતની ઉત્પત્તિનું વર્ણન કર્યું છે. એથી તો એવું માનવાને કારણ મળે છે કે ઈન્દ્રિયોની ઉત્પત્તિ પંચ મહાભૂતોથી થઈ છે. એવા અભિપ્રાયના સંબંધમાં સ્પષ્ટીકરણ કરતાં આ સૂત્રમાં કહેવામાં આવે છે કે ઈન્દ્રિયોની ઉત્પત્તિ પંચ મહાભૂતમાંથી થઈ શકે છે એવું માનવાનું શક્ય ના હોવાથી એ શ્રુતિ ગૌણી માનવી જોઈએ.

એ શ્રુતિમાં અથવા છાંદોગ્ય ઉપનિષદના વચનમાં જણાવવામાં આવ્યું છે કે 'ભક્ષણ કરવામાં આવેલા તેજનો જે સૂક્ષ્મ અંશ હોય છે તે એકત્ર થઈને વાણી બને છે.' એ વચનમાં ભક્ષણ કરવામાં આવેલા તૈજસ પદાર્થોના અથવા તેજના સૂક્ષ્માંશનું એવું પરિણામ બતાવવામાં આવ્યું છે. તેજના ભક્ષણ કરવામાં

આવતા સૂક્ષ્મ અંશનો જે નિર્દેશ કરવામાં આવ્યો છે તેના પરથી સહેલાઈથી અનુમાન કરી શકાય છે કે જેની દ્વારા એ સૂક્ષ્માંશનું ભક્ષણ કરવામાં આવે છે તે ઈન્દ્રિયોની ઉત્પત્તિ તેજ તત્વની પહેલાં થયેલી હોવી જોઈએ.

એવી રીતે ખાધેલા અન્નથી મનને અને મનની પીધેલા પ્રાણોની ઉત્પત્તિ કહી બતાવી છે. પરંતુ પ્રાણની હયાતિ વિના પાણી પી શકાય જ કેવી રીતે ? એટલે પીધેલા પાણીથી પ્રાણોની ઉત્પત્તિ થાય છે એવું માનવાનું ઉચિત નથી લાગતું. એટલે પીધેલું પાણી પ્રાણ ધારણને માટે અથવા પ્રાણની પુષ્ટિને માટે મદદરૂપ છે માટે જ એને ગૌણ રીતે પ્રાણની ઉત્પત્તિનું કારણ કહેવામાં આવ્યું છે એવું સમજવું જોઈએ. એટલે એ ઉપનિષદ વચનનો શબ્દાર્થ લેવાને બદલે ભાવાર્થ જ ગ્રહણ કરવો જોઈએ. એવો ભાવાર્થ ગ્રહણ કરવાથી સમજી શકાય છે કે વાણીને માટે મદદરૂપ હોવાથી જ તૈજસ પદાર્થોને કે તેજને વાક્ ઈન્દ્રિયની ઉત્પત્તિના કારણ તરીકે કહેવામાં આવ્યા છે. એવી રીતે થોડીક વિશાળતાપૂર્વક ભાવાર્થને મહત્વનો માનીને સમજવામાં આવે તો ઉપનિષદનાં વચનોમાં કોઈ પ્રકારનો વિરોધાભાસ નહિ લાગે અને એમના સાર તત્વને સરળતાથી સમજી શકાશે. એટલે ઈન્દ્રિયોની ઉત્પત્તિ પંચ મહાભૂતમાંથી નથી થઈ.

**૩. तत्प्राक्छ्रुतेश्च ।**

અર્થ

તતત્પાક્છ્રુતેઃ = શ્રુતિએ આકાશાદિ તત્વોની પહેલાં ઈન્દ્રિયોની ઉત્પત્તિ કહી છે એથી.

ચ = પણ. (તેજ આદિથી વાક્ આદિ ઈન્દ્રિયની ઉત્પત્તિ કહેનારી શ્રુતિ ગૌણ છે.)

ભાવાર્થ

ઉપરના સૂત્રના અનુસંધાનમાં જ આ સૂત્રમાં જણાવવામાં આવે છે કે શતપથ બ્રાહ્મણમાં તથા મુંડકોપનિષદમાં ઈન્દ્રિયોની ઉત્પત્તિ પંચમહાભૂતોની પહેલાં કહેલી છે. ઉપનિષદના એ વર્ણન કે કથનને મિથ્યા ના માની શકાય. એ કથન પ્રમાણભૂત છે. એ કથનથી સિદ્ધ થાય છે કે ઈન્દ્રિયોની ઉત્પત્તિ આકાશાદિ પંચમહાભૂતોમાંથી નથી થઈ. એના પરથી પુરવાર થાય છે કે તેજ આદિથી વાણી વિગેરે ઈન્દ્રિયોની ઉત્પત્તિ કહેનારી શ્રુતિ ગૌણ છે. એને વધારે પડતું મહત્વ ના આપવું જોઈએ, અને આપવામાં આવે તો પણ એનો ભાવાર્થ જ લેવો જોઈએ.

**૪. तत्पूर्वकत्वाद्वाचः ।**

અર્થ

વાચઃ = વાણીની ઉત્પત્તિનું વર્ણન.

તત્પૂર્વકત્વાત્ = ત્રણે તત્વોની અંદર એ પરમાત્માના પ્રવેશ પછીનું છે તેથી (તેજથી એની ઉત્પત્તિ સૂચવનારી શ્રુતિ ગૌણી છે.)

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે 'એ ત્રણ તત્વરૂપ દેવતાઓમાં જીવાત્મા સાથે પ્રવેશીને પરમાત્માએ નામ રૂપાત્મક જગતની રચના કરી.' એમાં જગતની ઉત્પત્તિ પરમાત્માના પ્રવેશ સાથે બતાવી છે. એથી

સાબિત થાય છે કે પરમાત્મામાંથી જ ઈન્દ્રિયોની ઉત્પત્તિ થઈ છે. તેજ આદિ તત્વોથી નથી થઈ. એટલે તેજથી વાણીની ઉત્પત્તિ સૂચવનારી શ્રુતિને ગૌણ માનવી જોઈએ.

**૫. सप्त गतेर्विशेषितत्वाञ्च ।**

અર્થ

સપ્ત = ઈન્દ્રિયો સાત છે.

ગતેઃ = કારણ કે સાત જ જણાય છે.

ચ = અને.

વિશેષિતત્વાત્ = સપ્ત પ્રાણાઃ કહીને ઉપનિષદે સપ્ત પદનો પ્રાણો કે ઈન્દ્રિયોના વિશેષણ તરીકે પ્રયોગ કર્યો છે તેથી.

ભાવાર્થ

ઉપનિષદમાં ક્યાંક પ્રાણોના નામથી ઈન્દ્રિયોની ઉત્પત્તિનું વર્ણન કરેલું છે ત્યાં ઈન્દ્રિયોને સાત કહી છે. મુંડક ઉપનિષદમાં કહ્યું છે કે 'સાત પ્રાણ એટલે કે આંખ, કાન, નાક, જીભ, ચામડી, વાણી અને મન એ સાત ઈન્દ્રિયો જેમની અંદર વિચરે છે તે લોકો સાત છે.'

सप्त प्राणाः प्रभवंति तस्मात् सप्तार्चिषः समिधः सप्त होमाः ।
सप्त इमे लोका येषु चरन्ति प्राणा गुहाशया निहताः सप्त सप्त ॥

એમાં ઈન્દ્રિયોને માટે સપ્ત શબ્દનો પ્રયોગ કરેલો હોવાથી ઈન્દ્રિયો સાત છે, એવું માનવાનું બરાબર છે. ઈન્દ્રિયો ખરેખર કેટલી છે તેનો નિર્ણય કરવા માટે આ પ્રકરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. એમાં આ સૂત્ર દ્વારા પૂર્વપક્ષીની વિચારસરણીને રજૂ કરવામાં આવી છે. હવે પછીના સૂત્ર દ્વારા એ વિચારસરણીનો ઉત્તર આપવામાં આવે છે.

**૬. हस्तादयस्तु स्थितेऽतौ नैवम् ।**

અર્થ

તુ = પરંતુ.

હસ્તાદયઃ = હાથ વિગેરે બીજી ઈન્દ્રિયો પણ છે.

અતઃ = એટલા માટે.

સ્થતે = એ સ્થિતિમાં.

એવમ્ = એવું.

ન = નથી (કહી શકાતું કે ઈન્દ્રિયો સાત જ છે.)

ભાવાર્થ

બૃહદારણ્યક ઉપનિષદમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પુરૂષને દસ ઈન્દ્રિયો- પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા પાંચ કર્મેન્દ્રિયો-અને મન મળીને અગિયાર ઈન્દ્રિયો છે. दशेमे पुरूषे प्राणा आत्मैकादशः ।

એવી રીતે વિચારતાં ઉપનિષદના આધાર પર ઈન્દ્રિયો સાત નથી પરંતુ અગિયાર છે એવું સાબિત થાય છે. હાથ, પગ, ગુદા તથા ઉપસ્થ જેવી ઈન્દ્રિયોનો અનુભવ ઉપર્યુક્ત સાત ઈન્દ્રિયોની સાથે માનવ જીવનમાં પ્રત્યક્ષ રીતે કરી શકાય છે. એટલે ઉપનિષદમાં જ્યાં કોઈ કારણે સાત ઈન્દ્રિયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યાં બીજી ચારની સંખ્યાના ઉમેરીને ઈન્દ્રિયોને અગિયાર ગણવી જોઈએ એવો સૂત્રકારનો ચોક્કસ અભિપ્રાય અથવા નિર્ણય છે. જે ઈન્દ્રિયો સ્થૂળ રીતે કે પ્રત્યક્ષપણે કાર્ય કરે છે એમની અવગણના કરવાનું કદાપિ ઉચિત ના લેખાય.

**૭. अणवश्च ।**

અર્થ

ચ = અને.

અણવઃ = સૂક્ષ્મભૂત અથવા તન્માત્રાઓ પણ એ પરમાત્મામાંથી જ પેદા થાય છે.

ભાવાર્થ

ઈન્દ્રિયોની ઉત્પત્તિ પરમાત્માથી થાય છે એવી રીતે સર્વકાંઈ પરમાત્મામાંથી જ પેદા થાય છે એટલે પંચ મહાભૂતોના સૂક્ષ્મરૂપની અથવા માત્રાઓની ઉત્પત્તિ પણ પરમાત્મામાંથી જ થાય છે. બીજા દર્શનકારો એને પરમાણુ તરીકે ઓળખાવે છે. કેટલાક વિદ્વાનોના કહેવા પ્રમાણે આ સૂત્ર ઈન્દ્રિયોના અણુ-પરિમાણને પુરવાર કરવા માટે નથી રચાયું, કારણ કે ત્વચારૂપી ઈન્દ્રિય સમસ્ત શરીરમાં છવાયલી હોવાથી સૂક્ષ્મરૂપે સ્થિતિ કરનારી અથવા અણુ છે એવું ના કહી શકાય. આ સૂત્ર તો પંચ મહાભૂતોના સૂક્ષ્મરૂપની અથવા માત્રાઓની ઉત્પત્તિ વિશે ઓળખવામાં આવ્યું છે ને પરમાત્મા જ સૌના મૂળ કારણ છે એવા સિદ્ધાંતનું સમર્થન કરે છે. સંસારના આરંભમાં પરમાત્મા વિના બીજું કશું હતું જ નહિ તો પછી કશાનું ઉદ્દભવસ્થાન એમના વિના બીજું કોઈ પણ ક્યાંથી હોઈ શકે ?

**૮. श्रेष्ठश्च ।**

અર્થ

શ્રેષ્ઠઃ = મુખ્ય પ્રાણ.

ચ = પણ.

ભાવાર્થ

બધાની ઉત્પત્તિ પરમાત્મામાંથી થાય છે તો પછી મુખ્ય પ્રાણ પણ એમાં અપવાદરૂપ કેવી રીતે હોઈ શકે ? એ પણ પરમાત્મા સિવાય બીજા શામાંથી પેદા થાય? એ મુખ્ય પ્રાણનાં પ્રાણ, અપાન, વ્યાન, સમાન તથા ઉદાન એવાં નામ આપવામાં આવ્યા છે અને એના પાંચ કે દસ વિભાગ પાડવામાં આવ્યા છે. એ મુખ્ય પ્રાણ પરમાત્મામાંથી જ પ્રાદુર્ભાવ પામે છે.

**૯. न वायुक्रिये पृथगुपदेशात् ।**

અર્થ

વાયુક્રિયે= (મુખ્ય પ્રાણ) વાયુતત્વ અને એની ક્રિયા.

ન= નથી.

પૃથદ્ઉપદેશાત્ = એનું એ બંનેથી જુદું વર્ણન કરાયું છે તેથી.

ભાવાર્થ

આ સૂત્ર મુખ્ય પ્રાણ શું છે તેની સમજ પૂરી પાડવા રચાયું છે. મુખ્ય પ્રાણ વાયુતત્વ અને એની ક્રિયા નથી એની અહીં સ્પષ્ટતા કરવામાં આવે છે. એ બાબત ઉપનિષદનો આધાર લઈને જણાવવામાં આવે છે કે મુંડક ઉપનિષદમાં પ્રાણની ઉત્પત્તિનું વર્ણન કરાયું છે ત્યાં વાયુની ઉત્પત્તિનું વર્ણન અલગ છે. એના પરથી પુરવાર થાય છે કે ઉપનિષદમાં કહેલો મુખ્ય પ્રાણ વાયુ એની ક્રિયા કરતાં જુદો જ છે.

**૧૦. चक्षुशादिवत्तु तत्सहशिष्टयादिभ्यः ।**

અર્થ

તુ = પરંતુ (પ્રાણ પણ)

ચક્ષુરાદિત્ = ચક્ષુ વિગેરે ઈન્દ્રિયોની પેઠે (જીવાત્માનું ઉપકરણ છે.)

તત્સહશિષ્ટયાદિભ્યઃ = કારણ કે એમની સાથે પ્રાણ અને ઈન્દ્રિયોના સંવાદમાં એનું વર્ણન કરવામાં છે અને એમની જેમ એ જડ પણ છે.

ભાવાર્થ

પ્રાણ અને વાયુતત્વ જો જુદાં જુદાં હોય તો પછી પ્રાણ જીવાત્માની જેમ કોઈ સ્વતંત્ર પદાર્થ છે કે કેમ ? એવો પ્રશ્ન થાય તો એના ઉત્તરમાં જણાવે છે કે મુખ્ય પ્રાણ જીવાત્માની પેઠે કોઈ સ્વતંત્ર પદાર્થ નથી, પરંતુ ઈન્દ્રિયોની પેઠે જ જીવાત્માને આધીન છે. એટલે તો ઈન્દ્રિયોના સંયમની જેમ પ્રાણના સંયમનો પણ સંદેશ આપવામાં આવ્યો છે. ઈન્દ્રિયોની જેમ પ્રાણ પણ જીવાત્માનું સાધન છે અને જીવાત્મા એમનાથી શ્રેષ્ઠ છે. એ ઉપરાંત પ્રાણ ઈન્દ્રિયાદિની જેમ જડ હોવાથી જીવાત્માની પેઠે સ્વતંત્ર ના હોઈ શકે ને નથી. જીવાત્મા તો ચેતન છે.

પ્રાણ અને ઈન્દ્રિયોના સંવાદની કથા છાંદોગ્ય ઉપનિષદમાં કહેવામાં આવી છે. એ કથા પ્રમાણે એકવાર બધી ઈન્દ્રિયો પોતપોતાની શ્રેષ્ઠતાની ચર્ચા કરતાં પોતાને શ્રેષ્ઠ કહેવા લાગી. આખરે એ પોતાના વાદવિવાદના નિર્ણય માટે પ્રજાપતિ પાસે જઈને એમનામાં કોણ શ્રેષ્ઠ છે તે પૂછવા લાગી. પ્રજાપતિએ જણાવ્યું કે તમારામાંથી જેના બહાર નીકળવાથી શરીર નિર્જીવ બની જાય તે જ શ્રેષ્ઠ કહેવાય. એ સાંભળીને વાણી, આંખ અને કાનની ઈન્દ્રિયો વારાફરતી શરીરની બહાર નીકળી. બીજી ઈન્દ્રિયોએ પણ એમનું અનુકરણ કર્યું તો પણ શરીરનું કામ ચાલુ જ રહ્યું. અંતે મુખ્ય પ્રાણે શરીરમાંથી બહાર નીકળવાની તૈયારી કરી ત્યારે મન તથા ઈન્દ્રિયો વિચલિત બનીને ખળભળી ઊઠી. જીવન પર જાણે કે પડદો પડવા લાગ્યો. એ જોઈને બધી ઈન્દ્રિયોએ પ્રાણની શ્રેષ્ઠતાનો સ્વીકાર કર્યો અને એને શરીરને છોડીને બહાર ના જવાની પ્રાર્થના કરી.

એ કથામાં પ્રાણનો ઉલ્લેખ બીજી ઈન્દ્રિયોની સાથે કરવામાં આવ્યો હોવાથી તે પણ ઈન્દ્રિયોની જેમ જીવાત્માનું સાધન છે એ સ્પષ્ટ થાય છે.

**११. अकरणत्वाश्च न दोषस्तथा हि दर्शयति ।**

અર્થ

ચ = અવશ્ય જ.

અકરણત્વાત્ = (ઈન્દ્રિયોની જેમ) વિષયોના ઉપભોગમાં કરણના હોવાને લીધે દોષ.

ન = નથી પેદા થતો.

હિ = કેમ કે.

તથા = કરણ હોવાનું ખરેખર કેવું છે તે.

દર્શયતિ = શ્રુતિ સ્વયં દર્શાવે છે.

ભાવાર્થ

પ્રાણને જીવાત્માનું કરણ માનીએ તો એક દોષ પેદા થવાનો સંભવ છે. તે દોષ એ છે કે બીજી બધી ઈન્દ્રિયો વિષયોનું જ્ઞાન કરવામાં કરણ બને છે પરંતુ પ્રાણ કોઈ વિષયના અનુભવ અથવા ઉપભોગનું કરણ નથી બનતો. પરંતુ સૂત્રકાર સમજાવે છે કે એ કોઈ દોષ નથી. બધી ઈન્દ્રિયોને પ્રાણ જ ધારણ કરે છે, પ્રાણને લીધે જ એ પ્રવૃત્તિ કરે છે, શરીર તથા ઈન્દ્રિયોનું પોષણ પણ પ્રાણ જ કરે છે, અને એના સંયોગથી જ જીવાત્મા શરીર છોડીને બીજે ગતિ કરે છે. એવી રીતે છાંદોગ્ય ઉપનિષદમાં એનો કરણ ભાવ દર્શાવવામાં આવ્યો છે. માટે એ સંબંધમાં શંકા કરવાનું નકામું છે.

**१२. पञ्चवृत्तिर्मनोवद्  व्यपदिश्यते ।**

અર્થ

મનોવદ્ = (શ્રુતિએ એને) મનની પેઠે.

પંઙ્ચવૃત્તિ = પાંચ વૃત્તિઓવાળો.

વ્યપદિશ્યતે = કહી બતાવ્યો છે.

ભાવાર્થ

બૃહદારણ્યક ઉપનિષદમાં, કાન જેવી જ્ઞાનેન્દ્રિયોના રૂપમાં મનની પાંચ વૃત્તિઓ માનેલી છે તેમ મુખ્ય પ્રાણને પણ પાંચ વૃત્તિઓવાળો કહી બતાવ્યો છે. એ પાંચ વૃત્તિઓ પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન છે. એ વૃત્તિઓની મદદથી એ જીવાત્માના ઉપયોગમાં આવે છે. એટલા માટે પણ એને જીવાત્માના ઉપકરણ તરીકે માનવામાં આવે છે.

**१३. अणुश्च ।**

અર્થ

અણુઃ = સૂક્ષ્મ.

ચ = પણ છે.

ભાવાર્થ

પ્રાણ જીવાત્મા તથા વાયુ તત્વથી ભિન્ન છે અને શરીરમાં પાંચ વિભાગમાં વિહરીને શરીરને ધારણ કરે છે અને એમાં ક્રિયાશક્તિનો સંચાર કરે છે. એનું સમર્થન અત્યાર સુધીનાં સૂત્રોમાં કરવામાં આવ્યું. હવે એના જ અનુસંધાનમાં પ્રાણના સ્વરૂપનો ખ્યાલ આપતાં કહેવામાં આવે છે કે પ્રાણનો અનુભવ એની પાંચ વૃત્તિઓ દ્વારા સ્થૂળ રીતે થાય છે તો પણ એ અણુ અથવા સૂક્ષ્મ પણ છે. સૂક્ષ્મ હોવાની સાથે સાથે એ વ્યાપક તો છે જ અને શરીરમાં સીમિત પણ છે. એને અણુ કહેવામાં આવ્યો છે એનો અર્થ એવો નથી કે એનો કોઈ વિશિષ્ટ આકાર છે. અણુ શબ્દનો પ્રયોગ એની સૂક્ષ્મતાને સૂચવવા માટે જ કરવામાં આવ્યો છે. સૂક્ષ્મ હોવા છતાં એ અસાધારણ શક્તિથી સંપન્ન છે ને સ્થૂળ શરીરને શક્તિથી સભર બનાવી દે છે. એ એની વિશેષતા છે.

**૧૪. ज्योतिराद्यधिष्ठानं तु तदामननात् ।**

અર્થ

જ્યોતિરાદ્યધિષ્ઠાનમ્ = જ્યોતિ આદિ તત્વો જેમનાં અધિષ્ઠાન બતાવ્યા છે તે.

તુ = તો પરમાત્મા જ છે.

તદામનનાત્ = બીજે ઠેકાણે પણ શ્રુતિએ એમને જ અધિષ્ઠાતા કહી બતાવ્યા છે માટે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે પરમાત્માએ સંકલ્પ કર્યો કે હું બહુવિધ બનું. પછી એમણે તેજની રચના કરી અને તેજે વિચાર કર્યો. ત્યાં તેજે વિચાર કર્યો એવું જે કહેવામાં આવ્યું છે એનો સ્થૂળ અર્થ લેવાને બદલે સૂક્ષ્મ અર્થ લેવાનો છે. તેજ તો જડ તત્વ છે, તેનાથી વિચાર ના કરી શકાય. તેજ આદિ તત્વોમાં રહીને એમનું નિયંત્રણ કરતાં ઈચ્છાનુસાર વિચાર કરવાવાળા તો એક માત્ર પરમાત્મા જ છે. બીજું કોઈ જ નથી. પરમાત્મા જ એમના અધિષ્ઠાતા છે.

**૧૫. प्रणवता शब्दात् ।**

અર્થ

પ્રણવતા = (પરમાત્માએ) પ્રાણધારી જીવાત્મા સાથે (પ્રવેશ કર્યો.)

શબ્દાત્ = ઉપનિષદનું એવું કથન હોવાથી દોષ નથી.

ભાવાર્થ

પરમાત્મા આકાશાદિ તત્વોના અધિષ્ઠાતા છે તો પછી પ્રત્યેક શરીરના અધિષ્ઠાતા પણ તે જ થશે. જીવાત્માને શરીરના અધિષ્ઠાતા માનવાનું ઉચિત નહિ લેખાય પરંતુ દોષપૂર્ણ કહેવાશે. તો તેના ઉત્તરમાં જણાવવામાં આવે છે કે છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે ત્રણે તત્વોને ઉત્પન્ન કર્યા બાદ પરમાત્માએ વિચાર્યું કે હવે જીવાત્માની સાથે આ ત્રણે દેવતામાં પ્રવેશીને અનેક નામ ને રૂપોને પ્રકટ કરું. એ કથન પરથી પુરવાર થાય છે કે પરમાત્માએ જીવાત્મા સાથે તત્વોમાં પ્રવેશીને જગતનો વિસ્તાર કર્યો.

ઐતરેયોપનિષદમાં પહેલા અધ્યાયના ત્રીજા ખંડમાં જણાવ્યું છે કે જીવાત્માને સહયોગ દેવા માટે પરમાત્માએ સજીવ શરીરમાં પ્રવેશ કર્યો. કઠોપનિષદમાં પણ જીવાત્મા તથા પરમાત્માને હૃદયરૂપી ગુફામાં રહેલા કહ્યા છે. એ બધા વર્ણન પરથી સાબિત થાય છે કે જીવાત્મા તથા પરમાત્મા બંને એક જ શરીરમાં નિવાસ કરે છે. એ દૃષ્ટિથી વિચારીએ તો જીવાત્માને શરીરના અધિષ્ઠાતા તરીકે માનવામાં કશો દોષ નથી કે કોઈ જાતનો વિરોધ નથી પેદા થતો.

**૧૬. तस्य च नित्यत्वात् ।**

અર્થ

તસ્ય = એ જીવાત્માની.

નિત્યવાત્ = નિત્યતા પ્રસિદ્ધ હોવાથી.

ચ = પણ.

ભાવાર્થ

પરમાત્માએ જીવાત્માની સાથે તત્વોમાં પ્રવેશ કર્યો હોય તો પછી તત્વોની ઉત્પત્તિ પહેલાં કે ઉત્પત્તિ પછી જીવાત્માની ઉત્પત્તિનું વર્ણન કેમ નથી કરવામાં આવ્યુ એવી જિજ્ઞાસાના જવાબમાં અહીં જણાવવામાં આવે છે કે જીવાત્મા તો નિત્ય છે એટલે એની સ્થૂળ ઉત્પત્તિનો કોઈ પ્રશ્ન જ નથી પેદા થતો. તે છતાં પણ સૃષ્ટિની શરૂઆતમાં શરીરની ઉત્પત્તિ સાથે સાથે ગૌણરૂપે એની ઉત્પત્તિ કહી બતાવી છે. એટલે તત્વોની ઉત્પત્તિ પહેલાં કે ઉત્પત્તિ પછી જીવાત્માની ઉત્પત્તિનું વર્ણન ના કરવામાં આવ્યું હોય તો તેમાં કશો દોષ છે એવું નથી સમજવાનું.

**૧૭. ते इन्द्रीयाणी तद्व्यपदेशादन्यत्र श्रेष्ठात् ।**

અર્થ

તે = એ મન આદિ અગિયાર.

ઈન્દ્રિયાણી = ઈન્દ્રિય.

શ્રેષ્ઠાત્ = મુખ્ય પ્રાણ કરતાં જુદાં છે.

તદ્વ્યપદેશાત્ = બીજી શ્રુતિઓમાં એનું જુદી રીતનું વર્ણન છે માટે.

ભાવાર્થ

મુંડક ઉપનિષદમાં મુખ્ય પ્રાણને મન આદિ અગિયાર ઈન્દ્રિયોથી જુદો કહેવામાં આવ્યો છે અને ઈન્દ્રિયોને માટે પ્રાણ શબ્દનો પ્રયોગ પણ નથી કરવામાં આવ્યો. એના પરથી પુરવાર થાય છે કે ઈન્દ્રિયો અને મન મુખ્ય પ્રાણથી જુદાં છે. મુખ્ય પ્રાણને લીધે જ એ સૌના શરીરમાં સ્થિતિ થઈ શકે છે એટલે મુખ્ય પ્રાણ એમનાથી પૃથક્ છે.

**૧૮. भेदश्रुतेः ।**

અર્થ

ભેદશ્રુતેઃ = ઈન્દ્રિયો અને મુખ્ય પ્રાણનો ભેદ સાંભળવામાં આવ્યો છે એટલા માટે (પણ મુખ્ય પ્રાણ એથી ભિન્ન છે.)

ભાવાર્થ

મુંડક ઉપનિષદ, બૃહદારણ્યક ઉપનિષદ તથા પ્રશ્નોપનિષદમાં ઈન્દ્રિયોનું પ્રાણના નામથી વર્ણન આવે છે. ત્યાં એમનો મુખ્ય પ્રાણથી ભેદ પાડી બતાવવામાં આવ્યો છે તથા મુખ્ય પ્રાણને ઈન્દ્રિયો અને બીજાં બધાં તત્વોથી અલગ કહીને એની શ્રેષ્ઠતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એથી મુખ્ય પ્રાણ એ બધાથી જુદો છે એવું સાબિત થાય છે.

**૧૯. वैलक्षण्याच्च ।**

અર્થ

વૈલક્ષણ્યાત્ = પરસ્પર વિચારણા હોવાને લીધે.

ચ = પણ.

ભાવાર્થ

મુખ્ય પ્રાણ અને ઈન્દ્રિયોમાં પરસ્પર વિલક્ષણતા હોવાથી ભિન્નતા છે એવું માન્યા સિવાય છૂટકો નથી. ઈન્દ્રિયો અને અંતઃકરણ સુષુપ્તિ દરમિયાન લય પામે છે ત્યારે પણ મુખ્ય પ્રાણ જાગે છે ને કાર્ય કરે છે. એની ઉપર નિદ્રાવસ્થાનો કશો જ પ્રભાવ નથી પડતો. એના પરથી પણ સિદ્ધ થાય છે કે મુખ્ય પ્રાણ ઈન્દ્રિયો કરતાં જુદો છે.

**૨૦. संज्ञामूर्तिक्लृप्तिस्तु त्रिवृतकुर्वत उपदेशात् ।**

અર્થ

સંજ્ઞામૂર્તિકલૃપ્તિ = નામ રૂપની રચના.

તુ = પણ.

ત્રિવૃત્કુર્વત = ત્રણે તત્વોનું મિશ્રણ કરનારા પરમાત્માનું જ (કર્મ છે.)

ઉપદેશાત્ = એવું ઉપનિષદમાં વર્ણવેલું છે માટે.

ભાવાર્થ

પરમાત્માએ તેજોદિ તત્વોની રચના કરીને એમાં જીવાત્મા સાથે પ્રવેશીને નામરૂપાત્મક જગતનો વિસ્તાર કર્યો, તો પછી નામરૂપાદિની રચના કોઈ જીવ વિશેષે કરી છે કે પરમાત્માએ તેનો નિર્ણય કરતા આ સૂત્રમાં જણાવવામાં આવે છે કે નામ રૂપાત્મક જગતની રચના જીવાત્માએ નથી કરી પરંતુ પરમાત્માએ જ કરેલી છે. જીવાત્મા સૃષ્ટિકર્તા નથી; સૃષ્ટિકર્તા તો પરમાત્મા જ છે. પરમાત્માએ જ તત્વોને પેદા કરીને એમનું મિશ્રણ કર્યું છે. નામરૂપાત્મક વિશ્વની રચના પણ એમણે જ કરી છે. અલ્પ, અલ્પજ્ઞ અથવા શક્તિવાળા જીવાત્મામાં જગત રચનાનું સામર્થ્ય ના હોઈ શકે એ સહેલાઈથી સમજી શકાય તેમ છે. એવું સામર્થ્ય કેવળ પરમાત્મામાં જ હોઈ શકે.

**२१. मासादि भौमं यथाशब्दमितरयोश्च ।**

<u>અર્થ</u>

(જેવી રીતે) માસાંદિ = માંસ આદિ.

ભૌમમ્ = પૃથ્વીના કાર્ય કહ્યાં છે (તેવી રીતે)

યથા શબ્દમ્ = શ્રુતિના વચન દ્વારા જણાવ્યા પ્રમાણે.

ઈતરયોઃ = બીજા બંને તત્વોનાં કાર્ય.

ચ = પણ સમજી લેવાં જોઈએ.

<u>ભાવાર્થ</u>

પરમાત્માએ તત્વોના મિશ્રણથી જગતની રચના કરી તો કયા તત્વથી કયો પદાર્થ પેદા થયો ? એનો વિભાગ કેવી રીતે જાણી શકાશે ? એ પ્રશ્નના પ્રત્યત્તરમાં કહે છે કે પૃથ્વી રૂપ અન્નનાં કાર્ય માંસ, વિષ્ઠા અથવા મળ તથા મન છે તેવી રીતે ઉપનિષદના એ પ્રકરણમાં જે તત્વનાં જે કાર્ય કહી બતાવ્યાં છે તે તત્વનાં તે જ કાર્ય સમજવાં જોઈએ. પાણીનું કાર્ય મૂત્ર, રક્ત તથા પ્રાણ અને તેજનું કાર્ય હાડકાં, મજ્જા તથા વાણી છે.



**२२. वैशेष्यात्तु तद्वादस्तद्वादः ।**

<u>અર્થ</u>

તદ્વાદઃ = એ કથન.

તુ = તો.

વૈશેષ્યાત્ = વિશેષતાને લીધે છે.

<u>ભાવાર્થ</u>

ત્રણ તત્વોના મિશ્રણથી રચના થઈ છે તો પણ એકની અધિકતા અને બીજા તત્વની અલ્પતા તો રહેવાની જ. એને લીધે મિશ્રિત તત્વોને અલગ અલગ નામથી ઓળખવામાં આવે છે અને જે તત્વના કાર્યને કહી બતાવવામાં કશી હરકત નથી.

તદ્વાદ: શબ્દનો છેલ્લે થયેલો બે વારનો પ્રયોગ પ્રકરણની સમાપ્તિ સૂચવે છે.

**અધ્યાય ૨ - પાદ ૪ સંપૂર્ણ**

**ઈતિ અધ્યાય ૨**

# બ્રહ્મસૂત્ર



# અધ્યાય ત્રીજો

## અધ્યાય ૩ - પાદ ૧

| | |
|---|---|
| ૧ થી ૬ | જીવોનું બીજા શરીરમાં ગમન. |
| ૭ થી ૧૧ | સ્વર્ગમાં ગયેલા પુરુષને દેવોનું અન્ન કહેવું, અને ચરણ શબ્દનું રહસ્ય. |
| ૧૨ થી ૧૭ | સ્વર્ગલોકની પ્રાપ્તિની સ્પષ્ટતા. |
| ૧૮ થી ૨૧ | છાંદોગ્ય ઉપનિષદની ત્રીજી ગતિ તથા સ્વેદજ જીવોનો ઉદ્‌ભિજ્જમાં અંતર્ભાવ. |
| ૨૨ થી ૨૭ | સ્વર્ગથી પાછા ફરતા જીવો ગર્ભમાં કેવી રીતે પ્રવેશે છે તે વિષે. |

## અધ્યાય ૩ - પાદ ૧

**१. तदन्तरप्रतिपत्तौ रंहति सम्परिष्वक्तः प्रश्ननिरूपणाभ्याम् ।**

<u>અર્થ</u>

તદન્તરપ્રતિપત્તૌ = એ શરીર પછી બીજા શરીરની પ્રાપ્તિ વખતે (આ જીવાત્મા.)

સમ્પરિષ્વક્તઃ = શરીરના બીજરૂપ સૂક્ષ્મ તત્વોથી સંપન્ન બનીને

રંહતિ = જાય છે. (એ હકીકત.)

પ્રશ્નનિરૂપણાભ્યામ્ = પ્રશ્ન અને એના ઉત્તરથી સિદ્ધ થાય છે.

<u>ભાવાર્થ</u>

જીવાત્મા પહેલા શરીરને છોડીને બીજા શરીરમાં પ્રવેશ કરવા માટે પ્રયાણ કરે છે ત્યારે એકલો જ પ્રયાણ કરે છે કે પછી એની સાથે કોઈ બીજું પણ જાય છે, એ વિષયના સમ્યક્ નિર્ણય માટે આ સૂત્રની રચના કરીને જણાવવામાં આવ્યું છે કે શરીરને છોડીને બીજા શરીરમાં જનારો જીવાત્મા એકલો નથી જતો પરંતુ બીજરૂપમાં રહેલાં સૂક્ષ્મ તત્વોથી સંપન્ન બનીને પ્રયાણ કરે છે. એની પ્રતીતિ છાંદોગ્ય ઉપનિષદમાં આવેલા પ્રશ્ન તથા ઉત્તરના પ્રકરણ પરથી સહેલાઈથી થઈ રહે છે.

આ સૂત્ર પરથી અને ઉપનિષદના એ પ્રકરણ પરથી એક મહત્વની હકીકત પ્રત્યે આપણું ધ્યાન ખેંચાયા વિના નથી રહી શકતું કે દુનિયાના બીજા દેશોની પ્રજા જ્યારે મોટે ભાગે ભૌતિક વાતો ને વિષયોમાં જ રત હતી ત્યારે ભારતના ઋષિવરો જન્મ મરણનાં તથા જગતનાં રહસ્યોનો ઉકેલ કરી ચૂકેલા અને એવા ઉકેલથી પોતાના જીવનની ધન્યતાને અનુભવી શકેલા.

છાંદોગ્ય ઉપનિષદમાં પ્રશ્ન તથા ઉત્તરનું જે પ્રકરણ આ સૂત્રમાં સૂચવવામાં આવ્યું છે તે આ પ્રમાણે છે.

શ્વેતકેતુ નામે એક પ્રસિદ્ધ રાજકુમાર એકવાર પાંચાલોની સભામાં જઈ પહોંચ્યો. ત્યાં પ્રવાહણ રાજાએ એને પૂછ્યું કે તારા પિતાની પાસેથી તેં બધું શિક્ષણ મેળવી લીધું ?

રાજકુમારે કહ્યું કે હા.

પ્રવાહણે પૂછ્યું, મૃત્યુ પછી જીવાત્મા ક્યાં જાય છે ? ત્યાંથી કેવી રીતે પાછો આવે છે ? દેવયાન તથા પિતૃયાન માર્ગમાં શો ફેર છે ? અહીંથી જનારા લોકોને લીધે ત્યાંનો લોક ભરાઈ કેમ નથી જતો ? એ બધી વાતોને અને પાંચમી આહુતિ દ્વારા આ પાણી કેવી રીતે પુરૂષરૂપ થઈ જાય છે તેને તું જાણે છે કે નથી જાણતો ?

શ્વેતકેતુએ ના કહી એટલે પ્રવાહણે એને ધમકાવ્યો ને જણાવ્યું કે તો પછી એવું કેમ કહે છે કે મને શિક્ષણ મળી ગયું છે !

શ્વેતકેતુએ પિતાની પાસે પહોંચીને બધી વાત કહી સંભળાવી.

પિતાએ જણાવ્યું હું જ એ વિષયોના રહસ્યને નથી જાણતો તો પછી તને કેવી રીતે કહી બતાવું ?

એ પછી શ્વેતકેતુને લઈને એના પિતાએ રાજા પ્રવાહણ પાસે જઈને પેલા પ્રશ્નોનો ઉકેલ પૂછ્યો.

રાજાએ એ બંનેને લાંબા સમય સુધી પોતાની પાસે રાખીને જણાવ્યું કે અત્યાર સુધી આ વિદ્યા ક્ષત્રિયોની પાસે રહી, પરંતુ હવે પહેલી વાર બ્રાહ્મણોને આપું છું.

પછી રાજા પ્રવાહણે છેલ્લા પાંચમા પ્રશ્નનો ઉત્તર પહેલાં આપતાં જણાવ્યું કે દ્યુલોકરૂપી અગ્નિમાં શ્રદ્ધાની પહેલી આહુતિ આપવાથી રાજા સોમની ઉત્પત્તિ. બીજી આહુતિ મેઘરૂપી અગ્નિમાં રાજા સોમનો હવન. એથી વર્ષાની ઉત્પત્તિ થાય છે. ત્રીજી આહુતિ પૃથ્વીરૂપી અગ્નિમાં વર્ષાના હવનની. એથી અન્નની ઉત્પત્તિ. ચોથી આહુતિ પુરૂષરૂપી અગ્નિમાં અન્નના હવનની. એથી વીર્યની ઉત્પત્તિ. અને પાંચમી આહુતિ સ્ત્રીરૂપી અગ્નિમાં વીર્યના હવનની. એથી ગર્ભની ઉત્પત્તિ કહી બતાવીને જણાવ્યું કે એવી રીતે પાણી પાંચમી આહુતિમાં પુરૂષની સંજ્ઞા પામે છે. એ પ્રકરણમાં પાણીના નામથી બીજરૂપ સમસ્ત તત્વોના સમુદાયને સૂક્ષ્મ શરીર રહિત વીર્યમાં સ્થિત જીવાત્મા કહ્યો છે.

**२. त्र्यात्मकत्वात्तु भूयस्त्वात् ।**

અર્થ

ત્ર્યાત્મકત્વાત્ = (શરીર) ત્રણે તત્વોનું સંમિશ્રણ છે તેથી. (પાણીના કહેવાથી સર્વનું ગ્રહણ થઈ જાય છે.)

તુ = તેમ જ.

ભૂયસ્ત્વાત્ = વીર્યમાં સૌથી વધારે પાણીનો ભાગ રહેતો હોવાથી. (પાણીના નામથી એનું વર્ણન કરેલું છે.)

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદના એ પ્રકરણમાં તો ફક્ત પાણી પુરૂષ થઈ જાય છે એવું જણાવ્યું છે, તો પછી એમાં સઘળાં સૂક્ષ્મ તત્વો પણ રહે છે એવું કેવી રીતે સમજી શકાય ? ઉપનિષદમાં કેવળ પાણીના જ નામનો ઉલ્લેખ કરેલો છે ! એવી વિચારસરણીના સ્પષ્ટીકરણરૂપે આ સૂત્રની રચના થઈ છે.

છાંદોગ્ય ઉપનિષદમાં સૃષ્ટિની ઉત્પત્તિના વર્ણન વખતે જણાવ્યું છે કે પરમાત્માએ ત્રણે તત્વોનું સંમિશ્રણ કરીને નામ તથા રૂપની ઉત્પત્તિ કરી. એ વર્ણનમાં ત્રણ તત્વોના સંમિશ્રણ દ્વારા સઘળાં તત્વોનું સંમિશ્રણ થયું છે એવું સમજી લેવાનું છે. વીર્યમાં બધાં જ ભૌતિક તત્વો રહેતાં હોય છે તો પણ પાણીની અધિકતા હોવાથી એના નામથી એનું વર્ણન કરેલું છે. એ વર્ણન શરીરનાં બીજભૂત સઘળાં તત્વોને લક્ષ્ય કરીને કરવામાં આવ્યું છે. એ ઉપરાંત એક શરીરમાંથી બીજા શરીરમાં જતી વખતે જીવાત્મા પ્રાણમાં સ્થિત થઈને જાય છે અને પ્રાણને પાણીમય કહે છે એટલે એ રીતે પાણીને પુરૂષમય કહેવાનું બરાબર જ છે.

**३. प्रणगतेश्च ।**

અર્થ

પ્રાણગતેઃ = જીવાત્માની સાથે પ્રાણોના ગમનનું વર્ણન હોવાથી.

ચ = પણ.

<u>ભાવાર્થ</u>

ઉપનિષદમાં જીવાત્માની સાથે પ્રાણ અને મન તથા ઈન્દ્રિયોના ગમનનું વર્ણન કરવામાં આવ્યું છે. એ વર્ણન પરથી સાબિત થાય છે કે જીવાત્મા એક શરીરમાંથી બીજા શરીરમાં જાય છે ત્યારે બીજરૂપે રહેલાં સઘળાં સૂક્ષ્મ તત્વોની સાથે જતો હોય છે.

પ્રશ્નોપનિષદમાં આશ્વલાયન મુનિએ મહર્ષિ પિપ્પલાદને પ્રાણના સંબંધમાં થોડાક પ્રશ્નો પૂછ્યા છે. એમાંના એક પ્રશ્નના ઉત્તરમાં મહર્ષિ પિપ્પલાદે જણાવ્યું છે કે શરીરમાંથી ઉદાન વાયુ બહાર નીકળે છે ત્યારે શરીર ઠંડુ પડી જાય છે. એ વખતે જીવાત્મા મનમાં વિલીન થયેલી ઈન્દ્રિયોને લઈને ઉદાન વાયુની સાથે બીજા શરીરમાં ચાલ્યો જાય છે. એ વખતે જીવાત્મા પોતાના સંકલ્પ ને મન તથા ઈન્દ્રિયોની સાથે પ્રાણમાં સ્થિત બને છે. એ પ્રાણ ઉદાનની સાથે મળીને જીવાત્માને એના સંકલ્પ પ્રમાણેની જુદી જુદી યોનિમાં લઈ જાય છે.

એ વર્ણન જીવાત્મા સઘળાં સૂક્ષ્મ તત્વોની સાથે શરીરને છોડીને ગમન કરે છે એ હકીકતનું સમર્થન કરે છે.

**૪. अग्न्यादिगतिश्रुतेरिति चेन् भाक्तत्वात् ।**

<u>અર્થ</u>

ચેત્ = જો કહેતા હો કે.

અગ્ન્યાદિગતિશ્રુતેઃ = બીજી શ્રુતિમાં અગ્નિ આદિમાં પ્રવેશ કરવાની વાત કહી છે એટલા માટે (એવું સિદ્ધ નથી થતું.)

ઈતિ ન = તો એવું બરાબર નથી.

ભાક્તત્વાત્ = કારણ કે એ શ્રુતિ અન્ય વિષયક હોવાથી ગૌણ છે.

<u>ભાવાર્થ</u>

બૃહદારણ્યક ઉપનિષદમાં આવતા વર્ણનમાં આર્તભાગ અને યાજ્ઞવલ્કયનો સંવાદ છે. એ સંવાદમાં જણાવ્યું છે કે 'મરણ દરમિયાન વાણી અગ્નિમાં વિલીન થાય છે ને પ્રાણવાયુમાં.' એથી બધાં તત્વો પોતપોતાના કારણમાં વિલીન બની જતાં હોવાથી જીવાત્મા એ તત્વોની સાથે ગમન કરે છે એવું માનવું-મનાવવું બરાબર નથી, એવું જો કોઈ કહેતું હોય તો તે કથન ઠીક નથી. કારણ કે પ્રશ્નના રૂપમાં વ્યક્ત કરાયલા એ વિચારોનો યાજ્ઞવલ્કયે ઉત્તરના રૂપમાં સ્વીકાર નથી કર્યો. એટલે ઉપનિષદનો એ ઉલ્લેખ પ્રશ્નવિષયક હોવાથી ગૌણ છે. એ પ્રશ્નનો ઉત્તર યાજ્ઞવલ્કયે સભાની વચ્ચે આપવાને બદલે આર્તભાગને સભાની બહાર એક બાજુ લઈ જઈને આપ્યો છે.

**૫. प्रथमेऽश्रवणादिति चेन्न ता एव पपत्तेः ।**

<u>અર્થ</u>

ચેત્ = જો કહેતા હો કે.

પ્રથમે = પ્રથમ આહુતિના વર્ણનમાં.

અશ્રવણાત્ = (પાણીનું નામ) સાંભળવામાં નથી આવ્યું એટલે (અંતે એવું) કહેવું કે પાંચમી આહુતિમાં પાણી પુરૂષ નામવાળું થઈ જાય છે તે વિરૂદ્ધ છે.

ઈતિ ન = તો એવું નથી.

હિ = કેમ કે.

ઉપપત્તેઃ = પૂર્વા પર સંબંધથી (સિદ્ધ થાય છે કે)

એવ = (ત્યાં) શ્રદ્ધાના નામે એ પાણીનું જ કથન કરવામાં આવ્યું છે.

ભાવાર્થ

ઉપનિષદ ઉપર્યુક્ત પ્રકરણમાં પ્રથમ આહુતિના વર્ણન વખતે પાણીના નામનો નિર્દેશ નથી કરવામાં આવ્યો પરંતુ શ્રદ્ધાનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેથી બધું એનું જ પરિણામ છે, અને પાંચમી આહુતિમાં પાણી જ પુરૂષનું નામ ધારણ કરે છે એવું વિધાન બરાબર નથી અને વિરોધી લાગે છે, એવું કહેવામાં આવે તો એવું કથન યોગ્ય નથી. કારણ કે ત્યાં જે શ્રદ્ધા શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે શબ્દ સંકલ્પમાં સ્થિત પાણી વિગેરે સમસ્ત સૂક્ષ્મ તત્વોનો સૂચક છે. જીવાત્માની ગતિ એના છેવટના સંકલ્પને અનુસરીને થતી હોય છે અને એ ગતિ પ્રાણ દ્વારા જ થતી હોય છે. ઉપનિષદમાં પ્રાણને પ્રાણીમય કહ્યા છે. એટલે સંકલ્પ પ્રમાણેના પ્રાણમાં રહેનારા સૂક્ષ્મ તત્વોના સમુદાયનો જ ત્યાં શ્રદ્ધાના નામથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સૌથી પહેલાં શ્રદ્ધાના નામથી જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એનું જ વર્ણન છેવટે પાણીના નામથી થયેલું હોવાથી એ બંનેની વચ્ચે કશું વિરોધ જેવું નથી દેખાતું.

**૬. अश्रुतत्वादिति चेन्नेष्टार्दिकारिणां प्रतीतेः ।**

અર્થ

ચેત્ = જો એવું કહેવામાં આવે કે.

અશ્રુતત્વાત્ = શ્રુતિમાં જીવાત્માનું તત્વોની સાથે ગમનનું વર્ણન નથી મળતું એટલા માટે (જીવાત્મા એમની સાથે જાય છે એવું કહેવાનું તર્ક સંગત નથી.)

ઈતિ ન = તો એ વાત બરાબર નથી.

ઈષ્ટાદિકારિણામ્ = (કારણ કે) એ જ પ્રસંગમાં શુભાશુભ કર્મ કરવાવાળાનું વર્ણન છે.

પ્રતીતેઃ = એટલે આ શ્રુતિમાં એ શુભાશુભકારી જીવાત્માઓના વર્ણનની પ્રતીતિ સ્પષ્ટ રીતે થઈ શકે છે, તેથી. (એવો વિરોધ અહીં નથી દેખાતો.)

ભાવાર્થ

જો કોઈ એવું કહેતું હોય કે એ પ્રકરણમાં શરીરને છોડીને જનારો જીવાત્મા એ તત્વોને લઈને જાય છે એવું વર્ણન નથી કરવામાં આવ્યું. પરંતુ પાણીના નામથી તત્વોનું જ પુરૂષરૂપમાં પલટાવાનું કહેવામાં આવ્યું છે, તેથી જીવાત્મા તત્વોની સાથે એક શરીરમાંથી બીજા શરીરમાં જાય છે એવું ના કહેવું જોઈએ, તો એ કથન બરાબર નથી. કારણ કે છાંદોગ્ય ઉપનિષદના એ જ પ્રકરણમાં આગળ પર જણાવવામાં આવ્યું છે કે શુભ

કર્મ કરનારાને ઉત્તમ યોનિની અને અશુભ કર્મ કરનારાને અધમ યોનિની પ્રાપ્તિ થાય છે. એ વર્ણન પરથી પુરવાર થાય છે કે શુભાશુભ કર્મ કરનારો જીવાત્મા એ તત્વોની સાથે એક શરીરમાંથી બીજા શરીરમાં પ્રયાણ કરે છે. એવી રીતે એ પ્રકરણની વિચારધારામાં કશો દોષ નથી દેખાતો.

**૭. भाक्तं वानात्मवित्त्वात्तथा हि दर्शयति ।**

અર્થ

અનાત્મવિત્વાત્ = એ લોકે આત્મજ્ઞાની નહિ હોવાથી (આત્મજ્ઞાની કરતાં એમની હીનતા બતાવવા માટે.

વા = જ.

ભાક્તમ્ = એમને દેવોનું અન્ન કહેનારી શ્રુતિ ગૌણ છે.

હિ = કારણ કે

તથા = એવી રીતે (એમની હીનતાના અને સ્વર્ગલોકમાં વિવિધ ભોગોના ઉપભોગને) પણ.

દર્શયતિ = શ્રુતિ કહી બતાવે છે.

ભાવાર્થ

ઉપનિષદમાં સકામ ભાવથી શુભ કર્મ કરનારાને સ્વર્ગ પ્રાપ્તિ થાય છે એવું જણાવવામાં આવ્યું છે તેની સાથે એવું પણ કહ્યું છે, કે સ્વર્ગમાં જનારો એ પુરૂષ દેવોનું અન્ન છે અને દેવો એનું ભક્ષણ કરે છે. એનો અર્થ તો એવો થયો કે દેવોના ભક્ષ્યને બરાબર હોવાને લીધે એ પુરૂષથી સ્વર્ગમાં રહી શકાશે જ નહિ. એવી વિચારસરણીના અનુસંધાનમાં એનું સ્પષ્ટીકરણ કરતાં કહેવામાં આવે છે કે શુભ કર્મ કરીને સ્વર્ગપ્રાપ્તિ કરનારા આત્મજ્ઞાન વગરના પુરૂષની આત્મજ્ઞાની પુરૂષની સરખામણીમાં હીનતા બતાવવા માટે જ બૃહદારણ્યક ઉપનિષદમાં એમને દેવોના અન્ન કહેવામાં આવ્યા છે.

દેવો તો અમૃતપાનથી જ પરિતૃપ્તિને અનુભવતા હોવાથી એમને માટે કોઈનું ભક્ષણ કરવાનો પ્રશ્ન જ નથી પેદા થતો. સ્વર્ગમાં જનારા પુરૂષો દેવોના ભોગ્ય કે સેવક હોય છે એવું દર્શાવવા માટે જ એમને દેવોના ભક્ષ્ય માનવામાં આવ્યા છે. જો સ્વર્ગમાં જનારા પુરૂષો દેવોના ભક્ષ્ય હોય ને દેવો એમનું ભક્ષણ કરી જતા હોય એવો ઉપનિષદનો સૂચિતાર્થ હોય તો એ જ ઉપનિષદ એવું ના કહે કે સત્કર્મો દ્વારા સ્વર્ગની પ્રાપ્તિ કરીને પુરૂષ ત્યાં વાસ કરે છે. એનું એવું કથન તદ્દન મિથ્યા જ ઠરે અથવા અર્થ વગરનું સાબિત થાય. એટલા માટે એવા અકારણ અનુચિત અર્થઘટનને બદલે એ શબ્દોના ભાવાર્થને જ ગ્રહણ કરવો જોઈએ. એવા ભાવાર્થ દ્વારા ઉપનિષદના હાર્દને સારી પેઠે સમજી શકાય છે.

ગીતામાં પણ જણાવ્યું છે કે 'વિશાળ સ્વર્ગલોકના ભોગોને ભોગવીને પુણ્યનો ક્ષય થતાં એ પુરૂષો મૃત્યુ લોકમાં પ્રવેશ કરે છે. એવી રીતે વેદોક્ત ધર્મનું આચરણ કરનારા એ પુરૂષો ભોગરત બનીને આવાગમનને પ્રાપ્ત કરે છે.'

ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।
एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते ॥ (અધ્યાય ૯, શ્લોક ૨૧)

એ કથન પણ ઉપનિષદની સ્વર્ગવિષયક વિચારસરણીનું સમર્થન કરે છે.

**૮. कृतात्ययेऽनुशयवान्दृष्टस्मृतिभ्यां यथेतमनेवं च ।**

અર્થ

કૃતાત્યયે = કરેલાં પુણ્ય કર્મોનો નાશ થતાં.

અનુશયવાન્ = શેષ સંસ્કારવાળો (જીવાત્મા)

યથેતમ્ = જ્યાંથી ગયેલો તે જ માર્ગથી.

ચ = અથવા.

અનેવમ્ = એથી ભિન્ન કોઈ બીજી રીતે પાછો આવે છે.

દૃષ્ટસ્મૃતિભ્યામ્ = શ્રુતિ તથા સ્મૃતિથી (એ જ સિદ્ધ થાય છે.)

ભાવાર્થ

પુણ્યકર્મોના ફળનો ઉપયોગ કરવા માટે જીવાત્મા સ્વર્ગલોકમાં જાય છે અને એ કર્મોનો ક્ષય થતાં એ ફરી પાછો મૃત્યુલોકમાં પ્રવેશ કરે છે એવા વિધાનના અનુસંધાનમાં શંકા થાય છે. સ્વર્ગલોકમાં જીવાત્માનાં સમસ્ત પુણ્યકર્મોનો ક્ષય થાય છે કે પછી એનો કોઈક અંશ બાકી રહે છે ! એ શંકાનો ઉત્તર એટલો જ છે કે જે પુણ્યકર્મોના ફળોપભોગને માટે સ્વર્ગલોકની પ્રાપ્તિ થઈ હોય છે તે પુણ્યકર્મો સિવાયના બીજા સત્કર્મો શેષ રહે છે, અને એ શેષ રહેલા સત્કર્મ સંસ્કારો સાથે જીવાત્મા મૃત્યુલોકમાં પાછો ફરે છે. સ્વર્ગલોકમાંથી પાછા ફરતી વખતે જીવાત્મા જે માર્ગનો આધાર લઈને સ્વર્ગલોકમાં ગયો હોય છે એ જ માર્ગથી અથવા બીજા માર્ગથી પાછો ફરે છે એવું ઉપનિષદમાં કહેલું છે. ગૌતમ સ્મૃતિમાં પણ આવાગમનની એ પ્રક્રિયાની પુષ્ટિમાં કહેવામાં આવ્યું છે કે 'જે વર્ણાશ્રમી માનવ પોતાના કર્મોનું સમ્યક્ અનુષ્ઠાન કરે છે તે માનવ અહીંથી સ્વર્ગલોકમાં જઈને ત્યાં કર્મોના ફળોનો ઉપભોગ કરીને શેષ રહેલાં કર્મોને અનુસરીને ઉત્તમ જન્મ, કુળ તથા રૂપાદિની પ્રાપ્તિ કરે છે.'

**૯. चरणादिति चेन्नोपलक्षणार्थेति कार्ष्णाजिनिः ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે.

ચરણાત્ = ચરણ શબ્દનો પ્રયોગ કરાયો હોવાથી. (એ શેષ કર્મસંસ્કારોની સાથે આવે છે એવું કહેવાનું બરાબર નથી)

ઈતિ ન = તો એવું નથી સમજવાનું.

ઉપલક્ષણાર્થા = કારણ કે એ કથન અનુશય અથવા શેષ કર્મસંસ્કારોનું ઉપલક્ષણ કરવા માટે છે.

ઈતિ = એ વાત.

કાર્ષ્ણાજિનિઃ = કાર્ષ્ણાજિનિ નામના આચાર્ય પણ કહી બતાવે છે.

ભાવાર્થ

**रमणीयचरणाः** ઈત્યાદિ શ્રુતિમાં જે ચરણ શબ્દનો પ્રયોગ જોવા મળે છે તે કર્મસંસ્કારોને વાચક નથી ને કર્મસંસ્કારોને માટે વાપરવામાં નથી આવ્યો, એટલા માટે સ્વર્ગલોકમાંથી પાછા ફરતી વખતે જીવાત્મા શેષ રહેલા કર્મસંસ્કારોની સાથે પાછો ફરે છે એવું કહેવાનું બરાબર નથી.' એવી વિરોધી દલીલના ઉત્તરમાં જણાવવામાં આવે છે કે **रमणीयचरणाः** પદમાં જે ચરણ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે તે પ્રયોગ જીવાત્મા શેષ રહેલા કર્મસંસ્કારોને લઈને પાછો ફરે છે એવું સૂચવવા માટે જ કરવામાં આવ્યો છે. આચાર્ય કાર્ષ્ણાજિનિનો એવો અભિપ્રાય છે. એટલે જીવાત્મા શેષ રહેલા કર્મસંસ્કારોની સાથે સ્વર્ગલોકમાં સત્કર્મોના ફળોપભોગ પછી પાછો ફરે છે એવું માનવામાં કોઈ પ્રકારનો દોષ નથી પેદા થતો.

**१०. आलर्थक्यमिति चेन्न तदपेक्षत्वात् ।**

<u>અર્થ</u>

ચેત્ = જો કહેતા હો કે.

આનર્થક્યમ્ = (કોઈ પણ પ્રકારના કારણ વિના ઉપલક્ષણના રૂપમાં ચરણ શબ્દનો પ્રયોગ કરવાનું) નિરર્થક છે.

ઈતિ ન = તો એવું કથન ઠીક નથી.

તદ્દપેક્ષત્વાત્ = કારણ કે કર્માશયમાં આચરણ આવશ્યક છે.

<u>ભાવાર્થ</u>

જો કોઈ એવું કહેતું હોય કે ચરણ શબ્દનો પ્રયોગ શેષ કર્મસંસ્કારોના ઉપલક્ષણના રૂપમાં નથી કરવામાં આવ્યો તો તેવું કથન આદર્શ અથવા બરાબર નથી. કારણ કે કર્મસંસ્કાર રૂપ અનુસાર શુભાશુભ આચરણ અથવા કર્મોથી જ બની શકે છે. કર્માશયને માટે આચરણની આવશ્યક્તા હોય છે જ. એટલે ચરણ શબ્દનો પ્રયોગ ત્યાં નિરર્થક કરવામાં આવ્યો છે એવું નથી માની શકાતું. એ પ્રયોગ સહેતુક છે અને સાર્થક રીતે કરવામાં આવ્યો છે.

**११. सुकृतदुष्कृते एवति तु बादरिः ।**

<u>અર્થ</u>

બાદરિઃ તુ = બાદરિ આચાર્ય તો.

ઈતિ = એવું (માને છે કે.)

સુકૃતદુષ્કૃતે = એ પ્રકરણમાં ચરણ શબ્દ દ્વારા શુભાશુભ કર્મ.

એવ = જ કહેલાં છે.

<u>ભાવાર્થ</u>

આ સૂત્રમાં આચાર્ય બાદરિના અભિપ્રાયને ટાંકતા જણાવવામાં આવે છે કે આચાર્ય બાદરિ તો કહે છે કે ચરણ શબ્દને ઉપલક્ષણ માનવાની કોઈ જ આવશ્યક્તા નથી, ત્યાં રમણીય ચરણ શબ્દ પુણ્ય કર્મોને માટે અને કપૂય ચરણ શબ્દને પાપ કર્મોને માટે વપરાયેલો છે. રમણીય ચરણ શુભ કર્માશયવાળા ને કપૂય ચરણ

અશુભ કર્માશયવાળાને કહેવામાં આવે છે. એ શબ્દપ્રયોગ દ્વારા સ્પષ્ટ થાય છે કે જીવાત્મા શેષ રહેલા કર્મસંસ્કારોની સાથે જ પાછો આવે છે.

**१२. अनिष्टादिकारिणामपि च श्रुतम् ।**

અર્થ

ચ = પરંતુ.

અનિષ્ટાદિકારિણામ્ = અશુભ આદિ કર્મ કરનારાનું

અપિ = પણ (ચન્દ્રલોકમાં જવાનું)

શ્રુતમ્ = વેદમાં સાંભળવામાં આવ્યું છે.

ભાવાર્થ

કૌષીતકિ બ્રાહ્મણોપનિષદમાં જણાવ્યું છે કે 'જે કોઈ પણ આ લોકમાંથી જાય છે તે બધા ચંદ્રમાને જ પ્રાપ્ત કરે છે.' **ये चैके चास्माल्लोकात् प्रयन्ति चंद्रमसमेव ते सर्वे गच्छन्ति ।**

એના ઉપરથી તો એવું લાગે છે કે બધા જ ચંદ્રલોકની પ્રાપ્તિ કરી લે છે. કારણ કે એ ઉપનિષદમાં એવો નિર્દેશ નથી કરવામાં આવ્યો કે શુભ કર્મ કરનારને જ ચંદ્રલોકની પ્રાપ્તિ થાય છે અને અશુભ કર્મ કરનારાને નથી થતી. વેદ અથવા ઉપનિષદમાં અન્યત્ર એવું કહેવામાં આવ્યું છે કે ઈષ્ટાપૂર્ત અને યજ્ઞદાનાદિ શુભ કર્મોનું અનુષ્ઠાન કરવાવાળા ધૂમમાર્ગથી ચંદ્રલોકમાં પ્રવેશ કરે છે. એ કથન સાથે ઉપર્યુક્ત શ્રુતિ વચનનો વિરોધ દેખાય છે એવું નથી લાગતું ?

આ સૂત્રમાં પૂર્વપક્ષીએ કરેલી શંકાનું હવે પછીના સૂત્રમાં સંતોષકારક રીતે સમાધાન કરવામાં આવે છે.

**१३. संयमने चनुभूयेतरेषामोराहावरोहौ तद्गतिदर्शनात् ।**

અર્થ

તુ = પરંતુ.

ઈતરેષામ્ = બીજાનું અથવા પાપકર્મ કરનારાનું.

સંયમને = યમલોકમાં.

અનુભૂય = પાપ કર્મોના ફળને ભોગવ્યા પછી.

આરોહ્યવરોહૌ = ચઢવા-ઉતરવાનું અથવા આરોહણ- અવરોહણ થાય છે.

તદ્દગતિદર્શનાત્ = કારણ કે શ્રુતિમાં એમની ગતિનું એવું જ વર્ણન જોવા મળે છે.

ભાવાર્થ

ઉપનિષદમાં ચંદ્રલોકની પ્રાપ્તિનું વર્ણન કરવામાં આવ્યું છે ત્યાં એવું નથી કહેવામાં આવ્યું કે અશુભ કર્મ કરનારા મનુષ્યો પણ ચંદ્રલોકની પ્રાપ્તિ કરી લે છે. એટલે શુભ કર્મ કરનારાને ચંદ્રલોકની પ્રાપ્તિ થાય છે એ ચોક્કસ છે. વળી ચંદ્રલોકમાં શુભ કર્મોના જ ફળોપભોગને માટે જવાનું હોય છે એટલે અશુભ અથવા

પાપ કર્મોવાળા મનુષ્યો ત્યાં નથી જઈ શકતા એવું આપોઆપ ફલિત થાય છે. અશુભ અથવા પાપ કર્મ કરનારા મનુષ્યો એ કર્મોના ફળને ભોગવવા માટે ચંદ્રલોકમાં નથી જતા પરંતુ યમલોકમાં જાય છે. એ લોકમાં રહીને પોતાનાં કુકર્મોના ફળને ભોગવી લીધા પછી એ ફરી પાછા મૃત્યુલોકમાં જન્મે છે ને મૃત્યુલોકમાં શુભાશુભ કર્મો અનુસરીને સારી કે નરસી, ઉત્તમ અથવા અધમ ગતિની પ્રાપ્તિ કરે છે. અથવા ઉપનિષદમાં કર્મોને અનુસરીને થનારી એવી વિરોધી ગતિનું વર્ણન આવે છે.

કૌષીતકિ બ્રાહ્મણોપનિષદમાં ચંદ્રલોકમાં જવાની જે વાત કરવામાં આવી છે તે વાત કેવળ સત્કર્મ પરાયણ કે પુણ્યશાળી આત્માઓને માટે જ કરવામાં આવી છે. એવી રીતે સમજવામાં આવશે તો એ વિષયને લગતાં ઉપનિષદ વચનોમાં કશો વિરોધ નહિ લાગે.

**१४. स्मरन्ति च ।**

અર્થ

ચ = અને.

સ્મરન્તિ = સ્મૃતિમાં પણ એનું સમર્થન કરવામાં આવ્યું છે.

ભાવાર્થ

અશુભ અથવા પાપકર્મ કરનારા માનવોને આસુરી યોનિની અથવા નરકની પ્રાપ્તિ થાય છે. એવું ગીતા જેવા સ્મૃતિ ગ્રંથમાં પણ સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે. ગીતાના સોળમાં અધ્યાયમાં કહ્યું છે કે 'સંસારમાં અધમ--નરાધમ એવા એ દુષ્ટ ને ક્રૂર માનવોને હું અશુભ અને આસુરી યોનિમાં અવારનવાર નાખ્યા કરું છું. એવા આસુરી યોનિને પામનારા મૂઢ માનવો હે અર્જુન, મને મેળવ્યા વિના જન્મે જન્મે અધમ ગતિની પ્રાપ્તિ કરે છે. સ્મૃતિની વિચારસરણી શ્રુતિને અનુરૂપ જ છે.

**१५. अपि च सप्त ।**

અર્થ

અપિ ચ = એ સિવાય.

સપ્ત = પાપકર્મના ફળને ભોગવવા માટે મુખ્યત્વે સાત નરકનું પણ વર્ણન છે.

ભાવાર્થ

પુરાણ ગ્રંથોમાં જુદાં જુદાં રૌરવાદિ મુખ્યત્વે સાત નરકનું વર્ણન જોવા મળે છે. એ નરકમાં પડીને જુદી જુદી યાતનાઓને કોણ ભોગવે છે ? કુકર્મપરાયણ અથવા પાપી મનુષ્યો. સત્કર્મ પરાયણ પુણ્યાત્મા પુરૂષોને માટે તો એવાં નરકોમાં જવાનો કોઈ પ્રશ્ન જ નથી પેદા થતો. નરકનું એવું વર્ણન પણ પાપ કર્મવાળા મનુષ્યોની ઘોર દુર્ગતિનું સૂચન કરે છે.

**१६. तत्रापि च तद्व्यापारादविरोधः ।**

અર્થ

ચ = અને.

તત્ર = એ યાતનાનાં સ્થાનોમાં.

અપિ = પણ.

તદ્વ્યાપારાત્ = એ યમરાજની જ આજ્ઞાનુસાર કાર્ય થતું હોવાથી.

અવરોધઃ = કોઈ જાતનો વિરોધ નથી.

ભાવાર્થ

નરકોનું વર્ણન કરનારા ગ્રંથોમાં કહ્યું છે કે નરકોમાં ચિત્રગુપ્ત તથા બીજા અધિકારી રહે છે તો પછી યમદેવનું સ્થાન ક્યાં રહ્યું ? નરકોમાં એ અધિકારીઓનું વર્ચસ્વ હોય છે કે યમદેવનું ? એનો ઉત્તર આપતાં આ સૂત્ર દ્વારા કહેવામાં આવે છે કે નરકમાં ચિત્રગુપ્તાદિ જે જુદા જુદા અધિકારી રહે છે તે ત્યાંના સર્વ સૂત્રધાર અથવા નિયામક યમદેવની સૂચના અથવા આજ્ઞાનુસાર જ વર્તે છે. એ બધા યમદેવના હાથ નીચે રહીને કામ કરતા હોવાથી એમની અને યમદેવની વચ્ચે કશો ગજગ્રાહ કે વિરોધ નથી પેદા થતો. એવા ગજગ્રાહ કે વિરોધની કલ્પના પણ નિરર્થક છે.

**૧૭. विद्याकर्मणोरिति तु प्रकृतत्वात् ।**

અર્થ

વિદ્યા કર્મણો= જ્ઞાન અને શુભ કર્મ બંનેના.

તુ = જ.

પ્રકૃતત્વાતાત્ = પ્રકરણને લીધે.

ઈતિ = એવું કથન યોગ્ય જ છે.

ભાવાર્થ

એવું માનીએ તો પણ સૌ કોઈને માટે ચંદ્રલોકમાં જવાનું જે કથન જોવા મળે છે તેનું શુ સમજવું ? એના ઉત્તરમાં અહીં ફરી કહે છે કે કૌષીતકિ ઉપનિષદમાં જ્ઞાન તથા શુભ કર્મોનું ફળ બતાવનારૂં જે પ્રકરણ છે તેમાં જ એ ફળનો નિર્દેશ કરેલો છે. તેમાં અશુભ કર્મ કરનારાનો કશો ઉલ્લેખ જ નથી કરવામાં આવ્યો. એટલે એમને માટેની ગતિ પ્રાપ્તિનો કોઈ પ્રશ્ન જ નથી પેદા થતો. ઉપનિષદનું એ આખું પ્રકરણ શુભ કર્મ કરનારા મનુષ્યોનું અને એમની ઉત્તમ ગતિનું હોવાથી શુભ કર્મ કરનારાને જ ચંદ્રલોકની પ્રાપ્તિ થાય છે એવો સ્પષ્ટ નિર્દેશ એમાંથી મળી રહે છે.

**૧૮. न तृतीये तथोपलब्धेः ।**

અર્થ

તૃતીયે = ત્યાં કહેલી ત્રીજી ગતિમાં.

ન = (યમલોક ગમનની ગતિનો) અંતર્ભાવ નથી થતો. તથા

ઉપલબ્ધેઃ = કારણ કે એ વર્ણનમાં એવી જ વાત મળે છે.

ભાવાર્થ

કઠોપનિષદમાં પાપી જનોને માટે યમલોકમાં જવાનું કહ્યું છે તે છાંદોગ્ય ઉપનિષદમાં કહેલી ત્રીજી ગતિની અંતર્ગત છે કે અલગ છે, એના સ્પષ્ટીકરણ માટે આ સૂત્રની રચના થઈ છે. છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે દેવયાન તથા પિતૃયાન માર્ગ દ્વારા ઊર્ધ્વલોકોમાં નથી જતા તે જીવો ક્ષુદ્ર તથા વારંવાર જન્મવા ને મરવાવાળા હોય છે. આ મૃત્યુલોક જ એમનું ત્રીજું સ્થાન છે.' આ કથન દ્વારા સ્પષ્ટ રીતે સમજાય છે કે એમાં મૃત્યુલોકની જ વાત કહેવામાં આવી છે. યમલોક જેવા કોઈ બીજા લોક વિષેની વાત નથી કરવામાં આવી એટલે યમલોકનો કે નરકનો સમાવેશ છાંદોગ્ય ઉપનિષદની ત્રીજી ગતિમાં નથી થતો. એ બંને જુદાંજુદાં છે.

**१९. स्मर्यतेऽपि च लोके ।**

અર્થ

સ્મર્યતે = સ્મૃતિમાં એવું સમર્થન કરેલું છે.

ચ = અને.

લોકે =લોકોમાં.

અપિ = પણ. (એ વાત પ્રસિદ્ધ છે.)

ભાવાર્થ

પુરાણ ગ્રંથોમાં યમલોક અથવા નરકનું વર્ણન વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે. એમાં જનારા જીવોને ભોગવવી પડતી યાતનાઓનો ચિતાર પણ ગ્રંથોમાં સારી રીતે આપવામાં આવ્યો છે. એ લોકમાં અથવા નરકમાં જવું એ જીવની ભયંકર અધોગતિ છે. એમાંથી છૂટીને એ જીવો પુનઃ મૃત્યુલોકમાં પ્રવેશે એ એમની ઉન્નતિ કહી શકાય અને ફરીવાર નરકમાં પ્રવેશે એને એમની અવનતિ તરીકે ઓળખાવી શકાય. જીવોની કર્માનુસાર થતી એવી અધોગતિનું વર્ણન ગીતા જેવા સ્મૃતિ ગ્રંથમાં જોવા મળે છે અને લોકોમાં પણ પ્રસિદ્ધ છે. એટલે વર્ણન વિશ્વસનીય તથા પ્રમાણભૂત ઠરે છે. ગીતાના ચૌદમાં અધ્યાયમાં જણાવ્યું છે કે 'સત્વ ગુણમાં સ્થિતિ કરીને મૃત્યુ પામનારા માનવો ઉપરના લોકોમાં જાય છે, રાજસી માનવો વચ્ચે એટલે કે મનુષ્ય લોકમાં જ રહે છે અથવા જન્મે છે, અને તમોગુણની હલકી વૃત્તિમાં રહેનારા માનવો નીચેના લોકોમાં અથવા અધમ મનાતી યોનિઓમાં પ્રવેશે છે.'

उर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।
जधन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ॥

**२०. दर्शनाच्च ।**

અર્થ

દર્શનાત્ = શ્રુતિમાં પણ એવું વર્ણન જોવા મળે છે એટલા માટે.

ચ=પણ.

ભાવાર્થ

ઉપનિષદમાં પણ જીવોની એવી દુર્ગતિનું અથવા અધોગતિનું વર્ણન સ્પષ્ટ રીતે કરવામાં આવ્યું છે. ઈશાવાસ્ય ઉપનિષદ જણાવે છે કે 'અસુરોના પ્રસિદ્ધ લોકો દુઃખ, કલેશ તથા અવિદ્યારૂપી ઘોર અંધકારથી ઘેરાયેલા છે. પોતાના આત્માની હત્યા કરનારા મનુષ્યો મર્યા પછી એ લોકોમાં જાય છે.'

असुर्या नाम ते लोका जन्धेन तमसाङ्ग्वृताः ।
तास्ते प्रेत्याभिगच्छन्ति ये के आत्महनो जनाः ॥

**૨૧. तृतीयशब्दावरोधः संशोकजस्य ।**

અર્થ

સંશોકજસ્ય = પરસેવામાંથી પેદા થનારા જીવોનો.

તૃતીય શબ્દાવરોધઃ = ત્રીજા નામવાળી ઉદ્‌ભિજ્જ જાતિમાં સમાવેશ સમજવાનો છે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં જીવોના ત્રણ પ્રકારો કહી બતાવ્યા છે - અંડજ, જીવજ અને ઉદ્‌ભિજ્જ. પરંતુ બીજે ઠેકાણે પરસેવામાંથી પેદા થયેલા સ્વેદજ જીવોનો પણ ઉલ્લેખ જોવા મળે છે. તો પછી છાંદોગ્ય ઉપનિષદના એ કથનમાં સ્વેદજ જીવોનું નામ કેમ નથી, એવા સંભવિત પ્રશ્નના પ્રત્યુત્તરમાં આ સૂત્ર દ્વારા જણાવવામાં આવે છે કે જીવો ચાર જાતના હોય છે એ વાત બરાબર છે, અને છાંદોગ્ય ઉપનિષદમાં કહેલી એમની ત્રણ શ્રેણીઓમાંની ત્રીજી શ્રેણીમાં એટલે કે પૃથ્વીને તોડીને પેદા થનારા ઉદ્‌ભિજ્જ જીવોમાં સ્વેદજ જીવોનો સમાવેશ થઈ જતો હોવાથી એમનો અલગ ઉલ્લેખ નથી કરવામાં આવ્યો. પૃથ્વી અને પાણીના સંયોગથી પેદા થનારા એ બંને જાતના જીવોને એક જ શ્રેણીમાં સમાવી લેવામાં આવ્યા છે તે બરાબર જ છે. એમાં કશું ખોટું નથી થયું.

**૨૨. तत्साभाव्यापत्ति रूपपत्तेः ।**

અર્થ

તત્સાભાવ્યાપત્તિ = એમના જેવા ભાવની પ્રાપ્તિ થાય છે.

ઉપપત્તેઃ = એ વાત યુક્તિપ્રયુક્તિથી સિદ્ધ થાય છે માટે.

ભાવાર્થ

આ સૂત્રમાં વિષય બદલાય છે. છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે સ્વર્ગલોકમાંથી પાછા ફરનારા જીવો પહેલાં આકાશને પામે છે, અને આકાશથી વાયુ, ધુમ, મેઘ વિગેરે ક્રમથી પેદા થાય છે. એ કથન પરથી જિજ્ઞાસા થાય છે કે આકાશાદિના રૂપમાં જીવ પોતે પરિણીત થાય છે કે એમના જેવો થઈ જાય છે ? એ જિજ્ઞાસાના જવાબમાં જણાવવામાં આવે છે કે સ્વર્ગલોકમાંથી પાછા ફરનારા જીવો આકાશાદિનો આધાર લઈને, એમના જેવો આકાર ધારણ કરીને પાછા ફરે છે. એ આકાશાદિની પેઠે સૂક્ષ્મ બની જાય છે. આકાશાદિ પદાર્થોના રૂપમાં એ પરિવર્તન નથી પામતો, એનું પોતાનું સ્વરૂપ તો કાયમ જ રહે છે. એ સ્વરૂપ કેવળ બીજા પદાર્થો સાથે બંધબેસતું થઈ જાય છે એટલું જ. આકાશાદિ પદાર્થો તો પહેલેથી હોય છે જ અને પાછળથી પણ રહેતો હોય છે.

**२३. नातिचिरेण विशेषात् ।**

અર્થ

વિશેષાત્ = ઉપર જવા કરતાં નીચે ઉતરવાની પરિસ્થિતિમાં ભેદ હોવાને લીધે.

નાતિચિરેણ = જીવ એ આકાશ, વાયુ વિગેરેના રૂપમાં વધારે વખત સુધી ના રહીને ક્રમશઃ નીચે ઉતરી આવે છે.

ભાવાર્થ

સ્વર્ગલોકમાંથી નીચે આવનારા જીવો આકાશાદિ પદાર્થોમાં લાંબા વખત સુધી રહે છે કે પછી તરત જ ક્રમપૂર્વક નીચે ઉતરે છે એના સ્પષ્ટીકરણ માટે અહીં જણાવવામાં આવે છે કે સ્વર્ગલોકમાંથી નીચે આવનારા જીવો આકાશાદિ પદાર્થોમાં લાંબા વખત સુધી રહેવાને બદલે ક્રમપૂર્વક નીચે ઉતરી આવે છે. ઉપર જતી વખતે જીવ કર્મફળોના ઉપભોગ માટે જતો હોવાથી વચ્ચેના લોકોમાં (જો ત્યાં કર્મફળનો ઉપભોગ કરવાનો હોય તો) વિલંબ થઈ શકે છે. પરંતુ પાછા ફરતી વખતે તો કર્મફળનો ઉપભોગ પૂરો થઈ ગયો હોવાથી એવા વિલંબનું કશું કારણ નથી રહેતું.

**२४. अन्याधिष्ठितेषु पूर्ववदमिलाषात् ।**

અર્થ

પૂર્વવત્ = પહેલાંની પેઠે જ.

અભિલાષાત્ = આ કથન હોવાથી.

અન્યાધિષ્ઠિતેષુ = બીજા જીવો પોતાના કર્મફળ ભોગને માટે જેમાં રહેતા હોય છે એવા જવ, તલ, અડદ, ચોખાદિમાં એનો કેવળ સંનિધિમાત્રથી વાસ થતો હોય છે.

ભાવાર્થ

સ્વર્ગલોકથી પાછા આવનારા જીવાત્માઓ આકાશ વિગેરે નથી બનતા પરંતુ એમના જેવા બનીને એમની સાથે જોડાઈ જાય છે એવું આની પહેલાંના સૂત્રમાં કહેવામાં આવ્યું છે તેજ પ્રમાણે પરલોકમાંથી પાછા ફરનારા જીવો જવ, તલ, અડદ અને ચોખાનું રૂપ ધારણ કરે છે એવું જે કહેવામાં આવ્યું છે એનો અર્થ એવો જ કરવાનો છે કે એ જીવો ખરેખર જવ, તલ, અડદ અને ચોખા નથી બનતા. એ બધા પદાર્થોમાં પોતાના કર્મ ફળોને ભોગવવા માટે બીજા જીવો પહેલેથી રહેતા જ હોય છે. ચંદ્રલોકમાંથી કે બીજા ઉત્તમ દિવ્ય લોકમાંથી પાછા ફરનારા જીવો એ બધા પદાર્થો સાથે ભળીને પુરૂષોની અંદર પ્રવેશ કરે છે.

**२५. अशुद्धमिति चेन्न शब्दात् ।**

અર્થ

ચેત્= જો કહેવામાં આવે કે.

અશુદ્ધમ્ = એવું કર્મ તો અશુદ્ધ કહેવાશે.

ઈતિ ન = તો એવું નથી સમજવાનું.

શબ્દાત્ = શ્રુતિના શબ્દોથી એની નિર્દોષતા સાબિત થાય છે.

<u>ભાવાર્થ</u>

કોઈને એવું કહેવાનું મન થાય કે અનાજના દરેક દાણામાં જીવ રહેતો હોવાથી, અનાજને દળવાનું, રાંધવાનું ને ખાવાનું કામ અશુદ્ધ અથવા પાપકર્મ કહેવાશે, તો તેવું માનવાનું બરાબર નથી. છાંદોગ્ય ઉપનિષદમાં પુરૂષને અગ્નિ તરીકે વર્ણવીને એમાં અન્નને હોમવાનું કહ્યું છે અને અન્નને આરોગવાનું જણાવ્યું છે. ઉપનિષદમાં કહ્યું હોવાથી અન્નને આરોગવાથી કશું પાપકર્મ નથી થતું. એ અન્નની અંદર જીવો સુષુપ્તિ અવસ્થામાં રહેતા હોવાથી એમને આરોગવામાં કશું અમંગલ, અશુદ્ધ કે પાપકર્મ નથી થતું. એ કર્મ જીવનના ધારણ પોષણને માટે અનિવાર્ય હોવાથી દોષરહિત છે અને કરવા જેવું છે.

**૨૬. रेतःसिग्योगोऽथ ।**

<u>અર્થ</u>

એ પછી. રેતઃસિગ્યોગઃ = વીર્યથી સંપન્ન પુરૂષની સાથે એનો સંબંધ થાય છે.

<u>ભાવાર્થ</u>

જે અન્નને આરોગવામાં આવે છે એ અન્નની સાથે એ જીવ પુરૂષની અંદર પ્રવેશીને એના વીર્યમાં દાખલ થાય છે, અને એવી રીતે પુરૂષના વ્યક્તિત્વમાં ભળી જાય છે. એવી રીતે પરલોકમાંથી આવનારો એ જીવ આકાશ જેવા પદાર્થોથી માંડીને અન્ન સુધી અને પછી એ અન્નને આરોગનારા પુરૂષ પર્યંત સંયોગથી એકરૂપ બની જાય છે, છતાં પણ એનું પોતાનું સ્વરૂપ તો સ્વતંત્ર જ રહે છે.

**૨૭. योनेः शरीरम् ।**

<u>અર્થ</u>

યોનેઃ = સ્ત્રીની યોનિમાં પ્રવેશ્યા પછી.

શરીરમ્ = એ જીવાત્મા શરીરધારી બને છે.

<u>ભાવાર્થ</u>

પુરૂષના વીર્યમાં દાખલ થયેલો જીવ સ્ત્રીની યોનિમાં પ્રવેશીને પોતાના કર્મસંસ્કારોને અનુસરીને શરીરને પ્રાપ્ત કરે છે, અને પોતાના કર્મોના ફળોપભોગને પ્રીત કરે છે. સ્વર્ગથી ઉતરીને પુરૂષના શરીરમાં પ્રવેશ કરતાં સુધી એનો બીજો જન્મ નથી થતો. મનુષ્ય શરીરમાં રહીને એ જે કર્મો કરે છે તે કર્મો પરથી એના સુખદુઃખનો, એના અભ્યુદય અથવા અધઃપતનનો ને જન્મમરણનો નિર્ણય થાય છે. મનુષ્ય શરીરનો મહિમા એવી રીતે ઘણો મોટો છે.

**અધ્યાય ૩ - પાદ ૧ સંપૂર્ણ**

## અધ્યાય ૩ - પાદ ૨

| | |
|---|---|
| ૧ થી ૬ | સ્વપ્નાની વિચારણા, જીવનો વિચાર. |
| ૭ થી ૧૦ | સુષુપ્તિ અવસ્થા વિષે. |
| ૧૧ થી ૨૬ | પરમાત્માના સવિશેષ તથા નિવિશેષ રૂપનું અને બીજું વર્ણન. |
| ૨૭ થી ૩૩ | ભેદ તથા અભેદનું રહસ્ય. |
| ૩૪ થી ૩૭ | શરીરને લીધે જીવોમાં પારસ્પરિક ભેદ તથા પરમાત્મામાં ભેદનો અભાવ. |
| ૩૮ થી ૪૧ | કર્મોનાં ફળને આપનારા પરમાત્મા જ છે. |

## અધ્યાય ૩ - પાદ ૨

**१. संध्ये सृष्टिराह हि ।**

અર્થ

સંધ્યે = સ્વપ્નામાં પણ જાગૃતિની જેમ.

સૃષ્ટિ = સાંસારિક પદાર્થોની રચના થાય છે.

હિ = કારણ કે.

આહ = શ્રુતિ એવું વર્ણવ્યું છે.

ભાવાર્થ

આ સૂત્રમાં પૂર્વપક્ષીની વિચારણા રજૂ કરવામાં આવી છે.

પૂર્વપક્ષી જણાવે છે કે સ્વપ્નદશા દરમિયાન સૃષ્ટિનું અથવા જુદા જુદા પદાર્થોનું ને વિષયોનું દર્શન થાય છે. જીવ એ પદાર્થોની ને વિષયોની રચના કરીને એમની પ્રતિક્રિયા રૂપે સુખદુઃખ અનુભવે છે, ઉપનિષદમાં એ હકીકતનું સમર્થન કરવામાં આવ્યું છે. બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે 'સ્વપ્નાવસ્થામાં આ જીવાત્મા આ લોકને તથા પરલોકને જુએ છે, ત્યાં આનંદ અને દુઃખ બંનેનો ઉપભોગ કરે છે, અને સ્થૂળ શરીરને સ્વયં સચેત કરીને વાસનામય નવીન શરીરની રચના કરીને જગતને જુએ છે.' વળી 'એ અવસ્થામાં સાચેસાચ ના હોવા છતાં પણ રથ, રથને લઈ જનારા વાહન તથા એના માર્ગની અને આનંદ, મોહ, પ્રમાદ તેમ જ કુંડ, સરોવર અને સરિતાની રચના કરી લે છે.' સ્વપ્નમાં સૃષ્ટિ થાય છે અને એ સૃષ્ટિનો નિર્માતા કે રચયિતા જીવ છે એ બતાવવા માટે આની પછીના બીજા સૂત્રમાં પૂર્વપક્ષી પોતાની વિચારણાને બીજી રીતે રજૂ કરે છે.

**२. निर्मातारं चैके पुत्रादयश्च ।**

અર્થ

ચ = અને.

એકે = એક શાખાવાળા.

નિર્માતારમ્ = પુરૂષને કામનાઓનો નિર્માતા પણ માને છે.

ચ = અને (એમના અભિપ્રાય પ્રમાણે)

પુત્રાદયઃ = પુત્રાદિ જ કામ અથવા કામનાના વિષય છે.

ભાવાર્થ

ઉપનિષદનું અધ્યયન કરવાથી સમજાય છે કે એમાં પુરૂષને કામનાઓનો નિર્માતા કહ્યો છે. પુરૂષ સર્વ પ્રકારના ભોગોની રચના કરે છે. કઠ ઉપનિષદમાં જણાવ્યું છે કે 'આ જુદા જુદા ભોગોની રચના કરનારો પુરૂષ બીજા બધાના સુઈ જવા છતાં જાગતો રહે છે.'

य एष सुप्तेषु जागर्ति कामं कामं पुरूषो निर्मिमाणः ।

એ જ ઉપનિષદ પ્રમાણે પુત્રપૌત્રાદિ કામ અથવા કામનાના વિષય છે.
એ વર્ણનથી સિદ્ધ થાય છે કે સ્વપ્નમાં સૃષ્ટિ છે અને એનું સર્જન જીવ કરે છે.
આગળના સૂત્રમાં પૂર્વપક્ષીની એ માન્યતાનો ઉત્તર આપવામાં આવે છે.

**३. मायामात्रं तु कात्स्न्र्येनानभिव्यक्तस्वरूपत्वात् ।**

અર્થ

તુ = પરંતુ.

કાત્સ્ન્ર્યેન = પૂર્ણ રૂપથી.

અનભિવ્યક્તસ્વરૂપત્વાત્ = એના રૂપની અભિવ્યક્તિ ના હોવાને લીધે.

માયામાત્ર્ = એ માયામાત્ર છે.

ભાવાર્થ

સ્વપ્ન સંબંધી ઉપનિષદમાં વર્ણન કરવામાં આવ્યું છે એ વાત સાચી હોવા છતાં એ પણ એટલું જ સાચું છે કે સ્વપ્નમાં રચાતા તથા દેખાતા પદાર્થો સાચા નથી. એ બધા પદાર્થો અને એમની પ્રતિક્રિયાઓ સ્વપ્નાવસ્થા પૂરતી જ મોટે ભાગે મર્યાદિત હોય છે. સ્વપ્નમાં જાતજાતનાં દૃશ્યો દેખાય છે અથવા અનુભવો થાય છે પરંતુ એ દૃશ્યો અથવા અનુભવો અચોક્કસ અને અપૂર્ણ હોય છે. સ્વપ્નની એ સૃષ્ટિ વાસ્તવિક નથી હોતી, માયાવી હોય છે. કર્મફળનો ઉપભોગ કરાવવાને માટે ભગવાનની અચિંત્ય મહિમામયી શક્તિ જીવને એના સંસ્કારો અને એની વાસના પ્રમાણે એવાં સ્વપ્ન દૃશ્યો બતાવે છે અને સુખદુઃખના વિવિધરંગી અનુભવો કરાવે છે. એ વિશે પ્રશ્નોપનિષદમાં જણાવ્યું છે કે 'જાગ્રત અવસ્થા દરમિયાન, જોયેલી સાંભળેલી અને અનુભવેલી વસ્તુઓને જીવ સ્વપ્નમાં જુએ છે પરંતુ વિચિત્ર રીતે જોયેલી અને સાંભળેલી તથા ના જોયેલી અને ના સાંભળેલી, અનુભવેલી અને ના અનુભવેલી વસ્તુઓને પણ જુએ છે.' સ્વપ્નની એ આખીયે સૃષ્ટિ ઈન્દ્રજાળ- જેવી આશ્ચર્યકારક અને અવાસ્તવિક છે.

કઠ ઉપનિષદને સારી પેઠે વાંચવા-વિચારવામાં આવશે તો સમજાશે કે એમાં પુત્રપૌત્રાદિ કામ કે કામનાના વિષયનો નિર્માતા જીવાત્માને નથી કહ્યો. એના નિર્માતા કે રચયિતા પરમાત્માને જ કહ્યા છે તે બરાબર છે. જો જીવાત્મા જ નિર્માતા હોત તો પોતાની પસંદગી ને રૂચિ પ્રમાણેના પદાર્થો, વિષયો કે દૃશ્યોની રચના સ્વપ્નદશા દરમિયાન કરી લેત. પરંતુ ખરેખર તેવું નથી થતું. એટલે તો સ્વપ્નાવસ્થામાં જે દૃશ્યોને જોવાનું જીવ જરા પણ પસંદ ન કરે તે દૃશ્યો એની આગળ ઉભાં રહે છે. એને જોવાં પડે છે, ને જે દૃશ્યો એને ગમતાં હોય અને અવલોકવાનું એને અનુકૂળ લાગતું હોય, તે દૃશ્યો એની સમક્ષ ભાગ્યે જ મૂર્તિમંત બને છે. એના પરથી સમજાય છે કે સ્વપ્નનાં જુદાં જુદાં દૃશ્યોને જોવાનું એના હાથમાં નથી હોતું. સ્વપ્ન સૃષ્ટિ પર અબાધિત અધિકાર એકમાત્ર પરમાત્માનો છે.

**४. सूचकश्च हि श्रुतेराचक्षते च तद्विदः ।**

અર્થ

સૂચકઃ = સ્વપ્ન ભાવિના શુભાશુભ પ્રસંગનાં સૂચક.

ચ = પણ હોય છે.

હિ = કેમ કે

શ્રુતેઃ = શ્રુતિથી એ સિદ્ધ થાય છે.

ચ = અને

તદ્વિદઃ = સ્વપ્ન શાસ્ત્રને જાણનારા પણ.

આ ચક્ષતે = એવું જણાવે છે.

ભાવાર્થ

ઉપરના વિવેચન પરથી એવું નથી સમજવાનું કે સ્વપ્ન તદ્દન અર્થ અથવા સારરહિત છે. સ્વપ્નશાસ્ત્રમાં રસ લેનારા અને સ્વપ્નશાસ્ત્રોના પારંગત પુરૂષો જણાવે છે કે સ્વપ્નાવસ્થા સીમિત અને અવાસ્તવિક હોવા છતાં પણ સારરહિત નથી હોતી. સ્વપ્ન કેટલીય વાર પ્રેરક, પથપ્રદર્શક, શાંતિદાયક તથા સૂચક હોય છે. એથી કેટલીકવાર ભૂત તથા ભાવિના પ્રસંગોની ઝાંખી થાય છે તથા સાંકેતિક માહિતી મળે છે. છાંદોગ્ય ઉપનિષદ કહે છે કે 'કામકર્મોના પ્રસંગમાં સ્વપ્નોમાં સ્ત્રી દેખાય તો એવા સ્વપ્ન દર્શનને પરિણામે, એના ફળરૂપે સમજવું કે એ કરવામાં આવતા કામ્ય કર્મની સફળતા થશે અને એમાં અભ્યુદય શક્ય બનશે.'

**यदा कर्मसु काम्येषु स्त्रियं स्वप्नेषु पश्यति ।**
**समृद्धि तत्र जानीयात्तस्मिन्  स्वप्ननिदर्शने ॥**

ઐતેરય ઉપનિષદ પણ જણાવે છે કે 'સ્વપ્નમાં જો કાળા દાંતવાળો કાળો પુરૂષ દેખાય તો તે સ્વપ્નદર્શન મૃત્યુનું સૂચક છે.' સ્વપ્નશાસ્ત્ર તથા સ્વપ્નશાસ્ત્રીઓ એવું તો કેટલુંય કહે છે. સ્વપ્નની અસરો કેટલીકવાર જાગૃતિ પર પણ પડતી હોય છે. કોઈક ભયજનક સ્વપ્ન આવે છે ત્યારે માણસ ગભરાઈને બૂમ પાડી ઊઠે છે ને જાગૃતિમાં બૂમ પાડતાં એની પ્રતિક્રિયાને અનુભવે છે. સ્વપ્નમાં સાંપડતા સુખની અને પ્રાપ્ત થતી પ્રસન્નતાની પ્રતિક્રિયાઓ પણ જાગૃતિમાં પડે છે. એટલે સ્વપ્નદશા નિરર્થક છે અથવા એકદમ અસત્ય છે એવું નથી કહી શકાતું. એમાં થોડું ઘણું તથ્ય તો છે જ.

**૫. पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ ।**

અર્થ

(જીવાત્મામાં પણ પરમાત્મા જેવા જ ગુણો છે)

તુ = પરંતુ.

તિરોહિતમ્ = છૂપાયલા કે ઢંકાયલા છે.

પરાભિધ્યાનાત્ = (એટલે) પરમાત્મા સતત ધ્યાનથી (પ્રકટ થઈ જાય છે.)

હિ = કારણ કે

તતઃ = એ પરમાત્માને લીધે જ,

અસ્ય = એનાં

બન્ધવિપર્યયૌ = બંધન અને એથી વિપરીત એટલે કે મોક્ષ છે.

ભાવાર્થ

જીવાત્મા પરમાત્માનો અંશ છે એવું સંતો તથા શાસ્ત્રો કહી બતાવે છે. એ કથન પરથી સહેજે અનુમાન કરી શકાય છે કે એની અંદર પરમાત્માનું જ્ઞાન અને ઐશ્વર્યરૂપી ગુણો પણ આંશિક રીતે રહેતા હશે. એ ગુણોનો આધાર લઈને સ્વપ્ન સૃષ્ટિની રચના એ સ્વયં કરે છે એવું માની લઈએ તો શી હરકત છે ? એવો પ્રશ્ન પૂછવામાં આવે તો એના ઉત્તરમાં આ સૂત્ર દ્વારા જણાવવામાં આવે છે કે જીવાત્મા પરમાત્માનો અંશ હોવા છતાં સ્વપ્નસૃષ્ટિની રચના નથી કરી શકતો. કારણ કે એ સંપૂર્ણ સ્વતંત્ર નથી. એના બંધનનો ને મોક્ષનો આધાર પરમાત્મા પર રહેલો છે. એ પરમાત્માને ઓળખે તો મોક્ષ મેળવે અને પરમાત્માને ભૂલીને વિષયોમાં આસક્તિ કરે તો બદ્ધ બને.

જીવાત્મા પરમાત્માનો અંશ છે અને પરમાત્મા જેવા ગુણોથી સંપન્ન છે એ સાચું હોવા છતાં એ પણ એટલું જ સાચું છે કે એના એ ગુણો અત્યારે પ્રકટ નથી અને અવિદ્યાને લીધે ઢંકાઈ ગયેલા છે. ચંદ્રની ઉપર જેમ વાદળ છવાઈ જાય અને એનું સાચું સ્વરૂપ ઢંકાઈ જાય તેમ એનું મૂળભૂત સ્વરૂપ ઢંકાઈ ગયું છે. એના એ સ્વરૂપને, ઐશ્વર્યને અને અનંત ગુણસમૂહને પ્રકટ કરવા માટે શું કરવું જોઈએ ? પરમાત્માનું બને તેટલા વધારે ને વધારે પ્રમાણમાં અને નિરંતર ધ્યાન. ધ્યાનની શક્તિ અપાર છે. ધ્યાન કરનાર છેવટે જેનું ધ્યાન કરવામાં આવે છે તેવો બની જાય છે. એ દ્વારા જીવાત્મા પરમાત્મા સ્વરૂપ બની જાય છે. જીવાત્મા પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપમાં સ્થિતિ કરે, સંપૂર્ણ બને, અને અનંત સુખશાંતિ અને ઐશ્વર્યનો અધીશ્વર થઈ રહે એટલા માટે પરમાત્માની આવશ્યકતા છે.

**૬. देहयोगाद्वा सोऽपि ।**

અર્થ

સઃ = એ તિરોભાવ.

અપિ = પણ.

દેહયોગાત્ = શરીરના સંબંધથી.

વા = જ છે.

ભાવાર્થ

જીવાત્મા વાસ્તવિક રીતે વિચારતાં પરમાત્મા સ્વરૂપ છે અને પરમાત્મા જેવા ગુણધર્મોથી યુક્ત છે તો પણ વ્યાવહારિક રીતે એ ગુણોથી વંચિત કેમ છે અને પોતાના સહજ પરમાત્મા સ્વરૂપનો સ્વાનુભવ કેમ નથી કરતો ? એનું મુખ્ય કારણ એનો દેહાધ્યાસ છે. એ શરીરનો સંબંધ તો રાખે જ છે પરંતુ શરીરનો મોહ તથા શરીરની મમતા સેવે છે, ને પોતાને શરીરમાં મર્યાદિત માને છે ને શરીર સમજે છે. દેહ બુદ્ધિને લીધે વિષયવતી વૃત્તિ તથા બુદ્ધિને લીધે એ વિષયાંધ બનીને અનેક પ્રકારનાં કુકર્મો કરે છે, અને એના પરિણામે સુખદુઃખનો સંમિશ્રિત અનુભવ કરતાં જન્મ મરણને આધીન બનીને વિવિધ યોનિઓમાં વિહરે છે. એ વિષયાસક્તિ, મોહવૃત્તિ તથા દેહાધ્યાસની વિપરીત ભાવનાનો અંત આણવા માટે પરમાત્માની આરાધના

અથવા આત્મવિચાર જેવો અકસીર, અમોઘ ઉપાય બીજો એકે નથી. એ ઉપાયને અજમાવવાથી પરમાત્માની અસાધારણ અપાર અનુકંપાથી એ પોતાના મુળભૂત શાશ્વત સત્ય સ્વરૂપનો સ્વાનુભવ કરી શકે છે, અનંત ઐશ્વર્યનો સ્વામી થાય છે, ને મુક્ત, પૂર્ણ તથા ધન્ય બને છે.

**૭. तदभावो नाडीषु तच्छ्रुतेरात्मनि च ।**

અર્થ

તદભાવઃ = સુષુપ્તિ દશા દરમિયાન એ સ્વપ્ન દૃશ્યનો અભાવ થઈ જાય છે (એ વખતે જીવાત્મા.)

નાડીષુ = નાડીઓમાં (સ્થિત થઈ જાય છે.)

તચ્છ્રુતેઃ = કારણ કે શ્રુતિનું કથન એવું જ છે.

ચ = અને.

આત્મનિ = આત્મામાં પણ (એની સ્થિતિ બતાવી છે.)

ભાવાર્થ

સ્વપ્નાવસ્થા દરમિયાન જીવાત્મા જુદી જુદી જાતનાં સારાં નરસાં દૃશ્યો જુએ છે ને સુખદુઃખાત્મક ભોગો ભોગવે છે. કોઈવાર સ્વપ્નામાંથી જાગે છે તો કોઈવાર સ્વપ્નનો ઉપભોગ કરે  છે. એ અવસ્થા કાયમ માટે નથી રહેતી અને સુષુપ્તિ અવસ્થા પણ આવે છે. એ વખતે જીવાત્માનું શું થાય છે ? એ કોઈ પ્રકારનાં દૃશ્યોને તો દેખતો જ નથી. સ્વપ્નાવસ્થામાંના સર્વ દૃશ્યોનો એ વખતે અભાવ થઈ જાય છે. એ એક પ્રકારના ઊંડા આરામનો અનુભવ કરે છે.

બૃહ્દારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે 'જીવાત્મા જ્યારે સુષુપ્તિ અવસ્થાના પામે છે ત્યારે કશું પણ જાણતો નથી. એના શરીરમાં આવેલી બોત્તેર હ્જાર હિતા નામની હ્દયમાંથી નીકળીને સમસ્ત શરીરમાં વ્યાપેલી નાડિઓમાં ફેલાઈને એ સમસ્ત શરીરમાં વ્યાપીને શયન કરે છે.'

છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'જ્યારે એ શયન કરીને કોઈયે પ્રકારનું સ્વપ્ન નથી જોતો અને સર્વ પ્રકારે સુખી થઈને નાડિઓમાં વ્યાપી જાય છે ત્યારે એને કોઈ પણ પાપ નથી સ્પર્શી શકતું.' છાંદોગ્ય ઉપનિષદ એવું પણ જણાવે છે કે 'એ સુષુપ્તિ દરમિયાન આ પુરૂષ સત્‌થી સંપન્ન બને છે.'

એનો અર્થ એવો થયો કે સુષુપ્તિ દશા દરમિયાન જીવાત્મા નાડિઓના મૂળ જેવા હ્દયમાં શયન કરે છે. પરંતુ એ દશાને સમાધિની દશા નથી સમજવાની. સમાધિની દશા તો જુદી છે. સુષુપ્તિ દશા ગમે તેવી સુખકારક હ્રોવા છતાં પણ તામસી કહ્રેવાય છે, એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. સમાધિની દશા શુદ્ધ સત્વગુણની ઊંચી દશા છે. સમાધિની અલૌકિક અવસ્થાની જેમ સુષુપ્તિની અવસ્થા મુક્તિમાં સહ્રાયક છે એવું નથી સમજવાનું. સુષુપ્તિની અવસ્થા અજ્ઞાનમયી છે અને સમાધિની પરમ જ્ઞાનમયી.

પ્રશ્નોપનિષદમાં જણાવ્યું છે કે 'મન જ્યારે તેજથી અથવા ઉદાનવાયુથી દબાઈ જાય છે, ઉદાનવાયુ ઈન્દ્રિયો સાથે મનને હ્દયમાં લઈ જઈને મોહિત કરી દે છે, ત્યારે એની સુષુપ્તિદશા થાય છે. એ વખતે એ સ્વપ્નને નથી જોતો. જીવાત્માને એ વખતે શરીરમાં સુષુપ્તિજન્ય સુખ મળે છે. છાંદોગ્ય ઉપનિષદમાં વર્ણવ્યું છે કે 'એ વખતે એ તેજથી સંપન્ન થાય છે.' ત્યાં તેજ એટલે ઉદાનવાયુ એવું સમજવાનું છે, પરમાત્મા નથી

સમજવાનું. પ્રશ્નોપનિષદમાં ઉદાનવાયુ તથા તેજની એકતા કહી બતાવવામાં આવી છે. એવું સમજવાથી છાંદોગ્ય ઉપનિષદના તથા પ્રશ્નોપનિષદના વર્ણનમાં  કશો વિરોધ નહિ દેખાય.

**૮. अतः प्रबोधोऽस्मात् ।**

<u>અર્થ</u>

અતઃ = એટલા માટે.

અસ્માત્ = અહીંથી.

પ્રબોધઃ = જીવાત્માની જાગૃતિ (શ્રુતિમાં કહેલી છે.)

<u>ભાવાર્થ</u>

સુષુપ્તિ દશામાં જીવાત્માની સ્થિતિ પરમાત્માની સાથે હ્રદયપ્રદેશમાં થાય છે એવું કહ્યું છે એ સુષુપ્તિ દશાનો જ્યારે અંત આવે છે ને જીવાત્મા જાગ્રત થાય છે ત્યારે હ્રદય પ્રદેશમાંથી જ જાગ્રત થાય છે એટલે એનું શાંત થવાનું સ્થાન પણ એ જ છે. એની જાગૃતિની પાછળ પરમાત્માની વ્યવસ્થા શક્તિ કામ કરતી હોય છે. એ વ્યવસ્થા શક્તિને અનુસરીને સુષુપ્તિનો સમય પૂરો થતાં જીવાત્મા જાગૃતિ દશામાં પાછો આવે છે.

**९. स एव तु कर्मानुस्मृतिशब्दविधिभ्यः ।**

<u>અર્થ</u>

તુ = નિઃસંદેહ.

સ એવ = એ જ જાગે છે.

કર્માનુસ્મૃતિશબ્દવિધિભ્યઃ = કારણ કે કર્મ, અનુસ્મૃતિ, વેદપ્રમાણ અને કર્મ કરવાની આજ્ઞા એ સર્વની સિદ્ધિ ત્યારે જ થશે. એટલે એવું માનવું જ બરાબર છે

<u>ભાવાર્થ</u>

કોઈને એવી જિજ્ઞાસા થવાનો સંભવ છે કે, જે જીવાત્મા સુષુપ્તિ અવસ્થાનો અનુભવ કરે છે તે જ તેમાંથી જાગે છે કે પછી તેને બદલે શરીરના અંગપ્રત્યંગમાં પડેલો કોઈક બીજો જ જીવ જાગે છે ? એ જિજ્ઞાસાના જવાબમાં જણાવવાનું કે કોઈ બીજો જીવ નથી જાગતો પરંતુ જે નિદ્રાધીન બને છે ને સુષુપ્તિ અવસ્થાને અનુભવે છે તે જ જાગે છે. શરીરમાં રહેનાર જીવાત્મા અનેક નથી પરંતુ એક જ છે. કર્મ કરનાર અને કર્મનાં જુદાં જુદાં ફળોનો ઉપભોગ કરનાર જીવાત્મા એક જ છે. માટે તેને કરેલાં કર્મોને માટે જવાબદાર માનવામાં આવે છે. એથી સિદ્ધ થાય છે કે સુષુપ્તિનો અનુભવ કરનાર અને એમાંથી જાગ્રત બનનાર જીવાત્મા એક જ છે. જાગ્યા પછી જે સ્મૃતિ થાય છે તેના પરથી પણ એ હકીકતને પુષ્ટિ મળે છે. માણસ કહે છે કે હું સુખપૂર્વક સુતો, મને સારી નિદ્રા આવી. એના પરથી સાબિત થાય છે કે જાગ્રત થનાર અને સુઈ જનાર એક જ છે. જેને સુખ શાંતિપૂર્વક નિદ્રા આવી છે તે જ તેમાંથી જાગ્રત બનીને પોતાના અનુભવને કહી બતાવે છે.

ઉપનિષદોમાં પણ જે સુઈ જાય છે તે જ જાગે છે એવું ઠેકઠેકાણે પ્રસંગને અનુસરીને જણાવવામાં આવ્યું છે. એ ઉપરાંત શાસ્ત્રોએ આપેલી કર્મ કરવાની આજ્ઞા પણ ત્યારે જ સફળ અથવા સાર્થક થઈ શકશે જ્યારે જે જીવને કર્મ કરવાની આજ્ઞા કરવામાં આવી છે તે જીવ જાગ્રત બનીને એ આજ્ઞાનું અનુસરણ કરે ને કર્મ કરે. એ બધી વિચારણા પરથી માનવાને કારણ મળે છે કે સુષુપ્તિમાં સુખપૂર્વક શયન કરનારો જીવ જ જાગ્રત બને છે; એને બદલે કોઈક બીજો જીવ જાગ્રત નથી બનતો.

**१०. मुग्धे ङर्द्धसम्पत्तिः परिशेषात् ।**

અર્થ

મુગ્ધે = મૂર્છા વખતે.

અર્ધસમ્પત્તિઃ = અધુરી સુષુપ્તિ અવસ્થા માનવી જોઈએ.

પરિશેષાત્ = એના સિવાય બીજી કોઈ અવસ્થા શેષ નથી રહેતી એટલા માટે.

ભાવાર્થ

મનુષ્યને કોઈકવાર કોઈ ઔષધિ અથવા વ્યાધિથી કે બીજા કોઈક પ્રયોગોને લીધે અચેતાવસ્થાની પ્રાપ્તિ થાય છે. ત્યારે પણ બાહ્ય જગતનું જ્ઞાન કે ભાન નથી રહેતું, કોઈ સ્વપ્ન નથી દેખાતું, અથવા સુખનો અનુભવ પણ નથી થઈ શકતો. એ અચેતાવસ્થાને અર્ધ સુષુપ્તિ અવસ્થા કહી શકાય. એવી અવસ્થા કાંઈ કાયમને માટે અને સૌ કોઈને નથી મળતી. એ દરમિયાન કોઈ પ્રકારનો સુખલાભ પણ નથી થતો. એથી ઉલટું એવી અવસ્થા દુઃખદ અને સ્વાસ્થ્ય તથા શક્તિનો હ્રાસ કરનારી થઈ પડે છે. એ અવસ્થા આદર્શ અથવા આશીર્વાદરૂપ તો નથી જ.

**११. न स्थानतोङपि परस्योभयलिङ्गं सर्वत्र हि ।**

અર્થ

સ્થાનતઃ = સ્થાનના સંબંધથી.

અપિ= પણ.

પરસ્ય = પરમાત્માનો કોઈ પ્રકારના દોષ સાથે સંસર્ગ નથી થતો.

હિ = કારણ કે

સર્વત્ર = સઘળાં વેદવાક્યોમાં એ પરમાત્માને.

ઉભયલિંગમ્ - બંને પ્રકારનાં લક્ષણોથી સંપન્ન અથવા સર્વે દોષોથી રહિત નિર્વિશેષ અને સર્વે દિવ્ય ગુણોથી સંપન્ન કહ્યા છે.

ભાવાર્થ

પરમાત્માની આરાધનાથી અથવા પરમાત્માના ચિંતનમનન અને ધ્યાનથી જીવ દેહાધ્યાસમાંથી મુક્તિ મેળવીને કૃતાર્થ, મુક્ત તથા પૂર્ણ બને છે એવું આ પહેલાં કહેવાઈ ગયું છે; તો પછી એના અનુસંધાનમાં સ્વાભાવિક રીતે જ જાણવાની ઈચ્છા થાય કે પરમાત્મા કેવા છે અને એમનું વાસ્તવિક સ્વરૂપ

કેવું છે ! ઉપનિષદોમાં ક્યાંક તો એમને નિર્વિશેષ નિર્ગુણ કહ્યા છે તો ક્યાંક સગુણ, સર્વેશ્વર, સર્વજ્ઞ, સાક્ષી અને સૌના સર્જન તેમ જ વિસર્જનના કારણ કહ્યા છે. ક્યાંક ક્રિયાશીલ તો ક્યાંક અક્રિય, ક્યાંક હૃદયમાં સ્થિતિ, અંગુષ્ઠમાત્ર તો ક્યાંક સર્વવ્યાપક જણાવ્યા છે. તો પછી એમના સંબંધી સાચું શું સમજવું ? આ સૂત્ર દ્વારા એની સ્પષ્ટતા કરવામાં આવે છે.

ઉપનિષદોમાં જુદે જુદે ઠેકાણે પરમાત્માને નિર્ગુણ અને નિર્વિશેષ કહેવાની સાથે સાથે દૈવી ગુણોથી સંપન્ન પણ કહ્યા છે. એ ગુણો જીવાત્મા તથા પ્રકૃતિના નથી પરંતુ પરમાત્મા જ છે. એવું માનવામાં કશો દોષ પણ નથી. કારણ કે પરમાત્મા જેમ સર્વ પ્રકારના દોષોથી રહિત અથવા નિર્વિશેષ છે તેમ દિવ્ય અલૌકિક અનેકવિધ ગુણોથી સંપન્ન પણ છે. એ જેમ હૃદયમાં રહેલા અને અંગુષ્ઠમાત્ર છે તેમ સમસ્ત વિશ્વમાં વ્યાપક છે. એ દુન્યવી વસ્તુઓથી તદ્દન વિલક્ષણ હોવાથી એમનો વિચાર દુન્યવી રીતે કદાપિ ના કરી શકાય.

એટલે એમની આરાધના અભિરૂચિને અનુસરીને ગમે તે રીતે થઈ શકે. એ આરાધના જીવનને પરમાત્મામય બનાવનારી ને પરમાત્માભિમુખ કરીને પરમાત્માની પાસે પહોંચાડનારી હોવી જોઈએ.

**१२. न भेदादिति चेन्न प्रत्येकमतद्वचनात् ।**

<u>અર્થ</u>

ચેત્ = જો કહેતા હો કે.

ભેદાત્ = સગુણ (અપરબ્રહ્મ કે કાર્યબ્રહ્મ) અને નિર્ગુણ (પરબ્રહ્મ) એ બંનેનાં જુદાં જુદાં બે સ્વરૂપો માન્યાં છે એટલે. (એ એક જ પરમાત્મા બે લક્ષણવાળા)

ન = ના હોઈ શકે.

ઈતિ ન = તો એવું નથી સમજવાનું.

પ્રત્યેકમ્ અતદ્દવચનાત = કારણ કે પ્રત્યેક શ્રુતિમાં એથી વિપરીત એક પરમાત્માને જ બંને જાતનાં લક્ષણોવાળા કહેલા છે.

<u>ભાવાર્થ</u>

જેવી રીતે એક જ સિક્કાનાં બે પાસાં હોય છે તેવી રીતે પરમાત્મા નિર્ગુણ તથા સગુણ, નિર્વિશેષ અને સવિશેષ તથા સાકાર અને નિરાકાર તથા અણુ અને વિભુ છે. તો પણ જો કોઈ એવું કહેતું હોય કે 'એવું નથી ને ઉપનિષદોમાં જે વર્ણન છે એનો ભાવાર્થ જુદો છે, એટલે કે પરમાત્માને સર્વ પ્રકારના શ્રેષ્ઠ ગુણોથી સંપન્ન કહ્યા છે ત્યાં માયા વિશિષ્ટ કાર્યબ્રહ્મનું અથવા અપરબ્રહ્મનું વર્ણન છે અને એમના નિર્વિશેષ સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે ત્યાં પરમાત્માનું વર્ણન છે. એવી રીતે બંનેનું અલગ અલગ વર્ણન હોવાથી બંને પ્રકારનાં લક્ષણો એકનાં નથી એટલે પરમાત્માને બંને પ્રકારના લક્ષણોવાળા માનવા બરાબર નથી.' તો એવું કથન ઠીક નથી. કારણ કે બૃહદારણ્યક ઉપનિષદ તથા માંડૂક્ય ઉપનિષદમાં પરમાત્માને સર્વે પ્રકારના દિવ્ય ગુણોથી સંપન્ન તથા નિર્વિશેષ કહ્યા છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં પરમાત્માને સ્વયંપ્રકાશ અને માયાથી પર જણાવ્યા છે. એ ઉપરાંત એમને આકાર અને દોષથી રહિત કહેવાની સાથે સાથે સર્વ સ્થળે મુખ તેમ જ મસ્તક જેવાં જુદાં જુદાં અંગોવાળા વર્ણવ્યા છે. એ સૌની ઉપર શાસન કરનારા, મહાન, સૌના પ્રેરક, પવિત્ર

ને જ્ઞાનસ્વરૂપ, સૌ ઈન્દ્રિયોથી યુક્ત તેમ જ સૌ ઈન્દ્રિયોથી રહિત અને સૌના એકમાત્ર આશ્રય કહી બતાવ્યા છે. એવી રીતે ઉપનિષદમાં પરમાત્માનું બંને પ્રકારનું વર્ણન જોવા મળે છે. ત્યાં અપરબ્રહ્મ અથવા કાર્યબ્રહ્મનું વર્ણન નથી કરવામાં આવ્યું. એના પરથી ફલિત થાય છે કે પરમાત્મા બંને પ્રકારનાં લક્ષણોવાળા છે. બંને પ્રકારનાં લક્ષણોથી સંપન્ન થવાનો એમનો સ્વભાવ જ છે.

**१३. अपि चैवमेके ।**

<u>અર્થ</u>

અપિ ચ = એ ઉપરાંત.

એકે = કોઈ એક શાખાવાળા (વિશેષરૂપે.)

એવમ્ = એવી રીતે સમર્થન કરે છે.

<u>ભાવાર્થ</u>

તૈત્તિરીય ઉપનિષદમાં પરમાત્માનું વર્ણન કરીને પરમાત્માનાં બંને પ્રકારના લક્ષણોનું વર્ણન કરવામાં આવ્યું છે. એથી પરમાત્મા સગુણ પણ છે અને નિર્ગુણ પણ છે એવું સાબિત થાય છે. એ ઉપનિષદમાં પરમાત્મામાંથી જગતની ઉત્પત્તિ થાય છે એવું કહેવા ઉપરાંત પરમાત્માને સત્ય, જ્ઞાન અને અનંત કહ્યા છે. એમને રસસ્વરૂપ તથા સૌને આનંદ આપવાવાળા જણાવ્યા છે. એ ઉપરાંત એમનાં નિર્વિશેષ લક્ષણો વર્ણવીને જણાવ્યું છે કે 'એના જ ભયથી વાયુ ચાલે છે, સૂર્ય ઉદય પામે છે, અને અગ્નિ, ઈન્દ્ર તથા પાંચમું મૃત્યુ પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત થાય છે.'

**१४. अरूपवदेव हि तत्प्रधानत्वात् ।**

<u>અર્થ</u>

હિ = કેમકે.

અરૂપવત્ = રૂપરહિત નિર્વિશેષ લક્ષણોની પેઠે.

એવ = જ.

તત્પ્રધાનત્વાત્ = એ સગુણ સ્વરૂપનાં લક્ષણોની પણ પ્રધાનતા હોવાથી (સિદ્ધ થાય છે કે પરમાત્મા બંને લક્ષણોવાળા છે.)

<u>ભાવાર્થ</u>

ઉપનિષદોમાં એક બાજુએ પરમાત્માને નિર્ગુણ નિરાકાર કહી બતાવનારાં વચનો જોવા મળે છે તો બીજી બાજુએ સગુણ સાકાર જણાવનારાં વાક્યો પણ ઓછાં નથી મળતાં. જો પરમાત્મા કોઈ એક જ પ્રકારનાં લક્ષણોવાળા હોત તો તેમને તેવા જ કહેવામાં આવત અને બીજા પ્રકારનાં લક્ષણોવાળા ના કહેવામાં આવત. એમને નિર્ગુણ કહેવાની સાથે જ સર્વગુણસંપન્ન પણ કહ્યા છે. એના પરથી ફલિત થાય છે કે પરમાત્મા ઉભયવિધ છે. અને એ બરાબર જ છે. કારણ કે એ અમુક જ જાતના છે અને અમુક જાતના નથી એવું કહીએ તો એમની મર્યાદા બાંધવી પડે અને એ સર્વસમર્થ છે એવું ના કહી શકાય. એવું કથન શાસ્ત્રસંગત ના થાય,

કારણ કે શાસ્ત્રોએ એમને સર્વસમર્થ કહ્યા છે. એટલે એમને સવિશેષ-નિર્વિશેષ, સગુણ-નિર્ગુણ, સાકાર-નિરાકાર સર્વ પ્રકારના માનવાનું જ બરાબર છે.

**૧૫. प्रकाशवच्चावैयर्थ्यात् ।**

અર્થ

ચ = અને.

પ્રકાશવત્ = પ્રકાશની પેઠે.

અવૈયર્થ્યાત્ = બંનેમાંથી કોઈપણ લક્ષણ અથવા એમનું પ્રતિપાદન કરનારૂં વેદવચન વ્યર્થ નથી માટે. (પરમાત્મા બંને લક્ષણોવાળા છે એવું સિદ્ધ થાય છે.)

ભાવાર્થ

અગ્નિ, વીજળી જેવા જ્યોતિનાં બે રૂપ હોય છે : એક વ્યક્ત અને બીજું અવ્યક્ત. એક પ્રત્યક્ષ અને બીજું અપ્રત્યક્ષ. એક પ્રકટ અને બીજું અપ્રકટ. એ બંને રૂપો સાચાં છે. સૂર્ય અને ચંદ્રનું એક રૂપ આપણી સામે ને પ્રત્યક્ષ હોય છે. એનો અર્થ એવો નથી કે એનું જે બીજી બાજુનું રૂપ આપણને દેખાતું જ નથી તે રૂપ છે જ નહિ. આપણે જોઈ શકતા હોઈએ કે ના જોઈ શકતા હોઈએ તો પણ તે રૂપ પણ એટલું જ વાસ્તવિક છે. એ રૂપનો ઈન્કાર કદાપિ ના કરી શકાય. તે પ્રમાણે શ્રુતિએ પરમાત્માનાં બંને પ્રકારનાં રૂપોનું વર્ણન કરેલું છે. એ વર્ણનને વ્યર્થ ના માની શકાય. શ્રુતિના એ વર્ણનમાં વિશ્વાસ રાખીને અને એને પ્રમાણભૂત તથા વાસ્તવિક માનીને પરમાત્માને સગુણ-નિર્ગુણ અને સાકાર-નિરાકાર બંને પ્રકારના માનવા જોઈએ. શ્રુતિના પરમાત્મા વિષયક વચનોની સાર્થકતા એમાં જ સમાયલી છે.

**૧૬. आह च तन्मात्रम् ।**

અર્થ

તન્માત્રમ્ = (શ્રુતિ એ પરમાત્માને) કેવળ સત્ય, જ્ઞાન અને અનંતમાત્ર.

ચ = જ.

આહ = બતાવે છે.

ભાવાર્થ

કોઈ કહેશે કે વેદમાં અથવા તૈત્તિરીય ઉપનિષદમાં सत्यं ज्ञानमनंतं ब्रह्म । કહીને પરમાત્માને પરમસત્ય, અનંત અને પરમજ્ઞાન સ્વરૂપ જ કહી બતાવ્યા હોવાથી, અને ત્યાં બીજા પ્રકારના શબ્દોનો પ્રયોગ ના કરવામાં આવ્યો હોવાથી, એમને સગુણ તથા સાકાર ના માની શકાય. તો તેના સ્પષ્ટીકરણ માટે આની પછીના સૂત્ર દ્વારા જણાવવામાં આવે છે કે તેવા એક તરફી નિર્ણય પર પહોંચવાની જરૂર નથી.

**૧૭. दर्शयति चाथो अपि स्मर्यते ।**

અર્થ

અથો = એ કથન પછી.

દર્શયતિ = શ્રુતિ એમને અનેક રૂપવાળા પણ કહી બતાવે છે.

ચ= અને, એ ઉપરાંત.

સ્મર્યતે અપિ = સ્મૃતિમાં પણ એમના સગુણ સ્વરૂપનું વર્ણન છે.

ભાવાર્થ

તૈત્તિરીય ઉપનિષદમાં પરમાત્માને માટે **सत्यं ज्ञानमनंतम्** જેવા શબ્દોનો પ્રયોગ કરેલો છે એ સાચું છે, પરંતુ એ જ મંત્રમાં આગળ વધીને એમને સૌના હૃદયમાં રહેલા અને સમસ્ત સૃષ્ટિનું સર્જન કરનારા કહ્યા છે. એમને પરમ રસસ્વરૂપ, આનંદ આપનારા અને સૌના સૂત્રધાર તથા સંચાલક તરીકે વર્ણવ્યા છે. એનો અર્થ એ થયો કે પરમાત્મા સગુણ અને નિર્ગુણ, સાકાર અને નિરાકાર છે. સ્મૃતિમાં પણ શ્રુતિની પેઠે જ પરમાત્માના સગુણ અને નિર્ગુણ બંને પ્રકારના સ્વરૂપનું વર્ણન કરેલું છે. ગીતામાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે 'વેદ, યજ્ઞ, સ્વાધ્યાય દાન, ઉગ્ર તપ કે ક્રિયાઓથી પણ હે અર્જુન, તારા વિના બીજા કોઈને મારું આ રૂપ દેખાવાનું શક્ય નથી.' (અધ્યાય ૧૧, શ્લોક ૪૮)

મારા આ મુશ્કેલીથી જોઈ શકાય તેવા જે રૂપનું તે દર્શન કર્યું છે તે રૂપના દર્શનની ઈચ્છા રોજ દેવો પણ રાખે છે.' (અધ્યાય ૧૧, શ્લોક ૫૨)

**૧૮. अत एव चोपमा सूर्यकादिवत् ।**

અર્થ

ચ= અને.

અથ એવ = એટલા માટે

(અથવા એ પરમાત્માનાં બંને જાતનાં રૂપો સ્વાભાવિક છે એ સિદ્ધ કરવા માટે જ.)

સૂર્યકાદિવત્ - સૂર્ય વિગેરેના પ્રતિબિંબની પેઠે ઉપમા આપવામાં આવી છે.

ભાવાર્થ

પરમાત્મા નિર્ગુણ તથા સગુણ, નિર્વિશેષ અને સવિશેષ બંને પ્રકારના છે એ દર્શાવવાનો પ્રયત્ન આ સૂત્ર દ્વારા ફરી વાર કરવામાં આવે છે. શ્રુતિમાં જણાવવામાં આવ્યું છે કે સર્વે ભૂતોના આત્મા પરમાત્મા એક જ છે તો પણ જુદાં જુદાં પ્રાણીઓમાં સ્થિત છે, તેથી પાણીમાં પ્રતિબિંબિત ચંદ્રની જેમ એક અને અનેક રૂપે પણ દેખાય છે. જેનું પ્રતિબિંબ પડે છે તે ચંદ્ર કે સૂર્ય એક જ છે પરંતુ પ્રતિબિંબો અનેક છે તેમ પરમાત્મા એક જ છે અને એમનાં પ્રતિબિંબો અનેક છે. એ પ્રતિબિંબો અનેકવિધ હોવા છતાં એક જ છે તેમ પરમાત્મા સર્વે પ્રાણીઓમાં જુદી જુદી રીતે રહેતા હોવા છતાં વાસ્તવિક રીતે વિચારતાં એક જ છે, અને સૌમાં રહેવા છતાં પણ સૌના ગુણદોષોથી રહિત છે. એમની શક્તિ અનંત છે.

**૧૯. अम्बुवदग्रहणात्तु न तथात्वम् ।**

અર્થ

તુ = પરંતુ.

અમ્બુવત્ = પાણીમાં રહેતા ચંદ્રની પેઠે.

આગ્રહણાત્ = પરમાત્માનું ગ્રહણ ના હોવાને લીધે (એ પરમાત્માને)

તથાત્વમ્ = સર્વ પ્રકારે એવા.

ન = ના સમજવા જોઈએ.

ભાવાર્થ

પરમાત્મા સર્વે પ્રાણીઓમાં પાણીમાં ચંદ્રના પ્રતિબિંબની જેમ રહે છે એવું કહેવાઈ ગયું. તો પાણીમાં પડનારૂં ચંદ્રનું પ્રતિબિંબ તો મિથ્યા છે. એ કાંઈ સાચો ચંદ્ર નથી. તેવી જ રીતે પરમાત્માનું પ્રાણીઓની અંદર રહેનારૂં સ્વરૂપ પણ વાસ્તવિક નથી ને મિથ્યા છે ? એવી જિજ્ઞાસાના જવાબમાં અહીં જણાવવામાં આવે છે કે જુદા જુદા જીવોમાં રહેનારા પરમાત્માનું સ્વરૂપ મિથ્યા નથી પરંતુ સાચું છે. ચંદ્રનું તો પાણીમાં કેવળ પ્રતિબિંબ દેખાય છે પરંતુ પરમાત્મા પ્રાણીઓના હૃદયમાં ખરેખર રહે છે અને સૌને શક્તિ તથા પ્રેરણા પૂરી પાડે છે. એટલે પરમાત્માની સ્થિતિને ચંદ્રના પ્રતિબિંબની સ્થિતિ સાથે સરખાવવાનું બરાબર નથી. પ્રતિબિંબના ઉદાહરણ દ્વારા આંશિક રીતે એટલું જ સમજવાનું છે કે ચંદ્ર એક હોવા છતાં એનાં પ્રતિબિંબો અનેક છે તેમ પરમાત્મા એક હોવા છતાં પણ અનેક પ્રકારે, જુદાં જુદાં રૂપોમાં ભાસે છે.

**૨૦. वृद्विहासभाक्त्वमन्तर्भावादुभयसामञ्चस्यादेवम् ।**

અર્થ

અન્તર્ભાવાત્ = શરીરની અંદર સ્થિત હોવાને લીધે.

વૃદ્ધિહ્રાસભાકત્વમ્ = શરીરની જેમ પરમાત્માને વધવા - ઘટવાનો સંભવ રહે છે તેથી.

(એના નિષેધ માટે)

ઉભયસામડજસ્યાત્ = પરમાત્મા તથા ચંદ્ર પ્રતિબિંબ બંનેની સમાનતા હોવાથી

એવમ્ = એવું ઉદાહરણ આપવામાં આવ્યું છે.

ભાવાર્થ

તો પછી ઉપરના સૂત્રમાં પ્રતિબિંબનું ઉદાહરણ કેમ આપવામાં આવ્યું છે ? એ ઉદાહરણ પરમાત્માની સ્થિતિને સમજવામાં આંશિક રીતે મદદ મળે તેને માટે જ છે. ચંદ્રનું પ્રતિબિંબ પાણીમાં રહેતું હોવા છતાં પાણીના વિકારોથી મુક્ત રહે છે અને પાણીના વધવા કે ઘટવાથી વધતું કે ઘટતું નથી તેવી રીતે પરમાત્મા સૌમાં રહેવા છતાં પણ સૌના વિકારોથી અને સૌના સંવર્ધન તથા હ્રાસની અસરથી મુક્ત રહે છે, એ બતાવવા માટે જ ચંદ્રના પ્રતિબિંબનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. પરમાત્માની સ્થિતિને ચંદ્રના પ્રતિબિંબની પેઠે મિથ્યા માનવાની પ્રેરણા પૂરી પાડવા માટે નથી કરવામાં આવ્યું.

**૨૧. दर्शनाञ्च ।**

અર્થ

દર્શનાત્ = શ્રુતિમાં બીજા ઉદાહરણો જોવા મળે છે એટલા માટે.

ચ = પણ.

ભાવાર્થ

પ્રતિબિંબ જેવી રીતે વસ્તુતઃ અવાસ્તવિક હોય છે તેવી રીતે પ્રાણી માત્રમાં રહેનારા પરમાત્મા અવાસ્તવિક અથવા મિથ્યા નથી. ઉપનિષદોના જુદાં જુદાં ઉલ્લેખો દ્વારા એ વાતને સમર્થન મળે છે. પરમાત્મા પ્રાણી માત્રમાં સાચેસાચ રહેલા છે. કઠ ઉપનિષદમાં અગ્નિ, વાયુ અને સૂર્યના ઉદાહરણ દ્વારા એ હકીકતને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**वायुर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।**

**एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥**

'સમસ્ત સંસારમાં પ્રવેશેલો એક જ વાયુ જુદાં જુદાં રૂપોને ધારણ કરીને એમના જેવા રૂપવાળો દેખાય છે તેમ, સર્વ પ્રાણીઓના અંતરમાં પરમાત્મા પણ એક હોવા છતાં પણ જુદાં જુદાં રૂપોમાં એમના જેવા જ રૂપવાળા દેખાય છે અને એમની બહાર પણ છે.' એ ઉપરાંત ઉપનિષદમાં બીજી રીતે પણ પરમાત્મા સૌની અંદર સાચેસાચ રહેલા છે એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

**२२. प्रकृतैतावत्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूयः ।**

અર્થ

પ્રકૃતૈતાવત્તમ્ = પ્રકરણમાં બતાવવામાં આવેલાં પરમાત્માનાં લક્ષણોની મર્યાદાનો.

પ્રતિષેધતિ = નેતિ નેતિ કહીને શ્રુતિ નિષેધ કરે છે.

હિ = કારણ કે.

તતઃ = એની પછી.

ભૂયઃ = ફરી વાર

બ્રવીતિ ચ = કહે છે પણ ખરી.

ભાવાર્થ

વેદમાં પરમાત્માને નિર્વિશેષ અને સવિશેષ અથવા સગુણ અને નિર્ગુણ બંને પ્રકારના જણાવીને નેતિ નેતિ શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે અને 'એવું નથી, એવું નથી' એવું જણાવવામાં આવ્યું છે, એનો અભિપ્રાય શો સમજવો ? આ સૂત્ર દ્વારા એનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં બ્રહ્મનાં મૂર્ત અને અમૂર્ત બંને પ્રકારનાં રૂપ કહી બતાવ્યાં છે. ભૌતિક જગતમાં પૃથ્વી, પાણી તથા તેજ ત્રણેને એમના કાર્ય સહિત મૂર્ત કહ્યાં છે અને વાયુ તેમજ આકાશને અમૂર્ત. એવી રીતે આધ્યાત્મિક જગતમાં પ્રાણ અને હૃદયાકાશને અમૂર્ત અને શરીર તેમજ ઈન્દ્રિયોને મૂર્ત કહેવામાં આવ્યાં છે. મૂર્તને નાશવંત અથવા એ રૂપમાં ના રહેનાર પરંતુ પ્રત્યક્ષ હોવાને લીધે સત્ તરીકે અને અમૂર્તને અમૃત અથવા નષ્ટ નહિ થનાર કહી બતાવ્યું. આધિભૌતિક જગતમાં નેત્રને મૂર્તના સારરૂપે જણાવીને આધિદેવિક જગતમાં સૂર્યમંડલસ્થ પુરૂષને અને આધ્યાત્મિક જગતમાં નેત્રસ્થ પુરૂષને અમૂર્તનો સાર કહ્યો છે. પરમાત્માનાં એ બંને રૂપોને વર્ણવીને નેતિ નેતિ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એનો

અર્થ એવો નથી કે એ રૂપો ખોટાં છે. એનો અર્થ તો એવો છે કે પરમાત્મા અનંત, અસીમ અને અનિર્વચનીય હોવાથી એ આટલા જ છે અને આનાથી વિશેષ નથી એવું કદાપિ ના કહી શકાય. મન તથા બુદ્ધિથી જે પણ વર્ણન થશે તે અધુરૂં જ રહેશે. નેતિ નેતિ શબ્દનો સાર એટલો જ છે. પરમાત્મા શબ્દો દ્વારા મૂર્ત-અમૂર્ત રૂપમાં વર્ણવીએ એના કરતાં અનંતગણા મહાન છે એ દર્શાવવા માટે બૃહદારણ્યક ઉપનિષદમાં આગળ જણાવ્યું છે કે 'એ પરમતત્વનું નામ સત્યનું સત્ય છે, આ પ્રાણ અથવા જીવાત્મા સત્ય છે, અને એનું પણ સત્ય, એથી પણ વિરાટ, વિશિષ્ટ અને અતીત એ પરમાત્મા છે.' એના પરથી સ્પષ્ટ રીતે સમજાય છે કે પરમાત્માની અનંતતા અને અસીમતાને બતાવવા માટે જ નેતિ નેતિ શબ્દનો પ્રયોગ કરેલો છે.

**૨૩. तदव्यक्तमाह हि ।**

અર્થ

હિ = કેમકે.

(શ્રુતિ) તત્ = એ સગુણ રૂપને.

અવ્યક્તમ્ = ઈન્દ્રિયોથી જાણી શકાય તેવું.

આહ = કહે છે.

ભાવાર્થ

પરમાત્માનું નિર્ગુણ નિરાકાર સ્વરૂપ જેવી રીતે મન અને બુદ્ધિથી અતીત અથવા અવ્યક્ત છે તેવી રીતે એમનું સગુણ સાકાર સ્વરૂપ પણ સામાન્ય મનબુદ્ધિથી જાણી શકાતું. ઉપનિષદમાં એ સ્વરૂપને પણ અવ્યક્ત કહેવામાં આવ્યું છે અને ઈન્દ્રિયો દ્વારા અનાયાસે અને પરિપૂર્ણપણે જાણી નથી શકાતું. મુંડક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'આ પરમાત્મા આંખથી, વાણીથી, બીજી ઈન્દ્રિયથી કે મનથી, તપથી કે કર્મોથી નથી જોઈ શકાતા.' न चक्षुषा गृह्यते नापि वाचा नान्यैर्देवैस्तपसा कर्णा वा ।

**૨૪. अपि च संराधने प्रत्यक्षानुमानाभ्याम् ।**

અર્થ

અપિ ચ = એવી રીતે અવ્યક્ત હોવા છતાં પણ.

સંરાધને = આરાધના કરવાથી (ઉપાસકને એ પરમાત્મા પ્રત્યક્ષ દર્શન આપે છે.)

પ્રત્યક્ષાનું માનાભ્યામ્ = એ વાત વેદ તથા સ્મૃતિ બંને દ્વારા સિદ્ધ થાય છે.

ભાવાર્થ

તો પછી શું પરમાત્માનું પ્રત્યક્ષ દર્શન કોઈને થતું જ નથી અથવા ના થઈ શકે ? ભૂતકાળમાં થયેલા અને વર્તમાન સમયમાં શ્વાસ લેનારા કેટલાય સંતો કે સાધકોએ એમને પરમાત્માનું પ્રત્યક્ષ દર્શન થયાની વાતો વર્ણવી છે. એ વાતોને શું આધાર વિનાની અથવા મિથ્યા માનવી ? ના. એવી રીતે તો કેમ માની શકાય ? એ સઘળાં સંતો સત્યપરાયણ હોવાથી, દર્શનના જે અનુભવો એમને ના થયા હોય તે થયા છે એવું

અસત્યભાષણ કદાપિ ના જ કરે. એમને દર્શનના જે અનુભવો થયા હોય તે જ વર્ણવે એટલો વિશ્વાસ તો આપણે એમની અંદર અવશ્ય રાખી શકીએ.

પરમાત્મા સામાન્ય રીતે અવ્યક્ત છે એ હકીકત સાચી હોવા છતાં પણ વ્યક્ત થઈ શકે છે એ પણ એટલું જ સાચું છે. ભક્તો, સાધકો કે ઉપાસકો એમના પ્રત્યક્ષ વ્યક્ત દર્શનને માટે પ્રેમપૂર્વક આરાધનાનો આધાર લઈને પ્રયત્ન કરે છે ત્યારે એ પ્રયત્નમાં સફલ બને છે. નામ જપ તથા પ્રાર્થના પરમાત્માના એવા પ્રત્યક્ષ દર્શનમાં ઉપયોગી થાય છે. દેવર્ષિ નારદે પોતાના ભક્તિસૂત્રમાં જણાવ્યું છે કે 'એ પરમાત્મા પ્રેમથી પ્રેરાઈને સત્વર પ્રાદુર્ભાવ પામે છે અને ભક્તો પર કૃપા વરસાવે છે.

**स शीघ्रमेवाविर्भवति अनुमावयति च भक्तान् ।**

તુલસીદાસે રામાયણમાં જણાવ્યું છે :

હરિ વ્યાપક સર્વત્ર સમાના, પ્રેમ તે પ્રગટ હોહિ મૈં જાના.

એટલે પરમાત્મા સગુણ તથા નિર્ગુણ બંને પ્રકારના છે અને ભક્તોને દર્શન આપે છે.

**૨૫. प्रकाशा दिवच्चावैशेष्यं प्रकाशश्च कर्मण्यभ्यासात् ।**

અર્થ

પ્રકાશાદિવત્ = અગ્નિ આદિના પ્રકાશાદિ ગુણોની પેઠે.

ચ = જ.

અવૈશેષ્યમ્ = (પરમાત્મા પણ) ભેદ નથી.

પ્રકાશઃ = પ્રકાશ.

ચ = પણ.

કર્મણિ = કર્મમાં.

અભ્યાસાત્ = અભ્યાસ કરવાથી જ પ્રકટે છે.

ભાવાર્થ

અગ્નિ, વીજળી વિગેરેમાં પ્રકાશ તથા ઉષ્ણતાના મૂળભૂત ગુણો રહેલા છે. એમનું રૂપ વ્યક્ત અથવા પ્રકટ થાય ત્યારે અને અવ્યક્ત અથવા અપ્રકટ હોય ત્યારે, એટલે એ બંને પ્રકારની અવસ્થામાં એ ગુણોથી સંપન્ન હોય છે. એ ગુણો એમના અભિન્ન અંગ જેવા હોઈને એમનો કદાપિ, કોઈયે કારણે, પરિત્યાગ નથી કરતા. પરમાત્માના સંબંધમાં પણ એવું જ સમજી લેવાનું છે. પરમાત્મા પણ ભક્તોની ઉપાસનાના પરિણામરૂપે પ્રકટ થાય છે ત્યારે જે ગુણધર્મોથી સંપન્ન દેખાય છે તે જ ગુણધર્મોથી એમની અપ્રકટ અથવા અવ્યક્ત અવસ્થામાં પણ યુક્ત હોય છે. કાષ્ઠમાં અગ્નિ હોવા છતાં પણ એને પ્રકટ કરવાનાં સાધનોનો આધાર લેવામાં નથી આવતો ત્યાં સુધી પ્રકટ નથી થઈ શકતો. એવી રીતે પરમાત્મા પણ સર્વત્ર હોવા છતાં અને અલૌકિક ગુણધર્મોથી સંપન્ન હોવા છતાં ઉચિત આરાધના વિના પ્રકટ નથી થઈ શકતા.

**૨૬. अतोऽनन्तेन तथा हि लिङ्गम् ।**

<u>અર્થ</u>

અતઃ = ઉપર કહેલાં કારણોથી સિદ્ધ થાય છે કે

અનન્તેમ = (એ પરમાત્મા) અનંત અલૌકિક અસાધારણ ગુણોથી સંપન્ન છે.

હિ = કેમ કે.

તથા = એવાં જ

લિંગમ્ = લક્ષણો જોવા મળે છે.

<u>ભાવાર્થ</u>

ઉપર્યુક્ત સૂત્રો દ્વારા કરવામાં આવેલી ચર્ચાવિચારણા પરથી પુરવાર થાય છે કે પરમાત્મા નિર્વિશેષ હોવાની સાથે સાથે સર્વજ્ઞ, સર્વશક્તિમાન, પરમ રસ સ્વરૂપ, પરમાનંદ સ્વરૂપ છે, એટલે કે સર્વ પ્રકારના સર્વોત્તમ ગુણધર્મોથી સંપન્ન છે. શ્રુતિ એ હકીકતનું સમર્થન કરે છે.

**૨૭. उभयव्यपदेशात्वहिकुण्डलवत् ।**

<u>અર્થ</u>

ઉભય વ્યપદેશાત્ = બંને પ્રકારનું કથન હોવાથી,

અહિકુંડલવત્ = સાપના કુંડલાકારત્વની પેઠે.

તુ = જ. (એનો ભાવ સમજવો જોઈએ.)

<u>ભાવાર્થ</u>

પરમાત્મા અને એમની પ્રકૃતિ ભિન્ન છે કે અભિન્ન એની સ્પષ્ટતા આ સૂત્ર દ્વારા કરવામાં આવી છે. એ સ્પષ્ટતાના સારરૂપે જણાવવામાં આવે છે કે પરમાત્માથી એમની શક્તિ સદાય અભિન્ન હોય છે. એ બંનેને કદી પણ છૂટાં ના પાડી શકાય. તાપ અને છાયા, ફુલ અને ગંધ, નદી અને નીર તથા જ્યોતિ અને પ્રકાશને છૂટાં પાડી શકાય છે ? તેવી જ રીતે પરમાત્માને અને એમની શક્તિ કે પ્રકૃતિને અલગ ના કરી શકાય. એ બંને એક અને અખંડ છે. પરમાત્મા જ્યારે કારણવસ્થામાં હોય છે ત્યારે અપરા અને પરા પ્રકૃતિરૂપી એમની બંને શક્તિઓ એમની અંદર અપ્રકટ રીતે રહેતી હોય છે, પરંતુ એ જ્યારે કાર્યાવસ્થામાં હોય છે ત્યારે એ શક્તિઓ જુદાં જુદાં નામ તથા રૂપોમાં પ્રકટ થાય છે.

પરમાત્મા જ્યારે કારણાવસ્થામાં હોય છે ત્યારે નિરાકાર કહેવાય છે ને કાર્યાવસ્થામાં હોય છે ત્યારે સાકાર. સાકાર અને નિરાકાર બંને એવી રીતે એમનાં જ રૂપો છે. એ હકીકતને સમજાવવા માટે અહીં સાપનું ઉદાહરણ આપવામાં આવ્યું છે, સાપ કોઈવાર પોતાની સાધારણ દશામાં રહે છે તો કોઈવાર ગુંચળું વળીને કુંડલાકાર બની જાય છે તો પણ એ બંને દશામાં કહેવાય છે અને હોય છે તો સાપ જ. એ સાધારણ દશામાં હોય છે ત્યારે કુંડલાકાર બનવાની એની શક્તિ એની અંદર અપ્રકટ હોય છે તો પણ હોય છે તો ખરી જ. એનો કારણ ભાવ હોય છે. કાર્યભાવ દરમિયાન એની એ શક્તિ પ્રકટ બનીને કુંડલાકાર દેખાય છે. શક્તિ તો સાપની અંદર સ્વભાવથી જ રહેતી જ હોય છે. એવું જ પરમાત્મા અને એમની શક્તિના સંબંધમાં સમજી લેવાનું છે.

**૨૮. प्रकाशाश्रयवद्वा तेजस्त्वात् ।**

અર્થ

વા = અથવા.

પ્રકાશાશ્રયવત્ = પ્રકાશ અને એના આશ્રયની પેઠે એમનો અભેદ છે.

તેજસ્ત્વાત્ = કારણ કે તેજની દૃષ્ટિથી બંને એક જ છે.

ભાવાર્થ

ઉપરની વાતનું પ્રતિપાદન કરતાં બીજી રીતે કહેવામાં આવે છે કે પ્રકાશ અને એના આશ્રય સૂર્યને કદાપિ છૂટા ના પાડી શકાય. તેજ તત્વની દૃષ્ટિએ જોતાં એ બંને એક જ છે. તો પણ એ બંનેને જુદા જુદા કહી શકાય છે; તેવી રીતે પરમાત્મા અને એમની શક્તિ વાસ્તવમાં અભિન્ન હોવા છતાં એમનું ભિન્નભિન્ન વર્ણન કરી શકાય છે.

ભક્ત કવિ નરસી મહેતાએ પોતાના પદમાં એ ભાવોનો સરસ રીતે પડઘો પાડતાં જણાવ્યું છે :

પંચ મહાભૂત પરિબ્રહ્મ વિશે ઊપજ્યાં અણુ અણુ માંહી રહ્યાં રે વળગી;
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં, થડ થકી ડાળ તે નહિ રે અળગી.

વેદ તો એમ વદે, શ્રુતિસ્મૃતિ સાખ દે, કનક કુંડલ વિશે ભેદ ન હોયે;
ઘાટ ઘડ્યા પછી નામરૂપ જૂજવા અંતે તો હેમનું હેમ હોયે.

**૨૯. पूर्ववद्वा ।**

અર્થ

વા = અથવા.

પૂર્વવત્ = પહેલાં પુરવાર કર્યું છે તે પ્રમાણે. (બંનેનો અભેદ સમજી લેવો જોઈએ.)

ભાવાર્થ

અથવા આગળ પર બીજા અધ્યાયના ત્રીજા પાદના ૪૩ મા સૂત્રમાં પરમાત્માનો એમના અંશભૂત જીવસમુદાયથી અભેદ બતાવવામાં આવ્યો છે તે જ રીતે પરમાત્માનો અને એમની શક્તિ કે પ્રકૃતિનો અભેદ સમજી લેવો જોઈએ.

**૩૦. प्रतिषेधाच्च ।**

અર્થ

પ્રતિષેધાત્ = બીજાનો પ્રતિષેધ હોવાથી.

ચ = પણ (અભેદ જ સિદ્ધ થાય છે.)

ભાવાર્થ

જગતના પ્રારંભમાં પરમાત્મા સિવાય બીજું કશું હતું જ નહિ એવું ઉપનિષદ તથા વેદમાં કહ્યું છે. પરમાત્મા સિવાય બીજું કશું હતું જ નહિ એનો અર્થ એવો થયો કે કેવળ એ જ હતા. એવી રીતે વેદ તથા ઉપનિષદમાં બીજાનો સ્પષ્ટ રીતે પ્રતિષેધ કર્યો હોવાથી બીજું કશું હતું જ નહિ એવું નક્કી થાય છે. પરમાત્માની પ્રકૃતિ પણ એમની અંદર વિલીન બનીને એમના આશ્રયે રહેતી હોય છે એટલે એમનાથી અલગ નથી હોતી. એનો અને પરમાત્માનો અભેદ હોય છે.

**૩૧. परमतः सेतून्मानसम्बन्धभेदव्यपदेशेभ्यः ।**

અર્થ

આ જડચેતનરૂપ બંને પ્રકૃતિના સમુદાયથી.

પરમ્ = (એ પરમાત્મા) અત્યંત શ્રેષ્ઠ છે.

સેતૂન્માનસમ્બન્ધભેદવ્યપદેશેભ્યઃ = કારણ કે સેતુ, ઉન્માન, સંબંધ તથા ભેદના વર્ણન દ્વારા એ જ સિદ્ધ કરાયું છે.

ભાવાર્થ

પરમાત્માને પોતાની પ્રકૃતિથી અભેદ કહી બતાવીને હવે એમનાથી એમની વિલક્ષણતા અથવા શ્રેષ્ઠતાનું પ્રતિપાદન કરે છે. પરમાત્માની બે પ્રકૃતિ પરા અને અપરા કહેવાય છે. એમને જ ક્ષર અને અક્ષર અથવા ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ કહેવામાં આવે છે. એ બંને પ્રકૃતિથી અને એમના વિસ્તાર જેવા આ દૃશ્યમાન જગતથી પરમાત્મા જુદા છે, વિલક્ષણ છે, તથા ઉત્તમ છે. શ્રુતિમાં એ પરમાત્માની સર્વોત્તમતા અથવા શ્રેષ્ઠતાનું પ્રતિપાદન ચાર પ્રકારે કરવામાં આવ્યું છે. એક પ્રકાર એમને સેતુ તરીકે વર્ણવવાનો છે. છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે 'પરમાત્મા સૌને ધારણ કરનારા સેતુ છે.'

**अथ य आत्मा स सेतुर्विधृतिः ।**

બૃહદારણ્યક ઉપનિષદમાં પણ એવા જ ભાવાર્થવાળો મંત્ર છે :

**एष सेतुर्विधरणः ।**

બીજો પ્રકાર એમના માપને જણાવવાનો છે. એમના મહિમાનું વર્ણન કરનારૂં વેદ જેવું જ સુંદર સારગર્ભિત વચન છાંદોગ્ય ઉપનિષદમાં જોવા મળે છે :

**तावानस्य महमा ततो जायायाञ्चश्च पूरूषः पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतं दिवि।**

'એમનો મહિમા એવો અસાધારણ છે એ પરમાત્મા-પરમ પુરૂષ પરમાત્મા એનાથી શ્રેષ્ઠ છે. એમના એક પાદમાં સમસ્ત પ્રાણીઓ રહેલાં છે અને એમના શેષ ત્રણ પાદ અલૌકિક અમૃતમય પરમધામમાં છે;

ત્રીજો પ્રકાર એમના પ્રકૃતિ સાથેના તથા જગત સાથેના સંબંધનો છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં અને અન્યત્ર પરમાત્માને પ્રકૃતિના સ્વામી, શાસક તથા સંચાલક કહીને એમની શ્રેષ્ઠતાનું પ્રતિપાદન કર્યું છે. એમને ઈશ્વરોના પરમ મહેશ્વર, દેવતાઓના પરમ દેવતા, પતિના પરમપતિ, સમસ્ત બ્રહ્માંડના સ્વામી અને સ્તવન કરવા યોગ્ય કહ્યા છે. એ ઉપરાંત, એમને પ્રકૃતિ તથા જીવાત્માના સ્વામી, સમસ્ત ગુણોના શાસક, જન્મમૃત્યુના ચક્રમાં બાંધનારા, સ્થિર કરનારા અને એથી મુક્ત કરવાની શક્તિવાળા છે.

ચોથો પ્રકાર ભેદના પ્રતિપાદનનો છે. શ્રુતિમાં પરમાત્માને બંને પ્રકૃતિના અધીશ્વર, અંતર્યામી અને ધારણપોષણ કરવાવાળા જણાવીને પ્રકૃતિથી અને જગતથી એમની ભિન્નતાનું વર્ણન કરેલું છે.

એ ચારે કારણોથી સિદ્ધ થાય છે કે પરમાત્મા પોતાની પ્રકૃતિથી ઉત્તમ તથા વિલક્ષણ છે. અલૌકિક, ઉપાધિરહિત અને દિવ્ય છે.

**૩૨. सामान्यात्तु ।**

અર્થ

સામાન્યત્ = શ્રુતિમાં ભેદવર્ણન અને અભેદવર્ણન બંને સમાન રીતે જોવા મળે છે એટલા માટે.

તુ = તો. (ભેદ અને અભેદ બંને પક્ષ માન્ય છે એવો નિર્ણય થાય છે.)

ભાવાર્થ

પરમાત્માનો પોતાની પ્રકૃતિ સાથે ભેદ પણ છે અને અભેદ પણ છે એ તો આટલી ચર્ચાવિચારણા પરથી સારી રીતે સમજાઈ ગયું. હવે એ બંનેમાંથી ભેદપક્ષ ઉત્તમ છે કે અભેદપક્ષ એવો વિચાર સહેજે થાય છે. એના સ્પષ્ટીકરણ માટે અહીં જણાવવામાં આવે છે કે ભેદપક્ષ અને અભેદપક્ષ બંને પક્ષો બરાબર છે. એ બંને પક્ષોનાં વર્ણન પ્રકારાન્તે કરેલાં અને એકમેકનાં પૂરક છે. એમની અંદર વિરોધાભાસ જેવું કશું જ નથી. આરંભમાં ઉપર ઉપરથી જોતાં એમનામાં ભેદ દેખાય પરંતુ અંદરથી વસ્તુતઃ વિચારતાં અભેદનું દર્શન થાય છે. શ્રુતિમાં પરમાત્માને જેમ સૌના સ્વામી અને શાસક કહ્યા છે તેમ **अयमात्मा ब्रह्म ।** 'આ આત્મા બ્રહ્મ છે; **तत्त्वमसि ।** 'તે પરમાત્મા તું જ છે' એવા કથન દ્વારા પરમાત્માની સાથેના અભેદને પણ વ્યક્ત કરાયો છે. એટલે ભેદ અને અભેદ બંનેનો સ્વીકાર કરવો જાઈએ. એમ સ્વીકારવામાં કશું અનુચિત જેવું નથી લાગતું.

**૩૩. बुद्ध्यर्थः पादवत् ।**

અર્થ

પાદવત્ = અવયવરહિત પરમાત્માના ચાર પાદ બતાવવામાં આવ્યા છે તેવી રીતે.

બુધ્યર્થઃ = મનન- નિદિધ્યાસન જેવી ઉપાસનાને માટે એવો ઉપદેશ છે.

ભાવાર્થ

શ્રુતિમાં પરમાત્માને અવયવરહિત કહેવામાં આવ્યા છે અને એ છતાં પણ એમને ચાર પાદવાળા કહીને એમના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. પરમાત્મા નિર્ગુણ નિરાકાર હોવાથી પાદવાળા છે એવું ખરેખર ના કહી શકાય. તો પણ શ્રુતિએ એવી કલ્પના કરેલી છે. તેવી રીતે ઉપનિષદમાં ભેદભાવે અથવા અભેદભાવથી પરમાત્માનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે વર્ણન એમના મહિમાને બતાવવા માટે અને એ દ્વારા ભક્તો, આરાધકો અથવા સાધકોને એમની તરફ અભિમુખ કરવા માટે છે. સાધકોની પ્રકૃતિ અને રૂચિ જુદી જુદી હોવાથી એક જ જાતની સાધનાપદ્ધતિ સૌને પસંદ ના પડે અથવા સૌને સારુ સાનુકૂળ ના બને એ સ્વાભાવિક છે એટલા માટે સાધનાની વિવિધતાનું મહત્વ અનિવાર્ય છે.

**૩૪. स्थानविशेपात् प्रकाशादिवत् ।**

અર્થ

પ્રકાશાદિવત્ = પ્રકાશ આદિની પેઠે.

સ્થાનવિશેષાત્ = શરીરરૂપ સ્થાનની વિશેષતાને લીધે. (એમાં વિવિધતા જેવા ભેદનું હોવાનું અસંગત નથી)

ભાવાર્થ

આ સૂત્રમાં એક બીજો વિચાર રજૂ કરવામાં આવ્યો છે. જગતમાં જેટલા પણ પ્રકાશવાળા પદાર્થો છે તે બધા પ્રકાશની દૃષ્ટિએ વિચારીએ કે જોઈએ તો એક છે, તો પણ એમના આકાર, નામ અને સામર્થ્યની દૃષ્ટિએ જોતાં જુદાં જુદાં છે. ચપલા, સૂર્ય, ચંદ્ર, દીપક જેવા પદાર્થો સ્થાનભેદ અને શક્તિભેદની દૃષ્ટિથી જોતાં જુદા છે. તેવી રીતે પરમાત્માની પરા પ્રકૃતિ એમનાથી અભિન્ન હોવાથી એમનામાં અને જુદા જુદા જીવાત્માઓમાં વાસ્તવિક રીતે વિચારતાં કશો ભેદ નથી લાગતો, તો પણ એ જીવોને પોતપોતાના કર્મસંસ્કારોને અનુસરીને જે શરીર, મન બુદ્ધિ તથા શક્તિ પ્રાપ્ત થાય છે તે શરીર, મન, બુદ્ધિ, શક્તિ તથા કર્મસંસ્કારોની દૃષ્ટિથી જોતાં એમની અંદર ભેદભાવ હોય એ સમજી શકાય તેવું છે.

**૩૫. उपपत्तेश्च ।**

અર્થ

ઉપપત્તેઃ = શ્રુતિની સંગતિથી

ચ = પણ (એ હકીકતની સિદ્ધિ થાય છે.)

ભાવાર્થ

પરમાત્માથી જીવસમદાય અભિન્ન હોવા છતાં પણ જુદા છે અને જુદા જુદા જીવો મૂળભૂત રીતે, પારમાર્થિક દૃષ્ટિથી એક હોવા છતાં પણ અલગ છે. એ વસ્તુનું પ્રતિપાદન શ્રુતિએ પણ સારી પેઠે કરેલું છે. જુદાં જુદાં વચનો દ્વારા શ્રુતિ એનું સમર્થન કરે છે. શ્રુતિમાં પરમાત્માને સૌના મૂળરૂપે કહી બતાવ્યા છે. એમની દ્વારા જગતની ઉત્પત્તિ જણાવીને એમને સૌના એકમાત્ર કારણ કહ્યા છે. **अहं ब्रह्मास्मि** અને **तत्वमसि** જેવાં મહાવાક્યો દ્વારા એમની સાથેની અભિન્ન અંતરંગ એકતાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. પરંતુ શ્રુતિનો ઉપદેશ એટલેથી જ નથી અટકતો. એમાં પરમાત્માની ઉપાસનાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. અને ઉપાસના ભેદદર્શન સિવાય નથી થતી. એમાં એક ઉપાસ્ય હોય છે અને બીજો ઉપાસક. એટલે શ્રુતિમાં અભેદની સાથે ભેદનું પણ વર્ણન છે એવું માનવું પડે છે.

**૩૬. तथान्यप्रतिषेधात् ।**

અર્થ

તથા = એવી રીતે.

અન્ય પ્રતિષેધાત્ = બીજાનો નિષેધ કરવામાં આવ્યો છે એટલા માટે પણ.

ભાવાર્થ

શ્રુતિમાં પ્રકારાંતરે અવારનવાર કહેવામાં આવ્યું છે કે એક માત્ર પરમાત્મા વિના બીજું કાંઈ જ નથી. સૌથી પહેલાં એ જ હતા એવું સ્પષ્ટ કરવામાં આવ્યું છે. એનો અર્થ એવો થયો કે એમની પરા તથા અપરા શક્તિથી સંપન્ન એ પરમાત્મા જ જુદાં જુદાં રૂપોમાં પ્રકટ થયા છે. બહારથી બધું જગત નાનાવિધ અને ભિન્ન દેખાતું હોવા છતાં પણ અંતરંગ રીતે વિચારતાં એ પરમાત્મા સિવાય બીજું કાંઈ જ નથી.

**૩૭. अनेन सर्वगतत्वमायामशब्दादिभ्यः ।**

અર્થ

અનેન = એવી રીતે કરાયલા ભેદ અને અભેદના વિવેચનથી.

આયામશબ્દાદિભ્યઃ = અને પરમાત્માની વ્યાપકતાને સૂચવનારા શ્રુતિમાં જે શબ્દ આદિ હેતુ છે એથી પણ.

સર્વગતત્વમ્ = એ પરમાત્માનું સર્વવ્યાપકપણું સિદ્ધ થાય છે.

ભાવાર્થ

'જગત આખું પરમાત્માથી પરિપૂર્ણ છે' એવાં એવાં શ્રુતિ વચનોથી તથા 'સર્વગતં જેવા શબ્દોના પ્રયોગથી પરમાત્મા સર્વવ્યાપક છે એવું સાબિત થાય છે. ઉપરનાં સૂત્રો દ્વારા કરવામાં આવેલી વિચારણા પણ એ હકીકતને પુષ્ટિ આપે છે. શ્રુતિમાં પરમાત્માને સર્વમાં વ્યાપક કહ્યા છે એનો સૂચિતાર્થ એ જ છે કે એ જેમાં વ્યાપક છે તેવું જગત અને એ જગતના રૂપમાં પથરાયલી એમની પ્રકૃતિ પણ છે જ. પ્રકૃતિ એમની શક્તિ હોવાથી એમનાથી ઉપલક રીતે જોતાં ભિન્ન છે અને બહિરંગ દૃષ્ટિએ જોતાં ભિન્ન નથી. પણ પ્રકૃતિ એમની અભિન્ન શક્તિ હોવાથી એમનામાં ને પ્રકૃતિમાં ભેદ નથી, પરંતુ એ પ્રકૃતિના સ્વામી, સૂત્રધાર અને અધિષ્ઠાતા હોવાથી એમનામાં અને એમની પ્રકૃતિમાં એટલા પૂરતો ભેદ છે.

**૩૮. फलमत उपपतेः ।**

અર્થ

ફલમ્ = જીવોનાં કર્મોના ફળ.

અતઃ = આ પરમાત્મા દ્વારા જ મળે છે.

ઉપપત્તેઃ = એવું માનવાનું જ યુક્તિસંગત છે તેથી.

ભાવાર્થ

આટલા વિસ્તૃત વિવેચન પછી એ પ્રશ્ન થાય છે કે જુદા જુદા જીવોનાં કર્મોનાં ફળ કોણ પ્રદાન કરે છે ? જીવાત્મા ? કે પછી કર્મો પોતે જ પોતાના ફળને પ્રાપ્ત કરી લે છે ? એ ફળ શું કોઈ દેવો આપે છે ? એનો પ્રત્યુત્તર પૂરો પાડતાં આ સૂત્ર દ્વારા સમજાવવામાં ને સ્પષ્ટ કરવામાં આવે છે કે કર્મફલના પ્રદાતા પરમાત્મા જ છે. કર્મો પોતાની મેળે પોતાનું ફળ ના આપી શકે. પ્રકૃતિ પણ ના આપી શકે. જીવ અલ્પજ્ઞ અને અલ્પ શક્તિવાળો હોવાથી તે પણ એ કાર્યને કેવી રીતે કરી શકે ? દેવો દ્વારા જે ફળ પ્રાપ્તિ થાય છે તે પણ પરમાત્માની યોજનાને અનુલક્ષીને જ થતી હોય છે. એટલે કર્મફળની પ્રાપ્તિની વ્યવસ્થા પરમાત્મા

દ્વારા જ કરવામાં આવે છે એવું માનવાનું બરાબર લાગે છે. પરમાત્મા સર્વશક્તિમાન અને સર્વજ્ઞ હોવાથી એ કાર્યને સારી રીતે, સુવ્યવસ્થાપૂર્વક કરી શકે છે.

**૩૯. श्रुतत्वाच्च ।**

અર્થ

શ્રુતત્વાત્ = શ્રુતિમાં એવું કહ્યું છે એટલા માટે

ચ = પણ.

ભાવાર્થ

ધર્મ અથવા તત્વજ્ઞાન વિષયક વિચારોનો નિર્ણય કરતી વખતે એ વિશે શ્રુતિના અભિપ્રાયનો ખાસ આદર કરવામાં આવે છે અને એ અભિપ્રાયને મહત્વનો માનવામાં આવે છે. કઠ ઉપનિષદમાં કહ્યું છે કે 'જીવોનાં કર્મોને અનુસરીને જુદા જુદા ભોગોનું નિર્માણ કરનારા પરમપુરૂષ પરમાત્મા પ્રલયકાળમાં સૌના સુઈ જવા છતાં પણ જાગે છે. એ પરમ પવિત્ર છે, પરબ્રહ્મ છે, અને અમૃતમય છે.

**૪૦. जैमिनिरत एव ।**

અર્થ

અત એવ - પૂર્વોક્ત કારણને લીધે.

જૈમિનિઃ = જૈમિનિ.

ધર્મમ્ = ધર્મ અથવા કર્મને ફળદાતા માને છે.

ભાવાર્થ

ઉપર્યુક્ત વિષય પરત્વે આચાર્ય જૈમિનિનો શો અભિપ્રાય છે તે જાણવાનું ખૂબ જ રસપ્રદ થઈ પડશે. આચાર્ય જૈમિનિનું મંતવ્ય એવું છે કે કર્મ કુદરતી નિયમ પ્રમાણે પોતાની મેળે જ ફળ આપે છે. જમીનમાં જે બીજ વાવવામાં આવે છે તે પોતાની મેળે જ ઊગી નીકળે છે અને અનાજની સૃષ્ટિ કરે છે. એની પ્રતીતિ પ્રત્યક્ષરૂપે થઈ રહે છે. કર્મ પણ એવી અમોઘ રીતે પોતાની મેળે જ પોતાની અસરોને ઉભી કરીને પોતાના ફળને પ્રદાન કરતું હોવાથી, કર્મફળના પ્રદાતા તરીકે પરમાત્માની કે બીજા કોઈની કલ્પના કરવાની જરા પણ આવશ્યકતા નથી લાગતી.

**૪૧. पूर्वं तु बादरायणो हेतुव्य प्रदेशात् ।**

અર્થ

તુ = પરંતુ.

બાદરાયણઃ = વેદ વ્યાસ.

પૂર્વમ્ = પૂર્વોક્ત પરમાત્માને જ કર્મ ફળદાયક તરીકે માને છે.

હેતુવ્યપદેશાત્ = કારણ કે વેદમાં એ પરમાત્માને જ સૌના કારણ કહ્યા છે.

ભાવાર્થ

આચાર્ય જૈમિનિના એવા અભિપ્રાય સાથે અસંમત થતાં મહર્ષિ વ્યાસ જણાવે છે કે કર્મ જડ હોવાથી ચેતનની સહાયતા સિવાય પોતાની મેળે ફળ નથી આપી શકતું. ખેતરમાં બીજને વાવનાર વ્યક્તિ જોઈએ, અને એ બીજ અનાજના રૂપમાં પ્રકટ થાય છે. પછી એની સમજપૂર્વકની સમુચિત વ્યવસ્થા પણ એની પોતાની મેળે ના કરી શકે. એવી વ્યવસ્થા કરવાની શક્તિ કર્મની પોતાની અંદર તો નથી જ. અને એવી વ્યવસ્થા બીજું કરી શકે પણ કોણ ? સામાન્ય અથવા અસામાન્ય જીવની અંદર તો એવી શક્તિ કદાપિ ના હોઈ શકે.

## અધ્યાય ૩ - પાદ ૨ સંપૂર્ણ

## અધ્યાય ૩ - પાદ ૩

| | |
|---|---|
| ૧ થી ૧૦ | બ્રહ્મવિદ્યાઓની એકતા. |
| ૧૧ થી ૧૮ | બ્રહ્મના આનંદ આદિ ધર્મોનો અન્યત્ર અધ્યાહાર. |
| ૧૯ થી ૨૫ | નેત્રાન્તર્વર્તી અને સુર્યમંડળસ્થ પુરુષ વિષે. |
| ૨૬ | બ્રહ્મવિદ્યાનું ફળ. |
| ૨૭ થી ૩૨ | બ્રહ્મલોકગમન અથવા અહીં જ પરમાત્મ પ્રાપ્તિ. |
| ૩૩ થી ૪૧ | જીવાત્માના અંતર્યામી આત્મા વિષે. |
| ૪૨ થી ૫૨ | બ્રહ્મવિદ્યાનું મુખ્ય ફળ. |
| ૫૩ થી ૬૦ | ઉપાસનાઓના સમુચ્ચય વિષે. |
| ૬૧ થી ૬૬ | યજ્ઞના અંગો સંબંધી ઉપાસનાઓના સમુચ્ચયની અનાવશ્યકતા |

## અધ્યાય ૩ - પાદ ૩

**१. सर्ववेदान्तप्रत्ययं चोदनाद्यविशेषात् ।**

અર્થ

સર્વવેદાન્તપ્રત્યયમ્ = સઘળાં ઉપનિષદોમાં જે અધ્યાત્મવિદ્યાનું વર્ણન છે એ અભિન્ન અથવા એકસરખું છે.

ચોદનાદ્યવિશેષાત્ = કારણકે આજ્ઞા આદિમાં ભેદ નથી.

ભાવાર્થ

જુદાં જુદાં ઉપનિષદોમાં કરવામાં આવેલું અધ્યાત્મવિદ્યાનું વર્ણન અનેક પ્રકારે કરવામાં આવ્યું હોવા છતાં પણ એક છે. ઉપનિષદોમાં વર્ણવેલી અધ્યાત્મવિદ્યાનું એકમાત્ર પ્રયોજન પરમાત્માની પ્રાપ્તિનું છે. એ વિદ્યા પરમાત્માના મંગલમય મહિમાનું જયગાન કરીને પરમાત્માની પ્રાપ્તિ માટેની પ્રેરણા પુરી પાડે છે, અને માનવને આત્માભિમુખ અથવા પરમાત્માભિમુખ બનાવે છે. એ રીતે વિચારતાં એનું લક્ષ્યબિંદુ એક જ છે. એના અનેકવિધ વર્ણનની અંદર એકવાક્યતા રહેલી છે. પરમાત્માને ક્યાંક પરમસત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, અનંત, આનંદસ્વરૂપ અને રસસ્વરૂપ કહ્યા છે તો ક્યાંક સર્વજ્ઞ, સર્વેશ્વર, સર્વાન્તર્યામી, સૌના કારણ તથા ઉત્પત્તિના અને પ્રલયના સ્થાન જણાવ્યા છે. એમને શબ્દ, રૂપ, રસ, ગંધથી રહિત, અવિનાશી, અનાદિ, અનંત અને સર્વશ્રેષ્ઠ તેમ જ નિત્ય તરીકે પણ વર્ણવ્યા છે. એવી રીતે એમની સર્વોત્તમતાને સિદ્ધ કરીને એમની દ્વારા જીવનનું સાર્થક્ય સાધવાનો સંદેશ આપવામાં આવ્યો છે. અધ્યાત્મવિદ્યા અને એનું પ્રતિપાદન કરનારાં ઉપનિષદ વચનોનો અંતિમ આદર્શ એ જ છે. પ્રકૃતિના સમસ્ત પ્રકારના રંગરાગો અને નામરૂપોમાંથી મનને પાછું વાળી લઈને પરમાત્માભિમુખ કરી, પરમાત્મામાં કેન્દ્રિત બનાવીને, પરમાત્માની સાથેની અભિન્ન અંતરંગ એકતાની અનુભૂતિની એ પ્રેરણા આપે છે. જીવનની સાચી સંપૂર્ણ શાંતિ, પૂર્ણતા તથા મુક્તિ એ દ્વારા જ પામી શકાય છે એવો એમનો સ્પષ્ટ નિર્દેશ છે. એમનો તટસ્થ રીતે તથા સુચારુ રીતે અભ્યાસ કરવાથી એ હકીકત સહેલાઈથી સમજી શકાય છે.

**२. भेदान्नेति चेन्नैकस्यामपि ।**

અર્થ

ચેત્ = જો એવું કહેતા હો કે.

ભેદાત્ = એ ઠેકાણે વર્ણનમાં ભેદ હોવાથી.

ન = એકતા સિદ્ધ નથી થતી.

ઈતિ ન = તો એવું કહેવું બરાબર નથી. (કારણ કે)

એકસ્યામ્ = એક વિદ્યામાં.

અપિ = પણ. (એવો વર્ણનભેદ હોવાનું અનુચિત નથી.)

ભાવાર્થ

ઉપનિષદમાં વર્ણવેલી અધ્યાત્મવિદ્યા એક પરમાત્માનું જ પ્રતિપાદન કરે છે અને પરમાત્માને જ ઉપાસ્ય અથવા આરાધ્ય સમજે છે. કોઈ એવી દલીલ કરતું હોય કે ઉપનિષદોના વર્ણનમાં એકવાક્યતા નથી દેખાતી. કારણ કે એમાં ક્યાંક જગતના કારણ તરીકે સત્ ને કહીને એણે ઈચ્છા કરી કે હું બહુવિધ બનું અને એણે તેજને ઉત્પન્ન કર્યું એવું જણાવ્યું છે, તો ક્યાંક કહ્યું છે કે પહેલાં આ આત્મા જ હતો; એના સિવાય બીજું કોઈ ક્રિયાશીલ નહોતું; એણે ઈચ્છા કરી કે હું લોકોને રચું. ક્યાંક જગતની ઉત્પત્તિ આત્મામાંથી ક્યાંક આનંદમયમાંથી, ક્યાંક રયિ અને પ્રાણમાંથી, તો ક્યાંક અવ્યક્તમાંથી કહી બતાવી છે. તો એવી દલીલ ઉચિત નથી. કારણ કે આ પહેલાંનાં સૂત્રોમાં એ જ વિષયની છણાવટ કરતી વખતે આપણે જોઈ લીધું કે ઉપનિષદોમાં એક પરમાત્માનું જ વર્ણન જુદા જુદા ઉલ્લેખો દ્વારા કરવામાં આવ્યું છે અને સમસ્ત જગતની ઉત્પત્તિ એમનામાંથી જ કહી બતાવી છે. ઉપનિષદો સુસ્પષ્ટ સ્વરે જણાવે છે કે પરમાત્મા સિવાય બીજું કશું જ નથી તો પછી બીજા કશામાંથી જગતની કે કશાની ઉત્પત્તિ થવાનો પ્રશ્ન જ ક્યાં ઉદ્ભવે છે ? એક જ તત્વનું વર્ણન ભેદને લીધે જુદું જુદું લાગે તો પણ, એના પ્રતિપાદ્ય વિષય અથવા ધ્યેયની દૃષ્ટિઓ વિભિન્ન નથી હોતી પરંતુ એક જ હોય છે.

**૩. स्वाध्यायस्य तथात्वेन हि समाचारेऽधिकाराच्च सववच्च तन्नियमः ।**

<u>અર્થ</u>

સ્વાધ્યાયસ્ય = એ શિરોવ્રતનું પાલન અધ્યયનનું અંગ છે.

હિ = કારણ કે.

સમાચારે = આથર્વણ શાખાવાળાના પરંપરાગત શિષ્ટાચારમાં.

તથાત્વેન = અધ્યયનના અંગરૂપે જ એનું વિધાન કરવામાં આવ્યું છે.

ચ = અને.

અધિકારાત્ = એ વ્રતનું પાલન કરનારાનો જ બ્રહ્મવિદ્યાના અધ્યયનમાં અધિકાર માનવામાં આવ્યો હોવાથી.

ચ = પણ.

સવવત્ = 'સવ' હોમની જેમ.

તન્નિયમઃ = એ શિરોવ્રતવાળો નિયમ આથર્વણ શાખાવાળાને માટે જ છે.

<u>ભાવાર્થ</u>

આ સૂત્ર દ્વારા એક બીજા જ વિષય પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. એ વિષય શિરોવ્રતનો અથવા શિર પર કેશ ધારણ કરવાને લગતો છે બ્રહ્મવિદ્યાના અધ્યયનને માટે શિરોવ્રતની આવશ્યકતા છે કે નહિ તે પ્રશ્નનો અહીં પ્રત્યુત્તર આપવામાં આવે છે. આથર્વણ શાખાના મુંડક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'જેમણે વિધિપૂર્વક શિરોવ્રતનું પાલન કર્યું હોય તેમને જ આ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપવો જોઈએ.'

तेषामेवैतां ब्रह्मविद्यां वेदत शिरोव्रतं विधिवद् यैस्तु चीर्णम् ।

બ્રહ્મવિદ્યાને શિરોવ્રત સાથે અથવા શિર પર કેશ કે જટા રાખવા સાથે કોઈ સીધો કે આડકતરો સંબંધ છે ખરો ? શિરોવ્રત વિના બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ ના થઈ શકે ? થઈ શકે. છતાં પણ ત્યાં જે શિરોવ્રતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ઉલ્લેખ આથર્વણ શાખાવાળાના અધ્યયનની પરંપરાગત પ્રથા કે પદ્ધતિને બતાવવા માટે જ કરવામાં આવ્યો છે. એ શાખામાં એ વખતે અધ્યયનની એવી પદ્ધતિ પ્રવર્તમાન હતી અને એનું અત્યંત આગ્રહપૂર્વક પાલન કરાતું એટલું જ. એનો અર્થ એવો નથી કે એ નિયમ બ્રહ્મવિદ્યાનું અધ્યયન કરનારા સૌ કોઈને લાગુ પડે છે અને શિર પર કેશ કે જટા રાખ્યા વિના કોઈ ક્યાંય કદાપિ બ્રહ્મવિદ્યાનું અધ્યયન કરી કરાવી શકે જ નહિ. ના. એનો સૂચિતાર્થ એવો નથી સમજવાનો.

'સવ' હોમનો નિયમ જેવી રીતે એમની જ શાખાવાળાને લાગુ પડે છે તેમ શિરોવ્રતના નિયમનું પણ સમજી લેવાનું છે બ્રહ્મવિદ્યાની એકતામાં એ નિયમને લીધે કશો દોષ નથી પેદા થતો. બ્રહ્મવિદ્યા એનો આધાર લેનારા સૌને માટે સરખી અને પરમાત્મા પ્રત્યે પ્રેરિત કરનારી છે. શિરોવ્રતનું વિધાન સૌને માટે અથવા ફરજિયાત નથી. એ તો તત્કાલિન સામાજિક રૂઢી કે શિષ્ટાચારનું માત્ર પ્રતિબિંબ પાડે છે.

**૪. दर्शयति च ।**

અર્થ

દર્શયતિ ચ = શ્રુતિ પણ એવું કહી બતાવે છે.

ભાવાર્થ

શ્રુતિ તથા સ્મૃતિમાં પણ જુદી જુદી રીતે જે બ્રહ્મવિદ્યાનું વર્ણન કરવામાં આવ્યું છે તે વર્ણન પરમાત્માનું જ પ્રતિપાદન કરવા અને પરમાત્માને જ પરમ પ્રાપ્તવ્ય તરીકે બતાવવા માટે છે. એના પરથી પ્રતીતિ થાય છે કે બ્રહ્મવિદ્યા ભિન્ન ભિન્ન નથી. પરંતુ એક જ છે અને પરમાત્મ પ્રાપ્તિના એક જ આદર્શની સિદ્ધિ માટે છે. બ્રહ્મની અથવા પરમાત્માની પ્રાપ્તિ માટેની પ્રેરણા કરતી હોવાથી, તેમાં મદદરૂપ બનતી હોવાથી, ને પરમાત્માના મહિમાનું પ્રતિપાદન કરતી હોવાથી. એનું બ્રહ્મ નામ સફળ અથવા સાર્થક છે. કઠોપનિષદમાં જણાવ્યું છે કે વેદની બધી વિદ્યા પરમાત્મા રૂપી પરમપદનું પ્રતિપાદન કરે છે.

**सर्वे वेदा यत्पदमामनन्ति ।**

ભગવાન ગીતામાં પણ જણાવે છે કે બધા જ વેદો દ્વારા હું જ જાણવા યોગ્ય છું.

**वेदैश्च सर्वैरहमेव वेद्य ।**

**૫. उपसंहारोऽर्थामदाद्विधिशेषवत्समाने च ।**

અર્થ

સમાને = એક જાતની વિદ્યામાં.

ચ = જ.

અર્થાભેદાત્ = પ્રયોજનમાં ભેદ ના હોવાને લીધે.

ઉપસંહારઃ = એક ઠેકાણે કહેલા ગુણોનો બીજે ઠેકાણે ઉપસંહાર કરી લોવાનું.

વિધિશેષવત્ = વિધિશેષની જેમ (યોગ્ય છે.)

ભાવાર્થ

કર્મકાંડમાં પ્રયોજનનો ભેદ નથી હોતો. તેથી એક શાખામાં બતાવેલા યજ્ઞાદિના વિધિશેષ જેવા અગ્નિહોત્ર જેવા ધર્મોનો બીજે સ્થળે પણ ઉપસંહાર કે અધ્યાહાર કરી લેવામાં આવે છે, તેવી રીતે ઉપનિષદોમાં જુદે જુદે સ્થળે વર્ણવાયલી બ્રહ્મવિદ્યામાં પ્રયોજન ભેદ નથી. એનું પ્રયોજન એક જ અવિદ્યાની નિવૃત્તિનું ને સ્વરૂપના સાક્ષાત્કારનું છે. તેથી એ સંબંધી એક સ્થળે કહેલી કેટલીક વિશિષ્ટ વાતો બીજે સ્થળે અધ્યાહારરૂપે રહેલી છે એવું માનીને એમનો ઉપસંહાર કરી લેવો જોઈએ. એમ કરવાથી એ વિદ્યામાં ભેદ છે એવું નહિ લાગે.

**૬. अन्यथात्वं शब्दादिति चेन्नाविशेषात् ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે.

શબ્દાત્ = કહેલા શબ્દથી.

અન્યથાત્વમ્ = બંનેની ભિન્નતા પ્રતીત થાય છે એથી એકતાની સિદ્ધિ નથી થતી.

ઈતિ ન = તો એ વાત બરાબર નથી.

અવિશેષાત્ = વિધિ અને ફળમાં ભેદ ન હોવાને લીધે (બંને વિદ્યાઓમાં સમાનતા છે.)

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદના આઠમા અધ્યાયમાં દહર વિદ્યા અને પ્રાજાપત્ય - એ બંને વિદ્યાનું વર્ણન કરેલું છે. બંનો વિદ્યાઓનાં નામ જુદાં જુદાં હોવા છતાં એમના આદર્શ એક જ. એ પરમાત્માની પ્રાપ્તિનો માર્ગ બતાવતી હોવાથી એમની વચ્ચે વિરોધ નથી પરંતુ સમાનતા છે. એ વિદ્યાઓના વર્ણન વખતે કરવામાં આવેલા શબ્દ પ્રયોગથી એવી શંકા થવાનો સંભવ છે કે બંને વિદ્યાઓમાં અંતર અથવા વિરોધ છે, પરંતુ ખરેખર એવું નથી સમજવાનું. એ શબ્દ પ્રયોગના મર્મનો વિચાર કરવાથી એની પ્રતીતિ થાય છે

દહરવિદ્યાના વર્ણન દરમિયાન કહેવામાં આવ્યું છે કે 'મનુષ્ય શરીરરૂપી બ્રહ્મપુરમાં હૃદયરૂપી ઘરની અંદર જે આંતરિક આકાશ છે અને એની અંદર જે વસ્તુ છે એનું અનુસંધાન સાધવું જોઈએ.' પ્રાજાપત્ય વિદ્યામાં અપહત - પાપ્મા જેવાં વિશેષણોથી યુક્ત આત્માને જાણવા યોગ્ય કહી બતાવ્યો છે. દહર-વિદ્યામાં અંતરાકાશને બ્રહ્મલોક, આત્મા, સૌને ધારણ કરનાર જણાવીને, સઘળાં વિકારોથી રહિત, સત્ય સંકલ્પાદિ સમસ્ત દિવ્ય સદ્ગુણોથી સંપન્ન કહીને, પરબ્રહ્મ તરીકે વર્ણવવામાં આવ્યું છે, અને પ્રાજાપત્ય વિદ્યામાં પણ એ પરમજ્ઞેય તત્વને આત્માનું નામ આપીને સમસ્ત દોષો તથા વિકારોથી રહિત, સત્ય-સંકલ્પત્વ જેવા દૈવી ગુણોવાળા પરમાત્મા કહ્યા. એવી રીતે વિચારવાથી સમજાય છે કે એ બંને વિદ્યાઓ દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય ઉપાસ્ય પરમાત્મા એક જ છે અને એ બંને વિદ્યાઓમાં ફળપ્રાપ્તિની દૃષ્ટિએ લેશ પણ ભેદ નથી. એ વિદ્યાઓના ઉપલક વર્ણન માટે વપરાયલા શબ્દો પરથી એમની અંદર ભેદ છે એવું ના માની શકાય. એમના સારતત્વનો જ વિચાર કરવો જોઈએ.

**૭. न वा प्रकरणभेदात्परोऽवरीयस्त्वादिवत् ।**

અર્થ

વા = અથવા.

પરોડવરીયસ્ત્વાદિવત્ = પરમ શ્રેષ્ઠતા કનિષ્ઠતા આદિ ગુણોવાળી બીજી વિદ્યાઓની જેમ.

પ્રકરણભેદાત્ = પ્રકરણના ભેદથી એ બંને વિદ્યાઓ ભિન્ન.

ન = સિદ્ધ નથી થઈ શકતી.

ભાવાર્થ

ઉપર કહેલી દહરવિદ્યા તથા પ્રાજાપત્યવિદ્યામાં વર્ણનભેદ હોવા છતાં પણ પ્રયોજન અથવા ફળની દૃષ્ટિએ જરા પણ ભેદ નથી એટલે એ વિદ્યાઓ સમાન છે. બીજી કેટલીક વિદ્યાઓમાં એવા સમાનતા નથી હોતી પરંતુ ભેદભાવનું દર્શન થાય છે. દાખલા તરીકે છાંદોગ્ય ઉપનિષદમાં અને બૃહદારણ્યક ઉપનિષદમાં વર્ણવેલી ઉદ્ગીથવિદ્યા. છાંદોગ્ય ઉપનિષદમાં ઉદ્ગીથવિદ્યામાં ઉદ્ગીથની અક્ષર ઓમ્કારની સાથે એકતા બતાવીને એનો મહિમા વધારવામાં આવ્યો છે અને એનું ફળ પણ શ્રેષ્ઠ કહ્યું છે. પરંતુ એથી ઉલટું બૃહદારણ્યક ઉપનિષદની ઉદ્ગીથવિદ્યા કેવળ પ્રાણોની શ્રેષ્ઠતા મેળવવા અને યજ્ઞાદિમાં ઉદ્ગીથગાન સમયે સ્વરની વિશેષતા દર્શાવવા માટે છે. એટલા માટે એના ફળને એટલું બધું શ્રેષ્ઠ નથી કહ્યું. એ બંને ઠેકાણે ઉપાસનાના પ્રકારોની ભિન્નતા છે. દહરવિદ્યા તથા પ્રાજાપત્યવિદ્યામાં ઉપાસના અને ઉપાસ્યની એકવાક્યતા હોવાને લીધે એવો ભેદ નથી દેખાતો.

**૮. संज्ञातश्चेत्तदुक्तमस्ति तु तदपि ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે.

સંજ્ઞાતઃ = સંજ્ઞાને લીધે પરસ્પર ભેદ હોવાને લીધે. (એકતાની સિદ્ધિ નથી થતી) તો.

તદુક્તમ્ = એનો ઉત્તર અપાઈ ગયો છે.

તુ = અને.

તદપિ = એ (સંજ્ઞાભેદને લીધે થનારી વિદ્યાવિષયક વિષમતા) પણ.

અસ્તિ = બીજે છે.

ભાવાર્થ

જો કોઈને એવી શંકા થતી હોય કે દહરવિદ્યા તથા પ્રાજાપત્યવિદ્યા બેનાં નામ જુદાં જુદાં હોવાથી એમની વચ્ચે એકતા ના માની શકાય તો એવી શંકા નિરર્થક છે. કારણ કે એ વિદ્યાઓનાં નામ જુદાં જુદાં હોવા છતાં એમના પ્રયોજનમાં કોઈ પ્રકારનો ભેદ નથી. ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યાનું વર્ણન જુદાં જુદાં નામો દ્વારા કરવામાં આવ્યું હોવા છતાં પણ, એમનો આદર્શ એક જ હોવાથી એમની અંદર એકવાક્યતા રહેલી છે. કેવળ નામમાં ફેર હોવાથી જ એ વિદ્યાઓમાં ભિન્નતા છે એવું ના માની શકાય. જુદાં જુદાં નામોવાળી અને

પૃથક્ પ્રયોજનવાળી વિદ્યાઓનું વર્ણન પણ ઉપનિષદમાં કરેલું છે. પ્રયોજનની દૃષ્ટિથી એમની અંદર પૃથકતા હોવાથી એમની એકવાક્યતા નથી એવું કહી શકાય.

**९. व्याप्तेश्च समञ्जसम् ।**

અર્થ

વ્યાપ્તેઃ = પરમાત્મા બધે વ્યાપક હોવાથી.

ચ = પણ.

સમક્જસમ્ = બ્રહ્મવિદ્યાઓમાં સમાનતા છે.

ભાવાર્થ

પરમાત્મા સર્વવ્યાપક હોવાથી એમનો મહિમા સર્વત્ર ગાવામાં આવ્યો છે. એમનો જ મહિમા ગાવા જેવો છે. બ્રહ્મવિદ્યાઓનાં નામ જુદાં હોય તો પણ, એમનું કાર્ય તો એક જ છે - પરમાત્માની સર્વશ્રેષ્ઠતાની સિદ્ધિ કરીને એમનો મહિમા ગાવાનું અને એમની પ્રાપ્તિની પ્રેરણા પુરી પાડીને એમની સંપ્રાપ્તિનાં સાધનો પ્રત્યે અંગુલિનિર્દેશ કરવાનું. એ રીતે વિચારતાં બાહ્ય રીતે નામનો ભેદ હોય તો પણ એમનો આત્મા એક જ હોય છે. એમનો અંતરંગ ભેદ નથી હોતો.

**१०. सर्वाभेदादन्यत्रेमे ।**

અર્થ

સર્વાભેદાત્ = સર્વસ્વરૂપ પરમાત્મા વિષયક વિદ્યા દ્વારા.

અન્યત્ર = બીજી વિદ્યાના સંબંધમાં.

ઈમે = એ પૂર્વ સૂત્રોમાં કહેલા સઘળા હેતુઓનો ઉપયોગ છે.

ભાવાર્થ

પરમાત્મા સર્વશ્રેષ્ઠ, સર્વાધીશ, અને સર્વસ્વરૂપ છે. એમના રહસ્યનું ઉદ્‌ઘાટન તથા પ્રતિપાદન કરનારી વિદ્યાઓમાં કશો મૂળગત તાત્વિક ભેદ નથી રહેતો. એમનાં પ્રકરણ, નામ અને વર્ણન જુદાં હોય તેથી પ્રયોજન પણ જુદાં છે એવું ના કહી શકાય. વિદ્યા અથવા બ્રહ્મવિદ્યાઓની એકતા માટે એમનાં નામ, પ્રકરણ અને વર્ણન એક જ અને એક જ જાતનાં હોવાં જોઈએ એવો ચોક્કસ નિયમ ના બાંધી શકાય. એમનું હાર્દ એક હોવું જોઈએ. પરમાત્માનું પ્રતિપાદન નહિ કરનારી બ્રહ્મવિદ્યા સિવાયની બીજી વિદ્યાઓની પારસ્પરિક ભિન્નતા કે અભિન્નતાનો નિર્ણય કરવા માટે એમની સાથે સંકળાયલા પ્રકરણ, સંજ્ઞા અથવા નામ અને શબ્દ એ ત્રણે હેતુઓનો વિચાર કરવો જોઈએ અને એમનું સમુચિત મહત્વ પણ માનવું જોઈએ. બ્રહ્મવિદ્યાઓના સંબંધમાં એમના વિચારની એટલી આવશ્યકતા નથી લાગતી.

**११. आनन्दादयः प्रधानस्य ।**

અર્થ

આનન્દાદય = આદિ.

પ્રધાનસ્ય = સર્વેશ્વર પરમાત્માના ધર્મ છે.

(એ ધર્મોનો પરમાત્માના વર્ણનમાં બીજા પણ અધ્યાહાર કરવામાં આવે છે.)

ભાવાર્થ

આનંદ, રસ, સર્વગતત્વ, સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા પરમાત્માના ગુણધર્મો છે. શ્રુતિમાં એ ગુણધર્મોનું વર્ણન એક સ્થળે કરવામાં આવ્યું હોય અને બીજે ઠેકાણે ના કરવામાં આવ્યું હોય તો પણ, બીજે ઠેકાણે એ ગુણધર્મોને અધ્યાહાર રહેલા સમજીને પરમાત્માને માટે પ્રયોજવા જોઈએ. પરમાત્મા સર્વત્ર સમાન હોવાથી એમના ગુણધર્મોમાં ભેદ નથી. તૈત્તિરીય ઉપનિષદમાં આનંદમય પુરૂષના વર્ણનમાં આવેલા પક્ષીના રૂપકમાં જે શબ્દોનું વર્ણન છે તે પરમાત્મા સંબંધી શબ્દોનો ભાવ અન્યત્ર ના હોય તો પણ લઈ શકાય છે.

**૧૨. प्रियशिरस्त्वाद्यप्राप्तिरूपचयापचयौ हि भेदे ।**

અર્થ

પ્રિયશિરસ્ત્વાદ્યપ્રાપ્તિઃ = 'પ્રિયશિરસ્ત્વ' - 'પ્રિયરૂપ શિરનું હોવું' જેવા ધર્મોની પ્રાપ્તિ બીજે ઠેકાણે બ્રહ્મવિદ્યાના પ્રકરણમાં નથી થતી.

હિ = કારણ કે.

ભેદે = એવી રીતે શિર આદિ અંગોનો ભેદ માની લેવાથી

ઉપચયાપચયૌ = પરમાત્મામાં વધવા-ઘટવાનો દોષ પેદા થશે.

ભાવાર્થ

તૈત્તિરીય ઉપનિષદમાં પક્ષીનું રૂપક આપીને પરમાત્માનાં જુદાં જુદાં અંગોની કલ્પના કરીને કહ્યું છે કે પ્રિય એમનું મસ્તક છે, મોદ જમણી અને પ્રમોદ ડાબી પાંખ છે, આનંદ આત્મા છે, અને બ્રહ્મ પૂછડું તથા પ્રતિષ્ઠા છે. એ તો એક કલ્પના અને ઉપનિષદના એ વર્ણન પુરતી મર્યાદિત છે. એવી કલ્પનાનું વર્ણન બ્રહ્મવિદ્યાના પ્રકરણમાં બીજે ઠેકાણે પણ આવવું જોઈએ એવું નથી. એ અવયવોને પરમાત્માના ગુણધર્મો ના માની શકાય. પરમાત્માને અવયવવાળા માનવાથી અનંત માનવાને બદલે મર્યાદાવાળા માનવા પડશે અને એમની અંદર અભિવૃદ્ધિ તથા હ્રાસની પ્રક્રિયા પેદા થશે. કારણ કે અવયવો એકસરખી અવસ્થામાં નહિ રહે.

**૧૩. इतरे त्वर्थसामान्यात् ।**

અર્થ

તુ = પરંતુ.

ઈતરે = બીજા આનંદ જેવા ધર્મો (પરમાત્માના સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે શ્રુતિમાં કહેલા છે એટલા માટે બ્રહ્મવિદ્યાના પ્રસંગમાં બીજે એમનો સમાવેશ કરી શકાય છે.)

અર્થસામાન્યાત્ = કારણ કે એ સૌમાં અર્થની સમાનતા છે.

ભાવાર્થ

એ ઉપનિષદમાં પરમાત્માની પંખીરૂપે કલ્પના કરીને એમના અવયવોનું વર્ણન કરતાં પ્રિયશિરસ્ત્વ જેવા ગુણધર્મોને બતાવવામાં આવ્યા છે. એ ગુણધર્મોમાં દર્શાવાયલા આનંદ જેવા ગુણધર્મો પરમાત્માના કાલ્પનિક અવયવો નથી પરંતુ સ્વરૂપગત સ્વાભાવિક ગુણધર્મો છે. એ ગુણધર્મો પરમાત્માનું જ પ્રતિપાદન કરતા હોવાથી બ્રહ્મવિદ્યાનો અવસર ઉપસ્થિત થતાં એમનું અન્યત્ર વર્ણન કરી શકાય છે. એવા વર્ણનથી કોઈ પ્રકારનો દોષ નથી પેદા થતો.

**१४. आध्यानाय प्रयोजनाभावात् ।**

અર્થ

પ્રયોજનાભાવાત્ = બીજું કોઈ પ્રયોજન ના હોવાથી.

આધ્યાનાય = પરમાત્માનું સારી પેઠે ચિંતન કરવા માટે (એમના તત્વને રૂપક દ્વારા સમજાવ્યું છે.)

ભાવાર્થ

તૈત્તિરીય ઉપનિષદમાં પક્ષીનું રૂપક શા માટે આપવામાં આવ્યુ છે ? કઠ ઉપનિષદમાં શરીરને રથની ઉપમા આપી છે તે તો સહેતુક લાગે છે, પરંતુ પક્ષીની એ ઉપમાની પાછળ કશું પ્રયોજન નથી દેખાતું. એવી જિજ્ઞાસાના જવાબમાં આ સૂત્ર દ્વારા જણાવવામાં આવે છે કે એવા રૂપકની પાછળ દેખીતી રીતે કોઈ પ્રયોજન ના દેખાતું હોય તો પણ અંદરખાને અગત્યનું મહાન પ્રયોજન રહેલું છે. માનવજીવન પરમાત્માના સાક્ષાત્કારને માટે મળેલું છે. એ સાક્ષાત્કાર પરમાત્માના પ્રેમપૂર્વકના ચિંતનમનન સિવાય થઈ શકે નહિ. એટલે એવું ચિંતનમનન કરીને ચિત્તની વૃત્તિને પરમાત્માભિમુખ બનાવવા માટે પક્ષીના રૂપક જેવાં રૂપકોની કલ્પના કરેલી છે. એવાં રૂપકો દ્વારા પરમાત્માનું તત્વચિંતન થાય છે અને એમનામાં મન લાગે છે.

પરમાત્મા હૃદયમાં કેવી રીતે રહેલા છે એ સમજાવવા માટે તૈત્તિરીય ઉપનિષદમાં અન્નમય જેવા કોશવાચક શબ્દોથી પ્રકરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. એ પછી પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય પુરૂષનું વર્ણન કરાયું છે અને આખરે પ્રત્યેકના આત્મા એક જ તત્વનો નિશ્ચય થયો છે. વિજ્ઞાનમય જીવાત્માનું વર્ણન કરીને એના પણ અંતરાત્મા આનંદમયને બતાવીને સૌના અંતરાત્મા તરીકે એ આનંદમયને બતાવીને એ રૂપકની પરિસમાપ્તિ કરવામાં આવી છે. એવી રીતે પરમાત્માના સૂક્ષ્મ તત્વને સમજાવીને એમના ચિંતનમનન દ્વારા ચિત્તને એમની અંદર પરોવવાના અને અંતે પરમાત્મમય બનવાના પ્રધાન પ્રયોજનથી પ્રેરાઈને જ પક્ષીના એ રૂપકની રજુઆત કરવામાં આવી છે એ સ્પષ્ટતાપૂર્વક અને સહેલાઈથી સમજી શકાય છે.

**१५. आत्मशब्दाच्च ।**

અર્થ

આત્મશબ્દાત્ = આત્મશબ્દના પ્રયોગને લીધે.

ચ = પણ.

ભાવાર્થ

ઉપનિષદના એ પ્રકરણમાં આનંદમય શબ્દનો પ્રયોગ પરમાત્માને માટે જ કરવામાં આવ્યો છે એવું શાના પરથી કહી શકાય છે ? એનો ઉત્તર એ જ છે કે એ પ્રકરણમાં વારંવાર સૌના અંતરાત્માનો ઉલ્લેખ કરીને અંતમાં વિજ્ઞાનમયનો અંતરાત્મા આનંદમયને બતાવ્યો છે. એ પછી એ આનંદમયના અંતરાત્મા તરીકે બીજા કોઈનો ઉલ્લેખ નથી કર્યો. એના પરથી સહેલાઈથી અને પ્રતીતિપૂર્વક કહી શકાય છે કે આનંદમય શબ્દનો પ્રયોગ ત્યાં પરમાત્માને માટે જ કરવામાં આવ્યો છે બીજા કોઈને માટે નથી કરવામાં આવ્યો.

**१६. आत्मगृहीतिरितरवदुत्तरात् ।**

અર્થ

આત્મગૃહીતિઃ = આત્મ શબ્દથી પરમાત્માનું ગ્રહણ.

ઈતરવત્ = બીજી શ્રુતિની પેઠે

ઉત્તરાત્ = એની પછીના વર્ણનથી (સિદ્ધ થાય છે.)

ભાવાર્થ

આત્મા શબ્દનો પ્રયોગ તો મોટે ભાગે પ્રત્યગાત્મા અથવા જીવાત્માને માટે કરવામાં આવે છે, તો ત્યાં એનો પ્રયોગ પરમાત્માને માટે થયો છે એવું શી રીતે માની લેવાય ? એવા સંભવિત પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહેવામાં આવે છે કે એ ઉપનિષદમાં કરવામાં આવેલા પાછળના વર્ણન પરથી એવી માન્યતાને પુષ્ટિ મળે છે. તૈત્તિરીય ઉપનિષદમાં કરવામાં આવેલા આનંદમયના વર્ણન પછી તરત જ ઉલ્લેખ આવે છે કે 'હું બહુવિધ બનું એવી એણે કામના કરી; **सोङकामयत बहुस्याम्** । એ ઉલ્લેખ દેખીતી રીતે જ પરમાત્માને અનુલક્ષીને કરવામાં આવ્યો છે. ત્યાં આનંદમય આત્મામાંથી સમસ્ત સૃષ્ટિની ઉત્પત્તિનું કથન છે. એટલે આનંદમય અને આત્મા શબ્દનો પ્રયોગ પરમાત્માને માટે જ કરવામાં આવ્યો છે એમાં કશા સંદેહને માટે અવકાશ નથી રહેતો. જીવાત્મા કાંઈ સમસ્ત સૃષ્ટિની ઉત્પત્તિ કરવાની કામના તથા તદ્દનુસાર પ્રવૃત્તિ ના કરી શકે.

એ સિવાયના બીજા ઉપનિષદમાં પણ આત્મા શબ્દનો પ્રયોગ પરમાત્માને માટે કરવામાં આવ્યો છે. તૈત્તિરીય ઉપનિષદમાં પણ આત્મા શબ્દનો પ્રયોગ પરમાત્માને માટે કરવામાં આવ્યો છે. તૈત્તિરીય ઉપનિષદમાં કહ્યું છે કે.

आत्मा वा इदमेकमेवाग्र  आसीन्नान्यत् किंचन भिषत् स ईक्षत लोकान्नु सृजै ।

'આરંભમાં આ એક આત્મા જ હતો, એણે ઈચ્છા કરી કે હું લોકોની રચના કરું;

ઉપનિષદના એ કથનમાં આત્મા શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે એ આત્મા શબ્દ પરમાત્માને માટે જ વપરાયો છે. એવું જ તૈત્તિરીય ઉપનિષદમાં આવેલા આત્મા શબ્દના આનંદમય શબ્દના પ્રયોગ સંબંધી સમજી લેવાનું છે.

**१७. अन्वयादिति  चेत्स्यादवधारणात्  ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે.

અન્વયાત્ = પ્રત્યેક વાક્યમાં આત્મા શબ્દનો અન્વય હોવાથી આનંદમય પરમાત્મા છે એવું પુરવાર નથી થતું.

ઈતિ = તો એનો ઉત્તર એ છે કે.

અવધારણાત્ = નિર્ધારિત કરવામાં આવ્યું હોવાથી.

સ્યાત્ = (આનંદમય જ પરમાત્મા છે) એ વાત પુરવાર થાય છે.

ભાવાર્થ

તૈત્તિરીય ઉપનિષદની બ્રહ્મવલ્લીમાં આત્મા શબ્દનો પ્રયોગ બધા વાક્યોના અંતભાગમાં જોવા મળે છે. તો પછી એના પ્રયોગને અગત્ય આપીને આનંદમયને જ પરમાત્મા માનવાનું શું ઉચિત છે ? એ શંકાનું સમાધાન કરતાં અહીં કહેવામાં આવે છે કે આત્મા શબ્દનો પ્રયોગ ત્યાં લગભગ બધાં જ વાક્યોમાં કરવામાં આવ્યો છે એ સાચું છે પરંતુ એ પણ એટલું જ સાચું છે કે બધે ઠેકાણે એનો પ્રયોગ પરમાત્માને માટે નથી કરવામાં આવ્યો. પરમાત્માને માટે તો એનો પ્રયોગ એ વર્ણનના અંતભાગમાં જ કરવામાં આવ્યો છે અન્નમયનો અંતરાત્મા એનાથી જુદા એવા પ્રાણમયને બતાવ્યો છે, પ્રાણમયનો એથી જુદા મનોમયને, મનોમયનો વિજ્ઞાનમયને, તથા વિજ્ઞાનમયનો અંતરાત્મા આનંદમયને. એ પછી આનંદમયનો અંતરાત્મા બીજા કોઈને નથી બતાવ્યો, પરંતુ નિશ્ચિત કર્યું છે કે એનો આત્મા એ જ છે. અને પહેલાં કહેલા બધા પુરૂષોનો આત્મા એ જ છે. એમાંથી જગતની ઉત્પત્તિ પણ કહી બતાવી છે. એટલે આનંદમય શબ્દ પરમાત્માને માટે જ વપરાયો છે, બીજા કોઈને માટે નથી વપરાયો, અને આત્મા શબ્દ પણ પરમાત્માનો જ વાચક છે, એવું પુરવાર થાય છે.

**१८. कार्याख्यानादपूर्वम् ।**

અર્થ

કાર્યાખ્યાત્ = પરમાત્માના કાર્યરૂપે કહેલો હોવાથી એ પુરૂષ

અપૂર્વમ = પૂર્વોક્ત પરમાત્મા ન હોઈ શકે.

ભાવાર્થ

તૈત્તિરીય ઉપનિષદમાં આત્મામાંથી આકાશાદિ ભૂતોની ઉત્પત્તિને વર્ણવીને પૃથ્વીથી ઔષધિથી, અન્નની, અને અન્નથી પુરૂષની ઉત્પત્તિ કહી બતાવી. પછી જણાવ્યું કે ખરેખર આ જ એ પુરૂષ અન્નરસમય છે. એ કથન પ્રમાણે 'સત્યં જ્ઞાનમનતં બ્રહ્મ' વાક્ય દ્વારા કહી બતાવેલા પરબ્રહ્મ પરમાત્મા જ એ અન્ન-રસમય પુરૂષ છે કે કોઈ બીજા છે, એવી શંકા ના કરતાં કહેવામાં આવે છે કે એ પ્રકરણમાં વર્ણવેલા અન્ન-રસમય પુરૂષ પરમાત્મા તરીકે ના ઓળખાવી શકાય. કારણ કે અન્ન-રસમય પુરૂષ તો પરમાત્માના કાર્યરૂપ છે. એની ઉત્પત્તિ અન્ન દ્વારા કહી બતાવી છે. એને જો પરમાત્મા સમજી લેવામાં આવે તો પરમાત્માની ઉત્પત્તિ પણ અન્ન દ્વારા થાય છે એવું સ્વીકારવું પડે. એવી રીતે સ્વીકારવાથી મોટો દોષ પેદા થાય. કારણ કે પરમાત્મા તો પરમ સત્યસ્વરૂપ છે. એ કોઈની દ્વારા, કોઈયે પ્રયોજનથી, પેદા નથી થતા. એ તો સમસ્ત જગતના અધીશ્વર

છે. એ પરમ સત્યસ્વરૂપ, પરમજ્ઞાનમય અને અનંત છે. આત્મા અને આનંદમય નામથી પણ એ જ પરબ્રહ્મ પરમાત્માનો નિર્દેશ કરેલો છે.

**१९. समान एवं चाभेदात् ।**

અર્થ

સમાને = એક શાખામાં.

ચ = પણ.

એવમ્ = એ જ રીતે વિદ્યાની એકતા સમજવી જોઈએ.

અભેદાત્ = કારણ કે બંને ઠેકાણે ઉપાસ્યમાં કોઈ ભેદ નથી.

ભાવાર્થ

આ સૂત્ર દ્વારા વાજસનેયી શાખાના શતપથ બ્રાહ્મણમાં કહેલી શાંડિલ્ય વિદ્યાની અને બૃહદારણ્યક ઉપનિષદમાં વર્ણવેલી વિદ્યાની સમાનતા અથવા એકતા બતાવવામાં આવી છે. શતપથ બ્રાહ્મણમાં કહ્યું છે કે 'સત્ય જ બ્રહ્મ છે એવી રીતે ઉપાસના કરવી જોઈએ. આ પુરૂષ સંકલ્પમય છે. એ જેવા અને જેટલા સંસ્કારો અને સંકલ્પોથી સંપન્ન બનીને આ લોકમાંથી પ્રયાણ કરે છે તેવા ને તેટલા સંકલ્પોવાળો બનીને પરલોકમાં પેદા થાય છે. એ મનોમય પ્રાણ શરીરવાળા આકાશસ્વરૂપ આત્માની ઉપાસના કરે; એ જ શાખાના બૃહદારણ્યક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'જેનું સત્ય સ્વરૂપ પ્રકાશ છે તે પુરૂષ મનોમય છે. ચોખા તથા જવના જેવા સૂક્ષ્મ આકારનો છે. હૃદયરૂપી આકાશમાં રહેલો છે, સૌનો સ્વામી, સર્વનો અધિપતિ છે. એ આ સર્વનું સર્વોત્તમ રીતે શાસન કરે છે; એ બંને ઠેકાણે વર્ણવેલી વિદ્યામાં ભેદ નથી સમજવાનો. બંને ઠેકાણે વર્ણવેલી વિદ્યા પરમાત્માની જ ઉપાસના કરવાનો આદેશ આપે છે, પરમાત્માની શ્રેષ્ઠતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે, અને પરમાત્માને જ સૌના ઉપાસ્ય કે એકમાત્ર આરાધ્ય કહી બતાવે છે. એટલે એ બંને ઠેકાણે વર્ણવેલી વિદ્યાનું પ્રયોજન એક જ છે.

**२०. सम्बन्धादेवमन्यत्रापि ।**

અર્થ

એવમ્ = એવી રીતે.

સમ્બન્ધાત્ = ઉપાસ્યના સંબંધથી.

અન્યત્ર = બીજે સ્થળે.

અપિ = પણ. (વિદ્યાની એકતા માનવી જોઈએ કે નહિ ?)

ભાવાર્થ

આ સૂત્ર દ્વારા ઉપરના સૂત્રમાં વ્યક્ત થયેલી વિચારસરણીના અનુસંધાનમાં પૂર્વપક્ષી કહે છે કે ઉપાસ્યનો સંબંધ તો બૃહદારણ્યક ઉપનિષદમાં અન્યત્ર પણ દેખાય છે. એમાં પહેલાં જણાવ્યું છે કે સત્ય જ બ્રહ્મ છે. પછી એ સત્યની સૂર્યમંડળમાં અને આંખમાં સ્થિતિ પુરૂષની સાથે એકતા બતાવવામાં આવી છે. એ

પછી એ બંનેનાં અહર્ અને અહમ્ જેવાં અત્યંત વિલક્ષણ નામ આપવામાં આવ્યાં છે. ત્યાં ઉપાસ્યનો સંબંધ સરખો હોવા છતાં, ઉપાસનાના પ્રકાર બે છે. તો એમાં ભેદ માનવો જોઈએ કે અભેદ ? ઉપાસનાની દૃષ્ટિએ ભેદ માનીએ તો પણ ઉપાસ્યનો અભેદ તો ત્યાં પણ છે જ.

**૨૧. न वा विशेषात् ।**

<u>અર્થ</u>

ન વા = એ બંનેની એકતા ના માનવી જોઈએ.

વિશેષાત્ = કારણ કે એ બંને પુરૂષોના વિલક્ષણ નામ અને સ્થાનમાં ભેદ છે.

<u>ભાવાર્થ</u>

પૂર્વપક્ષીને પ્રત્યત્તર પૂરો પાડતાં અહીં જણાવવામાં આવે છે કે એ બંને ઉપાસનામાં નામ તથા સ્થાનમાં ભેદ છે. સૂર્યમંડળમાં સ્થિત પુરૂષનું નામ અહર્ છે અને આંખમાં રહેનારા પુરૂષનું નામ અહમ્. એવી રીતે એ ઉપાસનાઓ અલગ અલગ છે એવું સ્પષ્ટ થાય છે. એમની વચ્ચે એકતા કે સમાનતા છે એવું ના કહી શકાય.

**૨૨. दरेशयति च ।**

<u>અર્થ</u>

દર્શયતિ ચ = શ્રુતિમાં એ વાત કહી છે પણ ખરી.

<u>ભાવાર્થ</u>

નામ તથા સ્થાનનો ભેદ હોય ત્યારે એક સ્થળના ગુણો બીજે સ્થળે ઘટાવી શકાય નહિ એવું વિધાન શ્રુતિમાં પણ જોવા મળે છે. એની પ્રતીતિ કરાવવા માટે છાંદોગ્ય ઉપનિષદને યાદ કરવામાં આવે છે. છાંદોગ્ય ઉપનિષદમાં આધિદૈવિક સામના પ્રસંગમાં સૂર્યસ્થ પુરૂષનું વર્ણન કરીને પછી આધ્યાત્મિક સામના પ્રસંગમાં નેત્રસ્થ પુરૂષનું વર્ણન કરવામાં આવ્યું છે, અને સૂર્યસ્થ પુરૂષના નામરૂપ આદિનું નેત્રસ્થ પુરૂષમાં વિધાન કરીને શ્રુતિએ બંનેની એકતા કરી છે. એવી રીતે વિદ્યાની એકતા માનીને ગુણોનો ઉપસંહાર કરવો આવશ્યક હોય છે ત્યારે શ્રુતિ પોતે જ કહી દે છે, અથવા એની સ્પષ્ટતા કરે છે.

**૨૩. सम्भृतिद्युव्याप्त्यपि चातः ।**

<u>અર્થ</u>

ચ = અને.

અતાઃ = એટલા માટે અથવા વિદ્યાની એકતા ના હોવાથી.

સમ્ભૂતિદ્યુવ્યાપ્તી = સમસ્ત લોકોને ધારણ કરવાનો ને દ્યુલોક આદિ સમસ્ત બ્રહ્માંડને વ્યાપીને સ્થિત થવાનો - બંને પ્રકારનો પરમાત્માનો ગુણધર્મ.

અપિ = પણ બીજે ના લેવો જોઈએ. (બીજે એટલે નેત્રાન્તર્વર્તી આદિ પુરૂષોમાં.)

<u>ભાવાર્થ</u>

નેત્રાન્તર્વર્તી અથવા સૂર્ય મંડળવર્તી પુરૂષોનું વર્ણન ઉપનિષદમાં કરવામાં આવ્યું છે. એ પુરૂષોમાં પરબ્રહ્મ પરમાત્માના કયા ગુણો અધ્યાહારરૂપે રહેલા નથી એ બતાવવા માટે આ સૂત્રની રચના થઈ છે. એને સારી પેઠે સમજવા માટે બૃહદારણ્યક ઉપનિષદમાં આવેલા યાજ્ઞવલ્ક્ય અને ગાર્ગીના વાર્તાલાપનો વિચાર કરવો જોઈએ. એ વાર્તાલાપ દરમિયાન ગાર્ગીએ યાજ્ઞવલ્ક્યને પૂછ્યું કે, જે દ્યુલોકથી ઉપર છે, પૃથ્વીથી નીચે છે, દ્યુલોક તથા પૃથ્વીની વચ્ચે છે, દ્યુલોક તથા પૃથ્વી છે, અને જેને ભૂત, વર્તમાન ને ભવિષ્ય કહે છે, એ બધું શેની અંદર ઓતપ્રોત છે ? એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં યાજ્ઞવલ્ક્યે જણાવ્યું કે દ્યુલોકથી ઉપર અને પૃથ્વીથી નીચે સુધી આ સઘળું આકાશમાં ઓતપ્રોત છે. ગાર્ગીએ પૂછ્યું કે, આકાશ શેમાં ઓતપ્રોત છે ? યાજ્ઞવલ્ક્યે જણાવ્યું કે એ તત્વને બ્રહ્મવેત્તા પુરૂષો અક્ષર કહે છે. એ જાડું નથી, પાતળું નથી; લાલ નથી, ચીકણું નથી; છાયા નથી; અંધકાર નથી, વાયુ નથી, આકાશ નથી, સંગ, રસ, ગંધ, નેત્ર, કાન, વાણી, મન, તેજ, પ્રાણ, મુખ તથા માપ નથી; અંદર અથવા બહાર નથી. એ કાંઈ પણ નથી ખાતું અને એને કોઈ નથી ખાતું. સૂર્ય, ચંદ્ર, દ્યુલોક અને પૃથ્વી આદિ એના અધિકારમાં છે. એણે જ આ સઘળું ધારણ કરી રાખ્યું છે.

એ વાર્તાલાપમાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે પરબ્રહ્મ પરમાત્મા સમસ્ત બ્રહ્માંડના અધિષ્ઠાતા છે અને સર્વત્ર વ્યાપક છે. પરમાત્માની એ બંને પ્રકારની વિશેષતાઓ અથવા પરમાત્માના એ ગુણધર્મો નેત્રાન્તર્વર્તી કે સૂર્ય મંડળસ્થ પુરૂષમાં આરોપિત કરી શકાય તેમ નથી. એ વિશેષતાઓ કે ગુણધર્મોને પરમાત્મા સિવાય બીજે ક્યાંય અથવા બીજા કોઈનામાં ના ઘટાવી શકાય. નેત્રાન્તર્વર્તી અને સૂર્ય મંડળસ્થ પુરૂષનાં ક્ષેત્રો સીમિત છે. પુરૂષ સર્વત્ર વ્યાપક તથા સૌને ધારણ કરનારા છે એવું કદાપિ ના કહી શકાય. એવી રીતે પરબ્રહ્મ પરમાત્મા સિવાયના બીજા પદાર્થોના સંબંધમાં સમજી લેવાનું છે. એ પદાર્થો સીમિત અને સ્વલ્પ શક્તિ સંપત્તિવાળા હોવાથી પરમાત્માના ગુણધર્મોથી સંપન્ન નથી અને પરમાત્માનું સ્થાન ના લઈ શકે.

**૨૪. पुरूष विद्यामिव चेतरेषामनामनाम्नानात् ।**

<u>અર્થ</u>

પુરૂષ વિદ્યાયામ્ ઈવ = પુરૂષ વિદ્યામાં બતાવેલા ગુણ.

ચ= પણ.

ઈતરેષામ્ = બીજા પુરૂષોમાં ના હોઈ શકે.

અનામ્નાનાત્ = કારણ કે શ્રુતિમાં એમના એવા ગુણો બીજે ક્યાંય નથી બતાવ્યા.

<u>ભાવાર્થ</u>

અહીં જેનો પુરૂષ વિદ્યાના નામથી ઉલ્લેખ કરવો છે એ પરમાત્માના મહિમાનું જયગાન છે. મુંડકોપનિષદમાં અક્ષર બ્રહ્મનો પુરૂષ નામથી પરિચય કરાવવામાં આવ્યો છે. એ ઉપનિષદમાં અક્ષર બ્રહ્મથી સૌની ઉત્પત્તિ અને એની અંદર સૌનો લય કહી બતાવીને એમને દિવ્ય અલૌકિક અમૃત પુરૂષ કહ્યા છે. એમનામાંથી પ્રાણ, ઈન્દ્રિય, પંચ મહાભૂત, સૂર્ય, ચંદ્ર, વેદ, અગ્નિ, દેવ, મનુષ્ય, અન્ન, સમુદ્ર તથા પર્વતની સૃષ્ટિ થાય છે એવું જણાવીને એમના સંબંધમાં કહ્યું છે કે પુરૂષ જ આ સર્વ કાંઈ છે; તપ, કર્મ તથા પરમ અમૃતસ્વરૂપ બ્રહ્મ પણ એ જ છે. હૃદયરૂપી ગુફામાં રહેલા એ અંતર્યામી પરમ પુરૂષને જે જાણે છે તે અહીં,

આ મનુષ્ય શરીરમાં જ અવિદ્યાની ગ્રંથિને તોડી નાખે છે. પરમાત્માના મહિમાના એ જયગાનમાં જે અસાધારણ યોગ્યતા નેત્રાન્તર્વર્તી, સૂર્ય મંડળસ્થ કે બીજા કોઈ પણ પુરૂષમાં નથી દેખાતી એટલે એ યોગ્યતા તથા ગુણધર્મો બીજા કોઈને માટે ના ઘટાવી શકાય. પરમાત્માની બરાબરી બીજા કોઈ પણ સામાન્ય કે અસામાન્ય પુરૂષથી ના થઈ શકે.

**૨૫. वेधाद्यर्थभेदात् ।**

અર્થ

વેધાદિ = કરવાનું કહીને પરમાત્માને માટે જે કાંઈ જણાવ્યું છે તે પણ બીજે ઠેકાણે, બીજી વિદ્યાઓમાં ઘટાવવું ના જોઈએ.

અર્થભેદાત્ = કારણ કે ત્યાં પ્રયોજનમાં ભેદ છે.

ભાવાર્થ

મુંડકોપનિષદમાં જણાવ્યું છે કે 'ઉપનિષદમાં વર્ણવેલા પ્રણવરૂપી પરમ ધનુષ્ય લઈને એના પર ઉપાસના દ્વારા તીક્ષ્ણ કરેલા બાણને ચઢાવવું. પછી ભાવવિભોર બનીને એ ધનુષ્યને ખેંચીને પરમ અક્ષર પુરૂષ પરમાત્માને  લક્ષ્ય બનાવીને એમને વીંધવા એટલે કે એમની પાસે પહોંચીને એમની સાથે ઓતપ્રોત અથવા એકાકાર બની જવું;

धनुर्गृहीत्वौपनिषदं महास्त्रं शरं ह्युपासानिशितं सन्धयीत ।
आयम्य तद्भावगतेन चेतसा लक्ष्यं तदेवाक्षरं सोम्य विद्धि ॥

એ શ્લોકમાં જે રૂપકનો આધાર લેવાયો છે ને જે શબ્દોનો પ્રયોગ થયો છે તેનું એક માત્ર પ્રયોજન પરમાત્માની ઉપાસના, સ્મૃતિ અથવા સાધનાની તલ્લીનતા બતાવવાનો છે. પ્રણવનો આધાર લઈને પરમાત્માની ઉપાસના કરવાનો નિર્દેશ કરતી બીજી બ્રહ્મ વિદ્યાઓમાં પણ એ રૂપકને ઘટાવવાની અને એ શબ્દોનો આધાર લેવાની આવશ્યકતા નથી.

**૨૬. हानौ तूपायनशब्देशेषत्वात्कुशाच्छन्दस्तुत्युपगानवत्तदुक्तम् ।**

અર્થ

હાનૌ = જ્યાં ફક્ત દુઃખ, શોક, પુણ્ય, પાપદિના નાશનું જ વર્ણન છે એવી શ્રુતિમાં.

તુ = પણ.

ઉપાયન શબ્દેશત્વાત= લાભરૂપ પરમધામની પ્રાપ્તિ જેવા ફળનો પણ અધ્યાહાર કરી લેવો જોઈએ કારણ એ વાક્યનો શેષ ભાગ છે.

કુશાચ્છન્દસ્તુત્યુપગાનવત્ = કુશા, છંદ, સ્તુતિ અને ઉપગાનની જેમ, એ વસ્તુ સમજવાની છે.

તત્ ઉક્તમ્ = પૂર્વમીમાંસામાં એવું જણાવ્યું છે.

ભાવાર્થ

આ સૂત્રમાં અત્યાર સુધીનાં સૂત્રોમાં નહિ ચર્ચાયલો એક મહત્વનો વિષય ચર્ચવામાં આવ્યો છે. ઉપનિષદમાં બ્રહ્મવિદ્યાના ફળનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે તેથી દુઃખ, શોક, બંધન, તથા શુભાશુભ કર્મોની નિવૃત્તિ થાય છે. ક્યાંક એવું પણ જણાવ્યું છે કે પછી પરમશાંતિ, સમતા, પરમપદ, પરમધામ તથા પરમાત્માની પ્રાપ્તિ થાય છે.

બ્રહ્મવિદ્યાનું મુખ્ય ફળ તો પરમાત્માનો સાક્ષાત્કાર જ છે, એને માટે જ બ્રહ્મવિદ્યાનો આધાર લેવાય છે, અને પરમાત્માના સાક્ષાત્કાર વિના દુઃખ, શોક, બંધન, કલેશ કે કર્મજન્ય વાસનાની આત્યંતિક નિવૃત્તિ નથી થઈ શકતી. એ રીતે વિચારીએ તો એ વિદ્યાના ફળમાં કોઈ પ્રકારનો વિરોધાભાસ નથી દેખાતો. પરમાત્માની પ્રાપ્તિ વિના બ્રહ્મવિદ્યાનું મહત્વ કશું જ નથી રહેતું. એટલે શ્રુતિમાં જ્યાં બ્રહ્મવિદ્યાનું ફળ દુઃખ, શોક, અશાંતિ, કલેશ તથા બંધનની નિવૃત્તિ બતાવ્યું છે ત્યાં પરમાત્માની અથવા પરમધામની પ્રાપ્તિના ફળને અધ્યાહારરૂપે રહેલું સમજી લેવાનું છે અને બ્રહ્મવિદ્યાથી એ ફળ મળે છે એવું પણ સમજવાનું છે. પરબ્રહ્મ પરમાત્માની પાસે પહોંચાડવાની પવિત્રતમ પ્રવૃત્તિ કરતી હોવાથી જ એને બ્રહ્મવિદ્યા કહેવામાં આવે છે. એ પ્રવૃત્તિને લીધે જ એનું બ્રહ્મવિદ્યા નામ સાર્થક છે.

કઠ ઉપનિષદમાં બ્રહ્મવિદ્યાનું ફળ બતાવતાં કહ્યું છે કે એથી હર્ષશોકનો નાશ થાય છે અને મૃત્યુના મુખમાંથી મુક્તિ મળે છે. શ્વેતાશ્વર ઉપનિષદમાં જણાવ્યું છે કે એની પ્રાપ્તિથી સઘળા પાપોમાંથી છૂટાય છે, તથા શોકરહિત બનાય છે. મુંડક ઉપનિષદમાં કહ્યું છે કે એને લીધે અવિદ્યાનો નાશ થાય છે હૃદયની અવિદ્યા તથા અવિદ્યાજન્ય વાસનાગ્રંથિ, સંશયો તથા કર્મદોષો દૂર થાય છે. મુંડક ઉપનિષદમાં એથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. બ્રહ્મધામ મળે છે, પરમાત્મામાં લીન થવાય છે, અને અમૃત સ્વરૂપ બનાય છે, એવું પણ જણાવ્યું છે. એટલે જ્યાં કેવળ હાનિના અથવા દુઃખ, બંધન, કલેશ, શોક તથા વાસનાના નાશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યાં એ સૌના શેષ ભાગ તરીકે પરમધામની અથવા પરમાત્માની પ્રાપ્તિના ફળનો ઉલ્લેખ પણ સમજી લેવો જોઈએ, અને એવી જ રીતે જ્યાં કેવળ પરમધામની કે પરમાત્માની પ્રાપ્તિનો અથવા પરમાત્મામાં લીન થવાનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો હોય ત્યાં દુઃખ, બંધન, કલેશ, શોક તથા વાસનાના નાશનો નિર્દેશ પણ સમજી લેવો જોઈએ. ત્યારે જ એ ફળાદેશ અથવા ફળનો ઉલ્લેખ સંપૂર્ણ થઈ શકે અથવા સર્વાંગીણ બની શકે.

**૨૭. साम्पराये तर्तव्याभावात्तथा ह्यन्ये ।**

<u>અર્થ</u>

સામ્પરાયે = જ્ઞાનીને માટે પરલોકમાં.

તર્તવ્યાભાવાત્ = ભોગ દ્વારા પાર કરવા યોગ્ય કોઈ કર્મફળ બાકી નથી રહેતું એટલા માટે (એનાં પુણ્ય કર્મ પણ અહીં જ પૂર્ણ થાય છે.)

હિ = કારણ કે.

તથા = એ પ્રમાણે

અન્યે= બીજી શાખાવાળા પણ જણાવે છે.

ભાવાર્થ

બ્રહ્મલોકની પ્રાપ્તિ કરનારા મહાજ્ઞાની પુરૂષનાં પાપકર્મોનો નાશ થાય છે, તો પછી પુણ્યકર્મો બાકી રહે છે ? શુભ સર્વોત્તમ લોકમાં તો પુણ્યકર્મોના પરિણામે જ પ્રવેશી શકાય છે, તો પછી બ્રહ્મલોક જેવા ઉત્તમ લોકમાં જવા માટે એનાં પુણ્યકર્મોનો સંચય રહેતો હશે. એવી શંકાના સમાધાન સારૂ અહીં જણાવવામાં આવે છે કે પરમજ્ઞાની પુરૂષને માટે કોઈ પ્રકારનું શુભ અથવા અશુભ, ઉત્તમ અથવા અધમ, કર્મફળ શેષ નથી રહેતું. એને જે બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે તે કોઈ કર્મફળને લીધે નથી થતી. પરંતુ બ્રહ્મજ્ઞાનની નિષ્ઠાથી થતી હોય છે. એનાં શુભાશુભ કર્મો અહીં જ પૂરાં થાય છે. બૃહદારણ્યક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'જ્ઞાની પુરૂષ પુણ્ય તથા પાપ બંનેને અહીં જ પાર કરી જાય છે.'

उभे उ हैवैष एते तरति ।

મુંડક ઉપનિષદમાં પણ કહ્યું છે કે 'જ્ઞાની પુરૂ, એ વખતે પુણ્ય તથા પાપને હઠાવીને પરમ પવિત્ર બનીને પરમાત્મા સાથે એક થઈને સામ્યાવસ્થાની પ્રાપ્તિ કરે છે.'

तदा विद्वान् पुण्यपापे विधूय निरंजनः परमं साम्व्मुपैति ।

**२८. छन्दत उभयथाविरोधात् ।**

અર્થ

છન્દતઃ = જ્ઞાની પુરૂષના સંકલ્પ પ્રમાણે.

ઉભયથા = બંને પ્રકારની સ્થિતિની પ્રાપ્તિમાં.

અવિરોધાત્ = કોઈ જાતનો વિરોધ નથી.

ભાવાર્થ

જ્ઞાનીને પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ તથા કર્મ નાશ તો શરીર હોય છે ત્યારે અહીં જ થઈ જાય છે. છતાં પણ દેવયાનમાર્ગથી બ્રહ્મલોકમાં જઈને પરમાત્માની પ્રાપ્તિ થવાનું કહ્યું છે તેનું કારણ જ્ઞાની પુરૂષનો તેવો સંકલ્પ હોય છે. બંને પ્રકારના અવસ્થા ભેદને લીધે જ જોવા મળે છે. જે જ્ઞાની આ જ લોકમાં બ્રહ્મજ્ઞાન દ્વારા પરમાત્મા પ્રાપ્તિનો સંકલ્પ કરીને તદનુસાર પુરૂષાર્થ કરે છે તેને ક્યાંય જવાનું નથી રહેતું. તે તો અહીં જ કૃતાર્થ, મુક્ત ને પૂર્ણ થાય છે. પરંતુ જે પરમાત્માના પરમધામમાં કે બ્રહ્મલોકમાં જવાની ઈચ્છાથી સાધનામાં પ્રવૃત્ત થાય છે તે દેવયાન માર્ગથી આગળ વધીને પરમાત્માની પ્રાપ્તિ કરે છે.

**२९. गतेरर्थवत्त्वयुभयथान्यथा हि विरोधः ।**

અર્થ

ગતેઃ = ગતિબોધક શ્રુતિની.

અર્થવત્વમ્ = સાર્થકતા.

ઉભયથા = બંને રીતે બ્રહ્મપ્રાપ્તિ માનવાથી જ થઈ શકશે.

હિ = કેમ કે.

અન્યથા = બીજી રીતે માનવાથી.

વિરોધઃ = શ્રુતિમાં પરસ્પર વિરોધ પેદા થશે.

ભાવાર્થ

પરમાત્માના પરમજ્ઞાનથી સંપન્ન જ્ઞાનીપુરૂષ બ્રહ્મલોકમાં જવાને બદલે આ લોકમાં અહીં જ પરમાત્માની પ્રાપ્તિ કરી લે છે એવું એક જ પ્રકારનું ગતિવિષયક વિધાન માની લેવાથી ઉપનિષદનાં વચનોમાં જ વિરોધ પેદા થશે. કારણકે ઉપનિષદમાં એ બંને પ્રકારની પ્રાપ્તિનાં વર્ણનો જોવા મળે છે. બ્રહ્મજ્ઞાની પુરૂષ આ લોકમાં આ જીવન દરમિયાન જ પરમાત્માની પ્રાપ્તિ કરે છે એવું કહેવાની સાથે સાથે ઉપનિષદમાં અન્યત્ર એવું પણ જણાવવામાં આવ્યું છે કે તે બ્રહ્મલોકમાં જઈને પરમાત્માની પ્રાપ્તિથી ધન્ય બને છે.

**૩૦. उपपन्नस्तल्लक्षणार्थोपलब्धेलोकवत् ।**

અર્થ

તલ્લક્ષણાર્થોપલબ્ધેઃ = એ દેવયાન માર્ગ દ્વારા બ્રહ્મલોકમાં જવા માટેનાં યોગ્ય સૂક્ષ્મ શરીરાદિ ઉપકરણોની પ્રાપ્તિનું કથન હોવાથી.

ઉપપન્નઃ = એને માટે બ્રહ્મલોકમાં જવાનું કથન યુક્તિસંગત છે.

લોકવત્ = લોકમાં પણ એવું જોઈ શકાય છે.

ભાવાર્થ

બ્રહ્મજ્ઞાની પુરૂષ સ્વેચ્છાથી બ્રહ્મલોકની પ્રાપ્તિ કરી શકે છે એવા વિધાનની પુષ્ટિ માટેની બીજી ઉપયોગી સામગ્રી પણ ઉપનિષદમાંથી સાંપડી રહે છે. ઉપનિષદમાં બ્રહ્મલોકમાં જવા માટેનાં ઉપયોગી સાધનોનો ઉલ્લેખ કરેલો છે. છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે બ્રહ્મજ્ઞાની સમસ્ત કર્મોનો અભાવ થઈ ગયા પછી પણ, દિવ્ય શરીરથી સંપન્ન બને છે એ દિવ્ય શરીર એને બ્રહ્મલોકમાં જવા માટે કામ લાગે છે. આ જગતમાં પણ એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં જવા માટે કેટલીક ઉપયોગી સામગ્રીને એકઠી કરવી પડે છે. તેવી રીતે બ્રહ્મલોકમાં પ્રવેશવા માટેના દિવ્ય સૂક્ષ્મ શરીરની જ્ઞાનીને પ્રાપ્તિ થાય છે. દિવ્ય શરીર પ્રાપ્તિનું એ વિધાન બ્રહ્મજ્ઞાની બ્રહ્મલોકમાં પ્રવેશે છે એ હકીકતનું સમર્થન કરે છે.

**૩૧. अनियमः सर्वषामविरोधः शब्दानुमानाभ्याम् ।**

અર્થ

અનિયમનઃ = એ જ વિદ્યાઓનો આશ્રય લઈને ઉપાસના કરનારા દેવયાન માર્ગ દ્વારા જાય છે એવો નિયમ નથી.

સર્વેષામ્ = બ્રહ્મલોકમાં જનારા સઘળા જ્ઞાનીઓની ગતિ એ જ માર્ગથી થાય છે એ વાત.

શબ્દાનુમાનાભ્યામ્ = શ્રુતિ તથા સ્મૃતિ દ્વારા સિદ્ધ થાય છે. (એટલા માટે)

અવિરોધઃ = કશો વિરોધ નથી.

ભાવાર્થ

ઉપનિષદમાં બ્રહ્મલોક તથા પરમધામની પ્રાપ્તિનું વર્ણન તો આવે છે પરંતુ એ લોકમાં કે ધામમાં જવા માટે દેવયાન માર્ગ દ્વારા જ જવું પડે છે એવો ઉલ્લેખ બધે સ્થળે નથી આવતો. સ્મૃતિ ગ્રંથોમાં પણ એવો ઉલ્લેખ નથી આવતો. દેવયાન માર્ગનો ઉલ્લેખ અમુક વિદ્યાઓના સંબંધમાં કરેલો હોવાથી શંકા થવાનો સંભવ છે કે એ વિદ્યાઓનો આધાર લેનારા જ માર્ગે થઈને જતા હશે. એવી શંકાના સમાધાનને માટે અહીં જણાવવામાં આવે છે કે એ શંકા સાચી નથી. બ્રહ્મલોકમાં જનારા બધા જ ઉપાસકો કે જ્ઞાનીઓ દેવયાન માર્ગે જ ગતિ કરે છે. અમુક જ્ઞાનીજનો કે ઉપાસકો એ માર્ગે આગળ વધે છે ને બીજા જ્ઞાનીજનો કે ઉપાસકો બીજા માર્ગે પ્રયાણ કરે છે એવું નથી. બ્રહ્મલોકમાં જવાનો માર્ગ એક જ છે અને સૌ એ જ માર્ગનો દેવયાન માર્ગનો આધાર લે છે. શ્રુતિ કે સ્મૃતિમાં સઘળે સ્થળે એનું વર્ણન ના મળતું હોય તો પણ, એનું જેટલું પણ વર્ણન છે તેટલું વર્ણન પ્રમાણભૂત, આદર્શ અને સર્વ સ્વીકાર્ય ગણાવું જોઈએ.

**૩૨. यावदधिकारमवस्थितिराधिकारिकाणाम् ।**

અર્થ

આધિકારિકાણામ્ = અધિકાર પ્રાપ્ત કારક પુરૂષના

યાવદધિકારમ્ = અધિકારની સમાપ્તિ નથી થતી ત્યાં સુધી.

અવસ્થિતિઃ = પોતાની ઈચ્છા પ્રમાણે સ્થિતિ રહેતી હોય છે.

ભાવાર્થ

આ સૂત્રમાં એક વિશિષ્ટ વિષયની ચર્ચા કરતાં કહેવામાં આવે છે કે શાસ્ત્રોમાં જેમને કારક મહાપુરૂષ કહેવામાં આવે છે તે (મહર્ષિ વસિષ્ઠ તથા વ્યાસ જેવા) અસાધારણ જીવોની જેમ જન્મતા કે મરતા અથવા આવતા તથા જતા નથી. એ દિવ્ય બ્રહ્મલોકમાં રહે છે ત્યાં સુધી ઈચ્છા પ્રમાણે શરીરને ધારણ કરે છે ને છોડી દે છે. એમને અર્ચિ આદિ દેવતાઓની સહાયતાની આવશ્યકતા નથી રહેતી. એ એમની ઈચ્છાનુસાર ગમે તે લોકમાં જઈ શકે છે, લીલાતનુને ધારણ કરે છે, અને ત્યાગી શકે છે. એમની શક્તિ અસીમ હોય છે.

**૩૩. अक्षरधियां त्ववरोधः सादान्यतद्भावाभ्यामौपसदवत्तदुक्तम् ।**

અર્થ

અક્ષરધિયામ્ = અક્ષર અથવા પરમાત્માના નિર્ગુણ નિરાકાર વિષયક લક્ષણોનો.

તુ = પણ.

અવરોધઃ = સર્વ સ્થળે અધ્યાહાર કરવાનું (યોગ્ય છે.)

સામાન્ય તદ્દભાવાભ્યામ્ = કારણ કે પરમાત્માના બધા વિશેષણો સમાન છે અને એમના સ્વરૂપને લક્ષ્ય કરાવનારા ભાવો છે.

ઔપસદવત્ = એટલે 'ઉપસત્' કર્મવિષયક મંત્રોની પેઠે.

તદુક્તમ્ = એમનો અધ્યાહાર કરવો યોગ્ય છે એ વાત કહેવામાં આવી છે.

ભાવાર્થ

આ સૂત્રમાં વિષય બદલાય છે. હવેનાં સૂત્રોમાં જીવાત્મા તથા પરમાત્માના સ્વરૂપ વર્ણનનો વિચાર કરવામાં આવે છે. આ સૂત્રમાં જે અક્ષરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ અક્ષરનું વર્ણન મુંડક તથા બૃહદારણ્યક જેવાં ઉપનિષદોમાં કરેલું છે. મુંડક ઉપનિષદમાં અંગિરા ઋષિએ શૌનકને કહ્યું છે કે 'જે જાણી તથા પકડી નથી શકાતા, ગૌત્ર, વર્ણ, આંખ, કાન તથા પગ વગરના છે, સર્વ વ્યાપક, અતિશય સૂક્ષ્મ. વિનાશ રહિત અને સઘળાં પ્રાણીઓના એક માત્ર કારણ છે, એ અક્ષર પરમાત્માનું દર્શન જ્ઞાનીઓ સર્વત્ર કરતા હોય છે. એ અક્ષર પરમાત્માની પ્રાપ્તિ કરાવનારી વિદ્યાને પરાવિદ્યા કહેવામાં આવે છે.'

બૃહદારણ્યક ઉપનિષદમાં મહર્ષિ યાજ્ઞવલ્કયે ગાર્ગીને જણાવ્યું છે કે 'જેના સંબંધમાં તું પ્રશ્ન કરે છે તે તત્વને બ્રહ્મજ્ઞાની પુરૂષો અક્ષર અથવા નિર્ગુણ, નિરાકાર, અવિનાશી બ્રહ્મ કહે છે. એ જાડા નથી, પાતળા નથી, મોટા તથા નાના નથી.'

**૩૪. इयदामननात् ।**

અર્થ

ઈયદામનનાત્ = સર્વ સ્થળે ઈયત્તા અથવા આટલાપણાનું વર્ણન સમાન હોવાથી. (ઉક્ત ત્રણે યંત્રોમાં એક જ બ્રહ્મવિદ્યાનું વર્ણન કરેલું છે.)

ભાવાર્થ

મુંડક તથા શ્વેતાશ્વર ઉપનિષદમાં પક્ષીના ઉદાહરણ દ્વારા જીવાત્મા તથા પરમાત્માને હૃદયપ્રદેશમાં રહેતા બતાવ્યા છે. ત્યાં જણાવ્યું છે કે પરસ્પર સખાભાવથી સંપન્ન જીવ તથા શિવ નામનાં બે પક્ષી એક જ શરીરરૂપી વૃક્ષનો આશ્રય લઈને વાસ કરે છે. એમનામાંથી એક તો કર્મફળરૂપી સુખદુઃખોને ભોગવે છે અને બીજું કશું પણ ખાધા સિવાય કેવળ જોયા કરે છે. જીવ શરીરાદિમાં આસક્ત બનીને દીન તથા પરવશ બનીને ચિંતા કરે છે. એ જ્યારે સર્વના સૂત્રધાર તથા સ્વામી જેવા પોતાની પાસે રહેનારા પરમાત્માને અને એમના મહિમાને જાણી લે છે ત્યારે સર્વ પ્રકારે શોક અને મોહમાંથી મુક્તિ મેળવે છે. કઠોપનિષદમાં જીવાત્માને ને પરમાત્માને છાયા તેમ જ તાપની જેમ હૃદયમાં રહેલા કહ્યા છે.

**૩૫. अन्तरा भूतग्रामवत्स्वात्मनः ।**

અર્થ

ભૂત ગ્રામવત્ = આકાશાદિ ભૂત સમુદાયની પેઠે (એ પરમાત્મા.)

સ્વાત્મનઃ = પોતાના આત્માના પણ.

અન્તરા = અંતરાત્મા (અંતર્યામી) છે. (આમનનાત્) એ વાત બીજી શ્રુતિમાં કહેલી છે માટે.

ભાવાર્થ

સૌના અંતરાત્મા પરમાત્મા સિવાય બીજા કોઈ જ નથી. માનવના હૃદયમાં રહેલા આત્માના આત્મા અથવા અંતરાત્મા પણ એ જ છે. એ વાતની પુષ્ટિ ઉપનિષદમાં વચન દ્વારા થઈ રહે છે. શ્વેતાશ્વર ઉપનિષદ

જણાવે છે કે સમસ્ત પ્રાણીઓમાં છૂપાયલા એ એક દેવ સર્વવ્યાપી અને સમસ્ત પ્રાણીઓના અંતરાત્મા છે; સૌનાં કર્મોના અધિષ્ઠાતા, સૌના નિવાસસ્થાન, સાક્ષી. સંપૂર્ણ શુદ્ધ અને ગુણાતીત છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે બીજા જનકની સભામાં ચક્રાયણના પુત્ર ઉષસ્તે કહ્યું કે જે અપરોક્ષ બ્રહ્મ અને સૌના અંતરાત્મા છે તેમના સંબંધી મને સમજાવો. યાજ્ઞવલ્કયે જણાવ્યું કે જે તારો અંતરાત્મા છે તે જ સૌનો છે. એ પછી ઉપસ્તની જિજ્ઞાસાના જવાબમાં કહ્યું કે 'દૃષ્ટિના દૃષ્ટાને જોઈ શકાતો નથી, શ્રુતિના શ્રોતાને સાંભળી નથી શકાતો, મતિના મન્તાને મનન નથી કરી શકાતો, વિજ્ઞાતિના વિજ્ઞાતાને જાણી નથી શકાતો, આ તારો અંતરાત્મા જ સૌનો અંતરાત્મા છે.' કહોલ ઋષિની જિજ્ઞાસાના જવાબમાં પણ મહર્ષિ યાજ્ઞવલ્કયે જણાવ્યું કે 'જે તમારો અંતરાત્મા છે તે સૌનૌ અંતરાત્મા છે. એ ક્ષુધા-તૃષા, શોક-મોહ, વૃદ્ધાવસ્થા તથા મૃત્યુ સૌથી અતીત છે.'

જેવી રીતે ભૂત સમુદાયમાં પૃથ્વીનો અંતરાત્મા જલ છે, જલનો તેજ, તેજનો વાયુ અને વાયુનો અંતરાત્મા આકાશ છે, તેવી રીતે સમસ્ત જડ તત્વોનો અંતરાત્મા જીવાત્મા છે અને જીવાત્માના પણ અંતરાત્મા પરમાત્મા છે.

**३६. अन्यथाभेदानुपपत्तिरिति चेन्नोपदेशान्तरवत् ।**

<u>અર્થ</u>

ચેત્ = જો કહેતા હો કે.

અન્યથા = બીજી રીતે.

અભેદાનુપપત્તિઃ = અભેદની સિદ્ધિ નહિ થાય એટલા માટે. (એ પ્રકરણમાં જીવાત્મા તથા પરમાત્માનો અભેદ માનવો જોઈએ.)

ઈતિ ન = તો એવું માનવું બરાબર નથી.

ઉપદેશા-નારવત્ = કારણ કે બીજા ઉપદેશની જેમ અભેદની સિદ્ધિ થઈ જશે.

<u>ભાવાર્થ</u>

જો કોઈ એવું કહેતું હોય કે એ વર્ણન પ્રમાણે જીવાત્મા અને પરમાત્માના ભેદને ઉપાધિકૃત માનવાને બદલે વાસ્તવિક માનવાથી અભેદની સિદ્ધિ થઈ જશે. બીજે ઠેકાણે કાર્યકારણ ભાવને સમજાવવા પરમાત્માના ભેદને ઉપાધિકૃત માનવાને બદલે વાસ્તવિક માનવાથી અભેદની સિદ્ધિ નહિ થઈ શકે, તો એ કથન બરાબર નથી. બીજા સ્થળના ઉપદેશની જેમ અહીં પણ અભેદની સિદ્ધિ થઈ જશે. બીજે ઠેકાણે કાર્યકારણ ભાવને સમજાવવા પરમાત્માની જીવાત્મા તથા જડ પ્રકૃતિ સાથે એકતા કરીને ઉપદેશ આપવામાં આવ્યો છે તેથી અભેદની સિદ્ધિને કશી હરકત નથી આવતી એવી અહીં પણ હરકત નહિ આવે. છાંદોગ્ય ઉપનિષદમાં શ્વેતકેતુને એના પિતાએ માટી, લોઢા તથા સોનાના અંશ દ્વારા કાર્ય તથા કારણની એકતા કહી બતાવીને છેવટે જણાવ્યું કે આ જગત અતિશય સૂક્ષ્મ પરમાત્માનું સ્વરૂપ છે. એ પરમાત્મા સત્ય છે, આત્મા છે, અને તું છે. तत्वमसि । એટલે કે કાર્ય તથા કારણની જેમ તારી અને એમની એકતા છે.

**૩૭. व्यतिहारो विशिषन्ति हीतरवत् ।**

અર્થ

વ્યતિહારઃ = એકમાં બીજાના ધર્મોનો વિનિમય કરીને અભેદનું વર્ણન થયું છે માટે ઉપાધિકૃત ભેદ સિદ્ધ નથી થતો.

હિ = કારણ કે.

ઈતરવત્ = સઘળી શ્રુતિ બીજાની પેઠે.

વિશિષન્તિ = વિશેષણ આપીને વર્ણન કરે છે.

ભાવાર્થ

પરમાત્મા તથા જીવાત્માનો ઉપાધિકૃત ભેદ અને વાસ્તવિક અભેદ માની લેવામાં આવે તો કશી હરકત છે ખરી ? એવી જિજ્ઞાસાનો જવાબ આ સૂત્ર દ્વારા આપવામાં આવ્યો છે. પરમાત્મા સાથે જીવાત્માની એકતાનું પ્રતિપાદન કરતાં ઉપનિષદે જણાવ્યું છે કે 'જે હું છું તે જ તે છે અને જે તે છે તે જ હું છું.' વરાહોપનિષદમાં કહ્યું છે કે 'હે ભગવન્, હે દેવ, ખરેખર તમે તે હું છું અને હું તમે છો.'

त्वं वा अहमस्मि भगवो देवते अहं वै त्वमसि ।

એવી રીતે એકમાં બીજાના ધર્મોનો વિનિમય કરીને એકતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. વાસ્તવમાં ભેદ હોવા છતાં બીજી રીતે અભેદ બતાવવાની ઈચ્છા હોય છે ત્યારે એવા વર્ણનનો આધાર લેવામાં આવે છે. દાખલા તરીકે, છાંદોગ્ય ઉપનિષદમાં 'ઉદ્ગીથ છે તે જ પ્રણવ છે, અને પ્રણવ છે એ જ ઉદ્ગીથ છે' એવું જણાવ્યું છે. એનો અર્થ એવો નથી થતો કે ઉદ્ગીથ અને પ્રણવ એક જ છે અને એમાં કશો પણ ભેદ નથી. એમાં ભેદ તો છે જ અને એ બંને જુદાં જુદાં પણ છે તો પણ, ઉપાસનાના પ્રયોજનથી પ્રેરાઈને વ્યતિહારપૂર્વક અથવા ધર્મોનો વિનિમય કરીને એવા અભેદનું વર્ણન કર્યું છે.

**૩૮. सैव हि सत्यादयः ।**

અર્થ

સા એવ = (પરમાત્મા તથા જીવાત્માનો ઉપાધિગત ભેદ અને વાસ્તવિક અભેદ માનવામાં) એ જ દોષ રહેલો છે.

હિ = કારણ કે.

સત્યાદયઃ = (પરમાત્માના) સત્યસંકલ્પ જેવા વિશિષ્ટ ગુણધર્મો (જીવાત્માના નથી માની શકાતા.)

ભાવાર્થ

પરમાત્મા તથા જીવાત્માનો ભેદ વાસ્તવિક અથવા મૂળભૂત નથી પરંતુ ઉપાધિગત છે એવી વિચારસરણી સાથે અસંમત થતાં અહીં જણાવવામાં આવે છે કે પરમાત્મા તો પૂર્ણકામ, સત્યકામ, પૂર્ણ, સત્યસંકલ્પ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વાધાર અને સૌના કારણ છે. જીવાત્મા એવી યોગ્યતાથી સંપૂર્ણપણે સંપન્ન છે એવું નહિ કહી શકાય.

**૩૯. कामादीतरत्र तत्र चायतनादिभ्यः ।**

અર્થ

(એ પરમાત્માના) ઈતરત્ર = બીજે (બતાવેલા)

કામાદિ = સત્યકામત્વાદિ ધર્મ.

તત્ર ચ = જ્યાં નિર્વિશેષ સ્વરૂપનું વર્ણન છે ત્યાં પણ છે.

આયતનાદિભ્યઃ = કારણ કે ત્યાં એના સર્વાધારત્વ જેવા ધર્મોનું વર્ણન જોવા મળે છે.

ભાવાર્થ

કોઈ એવું કહેતું હોય કે પરમાત્માના સત્યસંકલ્પત્વ તથા સત્યકામત્વ જેવા ધર્મો સ્વાભાવિક અથવા વાસ્તવિક નથી પરંતુ ઉપાધિને લીધે છે, પરમાત્માનું સ્વરૂપ તો નિર્વિશેષ છે એટલે એ ધર્મોને લીધે જીવાત્માથી એ ભિન્ન છે એવું ના કહી શકાય - તો એ કથન બરાબર નથી. કારણ કે પરમાત્માના સત્યસંકલ્પત્વ, સત્યકામત્વ તથા સર્વધારત્વ જેવા ગુણધર્મોનો ઉલ્લેખ એમના નિર્વિશેષ સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે ત્યાં પણ કરવામાં આવ્યો છે. એ ગુણધર્મો એમની અંદર કોઈ ઉપાધિને લીધે આવે છે એવું નથી સમજવાનું. એ તો એમની અંદર સ્વાભાવિક રીતે જ રહેતા હોય છે. એટલે એ દૃષ્ટિએ જોતાં એ જીવાત્મા કરતાં એકદમ જુદા છે એમાં કશી શંકા નથી. ઉપનિષદમાં કરવામાં આવેલા એમના નિર્વિશેષ સ્વરૂપના વર્ણન સાથે એ ગુણધર્મો સંકળાયલા છે. બૃહદારણ્યક ઉપનિષદમાં ગાર્ગીના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મહર્ષિ યાજ્ઞવલ્કયે પરમાત્માના સ્વરૂપનું વર્ણન કર્યું છે.

**૪૦. आदरादलोपः ।**

અર્થ

આદરાત્ = એ કથન પરમાત્મા પ્રત્યેના આદરભાવને બતાવતું હોવાથી.

અલોપઃ = એમાં અન્ય દૃષ્ટાનો લોપ અથવા નિષેધ નથી.

ભાવાર્થ

'જીવાત્મા થતા પરમાત્માના ભેદને ઉપાધિકૃત ના માનીએ અને સત્ય સમજીએ તો શ્રુતિનાં વચનો મિથ્યા ઠરશે. એ વચનોની સંમતિ નહિ બેસી શકે. શ્રુતિ તો કહે છે કે એમનાથી બીજો કોઈ દૃષ્ટા નથી; તો એનો અર્થ કેવી રીતે ઘટાવશો ?' એવી જિજ્ઞાસાના જવાબમાં અહીં જણાવવામાં આવે છે કે પરમાત્મા સિવાય બીજો કોઈ દૃષ્ટા નથી એવા કથનનો આશય એમના પ્રત્યેનો અસાધારણ આદરભાવ દર્શાવવાનો છે. એમના જેવો બીજો કોઈ સર્વોત્તમ દૃષ્ટા કે જ્ઞાતા નથી એવું જણાવવાના પ્રયોજનથી પ્રેરાઈને જ એવો સારગર્ભિત શબ્દ પ્રયોગ થયેલો છે. જીવાત્મામાં જે દૃષ્ટાપણું તેમ જ જ્ઞાતાપણું છે તે પરમાત્માની શક્તિથી તથા પરમાત્માને લીધે જ છે, એવો એનો ભાવ છે. પરમાત્મા જ સૌના પ્રેરક અને પ્રકાશક છે. એનો અર્થ એવો નથી કરવાનો કે જીવાત્મા દૃષ્ટા જ નથી. જીવાત્મા દૃષ્ટા છે એ હકીકતનો શ્રુતિ સ્વીકાર કરે છે.

**૪૧. उपस्थितेऽतस्तद्वचनात् ।**

અર્થ

ઉપસ્થિત = એ વચનો દ્વારા કોઈ રીતે બીજા ચેતનનો નિષેધ પ્રીત થતો હોય તો પણ.

અતઃ = એ  પરમાત્મા કરતાં બીજા દૃષ્ટાનો નિષેધ બતાવવાને લીધે (એ કથન આદર સૂચક જ છે.)

તદ્વચનાત્ = કારણ કે એ વાક્યોની સાથે અવારનવાર અતઃ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

ભાવાર્થ

પરમાત્મા જ દૃષ્ટા છે એવું કથન એમને માટેના આદરભાવનું સૂચક છે અને પરમાત્માની સર્વશ્રેષ્ઠતા સૂચવવા માટે કરાયલું છે. એ અભિપ્રાયના સમર્થન માટે અહીં એક બીજો વિચાર રજૂ કરવામાં આવે છે. બૃહદારણ્યક ઉપનિષદમાં પરમાત્મા કરતાં બીજા દૃષ્ટા, જ્ઞાતા કે શ્રોતાનો નિષેધ કરતી વખતે અવારનવાર અતઃ શબ્દનો પ્રયોગ કરાયો છે. એથી સ્પષ્ટ થાય છે કે બીજા દૃષ્ટા, શ્રોતા કે જ્ઞાતાનો નિષેધ કરવામાં નથી આવ્યો. બીજા દૃષ્ટા, શ્રોતા કે જ્ઞાતા તો છે જ, પરંતુ પરમાત્માથી શ્રેષ્ઠ દૃષ્ટા, શ્રોતા તથા જ્ઞાતા બીજો કોઈ જ નથી.

**૪૨. तन्निर्धारणानियमस्तद्दृष्टेः पृथग्ध्यप्रतिबन्धः फलम् ।**

અર્થ

તન્નિર્ધારણાનિયમઃ = ભોગોને ભોગવવાનો નક્કી નિયમ નથી.

તદ્દૃષ્ટેઃ = કારણ કે એ વાત એ પ્રકરણમાં વારંવાર આવેલા યદિ શબ્દના પ્રયોગ દ્વારા જોવા મળે છે.

હિ = એ સિવાય બીજું કારણ એ પણ છે કે.

પૃથક્ = કામોપભોગથી જુદા સંકલ્પવાળાને માટે.

અપ્રતિબન્ધઃ = જન્મ મરણના બંધનમાંથી છૂટવાનું.

ફલમ્ = ફળ બતાવ્યું છે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં દહરવિદ્યામાં તથા પ્રજાપતિ અને ઈન્દ્રના સંવાદમાં જે બ્રહ્મવિદ્યાનું વર્ણન કરવામાં આવ્યું છે તેના ફળનિર્દેશમાં જુદા જુદા ઈચ્છાનુસાર ભોગોના ઉપભોગની વાત કરી છે. બીજે ઠેકાણે ભોગોના એવા ઉપભોગની વાત નથી કરી. તો ભોગોના ઉપભોગનું ફળ બ્રહ્મવિદ્યાવાળા સર્વે સાધકોને લાગુ પડે છે ? ના. બ્રહ્મલોકમાં જનારા સર્વે સાધકોને માટે એક સરખું ફળકથન નથી મળતું. બધા સાધકોને માટે ભોગોપભોગની વાત નથી મળતી. જ્યાં ભોગોપભોગની  પ્રાપ્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યાં પણ યદિ શબ્દના પ્રયોગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે એવો ઉપભોગ ફરજીયાત નથી, પરંતુ સ્વૈચ્છિ છે.

**૪૩. प्रदानवदेव  तदुक्तम् ।**

અર્થ

તદુક્તમ્ = એ કથન.

પ્રદાનવત્ = વરદાનની જેમ.

એવ = જ સમજવાનું છે.

ભાવાર્થ

બ્રહ્મલોકના ભોગોપભોગ સાધકની સાધનાના પરમધ્યેયરૂપ નથી. પરમાત્માના સાક્ષાત્કાર માટે એમની અંદરથી મનને પાછું વાળવું અથવા ઉપરામ કરવું જોઈએ. તો પણ ઉપનિષદમાં એમનું વર્ણન કરેલું છે તેનું કારણ વરદાનની જેમ જ સમજી લેવાનું છે. ભક્તને ભગવાન દ્વારા કોઈક વરદાન આપવામાં આવે છે તે વરદાન તેના જીવનનું ધ્યેય નથી હોતું તો પણ એની આકાંક્ષાને અનુસરીને એના આત્મસંતોષને માટે, એને ઉત્સાહિત કરવાના આશયથી આપવામાં આવે છે, તેમ બ્રહ્મલોક અને એના ભોગોપભોગની ઈચ્છાવાળા સાધકોને એમની પ્રાપ્તિ થાય છે. છેવટે તો એમની અસારતાને સમજીને એમનું મન એમાંથી ઉપરામ થાય છે અને એકમાત્ર પરમાત્મામાં જ લાગી જાય છે.

**૪૪. लिङ्गभूयस्त्वात्तद्धि बलीयस्तदपि ।**

અર્થ

લિંગભૂયસ્ત્વાત્ = જન્મમરણરૂપી સંસારમાંથી સદાને માટે મુક્ત બનીને એ પરમાત્માની પ્રાપ્તિરૂપી ફળને બતાવનારાં લક્ષણોની અધિકતા હોવાથી

તદ્‌બલીયઃ = એ જ ફળ બળવાન કે મુખ્ય છે.

હિ = કારણ કે.

તદપિ = એ બીજું ફળ વર્ણન પણ મુખ્ય ફળના મહત્વને દર્શાવવા માટે જ કરવામાં આવ્યું છે.

ભાવાર્થ

શ્રુતિમાં બ્રહ્મજ્ઞાનનું વર્ણન જ્યાં પણ કરવામાં આવ્યું છે ત્યાં મોટે ભાગે એની પ્રાપ્તિ દ્વારા જન્મમરણની જનની જેવી અવિદ્યામાંથી મુક્તિ મેળવીને પરમાત્માની સંપ્રાપ્તિનો સંદેશ આપવામાં આવ્યો છે. બ્રહ્મવિદ્યાનો આધાર મુખ્યત્વે એને માટે જ લેવામાં આવે છે અને એનું મુખ્ય ફળ એ જ છે.

**૪૫. पूर्वविकल्पः प्रकरणात्स्यात् क्रियामानसवत् ।**

અર્થ

ક્રિયામાનસવત્ = શારીરિક અને માનસિક ક્રિયાઓમાં સ્વીકૃત વિકલ્પની જેમ

પૂર્વવિકલ્પઃ = પહેલાં કહેલી અગ્નિવિદ્યા પણ વિકલ્પે મુક્તિનું કારણ થઈ શકે છે.

પ્રકરણાત્ = એ હકીકતની સિદ્ધિ પ્રકરણ દ્વારા થઈ રહે છે.

ભાવાર્થ

બ્રહ્મજ્ઞાન સિવાય મુક્તિ અથવા પૂર્ણતાની પ્રાપ્તિ કદાપિ નથી થઈ શકતી એ સિદ્ધ કરવાના એકમાત્ર પ્રયોજનથી પ્રેરાઈને આ સૂત્રમાં પૂર્વપક્ષીની વિચારધારાને રજુ કરવામાં આવે છે. કઠ ઉપનિષદમાં યમ અને નચિકેતાનો સંવાદ આવે છે. એ સંવાદ દરમિયાન નચિકેતા યમને પૂછે છે કે 'સ્વર્ગ પ્રાપ્તિનો ઉપાય શો છે ?

સ્વર્ગલોકમાં કોઈ જાતનો ભય નથી. ત્યાં તમારો તથા વૃદ્ધાવસ્થાનો ભય પણ નથી. ભુખ તથા તરસથી મુક્ત થઈને શોકરહિત બનેલો જીવ સ્વર્ગમાં પ્રસન્ન થાય છે. સ્વર્ગને આપનારા એ અગ્નિહોત્ર રૂપી કર્મનું રહસ્ય તમે જાણો છો. એ રહસ્ય મને કહી બતાવો.'

એવી જિજ્ઞાસાના જવાબમાં યમદેવ નચિકેતાને અગ્નિહોત્રના રહસ્યનો પરિચય કરાવતાં કહે છે કે 'આ અગ્નિહોત્રનું અનુષ્ઠાન ત્રણ વાર કરવાવાળો સાધક જન્મમરણને તરી જઈને સનાતન તથા સંપૂર્ણ શાંતિની પ્રાપ્તિ કરે છે.' એ પ્રકરણ અને એમાં વ્યક્ત થયેલા વિચારો પરથી સહેલાઈથી સમજી શકાય છે ને સિદ્ધ થાય છે કે એકલી બ્રહ્મવિદ્યા જ નહિ પરંતુ અગ્નિહોત્ર રૂપી ક્રિયા પણ જીવનનું આત્યંતિક કલ્યાણ કરનારી અને મુક્તિદાયક થઈ શકે છે. ઉપનિષદ પોતે પણ એ પરમ સત્યનું પ્રતિપાદન કરે છે.

**૪૬. अतिदैशाच्च ।**

<u>અર્થ</u>

અતિદેશાત્ = અતિદેશને લીધે અથવા વિદ્યાની પેઠે કર્મોને મુક્તિના કારણ તરીકે કહ્યાં હોવાથી.

ચ = પણ. (એ જ વાતની સિદ્ધિ થાય છે.)

<u>ભાવાર્થ</u>

પૂર્વપક્ષીની દલીલ આ સૂત્રમાં આગળ વધે છે. એ કહે છે કે કઠ ઉપનિષદમાં કોઈ પણ પ્રકારની શંકા સિવાય, અસંદિગ્ધપણે સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે त्रिकर्मकृत्तरति जन्ममृत्यू। એટલે કે યજ્ઞ, દાન, તપ રૂપી ત્રિવિધ કર્મોને કરવાવાળો મનુષ્ય જન્મ મૃત્યુને તરી જાય છે. ઉપનિષદના એ કથન પરથી સાબિત થાય છે કે કર્મો દ્વારા મુક્તિ મળી શકે છે અથવા બ્રહ્મજ્ઞાનની પેઠે કર્મ પણ મુકિતનું કારણ અથવા મંગલમય સાધન બની શકે છે.

**૪૭. विद्यैव तु निर्धारणात् ।**

<u>અર્થ</u>

તુ = પરંતુ.

નિર્ધારણાત્ = શ્રુતિ દ્વારા સુનિશ્ચિત રીતે જણાવ્યું હોવાથી.

વિદ્યા એવ = એક માત્ર બ્રહ્મવિદ્યા જ મુક્તિના કારણ કે સાધનરૂપ છે.

<u>ભાવાર્થ</u>

ઉપરનાં બે સૂત્રોની પૂર્વપક્ષીની વિચારસરણીને ભૂલભરેલી, અધુરી અને અસ્વીકાર્ય ગણીને સૂત્રકાર અહીં એમના અભિપ્રાયને રજૂ કરતાં જણાવે છે કે ઉપનિષદમાં સ્પષ્ટ રીતે એકમાત્ર બ્રહ્મવિદ્યાને અથવા આત્મજ્ઞાનને જ મુક્તિનું કારણ કહ્યું છે. એટલે કર્મને મુક્તિનું કારણ કદાપિ ના માની શકાય. કર્મ કરવાથી ચિત્તશુદ્ધિ સધાય છે અને જીવનના વ્યક્તિગત તથા સમષ્ટિગત વિકાસમાં એક અથવા બીજી રીતે મદદ મળે છે એ સાચું હોવા છતાં એ પણ એટલું જ સાચું છે કે એનાથી આત્મદર્શન નથી થઈ શકતું અને મુક્તિ પણ નથી મળી શકતી. મુક્તિ તો આત્મજ્ઞાનથી જ મળી શકે છે. પરમાત્માને ઓળખ્યા વિના અવિદ્યાની નિવૃત્તિ

અને મુક્તિ કેવી રીતે મળી શકે ? અને પરમાત્માને ઓળખવા માટે આત્મજ્ઞાન જેવું અમોઘ અને અકસીર સાધન બીજું કોઈ જ નથી. શ્વેતાશ્વતર ઉપનિષદમાં જણાવ્યું છે કે 'એ પરમાત્માને જાણવાથી જ મનુષ્ય મૃત્યુંજય બને છે અથવા જન્મમરણમાંથી મુક્તિ મેળવે છે. પરમપદની કે મોક્ષની પ્રાપ્તિ કરવા માટેનો બીજો કોઈયે માર્ગ નથી.'

**૪૮. दर्शनाच्च ।**

અર્થ

દર્શનાત્ = ઉપનિષદમાં ઠેકઠેકાણે એવું વર્ણન હોવાથી.

ચ = પણ. (એને પુષ્ટિ મળે છે.)

ભાવાર્થ

આત્મજ્ઞાન, બ્રહ્મવિદ્યા અથવા પરમાત્માનો સાક્ષાત્કાર જ મુક્તિનું કારણ એવું વિધાન કેવળ કઠ ઉપનિષદમાં જ મળે છે એવું નથી સમજવાનું. એવું વિધાન કે વર્ણન મુંડક ઉપનિષદ જેવાં બીજાં ઉપનિષદોમાં પણ કરાયલું છે. એ ઉપરાંત **स्वर्गकामो यजेत् ।** ' સ્વર્ગની કામનાવાળા પુરૂષે યજ્ઞ કરવો' એવું જણાવીને સ્વર્ગલોકમાંથી પુણ્યનો ક્ષય થતાં પૃથ્વી પર પાછા આવવું પડે છે એવું પણ જણાવ્યું છે. એના પરથી સિદ્ધ થાય છે કે મુક્તિની પ્રાપ્તિ બ્રહ્મવિદ્યા વિના નથી થતી. કહો કે નથી થઈ શકતી.

**૪૯. श्रुत्यादिबलीयस्त्वाच्च न बाधः ।**

અર્થ

શ્રુત્યાદિબલીયસ્ત્વાત્ = પરકરણ કરતાં શ્રુતિપ્રમાણ અને લક્ષણ વિગેરે બળવાન હોવાને લીધે

ચ = પણ.

બાધઃ = પ્રકરણ દ્વારા સિદ્ધાંતનો બાધ.

ન = નથી થઈ શકતો.

ભાવાર્થ

એકાદ પ્રકરણમાં કોઈ કારણે કોઈક વાત આવી હોય અથવા કોઈક વિષયની ચર્ચાવિચારણા થઈ હોય તે વાત અથવા ચર્ચાવિચારણા શ્રુતિના પ્રમાણ તથા લક્ષણો કરતાં વધારે શક્તિશાળી નથી મનાતી. શ્રુતિનું પ્રમાણ એના કરતાં વધારે વજનદાર મનાય છે અને એનું જ મહત્વ પણ માનવું પડે છે. એકાદ પ્રકરણ કાંઈ શ્રુતિના સર્વમાન્ય સિદ્ધાંતને અસત્ય ના ઠરાવી શકે અને એની વચ્ચે આવીને એમાં અંતરાયરૂપ પણ ના બની શકે. શ્રુતિના સર્વસંમત અભિપ્રાયનું મહત્વ બીજા છૂટાછવાયા અભિપ્રાયો કરતાં ઘણું મોટું છે, અને એને અનુસરીને જ ચાલવું જોઈએ. એટલે બ્રહ્મવિદ્યા દ્વારા જ પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે ને મુક્તિ મળી શકે છે એ હકીકત નિર્વિવાદ છે.

**૫૦. अनुबन्धादिभ्यः प्रज्ञन्तरपृथक्त्वबद्  दृष्टश्च तदुक्तम् ।**

અર્થ

અનુબન્ધાદિભ્યઃ = ભાવવિષયક અનુબંધ આદિના ભેદથી.

પ્રજ્ઞાન્તરપૃથક્ત્વવત = પ્રયોજનભેદથી કરાતી બીજી ઉપાસનાઓના ભેદની જેમ.

ચ = એમાં પણ ભેદ છે એવું કથન.

દૃષ્ટઃ = તે તે પ્રકરણોમાં જોવામાં આવ્યું છે.

તદુક્તમ્ = તથા તેનો નિર્દેશ પહેલાં પણ કરાયો છે.

ભાવાર્થ

બધી બ્રહ્મવિદ્યાઓ પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો ને જીવાત્માને સદાને માટે સર્વ પ્રકારનાં દુઃખોમાંથી છૂટવાનો સંદેશ આપે છે. એમનું પ્રયોજન એ જ છે. તો પછી કોઈ ઠેકાણે એનું ફળ બ્રહ્મલોકાદિની પ્રાપ્તિ કહ્યું છે તો વળી કોઈક બીજે ઠેકાણે શરીરમાં રહીને જ પરમાત્માની પ્રાપ્તિ કહ્યું છે. એવો ફળભેદ કેમ દેખાય છે તેની સ્પષ્ટતા માટે આ સૂત્ર રચવામાં આવ્યું છે. એનો વિચાર અત્યંત ઉપયોગી થઈ પડે તેવો છે.

**૫૧. न सामान्यादप्युपलब्धेमृत्युवन्न हि लोकापत्तिः ।**

અર્થ

સામાન્યત્ = બધી જાતની બ્રહ્મવિદ્યા સમાન રીતે મોક્ષના કારણરૂપ છે.

અપિ = તો પણ.

ન = વચગાળાના ફળભેદનો નિષેધ નથી.

હિ = કારણ કે.

ઉપલબ્ધેઃ = પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી

મૃત્યુવત્ = મૃત્યુ થયા પછી જીવાત્માનો જેવી રીતે સ્થૂળ શરીર સાથે સંબંધ નથી રહેતો એવી રીતે એનો સૂક્ષ્મ અથવા કારણ કોઈ પણ શરીર સાથે સંબંધ નથી રહેતો એટલા માટે.

લોકાપત્તિઃ = કોઈ પણ લોકની પ્રાપ્તિ.

ન = નથી થઈ શકતી.

ભાવાર્થ

બ્રહ્મવિદ્યા છેવટે તો મોક્ષના કારણરૂપ છે એ હકીકતનો સૌએ સર્વસંમતિથી સ્વીકાર કરેલો છે તો પણ એ વિદ્યાના વચગાળાના ફળભેદનો સ્વીકાર પણ કરવામાં આવ્યો છે. એવા ફળભેદમાં માનવામાં કોઈ પ્રકારનો વાંધો નથી. જે પરમાત્મા પ્રાપ્તિની જ અભિલાષા રાખે છે અને એ સિવાયના બીજા લૌકિક કે પારલૌકિક પદાર્થો કે વિષયોની લાલસા નથી રાખતા અને પરમાત્માની પ્રાપ્તિ કરી લે છે, તે તો પરમાત્માની જ પ્રાપ્તિ કરી લે છે.

**૫૨. परेण च शष्दस्य ताद्विध्यं भूयस्त्वात्त्वनुबन्धः ।**

અર્થ

પરેણ = પાછળના મંત્રોથી (એ સિદ્ધ થાય છે.)

ચ = અને.

શબ્દસ્ય = એમાં કહેલા શબ્દ સમુદાયનો.

તાદ્વિધ્યમ્ = એ જ જાતનો ભાવ છે.

તુ = પરંતુ બીજા સાધકોના.

ભૂયસ્ત્વાત્ = બીજા ભાવોની અધિકતાને લીધે.

અનુબન્ધઃ = સૂક્ષ્મ તથા કારણ શરીર સાથે સંબંધ રહે છે (એટલા માટે એ બ્રહ્મલોકમાં જાય છે.)

ભાવાર્થ

જે સાધકો બ્રહ્મલોકને મહત્વનો માને છે, અથવા જેમના મનમાં બ્રહ્મલોકની અને એના સુખોપભોગની ભાવના છે, તેમનો સૂક્ષ્મ તથા કારણ શરીર સાથેનો સંબંધ ચાલુ રહેતો હોવાથી તે સ્થૂળ શરીરને છોડીને બ્રહ્મલોકમાં પ્રવેશ કરે છે. પરંતુ આ જ શરીરથી પરમાત્માનો સાક્ષાત્કાર કરી લેનારા, કોઈ પણ પ્રકારની અન્ય કામનાને નહિ રાખનારા, સાધકો કે સત્પુરૂષોને બ્રહ્મલોકની પ્રાપ્તિ નથી થતી. તેવી પ્રાપ્તિનું કશું કારણ જ નથી હોતું. ઉપનિષદમાં એ બંને પ્રકારની સદ્ગતિનું સમર્થન કરેલું છે. મુંડક ઉપનિષદમાં કહ્યું છે કે વેદાંતના સમ્યક્ અને સ્વાનુભવસિદ્ધ જ્ઞાન દ્વારા જેમણે પરમાત્માના સ્વરૂપનો સુનિશ્ચય કરી લીધો છે, અને કર્મફળના ત્યાગરૂપ સાધન તથા યોગાભ્યાસથી જેમનું અંતઃકરણ નિર્મળ બની ગયું છે, તેવા મહાપુરૂષો મૃત્યુ પછી બ્રહ્મલોકમાં જઈને પરમ અમૃત સ્વરૂપ બનીને બંધનોમાંથી મુક્તિ મેળવે છે.'

**૫૩. एक आत्मनः शरीरे भावात् ।**

અર્થ

એકે = કેટલાક કહે છે કે.

આત્મનઃ = આત્માનો.

શરીરે = શરીર હોય છે ત્યારે જ.

ભાવાત્ = ભાવ હોવાને લીધે (શરીરથી અલગ આત્માની સત્તા નથી.)

ભાવાર્થ

કેટલા વિચારકોનું કહેવું છે કે શરીર હોય છે ત્યાં સુધી જ એમાં રહેલા આત્માની પ્રતીતિ થાય છે, જીવન બને છે, અને આત્માનું અસ્તિત્વ પણ ત્યાં સુધી જ હોઈ શકે છે. એથી સિદ્ધ થાય છે કે શરીર નથી હોતું ત્યારે આત્માનું અસ્તિત્વ પણ નથી રહેતું. મરણ પછી શરીર શાંત થાય છે એટલે આત્મા પણ શાંત જ થઈ જતો હોવો જોઈએ. તો પછી એ અવસ્થામાં એ બ્રહ્મલોકમાં પ્રયાણ કરે છે કે પરલોકમાં જઈને પોતાનાં કર્મોના ફળને ભોગવે છે એવી વાતમાં વિશ્વાસ કેવી રીતે રાખી શકાય ?

પ્રસ્તુત સૂત્રમાં એવા વિચારકોની વિચારસરણીનું દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે.

**૫૪. व्यतिरेकस्तद् भावाभावित्वान्न तूपलब्धिवत् ।**

<u>અર્થ</u>

વ્યતિરેકઃ = શરીરથી આત્મા અલગ છે.

તદ્ભાવાભાવિત્વાત્ = કારણ કે શરીર હોય છે ત્યારે પણ એની અંદર આત્મા નથી રહેતો. એટલા માટે.

ન = આત્મા શરીર નથી.

તુ = પરંતુ.

ઉપલબ્ધિવત્ = જ્ઞાતાપણાની ઉપલબ્ધિની જેમ (આત્મા શરીરથી ભિન્ન છે એવું સિદ્ધ થાય.)

<u>ભાવાર્થ</u>

ઉપલા સૂત્રની વિચારસરણીનો અહીં ઉત્તર આપવામાં આવે છે. સૂત્રકાર જણાવે છે કે આત્મા અને શરીર બંને એક નથી, પરંતુ અલગ અલગ છે. બંનેનાં બંધારણ અને કાર્યક્ષેત્ર જુદાં જુદાં છે. આત્મા અને શરીર જો એક જ હોય અથવા એ બંનેમાં કોઈપણ પ્રકારનો ભેદ જ ના હોય તો મૃત્યુ પછી શરીર રહે છે ત્યારે એની અંદર આત્મા પણ રહેવો જોઈએ. પરંતુ ખરેખર એવું નથી હોતું. એથી પુરવાર થાય છે કે આત્મા શરીર કરતાં જુદો છે, શરીરને શક્તિ આપે છે, અને એના શરીરમાંના અસ્તિત્વને લીધે જ જીવન બને છે. શરીરનો નાશ થાય છે તો પણ એનો નાશ નથી થતો. શરીર ના હોય તો પણ એનું અસ્તિત્વ તો રહે છે જ. એ સ્થૂળ શરીરમાં ના રહેતો હોય તો જડ શરીર પોતાની મેળે પોતાને કે બીજાને નથી જાણી શકતું. એનું જ્ઞાન ચેતન આત્મ સિવાય કદાપિ ને કોઈ રીતે થઈ શકે જ નહિ.

**૫૫. अङ्गावबद्धास्तु न शाखासु हि प्रतिवेदम् ।**

<u>અર્થ</u>

અંગાવબદ્ધાઃ = યજ્ઞોના ઉદ્ગીથ આદિ અંગોથી સંબદ્ધ ઉપાસનાઓ.

શાખાસુ હિ = જે શાખામાં કહેવાઈ હોય તેમાં જ કરવા યોગ્ય છે.

ન = એવું નથી સમજવાનું.

તુ = પરંતુ.

પ્રતિવેદમ્ = પ્રત્યેક વેદની શાખાવાળું અનુષ્ઠાન કરી શકે છે.

<u>ભાવાર્થ</u>

જુદી જુદી શાખાઓમાં યજ્ઞોના ઉદ્ગીથ આદિ અંગોમાં ભેદ છે. તો પણ એમની સાથે સંબંધ રાખનારી ઉપાસના વેદની જે શાખામાં કહેવામાં આવી હોય તે જ શાખાવાળાએ કરવી જોઈએ અને એ સિવાયની બીજી શાખાવાળાએ ના કરવી જોઈએ એવો કોઈ નિશ્ચિત નિયમ નથી બાંધી શકાતો.

**૫૬. मन्त्रादिबद्वाविरोधः ।**

<u>અર્થ</u>

વા = અથવા તો એવું સમજો કે.

મંત્રાદિવત્ = મંત્રાદિની જેમ.

અવિરોધઃ = એમાં કશો વિરોધ નથી.

ભાવાર્થ

એ જ વાતનું આ સૂત્ર દ્વારા પુનઃ પ્રતિપાદન કરતાં કહેવામાં આવે છે કે વેદની એક શાખામાં આવેલા મંત્રોનું રટણ કે પારાયણ વેદની બીજી શાખાવાળા પણ કરતા હોય છે, અને એક શાખામાં બતાવેલી યજ્ઞોપયોગી સાધન સામગ્રીનો ઉપયોગ બીજી શાખાવાળા પણ કરી શકે છે ને કરે છે, તેવી રીતે યજ્ઞનાં અંગો સાથે સંબંધ રાખનારી ઉપાસનાનું અનુષ્ઠાન પણ શાખાઓના બાહ્ય ભેદભાવ વિના, આવશ્યકતાનુસાર સૌ કોઈ કરી શકે છે.

**૫૭. भूम्नः क्रतुवज्ज्यायस्त्वं तथा हि दर्शयति ।**

અર્થ

કતુવત્ = અંગ ઉપાંગથી પરિપૂર્ણ યજ્ઞની જેમ.

ભૂમ્નઃ = પૂર્ણ ઉપાસનાની.

જ્યાયસ્તવમ્ = શ્રેષ્ઠતા છે.

હિ = કારણ કે

તથા = તેવું જ કથન.

દર્શયતિ = શ્રુતિમાં જોવા મળે છે.

ભાવાર્થ

વૈશ્વાનર વિદ્યામાં એકેક અંગની ઉપાસનાનું વર્ણન કરેલું છે. એવું જ બીજી કેટલીક વિદ્યાઓના સંબંધમાં પણ જોવા મળે છે. તો એ વિદ્યાઓની ઉપાસના કરતી વખતે એકેક અંગની અલગ અલગ ઉપાસના કરવી જોઈએ, એવી શંકા થતી હોય તો એના સમાધાન માટે જણાવવામાં આવે છે કે જેવી રીતે યજ્ઞના એકાદ અંશનું અનુષ્ઠાન કરવું અને બીજાનું ના કરવું એ ઉત્તમ નથી ગણાતું. પરંતુ સર્વાંગસંપૂર્ણ રીતે અનુષ્ઠાન કરવાનું જ શ્રેષ્ઠ મનાય છે, એવી રીતે એવી વિદ્યાઓમાં ઉપદેશેલી ઉપાસનાઓનું અનુષ્ઠાન પણ પૂર્ણપણે કરવું જોઈએ. છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે રાજા અશ્વપતિએ પ્રાચીનશાલ આદિ છ ઋષિઓને વૈશ્વાનરની ઉપાસના સંબંધી અલગ અલગ પૂછ્યું. એ છ ઋષિઓએ પોતપોતાની ઉપાસનાનું રહસ્ય જણાવ્યું એટલે રાજાએ કહ્યું કે તમે વૈશ્વાનર પરમાત્માના એકેક અંગની ઉપાસના કરો છો એ વાતને જાણીને જે એની આત્મારૂપે ઉપાસના કરે છે તે સર્વ લોકોમાં, સર્વે પ્રાણીઓમાં અને સર્વે આત્માઓમાં અન્નનું ભક્ષણ કરનારો થઈ જાય છે. એવી રીતે ત્યાં એકાંગી ઉપાસના કરતાં સર્વાંગીણ ઉપાસનાનું ફળ વધારે બતાવ્યું છે. એટલે એક અંગની ઉપાસના કરવાને બદલે સર્વે અંગો સાથેની સંપૂર્ણ ઉપાસના જ કરવી જોઈએ. તે જ ઉત્તમ છે.

**૫૮. नाना शब्दादिभेदात् ।**

અર્થ

શબ્દાદિભેદાત્ = શબ્દાદિના ભેદને લીધે.

નાના = બધી વિદ્યાઓ જુદી જુદી છે.

ભાવાર્થ

ઉપનિષદોમાં જુદી જુદી વિદ્યાઓનાં વર્ણનો આવે છે. એમનાં જુદાં જુદાં નામો પણ કહી બતાવ્યાં છે. દહરવિદ્યા, શાંડિલ્યવિદ્યા, ભૂમવિદ્યા, સદ્‌વિદ્યા, ઉપકોસલવિદ્યા, અક્ષરવિદ્યા જેવી વિદ્યાઓની વિધિ જુદી જુદી છે. એ વિદ્યાઓનો લાભ જિજ્ઞાસુજનો પોતપોતાની પ્રકૃતિ, પસંદગી અને રૂચિ પ્રમાણે લઈ શકે છે. એ વિદ્યાઓનું એકમાત્ર પ્રયોજન પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ કરાવવાનું હોવા છતાં પણ એ બધી વિદ્યાઓ એક નથી પરંતુ જુદી જુદી છે એમાં શંકા નથી.

**૫૯. विकल्पोऽविशिष्टफलत्वात् ।**

અર્થ

અવિશિષ્ટફલત્વાત = બધી વિદ્યાઓનું ફળ એક જ છે, ફળમાં ભેદ નથી એટલા માટે.

વિકલ્પઃ = અલગ અનુષ્ઠાન કરાય તે બરાબર છે.

ભાવાર્થ

એ બધી વિદ્યાઓ પરમાત્માના સાક્ષાત્કારમાં મદદરૂપ બનતી હોવાથી એમનો સમુચ્ચય કરીને એમનું અનુષ્ઠાન કરવાનું આવશ્યક નથી. પોતાની રસવૃત્તિ પ્રમાણે સાધક ગમે તે એક અથવા અધિક વિદ્યાઓનું અનુષ્ઠાન કરી શકે છે. ગમે તે એક વિદ્યાનું અનુષ્ઠાન સાધકના સઘળા મનોરથોને પૂર્ણ કરનારૂં, શાંતિ આપનારૂં અને કલ્યાણકારક થઈ પડે છે.

**૬૦. काम्यास्तु यथाकामं समुच्चीयेरन्न वा पूर्वहेत्वभावात् ।**

અર્થ

કામયાઃ = સકામ ઉપાસનાઓનું અનુષ્ઠાન.

તુ = તો

યથાકામમ્ = કામનાને અનુસરીને.

સમુચ્ચીયેરન્ = સમુચ્ચય કરીને કરવું.

વા = અથવા.

ન = સમુચ્ચય કર્યા સિવાય અલગ અલગ કરવું.

પૂરવહેત્વભાવાત્ = કારણ કે એમાં પૂર્વોક્ત હેતુ એટલે કે ફળની સમાનતાનો અભાવ છે.

ભાવાર્થ

સકામ ઉપાસનાઓ જુદી જુદી કામનાઓની પૂર્તિ માટે કરવામાં આવે છે એટલે એમનું ફળ એકસરખું નથી હોતુ.. જે વખતે જે ફળની કે કામના પૂર્તિની ઈચ્છા હોય તે વખતે એને માટે કોઈ એક ઉપાસનાનો

આધાર લેવો, અને એકથી અધિક ફળપ્રાપ્તિ કે કામના પૂર્તિની ઈચ્છા હોય તો ઠીક લાગે તે ઉપાસનાઓનો સમુચ્ચય પણ કરી લેવો.

**૬૧. अङ्गेषु यथाश्रय़भावः ।**

અર્થ

અંગેષુ = જુદાં જુદાં અંગોમાં (કરવામાં આવતી ઉપાસનાઓનો)

યથાશ્રયભાવઃ = યથાશ્રયભાવ છે એટલે કે જે ઉપાસનાનો ભાવ પણ સમજવો જોઈએ.

ભાવાર્થ

આ સૂત્ર દ્વારા અને આની પછીનાં બીજાં ત્રણ સૂત્રો દ્વારા પૂર્વપક્ષીની વિચારધારાને વાચા આપવામાં આવી છે. એ સૂત્રોનો અભ્યાસ એ દૃષ્ટિએ કરવાનો છે.

યજ્ઞના અંગરૂપ ઉદ્ગીથ આદિમાં જે ઉપાસના કરવામાં આવે તે ઉપાસના જે પણ અંગની આશ્રિત હોય એ આશ્રય અથવા અંગને અનુલક્ષીને જ એના અનુષ્ઠાનની વ્યવસ્થા કરવી જોઈએ. એના પરથી ફલિત થાય છે કે જે જે કર્મોનાં અંગોનો સમુચ્ચય થઈ શકે છે તે તે અંગોમાં કરાતી ઉપાસનાઓનો પણ એ કર્મોની સાથે સમુચ્ચય થઈ શકે છે

**૬૨. शिष्टेश्च ।**

અર્થ

શિષ્ટેઃ = શ્રુતિના શાસન અથવા વિધાનથી.

ચ = પણ. (એ જ સિદ્ધ થાય છે.)

ભાવાર્થ

શ્રુતિના વિધાનથી પણ એવા જ નિર્ણય પર પહોંચવામાં મદદ મળે છે. ઉદ્ગીથ આદિ સ્તોત્રોના સમુચ્ચયનું વિધાન શ્રુતિમાં જોવા મળે છે તેવી રીતે જે ઉપાસનાઓ એમનો આધાર લઈને કરવામાં આવે છે એમના સમુચ્ચયનું વિધાન પણ એમની સાથે આપોઆપ થઈ જાય છે. એથી પુરવાર થાય છે કે કર્મોનાં અંગોની જેમ આશ્રયે રહેનારી અને થનારી ઉપાસનાઓનો સમુચ્ચય કરી શકાય છે.

**૬૩. समाहारात ।**

અર્થ

સમાહારાત્ = કર્મોનો સમાહાર બતાવવામાં આવ્યો હોવાથી, એમની આશ્રિત ઉપાસનાઓનો પણ સમુચ્ચય બરાબર છે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં કર્મોનો સમુચ્ચય બતાવતાં કહેવામાં આવ્યું છે કે 'સ્તોત્રગાન કરનારો પુરૂષ હોવાના કર્મમાં જે સ્તોત્ર વિષયક દોષ આવી જાય છે તેને પણ સુધારી લે છે.' એવું કથન ઉદ્ગીથ ઉપાસનાના પ્રકરણમાં કરેલું છે.' એવી રીતે પ્રણવ અને ઉદ્ગીથની એકતા સમજીને ઉદ્ગાન કરવાની

અગત્યનો શ્રુતિમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ સમુચ્ચયને લીધે પણ અંગની આશ્રિત ઉપાસનાના સમુચ્ચયનો સંદેશ સાંપડે છે.

**૬૪. गुणसाधारण्यश्रुतेश्च ।**

અર્થ

ગુણ સાધારણશ્રુતેઃ = ગુણોની સાધારણતા બતાવનારી શ્રુતિને લીધે.

ચ = પણ.

ભાવાર્થ

એ ઉપરાંત એક બીજો મહત્વનો મુદ્દો પણ વિચારવા જેવો છે. એ મુદ્દાની ઉપેક્ષા પણ નથી કરી શકાય તેમ. એ મુદ્દો ગુણોની સાધારણતાનો છે. ઉપાસનાના ગુણ અથવા પ્રાણ એવા ઓમ્કારનો પ્રયોગ એકસરખો કરવાનું કહેલું છે. છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'એ ઓમ્ અથવા અક્ષરથી જ આ ત્રણે વેદો સાથે સંબંધ રાખનારી યજ્ઞાદિ કર્મવિષયક વિદ્યા એટલે કે ત્રયીવિદ્યા પ્રવૃત્ત થાય છે, ઓમ્ કહીને જ આશ્રાવણ કર્મ કરે છે, ઓમ્ કહીને જ હોતા (કથન) કરે છે; ઓમ્ કહીને જ ઉદ્ગાતા સ્તોત્રગાન કરે છે.' એવી રીતે ઉદ્ગીથ આદિ કર્માંગ સંબંધી ગુણનો પણ પ્રયોગ શ્રુતિમાં સમાન ભાવે સૂચવ્યો છે. એ બધા પરથી પુરવાર થાય છે કે ઉપાસનાઓના આશ્રય ભૂતકર્માંગો સાથે સમુચ્ચય કરવાનું બરાબર છે.

**૬૫. न वा तत्सहभावाश्रुतेः ।**

અર્થ

વા = પરંતુ.

તત્સહ ભાવાશ્રુતેઃ = એ ઉપાસનાનો સમુચ્ચય બતાવનારી શ્રુતિ નથી એટલા માટે.

ન = ઉપાસનાઓના સમુચ્ચયની સિદ્ધિ નથી થઈ શકતી.

ભાવાર્થ

સૂત્રકાર પૂર્વપક્ષીની વિચારધારાનો ઉત્તર આપતાં અને આની પછીના છેલ્લા સૂત્રમાં પોતાના અભિપ્રાય કહી બતાવે છે. જુદી જુદી ઉપાસનાઓમાં ઉદ્ગીથ આદિ અંગોના સમુચ્ચયનું વર્ણન ઉપનિષદમાં કરવામાં આવ્યું હોય તો પણ એ ઉપાસનાઓનો સમુચ્ચય કરવાનું ઉપનિષદમાં ક્યાંય નથી કહ્યું. એટલે ઉપાસનાઓના સમુચ્ચયની વાત નથી માની શકાતી અને એની સિદ્ધિ પણ નથી થતી. ઉપાસનાઓ જુદા જુદા પ્રયોજનથી પ્રેરાઈને થતી હોય છે એટલા માટે એમનું અનુષ્ઠાન અલગ અલગ રીતે જ કરવું જોઈએ.

**૬૬. दर्शनाच्च ।**

અર્થ

દર્શનાત્ = શ્રુતિમાં ઉપાસનાઓનો સમુચ્ચય ના કરવાનું જણાવ્યું છે એટલા માટે.

ચ = પણ.

ભાવાર્થ

ઉપાસનાઓનો સમુચ્ચય કરવાનો સંદેશ ઉપનિષદે નથી આપ્યો એ તો સાચું છે, પરંતુ સાથે સાથે એ પણ એટલું જ સાચું છે કે એમનો સમુચ્ચય ના કરવાનો સંકેત કર્યો છે. છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'ઉપર કહેલા રહસ્યને જાણનારા બ્રહ્મા યજ્ઞની, યજમાનની અને અન્ય ઋત્વિજોની રક્ષા કરે છે.' ઉપાસનાઓનો સમુચ્ચય કરવામાં આવતો હોત તો એ દ્વારા બીજા ઋત્વિજો પણ એમના રહસ્યને જાણીને પોતાની રક્ષા કરી શકત. એમની રક્ષાનું કાર્ય બ્રહ્માને કરવું પડત. એટલે, ઉપનિષદના એ નિર્દેશ પરથી સ્પષ્ટ થાય છે કે બધી જ ઉપાસનાઓ સ્વતંત્ર છે અને એમનું અનુષ્ઠાન સ્વતંત્ર રીતે જ કરવું જોઈએ. એમનો સમુચ્ચય કરવાનું જરૂરી નથી.

**અધ્યાય ૩ - પાદ ૩ સંપૂર્ણ**

## અધ્યાય ૩ - પાદ ૪

| | |
|---|---|
| ૧ | જ્ઞાનથી પરમ પુરુષાર્થની સિદ્ધિ. |
| ૨ થી ૭ | વિદ્યા અને કર્મ વિષે. |
| ૮ થી ૧૭ | વિદ્યા પરમાત્માની પ્રાપ્તિનું સ્વતંત્ર સાધન છે. |
| ૧૮ થી ૨૦ | સંન્યાસ આશ્રમની સિદ્ધિ. |
| ૨૧ થી ૨૩ | ઉદ્દગીથ જેવી ઉપાસનાઓનું વિધાન. |
| ૨૪ | ઉપનિષદની કથાઓ વિદ્યાના અંગરૂપ છે. |
| ૨૫ | બ્રહ્મવિદ્યારૂપી યજ્ઞ. |
| ૨૬ થી ૨૭ | આશ્રમોચિત કર્મોનું મહ્ત્વ. |
| ૨૮ થી ૩૧ | આહારશુદ્ધિ |
| ૩૨ થી ૩૩ | જ્ઞાની અને આશ્રમકર્મ. |
| ૩૪ થી ૩૯ | ભક્તિની મહ્ત્તા. |
| ૪૦ થી ૪૩ | ઉચ્ચ આશ્રમમાંથી પાછા આવવાનો નિષેધ. |
| ૪૪ થી ૪૬ | ઉપાસનાના ફળનો અધિકાર. |
| ૪૭ થી ૫૦ | સૌને બ્રહ્મવિદ્યાનો અધિકાર. |
| ૫૧ થી ૫૨ | મુક્તિરૂપી ફળ ક્યાં ને ક્યારે મળે છે તેનો નિર્ણય. |

## અધ્યાય ૩ - પાદ ૪

**૧. पुरूषार्थोऽतश्शब्दादिति बादरायणः ।**

<u>અર્થ</u>

પુરૂષાર્થઃ = પરમાત્માની પ્રાપ્તિરૂપી પુરૂષાર્થની સિદ્ધિ

અતઃ = આનાથી અથવા બ્રહ્મજ્ઞાનથી થાય છે.

શબ્દાત્ = કારણ કે શબ્દ અથવા શ્રુતિનાં વચનથી એવું સાબિત થાય છે.

ઈતિ = એવું.

બાદરાયણઃ = બાદરાયણ જણાવે છે.

<u>ભાવાર્થ</u>

સંસારમાં સૌથી શ્રેષ્ઠ પુરૂષાર્થ પરમાત્માની પ્રાપ્તિનો છે. એના જેવો પરમ કલ્યાણકારક પુરૂષાર્થ બીજો કોઈ જ નથી. એ સંબંધી સર્વે શાસ્ત્રો અને સંતપુરૂષો સહમત છે. દેવદુર્લભ માનવદેહમાં આવીને વહેલામાં વહેલી તકે એ પુરૂષાર્થની સિદ્ધિ કરવાની છે. પરમાત્માની પ્રાપ્તિરૂપી એ પરમશ્રેષ્ઠ પુરૂષાર્થની સિદ્ધિના સાધન વિશે પોતાનો સ્વાનુભવ યુક્ત અભિપ્રાય આપતાં ભગવાન વેદવ્યાસ આ સૂત્રમાં જણાવે છે કે એ પુરૂષાર્થની સિદ્ધિ બ્રહ્મજ્ઞાનથી જ થઈ શકે છે. બ્રહ્મજ્ઞાન જ એનું સર્વોત્તમ સાધન છે. એનું સમર્થન ઉપનિષદના ઉલ્લેખો પરથી સહેજે થઈ રહે છે.

મુંડક ઉપનિષદ કહે છે કે 'બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ જ બને છે.' **सयोहवै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति ।** તૈત્તિરીય ઉપનિષદ કહે છે કે 'જે બ્રહ્મને જાણે છે તે જ્ઞાની પુરૂષ પરબ્રહ્મની પ્રાપ્તિ કરી લે છે.' **ब्रह्मविदाप्नोति परम् ।** છાંદોગ્ય ઉપનિષદ જણાવે છે કે 'આત્માને જાણનાર સમસ્ત શોકમાંથી મુક્તિ મેળવે છે.' **तरति शोकमात्मवित् ।** એ અને એવાં બીજાં ઉપનિષદનાં વચનનો તાત્પર્ય ઉપર કહ્યું છે તેમ તદ્દન સ્પષ્ટ જ છે.

**૨. शेषत्वात्पुरूषार्थवादो यथान्येष्विति जैमिनिः ।**

<u>અર્થ</u>

શેષત્વાત્ = કરમના અંગરૂપ હોવાથી.

પુરૂષાર્થવાદઃ = બ્રહ્મવિદ્યાને પુરૂષાર્થના હેતુ તરીકે બતાવવાનું અર્થવાદ માત્ર છે.

યથા = જેવી રીતે.

અન્યેષુ = યજ્ઞનાં બીજાં અંગોમાં ફળશ્રુતિ અર્થવાદ મનાય છે.

ઈતિ = એવું.

જૈમિનિઃ = આચાર્ય જૈમિનિનું કહેવું છે.

<u>ભાવાર્થ</u>

આચાર્ય જૈમિનિનો અભિપ્રાય જરાક જુદો છે. એમના મંતવ્ય મુજબ પુરૂષાર્થનું પ્રધાન સાધન જ્ઞાન નથી પરંતુ કર્મ છે. કર્મથી જ જીવનના પરમ પુરૂષાર્થની સિદ્ધિ થાય છે. બ્રહ્મવિદ્યાને ગમે તેટલી ઉત્તમ, આદર્શ અને આશીર્વાદરૂપ માનીએ તો પણ એ છે તો કર્મનું અંગ જ. કર્મથી એને છૂટી ના પાડી શકાય અને કર્મ સિવાય એને શક્ય પણ ના બનાવી શકાય.

**૩. आचारदर्शनात् ।**

અર્થ

આચારદર્શનાત્ = ઉત્તમ પુરૂષોના આચાર દર્શનથી પણ વિદ્યા કર્મનું અંગ છે એવું સિદ્ધ થાય છે.

ભાવાર્થ

ઉપનિષદ પર દૃષ્ટિપાત કરવાથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે પરમાત્માની પ્રાપ્તિ કરાવનારી બ્રહ્મવિદ્યા કર્મના જ અંગરૂપ છે અને એથી કર્મની સાથે જ પરમાત્મ-પ્રાપ્તિનું સાધન છે. શ્વેતકેતુને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપનારા મહર્ષિ ઉદ્દાલક તથા યાજ્ઞવલ્ક્યે પણ ગૃહજીવનનો તથા કર્મોનો પરિત્યાગ નહોતો કર્યો. રાજા જનક જ્ઞાનના સર્વોત્તમ શિખર પર પહોંચેલા અને આત્મનિષ્ઠ હતા તો પણ એમણે કર્મનો ત્યાગ કરવાનું ઉચિત નહોતું માન્યું. છાંદોગ્ય ઉપનિષદમાં આવે છે કે ઋષિઓ રાજા અશ્વપતિ પાસે બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટે ગયા ત્યારે રાજાએ એમનો સમુચિત સત્કાર કરીને કહ્યું કે હું હમણાં યજ્ઞની તૈયારી કરી રહ્યો છું. તમે અહીં રોકાઈ જાવ તો એકેક ઋત્વિજને જેટલું ધન આપીશ તેટલું ધન તમને પણ અર્પણ કરીશ.

**૪. तच्छ्रुतेः ।**

અર્થ

તચ્છ્રુતેઃ = એ વિશેની શ્રુતિથી પણ એ વાતની સિદ્ધિ થાય છે.

ભાવાર્થ

આચાર્ય જૈમિનિ પોતાના મતની પુષ્ટિ માટે કહે છે કે શ્રુતિમાં પણ બ્રહ્મવિદ્યાને કર્મના અંગ તરીકે બતાવવામાં આવી છે. શ્રુતિને પ્રમાણ માનનારા સૌ કોઈએ શ્રુતિના એ નિર્દેશને માનીને માનવું જોઈએ કે પરમાત્માની પ્રાપ્તિરૂપી પરમ પુરૂષાર્થનું એકમાત્ર સાધન કેવળ જ્ઞાન નથી. છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'ઓમકારરૂપી અક્ષરના તત્વને જાણનારા અને ના જાણનારા બંને કર્મ કરે છે, પરંતુ જે કર્મ વિદ્યા, શ્રદ્ધા તથા ભક્તિભાવથી સંપન્ન થઈને કરવામાં આવે છે તે જ વધારે બળવાન બની શકે છે.' એ શ્રુતિવચન કર્મના મહિમાને સ્પષ્ટ રીતે કહી બતાવે છે.

**૫. समन्वारम्भणात् ।**

અર્થ

સમન્વારમ્ભણાત્ = વિદ્યા તથા કર્મ બંને જીવાત્માની સાથે જાય છે એવું કથન હોવાથી પણ એ વાતની સિદ્ધિ થાય છે.

ભાવાર્થ

વિદ્યા અથવા જ્ઞાન કર્મનું અંગ છે એ દર્શાવવા માટે એક બીજા આધારને ટાંકી બતાવવામાં આવે છે. એ આધાર બૃહદારણ્યક ઉપનિષદનો છે. એ ઉપનિષદમાં જણાવ્યું છે કે આત્મા શરીરમાંથી બહાર નીકળી જાય છે ત્યારે એની સાથે પ્રાણ, અંતઃકરણ અને ઈન્દ્રિયો તો જાય છે જ, પરંતુ સાથે સાથે વિદ્યા તથા કર્મ પણ જાય છે.

**૬. तद्वतो विधानात् ।**

અર્થ

તદ્વતઃ = આત્મજ્ઞાનયુક્ત અધિકારીને માટે.

વિધાનાત્ = કર્મોનું વિધાન હોવાથી પણ (એની સિદ્ધિ થાય છે.)

ભાવાર્થ

આચાર્ય જૈમિનિ જણાવે છે કે ઉપનિષદમાં વિદ્યાપૂર્વક કર્મ કરવાનું વિધાન છે. એથી પણ સાબિત થાય છે કે વિદ્યા કર્મના અંગરૂપ છે. છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે બ્રહ્મચારી નિયમાનુસાર ગુરૂસેવા જેવાં કર્તવ્ય કર્મોનું સુચારુરૂપે અનુષ્ઠાન કરતાં વેદનું અધ્યયન પુરૂ કરે, ગુરૂકૂળમાંથી સમાવર્તન સંસ્કાર સાથે ઘેર પાછો ફરે, ત્યાં રહીને સ્વાધ્યાય કરે. પુત્ર તેમજ શિષ્યાદિને ધાર્મિક બનાવીને ઈન્દ્રિયોને અતઃકરણમાં સ્થાપિત કરે. એવી રીતે આચરણ કરવાવાળા મનુષ્યને છેવટે બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે. એનો સૂચિતાર્થ ઉપર કહ્યો તેમ સ્પષ્ટ છે.

**૭. नियमाच्च ।**

અર્થ

નિયમાત્ = શ્રુતિમાં નિયમ તરીકે કહેવામાં આવ્યું હોવાથી.

ચ = પણ. (કર્મ અવશ્ય કર્તવ્ય છે, અને વિદ્યા કર્મનું અંગ છે એવું સાબિત થાય છે.)

ભાવાર્થ

ઈશાવાસ્ય ઉપનિષદમાં કર્મના મહિમાનું પ્રતિપાદન કરતાં કહેવામાં આવ્યું છે કે કર્મ કરતાં જ જગતમાં સો વરસ સુધી જીવવાની ઈચ્છા રાખવી, અને કર્મ કરતાં કરતાં કર્મફળમાં કે બીજે ક્યાંય આસક્ત ના થવું. એ જ શ્રેષ્ઠ જીવનનો માર્ગ છે. એવી રીતે તૈત્તિરીય ઉપનિષદમાં પણ કહ્યું છે માતાપિતા, આચાર્ય અને અતિથિની પરમાત્માના પ્રતિનિધિ સમજીને સેવા કરવી અને સ્વાધ્યાયમાં કદી પણ પ્રમાદ ના કરવો. એવી રીતે જીવનપર્યંત કર્મ કરવાનો આદેશ આપવામાં આવ્યો હોવાથી સિદ્ધ થાય કે જ્ઞાન કર્મનું અંગ છે અને જીવનના પરમ પુરૂષાર્થની સિદ્ધિમાં કર્મ જ સવિશેષ મહત્વ ધરાવે છે.

**૮. अधिवनेपदेशात्तु बादरायणस्यैवं तद्दर्शनात् ।**

અર્થ

તુ = પરંતુ

અધિકોપદેશાત્ = શ્રુતિમાં કર્મો કરતાં બ્રહ્મવિદ્યાના મહિમાનું વર્ણન વધારે હોવાથી.

બાદરાયણસ્ય = ભગવાન વેદ વ્યાસનો અભિપ્રાય.

એવમ્ = પ્રથમ સૂત્રમાં જણાવ્યો છે તેવો જ છે.

તદ્દર્શનાત્ = કારણ કે શ્રુતિમાં વિદ્યાની એવી વિશેષતા વર્ણવેલી છે.

ભાવાર્થ

અત્યાર સુધીનાં સૂત્રો દ્વારા આચાર્ય જૈમિનિના અભિપ્રાયનો સવિસ્તર ઉલ્લેખ કરીને મહર્ષિ વ્યાસ પોતાનો અભિપ્રાય આપતાં જણાવે છે કે પરમાત્માની પ્રાપ્તિ માટે કર્મ નહિ, કર્મમિશ્રિત જ્ઞાન નહીં પરંતુ એકમાત્ર જ્ઞાન અથવા બ્રહ્મવિદ્યા જ સાધન છે. બ્રહ્મવિદ્યા કર્મનું અંગ નથી પરંતુ સ્વતંત્ર સાધન છે. એનો આશ્રય લેવાથી પરમાત્માના સાક્ષાત્કારના પરમ ધ્યેયની સહેલાઈથી ને સંપૂર્ણપણે સિદ્ધિ થાય છે. એને માટે કર્મની આવશ્યકતા નથી સ્વિકારી શકાય તેમ, વેદ અને ઉપનિષદના અધ્યયન અને ચિંતન મનનથી પણ એ વાતને પુષ્ટિ મળે છે. ઉપનિષદમાં કર્મ કરતાં જીવનના આત્યંતિક આત્મકલ્યાણની દૃષ્ટિથી વિચારીએ તો આત્મજ્ઞાનને જ વધારે મહત્વનું માનવામાં આવ્યું છે. પોતાના જીવનના સમ્યક્ ધારણ પોષણ, વ્યક્તિગત વિકાસ તથા લોકસંગ્રહને માટે કર્મની આવશ્યકતા રહે છે, અને જ્ઞાની પણ પ્રારબ્ધ કર્મને આધીન બનીને પોતાની પ્રવૃત્તિ કરતો હોય છે. તો પણ, પરમાત્માના સાક્ષાત્કારને માટે તો કોઈપણ પ્રકારના કર્મની નહિ પરંતુ આત્મજ્ઞાનની જ આવશ્યકતા હોય છે એવું ઉપનિષદ સંશયરહિત રીતે જણાવે છે.

મુંડક ઉપનિષદમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે 'કર્મથી પ્રાપ્ત થનારા લોકોના સારાસારનો સારી પેઠે વિચાર કરીને વિદ્વાન બ્રાહ્મણે એના પ્રત્યે વૈરાગ્ય બુદ્ધિ જગાવીને એનાથી ઉપરામ બનવું, ને સમજવું કે અકૃત અર્થાત્ સ્વતઃસિદ્ધ પરમાત્માની પ્રાપ્તિ કર્મો દ્વારા નથી થઈ શકતી. એ પરમાત્માની પ્રાપ્તિને માટે એણે શ્રોતિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂની પાસે હાથમાં સમિધા લઈને જવું. એવી રીતે વિધિપૂર્વક પોતાની પાસે આવેલા પ્રશાંત મનવાળા, સંયમી, જિજ્ઞાસુ વિદ્વાનને જે દ્વારા જે અવિનાશી પરમાત્માનું દર્શન થાય એવી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપવો,'

**૯. तुल्यं तु दर्शनम् ।**

અર્થ

દર્શનમ્ = આચારનું દર્શન

તુ = તો.

તુલ્યમ્ = સમાન છે.

ભાવાર્થ

રહી શ્રેષ્ઠ પુરૂષોના આચારની વાત. તો એવા આચાર પરથી પણ બ્રહ્મવિદ્યા કર્મનું અંગ છે એવું કોઈ પણ રીતે સિદ્ધ નથી કરી શકાતું. ઉપનિષદોમાં બંને પ્રકારના આચારનું દર્શન થાય છે. જેવી રીતે ઉપનિષદમાં લોકહિતની ઉત્તમ ભાવનાથી પ્રેરાઈને યજ્ઞાદિ વિવિધ કર્મોનું અનુષ્ઠાન કરનારા પુરૂષોનું વર્ણન કરવામાં આવ્યું છે તેવી રીતે એવા પુરૂષોનું પણ વર્ણન છે જે સમસ્ત લૌકિક કર્મોને તિલાંજલિ આપીને

આત્મજ્ઞાનનો આશ્રય લઈને આત્મદર્શનને માટે તત્પર થયા. એના પરથી એવું કદાપિ ના કહી શકાય કે જ્ઞાન કરતાં કર્મનો મહિમા મોટો છે અથવા જીવનના આત્યંતિક શ્રેય અથવા આત્મવિકાસને માટે કેવળ કર્મને જ મહત્વનું માનવામાં આવ્યું છે. એટલે જ્ઞાન કર્મનું અંગ છે અને કર્મ જ્ઞાન કરતાં શ્રેષ્ઠ છે એવા નિર્ણય પર પહોંચવાનું કોઈ પણ રીતે શક્ય નથી.

**१०. असार्वत्रिकी ।**

અર્થ

અસાર્વત્રિકી = (એ શ્રુતિ) સર્વત્ર સંબંધ રાખવાવાળી નથી, અથવા એકદેશીય છે.

ભાવાર્થ

આચાર્ય જૈમિનિએ પોતાના સિદ્ધાંતના સમર્થન માટે જે ઉપનિષદના વચનના ઉલ્લેખ કર્યો છે એ વચનનો સંબંધ બધી વિદ્યાઓ સાથે નથી. એટલે એ વચન એકદેશીય છે. એ વચનનો સંબંધ એ પ્રકરણમાં વર્ણવેલી ઉદ્‌ગીથ વિદ્યા સાથે છે. એ વચન એ ઉદ્‌ગીથ વિદ્યાને જ કર્મનું અંગ બતાવે છે. એટલે એના પરથી બ્રહ્મવિદ્યા કર્મનું અંગ છે એવું ના કહી શકાય.

**११. विभागः शतवत् ।**

અર્થ

શતવત્ = સો મુદ્રાના વિભાગની જેમ.

વિભાગઃ = એ ઉપનિષદ વચનમાં કહેવાયેલો વિદ્યાકર્મનો વિભાગ અધિકારી ભેદથી સમજવો જોઈએ.

ભાવાર્થ

પાંચમા સૂત્રમાં બૃહદારણ્યક ઉપનિષદના વચનનો ઉલ્લેખ કરીને કહેવામાં આવ્યું છે કે જીવાત્મા શરીરને છોડીને બહાર જાય છે ત્યારે એની સાથે મન, પ્રાણ, બુદ્ધિ; ઈન્દ્રિયો, વિદ્યા તથા કર્મ પણ જાય છે. એ વચનનો અર્થ કરતી વખતે અધિકારી ભેદને ધ્યાનમાં રાખવો જોઈએ. જે બ્રહ્મજ્ઞાની હોય છે તેનાં બધાં જ કર્મો અહીં જ નાશ પામતાં હોવાથી એ બ્રહ્મવિદ્વાન બ્રહ્મલોકમાં પ્રવેશ કરે છે. એની સાથે કર્મો નથી જતાં. જે બ્રહ્મજ્ઞાની નથી હોતા તેમની સાથે કર્મો જાય છે. એમની સાથે એમના પરોક્ષ જ્ઞાનના બૌધિક સંસ્કારો પણ જતા હોય છે.

**१२. अध्यतनमात्रवतः ।**

અર્થ

અધ્યન માત્રવતઃ = એ કથન તો એવા વિદ્વાનને માટે કરેલું છે જેણે વિદ્યાનું અધ્યયન જ કર્યું છે પરંતુ અનુષ્ઠાન નથી કર્યું.

ભાવાર્થ

છઠ્ઠા સૂત્રમાં પ્રજાપતિના શબ્દોને વધારે પડતું મહત્વ આપીને પ્રમાણભૂત માનવામાં આવ્યો છે. તેનું સ્પષ્ટીકરણ કરતાં અહીં જણાવવામાં આવે છે કે પ્રજાપતિના શબ્દોમાં વિદ્યાપ્રાપ્તિ પછી ઘેર જઈને કર્મ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, એ તો ગુરૂકૂળમાંથી નીકળીને ઘેર જવા માગનારા બ્રહ્મચારીને માટે જ છે. જેણે કેવળ અધ્યયન કર્યું હોય પરંતુ એનું મનન, નિદિધ્યાસન અને આચરણ ના કર્યું હોય એવા બ્રહ્મચારીના મન અને જીવનની વિશુદ્ધિને માટે કર્મ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. બ્રહ્મવિદ્યાને જીવનમાં ઉતારનાર કે અનુભવનાર બ્રહ્મજ્ઞાનીને માટે એવો આદેશ નથી આપવામાં આવ્યો. એટલે બ્રહ્મવિદ્યા કર્મનું અંગ છે એવું નથી સાબિત થતું. છઠ્ઠા સૂત્રનું એ કથન એકાંગી છે.

**૧૩. नाविशेषात्   ।**

અર્થ

અવિશેષાત્ = એ શ્રુતિ વિશેષરૂપે વિદ્વાનને માટે નથી કહેવામાં આવી એટલા માટે.

ન = એનો સમુચ્ચય જ્ઞાનની સાથે નથી.

ભાવાર્થ

શ્રુતિમાં ત્યાગ ભાવનાથી અનાસક્ત બનીને સો વરસ સુધી કર્મ કરવાનો જે સંદેશ આપવામાં આવ્યો છે તે ઈશાવાસ્ય ઉપનિષદનો સંદેશ સૌ કોઈને માટે સમાન રીતે આપવામાં આવ્યો હોવાથી સર્વસામાન્ય સંદેશ છે. એ સંદેશ બ્રહ્મજ્ઞાની પુરૂષને માટે વિશેષરૂપે અથવા ખાસ કરીને નથી આપવામાં આવ્યો. એટલે એ સંદેશ પરથી બ્રહ્મવિદ્યા કર્મનું અંગ છે એવું નથી સાબિત થતું.

**૧૪. स्तुतयेऽनुमतिर्वा   ।**

અર્થ

વા = અથવા એવું સમજો કે.

સ્તુતયે = વિદ્યાની સ્તુતિને માટે

અનુમતિઃ = સંમતિ માત્ર છે.

ભાવાર્થ

ઉપનિષદના એ કર્મસંદેશને જ્ઞાનીને માટે પણ અપાયલો માની લેવામાં આવે તો પણ એનો અર્થ એવો થાય કે બ્રહ્મજ્ઞાનની શક્તિ એટલી બધી અસાધારણ હોય છે કે એનો આશ્રય લેનાર મહાપુરૂષ એવી લોકોત્તર યોગ્યતાથી સંપન્ન થઈ જાય છે કે એ કર્મ કરવા છતાં પણ કદી લિપ્ત નથી થતો. એવી રીતે એ કર્મસંદેશ દ્વારા બ્રહ્મજ્ઞાનની પ્રશસ્તિ કરવામાં આવી છે. કર્મ કરવાની અનુમતિ પણ એટલા માટે જ આપવામાં આવી છે કે જ્ઞાની કર્મની અસરોથી અલિપ્ત રહી શકે છે. કર્મ કરવાનું એને માટે ફરજિયાત નથી પરંતુ સ્વૈચ્છિક છે.

**૧૫. कामकारेण च्चैके ।**

અર્થ

ચ = એ ઉપરાંત.

એકે = કેટલાક વિદ્વાનો.

કામકારેણ = પોતાની ઈચ્છાથી જ (કર્મોને છોડી દે છે એટલા માટે પણ વિદ્યાને કર્મનુ અંગ ના કહી શકાય.)

ભાવાર્થ

બ્રહ્મવિદ્યાને કર્મનું અંગ શા માટે ના કહી શકાય તેનું અધિક સ્પષ્ટીકરણ આ સૂત્રમાં પણ કરવામાં આવે છે. જો ઈશાવાસ્ય ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે સૌ કોઈને માટે કર્મ કરવાનું જ વિધાન માની લેવામાં આવે તો બીજા ઉપનિષદના આદેશ સાથે એનો મેળ નહિ બેસે. ઉપનિષદમાં કર્મોના ત્યાગનો અને એકાંત સેવનનો પણ સંદેશ આપવામાં આવ્યો છે. એ સંદેશા સાથે સુમેળ નહિ સાધી શકાય. ખરી રીતે એ બંને પ્રકારના વિધાનોની વાસ્તવિકતાને સ્વીકારીને એવું માનવું જોઈએ કે કર્મના અનુષ્ઠાન અને ત્યાગ બંનેનું વિધાન ઉપનિષદમાં કરવામાં આવ્યું છે પોતપોતાની પ્રકૃતિ, રૂચિ, પસંદગી અને જીવનના સાધનાત્મક વિકાસની આવશ્યકતાને અનુસરીને કોઈ કર્મના અનુષ્ઠાનનો આધાર લે છે તો કોઈ કર્મના ત્યાગનો આધાર લઈને આગળ વધે છે. એટલે બ્રહ્મવિદ્યા કર્મનું અંગ છે એવું નથી કહી શકાતું.

**૧૬. उपमंर्द च ।**

અર્થ

ચ = એ ઉપરાંત.

ઉપમર્દમ્ = બ્રહ્મવિદ્યાથી કર્મોનો નાશ થઈ જાય છે એવું કહ્યું છે (એથી પણ એ સિદ્ધ થાય છે.)

ભાવાર્થ

એ ઉપરાંત, મુંડક ઉપનિષદમાં જણાવ્યું છે કે પરમાત્માનું જ્ઞાન થયા પછી જ્ઞાનીનાં સઘળાં કર્મો નાશ પામે છે. એટલે બ્રહ્મવિદ્યાનું સાધન સ્વતંત્ર છે અને એની દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર સહજ બને છે. બ્રહ્મવિદ્યા કર્મનું અંગ કદાપિ નથી.

**૧૭. ऊर्ध्वरेतस्सु  च शब्दे हि ।**

અર્થ

ઊર્ધ્વરેતસ્સુ = વીર્યને સુરક્ષિત રાખવાનું વિધાન કરવામાં આવ્યુ છે એવા ત્રણ આશ્રમમાં.

ચ = પણ. (બ્રહ્મવિદ્યાનો અધિકાર છે.)

હિ = કારણ કે.

શબ્દે = વેદમાં એવું કહેલું છે.

ભાવાર્થ

બ્રહ્મવિદ્યાના અનુષ્ઠાનનો અધિકાર ગૃહસ્થાશ્રમની પેઠે બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ તથા સંન્યાસ આશ્રમમાં પણ આપવામાં આવ્યો છે. સંન્યાસ આશ્રમમાં યજ્ઞાદિ કર્મોનું વિધાન નથી મળતું. બ્રહ્મવિદ્યાને

કર્મનું અંગ માનવાથી સંન્યાસી એનો આધાર નહિ લઈ શકે. એટલે બ્રહ્મવિદ્યાને અને એના અનુષ્ઠાનને બીજાં કર્મોથી અલગ અથવા સ્વતંત્ર માનવાની વાત જ બરાબર છે. મુંડક ઉપનિષદમાં એની સ્વતંત્રતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં કહ્યું છે કે 'વનમાં વસીને શાંત સ્વભાવવાળા અપરિગ્રહ વૃત્તિના જે વિદ્વાનો તપ તથા શ્રદ્ધાભક્તિનું સેવન કરે છે તે પરમપવિત્ર બનીને સૂર્યમાર્ગ દ્વારા જ્યાં જન્મ તથા મૃત્યુથી રહિત અવિનાશી પરમપુરૂષ પરમાત્મા છે ત્યાં પહોંચી જાય છે.'

तपःश्रद्धे ये ह्युपवसंत्यरण्ये शान्ता विद्वांसो भैक्ष्यचर्यां चरन्तः ।
सूर्यद्वारेण ते विरजाः प्रयान्ति यत्रामृतः स पुरूषो ह्यव्ययात्मा ॥

**१८. परामर्श जैमिनिस्वोदना चापवदति हि ।**

<u>અર્થ</u>

જૈમિનિઃ = આચાર્ય જૈમિનિ.

પરામર્શમ = એ શ્રુતિમાં સંન્યાસ આશ્રમનો અનુવાદ માત્ર માને છે, વિધિ નથી માનતા.

હિ = કારણ કે.

અચોદના = એમાં વિધિસૂચક ક્રિયાપાદનો પ્રયોગ નથી કરવામાં આવ્યો.

ચ = અને.

અપવદતિ = શ્રુતિ સંન્યાસનો નિષેધ કરે છે.

<u>ભાવાર્થ</u>

આચાર્ય જૈમિનિ મુંડકોપનિષદના ઉપર્યુક્ત વચનના સંબંધમાં જણાવે છે કે એ વચનમાં વિધિસૂચક ક્રિયાપદનો પ્રયોગ નથી કરવામાં આવ્યો એટલે એ દ્વારા વિધિપૂર્વક સંન્યાસ લેવાનો આદેશ આપવામાં આવ્યો છે એવું ના કહી શકાય. સંન્યાસ આશ્રમનું પાલન અશક્ય હોવાથી એમાં પ્રવેશ નથી કરવા જેવો. જીવનભર કર્મોનું સમ્યક્ રીતે અનુષ્ઠાન કરીને પોતાના શ્રેયની સિદ્ધિને માટે પ્રયત્ન કરવો જોઈએ. એ માર્ગ જ મંગલ અને આદર્શ છે. શ્રુતિએ સ્પષ્ટ શબ્દોમાં સંન્યાસનો નિષેધ કરેલો છે. તૈત્તિરીય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'આચાર્યને દક્ષિણામાં એની ઈચ્છાનસાર ધન આપીને સંતાન પરંપરાને ચાલુ રાખો; એનો ઉચ્છેદ ના કરો.' એટલે સંન્યાસીનો બ્રહ્મવિદ્યામાં અધિકાર માનીને બ્રહ્મવિદ્યા કર્મનું અંગ નથી એવું કહેવું બરાબર નથી.

**१९. अनुष्ठेयं बादरायणः साम्यश्रुतेः ।**

<u>અર્થ</u>

બાદરાયણ = મહર્ષિ વ્યાસ કહે છે કે

અનુષ્ઠેયમ્ = ગૃહસ્થાશ્રમની પેઠે બીજા આશ્રમોના ધર્મોનું અનુષ્ઠાન પણ કરવા જેવું છે.

સામયશ્રુતેઃ = કેમ કે શ્રુતિમાં સમસ્ત આશ્રમોના અને આશ્રમધર્મોના કર્તવ્યનું સમાન રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

<u>ભાવાર્થ</u>

આચાર્ય જૈમિનિની વિચારધારા સાથે અસંમત થતાં મહર્ષિ વ્યાસ એમના અભિપ્રાયને સ્પષ્ટ રીતે રજૂ કરતાં જણાવે છે કે ઉપનિષદમાં એકલા ગૃહસ્થાશ્રમનું જ વર્ણન નથી મળતું પરંતુ બીજા આશ્રમોનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. એટલે ગૃહસ્થાશ્રમનું જ પાલન કરવા જેવું છે અને સંન્યાસ આશ્રમનું નથી કરવા જેવું એ દલીલ બરાબર નથી. ગૃહસ્થાશ્રમની પેઠે બીજા આશ્રમોનું પણ મહત્વ હોવાથી એમનો આધાર લઈને એમના ધર્મોનું અનુષ્ઠાન પણ કરવું જોઈએ. એ પણ એટલું જ અગત્યનું છે. તૈત્તિરીય ઉપનિષદ અગ્નિહોત્રનો ત્યાગ ના કરવાનો ને સંતાન પરંપરાને ચાલુ રાખવાનો આદેશ આપે છે એ સાચું છે, પરંતુ એ આદર્શ ગૃહસ્થાશ્રમીઓને માટે છે. એ સંદેશ સંન્યાસ આશ્રમ કે બીજા કોઈ આશ્રમોના ધર્મોનો ત્યાગ કરવાનો નથી આપતું.

**૨૦. વિધિર્વા ધારણવત્ ।**

અર્થ

વા = અથવા.

વિધિઃ = એ મંત્રમાં બીજા આશ્રમોની વિધિ જ માનવી જોઈએ. અનુવાદ નહિ

ધારણવત્ = સમિધાધારણ વિષયક વાક્યમાં 'ઉપર ધારણ' ની ક્રિયાને અનુવાદ માનવાને બદલે વિધિ જ માનવામાં આવી છે તે પ્રમાણે.

ભાવાર્થ

તૈત્તિરીય ઉપનિષદમાંના પૂર્વોક્ત વચનમાં ચારે આશ્રમોનું જે સાંકેતિક વર્ણન છે એને અનુવાદ માનવાને બદલે વિધિવચન જ માનવું જોઈએ. બીજાં ઉપનિષદ વચનોમાં પણ આશ્રમોને માટે વિધિવચન જોઈ શકાય છે. જાબાલોપનિષદમાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે.

**ब्रह्मचर्य परिसमाप्य गृही भवेद् गृही वनी भवेद् वनी भूत्वा प्रव्रजेत् ।**

**यदि वेंतरथा ब्रह्मचर्यादेव प्रव्रजेद् गृहाद् वा वनाद् वा । यदहरेव विरजेत्तदहरेव प्रब्रजेत् ।**

એટલે કે બ્રહ્મચર્યને પૂર્ણ કરીને ગૃહસ્થી થવું. તે પછી વાનપ્રસ્થી બનવું અને એ પછી સંન્યાસ ગ્રહણ કરવો. અથવા તીવ્ર વૈરાગ્યભાવ હોય તો બીજી રીતે એટલે કે બ્રહ્મચર્યાશ્રમથી, ગૃહસ્થાશ્રમથી કે વાનપ્રસ્થાશ્રમથી જ ત્યાગ કરવો. જે દિવસે પૂર્ણ વૈરાગ્ય થઈ જાય તે જ દિવસથી ત્યાગ કરી દેવો.

કર્મ ત્યાગનો નિષેધ કરનારી શ્રુતિ એવા વૈરાગ્યવાનોને માટે નથી પરંતુ કર્મની આવશ્યકતાવાળા કર્મફળના ભોગોપભોગમાં માનનારા માનવોને માટે જ છે. જે વિરક્ત છે, તે કર્મોના અનુષ્ઠાન વિના આત્મજ્ઞાનની મદદથી જ પરમાત્માની પ્રાપ્તિરૂપી પરમ પુરૃષાર્થની સિદ્ધિ કરી લે છે.

**૨૧. સ્તુતિમાત્રમુપાદાનાદિતિ ચેન્નાપૂર્વત્વાત્ ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે.

ઉપાદાનાત્ = ઉદ્ગીથ આદિ ઉપાસનાઓમાં એમના મહિમાનાં સૂચક જે વચન છે તેમાં કર્મના અંગભૂત ઉદ્ગીથ આદિને લીધે એવું વર્ણન કરવામાં આવ્યુ છે એટલા માટે.

સ્તુતિ માત્રમ્ = એ સઘળું ફક્ત એની સ્તુતિ માત્ર છે.

ઈતિ ન = તો એ વાત બરાબર નથી.

અપૂર્વત્વાત્ = કારણ કે એ ઉપાસનાઓ અને એમના ગુણ અપૂર્વ છે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે 'આ ઉદ્ગીથ છે તે રસોનો પણ ઉત્તમ રસ છે, પરમાત્માનું પરમ આશ્રય સ્થાન અને પૃથ્વી આદિ રસોમાં આઠમો સર્વશ્રેષ્ઠ રસ છે.' એવી રીતે ઉદ્ગીથનું વર્ણન કેવળ સ્તુતિ પૂરતું જ કરેલું છે કારણ કે યજ્ઞના અંગભૂત ઉદ્ગીથને માટે એ કરાયલું છે. એવી રીતે કર્મના અંગ જેવી બીજી ઉપાસનાઓમાં પણ જે જે વિશિષ્ટ ગુણોનું વર્ણન તે તે અંગોની સ્તુતિ માત્ર જ છે, એટલે વિદ્યાને કર્મનું અંગ માનવું જોઈએ, એવી દલીલ કોઈ કરતું હોય તો તે નિરર્થક છે. કારણ કે એ ઉપાસનાઓ અને એમના ગુણ સામાન્ય નથી પરંતુ અપૂર્વ છે. એમનું વર્ણન બીજે ક્યાંય નથી મળતું. ઉપનિષદનું એ વર્ણન કેવળ સ્તુતિને માટે જ નથી કરવામાં આવ્યું. એ ઉદ્ગીથ આદિને પ્રતીક બનાવીને એમાં આરાધ્ય દેવની ભાવના કરવાની પ્રેરણા પુરી પાડવા માટે કરાયલું છે. એ વિધિવાક્ય છે. એના જ પરથી વિદ્યા કર્મનું અંગ છે એવું નથી કહી શકાતું.

**૨૨. भाव शब्दाच्च ।**

અર્થ

ચે = એ ઉપરાંત (એ પ્રકરણમાં)

ભાવ શબ્દાત્ = ઉપાસના વિષયક વિધિવાચક વચનોનો પ્રયોગ કરેલો હોવાથી પણ (એ વાતની સિદ્ધિ થાય છે.)

ભાવાર્થ

ઉપનિષદના એ પ્રકરણમાં કેટલાંક ઉપાસના વિષયક વિધિવાચક વચનોનો પ્રયોગ કરાયેલો છે તે પણ ખાસ નોંધવા જેવું છે. 'ઉદ્ગીથની ઉપાસના કરવી જોઈએ; સામની ઉપાસના કરવી જોઈએ.' એ વાક્યોનો ભાવાર્થ સ્પષ્ટ છે, એ ઉપાસનાઓનો અપૂર્વ ફળનિર્દેશ પણ કરવામાં આવ્યો છે. એ સઘળા પરથી સિદ્ધ થાય છે કે એ કર્મના અંગ જેવા ઉદ્ગીથ આદિની સ્તુતિ માટે નથી કરવામાં આવ્યું, પરંતુ એમને પ્રતીક બનાવીને ઉપાસનાની પ્રેરણા આપવા માટે કરવામાં આવ્યું છે. એટલે વિદ્યા કર્મનું અંગ નથી.

**૨૩. पारिप्लवार्था इति चेन्न विशेषितत्वात् ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે

પરિપ્લવાર્થીઃ = ઉપનિષદમાં આવતી આખ્યાયિકાઓ પરિપ્લવ નામના કર્મને માટે છે.

ઈતિ ન = તો તેવું નથી.

વિશેષિતત્વાત્ = કારણ કે પરિપ્લવ કર્મમાં થોડીક જ આખ્યાયિકાઓને વિશેષ રૂપે ગ્રહણ કરવામાં આવી છે.

ભાવાર્થ

ઉપનિષદના સુવિશાળ સાહિત્યમાં અનેક ઠેકાણે આખ્યાયિકાઓ કે કથાઓ આવે છે. એ આખ્યાયિકાઓ કે કથાઓ દેવતા અને યક્ષની, યમ અને નચિકેતાની, મૈત્રેયી અને યાજ્ઞવલ્કયની, રાજા જાનશ્રુતિ અને રૈંકવની, પ્રતર્દન અને ઈન્દ્રની અને એવી બીજી છે. એ કથાઓ પરિપ્લવ નામના કર્મને માટે છે એવું કેટલાકનું કહેવું છે. એ કથન બરાબર નથી એવું શાંતિપૂર્વક વિચાર કરવાથી સમજાશે. અશ્વમેધ યજ્ઞમાં અધ્વર્યું કુટુંબ સાથે બેઠેલા રાજાને રાતને વખતે જે ઉપાખ્યાન સંભળાવે છે તેને પરિપ્લવ કહેવામાં આવે છે. પરંતુ પરિપ્લવના પ્રકરણનો પ્રારંભ કરીને 'મનુવૈવસ્વતો રાજા' જેવાં વાક્યો દ્વારા કેટલાક ખાસ ઉપાખ્યાનોને જ ત્યાં સાંભળવા જેવાં કહેલાં છે અથવા સંભળાવવાની સુચના આપી છે. એમની અંદર ઉપર કહેલી ઉપનિષદની આખ્યાયિકાઓ કે કથાઓનો સમાવેશ નથી થતો.

**૨૪. तथा चैकवाक्यतोपबन्धात् ।**

અર્થ

તથા ચ= એવી રીતે એ આખ્યાયિકાઓને પરિપ્લાવર્થક ના માનીને વિદ્યાના જ અંગરૂપ સમજવી જોઈએ.

એક વાક્યતોપન્ધાત્ = કારણ કે એ ઉપાખ્યાનોની ત્યાં કહેલી વિદ્યાઓની સાથે એકવાક્યતા દેખાય છે.

ભાવાર્થ

ઉપનિષદની એ બધી કથાઓ તે તે પ્રકરણમાં આવતા બ્રહ્મવિદ્યાના સિદ્ધાંતોને વધારે સુચારૂ રૂપે સરળતાપૂર્વક સમજાવવાનું કાર્ય કરતી હોવાથી, અને બ્રહ્મવિદ્યાના સિદ્ધાંતો અથવા આદર્શો સાથે એકવાક્યતા અથવા એકાત્મતા સાધતી હોવાથી, બ્રહ્મવિદ્યાની અંગરૂપ છે. કોઈપણ કર્મની અંગરૂપ નથી.

**૨૫. अतएव चाग्नीन्धनाद्यनपेक्षा ।**

અર્થ

ચ = અને.

અતએવ = એટલા માટે.

અગ્નિન્ધનાદ્યનપેક્ષા = આ બ્રહ્મવિદ્યારૂપી યજ્ઞમાં અગ્નિ, સમિધા, ઘી જેવા પદાર્થોની આવશ્યકતા નથી.

ભાવાર્થ

બ્રહ્મવિદ્યાનો મહિમા ઘણો મોટો છે. બીજા સ્થૂળ યજ્ઞોમાં તો યજ્ઞકુંડ, અગ્નિ, સમિધા, ઘી જેવી જુદી જુદી સામગ્રીની આવશ્યકતા પડે છે પરંતુ બ્રહ્મવિદ્યારૂપી યજ્ઞમાં એમની આવશ્યકતા નથી પડતી. એ તો

પોતાની મેળે જ પૂર્ણ અને સૂક્ષ્મ છે. એની અંદર જીવનનું આત્યંતિક કલ્યાણ કરવાની ને જીવાત્માને પરમાત્માના મહિમાનું ભાન કરાવીને પરમાત્માની પાસે પહોંચાડવાની શક્તિ છે. ગીતાના ચોથા અધ્યાયમાં બ્રહ્મવિદ્યારૂપી યજ્ઞનું વર્ણન કરતાં જણાવ્યું છે કે એ યજ્ઞમાં અર્પણ પણ બ્રહ્મ છે, હવિ બ્રહ્મ છે, અગ્નિ બ્રહ્મ, અને હોતા તથા આહુતિ પણ બ્રહ્મ છે, બ્રહ્મધ્યાન દ્વારા મળનારું ફળ પણ બ્રહ્મ જ છે. બ્રહ્મવિદ્યાનું સાધન એવી રીતે એક સર્વથા સ્વતંત્ર સાધન હોવાથી કર્મનું અંગ નથી. એનો આશ્રય લઈને જીવ પોતાનું કલ્યાણ સ્વતંત્ર રીતે અને સંપૂર્ણપણે કરી શકે છે. આત્મવિકાસ અથવા આત્મસાક્ષાત્કારની દૃષ્ટિએ એ વિદ્યા અમોઘ આશીર્વાદરૂપ છે.

**૨૬. सरेवोपेक्षा च यज्ञादिश्रुतेतरश्ववत् ।**

અર્થ

ચ = એ ઉપરાંત.

સર્વોપેક્ષા = વિદ્યાની ઉત્પત્તિને માટે સર્વે વર્ણાશ્રમોચિત કર્મોની આવશ્યકતા છે.

યજ્ઞાદિશ્રુતેઃ = કારણ કે યજ્ઞાદિ કર્મોને બ્રહ્મવિદ્યામાં સાધન બતાવનારી શ્રુતિ છે.

અશ્વવત્ = જેવી રીતે ઘોડો યોગ્યતા પ્રમાણે સવારીના કામમાં વપરાય છે, રાજપ્રસાદ પર ચઢવાના કામમાં નથી વપરાતો, એવી રીતે કર્મ વિદ્યાની ઉત્પત્તિને માટે અપેક્ષિત છે, મોક્ષને માટે નથી.

ભાવાર્થ

તો પછી શું બ્રહ્મવિદ્યાનો કોઈપણ કર્મ સાથે કશો જ સંબંધ નથી ? એને કોઈ પણ કર્માનુષ્ઠાનની આવશ્યકતા નથી ? એવી જિજ્ઞાસાના જવાબરૂપે આ સૂત્ર લખવામાં આવ્યું છે. બ્રહ્મવિદ્યા છે તો અત્યંત આશીર્વાદ રૂપ, પરંતુ એની પ્રાપ્તિ માટે સમુચિત કર્માનુષ્ઠાનની આવશ્યકતા છે. ઘોડો જેવી રીતે સવારીના કાર્ય માટે વપરાય છે. રાજપ્રસાદ પર ચઢવાના કામમાં નથી વપરાતો, તેવી રીતે કર્મો દ્વારા પરમાત્માની પ્રાપ્તિ નથી થતી તથા મુક્તિ નથી મળતી તો પણ ચિત્તની શુદ્ધિ તથા વાસનાની નિવૃત્તિ તો થાય છે જ, અને ચિત્તની શુદ્ધિ તથા વાસનાની નિવૃત્તિ વિના બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ અને અનુભૂતિ થવી અશક્ય છે, એટલે એ દૃષ્ટિએ, એટલા પૂરતું, બ્રહ્મવિદ્યાના માટે કર્મનું મહત્વ સમજી શકાય છે. બાકી જન્માંતર સંસ્કારોના સુપરિણામરૂપે જેમને પહેલેથી જ સાત્વિકતાની, વિવેક, વૈરાગ્ય અને બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હોય તેમને માટે લૌકિક અથવા યજ્ઞાદિ કર્માનુષ્ઠાનની આવશ્યકતા નથી રહેતી. તેવાં કર્મોને ના કરવાથી તેને પોતાને કશું જ ખોવાનું નથી રહેતું.

**૨૭. शमदमाद्ययुपेतः स्यात्तथापि तु तद्विधेस्तदङ्गतया तेषाममवश्यानुष्ठेयत्वात् ।**

અર્થ

તથાપિ = અન્ય કર્મ આવશ્યક ના હોવા છતાં. (સાધકે)

શમદમાદ્યુપેતઃ = શમ, દમ, જેવા ગુણોથી સંપન્ન.

સ્યાત્ = હોવું જોઈએ.

તુ = કેમ કે.

તદંગતયા = એ બ્રહ્મવિદ્યાના અંગરૂપે.

તદ્વિધેઃ = એ શમદમાદિનું વિધાન હોવાથી.

તેષામ્ = એમનું.

અવશ્યાનુષ્ઠેથત્વાત્ = અનુષ્ઠાન અવશ્ય કરવા જેવું છે.

ભાવાર્થ

બૃહદારણ્યક ઉપનિષદમાં જણાવ્યું છે કે બ્રહ્મવેત્તાના મહિમાને જાણનાર પાપ કર્મોથી લેપાતો નથી, એટલા માટે એ મહિમાને જાણનાર શાંત, દાન્ત, ઉપરત, તિતિક્ષુ અને ધ્યાનમાં સ્થિત બનીને આત્માનું આત્મામાં દર્શન કરે છે. ઉપનિષદમાં એવી રીતે પરમાત્માની પ્રાપ્તિ કરવા માગનારા માનવને માટે શમદમાદિ સાધનોની પ્રાપ્તિનો બ્રહ્મવિદ્યાના અગત્યના અંગ તરીકે ઉલ્લેખ કરેલો છે. એમને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન ના કરવામાં આવે તો બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ અથવા અનુભૂતિ અશક્ય બની જાય. ત્યાગી અથવા રાગી અને સંન્યાસી કે સંસારી સૌને માટે, આત્મોન્નતિ અને આત્માનુભૂતિની આકાંક્ષાવાળા સૌ કોઈને માટે એ અંગેની આરાધના અત્યંત આવશ્યક છે. એમના વિના આત્મસાક્ષાત્કારની સાધનામાં સફળતાપૂર્વક આગળ નથી વધી શકાતું.

**૨૮. सर्वान्नानुमतिश्च प्राणात्यये तद्दर्शनात् ।**

અર્થ

સર્વાન્નાનુમતિઃ = સર્વ પ્રકારના અન્નને આરોગવાની અનુમતિ.

ચ = તો,

પ્રાણાત્યયે = અન્ન વિના પ્રાણ ના રહેવાનો સંભવ હોય ત્યારે જ આપી છે.

તદ્દર્શનાત્ = કારણ કે શ્રુતિમાં એવું જ જોવા મળે છે.

ભાવાર્થ

ઉપનિષદમાં ક્યાંક ક્યાંક એવું કથન મળે છે કે પ્રાણવિદ્યાના રહસ્યને જે જાણી લે તેને માટે કોઈપણ અન્ન અભક્ષ્ય નથી રહેતું. તો સાધકે અન્નના સંબંધમાં લક્ષ્યાલક્ષ્યનો વિચાર કરવો જોઈએ કે નહિ તેનો નિર્ણય કરવા માટે આ સૂત્ર લખવામાં આવ્યું છે. સૂત્રકાર આ સૂત્ર દ્વારા પોતાના અભિપ્રાયને સ્પષ્ટ કરતાં કહે છે કે સામાન્ય રીતે તો પ્રત્યેક પુરૂષે અન્નની શુદ્ધિ-અશુદ્ધિનો કે યોગ્યાયોગ્યતાનો વિચાર કરીને શુદ્ધ અને સુયોગ્ય અન્ન જ ગ્રહણ કરવાનો નિયમ રાખવો જોઈએ. અન્નનો પ્રભાવ તન, મન અને અંતર પર પડે છે એ સુવિદિત છે.

**૨૯. अवाधाच्च ।**

અર્થ

અબાધાત્ = બીજી શ્રુતિનો બાધ ના હોવો જોઈએ એટલા માટે.

ચ = પણ.

ભાવાર્થ

આપત્કાળ સિવાયના બધા જ સમય દરમિયાન ઉત્તમ પ્રકારના આચારનો ત્યાગ ના જ કરવો જોઈએ. જો એવી રીતે આચારનો ત્યાગ કરવામાં આવે તો ઉપનિષદના વચનનો જ વિરોધ થશે. છાંદોગ્ય ઉપનિષદે સ્પષ્ટ રીતે અસંદિગ્ધ સ્વરે જણાવ્યું છે કે आहारसुद्धो सत्त्वशुद्धिः । 'આહારની શુદ્ધિથી અંતઃકરણની શુદ્ધિ થાય છે.' શ્રુતિના એ આદેશનું અથવા અભિપ્રાયનું મહત્વ સમજીને અનુસરણ કરવું જોઈએ.

**૩૦. अपि च स्मर्धते ।**

અર્થ

અપિ ચ = એ ઉપરાંત.

સમર્યતે= સ્મૃતિ પણ એ જ વાતનું સમર્થન કરે છે.

ભાવાર્થ

શ્રુતિ પછીનું બીજું મહત્વનું સ્થાન સ્મૃતિનું છે. એના અભિપ્રાયને પણ મહત્વનો માનવામાં આવે છે. સ્મૃતિ દ્વારા પણ શ્રુતિની એ વાતને અનુમોદન આપવામાં આવ્યું છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે 'પ્રાણસંકટ પેદા થવાથી જે મનુષ્ય જ્યાંથી પણ અન્ન મળે છે ત્યાંથી એને ગ્રહણ કરી લે છે, તે મનુષ્ય, કાદવથી આકાશ નથી લેપાતું તેમ પાપથી નથી લેપાતો. તેને કોઈ પ્રકારનું પાપ નથી લાગતું.'

जीवितात्यमापन्नो योऽन्नमत्ति यतस्ततः ।
आकाशमिव पङ्केन न स पापेन लिप्यते ॥

**૩૧. शब्दश्चातोऽकामकारे ।**

અર્થ

અકામકારે = ઈચ્છાનુસાર અભક્ષ્ય ભોજનના નિષેધમાં.

શબ્દઃ = શ્રુતિપ્રમાણ.

ચ = પણ છે.

અતઃ = એટલા માટે.

ભાવાર્થ

જ્યાં સુધી ખરેખર અને ગંભીર પ્રાણસંકટ પેદા ના થાય ત્યાં સુધી નિષિદ્ધ અન્નજળનું ગ્રહણ ના કરવું જોઈએ એવો સંદેશ શ્રુતિએ પણ આપ્યો હોવાથી એને જ વળગી રહેવાનું વલણ બરાબર છે. જે તન તથા મનને માટે હાનિકારક છે તેવા પદાર્થોનું સેવન જ્ઞાનીએ પણ કદાપિ ના કરવું જોઈએ.

**૩૨. विहितत्वाच्चाश्रमकर्मापि ।**

અર્થ

ચ= અને.

વિહિતત્વાત્ = શાસ્ત્રવિહિત હોવાથી.

આશ્રમકર્મ = આશ્રમવિષયક કર્મોનું.

અપિ = પણ. (અનુષ્ઠાન કરવું જોઈએ.)

ભાવાર્થ

આ સૂત્રમાં સૂત્રકાર જણાવે છે કે આત્મજ્ઞાનીએ અભક્ષ્ય પદાર્થોનું સેવન ના કરવું જોઈએ એ તો સાચું જ છે પરંતુ એની સાથે સાથે એ પણ એટલું જ સાચું છે કે જ્ઞાનીએ પોતાના આશ્રમધર્મને અનુલક્ષીને આવશ્યક કર્મોનું અનુષ્ઠાન કોઈપણ પ્રકારના પ્રમાદ વિના નિયમપૂર્વક નિયમિત રીતે કરતા રહેવું જોઈઓ. શરીરના ધારણપોષણને માટે ભોજનાદિ કર્મોની અને મનબુદ્ધિના વિકાસને માટે સ્વાધ્યાય તથા શમદમાદિ કર્મોની આવશ્યકતા છે તેમ લોકસંગ્રહને માટે તેમજ આત્મોન્નતિમાં મદદ મળે તે માટે આશ્રમધર્મને અનુરૂપ કર્માનુષ્ઠાનની પણ આવશ્યકતા છે. જ્ઞાની કર્મમાં આસક્ત ના થાય પરંતુ કર્મ તો કરે જ.

**૩૩. सहकारित्वेन च ।**

અર્થ

સહકારિત્વેન = સાધનામાં સહાયક હોવાથી.

ચ = પણ.

ભાવાર્થ

શમદમ સ્વાધ્યાય જેવાં કર્મો જીવનવિકાસની અથવા પરમાત્માની પ્રાપ્તિની સાધના માટે આવશ્યક છે, એવી રીતે અહંકાર અને આસક્તિનો ત્યાગ કરીને કરવામાં આવતાં બીજા કર્મો પણ પોતાને તથા બીજાને માટે એવાં જ આવશ્યક છે માટે એવાં કર્મોનો ત્યાગ કદાપિ ના કરવો જોઈએ. વ્યક્તિગત અને સમષ્ટિગત સુખાકારીને માટે એ કર્મોનું અનુષ્ઠાન કરવું જ જોઈએ.

**૩૪. सर्वथापि त एवोभयलिङ्गात् ।**

અર્થ

અપિ = કોઈ કારણથી મુશ્કેલી કે પ્રતિકૂળતા પ્રાપ્ત થાય તો પણ તે - ભક્તિસંબંધી કર્મ કે ભાગવતધર્મ તો.

સર્વથા = સર્વ રીતે.

એવ = જ આચરવાયોગ્ય છે.

ઉભયલિંગાત્ = કારણ કે શ્રુતિ તથા સ્મૃતિ બંનેના નિશ્ચયાત્મક વર્ણનરૂપ લિંગ અથવા લક્ષણોથી એવું પુરવાર થાય છે.

ભાવાર્થ

તો પછી ભગવાનની ભક્તિના અંગરૂપ જે સ્મરણ, શ્રવણ તથા કીર્તન જેવાં કર્મો છે તે સંબંધી શું સમજવું ? પરમાત્માની ઉપાસનારૂપી કર્મોને જ્ઞાનીએ કરવાં કે ના કરવાં ? એ પ્રશ્નોના પ્રત્યુત્તરરૂપે અહીં જણાવવામાં આવે છે કે જ્ઞાનીએ કે વિદ્વાને ભાગવતધર્મ અથવા ભગવાનની ભક્તિની સાથેનો સંબંધ કદાપિ ના છોડવો જોઈએ. ભક્તિ સર્વ સ્થળે, સર્વ કાળે અને સર્વ પ્રકારે કલ્યાણકારક છે. એથી જીવ પરમાત્માભિમુખ બની, પરમાત્માના પ્રેમથી સંપન્ન બનીને, પરમાત્મા પ્રાપ્તિ કરી લે છે અને કૃતાર્થ થાય છે. શ્રુતિ તથા સ્મૃતિ બંનેએ એ વાતનું સમર્થન કરેલું છે. જીવનમાં કોઈવાર કોઈ પ્રતિકૂળતા પેદા થાય તો પણ ભક્તિની સાધનાને તિલાંજલિ ના આપવી જોઈએ.

**૩૫. अनभिभवं च दर्शयति ।**

અર્થ

(શ્રુતિ એનું અનુષ્ઠાન કરનારાને માટે) અનભિભવમ્ = પાપોથી અલિપ્ત રહેવાનું.

ચ = પણ.

દર્શયતિ = કહી બતાવે છે.

ભાવાર્થ

પરમાત્માના શ્રવણમનન, સ્મરણ અને આરાધનાનો મહિમા જણાવતાં ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે એ સૌનો અનુરાગપૂર્વકનો આધાર લેનારને પાપકર્મ પ્રભાવિત નથી કરી શકતાં. એનું જીવન પરમ પવિત્ર બની જાય છે. ઉપનિષદના એ કથન પરથી સ્પષ્ટ રીતે સમજાય છે કે પરમાત્માનું સ્મરણ, મનન, કથાશ્રવણ અથવા આરાધન સૌ કોઈએ કરવું જોઈએ.

**૩૬. अन्तरा चापि तु तद्दृष्टेः ।**

અર્થ

તુ = એ ઉપરાંત.

અન્તરા = આશ્રમ ધર્મોના અભાવમાં.

ચ અપિ = પણ. (કેવળ ઉપાસના વિષયક અનુષ્ઠાનથી પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે.)

તદ્દૃષ્ટેઃ = કારણ કે ઉપનિષદમાં એવું વિધાન જોવા મળે છે.

ભાવાર્થ

બીજા આશ્રમ ધર્મોના પાલનની શક્તિ કે શક્યતા ના હોય તો અને ત્યારે પણ પરમાત્માની ઉપાસના તો કરવી જ જોઈએ. પરમાત્માની આરાધના સૌને માટે ને સર્વપ્રકારે કલ્યાણકારક છે. એનાથી અસાધારણ લાભ થાય છે ને શાંતિ તથા સિદ્ધિ મળે છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં જણાવ્યું છે કે 'સમસ્ત જગતના કર્તા સર્વાન્તર્યામી પરમાત્માની પ્રેરણા શક્તિથી એ પરમાત્માની સેવા અથવા આરાધના કરવી જોઈએ. એ પરમેશ્વરનું જ શરણ લઈને પોતાને એમની અંદર વિલીન કરવાની પ્રવૃત્તિ કરવી જોઈએ. એવું કરવાથી

તમારા પૂર્વે કરાયલાં સંચિત કર્મો સાધનામાં વિઘ્નકારણ નહિ થાય. એવી આરાધનાથી પરમાત્માનો સાક્ષાત્કાર સહજ બનશે.'

**૩૭. अपि च स्मर्यते ।**

<u>અર્થ</u>

અપિ ચ = એ ઉપરાંત.

સ્મર્યતે = સ્મૃતિમાં પણ એવું કહેલું છે.

<u>ભાવાર્થ</u>

ગીતા તથા ભાગવત જેવા ગ્રંથોમાં પણ કહેવામાં આવ્યું છે કે ભગવાનની શરણાગતિ અથવા ભક્તિ સૌને માટે કલ્યાણકારક છે. ગીતાના નવમાં અધ્યાયમાં ભગવાન કૃષ્ણે અર્જુનને કહ્યું છે કે મારૂં શરણ લઈને જે પાપયોનિમાં પડેલા જીવો છે તે તથા સ્ત્રીઓ, વૈશ્યો અને શૂદ્રો પણ તરી જાય છે ને પરમગતિને પામી લે છે, તો પછી પુણ્યશાળી પવિત્ર બ્રાહ્મણો, ભક્તો તથા રાજર્ષિઓનું તો કહેવું જ શું ? ભાગવતના બીજા સ્કંધમાં પણ કહેવામાં આવ્યું છે કે કિરાત, હુણ, આન્ધ્ર, પુલિન્દ, પુલ્કસ, આભીર, કંક, યવન, ખસ અને બીજાં પાપયોનિમાં પડેલા મનુષ્યો જેમના શરણથી શુદ્ધ બનીને પરમાત્માને પામી લે છે તે સર્વશક્તિમાન ભગવાનને પ્રણામ હો.

**૩૮. विशेषानुग्रहश्च ।**

<u>અર્થ</u>

ચ = એ ઉપરાંત.

વિશેષાનુગ્રહઃ = ભગવાનની ભક્તિથી ભગવાનનો વિશેષ અનુગ્રહ થાય છે.

<u>ભાવાર્થ</u>

જે ભગવાનનું સાચા દિલથી શરણ લે છે અને ભગવાનની ભક્તિનો આધાર લે છે એવા જીવોનો ભગવાનની સાથે સંબંધ બંધાય છે. એ સ્નેહસંબંધ જેમ જેમ ગાઢ બનતો જાય છે તેમ તેમ એમને ભગવાનની વિલક્ષણ અને વિશેષ કૃપાનો લાભ મળી રહે છે. એથી એમના જીવનમાં નવીન શક્તિ, શાંતિ, નિશ્ચિંતતા અને શ્રદ્ધાભક્તિનો સંચાર થાય છે. એમનો સાધનારૂપી માર્ગ અત્યંત સરળ અને સુખમય બની જાય છે. ભગવાન એમની ભક્તિથી પ્રસન્ન થઈને એમના જીવનનાં પ્રલોભનોને દુર કરે છે, એમને પદે પદે રક્ષે છે, અને એમના સઘળા લાડકોડ પૂરા કરે છે.

**૩૯. अतस्त्वतरज्यावो लिङ्गाश्च ।**

<u>અર્થ</u>

અતઃ = ઉપર કહેલાં સઘળાં કારણોને લીધે.

ઈતરજ્યાઃ = બીજાં સાધન કરતાં ભગવાનની ભક્તિનું સાધન શ્રેષ્ઠ છે.

તુ = એ ઉપરાંત.

લિંગાત્ = લક્ષણોથી અથવા સ્મૃતિપ્રમાણથી.

ચ = પણ. (એવું સાબિત થાય છે.)

ભાવાર્થ

ભગવાનની ભક્તિનો માર્ગ બીજા બધા જ સાધનામાર્ગો કરતાં શ્રેષ્ઠ છે. એ માર્ગે આગળ વધનારને બીજી બધી રીતે લાભ થાય છે એ વાત અત્યાર સુધી કહેવાઈ ચૂકી. સ્મૃતિગ્રંથો એનું સમર્થન કરે છે. નારદ ભક્તિસૂત્રમાં કહ્યું છે કે ભક્તિ કર્મ, જ્ઞાન તથા યોગથી પણ વિશેષ અથવા ઉત્તમ છે.

**૪૦. तद्भूतस्य नातद्भावो जैमिनेरपि नियमातद्रूपाभावेभ्यः ।**

અર્થ

તદ્દભૂતસ્ય = ઉચ્ચ આશ્રમમાં રહેતા મનુષ્યનું

(તુ = તો.)

અતદ્દભાવઃ = એને છોડીને પૂર્વ આશ્રમમાં પાછા આવવાનું.

ન = નથી થઈ શકતું.

નિયમાતદ્રુપાભાવેભ્યઃ = કારણ કે શાસ્ત્રોમાં પાછા ના ફરવાનો જ નિયમ છે. શ્રુતિએ આશ્રમને બદલવાનો જે ક્રમ કહ્યો છે એનાથી એ વિપરીત છે અને એવો શિષ્ટાચાર પણ નથી. જૈમિનિનો પણ એવો જ અભિપ્રાય છે.

ભાવાર્થ

કોઈ માનવે ઉચ્ચ આશ્રમમાં અથવા ચતુર્થ આશ્રમમાં પ્રવેશ કર્યો હોય તો એવા માનવે આશ્રમધર્મની મર્યાદાનું સમ્યક્ પ્રકારે પાલન કરીને એને વફાદાર રહેવું જોઈએ અને એને શોભાવવા કે ઉજ્જવળ કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ. કોઈ કારણથી એ પોતાના પૂર્વ આશ્રમમાં ચતુર્થ આશ્રમનો પરિત્યાગ કરીને પાછો ફરે તો તેની એ પ્રવૃત્તિ ઉત્તમ, અનુકરણીય, અભિનંદનીય અથવા આદરણીય નથી મનાતી. બધા માનવો એવી રીતે ઉચ્ચ આશ્રમનો ત્યાગ કરવા માંડે તો આશ્રમધર્મની મર્યાદા જેવું કશું રહે જ નહિ અને એના નામે એક પ્રકારની ઘોર અવ્યવસ્થા ઊભી થાય. શાસ્ત્રોમાં પ્રથમ આશ્રમમાંથી ઉત્તરોઉત્તર અથવા ક્રમેક્રમે ચતુર્થ આશ્રમમાં જવાનું વિધાન જોવા મળે છે, પરંતુ એનાથી ઉલટા કે વિપરીત વિધાનનો નિર્દેશ નથી મળતો. આચાર્ય જૈમિનિ પણ એવું જ માને છે. એટલે કોઈ પણ સંજોગોમાં સ્વેચ્છાથી પ્રેરાઈને શાસ્ત્રોની એ પ્રસ્થાપિત પરંપરાનો વ્યતિક્રમ કરવાની અનુમતિ નથી આપી શકાતી. એવી અનુમતિ હિતાવહ નથી.

**૪૧. न चाधिकारिकमपि पतनानुमानात्तदयोगात् ।**

અર્થ

ચ = એ ઉપરાંત.

અધિકારિકમ્ = પ્રાયશ્ચિતના અધિકારી બીજા આશ્રમવાળાને માટે જે પ્રાયશ્ચિત બતાવ્યું છે તે.

અપિ =પણ.

ન= એને માટે ઠીક નથી

પતનાનુમાનાત્ = કારણ કે સ્મૃતિમાં એનું ભયંકર પતન કહેલું છે.

તદયોગાત્ = એટલા માટે એ પ્રાયશ્ચિત્તને યોગ્ય નથી રહેતો.

ભાવાર્થ

આશ્રમનો વ્યતિક્રમ કરવાથી મોટો દોષ લાગે છે અને ભયંકર અપરાધ થાય છે તો એ અપરાધનું કોઈ પ્રાયશ્ચિત છે કે નથી ? જો કોઈક પ્રાયશ્ચિત હોય તો પ્રાયશ્ચિત દ્વારા એ અપરાધને ધોઈ શકાય. એવી જીજ્ઞાસાના જવાબમાં અહીં જણાવવામાં આવે છે કે બ્રહ્મચર્યાશ્રમ તથા ગૃહસ્થાશ્રમમાં રહીને કોઈ નાનોમોટો અપરાધ કરવામાં આવે તો તેના પ્રાયશ્ચિતનો નિર્દેશ મનુસ્મૃતિ જેવી સ્મૃતિમાં કરવામાં આવ્યો છે ખરો, પરંતુ વાનપ્રસ્થ અથવા સંન્યાસ આશ્રમમાં રહીને કોઈ અપરાધ કરવામાં આવે તો તે અપરાધ અત્યંત અસાધારણ અને ભયંકર હોવાથી એનું કોઈ પ્રાયશ્ચિત નથી બતાવવામાં આવ્યું. પ્રાયશ્ચિત ના બતાવવાનું એક કારણ એ પણ હોઈ શકે કે એવો અપરાધ ભાગ્યે જ થતો અથવા થતો જ નહિ.

**૪૨. ઉપપૂર્વમપિ त्वेके भावमशनवत्तदुक्तम् ।**

અર્થ

એકે = કેટલાક આચાર્ય.

તુ = તો.

ઉપપૂર્વમં = એને ઉપપાતક.

અપિ = પણ માને છે (એટલા માટે તે.)

અશનવત્ = ભોજનના નિયમભંગના પ્રાયશ્ચિત્તની પેઠે.

ભાવમ્ = એને માટે પણ પ્રાયશ્ચિત્તનો ભાવ માને છે.

તદુક્તમ્ = એ વાત શાસ્ત્રમાં કહેલી છે. (એવું પણ એમનું કથન છે.)

ભાવાર્થ

અભક્ષ્ય-ભક્ષણાદિના પ્રાયશ્ચિત્તની પેઠે ઉચ્ચ આશ્રમના વ્યક્તિના અપરાધનું પ્રાયશ્ચિત પણ હોવું જોઈએ, કારણ કે એ અપરાધને એક પ્રકારનું ભયંકર નહિ પરંતુ ઉપપાતક જ માની શકાય, એવો કેટલાક આચાર્યોનો અભિપ્રાય છે.

**૪૩. बहिस्तूभयथापि स्मृतेराचाराच्च ।**

અર્થ

તુ = પરંતુ.

ઉભયથાપિ = બંને રીતે પણ.

બહિઃ = એ અધિકારથી બહિષ્કૃત અથવા વંચિત છે.

સ્મૃતેઃ = કારણ કે સ્મૃતિ પ્રમાણથી.

ચ = અને.

આચારાત = શિષ્ટાચારથી પણ (એ જ વાતની સિદ્ધિ થાય છે.)

ભાવાર્થ

આચાર્યોમાંના કેટલાકના એવા અભિપ્રાય સાથે અસંમત થતાં સૂત્રકાર સુસ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે ઉચ્ચ આશ્રમનો ત્યાગ કરીને બીજા પહેલાંના આશ્રમમાં આવવાનું કાર્ય કોઈ રીતે ઈચ્છવા જેવું અને સારૂં નથી. એને સાધારણ પાપ માનવામાં આવે કે મહાન પાપ તો પણ એ અપરાધ અક્ષમ્ય જ છે. એ અપરાધની પાછળ વિવેક અને વૈરાગ્યની ત્રુટિ તથા ભોગોની રસવૃત્તિ અથવા આસક્તિ જ રહેલી છે એવા માનવો બ્રહ્મવિદ્યાના અધિકારી નથી. અને શ્રેષ્ઠ પુરૂષો એમની સાથે યજ્ઞ, સ્વાધ્યાય, લગ્નાદિ પ્રવૃત્તિમાં ભાગ ના લઈ શકે.

**૪૪. स्वामिनः कलश्रुतेरित्यात्रेयः ।**

અર્થ

સ્વામિનઃ = એ ઉપાસનામાં યજમાનનું જ કર્તાપણું છે.

ઈતિ = એવું.

આત્રેયઃ = આત્રેય માને છે.

ફલશ્રુતેઃ = કારણ કે શ્રુતિમાં યજમાનને માટે જ ફળનું વર્ણન કરેલું છે.

ભાવાર્થ

કર્મોના અંગરૂપ ઉદ્ ગીથ વિગેરેમાં જે ઉપાસના કરવામાં આવે છે એનો કર્તા કોને કહેવો ? યજમાનને કે કર્મ કરવાવાળા ઋત્વિક્ ને - એ વિષયની વિચારણાનો આરંભ કરતાં આચાર્ય આત્રીયનો અભિપ્રાય આપતાં જણાવે છે કે ફળનું વર્ણન કરનારાં ઉપનિષદ વચન પરથી સિદ્ધ થાય છે કે યજ્ઞના યજમાનને એનું ફળ મળતું હોવાથી એ ઉપાસનાનુ કર્તાપણું પણ યજમાનનું જ છે. છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે 'આ ઉપાસનાને જે આવી રીતે જાણે છે તે પુરૂષ વૃષ્ટિમાં પાંચ પ્રકારના સામની ઉપાસના કરે છે. એને માટે વરસાદ વરસે છે. એ વરસાદ વરસાવવા માટે શક્તિશાળી બને છે.' બૃહદારણ્યક ઉપનિષદમાં પણ જણાવ્યું કે 'ઉદ્ગાતા પોતાને તથા બીજાને માટે અર્થાત યજમાનને માટે જેની કામના સેવે છે એનું આગાન કરે છે.' એનો સૂચિતાર્થ સ્પષ્ટ છે.

**૪૫. आर्त्विज्यमित्यौडुलोमिस्तस्मै हि शरिक्रीयते ।**

અર્થ

આર્ત્વિજ્યમ્ = કર્તાપણું ઋત્વિજનું છે.

ઈતિ = એવું

ઔડુલોમિઃ = આચાર્ય ઔડુલોમિનું મંતવ્ય છે.

હિ = કારણ કે.

તસ્મૈ = એ કર્મને માટે.

પરિક્રિયતે = એ ઋત્વિકનું યજમાન દ્વારા ધન વિગેરેથી વરણ કરાય છે.

ભાવાર્થ

આચાર્ય ઔડુલોમિનો અભિપ્રાય એવો છે કે કર્તાપણું યજમાનનું નથી પરંતુ ઋત્વિજનું છે; તો પણ યજમાન ઋત્વિજને ધનાદિથી પસંદ કરે છે એટલે કર્મનું ફળ યજમાનને મળે છે. ઋત્વિજને એ ફળ નથી મળતું. એનો અધિકાર તો દક્ષિણા પૂરતો જ સીમિત હોય છે.

**૪૬. શ્રુતેશ્ચ ।**

અર્થ

શ્રુતેઃ = શ્રુતિ પ્રમાણથી.

ચ = પણ.

ભાવાર્થ

સૂત્રકાર એ સંબંધી પોતાનો અભિપ્રાય આપતાં ઉપસંહારમાં જણાવે છે કે આચાર્ય ઔડુલોમિનું મંતવ્ય બરાબર છે. એટલે કે કર્મનું કર્તાપણું ઋત્વિક્‌નું અને ફળમાં અધિકાર યજમાનનો છે. એ હકીકત શ્રુતિ દ્વારા સિદ્ધ થાય છે. શતપથ બ્રાહ્મણમાં કહ્યું છે કે 'યજ્ઞનો ઋત્વિક્ જે કાંઈપણ કામના કરે છે એ યજમાનને માટે જ કરે છે એમાં શંકા નથી.' છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'ઉદ્‌ગાતા યજમાનને પૂછે કે તમારે માટે કયા કયા ભોગોનું આગાન કરું.'

**૪૭. सहकार्यन्तरविधिः पक्षेण तृतीयं विध्यादिवत् ।**

અર્થ

તદ્વતઃ = બ્રહ્મવિદ્યા સંબંધી સાધનસંપન્ન સાધકને માટે.

તૃતીયમ્ = બાળકપણા તથા પાંડિત્ય સાથે કહેલું ત્રીજું મૌન સાધન વિધેય છે.

સહકાર્યન્તરવિધિઃ = (કેમ કે) બીજા સહકારી સાધનના રૂપમાં એનું વિધાન છે.

વિધ્યાદિવત્ = બીજાં સ્થળે કહેલાં વિધિવાક્યોની પેઠે.

પક્ષેણ = એક પક્ષને લીધે એ પણ વિધિ છે.

ભાવાર્થ

બ્રહ્મવિદ્યાનો અધિકાર કોઈ એક જ આશ્રમમાં છે કે બધા જ આશ્રમમાં, એની ચર્ચાવિચારણા અહીં શરૂ થાય છે. સૂત્રકારે આ સૂત્રમાં બૃહદારણ્યક ઉપનિષદનો ઉલ્લેખ કર્યો છે. એ ઉપનિષદમાં જણાવ્યું છે કે કહોલે મહર્ષિ યાજ્ઞવલ્કયને પરમાત્માના સ્વરૂપ વિશે પ્રશ્ન પૂછ્યો તો એના પ્રત્યુત્તરમાં યાજ્ઞવલ્કયે સાંકેતિક રીતે કહ્યું કે 'જે શોક, મોહ, ભૂખ, તરસ, વૃદ્ધાવસ્થા તથા મૃત્યથી રહિત છે એ પરમાત્મા છે. એમને જાણીને બ્રાહ્મણ પુત્રેષણા, વિત્તેષણા તથા પ્રતિષ્ઠા પ્રાપ્તિ અને સ્વર્ગસંબંધી લોકેષણાથી વિરક્ત બનીને ભિક્ષાવૃત્તિથી

જીવનનિર્વાહ કરવાવાળા માર્ગે પ્રયાણ કરે છે.' એ પછી એમણે પ્રત્યેક એષણાનો ત્યાગ કરવાનો સંદેશ સંભળાવ્યો અને જણાવ્યું કે 'બ્રાહ્મણે એ પંડિતાઈને સારી પેઠે સમજીને બાલ્યભાવથી રહેવાની ઈચ્છા કરવી, પછી એથીયે ઉપરામ થઈને મુનિ બની જવું, અને એ પછી મૌન અને અમૌન બંનેમાંથી મુક્તિ મેળવીને બ્રાહ્મણ બનવું અથવા બ્રહ્મને પૂર્ણપણે પ્રાપ્ત થઈ જવું.'

**૪૮. कृत्स्नभावात्तु गृहिणोपसंहारः ।**

અર્થ

કૃત્સ્નભાવાત્ = ગૃહસ્થાશ્રમમાં બીજા બધા જ આશ્રમોનો ભાવ છે એટલા માટે.

તુ = જ.

ગૃહિણા = (એ પ્રકરણમાં) ગૃહસ્થ આશ્રમની સાથે.

ઉપસંહારઃ = બ્રહ્મવિદ્યાના પ્રકરણનો ઉપસંહાર કરવામાં આવ્યો છે.

ભાવાર્થ

ગૃહસ્થાશ્રમ બીજા બધા જ આશ્રમોની સાથે સંકળાયલો છે. વાનપ્રસ્થ તથા સંન્યાસ આશ્રમોનું મૂળ એ જ છે. એ ઉપરાંત બીજા ત્રણે આશ્રમો એ આશ્રમ દ્વારા પોતાનું પોષણ પ્રાપ્ત કરે છે. એવી રીતે ગૃહસ્થાશ્રમમાં બીજા બધા જ આશ્રમોનો અંતર્ભાવ છે. બ્રહ્મવિદ્યાનો અધિકાર બધા જ આશ્રમોમાં હોવા છતાં પણ છાંદોગ્ય ઉપનિષદમાં ગૃહસ્થાશ્રમના વર્ણન સાથે બ્રહ્મવિદ્યાના પ્રકરણનો ઉપસંહાર કરવામાં આવ્યો છે, એનું કારણ એ જ છે.

**૪૯. मौनवदितरेषामप्युपदेशात् ।**

અર્થ

ઈતરેષામ્ = બીજા આશ્રમવાળાને માટે.

અપિ = પણ.

મૌનવ્રત્ = મનનશીલતાની જેમ.

ઉપેદશાત્ = (વિદ્યૌપયોગી સઘળાં સાધનોનો) સદ્દપદેશ હોવાથી (બધા આશ્રમોમાં બ્રહ્મવિદ્યાનો અધિકાર છે એવું સાબિત થાય છે.)

ભાવાર્થ

આગળના પ્રકરણમાં મનનશીલ બનવાનો સંદેશ કેવળ મુનિને માટે નથી આપવામાં આવ્યો પરંતુ સૌને માટે આપવામાં આવ્યો છે તેવી રીતે બ્રહ્મવિદ્યા માટે ઉપયોગી મનાતાં સાધનોનો સંદેશ પણ સૌને માટે આપવામાં આવ્યો છે. બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે 'આવી રીતે બ્રહ્મવેત્તા પુરૂષના પરમ મહિમાને જાણનારો શાંત, દાન્ત, તિતિક્ષુ અને સમાહિત અથવા ધ્યાનમગ્ન બનીને પોતાની અંદર સૌના અંતરાત્મા પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે.' એના પરથી પુરવાર થાય છે કે બ્રહ્મવિદ્યાનો અધિકાર બધા જ આશ્રમોમાં અપાયલો છે. બ્રહ્મવિદ્યાની અને પરમાત્માની પ્રાપ્તિને કોઈ એક જ આશ્રમનો ઈજારો ના કહી શકાય.

**૫૦. अनाविष्कुर्वन्नन्वयात् ।**

અર્થ

અનાવિષ્કુર્વન = પોતાના ગુણોને પ્રકટના કરીને બાળકની પેઠે દંભ અને અભિમાનથી રહિત બનવું.

અન્વયાત્ = કારણ કે બ્રહ્મવિદ્યાની સાથે એવા જ ભાવનો સંબંધ છે.

ભાવાર્થ

ઉપનિષદમાં બ્રહ્મવિદ્યાને માટે બાલભાવમાં સ્થિતિ કરવાનું કહ્યું છે એનો અર્થ એ કે બાલકની અંદર જેવી રીતે અભિમાન, દંભ, છળકપટ, વિકાર તથા વાસનાનો લેશ પણ નથી હોતો તેવી રીતે બ્રહ્મવિદ્યાને પામવા માટે અને પામ્યા પછી વિદ્વાને નમ્ર અને નિર્મળ બનવું. એણે બાળકની પેઠે નિર્દોષ થઈ જવું.

**૫૧. एहिकमप्यप्रस्तुतप्रतिबंधे तदर्शनात् ।**

અર્થ

અપ્રસ્તુત પ્રતિબંધે = કોઈ પ્રકારનો પ્રતિબંધ પેદા ના થાય તો.

ભાવાર્થ

બ્રહ્મજ્ઞાનથી સર્વ પ્રકારનાં દુઃખોમાંથી તથા બંધનોમાંથી છૂટાય છે અને પરમાત્માના સાક્ષાત્કાર દ્વારા પરમ શાંતિ સાંપડે છે, તો એ ફળની પ્રાપ્તિ આ જ જન્મમાં થાય છે કે બીજા જન્મમાં, એનું સ્પષ્ટીકરણ કરતાં કહેવામાં આવે છે કે સાધક સર્વ પ્રકારની સુયોગ્યતાથી સંપન્ન અને એના જીવનમાં કોઈ વિક્ષેપ કે વિધ્ન પેદા ના થાય તો તો એક જ જન્મમાં અને એથી ઉલટું બને તો જન્માંતરમાં ફળ પ્રાપ્તિ કરી શકે છે. કરેલી સાધના કદી નકામી નથી જતી. કઠોપનિષદમાં કહ્યું છે કે આ જ જન્મમાં પરમાત્માને જાણી લો તો તો સારૂં છે. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં જણાવ્યું છે કે અધુરી રહેલી સાધનાવાળા યોગીઓ પૂર્વ સંસ્કારોના અનુસંધાનમાં બીજા જન્મમાં વળી સાધના કરે છે ને સિદ્ધિ મેળવે છે.

**૫૨. एवं मुक्तिफलानियमस्तदवस्थावधृतेस्तदवस्थावधृतेः ।**

અર્થ

એવમ્ = આવી રાતે.

મુક્તિ ફલાનિયમઃ = કોઈ એક જ લોકમાં મુક્તિરૂપી ફળની પ્રાપ્તિનો નિયમ નથી.

તદવસ્થાવ ધૃતેઃ = કારણ કે એની અવસ્થા નક્કી કરવામાં આવી છે.

ભાવાર્થ

બ્રહ્મવિદ્યાથી મળનારા મુક્તિરૂપી ફળની પ્રાપ્તિ ઉપર જણાવ્યું તેમ એક જન્મમાં પણ થઈ શકે અને જન્માંતરમાં પણ થઈ શકે. એવી રીતે એ ફળની પ્રાપ્તિ આ જ લોકમાં થાય અને બ્રહ્મલોકમાં ના થાય એવો પણ નિશ્ચિત નિયમ નથી બાંધી શકાતો. મુક્તિરૂપી ફળ આ લોકમાં મળે અને બીજા લોકમાં પણ. એ ફળની પ્રાપ્તિ માટેની ભૂમિકા તૈયાર થઈ જાય એટલે આ લોકમાં કે બીજા લોકમાં એ આવી મળે છે. મુખ્ય મહત્વ

ભૂમિકાના નિર્માણનું છે. કઠ ઉપનિષદે જણાવ્યું છે કે 'જ્યારે હૃદયમાં રહેનારી સઘળી કામનાઓ શાંત થાય છે ત્યારે જ્ઞાની પુરૂષ અમૃતમય બને છે અને અહીં જ પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ કરે છે.'

**અધ્યાય ૩ - પાદ ૪ સંપૂર્ણ**

**અધ્યાય ૩ સંપૂર્ણ**

# બ્રહ્મસૂત્ર



# અધ્યાય ચોથો

## અધ્યાય ૪ - પાદ ૧

| | |
|---|---|
| ૧ થી ૨ | બ્રહ્મવિદ્યાના અનવરત અભ્યાસની આવશ્યકતા. |
| ૩ | આત્મભાવથી પરમાત્માનું ચિંતન, |
| ૪ થી ૫ | પ્રતીકોપાસના. |
| ૬ | ઉદ્‌ગીય આદિમાં આદિત્ય ભાવના. |
| ૭ થી ૧૦ | આસન ઉપર બેસીને ઉપાસના. |
| ૧૧ | ઉપાસનાનું સ્થાન. |
| ૧૨ | આજીવન ઉપાસના. |
| ૧૩ થી ૧૪ | ભૂત તથા ભાવિ કર્મોનો અસંબંધ. |
| ૧૫ | પ્રારબ્ધ કર્મનો ભોગ. |
| ૧૬ થી ૧૭ | લોકસંગ્રહ માટે કર્મ. |
| ૧૮ | કર્મના અંગરૂપ ઉપાસનાનો કર્મ સાથે સમન્વય. |
| ૧૯ | પ્રારબ્ધનો નાશ ભોગથી. |

## અધ્યાય ૪ - પાદ ૧

**१. आवृत्तिरसकृदुपदेशात् ।**

અર્થ

આવૃત્તિઃ = અધ્યયન કરવામાં આવેલી ઉપાસનાનો અવારનવાર અભ્યાસ કરવો જોઈએ.

અસકૃદુપદેશાત્ = કારણ કે શ્રુતિમાં અનેક વાર એવો ઉપદેશ આપવામાં આવ્યો છે.

ભાવાર્થ

પરમાત્માની પ્રાપ્તિ કરવામાં મદદરૂપ બનનારી જુદા જુદી સાધનાઓ અથવા ઉપાસનાઓ ગુરૂ દ્વારા અધ્યયન કરવા માત્રથી જ પોતાનું ફળ આપે છે એટલે કે પરમાત્માની પ્રાપ્તિ કરાવે છે કે પછી એ સાધનાઓ અથવા ઉપાસનાઓનો ઉપરાઉપરી અભ્યાસ કરવાની આવશ્યકતા રહે છે ? એ પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં અહીં જણાવવામાં આવે છે કે સાધના, ઉપાસના અથવા બ્રહ્મવિદ્યાના રહસ્યની માહિતી ગુરૂની પાસેથી મેળવ્યા પછી પણ સાધકે એનો અનવરત રીતે અભ્યાસ કરવો જોઈએ. કેવળ માહિતીથી કે બૌદ્ધિક જ્ઞાનથી પરમાત્મ પ્રાપ્તિ, મુક્તિ કે શાંતિની અનુભૂતિ નથી થઈ શકતી એને આચારમાં ઉતારવાની અથવા આત્મસાત કરવાની આવશ્યકતા રહે છે, અને એને માટે સુદીર્ઘ સમયની, ઉત્સાહ અને ધીરજ તેમ જ ખંતપૂર્વકની સાધના અનિવાર્ય મનાય છે. પરમાત્માની માહિતી મેળવીને બેસી નથી રહેવાનું પરંતુ એ પરમાત્માનો સાક્ષાત્કાર પણ પણ કરવાનો છે. એટલે એ હેતુની સિદ્ધિને માટે સુનિશ્ચિત, સમજપૂર્વકના સાધનાત્મક અભ્યાસક્રમનો આધાર લેવો જ જોઈએ અને એને વળગી રહેવું જોઈએ.

**२. लिङ्गाच्च ।**

અર્થ

લિંગાત્ = સ્મૃતિના વર્ણન રૂપ લિંગ અથવા પ્રમાણથી.

ચ = પણ.

ભાવાર્થ

શ્રુતિએ તો અવારનવાર અભ્યાસનો એવો આદેશ આપેલો જ છે, પરંતુ સાથે સાથે સ્મૃતિએ પણ સાક્ષી પૂરીને એનું સમર્થન કરેલું છે. ગીતાએ કહ્યું છે કે પ્રયત્ન કરવાથી યોગી સંપૂર્ણ સંયમી અને શુદ્ધ અથવા દોષ મુક્ત બનીને અનેક જન્મો પછી સંસિદ્ધિ મેળવીને પરમ ગતિની પ્રાપ્તિ કરે છે.

દેવર્ષિ નારદ પોતાના ભક્તિ સૂત્રમાં જણાવે છે કે નિરંતર શ્રદ્ધા ભક્તિપૂર્વક સતત ભજન કરવાથી પરમાત્માના દર્શનનો દેવ દુર્લભ લાભ મળે છે. अव्यावृतभजनात् ।

**३. आत्मेति तूपगच्छन्ति ग्राह्ययन्ति च ।**

અર્થ

આત્મા = એ મારો આત્મા છે.

ઈતિ = એ ભાવથી.

તુ = જ.

ઉપગચ્છતિ = જ્ઞાની એમને જાણે છે કે પામે છે.

ચ = અને.

ગ્રાહયન્તિ = એવું જ ગ્રહણ કરાવે છે કે સમજાવે છે.

<u>ભાવાર્થ</u>

પરમાત્માનું નિરંતર ચિંતનમનન કયા ભાવથી કરવું જોઈએ એનું સ્પષ્ટીકરણ કરતાં કહેવામાં આવે છે કે પરમાત્માનું ચિંતનમનન અને પરમાત્માની ઉપાસના એ ક્યાંક દૂર સુદૂર, સાતમા આસમાનમાં વિરાજે છે એવું માનીને કરવાને બદલે, એ આપણા આત્મા, અંતરના અંતરતમમાં રહેનારા અંતર્યામી છે એવું સમજીને કરવાની આવશ્યકતા છે. બૃહદારણ્યક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'આ તારો આત્મા અંતર્યામી અમૃત છે.' છાંદોગ્ય ઉપનિષદમાં ઉદ્દાલકે પોતાના પુત્ર શ્વેતકેતુને અવારનવાર કહ્યું છે કે 'એ સત્ય છે, એ આત્મા છે, એ તું છે.'

**૪. न प्रतीके न हि सः ।**

<u>અર્થ</u>



પ્રતીકે = પ્રતીકમાં

ન = આત્મભાવ ના કરવો જોઈએ.

હિ = કેમ કે

સઃ = એ

ન = ઉપાસકનો આત્મા નથી.

<u>ભાવાર્થ</u>

પ્રતીકોપાસના એટલે જુદા જુદા પદાર્થોને પરમાત્માના પ્રતીક કે પ્રતિનિધિ સમજીને, એમની અંદર પરમાત્માનો ભાવ રાખીને, કરવામાં આવતી ઉપાસના. છાંદોગ્ય ઉપનિષદમાં એવી પ્રતીકોપાસનાનો નિર્દેશ કરતાં કહેવામાં આવ્યું છે કે મન બ્રહ્મ છે એવી ઉપાસના કરવી; આકાશ બ્રહ્મ છે એવી ઉપાસના કરવી; આદિત્ય બ્રહ્મ છે એમ માની ઉપાસના કરવી. એવી પ્રતીકોપાસના વખતે જે પ્રતીકને પસંદ કરવામાં આવે છે તે પ્રતીક ઉપાસકનો આત્મા નથી હોતો, એટલે એમાં પોતાના અંતરાત્માની ભાવના ના કરવી જોઈએ. પ્રતીકને પરમાત્માનું માનીને એનો આધાર લઈને ઉપાસના કરવામાં આવે છે ત્યારે એની અંદર જે પરમાત્મા છે તે ઉપાસકના આત્મા છે એવું માની શકાય છે પરંતુ એ સંપૂર્ણ પ્રતીક ઉપાસકના પોતાના આત્માનું છે, એવું નથી માની શકાતું.

**૫. ब्रह्मद्दष्टिरूत्कर्षात् ।**

<u>અર્થ</u>

ઉત્કર્ષાત્ = પરમાત્મા જ સર્વશ્રેષ્ઠ હોવાથી.

બ્રહ્મદ્દષ્ટિઃ = પ્રતીકમાં બ્રહ્મદૃષ્ટિ કે પરમાત્મા દૃષ્ટિ કરવી જોઈએ.

ભાવાર્થ

પ્રતીકોપાસના કરતી વખતે પ્રતીકની અંદર પરમાત્મભાવ કરવો જોઈએ. એની અંદર પરમાત્મા છે અને એ પરમાત્માનું પ્રતિનિધિત્વ કરે છે એવું સમજવું જોઈએ. એને બદલે પરમાત્માની અંદર પ્રતીકના ભાવને આરોપિત કરવાની જરૂર નથી. પરમાત્મા સૌથી ઉત્તમ છે એટલે એમની અંદર બીજી ઉતરતી વસ્તુઓની ભાવના ન કરતાં ઉત્તમ વસ્તુઓની જ ભાવના કરવી જોઈએ. પુષ્પમાં પરમાત્મા છે તથા પુષ્પ પરમાત્માનું પ્રતિનિધિત્વ કરે છે એવું કહી શકાય, પરંતુ પરમાત્મામાં પુષ્પ છે ને પરમાત્મા પુષ્પ જ છે એવું ના કહી શકાય.

કોઈ પણ પદાર્થને પરમાત્માના પ્રતીક તરીકે માનીને જે ઉપાસના કરવામાં આવે છે તે ઉપાસના પરમાત્માની જ ઉપાસના થઈ જાય છે અને ફળદાયક બને છે.

**૬. आदित्यादिमतयश्चाङ्ग उपपत्तेः ।**

અર્થ

ચ = અને.

અંગે = કર્મના અંગભૂત ઉદ્ગીથ આદિમાં.

આદિત્યાદિમતયઃ = આદિત્ય આદિની બુદ્ધિ કરવી જોઈએ.

ઉપપત્તેઃ = કારણ કે એ જ મુક્તિયુક્ત છે.

ભાવાર્થ

કર્મના અંગભૂત ઉદ્ગીથ આદિમાં આદિત્ય આદિની ભાવના કરીને ઉપાસના કરવાનું વિધાન છાંદોગ્ય ઉપનિષદમાં કરવામાં આવ્યું છે તે પ્રમાણે કરવું જોઈએ. એવું કરવાથી કર્મસમૃદ્ધિ રૂપી ફળની પ્રાપ્તિ કે સિદ્ધિ થાય છે. આત્મભાવ કરવાથી એવું ફળ નથી મળતું.

**૭. आसीनः सम्भवात् ।**

અર્થ

આસીનઃ = બેસીને જ (ઉપાસના કરવી જોઈએ.)

સમ્ભવાત્ = કારણ કે નિર્વિઘ્ન રીતે સારી પેઠે ઉપાસના કરવાનું બેસવાથી જ શક્ય બને છે.

ભાવાર્થ

ઉપાસના કરતી વખતે એક ઠેકાણે શાંતિ તથા સ્વસ્થતાપૂર્વક આસન પર બેસવું જોઈએ કે ફરતાં ફરતાં પણ ઉપાસના કરી શકાય ? એ પ્રશ્નનો ઉત્તર આપતાં અહીં જણાવવામાં આવે છે કે એક ઠેકાણે બનતી સ્વસ્થતા તથા શાંતિપૂર્વક બેસીને જ ઉપાસના કરવી જોઈએ. ઉપાસનામાં મનની એકાગ્રતા મુખ્ય અને મહત્વનો ભાગ ભજવે છે. એ ઉપરાંત ધ્યાન જેવી ઉપાસના કરતાં કરતાં દેહાધ્યાસ છૂટીને સમાધિદશાની પણ પ્રાપ્તિ થાય છે. એની શક્યતા એક સ્થળે એક આસન પર બેસવાથી જ અને લાંબા વખત સુધી

અભ્યાસ કરવાથી જ છે એવું સહેલાઈથી સમજી શકાય છે. ફરતાં ફરતાં કરવાથી એવી એકાગ્રતાની અથવા સમાધિની પ્રાપ્તિ ના થઈ શકે અને અનેક પ્રકારના વિક્ષેપો તથા દોષો પેદા થાય. એટલે આરંભના અભ્યાસીઓને માટે એક આસન પર શાંતિપૂર્વક બેસવાનું મહત્વ ઘણું વધારે છે.

**૮. ध्यानाच्च ।**

અર્થ

ધ્યાનાત્ = ઉપાસનાનું સ્વરૂપ ધ્યાન છે એટલા માટે.

ચ = પણ.

ભાવાર્થ

પોતાના ઈષ્ટદેવની કે પરમાત્માની ઉપાસના કરતી વખતે અને ધ્યાનમાં મન લાગવું જોઈએ અને મનની એકાગ્રતા થવી જોઈએ. એવી એકાગ્રતા વખતે મનની વૃત્તિ તૈલધારાવત્ અસ્ખલિત રીતે સાધના પરાયણ બનીને વહેવી જોઈએ. એને માટે જે ઉપાસના કરવામાં આવે તે બેસીને જ કરવી જોઈએ. એવી ઉપાસના જ મદદરૂપ થઈ શકે.

**૯. अचलत्वं चापेक्ष्य ।**

અર્થ

ચ = અને (શ્રુતિમાં)

અચલત્વમ = શરીરની અચલતાને.

અપેક્ષ્ય = આવશ્યક કહી બતાવીને ધ્યાન કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

ભાવાર્થ

ધ્યાન જેવી સાધનામાં અને ઉપાસનામાં મનની સ્થિરતા, એકાગ્રતા અને અચલતાની આવશ્યકતા છે તેમ શરીરની સ્થિરતા અથવા અચલતા પણ અગત્યની માનવામાં આવી છે. મનનો પ્રભાવ તન પર અને તનનો પ્રભાવ મન પર પડે જ છે. એટલે શ્રુતિએ શરીરની સ્થિરતાનો પણ સંદેશ આપ્યો છે. એના પરથી સહેજે સિદ્ધ થાય છે કે ધ્યાન અથવા ઉપાસના એક ઠેકાણે બેસીને જ સ્વસ્થતા તથા શાંતિપૂર્વક કરવી જોઈએ. શ્વેતાશ્વતર ઉપનિષદમાં જણાવ્યું છે કે ધ્યાનનો અભ્યાસ કરવાવાળા સાધકે મસ્તક, ગરદન તથા છાતીને સીધા રાખી, શરીરને સ્થિર કરી ઈન્દ્રિઓનો મન દ્વારા સંયમ સાધી, મનને હૃદયમાં રોકી રાખી, ઓમકાર રૂપી નૌકાની મદદથી પ્રકૃતિના બધા જ ભયંકર પ્રવાહોની પાર પહોંચી જવું.

**૧૦. स्मरन्ति च ।**

અર્થ

ચ = તથા.

સ્મરન્તિ = એવું જ સ્મરણ કરાયું છે.

ભાવાર્થ

શ્રુતિના એ સંદેશનું સ્મૃતિ દ્વારા સમર્થન કરવામાં આવ્યું છે. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં ધ્યાનયોગનું વિસ્તારથી વર્ણન કરતી વખતે એ જ પ્રમાણે કહેવામાં આવ્યું છે કે કાયા મસ્તક તથા ગરદનને સમાંતર રાખી, અચળ અને સ્થિર બની, નાસિકાના અગ્રભાગ પર દૃષ્ટિ રાખી, દિશાઓ તરફ જોયા વગર, પ્રશાંત બની, ભયનો ત્યાગ કરી, બ્રહ્મચર્ય સ્થિત થઈ, મનને એકાગ્ર કરી, ચિત્તને મારામાં જોડીને, મારે પરાયણ બનીને ધ્યાનની સાધના માટે બેસવું.

**११. यत्रैकाग्रता तत्राविशेषात् ।**

અર્થ

અવિશેષાત્ = કોઈ વિશિષ્ટ સ્થાનના વિધાનનો અભાવ હોવાથી.

યત્ર = જ્યાં.

એકાગ્રતા = ચિત્તની એકાગ્રતા સરળતાથી સાધી શકાય.

તત્ર = ત્યાં (બેસીને ધ્યાનનો અભ્યાસ કરવો.)

ભાવાર્થ

ધ્યાનની સાધના અથવા ઉપાસના કરવા માટેનું સ્થાન કેવું હોવું જોઈએ તેનું સ્પષ્ટીકરણ કરતાં અહીં જણાવવામાં આવે છે કે જ્યાં બેસવાથી મનને પ્રેરણા મળે, મન સહજ રીતે જ પ્રસન્ન બને અને એકાગ્રતા ધારણ કરે છે એવા અનુકૂળ આહ્લાદક, પવિત્ર સ્થળની પસંદગી ઉપાસના અથવા ધ્યાનના અભ્યાસને માટે કરવી જોઈએ.

**१२. आ प्रायणात्तत्रापि हि दृष्टम् ।**

અર્થ

આ પ્રાયણાત્ = મરણપર્યંત (ઉપાસના કે સાધના કરવી જોઈએ.)

હિ = કારણ કે.

તત્રાપિ = મરણકાળમાં પણ.

દૃષ્ટમ્ = ઉપાસના કરવાનું વિધાન જોઈ શકાય છે.

ભાવાર્થ

ઉપાસના, ધ્યાન અથવા સાધના ક્યાં સુધી કરવી જોઈએ એ વિશે પથદર્શન કરતાં સૂત્રકાર જણાવે છે કે સમસ્ત જીવનપર્યંત ઉપાસના કે સાધના કરવી જોઈએ. જીવનની પ્રત્યેક પળે અને જીવનના અંતકાળ સુધી એનો પરિત્યાગ ના કરવો જોઈએ. શ્વાસ જેમ જીવનભર ચાલે છે તેમ સાધના પણ ચાલવી જોઈએ. એમાં સહેજ પણ પ્રમાદ કરવો ના જોઈએ. સાધના કે ઉપાસના દ્વારા જેને સિદ્ધિની પ્રાપ્તિ થઈ હોય તેની સાધના પણ પૂર્વાભ્યાસને લીધે સિદ્ધિ પછી પણ ચાલુ રહે છે ને રહેવી જોઈએ. અને જેને સિદ્ધિ નથી મળી તેણે તો સાધનાનું અનુષ્ઠાન છેવટ સુધી કરવું જ જોઈએ.

**१३. तदधिगमे उत्तरपूर्वाधयोरश्लेषविनाशौ तद्व्यपदेशात् ।**

અર્થ

તદધિગમે = એ પરમાત્માની પ્રાપ્તિ થઈ જતાં

ઉત્તરપૂર્વાધયોઃ = આગળનાં ને પાછળનાં પાપોનો.

અશ્લેષવિનાશૌ = ક્રમશઃ  અસંપર્ક અને નાશ થાય છે.

તદ્વ્યપદેશાત્ = કારણ કે શ્રુતિમાં એ જ વાત કહેવામાં આવી છે.

ભાવાર્થ

પરમાત્માનો સાક્ષાત્કાર થઈ ગયા પછી સર્વ પ્રકારના પાપકર્મો શાંત થાય છે. પાપબુદ્ધિ હોય કે પાપકર્મ થયા કરતાં હોય ત્યાં સુધી પરમાત્માની પ્રાપ્તિ નથી થઈ શકતી. તે છતાં સાક્ષાત્કાર પહેલાં થયેલા પાપો સાક્ષાત્કારથી મટી જાય છે. અને સાક્ષાત્કાર થયા પછી તો પાપબુદ્ધિ રહેતી ના હોવાથી પાપકર્મ કરવાનો સંભવ જ નથી રહેતો.

**१४. इतरस्याप्येवमसंश्लेषः पाते तु ।**

અર્થ

ઈતરસ્ય = પુણ્યકર્મોનો.

અપિ = પણ.

એવમ્ = એવી રીતે.

અસંશ્લેષઃ = સંબંધ નથી રહેતો અને નાશ થાય છે. એવું સમજવું જોઈએ.

પાતે તુ = દેહપાત પછી તો તે પરમાત્માને પ્રાપ્ત થાય જ છે.

ભાવાર્થ

પરમાત્માની પ્રાપ્તિ કરી ચૂકેલા મહાપુરૂષનો સંબંધ પાપ કર્મોની પેઠે પુણ્ય કર્મોની સાથે પણ નથી રહેતો. પહેલાં કરાયલાં અને ભવિષ્યમાં કરવામાં આવનારાં પુણ્ય કર્મોનો પ્રભાવ પણ એની ઉપર નથી પડતો. શરીરના ત્યાગ પછી તો એના પ્રારબ્ધનો પણ અંત આવે છે અને એ પરમાત્માને મેળવી લે છે.

**१५. अनारब्धकार्ये एव तु पूर्वे तदवधेः ।**

અર્થ

તુ = પરંતુ.

અનારબ્ધકાર્યે = જેમના ફળભોગરૂપી કાર્યનો આરંભ નથી એવાં.

પૂર્વે = પૂર્વકૃત પુણ્ય અને પાપ.

એવ = જ નાશ પામે છે.

તદવધેઃ = કારણ કે શ્રુતિમાં પ્રારબ્ધ કર્મના રહેવા સુધી શરીર રહેવાની અવધિ નિર્ધારિત કરવામાં આવી છે.

ભાવાર્થ

હવે પ્રશ્ન એ થાય છે કે પરમાત્મ પ્રાપ્ત મહાપુરૂષનાં ભૂતકાળનાં ને ભાવિનાં સઘળાં પુણ્ય કર્મો તથા પાપકર્મો નાશ પામે છે તો પછી એનું શરીર શા માટે ટકે છે ? શરીર તો કર્મફળના ઉપભોગને માટે જ રહેતું હોય છે, એટલે એવા મહાપુરૂષનાં કર્મો શેષ રહે છે એવું જ માનવું જોઈએ. એવી જિજ્ઞાસાના જવાબમાં આ સૂત્રમાં જણાવે છે કે તે તો ફળ આપવાનો આરંભ નહિ કરી ચૂકેલા સંચિત પુણ્ય કર્મો અને પાપ કર્મોનો જ કહેવામાં આવ્યો છે.

**૧૬. अग्निहोत्रादि तु तत्कार्यायैव  तद्दर्शनात्  ।**

<u>અર્થ</u>

અગ્નિહોત્રાદિ = કર્મોના અનુષ્ઠાનનું વિધાન.

તુ = તે

તદ્દર્શનાત્ = શ્રુતિ તથા સ્મૃતિમાં એવું જણાવેલું છે.

<u>ભાવાર્થ</u>

આત્મજ્ઞાની પરમાત્મદર્શી મહાપુરૂષનો કર્મોની સાથે કોઈ પ્રકારનો સંબંધ નથી રહેતો તો પણ ઉપનિષદે એને માટે આજીવન અગ્નિહોત્ર જેવાં કર્મોનું વિધાન કરેલું છે તેનું કારણ લોકસંગ્રહ છે. મહાપુરૂષો જે જે સત્કર્મો કરે છે તેમાંથી બીજા પુરૂષોને અથવા સામાન્ય જનસમાજને પ્રેરણા મળે છે. તેથી તેવાં કર્મોની પરંપરા નથી તૂટતી. મહાપુરૂષોને એવાં કર્મો કરીને કશું જ મેળવવાનું કે ના કરવાથી કશું જ ખોવાનું નથી હોતું તો પણ તે કર્મમાં રત રહે છે તેનું કારણ એમના હૃદયમાં રહેલી લોકહિતની ભાવના છે. ઉપનિષદમાં વિદેહી જનક, અશ્વપતિ અને મહર્ષિ યાજ્ઞવલ્કયનાં ઉદાહરણો આવે છે. એ અને એવાં બીજાં ઉદાહરણોને એ સંદર્ભમાં જ સમજવાનાં છે.

**૧૭. अतोऽन्यापि  ह्येकेषामुभयोः ।**

<u>અર્થ</u>

અતઃ = એનાથી.

અત્યાપિ = બીજી ક્રિયા કે પ્રવૃત્તિ પણ.

ઉભયોઃ- જ્ઞાની અને સાધક બંનેને માટે.

હિ = જ.

એકેષામ્ = કોઈ એક શાખાવાળાના મતમાં વિહિત છે.

<u>ભાવાર્થ</u>

ઉપનિષદમાં કેટલેક ઠેકાણે એ સિવાયનાં બીજાં લોકોપયોગી આવશ્યક સત્કર્મોના અનુષ્ઠાનનો આદેશ આપવામાં આવ્યો છે. કર્તાપણાના અહંકારને ત્યાગીને, રાગદ્વેષ, મમતા, આસક્તિ તથા ફળની વાસનામાંથી મુક્તિ મેળવીને જ્ઞાનીને માટે સત્કર્મપરાયણ બનવાનું વિધાન કરવામાં આવ્યું છે.

**૧૮. यदेव विद्ययेति हि ।**

અર્થ

યત્ = જે.

એવ = પણ.

વિદ્યયા = વિદ્યાની સાથે (કરવામાં આવે છે.)

ઈતિ = એવું જણાવનારી શ્રુતિ છે.

હિ = એટલા માટે. (કોઈક ઠેકાણે વિદ્યા કર્મોનું અંગ હોઈ શકે છે)

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે જે કર્મ વિદ્યા, શ્રદ્ધા અને ભાવભક્તિપૂર્વક કરવામાં આવે છે તે વધારે બળવાન બને છે. એ વચન કર્મોના અંગભૂત ઉદ્ગીથ આદિની ઉપાસનાના પ્રકરણનું છે. એથી એનો સંબંધ એવી ઉપાસના સાથે છે. એ વિદ્યાનો અર્થ બ્રહ્મવિદ્યા નથી થતો. એટલે બ્રહ્મવિદ્યાને એ કર્મોના અંગરૂપ ના માની શકાય એ પ્રકારની ઉપાસનામાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે તે વિદ્યાને જ એ કર્મોના અંગરૂપે ઓળખાવી શકાય.

**१९. भोगेन त्वितरे क्षपयित्वा सम्पद्यते ।**

અર્થ

ઈતરે = સંચિત તથા ક્રિયમાણ સિવાયના બીજાં પ્રારબ્ધ કર્મોનો.

તુ = તો.

ભોગેન = ઉપભોગ દ્વારા.

ક્ષપયિત્વા = ક્ષય કરીને.

સમ્પદ્યતે = (એ જ્ઞાની) પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે.

ભાવાર્થ

આત્મદર્શી મહાપુરૂષના સંચિત કર્મોનો નાશ થાય છે અને ક્રિયમાણ કર્મોનો સંબંધ એને રહેતો નથી. બાકી જે શુભાશુભ પ્રારબ્ધ કર્મો હોય છે એમનો ભોગ દ્વારા નાશ કરીને એવો મહાપુરૂષ પરમાત્માને મળી જાય છે ને સર્વ પ્રકારના બાહ્યાભ્યંતર બંધનોમાંથી મુક્તિ મેળવે છે.

**અધ્યાય ૪ - પાદ ૧ સંપૂર્ણ**

## અધ્યાય ૪ - પાદ ૨

| | |
|---|---|
| ૧ થી ૪ | ઉત્ક્રમણનું વર્ણન. |
| ૫ થી ૬ | જીવાત્માની સૂક્ષ્મ ભૂતોમાં સ્થિતિ. |
| ૭ થી ૮ | જ્ઞાની-અજ્ઞાનીની સમાન ગતિ. |
| ૯ થી ૧૧ | જીવાત્માની સુક્ષ્મ શરીરની સ્થિતિ. |
| ૧૨ થી ૧૬ | પરમાત્માની અહીં જ પ્રાપ્તિ. |
| ૧૭ થી ૧૮ | બ્રહ્મલોકનો માર્ગ. |
| ૧૯ થી ૨૧ | સુર્ય રશ્મિનો સનાતન સંબંધ. |

## અધ્યાય ૪ - પાદ ૨

**१. वाङ्मनसि दर्शनाच्छब्दाश्च ।**

અર્થ

વાક્ = વાણી.

મનસિ = મનમાં સ્થિત થાય છે.

દર્શનાત્ = પ્રત્યક્ષ રીતે જોવાથી.

ચ = અને.

શબ્દાત = વેદવાણીથી પણ એ વાતની સિદ્ધિ થાય છે.

ભાવાર્થ

છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે મનુષ્ય મૃત્યુ પછી એક શરીરમાંથી બીજા શરીરમાં જાય છે ત્યારે વાણી મનમાં, મન પ્રાણમાં, પ્રાણ તેજમાં તથા તેજ પસ્દેવતામાં સ્થિત થાય છે. ત્યાં વાણી મનમાં સ્થિત થાય છે એનો અર્થ વાક્ ઈન્દ્રિય મનમાં સ્થિત થાય છે એવો છે. મૃત્યુની પથારી પર પડેલા માનવની અંદર મન હોય છે તો પણ એની વાણીરૂપી ઈન્દ્રિય કાર્ય કરતી અટકી પડે છે એવો સૌનૌ પ્રત્યક્ષ અનુભવ છે. એ અનુભવ પરથી ઉપનિષદની પેલી વાતને સમર્થન મળે છે.

**२. अत एव च सर्वाण्यनुं ।**

અર્થ

અત એવ = એના પરથી.

ચ = એ પણ (સમજી) લેવું જોઈએ કે.)

અનુ = એની સાથે સાથે.

સર્વાણિ = સઘળી ઈન્દ્રિયો (મનમાં સ્થિત થાય છે.)

ભાવાર્થ

ઉપર કહેવામાં આવ્યું કે વાણી મનમાં સ્થિત થાય છે, પરંતુ બીજી ઈન્દ્રિયોના સંબંધમાં તો કશું ના કહેવામાં આવ્યું. તો બીજી ઈન્દ્રિયોનું શું થાય છે તે જણાવતાં અહીં કહેવામાં આવે છે કે મૃત્યુ વખતે મનુષ્યની વાણી જ બંધ થઈ જાય છે એવું નથી પરંતુ બધી જ ઈન્દ્રિયો પોતપોતાની પ્રવૃત્તિનો પરિત્યાગ કરીને મનમાં સ્થિત થાય છે કે મળી જાય છે. પ્રશ્નોપનિષદમાં એની સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે 'જેના શરીરની ગરમી શાંત થઈ ચૂકી છે એવો જીવાત્મા મનમાં સ્થિત થયેલી ઈન્દ્રિયોની સાથે પુનર્જન્મને પામે છે.' तस्मादुषशान्ततेजाः पुनर्भवमिन्द्रियैर्मनसि संपद्यमानैः ।

**३. तन्मनः प्राण उत्तरात् ।**

અર્થ

ઉત્તરાત્ = એ પછીના કથનથી (સ્પષ્ટ છે કે)

તત્ = એ (ઈન્દ્રિયો સાથે.)

મનઃ = મન.

પ્રાણે = પ્રાણમાં (સ્થિત થઈ જાય છે.)

ભાવાર્થ

પહેલા સૂત્રમાં છાંદોગ્ય ઉપનિષદનો જે નિર્દેશ કરવામાં આવ્યો છે તેના 'મનઃ પ્રાણે' શબ્દપ્રયોગ પરથી સ્પષ્ટતાપૂર્વક સમજાય છે કે એ મન ઈન્દ્રિયો સાથે પ્રાણમાં સ્થિત થઈ જાય છે. ઈન્દ્રિયો મનમાં સ્થિત થાય છે ને મન પ્રાણમાં.

**૪. सोऽध्यक्षे तदुपगमादिभ्यः ।**

અર્થ

તદુપગમાદિભ્યઃ = એ જીવાત્માના ગમન આદિના વર્ણન પરથી પુરવાર થાય છે કે.

સઃ = એ પ્રાણ મન તથા ઈન્દ્રિયો સાથે.

અધ્યક્ષે = પોતાના અધ્યક્ષ જીવાત્મામાં (સ્થિત થાય છે.)

ભાવાર્થ

મન ઈન્દ્રિયો સાથે પ્રાણમાં સ્થિત થાય છે પછી પ્રાણ પોતાના અધ્યક્ષ અથવા સ્વામી જીવાત્મામાં સ્થિત થઈ જાય છે. બૃહદારણ્યક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'મૃત્યુ વખતે આ આત્મા આંખ, બ્રહ્મરંધ્ર અથવા શરીરના બીજા કોઈ માર્ગ દ્વારા કે શરીરની બહાર નીકળે છે. એ નીકળે છે એટલે એની સાથે પ્રાણ પણ નીકળે છે અને પ્રાણના નીકળવાની સાથે સઘળી ઈન્દ્રિયો નીકળે છે.' છાંદોગ્ય ઉપનિષદમાં 'પ્રાણસ્તેજસિ' કહીને પ્રાણની સ્થિતિ તેજમાં થાય છે એવું જણાવ્યું છે પરંતુ જીવાત્મા સિવાય પ્રાણ કે મન ક્યાંય જઈ શકે નહિ, એટલે જીવાત્માની સાથે પ્રાણ તથા મન જાય છે એવું જ માનવું જોઈએ.

**૫. भूतेषु तच्छ्रुतेः ।**

અર્થ

તચ્છ્રુતેઃ = એ સંબંધી શ્રુતિ પ્રમાણથી સિદ્ધ થાય છે કે.

ભૂતેષુ = (પ્રાણ તથા મન સાથે જીવાત્મા) પંચ સૂક્ષ્મ ભૂતોમાં સ્થિત થાય છે.

ભાવાર્થ

પહેલાં કહેવામાં આવ્યું છે કે જીવાત્મા, મન અને ઈન્દ્રિયો સૂક્ષ્મભૂત સમુદાયમાં સ્થિત થાય છે. કારણ કે સઘળાં સૂક્ષ્મભૂત તેજની સાથે મળેલાં છે. તેજ શબ્દ દ્વારા સૂક્ષ્મભૂત સમુદાયનું સૂચન કરવામાં આવ્યું છે.

**૬. नैकस्मिन्दर्शयतो हि ।**

અર્થ

એકસ્મિન્ = એક તેજતત્વમાં સ્થિત થવાનું.

ન = ના માની શકાય.

હિ = કારણ કે.

દર્શયતઃ = શ્રુતિ તથા સ્મૃતિ બંને જીવાત્માનું પાંચે ભૂતોથી યુક્ત હોવાનું બતાવે છે.

ભાવાર્થ

ઉપર કહેલા ઉપનિષદ વચનમાં તો પ્રાણ તેજમાં સ્થિત થાય છે એવું કહેલું છે, એટલે પ્રાણ કેવળ તેજમાં જ સ્થિત થાય છે એવું માની લઈએ તો કશી હાનિ છે ખરી ? એવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહેવામાં આવે છે કે પ્રાણ એકમાત્ર તેજતત્વમાં સ્થિત થાય છે એવું ના કહી શકાય. પ્રાણ, મન તથા ઈન્દ્રિયોની સાથે જીવાત્મા કેવળ તેજ તત્વમાં સ્થિત નથી થતો પરંતુ પાંચે મહાભૂતો સૂક્ષ્મ સ્વરૂપમાં સ્થિતિ કરે છે. એ જ એનું સૂક્ષ્મ શરીર છે. ઉપનિષદમાં જલ અથવા તેજના શબ્દપ્રયોગ દ્વારા પાંચે તત્વોનો નામનિર્દેશ કરવામાં આવ્યો છે. એનું પ્રતિપાદન ત્રીજા અધ્યાયના પ્રથમ પાદમાં કરવામાં આવેલું છે.

**૭. समाना चासृत्युपक्रमादमृतत्वं चानुपोष्य ।**

અર્થ

આસૃત્યુપક્રમાત્ = દેવયાન માર્ગ દ્વારા બ્રહ્મલોકમાં જવાના ક્રમનો આરંભ થતાં સુધી.

સમાના = બંનેની ગતિ સરખી હોય છે.

હિ = કારણ કે.

અનુપોષ્ય = સૂક્ષ્મ શરીરને સુરક્ષિત રાખીને જ.

અમૃતત્વમ્ = બ્રહ્મલોકમાં અમૃતત્વની પ્રાપ્તિને જ બ્રહ્મવિદ્યાનું ફળ કહ્યું છે.

ભાવાર્થ

મૃત્યુસમયનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે વર્ણન અમુક ક્રમ સુધી સામાન્ય માનવોને ને બ્રહ્મલોકમાં જવા માગનારા મહાપુરૂષોને એક સરખી રીતે લાગુ પડે છે. જીવાત્મા મૃત્યુ વખતે સ્થૂળ શરીરમાંથી નીકળીને સૂક્ષ્મ શરીરમાં સ્થિત કરે છે. ત્યાં સુધીનો ક્રમ સામાન્ય માનવોને માટે અને બ્રહ્મલોકની ઈચ્છાવાળા બ્રહ્મજ્ઞાની પુરૂષોને માટે એકસરખો હોય છે. બ્રહ્મલોકમાં જનારા મહાપુરૂષો પણ સૂક્ષ્મ શરીરને સુરક્ષિત રાખીને જ ત્યાં જઈ શકે છે, અને બીજા લોકોમાં પણ સૂક્ષ્મ શરીર દ્વારા જ જઈ શકાય છે. બ્રહ્મલોકમાં જવાનું ફળ અમૃતત્વની પ્રાપ્તિ છે. તેવું ફળ બીજા લોકો અથવા બીજી યોનિઓમાં જનારા બીજા મનુષ્યોને નથી મળતું. એમનામાં એટલો ભેદ અવશ્ય છે.

**૮. तदापीतेः संसारव्यपदेशात् ।**

અર્થ

સંસાર વ્યપદેશાત્ = સાધારણ જીવોને માટે મૃત્યુ પછી વારંવાર જન્મવાનું કથન (સિદ્ધ થાય છે કે.)

તત્ = એમનું સૂક્ષ્મ શરીર.

આ અપીતેઃ = મુક્તાવસ્થાની પ્રાપ્તિ સુધી રહે છે. એટલા માટે નવા સ્થૂળ શરીરની પ્રાપ્તિ પહેલાં એમનું પરમાત્મામાં સ્થિતિ કરવાનું પ્રલય કાળની પેઠે છે.

ભાવાર્થ

મન, ઈન્દ્રિયો તથા જીવાત્મા સાથે તેજ પરમ દેવતામાં પ્રવેશે છે એવા ઉપનિષદના નિર્દેશ વિશે સ્પષ્ટીકરણ કરતાં કહેવામાં આવે છે કે એ નિર્દેશમાં એક શરીરથી બીજા શરીરમાં જનારાને માટે પરમ દેવતામાં પ્રવેશવાનું કહ્યું છે તે તો પ્રલયકાળની પેઠે કર્મ સંસ્કારો તથા સૂક્ષ્મ શરીર સાથે અજ્ઞાન દશામાં પ્રવેશવાનું છે. એ વખતે જીવાત્માને સાધનાના ફળસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ નથી થતી. એ જીવાત્માને કર્મ સંસ્કારોના અનુસંધાનમાં બીજા જન્મની પ્રાપ્તિ નથી થતી ત્યાં સુધી જ એ અવસ્થા ચાલુ રહે છે.

**૯. सूक्ष्म प्रमाणतश्च तथोलब्धेः ।**

અર્થ

પ્રમાણતઃ = વેદ પ્રમાણથી.

ચ = અને.

તથોપબ્ધેઃ = એવી ઉપલબ્ધિ થતી હોવાથી (સિદ્ધ થાય છે કે.)

સૂક્ષ્મમ્ = (જેમાં જીવાત્મા સ્થિત થાય છે તે) ભૂત સમુદાય સૂક્ષ્મ છે.

ભાવાર્થ

મૃત્યુ વખતે જીવાત્મા સૌની સાથે આકાશાદિ ભૂત સમુદાયમાં સ્થિત થાય છે એવું જણાવ્યું છે એના સંબંધમાં ખાસ યાદ રાખવાનું છે કે એ ભૂત સમુદાય સ્થૂળ નથી પરંતુ સૂક્ષ્મ છે. શ્રુતિના પ્રમાણથી એની સિદ્ધિ થાય છે. છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'હૃદયમાં એકસો એક નાડી છે. એમાંથી એક કપાળ તરફ નીકળે છે. સુષુમ્ણા. એની દ્વારા ઉપર જનારા માનવને અમૃત પદની પ્રાપ્તિ થાય છે. બીજી નાડીઓથી ગતિ થાય તો વિવિધ યોનિઓમાં જવું પડે છે.'

शतं चैका हृदयस्य नाड्यस्तासां मूर्धानमभिनिःसृतैका ।
तयोर्ध्वमायन्नमृतत्वमेति विष्वड्ङन्यो उत्क्रमणे भवन्ति ॥

સૂક્ષ્મ ભૂતોમાં સ્થિત જીવાત્મા જ એવી રીતે નાડી દ્વારા બહાર જઈ શકે એ સહેજે સમજી શકાય તેવું છે. જો તે ભૂતો સ્થૂલ હોત એમની સાથે બહાર જનારા જીવાત્માને સ્થૂલ શરીરની પેઠે સૌ કોઈ જોઈ શકત. પરંતુ એવું દર્શન અશક્ય હોવાથી એ ભૂતો સૂક્ષ્મ છે એવું સ્પષ્ટ થાય છે.

**૧૦. पभेर्दनातः ।**

અર્થ

અતઃ = એ ભૂત સમુદાય સૂક્ષ્મ હોવાથી.

ઉપમેર્દન = આ સ્થૂળ દેહનો દાહાદિ દ્વારા નાશ કરી દેવાથી.

ન = એનો નાશ નથી થતો.

ભાવાર્થ

જીવાત્મા મૃત્યુ વખતે આકાશાદિ ભૂત સમુદાયરૂપી જે શરીરમાં સ્થિત થાય છે તે શરીર અતિશય સૂક્ષ્મ હોવાથી, સ્થૂળ શરીરનો નાશ થવા છતાં પણ નાશ નથી પામતું. સ્થૂળ શરીરને બાળી નાખવામાં આવે તો પણ તે નથી બળતું. જીવાત્મા એ સૂક્ષ્મ શરીરની સાથે સ્થૂળ શરીરમાંથી બહાર નીકળી જાય છે એટલે સ્થૂળ શરીરનો દાહ કે નાશ કરવામાં આવે તો પણ એનો નાશ નથી થતો અથવા એને કશી અસર નથી પહોંચતી.

**૧૧. अस्यैव चोपपत्तेरेष ऊष्मा ।**

અર્થ

એષઃ = આ.

ઊષ્મા = (જીવિત શરીરમાં અનુભવાનારી) ગરમી.

અસ્ય એવ = આ સૂક્ષ્મ શરીરની જ છે.

ઉપપત્તેઃ = યુક્તિ દ્વારા.

ચ= પણ. (એ સિદ્ધ થાય છે, કારણ કે સૂક્ષ્મ શરીર નીકળી જાય છે તે પછી સ્થૂળ શરીર ગરમ નથી રહેતું.)

ભાવાર્થ

જીવંત સ્થૂળ શરીરમાં જે ઊષ્મા અથવા ગરમી હોય છે તે ક્યાંથી આવે છે એની વિચારણા કરતાં જણાવે છે કે એ ગરમી સૂક્ષ્મ શરીરની છે, એટલે તો સૂક્ષ્મ શરીર સ્થૂળ શરીરમાંથી નીકળી જાય છે ત્યારે સ્થૂળ શરીર ઠંડુ પડી જાય છે. એ ગરમી જો સ્થૂળ શરીરની જ હોય તો તો સૂક્ષ્મ શરીરના બહાર નીકળી ગયા પછી પણ એનો નાશ ના થાત, અને એ કાયમને માટે ટકી રહેત.

**૧૨. प्रतिधादितिषे चेन्न शारीरात् ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે.

પ્રતિષેધાત્ = પ્રતિષેધ હોવાને લીધે. (એનું ગમન નથી થતું.)

ઈતિ ન = તો તે ઠીક નથી.

શારીરાત્ = કારણકે એ પ્રતિષેધ વચન દ્વારા જીવાત્માથી પ્રાણોના અલગ થવાનો નિષેધ કરવામાં આવ્યો છે.

ભાવાર્થ

આ સૂત્રમાં પૂર્વપક્ષીની વિચારધારાની રજુઆત કરતાં જણાવવામાં આવ્યું છે કે બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે જે કામનારહિત, નિષ્કામ, પૂર્ણકામ અને કેવળ પરમાત્માને ચાહે છે તેના પ્રાણ ઉત્ક્રમણ નથી કરતા. એ કથન સૂચવે છે કે કામનારહિત મહાપુરૂષની ગતિનો અભાવ હોવાથી એનું

બ્રહ્મલોકમાં ગમન નથી થતું એવું કહેવામાં આવે તો તે બરાબર નથી. કારણ કે એ ઉપનિષદવચન જીવાત્મા પ્રાણથી જુદો નથી પડતો એવું જણાવે છે; શરીરથી પ્રાણ જુદો નથી પડતો એવું નથી જણાવતું. એટલે જીવાત્મા પ્રાણોની સાથે બ્રહ્મલોકમાં જાય છે એવું જ માનવાનું બરાબર છે.

**૧૩. स्पष्टो ह्येकेषाम् ।**

અર્થ

એકેષામ્ = એક શાખાવાળાની શ્રુતિમાં.

સ્પષ્ટઃ = શરીરથી પ્રાણો ઉત્ક્રમણ નથી કરતા એવું સ્પષ્ટ રીતે જણાવ્યું છે.

હિ = એટલા માટે (સિદ્ધ થાય છે કે એનું ગમન નથી થતું.)

ભાવાર્થ

આ સૂત્રમાં પૂર્વપક્ષીની એ વિચારધારાનો ઉત્તર આપવામાં આવે છે. એ ઉત્તરનો સાર એ જ છે કે આપ્તકામ મહાપુરૂષનું લોકાંતરમાં ગમન નથી થતું. બૃહદારણ્યક ઉપનિષદમાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે **अत्र ब्रह्म समश्नुते ।** 'એ મહાપુરૂષ અહીં જ બ્રહ્મને મેળવી લે છે.'

નૃસિંહોપનિષદમાં કહ્યું છે **न तस्य प्राणा उत्क्रामन्ति ।** એટલે કે એ મહાપુરૂષના પ્રાણ ઉત્ક્રમણ નથી કરતા. ત્યાં જ વિલિન થઈ જાય છે. તે બ્રહ્મરૂપ બનીને બ્રહ્મને પ્રાપ્ત થાય છે.

**૧૪. स्मर्यते च ।**

અર્થ

ચ = અને.

સ્મર્યતે = સ્મૃતિ દ્વારા પણ (એવું પુરવાર થાય છે.)

ભાવાર્થ

સ્મૃતિ ગ્રંથોના ઉલ્લેખ પરથી એ વાતને સમર્થન મળે છે કે અહીં જ પરમાત્માની પ્રાપ્તિ કરી લે છે તેનું બીજા કોઈ લોકમાં ગમન નથી થતું. જેમને પરમાત્માની પ્રાપ્તિ નથી થતી અને બીજા લોકમાં જવું પડે છે તે સૂક્ષ્મ તત્વોને લઈને જ બીજા લોકમાં પ્રયાણ કરે છે. ભગવદ્ ગીતામાં એ વાત કહેવામાં આવી છે.

**૧૫. तानि परे तथा ह्याह ।**

અર્થ

તાનિ = એ પ્રાણ, અંતઃકરણ, પાંચ સૂક્ષ્મ ભૂત અને ઈન્દ્રિયો સઘળાં.

પરે = એ પરમાત્મામાં વિલીન થાય છે.

હિ = કારણ કે.

તથા = એવું જ.

આહ = શ્રુતિ જણાવે છે.

ભાવાર્થ

મુંડક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'એ મહાપુરૂષનો દેહપાત થાય છે ત્યારે પંદર કળાઓ અને મન સાથે સઘળી ઈન્દ્રિયોના દેવતા એ સર્વે પોતપોતાના અભિમાની દેવતાઓમાં સ્થિત થાય છે. એમની સાથે જીવનમુક્ત મહાપુરૂષનો કોઈ સંબંધ નથી રહેતો. એ પછી વિજ્ઞાનમય જીવાત્મા, એનાં સઘળાં કર્મો તેમ જ ઉપર્યુક્ત બધા જ દેવતા, સૌ પરમાત્મામાં વિલીન થઈ જાય છે.' શ્રુતિના એ વર્ણન પરથી સિદ્ધ થાય છે કે જે મહાપુરૂષ પોતાના જીવનકાળ દરમિયાન જ પરમાત્માની પ્રાપ્તિ કરી લે છે તે સ્થૂળ શરીરનો પરિત્યાગ કરે છે ત્યારે બીજે ક્યાંય જવાને બદલે પરમાત્મામાં જ વિલીન થઈ જાય છે.

**१६. अविभागो वचनात् ।**

<u>અર્થ</u>

વચનાત્ = શ્રુતિના કથનથી (જણાય છે કે.)

અવિભાગઃ = વિભાગ નથી રહેતો.

<u>ભાવાર્થ</u>

પરમાત્મદર્શી મહાપુરૂષ શરીર સંબંધી સઘળાં તત્વો સાથે પરમાત્મામાં કેવી રીતે સ્થિતિ કરે છે એવી સહજ જિજ્ઞાસાના જવાબરૂપે આ સૂત્રની રચના થઈ છે. મૃત્યુ વખતે સામાન્ય જીવો પરમાત્મામાં સ્થિત થાય છે અને પોતાના કર્મોને અનુસરીને જુદી જુદી યોનિમાં જન્મ પામે છે. એમની સ્થિતિ પરમાત્મામાં થાય છે તો પણ એ પરમાત્મામાં વિલિન થવાને બદલે પરમાત્માથી પ્રલયકાળની અવસ્થાની પેઠે અલગ રહે છે. પરંતુ પરમાત્માદર્શી મહાપુરૂષ તો પરમાત્મામાં સઘળાં તત્વો સાથે વિલીન થાય છે. એ સર્વ પ્રકારના નાના કે મોટા વિભાગોમાંથી મુક્તિ મેળવીને પોતાના મૂળ કારણરૂપ પરમાત્મામાં મળી જાય છે અને એકાકાર થાય છે. અગ્નિના અંગારા જેવી રીતે અગ્નિની વિશાળ જ્વાળામાં સમાઈ જાય છે અને પોતાના અલગ અસ્તિત્વમાંથી મુક્તિ મેળવે છે. તેવી રીતે. तदोकोङग्रज्वलनं तत्प्रकाशितद्वारो विद्यासामर्थ्यात्तच्छेष ।

**१७. गत्यनुस्मृतियोगाच हार्दानुगृहीतः शताधिकया ।**

<u>અર્થ</u>

સ્થૂળ શરીરમાંથી બહાર નીકળતી (વખતે)

તદોકોડગ્રજ્વલનમ્ = એ જીવાત્માના આવાસસ્થાન હૃદયના અગ્રભાગમાં પ્રકાશ થઈ જાય છે.

તત્પ્રકાશિતદ્વારઃ = એ પ્રકાશથી જેનું બહાર નીકળવાનું દ્વાર પ્રકાશિત થઈ ગયું છે એ પરમાત્મદર્શી પુરૂષ.

વિદ્યાસામર્થ્યાત્ = બ્રહ્મવિદ્યાના પ્રભાવથી.

ચ = અને.

તચ્છેષગત્યનુસ્મૃતિયોગાત્ = એ વિદ્યાના અંતિમ જેવા બ્રહ્મલોકના ગમનવિષયક સંસ્કારની સ્મૃતિના યોગથી.

હાર્દાનુગૃહીતઃ = હૃદયસ્થ પરમાત્માની પરમકૃપાથી સંપન્ન બનીને.

શતાધિકયા = સો નાડીઓથી વિશિષ્ટ જે એક બીજી સુષુમ્ણા નાડી છે એની દ્વારા (બ્રહ્મરંધ્રથી બહાર નીકળે છે.)

ભાવાર્થ

પરમાત્મદર્શી બ્રહ્મજ્ઞાની મહાપુરૂષ સૂક્ષ્મ શરીરમાં સ્થિત થઈને કેવી રીતે બ્રહ્મલોકમાં ગમન કરે છે તે જણાવતાં આ સૂત્રમાં કહેવામાં આવે છે કે એવા મહાપુરૂષના હૃદયના અગ્રભાગમાં પ્રકટનારા પ્રકાશથી પ્રકાશિત બ્રહ્મરંધ્રના માર્ગથી, સુષુમ્ણા નાડી દ્વારા એ મહાપુરૂષ બહાર નીકળે છે. એ વખતે એના સૂક્ષ્મ મનમાં બ્રહ્મલોકની પ્રાપ્તિની સ્મૃતિ તાજી થાય છે. એ સ્મૃતિ એને આગળ વધવા પ્રેરિત કરે છે અને પરમાત્માની પરમકૃપાથી સંપન્ન બનીને એ સૂર્યનાં કિરણોમાં જઈ પહોંચે છે.

**૧૮. रश्म्यनुसारी ।**

અર્થ

રશ્મ્યનુસારી = સૂર્યનાં કિરણોમાં રહીને એમનું અવલંબન લઈને.

ભાવાર્થ

સૂર્યના કિરણોમાં સુ-સૂક્ષ્મરૂપે પ્રવેશેલો અથવા પ્રતિષ્ઠિત થયેલો એ મહાપુરૂષ એ કિરણોનો આધાર લઈને સૂર્યલોકના દિવ્ય દ્વારથી બ્રહ્મલોકમાં પ્રવેશે છે. સૂર્યલોક પરમાત્મદર્શી મહાપુરૂષોને માટે બ્રહ્મલોકમાં જવાનું એકમાત્ર દ્વાર છે. એવી રીતે બ્રહ્મલોકમાં પહોંચનારા મહાપુરૂષને જરા પણ વિલંબ નથી લાગતો. આંખ મીંચીને ઉઘાડીએ એટલીવારમાં જ એ ત્યાં જઈ પહોંચે છે.

**૧૯. निशि नेति चेन्न सम्बन्धस्य यावद्देहभावित्वाद्दर्शयति च ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે.

નિશિ = રાતમાં.

ન = સૂર્યકિરણો સાથે એનો સંબંધ નાડી દ્વારા નથી હોતો.

ઈતિ ન = તો એવું કથન બરાબર નથી.

(હિ = કારણ કે)

સમ્બન્ધસ્ય = નાડી તથા સૂર્યકિરણોના સંબંધની.

યાવદ્ દેહભાવિત્વાત્ = જ્યાં સુધી શરીર રહે છે ત્યાં સુધી સત્તા કાયમ રહે છે. એટલા માટે.

દર્શયતિ ચ = શ્રુતિ એવું જણાવે છે પણ ખરી.

ભાવાર્થ

પરંતુ એવા બ્રહ્મજ્ઞાની મહાપુરૂષનું શરીર રાતે પડે તો તે વખતે તો સૂર્યનાં કિરણો હોય જ નહિ, તો પછી તે બ્રહ્મલોકમાં કેવી રીતે જઈ શકે, એવી શંકા કરવાનું બરાબર નથી. કારણ કે સુષુમ્ણા નાડીનો અને સૂર્યનાં કિરણોનો સંબંધ કદી પણ નથી તૂટતો. એ સંબંધ તો દિવસ હોય કે રાત હોય તો પણ ચાલુ જ રહે

છે. એટલે બ્રહ્મજ્ઞાની મહાપુરૂષનું શરીર રાતે પડે તો પણ એ મહાપુરૂષ બ્રહ્મલોકમાં જઈ શકે છે. આમ પણ સૂર્ય સદાને માટે અસ્ત થતો નથી એટલે એનાં કિરણો પૃથ્વીમાં કાર્ય કરતાં જ હોય છે.

**२०. अतश्चायनेऽपि दक्षिणे ।**

અર્થ

અતઃ = એટલા માટે.

ચ = જ.

દક્ષિણે = દક્ષિણ.

અયને = અયનમાં.

અપિ = (મરનારનું) પણ. (બ્રહ્મલોકમાં ગમન થાય છે.)

ભાવાર્થ

જેવી રીતે રાતના વખતે સૂર્યનાં કિરણોની સાથે સંબંધ ચાલુ રહે છે તેવી રીતે દક્ષિણાયનનું પણ સમજી લેવાનું છે. દક્ષિણાયનના સમય દરમિયાન પણ સૂર્યકિરણોની સાથેનો સંબંધ ચાલુ જ રહેતો હોવાથી એ વખતે શરીરનો પરિત્યાગ કરનારો મહાપુરૂષ સૂર્ય દ્વાર દ્વારા આગળ વધીને પોતાની પૂર્વ અભિલાષાને અનુસરીને બ્રહ્મલોકમાં પહોંચી જાય છે. ઉત્તરાયણમાં અને દક્ષિણાયનમાં એ દૃષ્ટિએ કોઈ વિશેષ ભેદ ના હોવાથી એવો મહાપુરૂષ દક્ષિણાયનમાં દેહત્યાગ કરે તો પણ કશી હરકત નથી. તેથી તેના બ્રહ્મલોક પ્રવેશમાં કશો વિક્ષેપ નથી પેદા થતો.

**२१. योगिनः प्रति च स्मर्यते स्मार्ते चैते ।**

અર્થ

ચ = એ ઉપરાંત.

યોગિનઃ = યોગીને.

પ્રતિ = માટે (આ કાળ વિશેષનો નિયમ.)

સ્મર્યતે = સ્મૃતિમાં કહેલો છે.

ચ = અને.

એતે = (ત્યાં કહેલા) એ અપુનરાવૃત્તિ અને પુનરાવૃત્તિરૂપી બંને ક્રમ.

સ્માર્તે = સ્માર્ત છે.

ભાવાર્થ

ગીતામાં આઠમાં અધ્યાયમાં પુનરાવૃત્તિ તથા અપુનરાવૃત્તિના જે બે ગતિ વિષયક વિશિષ્ટ ક્રમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ ક્રમ સ્માર્ત અથવા શ્રુતિમાં વર્ણવેલા ક્રમથી ભિન્ન છે. એ ઉપરાંત, એ ગીતાના એ વિષયમાં અને બ્રહ્મલોક ગમનના વિષયમાં મહત્વનો મૌલિક તફાવત એ છે કે ગીતા ત્યાં અમુક કાળ વિશેષનું વર્ણન કરે છે અને અહીં બ્રહ્મલોકના પ્રવેશના રહસ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. બ્રહ્મલોકમાં

પ્રવેશનાર મહાપુરૂષ દિવસે, રાતે, શુકલ પક્ષમાં કે કૃષ્ણ પક્ષમાં, અને ઉત્તરાયણમાં કે દક્ષિણાયનમાં, ગમે ત્યારે શરીર છોડે તો પણ બ્રહ્મલોકમાં પ્રવેશી શકે છે. ગીતામાં કહેલો કાળવિશેષનો નિયમ એ પ્રવેશમાં બાધક નથી બની શકતો.

**અધ્યાય ૪ - પાદ ૨ સંપૂર્ણ**

## અધ્યાય ૪ - પાદ ૩

| | |
|---|---|
| ૧ | બ્રહ્મલોકમાં જવાનો માર્ગ. |
| ૨ | વાયુલોકની સ્થિતિ. |
| ૩ | વરુણલોકની સ્થિતિ. |
| ૪ થી ૫ | અર્ચિઃ આદિ અચેતન નથી. |
| ૬ | અમાનવ પુરુષ સાથે જીવાત્માનું ગમન. |
| ૭ થી ૧૪ | બ્રહ્મલોકમાં શેની પ્રાપ્તિ થાય છે તેના વિષે. |
| ૧૫ થી ૧૬ | મહર્ષિ વ્યાસનો અભિપ્રાય. |

## અધ્યાય ૪ - પાદ ૩

**१. अर्चिरादिना तत्प्रथितेः ।**

અર્થ

અર્ચિરાદિના = અર્ચિથી આરંભ પામનારા એક જ માર્ગથી (બ્રહ્મલોકમાં જાય છે.)

તત્પથિતેઃ = કારણ કે બ્રહ્મજ્ઞાનીને માટે એ એક જ માર્ગ (જુદાં જુદાં નામથી) પ્રસિદ્ધ છે.

ભાવાર્થ

બ્રહ્મલોકમાં જવા માટેના માર્ગો જુદા જુદા નથી. ઉપનિષદમાં એમનો નામનિર્દેશ જુદી જુદી રીતે કરવામાં આવેલો હોવા છતાં ખરેખર તો એ માર્ગ એક જ છે. એ માર્ગનું પ્રખ્યાત નામ અર્ચિઃ આદિ છે, કારણ કે એ માર્ગનો આરંભ અર્ચિથી થાય છે. દેવયાન તથા ઉત્તરાયણ માર્ગના નામથી એનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ માર્ગમાં આવનારા લોકોનું વર્ણન ક્યાંક વધારે પ્રમાણમાં છે તો ક્યાંક ઓછા પ્રમાણમાં. જે લોકોનું વર્ણન એક ઠેકાણે ના કરવામાં આવ્યું હોય તે લોકોનો સમાવેશ બીજા વર્ણનના આધાર પર કરી લેવો જોઈએ. બીજે ઠેકાણે કરાયલું વર્ણન એક ઠેકાણે અધ્યાહાર સમજવું જોઈએ.

**२. वायुमव्दादविशेषविशेषाभ्याम् ।**

અર્થ

વાયુમ્ = વાયુ લોકને.

અબ્દાત્ = સંવત્સર પછી (અને સૂર્ય પહેલાં સમજવો જોઈએ)

અવિશેષાભ્યામ્ = કારણ કે વાયુલોકનું વર્ણન ક્યાંક સમાનભાવથી છે તો ક્યાંક વિશેષ ભાવથી.

ભાવાર્થ

લોક લોકાન્તરો વિશે ઉપનિષદમાં જુદી જુદી જાતનું વર્ણન કરવામાં આવ્યું છે કે જે બ્રહ્મવિદ્યાના રહસ્યને જાણે છે અને અરણ્યમાં રહીને સત્યની શ્રદ્ધાભક્તિપૂર્વક ઉપાસના કરે છે તે અર્ચિ એટલે જ્યોતિ, અગ્નિ અથવા સૂર્યકિરણને પ્રાપ્ત થાય છે. અર્ચિથી દિવસને, દિવસથી શુકલ પક્ષને, શુકલ પક્ષથી ઉત્તરાયણના છ મહિનાને, છ સંવત્સરને, સંવત્સરથી સૂર્યને, સૂર્યથી ચંદ્રને, અને ચંદ્રથી વિદ્યુતને પ્રાપ્ત થાય છે. ત્યાંથી અમાનવ પુરૂષ એને પરમાત્માની પાસે પહોંચાડી દે છે. એ દેવયાન માર્ગ છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં જણાવ્યું છે કે મનુષ્ય આ લોકમાંથી બ્રહ્મલોકમાં જાય છે ત્યારે વાયુને પ્રાપ્ત થાય છે. પછી સૂર્યને પ્રાપ્ત થાય છે. ત્યાં ચંદ્રને પ્રાપ્ત થાય છે, અને છેવટે શોક રહિત બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે. ત્યાં અનંત કાળપર્યંત વાસ કરે છે.

કૌશિતકિ ઉપનિષદમાં કહ્યું છે કે એ મનુષ્ય દેવયાન માર્ગ દ્વારા અગ્નિલોકમાં પ્રવેશે છે. પછી વાયુલોકમાં, સૂર્યલોકમાં, વરૂણલોકમાં, ઈન્દ્રલોકમાં, પ્રજાપતિલોકમાં અને છેવટે બ્રહ્મલોકમાં પહોંચે છે.

એવી રીતે વાયુલોકનું વર્ણન બે ઠેકાણે આવે છે. વાયુલોકમાંથી સૂર્યલોકમાં જવાય છે એવું સ્પષ્ટ કહ્યું છે. એટલે છાંદોગ્ય ઉપનિષદમાં વાયુલોકનો ઉલ્લેખ ના કરવામાં આવ્યો હોવા છતાં, વાયુલોકને સંવત્સર પછી અને સૂર્યલોકની પહેલાં માનવો જોઈએ.

**૩. तडितोऽधि वरूणः सम्बन्धात् ।**

અર્થ

તડિત = વિદ્યુતથી.

અધિ = ઉપર.

વરૂણ = વરૂણલોક છે.

સમ્બન્ધાત્ = કારણ કે એ બંનેનો પરસ્પર સંબંધ છે.

ભાવાર્થ

વરૂણ પાણીનો અધિપતિ છે, અને વિદ્યુતનો પાણીની સાથે ખૂબ જ નજદીકનો સંબંધ છે, એટલે વિદ્યુતથી આગળ વરૂણલોક સ્થિત છે એવું સમજવું જોઈએ. એનાથી આગળ ઈન્દ્રલોક અને પ્રજાપતિલોક છે એવું માનવું જોઈએ. એવી રીતે માનવાથી ઉપનિષદના વર્ણનની એકવાક્યતા જળવાઈ રહેશે.

**૪. आतिवाहिकास्तल्लिङ्गात् ।**

અર્થ

આતિવાહિકા = એ બધા એક સ્થળમાંથી બીજા સ્થળમાં પહોંચાડનારા તે તે સ્થળો કે લોકોના અભિમાની પુરૂષ વિશેષ છે.

તલ્લિંગાત્ = કારણ કે શ્રુતિમાં એવું જ લક્ષણ જોવા મળે છે.

ભાવાર્થ

અર્ચિ, અહઃ, પક્ષ, અયન, સંવત્સર, વાયુ અને વિદ્યુત જડ કે ચેતન છે, એવી જિજ્ઞાસાનો જવાબ આ સૂત્ર દ્વારા આપવામાં આવે છે. સૂત્રકાર જણાવે છે કે અર્ચિ, પક્ષ, વાયુ તથા વિદ્યુત વિગેરે દ્વારા તે તે લોકો કે નામોના અભિમાની દેવતાનો અથવા માનવાકૃતિ દિવ્ય પુરૂષોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમને આતિવાહિક નામથી પણ ઓળખવામાં આવે છે કારણ કે એ બ્રહ્મલોકમાં જનારા મહાપુરૂષને એક સ્થાનથી બીજા સ્થાન સુધી પહોંચવામાં મદદ કરે છે. વિદ્યુતલોકમાં પહોંચનારા મહાપુરૂષને અમાનવ પુરૂષ બ્રહ્મની પ્રાપ્તિ કરાવે છે.

**૫. उभयव्यामोहात्तत्सिद्धेः ।**

અર્થ

ઉભયવ્યામોહાત્ = બંનેનો મોહયુક્ત થવાનો પ્રસંગ આવે છે એટલા માટે.

તત્સિદ્ધેઃ = એમને અભિમાની દેવતા માનવાથી જ એમની દ્વારા બ્રહ્મલોક સુધી લઈ જવાનું કાર્ય સિદ્ધ થઈ શકે છે.

ભાવાર્થ

અર્ચિ આદિને એમના અભિમાની દેવતા માનવાને બદલે જો જ્યોતિ અથવા લોકવિશેષરૂપ જડ વસ્તુ માની લઈએ તો તેથી કોઈ ઉપયોગી હેતુ નહિ સરે. કારણ કે જે પોતે જ જડ છે તે બીજાને કેવી રીતે માર્ગ દર્શાવી શકશે ? જીવાત્મા પોતે તો અજ્ઞ હોવાથી એ માર્ગથી અને બ્રહ્મલોકથી જરા પણ પરિચિત નથી. એ અવસ્થામાં એને દોરવણી આપનારી કોઈક ચેતનશક્તિ કે વ્યક્તિ વિના જીવાત્માને દોરવણી આપીને બ્રહ્મલોકમાં કોણ લઈ જશે ? એટલે તે તે લોકોના અભિમાની દેવતા માનવાથી જ જીવાત્માને એમની દ્વારા આગળ વધીને બ્રહ્મલોકમાં પ્રવેશવાની શક્યતા રહે છે. એટલે જુદા જુદા લોકો દ્વારા તે તે લોકોના અભિમાની દેવતા જ માનવાનું બરાબર છે.

**૬. वैद्युतेनैव ततस्तच्छ्रुतेः ।**

અર્થ

તતઃ = ત્યાંથી આગળ બ્રહ્મલોક સુધી.

વૈદ્યતેન = વિદ્યુતલોકમાં પ્રકટ થયેલા અમાનવ પુરૂષ દ્વારા.

એવ = જ. (પહોંચાડવામાં આવે છે.)

તચ્છ્રુતેઃ = કારણ કે શ્રુતિએ પણ એવું જ જણાવ્યું છે.

ભાવાર્થ

વિદ્યુતલોકમાં પ્રકટેલા અમાનવ પુરૂષ દ્વારા એ મહાપુરૂષને બ્રહ્મલોકમાં પહોંચાડવામાં આવે છે એવું શ્રુતિએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે. તો પછી વિદ્યુતલોક પછી આવનારા વરૂણ, ઈન્દ્ર અને પ્રજાપતિના લોકોના અભિમાની દેવતાઓનું કર્તવ્ય શું રહેશે ? એવો પ્રશ્ન પેદા થાય તો એનો પ્રત્યુત્તર એ જ છે કે એ લોકોના અભિમાની દેવતાઓ એ બધા લોકોમાંથી પસાર થવાનો કે આગળ વધવાનો માર્ગ આપે છે અને બીજી બધી રીતે ઉપયોગી થાય છે. બ્રહ્મલોકમાં લઈ જવાનું કામ તો વિદ્યુતલોકના અભિમાની દેવતાનું જ છે.

**૭. कार्यं बादरिरस्य गत्युपपत्तेः ।**

અર્થ

બાદરિઃ = બાદરિ નામના આચાર્યનો અભિપ્રાય છે કે

કાર્યમ્ = કાર્યબ્રહ્મને અથવા હિરણ્યગર્ભને (પામે છે.)

ગત્યુપપત્તેઃ = કારણ કે ગમન કરવાના કથનની ઉપપત્તિ.

અસ્ય = આ કાર્યબ્રહ્મને માટે જ (થઈ શકે છે.)

ભાવાર્થ

બ્રહ્મલોકમાં એ મહાપુરૂષ કોને પ્રાપ્ત થાય છે, પરબ્રહ્મને કે પછી એમની દ્વારા સૌથી પ્રથમ પ્રકટનારા બ્રહ્માને ? બાદરિ આચાર્ય માને છે કે પરમાત્મા તો સર્વત્ર સુલભ હોવાથી એમને મેળવવા માટે

બ્રહ્મલોકમાં જવાની આવશ્યકતા નથી રહેતી. પરંતુ બ્રહ્મલોકમાં ગમન કરવાનું કહ્યું હોવાથી એ સ્પષ્ટ થાય છે કે ત્યાં પરબ્રહ્મની નહિ પરંતુ કાર્યબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

**૮. विशेषितत्वाच्च ।**

અર્થ

ચ = અને.

વિશેષિતત્વાત્ = વિશેષણ દ્વારા સ્પષ્ટ કહ્યું હોવાથી પણ.

ભાવાર્થ

એ જ અભિપ્રાયના અનુસંધાનમાં આગળ કહેવામાં આવે છે કે બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે 'અમાનવ પુરૂષ એને બ્રહ્મલોકમાં લઈ જાય છે.' એ વચનમાં બ્રહ્મલોકને માટે બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે  અને બ્રહ્મની પ્રાપ્તિને બદલે બ્રહ્મલોકોમાં જવાની વાત કહેલી છે. ભોગ્ય ભૂમિ એક પ્રકારની નથી પરંતુ અનેક પ્રકારની છે એટલે લોકો જેવા બહુવચનનો પ્રયોગ કરેલો છે. કાર્યબ્રહ્મ લોકોના સ્વામી હોવાથી એ મહાપુરૂષ કાર્યબ્રહ્મને પ્રાપ્ત થાય છે એવું માનવાનું બરાબર છે.

**૯. सामीप्यात्तु तद्व्यपदेशः ।**

અર્થ

તદ્વ્યપદેશઃ = એ કથન.

તુ = તો.

સામીપ્યાત્ = બ્રહ્મની સમીપતાને લીધે બ્રહ્માને માટે પણ હોઈ શકે છે.

ભાવાર્થ

ઉપનિષદમાં જણાવ્યું છે કે મહાપુરૂષને અમાનવ પુરૂષ બ્રહ્મની પાસે પહોંચાડે છે. એનો અર્થ જો કાર્યબ્રહ્મની પાસે પહોંચાડે છે એવો કરવામાં આવે તો તે બરાબર નહિ કહેવાય, કારણ કે જો એ મહાપુરૂષને કાર્યબ્રહ્મની પ્રાપ્તિ થાય છે એવું જણાવવું હોત તો એને બ્રહ્માની પ્રાપ્તિ થાય છે એવું સ્પષ્ટ શબ્દોમાં કહી દેત. પરંતુ એવું નથી કહ્યું. એવું વિચારધારાના અનુસંધાનમાં આ સૂત્રમાં જણાવે છે કે બ્રહ્મા પરબ્રહ્મ પરમાત્મા સૌથી પ્રથમ કાર્યરૂપ હોવાથી બ્રહ્મનો ઉલ્લેખ બ્રહ્મના નામથી કરેલો છે.

**१०. कार्यात्यये तदध्यक्षेण सहातः परमभिधानात् ।**

અર્થ

કાર્યાત્યયે = કાર્યરૂપ બ્રહ્મલોકનો નાશ થતાં

તદ્ધ્યક્ષેણ = એના અધીશ્વર બ્રહ્માની.

સહ = સાથે.

અતઃ = એથી.

પરમ્ = શ્રેષ્ઠ પરમાત્માને,

અભિધાનાત્ = પ્રાપ્ત થવાનું કથન છે તેથી.

ભાવાર્થ

બ્રહ્માના લોક સુધીના સઘળા લોકો પુનરાવૃત્તિ કરાવનારા છે એવું ગીતામાં જણાવ્યું છે. બ્રહ્માનો કાર્યકાળ પૂરો થઈ જતાં તે પણ બદલાય છે અને બ્રહ્મલોકમાં રહેનારા પણ પાછા ફરે છે. ઉપનિષદે તો દેવયાન માર્ગથી જનારાની પુનરાવૃત્તિ નથી થતી એવું કહેલું છે. એટલે બ્રહ્મલોકમાં કાર્યબ્રહ્મની પ્રાપ્તિ નથી થતી પરંતુ પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે એવું માનવું-મનાવવું જ બરાબર છે. એવી વિચારસરણીના વિરોધમાં આચાર્ય બાદરિ જણાવે છે કે મુંડક ઉપનિષદમાં જણાવ્યું છે કે જેમણે ઉપનિષદોના જ્ઞાન-વિજ્ઞાન દ્વારા પરમાત્માનો સારી રીતે નિશ્ચય કરી લીધો છે અને ત્યાગ તથા સાધના દ્વારા શુદ્ધ અંતઃકરણની પ્રાપ્તિ કરી છે, તે બ્રહ્મલોકોમાં જઈને અંતઃકાળે પરમ અમૃતમય બનીને સર્વ પ્રકારે મુક્ત થાય છે. એ કથન પરથી પુરવાર થાય છે કે પ્રલયકાળમાં બ્રહ્મલોકનો નાશ થતાં એના અધીશ્વર બ્રહ્માની સાથે ત્યાંના નિવાસી મહાપુરૂષો પણ પરમાત્માને પામીને મુક્ત બની જાય છે. એટલે એમની પુનરાવૃત્તિ નથી થતી.

**૧૧. स्मृतेश्च ।**

અર્થ

સ્મૃતિ પ્રમાણથી.

ચ= પણ. (એ વાત સિદ્ધ થાય છે.)

ભાવાર્થ

સ્મૃતિના પ્રમાણથી પણ એ વાતને સમર્થન મળે છે. એટલે બ્રહ્મલોકમાં બ્રહ્માની કે કાર્યબ્રહ્મની જ પ્રાપ્તિ થાય છે એવું માનવાનું બરાબર છે. કર્મ પુરાણમાં જણાવ્યું છે. કે એ સઘળા શુદ્ધ અંતઃકરણવાળાં પુરૂષો પ્રલયકાળ આવતાં અંતે બ્રહ્માની સાથે એ પરમપદમાં પ્રવેશ કરે છે.

**૧૨. परं जैमिनिर्मुख्यत्वात् ।**

અર્થ

જૈમિનિઃ = આચાર્ય જૈમિનિનું કહેવું છે કે.

મુખ્યત્વાત = બ્રહ્મ શબ્દનો મુખ્ય વાચ્યાર્થ હોવાને લીધે.

પરમ = પરબ્રહ્મને પામે છે.

ભાવાર્થ

એ વિષય પરત્વે આચાર્ય જૈમિનિનો અભિપ્રાય કેવો છે ? એ અભિપ્રાય ખાસ લક્ષમાં લેવા જેવો છે. એમના અભિપ્રાયાનુસાર એ અમાનવ પુરૂષ એને પરમાત્માની પાસે પહોંચાડી દે છે, એ વચનમાં વપરાયલો બ્રહ્મ અથવા પરમાત્મા શબ્દ પરમાત્માનો જ વાચક છે, એટલા માટે અર્ચિ આદિ માર્ગથી આગળ વધીને બ્રહ્મલોકમાં જનારા મહાપુરૂષને પરમાત્માની જ પ્રાપ્તિ થાય છે. કાર્યબ્રહ્મની પ્રાપ્તિ નથી થતી.

**૧૩. दर्शनाच ।**

અર્થ

દર્શનાત્ = શ્રુતિમાં સ્થળે સ્થળે ગતિપૂર્વક પરબ્રહ્મ પ્રાપ્તિ બતાવી છે એટલા માટે.

ચ = પણ.

ભાવાર્થ

બ્રહ્મલોકમાં કાર્યબ્રહ્મની પ્રાપ્તિ નથી થતી પરંતુ પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે એવું દર્શાવવા માટે આચાર્ય જૈમિનિ જણાવે છે કે ઉપનિષદમાં ઠેકઠેકાણે ગતિપૂર્વક પરમાત્માની પ્રાપ્તિનું જ વર્ણન કરવામાં આવ્યું હોવાથી પણ બ્રહ્મવિદ્યા સંપન્ન મહાપુરૂષને બ્રહ્માની નહિ પરંતુ પરમાત્માની પ્રાપ્તિ થાય છે એવું સાબિત થાય છે.

કઠ ઉપનિષદ કહે છે કે એ મહાપુરૂષ સંસારમાર્ગની પાર પહોંચીને વિષ્ણુના પરમપદની પ્રાપ્તિ કરે છે. છાંદોગ્ય ઉપનિષદ જણાવે છે કે સુષુમ્ણા નાડી દ્વારા બહાર નીકળીને એ મહાપુરૂષ અમૃતત્વને પામે છે.

**१४. न च कार्ये प्रतिपत्त्यभिसन्धिः ।**

અર્થ

ચ = એ ઉપરાંત.

પ્રતિપત્યભિસન્ધિઃ = એ બ્રહ્મવિદ્યાના ઉપાસકોનો પ્રાપ્તિ વિષયક સંકલ્પ પણ.

કાર્યે = કાર્ય બ્રહ્મને માટે.

ન = નથી હોતો.

ભાવાર્થ

આ સૂત્ર એક અત્યંત અગત્યના વિષયની છણાવટ કરે છે અથવા એના પ્રત્યે આપણું ધ્યાન આકર્ષિત કરતાં કહે છે કે બ્રહ્મવિદ્યાનો આધાર બ્રહ્માની પ્રાપ્તિને માટે નથી લેવામાં આવતો પરંતુ પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિને માટે જ લેવામાં આવે છે. બ્રહ્મવિદ્યા પોતાના સ્વરૂપના અને પરમાત્માના સાક્ષાત્કારને માટે જ છે. એટલે પણ એના પરિણામે પ્રાપ્ત થતા બ્રહ્મલોકમાં પરમાત્માની જ પ્રાપ્તિ થાય છે એવું માનવાનું બુદ્ધિસંગત છે.

**१५. अप्रतीकालम्बनान्नयतीति बादरायण अभयथादोषात्तत् क्रतुश्च ।**

અર્થ

અપ્રતીકાલમ્બનાન્ = વાણી આદિ પ્રતીકનું આલંબન લઈને ઉપાસના કરનારા ઉપાસકો સિવાયના બીજા બધા ઉપાસકોને

નયતિ = (અર્ચિ આદિ દેવતાઓ દેવયાન માર્ગથી) લઈ જાય છે.

ઉભયથા = (એટલે) બંને રીતે

અદોષાત્ = માનવામાં દોષ નહિ હોવાથી.

તત્કતુઃ- એમના સંકલ્પ પ્રમાણે પરબ્રહ્મ પરમાત્માને

ચ = અને કાર્યબ્રહ્મને પ્રાપ્ત કરાવવાનું સાબિત થાય છે.

ઈતિ = એવું.

બાદરાયણઃ = વ્યાસદેવ જણાવે છે.

<u>ભાવાર્થ</u>

સૂત્રકાર મહર્ષિ વ્યાસ પોતાનો નિર્ણય આપતાં જણાવે છે કે કેટલાક ઉપાસકો બ્રહ્મલોકોના જુદા જુદા ભોગોની ઈચ્છા રાખીને ઉપાસના કરે છે. એવા પુરૂષોને એવા ભોગોની પ્રાપ્તિ થાય છે એ પણ સાચું છે અને જેમને ભોગોની ઈચ્છા નથી અને પરમાત્માની પ્રાપ્તિની જ આકાંક્ષા છે એમને બ્રહ્મલોકમાં પરમાત્માની જ પ્રાપ્તિ થાય છે, એ પણ એટલું જ સાચું છે. જેમને ભોગોપભોગની ઈચ્છા હોય છે એમને પરધામના માર્ગમાં આવતા બ્રહ્મના લોકમાં લઈ જવામાં આવે છે અને પરમાત્માની પ્રાપ્તિની ઈચ્છાવાળાને પરમાત્માના પરધામમાં.

**૧૬. विशेषं च दर्शयति ।**

<u>અર્થ</u>

વિશેષમ્ = એનું વિશેષ કારણ.

ચ = પણ.

દર્શયતિ = શ્રુતિ બતાવે છે.

<u>ભાવાર્થ</u>

વાણી જેવી પ્રતીકોપાસના કરનારા ઉપાસકોને દેવયાન માર્ગના અધિકારી નથી લઈ જતા. એનું કારણ બતાવતાં છાંદોગ્ય ઉપનિષદ જણાવે છે કે વાણીમાં પ્રતીકોપાસનાનું ફળ વાણીની ગતિપર્યંત ઈચ્છાનુસાર વિચરણ કરવાની શક્તિ છે. એવી રીતે જુદી જુદી પ્રતીકોપાસનાનાં જુદાં જુદાં ફળ બતાવેલાં છે. એવા ઉપાસકો દેવયાન માર્ગથી બ્રહ્માના લોકમાં નથી જતા અને પરમાત્માના પરમધામમાં જવાના અધિકારી પણ નથી મનાતા. પરમાત્માના પરમધામમાં તો બ્રહ્મવિદ્યાપ્રાપ્ત મહાપુરૂષો જ પ્રવેશી શકે.

**અધ્યાય ૪ - પાદ ૩ સંપૂર્ણ**

## અધ્યાય ૪ - પાદ ૪

| | |
|---|---|
| ૧ થી ૩ | પરમધામમાં મુક્તાત્માનું સ્વરૂપ. |
| ૪ થી ૭ | પરમધામમાં મુક્તાત્માની સ્થિતિ. |
| ૮ થી ૯ | બ્રહ્માના લોક વિષે. |
| ૧૦ થી ૧૨ | પરમધામમાં શરીર રહે છે કે નહીં. |
| ૧૩ થી ૧૪ | શરીરના ભાવમાં અને અભાવમાં ભોગપ્રાપ્તિ. |
| ૧૫ થી ૧૬ | નામરૂપનો અભાવ. |
| ૧૭ થી ૨૧ | મુક્તાત્મા અને જગતની રચનાદિ પ્રવૃત્તિ. |
| ૨૨ | બ્રહ્મલોકમાંથી પુનરાવૃત્તિ નથી થતી. |

## અધ્યાય ૪ - પાદ ૪

**१. सम्पद्याविर्भावः स्वेन शब्दात् ।**

અર્થ

સમ્પદ્ય = પરમધામને પામીને.

સ્વેન = પોતાના મૂળ વાસ્તવિક સ્વરૂપે.

આવિર્ભાવઃ = પ્રાકટ્ય થાય છે.

શબ્દાત્ = કારણ કે શ્રુતિમાં એવું કહેલું છે.

ભાવાર્થ

પરમધામમાં પહોંચનારા મહાપુરૂષનું શું થાય છે ? અને સ્વરૂપની અવસ્થા ત્યાં કેવી હોય છે ? એની ચર્ચા વિચારણાનો આરંભ કરતાં આ સૂત્ર દ્વારા સ્પષ્ટ રીતે જણાવવામાં આવે છે કે પરમધામમાં પ્રવેશનારા મહાપુરૂષ ત્યાં પોતાના મૂળ વાસ્તવિક સ્વરૂપે પ્રકટ થાય છે. પોતાના મૂળ વાસ્તવિક સ્વરૂપે એટલે કેવા સ્વરૂપે ? પ્રાકૃત સૂક્ષ્મ શરીરથી રહિત, પુણ્ય-પાપ-શૂન્ય, જરા-વ્યાધિ-મૃત્યુ જેવા વિકારોથી રહિત, સત્યકામ, સત્યસંકલ્પ, શુદ્ધ અને અલૌકિક સ્વરૂપે.

છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'જે ઉપાસક પોતાના સ્થૂળ શરીરને પરિત્યાગીને પરમ જ્ઞાનસ્વરૂપ પરમધામને પામે છે તે ત્યાં પોતાના વાસ્તવિક સ્વરૂપથી સંપન્ન બને છે. આ આત્મા છે. એ પરમધામને પામનાર અમૃત છે, અભય છે, બ્રહ્મ છે. એ પ્રાપ્ત કરવા યોગ્ય પરબ્રહ્મનું નામ સત્ય છે.'

**२. मुक्तः प्रतिज्ञानात् ।**

અર્થ

પ્રતિજ્ઞાનાત્ = પ્રતિજ્ઞા કરી હોવાથી સિદ્ધ થાય છે કે

મુક્તઃ = (એ સ્વરૂપ) સર્વે પ્રકારનાં બંધનોથી મુક્ત હોય છે.

ભાવાર્થ

મુંડક ઉપનિષદ જેવાં ઉપનિષદોમાં જણાવ્યું છે કે પરમાત્માને અને પરમાત્માના લોકને અથવા ધામને પ્રાપ્ત કરનાર મહાપુરૂષ સદાને માટે સર્વ પ્રકારનાં બંધનોથી છૂટી જાય છે. ઉપનિષદના એ ઉલ્લેખ પરથી પ્રતીતિ થાય છે કે પરમધામમાં પોતાના મૂળભૂત વાસ્તવિક સત્ય સ્વરૂપથી સંપન્ન થયા પછી મહાપુરૂષ સર્વ પ્રકારનાં બંધનોથી રહિત, સંપૂર્ણ શુદ્ધ, બુદ્ધ, વિભુ, વિકારરહિત અને વિજ્ઞાનમય બની જાય છે. એનું આખું સ્વરૂપ અલૌકિક બની કે બદલાઈ જાય છે.

**३. आत्मा प्रकरणात् ।**

અર્થ

પ્રકરણાત્ = લીધે (પુરવાર થાય છે કે એ)

આત્મા = શુદ્ધ આત્મા જ થઈ જાય છે.

ભાવાર્થ

પરમધામમાં એ મહાપુરૂષ બધાં જ બંધનોમાંથી મુક્તિ મેળવે છે એવું માનવાનું કોઈ કારણ છે ખરૂં ? એવી જિજ્ઞાસાના જવાબમાં આ સૂત્રમાં કહેવામાં આવે છે કે છાંદોગ્ય ઉપનિષદમાં એ પ્રકરણમાં વર્ણવ્યું છે કે એ બ્રહ્મલોકમાં પ્રાપ્ત થનારૂં સ્વરૂપ આત્મા છે. એના પરથી પુરવાર થાય છે કે એ મહાપુરૂષ પરમાત્મા જેવા અલૌકિક શુદ્ધ સ્વરૂપથી સંપન્ન બને છે. પરમાત્માની અંદર જેમ કોઈ વિકૃતિ નથી તેમ એની અંદર પણ કોઈ પ્રકારની વિકૃતિ કે ત્રુટિ નથી રહેતી.

**૪. अविभागेन दृष्टत्वात् ।**

અર્થ

અવિભાગેન = (મુક્તાત્માની સ્થિતિ એ પરમાત્મામાં) અવિભક્ત રીતે હોય છે.

દૃષ્ટત્વાત્ = કારણ કે શ્રુતિમાં એવું જોવા મળે છે.

ભાવાર્થ

બ્રહ્મલોકમાં પહોંચનારા મુક્તાત્મા મહાપુરૂષની સ્થિતિ કેવી હોય છે ? એ મહાપુરૂષ ત્યાં ગયા પછી પરમાત્મામાં મળી જાય છે કે પરમાત્માથી પૃથક રહીને પોતાના અલગ અસ્તિત્વને ટકાવી રાખે છે ? એવી જિજ્ઞાસા થવાનો સંભવ સહેજે રહે છે. એ જિજ્ઞાસાના જવાબમાં જણાવવામાં આવે છે કે મુક્તાત્મા મહાપુરૂષ બ્રહ્મલોકમાં પહોંચીને પરમાત્માની સાથે અભિન્નતાનો અનુભવ કરે છે અથવા પરમાત્મામાં અવિભક્ત રીતે સ્થિતિ કરે છે. કઠ ઉપનિષદમાં કહ્યું છે પણ ખરૂં કે જેવી રીતે પવિત્ર પાણીમાં પડેલું પાણી એવું જ થઈ જાય છે તેવી રીતે પરમાત્માને જાણનારા મુનિનો આત્મા થઈ જાય છે.

**૫. ब्राह्मेण जैमिनिरूपन्यासादिभ्यः ।**

અર્થ

જૈમિનિઃ = આચાર્ય જૈમિનિ જણાવે છે કે

બ્રાહ્મેણ = બ્રહ્મના જેવા રૂપે સ્થિતિ કરે છે.

ઉપન્યાસાદિભ્યઃ = કારણ કે ઉપનિષદમાં એના સ્વરૂપના કરાયલા નિરૂપણ પરથી અને સ્મૃતિ પરથી એવું સાબિત થાય છે.

ભાવાર્થ

આચાર્ય જૈમિનિનો અભિપ્રાય એ વિષય પરત્વે એવો છે કે એવા મહાપુરૂષને પરમાત્માના જેવા દિવ્ય સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. એનો અર્થ એવો થયો કે એ પરમાત્મસદૃશ બનવા છતાં પણ પરમાત્માથી અલગ રહે છે. મુંડક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'એ પરમ પવિત્ર બનીને પરમ સમતાને પ્રાપ્ત કરે છે.' ભગવદ્ ગીતાના ચૌદમાં અધ્યાયમાં કહ્યું છે કે 'આ જ્ઞાનનો આશ્રય લઈને મારા દૈવી ગુણોની સમતાને પ્રાપ્ત થયેલા મહાપુરૂષ સૃષ્ટિ સમયે ઉત્પન્ન નથી થતા અને પ્રલયકાળમાં નાશ નથી પામતા.'

**૬. चितितन्मात्रेण तदात्मकत्वादित्यौडुलोमिः ।**

અર્થ

ચિતિતન્માત્રેણ = કેવળ ચેતના માત્ર સ્વરૂપે સ્થિત રહે છે.

તદાત્મકત્વાત્ = કારણ કે એનું વાસ્તવિક સ્વરૂપ એવું જ છે.

ઈતિ = એવું.

ઔડુલોમિઃ = આચાર્ય ઔડુલોમિનું મંતવ્ય છે.

ભાવાર્થ

આ સૂત્રમાં એ જ વિષય સંબંધી આચાર્ય ઔડુલોમિના મંતવ્યને રજૂ કરવામાં આવ્યું છે. એ એવું માને છે કે પરમાત્માના પરમધામમાં મુક્ત મહાપુરૂષ પોતાના વાસ્તવિક મૂળ ચૈતન્ય માત્ર સ્વરૂપે સ્થિતિ કરે છે. બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે મીઠાનો ગાંગડો જેવી રીતે અંદર બહારથી રહિત બધી રીતે રસઘન છે એવી રીતે આ આત્મા બાહ્યાભ્યંતર ભેદથી રહિત બધી રીતે પ્રજ્ઞાનઘન જ છે. એવા વર્ણન પરથી એ વાતને પુષ્ટિ મળે છે.

**૭. एवमप्युपन्यासात् पूर्वभावादविरोधं बादरावणः ।**

અર્થ

એવમ્ = એવી રીતે આચાર્ય જૈમિનિના અને ઔડુલોમિના અભિપ્રાય પ્રમાણે.

અપિ = પણ.

ઉપન્યાસાત્ = શ્રુતિમાં એ મહાપુરૂષના સ્વરૂપનું નિરૂપણ હોવાથી અને.

પૂર્વાભાવાત્ = અગાઉ એટલે કે ચોથા સૂત્રમાં કહેલા ભાવથી પણ.

અવિરોધમ્ = સિદ્ધાંતમાં કશો નિરોધ નથી.

બાદરાયણઃ = એવું બાદરાયણનું કહેવું છે.

ભાવાર્થ

ઉપર્યુક્ત બંને આચાર્યોનો અભિપ્રાય આપ્યા પછી સૂત્રકાર હવે પોતાનો અભિપ્રાય આપતાં જણાવે છે કે એ બંને આચાર્યોનાં મંતવ્યો સાચાં છે, અને આગળ ચોથા સૂત્રમાં કહ્યા પ્રમાણે મુક્તાત્મા પરમાત્મામાં અભિન્ન રીતે સ્થિતિ કરે છે એ પણ એટલું જ સાચું છે. ઉપનિષદમાં એવી બધી જાતના વર્ણન પ્રકારો જોવા મળતા હોવાથી એ બધા જ પ્રકારો બરાબર છે. મુક્તાત્માની જેવી ભાવના હોય છે તેવી રીતે પરમધામમાં કે પરમાત્માથી અલગ રીતે, પરમાત્મા સદ્દશ સ્વરૂપ સાથે, એની સ્થિતિ થઈ શકે છે.

**૮. संकल्पादेव तु तच्छ्रुतेः ।**

અર્થ

તુ = (એ ભોગોની પ્રાપ્તિ) તો.

સંકલ્પાત્ = સંકલ્પથી.

એવ = જ થાય છે.

તચ્છ્રુતેઃ = એવું શ્રુતિએ કહ્યું છે તેથી.

ભાવાર્થ

જે ઉપાસકો અથવા મહાપુરૂષો બ્રહ્મલોકમાં જાય છે તે ત્યાંના ભોગોની પ્રાપ્તિ કેવળ સંકલ્પ દ્વારા કરી લે છે. તેમનો સંકલ્પ એટલો બધો શુદ્ધ અને શક્તિશાળી હોય છે કે તે સત્વર સફળ થાય છે. છાંદોગ્ય ઉપનિષદમાં એના સમર્થનમાં જણાવ્યું છે કે આ આત્મા મનરૂપી અલૌકિક આંખની મદદથી બ્રહ્મલોકના સઘળા ભોગોને જુએ છે, અનુભવે છે, અને આનંદ કરે છે.

**૯. अत एष चानन्याधियतिः ।**

અર્થ

અત એવ = એટલા માટે.

ચ = તો.

અન્યાધિપતિઃ = (મુક્તાત્માને) બ્રહ્મા સિવાય બીજા સ્વામીથી રહિત બતાવવામાં આવે છે.

ભાવાર્થ

તૈત્તિરીય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'એ સ્વરાજ્યને પ્રાપ્ત થાય છે, મનના સ્વામી હિરણ્ય ગર્ભને પ્રાપ્ત થાય છે એટલે સ્વયં બુદ્ધિ, મન, વાણી આંખ અને કાન સૌનો સ્વામી બની જાય છે.' એટલે કે એ મુક્તાત્મા મહાપુરૂષ પર એક બ્રહ્મા સિવાય બીજા કોઈનો અધિકાર નથી ચાલતો.

**१०. अभावं बादरिराह ह्येवम् ।**

અર્થ

અભાવમ્ = એ મહાપુરૂષને શરીર નથી હોતું એવું.

બાદરિઃ = આચાર્ય બાદરિનું મંતવ્ય છે.

હિ = કારણ કે.

એવમ્ = એવી રીતે.

આહ = શ્રુતિ કહે છે.

ભાવાર્થ

બ્રહ્મલોકમાં પ્રાપ્ત થતા અસાધારણ ભોગોના ઉપભોગને માટે એ મુક્તાત્મા મહાપુરૂષ કોઈ દેહને ધારણ કરે છે કે નહીં, એવી જિજ્ઞાસાના જવાબમાં આચાર્ય બાદરિ પોતાના મંતવ્યને રજૂ કરતાં જણાવે છે કે એ મહાપુરૂષને સ્થૂળ શરીર નથી હોતું, પરંતુ મનથી જ એ બધા ભોગોનો ઉપભોગ કરે છે. ઉપનિષદનો એવો જ અભિપ્રાય છે. છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે એ મહાપુરૂષ મનના દિવ્ય લોચન દ્વારા ભોગોને જુએ છે અને આનંદે છે.

**११. भावं जैमिनिर्विकल्पामननात् ।**

<u>અર્થ</u>

જૈમિનિ = આચાર્ય જૈમિનિ.

ભાવમ્ = મુક્તાત્મા શરીરનું અસ્તિત્વ સ્વીકારે છે.

વિકલ્પામનાત્ = કારણ કે શ્રુતિમાં જુદી જુદી રીતની સ્થિતિનું વર્ણન છે.

<u>ભાવાર્થ</u>

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે 'મુક્તાત્મા એક પ્રકારના, ત્રણ પ્રકારના, પાંચ-સાત-નવ તથા અગિયાર પ્રકારના હોય છે. એવું જણાવેલું છે.' એના પરથી સહેલાઈથી અનુમાન અને નિર્ણય કરી શકાય છે કે મુક્તાત્માને સ્થૂળ શરીર હોય છે પણ ખરૂં. આચાર્ય જૈમિનિનો અભિપ્રાય એવો છે.

**૧૨. द्वादशाहवदुभयबिधं बादरायणोऽतः ।**

<u>અર્થ</u>

બાદરાયણઃ = વેદ વ્યાસજીનો અભિપ્રાય એવો છે કે.

અતઃ = એ બંને પ્રકારની વિચારસરણી પ્રમાણે.

દ્વાદશાહ = યજ્ઞની પેઠે.

ઉભયવિધમ્ = બંને પ્રકારની અવસ્થા ઉચિત છે.

<u>ભાવાર્થ</u>

હવે આ સૂત્રમાં પોતાનો અનુભવાત્મક અભિપ્રાય આપતાં મહર્ષિ વ્યાસ જણાવે છે કે એ બંને આચાર્યોની વિચારધારા બરાબર છે. એટલે કે બ્રહ્મલોકમાં બ્રહ્મદર્શી મહાપુરૂષનું શરીર રહે છે પણ ખરૂં અને નથી પણ રહેતું. એનો આધાર મહાપુરૂષના પોતાના વ્યક્તિગત સ્વતંત્ર વિચાર, ભાવ કે સંકલ્પ પર રહે છે. શ્રુતિમાં દ્વાદશાહ યજ્ઞને જેવી રીતે અનેકકર્તૃક હોવાથી 'સત્ર' અને નિયત કર્તૃક હોવાથી 'અહીન' માને છે, એ બંને પ્રકારની માન્યતા સાચી છે, તેવી રીતે મહાપુરૂષ બ્રહ્મલોકમાં સૂક્ષ્મ અને સ્થૂળ શરીરને ધારણ કરીને જુદા જુદા ભોગો ભોગવે છે. એ બંને પ્રકારની માન્યતાઓને માનવામાં કશું ખોટું નથી.

**૧૩. तन्वभावे संध्यवदुपपत्तेः ।**

<u>અર્થ</u>

તન્વભાવે = શરીરના અભાવમાં.

સંધ્યવત્ = સ્વપ્નની પેઠે. (ભોગોપભોગ થઈ શકે છે.)

ઉપપત્તેઃ = કારણ કે એવું માનવાનું યુક્તિસંગત છે.

<u>ભાવાર્થ</u>

સ્વપ્નાવસ્થામાં સ્થૂળ શરીર સક્રિય નથી હોતું તો પણ સૂક્ષ્મ શરીરની અથવા મનની મદદથી જુદાં જુદાં દૃશ્યો દેખાય છે અને ભોગો ભોગવાય છે એવો મોટે ભાગે પ્રત્યેક વ્યક્તિનો અનુભવ છે. એવી રીતે

બ્રહ્મલોકમાં સૂક્ષ્મ શરીરથી દિવ્ય ભોગોનો ઉપભોગ કરવામાં આવતો હોય તો તેમાં ના માનવા જેવું કશું જ નથી. સિદ્ધ યોગી પણ સૂક્ષ્મ શરીરની મદદથી કેટલીક પ્રવૃત્તિ કરી શકે છે.

**૧૪. भावे जाग्रद्‌वत् ।**

<u>અર્થ</u>

ભાવે = શરીર હોય ત્યારે.

જાગ્રદ્વત્ = જાગૃતિદિશામાં થાય છે તેવી રીતે (ઉપભોગની શક્યતા છે.)

<u>ભાવાર્થ</u>

જાગૃતિ દશા દરમિયાન સ્થૂલ શરીર હોય છે ત્યારે જુદા જુદા ભોગોનો ઉપભોગ શક્ય બને છે. એ પ્રમાણે પરમાત્માના પરમધામમાં અથવા બ્રહ્મલોકમાં સ્થૂલ શરીરને ધારણ કે ગ્રહણ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવાથી સ્થૂલ શરીર દ્વારા ત્યાં ઈચ્છાનુસાર ભોગને ભોગવી શકે છે.

એવી રીતે વિચારવાથી સમજાય છે કે બ્રહ્મલોકમાં સ્થૂલ તથા સૂક્ષ્મ બંને પ્રકારનાં શરીરોથી ભોગોપભોગ કરવાની માન્યતા સાચી છે.

**૧૫. प्रदीपवदावेशस्तथा हि दर्शयति ।**

<u>અર્થ</u>

પ્રદીપવત = દીપકની પેઠે.

આવેશઃ = મુક્તાત્માનો પ્રવેશ સઘળાં શરીરોમાં થઈ શકે છે.

હિ = કારણ કે

તથા દર્શયતિ = શ્રુતિ એવું જણાવે છે.

<u>ભાવાર્થ</u>

અગ્નિ તો એક જ હોય છે પરંતુ દીપક અનેક, પાણી એક જ પ્રકારનું હોય છે પરંતુ પાત્ર અનેક પ્રકારનાં, તેવી રીતે એક મુક્તાત્માની શક્તિ જુદાં જુદાં શરીરો દ્વારા પ્રકટ થાય છે. મુક્તાત્મા પોતાની સત્ય સંકલ્પ શક્તિથી ઈચ્છાનુસાર જુદાં જુદાં શરીરોનું નિર્માણ કરી શકે છે અને એ શરીરોની મદદથી ભોગોને ભોગવે છે. છાંદોગ્ય ઉપનિષદમાં આત્માની અનેકરૂપતાનું વર્ણન કરેલું છે.

**૧૬. स्वाप्ययसम्पत्त्योरन्यतरापेक्षमाविष्कृतं हि ।**

<u>અર્થ</u>

સ્વાપ્યયસમ્પત્તયોઃ = સુષુપ્તિ અને પરમાત્માની પ્રાપ્તિ એ બંનેમાંથી.

અન્યતરાપેક્ષમ્ = કોઈ એકની અપેક્ષાથી કહેલા એ શબ્દો છે.

હિ = કારણ કે.

આવિષ્કૃતમ્ = શ્રુતિમાં એની સ્પષ્ટતા કરવામાં આવી છે.

<u>ભાવાર્થ</u>

સમુદ્રમાં સરિતાની જેમ મુક્તાત્મા નામરૂપમાંથી મુક્તિ મેળવીને પરમાત્મામાં મળી જાય છે એવું વર્ણન ઉપનિષદમાં કરવામાં આવ્યું છે તે તો લયની અવસ્થાના સંદર્ભમાં જ કરવામાં આવેલું છે. એ વર્ણનને પરમાત્માને આ જ લોકમાં આ જ શરીરથી પ્રાપ્ત કરનારા મુક્તાત્માનું વર્ણન પણ કહી શકાય. છતાં પણ જે મુક્તાત્મા એવી રીતે પરમાત્મામાં વિલીન થવાને બદલે બ્રહ્મલોકમાં જવાની ઈચ્છા રાખતો હોય તેને માટે ત્યાં જવાની ને ત્યાંના ભોગોપભોગની શક્યતા પણ છે જ.

સરિતા સમુદ્રમાં મળવા છતાં પણ પોતાનું અભિસરણ બીજી બાજુથી ચાલુ જ રાખે છે. તેમ મુક્તાત્મા પરમાત્મપરાયણ હોવા છતાં પણ પોતાના સ્વતંત્ર અસ્તિત્વને ટકાવી શકે છે - જો એની આકાંક્ષા હોય છે તો. શ્રુતિમાં એવા મુક્તાત્માના જુદા જુદા લોકોના વિહારની વાતનો ઉલ્લેખ જોવા મળે છે.

**१७. जगद् व्यापारवर्जं प्रकरणादसन्निहितत्वाच्च ।**

અર્થ

જગદ્વ્યાપારવર્જમ્ = જગતની રચના જેવી પ્રવૃત્તિ સિવાયની બીજી વાતો માટે એનું સામર્થ્ય કામ કરે છે.

પ્રકરણાત્ = કારણ કે પ્રકરણથી એ સાબિત થાય છે.

ચ = અને.

અસન્નિહિતત્વાત્ = જગત રચના જેવી પ્રવૃત્તિ સાથે એનો કોઈ સમીપનો સંબંધ નથી બતાવ્યો એટલા માટે.

ભાવાર્થ

તો શું પરમાત્માના પરમધામમાં પ્રવેશનારા અને ઈચ્છાનુસાર શરીરને ધારણ કરીને ભોગોપભોગ કરવાના સામર્થ્યવાળા મુક્તાત્મા મહાપુરૂષો સંસારનું સર્જન, વિસર્જન તથા પરિપાલન પણ કરી શકે છે ? ઉપનિષદમાં જ્યાં જ્યાં જગતની રચનાનું વર્ણન આવે છે ત્યાં ત્યાં જગતની રચનાદિ પ્રવૃત્તિ પરમાત્મા દ્વારા જ કરવામાં આવે છે એવું સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે. ક્યાંય એવું નથી કહ્યું કે જગતની રચના જેવી પ્રવૃત્તિ એવા મુક્તાત્મા મહાપુરૂષો દ્વારા થાય છે. એ મુક્તાત્મા મહાપુરુષો દિવ્ય ભોગોનો ઉપભોગ કરે છે ખરા, પરંતુ સંસારનું સર્જન, વિસર્જન અથવા પરિપાલન નથી કરતા. એ કાર્યની સાથે એમનો કોઈ સંબંધ નથી હોતો.

**१८. प्रत्यक्षोपदेशादिति चेन्नाधिकारितधण्डलस्थोक्तेः ।**

અર્થ

ચેત્ = જો કહેતા હો કે.

પ્રત્યક્ષોપદેશાત્ = ત્યાં લોકોમાં ઈચ્છા પ્રમાણે વિચારવાનો ઉલ્લેખ છે, એટલે કે ત્યાં જઈને ઈચ્છાનુસાર કાર્ય કરવાનો અધિકાર બતાવ્યો છે.

ઈતિ ન = તો એવું નથી.

આધિકારિક મંડલ સ્થોકતેઃ = કારણ કે એવું કથન અધિકારીઓના લોકોમાં રહેલા ભોગોનો ઉપભોગ કરવા માટે જ છે.

ભાવાર્થ

જો કોઈ એવું કહેતું હોય કે ઉપનિષદમાં એ મહાપુરૂષની યોગ્યતા વર્ણવતાં એ સામ્રાજ્યને મેળવે છે, ઈચ્છાનુસાર લોકોમાં જવાની શક્તિ પામે છે, સ્વરાટ્ બને છે, એવું કથન હોવાથી એનો અધિકાર જગતની રચનાદિ પ્રવૃત્તિમાં પણ મનાયેલા છે, તો એમ કહેવાનું બરાબર નથી. કારણ કે એને લોકલોકાન્તરમાં વિહરવાની ને ભોગ ભોગવવાની શક્તિ મળે છે એનો સ્વીકાર કરવામાં આવ્યો છે પરંતુ એ જગતની રચનાદિનો અધિકાર નથી મેળવી શકતો.

**૧૯. विकारावर्ति च तथा हि स्थितिमाह ।**

અર્થ

ચ = એ ઉપરાંત.

વિકારાવૃત્તિ = એ મુક્તાત્મા મહાપુરૂષ જન્માદિ વિકારોથી રહિત બ્રહ્મરૂપી ફળનો આસ્વાદ લે છે.

હિ = કારણ કે.

તથા = એની એવી.

સ્થિતિમ્ = સ્થિતિ.

આહ = શ્રુતિએ કહેલી છે.

ભાવાર્થ

એનો અર્થ એવો નથી કે એ મહાપુરૂષ દેવોની પેઠે કેવળ ભોગોપભોગનું જ સામર્થ્ય પ્રાપ્ત કરે છે. એવા મહાપુરૂષને માટે ભોગોપભોગની શક્તિની પ્રાપ્તિ થવી એ કાંઈ મહત્વની વાત નથી હોતી. મહત્વની વાત તો એ છે કે એ મહાપુરૂષને પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. એને પરબ્રહ્મના સાનિધ્યનો લાભ મળે છે. તૈત્તિરીય ઉપનિષદમાં જણાવ્યું છે કે 'આ જીવાત્મા જ્યારે જોવામાં ના આવનારા, શરીર રહિત, અનીર્દેશ્ય, બીજાનો આશ્રય ના લેનારા, પરમાત્મામાં નિર્ભયતાપૂર્વક સ્થિતિ પામે છે ત્યારે નિર્ભયપદને મેળવી લે છે.' એવી અલૌકિક અવસ્થાની પ્રાપ્તિ કેવળ ભોગોપભોગ કરનારા સામાન્ય અથવા અસામાન્ય દેવોને નથી થઈ શકતી.

**૨૦. दर्शयतश्चैवं प्रत्यक्षानुमाने ।**

અર્થ

પ્રત્યક્ષાનુમાને = શ્રુતિ અને સ્મૃતિ.

ચ = પણ.

એવમ્ = એમ જ.

દર્શયતિ = દર્શાવે છે.

<u>ભાવાર્થ</u>

અત્યાર સુધી કહેલી વાતનું સમર્થન શ્રુતિ તથા સ્મૃતિ બંને પરથી થઈ રહે છે. છાંદોગ્ય ઉપનિષદ એ મુક્તાત્મા મહાપુરૂષને માટે કહે છે કે 'એ પરમ જ્યોતિને પામીને પોતાના વાસ્તવિક મૂળભૂત સ્વરૂપથી સંપન્ન થઈ જાય છે. એ આત્મા છે, અમૃત, અભય અને બ્રહ્મ છે.' ગીતામાં પણ જણાવે છે કે 'મારા પરમજ્ઞાનને પામીને મારી સંનિધિમાં આવનારા ઉત્પન્ન નથી થતા અને પ્રલય વખતે નાશ પણ નથી પામતા.' (અધ્યાય ૧૪, શ્લોક ૨નો ભાવાર્થ)

**૨૧. भोगमात्रसाम्यलिङ्गाच्च ।**

<u>અર્થ</u>

ભોગ માત્ર સામ્યલિંગાત્ = ભોગ માત્રમાં સમતારૂપી લક્ષણથી.

ચ = પણ. (એ સાબિત થાય છે કે એનો જગતની રચનાદિમાં અધિકાર નથી હોતો.)

<u>ભાવાર્થ</u>

બ્રહ્મલોકમાં રહેતા મુક્તાત્મા મહાપુરૂષને સ્થૂળ શરીરથી કે સૂક્ષ્મ શરીરથી વિભિન્ન ભોગોને ભોગવવા છતાં પણ, કોઈ પ્રકારનો લેપ નથી લાગતો. એ બાબતમાં બ્રહ્માની સાથે એની સમતા છે. કારણ કે બ્રહ્મા પણ ભોગ માત્રથી નિર્લેપ અથવા અલિપ્ત રહે છે. એ છતાં પણ એ જગતની રચના જેવી પ્રવૃત્તિ નથી કરતો.

**૨૨. अनावृत्तिः शब्दादनावृत्तिः शब्दात् ।**

<u>અર્થ</u>

અનાવૃત્તિઃ = બ્રહ્મલોકમાં પ્રવેશેલા મહાપુરૂષનો પુનર્જન્મ નથી થતો.

શબ્દાત્ = એ વાત શ્રુતિના શબ્દોથી સિદ્ધ થાય છે.

અનાવૃત્તિઃ = પુનર્જન્મ નથી થતો.

શબ્દાત્ = એ વાત શ્રુતિના શબ્દોથી સિદ્ધ થાય છે.

<u>ભાવાર્થ</u>

મુક્તાત્મા મહાપુરૂષની શક્તિ જો એવી રીતે સીમિત હોય, એનાથી સૃષ્ટિ રચના જેવી પ્રવૃત્તિ ના થઈ શકતી હોય, તો તો પછી ભોગોપભોગનો સમય પૂર્ણ થતાં એનું પુનરાગમન પણ થતું હશે, એવો વિચાર સહેજે ઉદ્ભવે. તો એના સ્પષ્ટીકરણ માટે આ સૂત્રમાં જણાવે છે કે છાંદોગ્ય તથા બૃહદારણ્યક ઉપનિષદમાં વારંવાર કહ્યું છે કે બ્રહ્મલોકમાં ગયેલા મહાપુરૂષની પુનરાવૃત્તિ નથી થતી. એ ત્યાંથી પાછો નથી ફરતો. એ વાત સાચી છે.

ગીતાના પંદરમાં અધ્યાયમાં પણ જણાવ્યું છે કે જેને પામીને પાછું ફરવું નથી પડતું તે મારૂં પરમધામ છે. यद्गत्वा न निवर्तन्ते तद् धाम् परमं मम ।

આ સૂત્રની સાથે બ્રહ્મસૂત્ર ગ્રંથની પરિસમાપ્તિ થાય છે. એના રચયિતા મહર્ષિ વ્યાસને પ્રણામ ! પુનઃપુનઃ પ્રણામ !

## અધ્યાય ૪ - પાદ ૪ સંપૂર્ણ

## અધ્યાય ૪ સંપૂર્ણ

**સ્વનામધન્ય મહર્ષિ વ્યાસ કૃત વેદાંતદર્શન - બ્રહ્મસૂત્ર સંપૂર્ણ.**

* * *

# ॐ

* * *

# ABOUT THE AUTHOR



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી |
| **અનુભવો** | દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना |
| **કાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite |
| **કાવ્યાનુવાદ** | ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ |
| **ગીતો** | ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય |
| **પ્રવચનો** | અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન |
| **પ્રસંગો** | ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ |
| **સુવાક્યો** | પરબડી ▪ સર્વમંગલ |
| **વાર્તાઓ** | રોશની |

*